મહર્ષિ વેદ વ્યાસ રચિત

# શ્રીમદ્ ભાગવત રસપાન

(સરળ ગુજરાતીમાં શ્રીમદ્ ભાગવત કથા સંક્ષિપ્ત)



**પ્લસ કોર્પોરેશન**

પુષ્ટિમાર્ગીય પુસ્તકોના પ્રકાશક

૧૦૩, શાંતિ કોમ્પલેક્સ, પહેલા માળે,
૧, કોટક શેરી મેઈન રોડ, રાજશ્રી સિનેમાની સામે,
હોટલ આદિત્યની પાછળ, રાજકોટ – ૩૬૦ ૦૦૧.
ફોન : (૦૨૮૧) ૨૨૩ ૫૬૧૧, ૨૨૩ ૪૨૬૨
મોબાઈલ : ૯૪૨૬૨ ૫૦૫૭૦, ૯૪૨૮૦ ૩૯૮૬૨
Web : www.pustimarg.com
Email : pluscomad1@gmail.com

**સંકલન : જયદીપ શાસ્ત્રી**

**© સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન**

**ન્યોછાવર : ₹ ૧૦૦-૦૦** (પોસ્ટેજ અલગ)

॥ શ્રી હરિઃ ॥

# શ્રીમદ્ ભાગવત રસપાન

(શ્રીમદ્ ભાગવત કથા સંક્ષિપ્તમાં)

પરમ ભગવદીય ______________________________

______________________________

______________________________

ને જય શ્રીકૃષ્ણ સહ

______________________________

______________________________

તરફથી સપ્રેમ

______________________________

**નોંધ :** શ્રીમદ્ ભાગવત એ અઢાર પુરાણોમાંનું એક મુખ્ય પુરાણ છે અને તેનું પુરાણત્વ સર્વ આસ્તિક જનતાને સમ્મત છે. કોઈ પણ હિન્દુ આ ગ્રંથના અસ્તિત્ત્વ માટે અજ્ઞાત હોય એ ભાગ્યે જ બની શકે તેવું છે. આ ગ્રંથ ભક્તિપ્રધાન છે તે બીજા પણ પ્રચલિત સર્વ આસ્તિક મતોને માન્ય છે. આની ઉપયોગિતા ઓછા અથવા વધુ પ્રમાણમાં સર્વ મતોએ સ્વીકારી છે. આ ગ્રંથને જો સિદ્ધાંતોનો ખજાનો કહીએ તો તેમાં જરા પણ અતિશયોક્તિ નથી.

આ સંક્ષિપ્ત **'શ્રીમદ્ ભાગવત રસપાન'** પુસ્તક દરેકને ભગવદ્વાર્તામાં તેમજ સત્સંગમાં ઉપયોગી થાય તેવી અભ્યર્થના...

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પા.નં. |
|---|---|---|
| ૧. | પ્રાતઃ સ્મરણ | ૭ |
| ૨. | મંગલાચરણમ્ | ૮ |
| ૩. | શ્રીસર્વોત્તમ સ્તોત્રમ્ | ૮ |
| ૪. | શ્રીયમુનાષ્ટકમ્ | ૧૧ |
| ૫. | સિદ્ધાંત રહસ્યમ્ | ૧૨ |
| ૬. | શ્રીકૃષ્ણાશ્રયઃ | ૧૩ |
| ૭. | ચતુઃશ્લોકી | ૧૪ |
| ૮. | બ્રહ્મસંબંધનો ભાવાર્થ | ૧૪ |
| ૯. | શ્રી મધુરાષ્ટકમ્ | ૧૫ |
| ૧૦. | શ્રીગિરિરાજ ધાર્યષ્ટકમ્ | ૧૫ |
| ૧૧. | રાસ લીલામૃત | ૧૬ |
| ૧૨. | શ્રી ગોપી ગીત | ૧૭ |
| ૧૩. | ગીતાજીનો ૧૨મો અધ્યાય ભક્તિયોગ (સાર્થ) | ૧૮ |
| ૧૪. | ૧૨ અધ્યાયનું માહાત્મ્ય-ફળ | ૨૨ |
| ૧૫. | ગીતાજીનો ૧૫મો અધ્યાય પુરુષોત્તમયોગ(સાર્થ) | ૨૪ |
| ૧૬. | ૧૫ અધ્યાયનું માહાત્મ્ય-ફળ | ૨૮ |
| ૧૭. | શ્રીમદ્ ભાગવતરૂપી આંબો | ૨૯ |
| ૧૮. | એક પલક જો રહીયે વૃંદાવન | ૨૯ |
| ૧૯. | લાલન હી કી ચહીયે કૃપા | ૩૦ |
| ૨૦. | શ્રીવલ્લભ હી કો ભારી ભરોસા | ૩૦ |
| ૨૧. | દૃઢ ઈન ચરનન કેરો ભરોંસો | ૩૦ |
| ૨૨. | મા-બાપને ભૂલશો નહીં | ૩૦ |
| ૨૩. | માતા-પિતાની છત્ર છાયા | ૩૧ |
| ૨૪. | અંજલી ગીત | ૩૨ |
| ૨૫. | શ્રીમદ્ ભાગવત માહાત્મ્ય | ૩૩ |
| ૨૬. | શ્રીમદ્ ભાગવત સ્કંધ-૧ | ૪૬ |
| ૨૭. | શ્રીમદ્ ભાગવત સ્કંધ-૨ | ૬૮ |
| ૨૮. | શ્રીમદ્ ભાગવત સ્કંધ-૩ | ૭૫ |
| ૨૯. | શ્રીમદ્ ભાગવત સ્કંધ-૪ | ૮૯ |
| ૩૦. | શ્રીમદ્ ભાગવત સ્કંધ-૫ | ૧૦૦ |
| ૩૧. | શ્રીમદ્ ભાગવત સ્કંધ-૬ | ૧૧૪ |
| ૩૨. | શ્રીમદ્ ભાગવત સ્કંધ-૭ | ૧૩૦ |
| ૩૩. | શ્રીમદ્ ભાગવત સ્કંધ-૮ | ૧૪૦ |
| ૩૪. | શ્રીમદ્ ભાગવત સ્કંધ-૯ | ૧૫૫ |
| ૩૫. | શ્રીમદ્ ભાગવત સ્કંધ-૧૦ પૂર્વાર્ધ | ૧૭૨ |
| ૩૬. | શ્રીમદ્ ભાગવત સ્કંધ-૧૦ ઉત્તરાર્ધ | ૧૭૮ |
| ૩૭. | શ્રીમદ્ ભાગવત સ્કંધ-૧૧ | ૨૬૫ |
| ૩૮. | શ્રીમદ્ ભાગવત સ્કંધ-૧૨ | ૨૯૨ |

# શ્રીમદ્ ભાગવત કથા - અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પા.નં. |
|---|---|---|
| | નવધા ભક્તિ | ૩૩ |
| | ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય | ૩૭ |
| | ધુંધુકારી | ૩૯ |
| | વ્યાસની કથા | ૫૨ |
| | નારદની કથા | ૫૨ |
| | ભીષ્મનું પ્રયાણ | ૬૦ |
| | પરીક્ષિતને શાપ | ૬૫ |
| | શુક-પરીક્ષિત સંવાદ | ૬૭ |
| | પરીક્ષિત આખ્યાન | ૭૧ |
| | જય-વિજયને શાપ | ૮૩ |
| | કર્દમ ઋષિની કથા | ૮૪ |
| | દેવહૂતિને જ્ઞાન | ૮૭ |
| | પ્રજાપતિ દક્ષ | ૯૧ |
| | ધ્રુવની કથા | ૯૬ |
| | ઋષભદેવની કથા | ૧૦૩ |
| | રાજા ભરતની કથા | ૧૦૫ |
| | અજામિલનું આખ્યાન | ૧૧૬ |
| | નારાયણ કવચ | ૧૨૨ |
| | વૃત્રાસુરની કથા | ૧૨૩ |
| | વૃત્રાસુર સ્તુતિ | ૧૨૫ |
| | ચિત્રકેતુ રાજાની વાત | ૧૨૬ |
| | ભક્ત પ્રહલાદની કથા | ૧૩૨ |
| | ગજેન્દ્ર મોક્ષની કથા | ૧૪૨ |
| | સમુદ્રમંથન | ૧૪૪ |
| | વામન અવતાર | ૧૪૯ |
| | રાજા અંબરીષની કથા | ૧૫૭ |
| | પરશુરામની કથા | ૧૫૮ |
| | રામાવતાર | ૧૬૦ |
| | શકુંતલા - દુષ્યંતની કથા | ૧૬૯ |
| | શ્રીકૃષ્ણ જન્મ કથા | ૧૮૦ |
| | પૂતનાવધ | ૧૮૪ |
| | શકટાસુરવધ | ૧૮૫ |
| | તૃણાવર્ત રાક્ષસવધ | ૧૮૬ |
| | નલકુબેર અને મણિગ્રીવનો ઉદ્ધાર | ૧૯૩ |
| | વત્સાસુરવધ | ૧૯૫ |
| | ધેનુકાસુરવધ | ૧૯૮ |
| | નાગદમન | ૧૯૯ |
| | પ્રલંબાસુરવધ | ૨૦૨ |
| | ચીરહરણ | ૨૦૩ |
| | ગોવર્ધન મહોત્સવ | ૨૦૫ |
| | ગિરિરાજધરણ | ૨૦૬ |
| | રાસલીલા | ૨૦૯ |
| | ગોપીગીત | ૨૧૧ |
| | રાસક્રીડાનો અર્થ | ૨૧૪ |
| | કંસવધ | ૨૧૪ |
| | ભ્રમરગીત | ૨૨૭ |
| | કાલયવનનો નાશ | ૨૨૯ |
| | રુક્મિણીહરણ અને વિવાહ | ૨૩૧ |
| | જાંબવતી અને કૃષ્ણનો વિવાહ | ૨૩૩ |
| | ઉષા અને અનિરુદ્ધની કથા | ૨૪૪ |
| | નૃગરાજાનો ઉદ્ધાર | ૨૪૭ |
| | શિશુપાલવધ | ૨૫૧ |
| | મિત્ર સુદામા | ૨૫૫ |
| | ઉદ્ધવજીને ભગવાને આપેલું જ્ઞાન | ૨૬૯ |
| | ચોવીસ ગુરુ | ૨૭૧ |
| | બ્રહ્મચર્યાશ્રમ | ૨૭૯ |
| | ગૃહસ્થાશ્રમ | ૨૭૯ |
| | વાનપ્રસ્થાશ્રમ | ૨૭૯ |
| | સંન્યાસાશ્રમ | ૨૮૦ |
| | પરમહંસ | ૨૮૦ |
| | બાર નિયમ | ૨૮૩ |
| | કૃષ્ણ સ્વધામગમન | ૨૮૯ |
| | કળિયુગના લક્ષણો | ૨૯૨ |
| | પરીક્ષિતમોક્ષ | ૨૯૪ |
| | શ્રીકૃષ્ણ સ્તુતિ | ૨૯૭ |
| | શ્રીમદ્ ભાગવતનો પાઠ | ૨૯૮ |
| | એક શ્લોકી ભાગવત | ૩૦૯ |
| | લઘુ ભાગવત | ૩૦૯ |
| | શ્રીમદ્ ભાગવતની આરતી | ૩૧૧ |

## ૧. પ્રાતઃ સ્મરણ

(છંદ : શાર્દૂલવિક્રીડિત)

શ્રીગોવર્ધનનાથપાદયુગલં, હૈયંગવીનપ્રિયમ્
નિત્યં શ્રીમથુરાધિપં સુખકરં, શ્રીવિઠ્ઠલેશં મુદા ।
શ્રીમદ્દ્વારવતીશગોકુલપતી, શ્રીગોકુલેન્દું વિભૂમ્
શ્રીમન્મન્મથમોહનં નટવરં, શ્રીબાલકૃષ્ણં ભજેત્ ॥૧॥
શ્રીમદ્વલ્લભવિઠ્ઠલૌ ગિરિધરં, ગોવિંદરાયાભિધમ્
શ્રીમદ્બાલકકૃષ્ણગોકુલપતી, નાથં રઘુણાં સ્તથા ।
એવં શ્રીયદુનાયકં કિલ ઘન-શ્યામં ચ તદ્વંશજાન્
કાલિંદીં સ્વગુરું ગિરિં ગુરુવિભું-સ્વીયપ્રભૂંશ્ચ સ્મરેત્ ॥૨॥

## શ્રીકૃષ્ણ-સ્વરૂપનું ધ્યાન

(છંદ : મંદાક્રાન્તા)

બર્હાપીડં નટવરવપુઃ, કર્ણયોઃ કર્ણિકારં
બિભ્રદ્વાસઃ કનકકપિશં, વૈજયન્તીં ચ માલામ્ ।
રન્ધ્રાન્ વેણોરધરસુધયા, પૂરયન્ ગોપવૃન્દૈ-
ર્વૃન્દારણ્યં સ્વપદરમણં પ્રાવિશદ્ ગીતકીર્તિઃ ॥૧॥

## શ્રીમહાપ્રભુજીનું ધ્યાન

(છંદ : શાર્દૂલ વિક્રીડિત)

સૌન્દર્યં નિજહૃદ્ગતં પ્રકટિતં, સ્ત્રીગૂઢભાવાત્મકં
પુંરૂપં ચ પુનસ્તદન્તર્ગતં, પ્રાવીવિશદ્ સ્વપ્રિયે ।
સંશ્લિષ્ટાવુભયોર્બભૌ રસમયઃ, કૃષ્ણો હિ યત્સાક્ષિકં
રૂપં તત્ ત્રિતયાત્મકં પરમભિ-ધ્યેયં સદા વલ્લભમ્ ॥૨॥

## શ્રીગોપીનાથજીનું ધ્યાન

(છંદ : અનુષ્ટુપ્)

શ્રીવલ્લભપ્રતિનિધિં, તેજોરાશીં દયાર્ણવમ્ ।
ગુણાતીતં ગુણનિધિં, શ્રીગોપીનાથમાશ્રયે ॥૩॥

## શ્રીગુસાંઈજીનું ધ્યાન

(છંદ : સ્રગ્ધરા)

સાયં કુંજાલયસ્થા-સનમુપવિલસત્, સ્વર્ણપાત્રં સુધૌતં
રાજદ્યજ્ઞોપવીતં, પરિતનુવસનં, ગૌરમમ્ભોજવક્ત્રમ્ ।

પ્રાણાનાયમ્ય નાસા-પુટનિહિતકરં, કર્ણરાજદ્વિમુક્તં
વન્દેર્ધોન્મીલિતાક્ષં, મૃગમદતિલકં, વિઠ્ઠલેશં સુકેશમ્ ॥૪॥

## ૨. મંગલાચરણમ્

(છંદ : અનુષ્ટુપ્)

ચિંતાસંતાનહંતારો, યત્પાદાંબુજરેણવઃ ।
સ્વીયાનાં તાન્નિજાચાર્યાન્, પ્રણમામિ મુહુર્મુહુઃ ॥૧॥
યદનુગ્રહતો જન્તુઃ, સર્વદુઃખાતિગો ભવેત્ ।
તમહં સર્વદા વંદે, શ્રીમદ્‌વલ્લભનંદનમ્ ॥૨॥
અજ્ઞાનતિમિરાન્ધસ્ય, જ્ઞાનાંજનશલાકયા ।
ચક્ષુરુન્મીલિતં યેન, તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥૩॥
નમામિ હૃદયે શેષે, લીલાક્ષીરાબ્ધિશાયિનમ્ ।
લક્ષ્મીસહસ્રલીલાભિઃ, સેવ્યમાનં કલાનિધિમ્ ॥૪॥
ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ, ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા ।
ષડ્‌ભિર્વિરાજતે યોસૌ, પંચધા હૃદયે મમ ॥૫॥

## ૩. શ્રીસર્વોત્તમ સ્તોત્રમ્

(આર્યા : છંદ)

પ્રાકૃતધર્માનાશ્રય-મપ્રાકૃતનિખિલધર્મરૂપમિતિ ।
નિગમપ્રતિપાદ્યં યત્-તચ્છુદ્ધં સાકૃતિ સ્તૌમિ ॥૧॥

(અનુષ્ટુપ્ : છંદ)

કલિકાલતમશ્છન્ન-દષ્ટિત્વાદ્વિદુષામપિ ।
સંપ્રત્યવિષયસ્તસ્ય, માહાત્મ્યં સમભૂદ્ ભુવિ ॥૨॥
દયયા નિજમાહાત્મ્યં, કરિષ્યન્ પ્રકટં હરિઃ ।
વાણ્યા યદા તદા સ્વાસ્યં, પ્રાદુર્ભૂતં ચકાર હિ ॥૩॥
તદુક્તમપિ દુર્બોધં, સુબોધં સ્યાદ્યથા તથા ।
તન્નામાષ્ટોત્તરશતં, પ્રવક્ષ્યામ્યખિલાઘહૃત્ ॥૪॥
ઋષિરગ્નિકુમારસ્તુ, નામ્નાં છંદો જગત્યસૌ ।
શ્રીકૃષ્ણાસ્યં દેવતા ચ, બીજં કારુણિકઃ પ્રભુઃ ॥૫॥
વિનિયોગો ભક્તિયોગ, પ્રતિબંધ વિનાશને ।
કૃષ્ણાધરામૃતાસ્વાદ-સિદ્ધિરત્ર ન સંશયઃ ॥૬॥

આનંદઃ પરમાનંદઃ, શ્રીકૃષ્ણાસ્યં કૃપાનિધિઃ ।
દૈવોદ્ધાર પ્રયત્નાત્મા, સ્મૃતિમાત્રાર્તિનાશનઃ ॥૭॥
શ્રીભાગવતગૂઢાર્થ- પ્રકાશનપરાયણઃ ।
સાકારબ્રહ્મવાદૈક, સ્થાપકો વેદપારગઃ ॥૮॥
માયાવાદનિરાકર્તા, સર્વવાદિનિરાસકૃત્ ।
ભક્તિમાર્ગાબ્જમાર્તંડઃ, સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ ॥૯॥
અંગીકૃત્યૈવ ગોપીશ, વલ્લભીકૃતામાનવઃ ।
અંગીકૃતૌ સમર્યાદૌ, મહાકારુણિકો વિભુઃ ॥૧૦॥
અદેયદાનદક્ષશ્ચ, મહોદારચરિત્રવાન્ ।
પ્રાકૃતાનુકૃતિવ્યાજ-મોહિતાસુરમાનુષઃ ॥૧૧॥
વૈશ્વાનરો વલ્લભાખ્યઃ, સદ્રૂપો હિતકૃત્સતામ્ ।
જનશિક્ષાકૃતે કૃષ્ણ, ભક્તિકૃન્નિખિલેષ્ટદઃ ॥૧૨॥
સર્વલક્ષણસંપન્નઃ, શ્રીકૃષ્ણજ્ઞાનદો ગુરુઃ ।
સ્વાનંદતુંદિલઃ પદ્મ-દલાયતવિલોચનઃ ॥૧૩॥
કૃપાદગ્વૃષ્ટિસંહૃષ્ટ, દાસદાસીપ્રિયઃ પતિઃ ।
રોષદક્પાતસંપ્લુષ્ટ-ભક્તદ્વિટ્ ભક્તસેવિતઃ ॥૧૪॥
સુખસેવ્યો દૂરારાધ્યો, દુર્લભાંઘ્રિસરોરુહઃ ।
ઉગ્રપ્રતાપો વાક્સીધુ, પૂરિતાશેષસેવકઃ ॥૧૫॥
શ્રીભાગવતપીયૂષ-સમુદ્રમથનક્ષમઃ ।
તત્સારભૂતરાસસ્ત્રી-ભાવપૂરિતવિગ્રહઃ ॥૧૬॥
સાન્નિધ્યમાત્રદત્ત શ્રી-કૃષ્ણપ્રેમા વિમુક્તિદઃ ।
રાસલીલૈકતાત્પર્યઃ, કૃપયૈતત્કથાપ્રદઃ ॥૧૭॥
વિરહાનુભવૈકાર્થ, સર્વત્યાગોપદેશકઃ ।
ભક્ત્યાચારોપદેષ્ટા ચ, કર્મમાર્ગ પ્રવર્તકઃ ॥૧૮॥
યાગાદૌ ભક્તિમાર્ગૈક - સાધનત્વોપદેશકઃ ।
પૂર્ણાનંદઃ પૂર્ણકામો, વાક્પતિર્વિબુધેશ્વરઃ ॥૧૯॥
કૃષ્ણનામસહસ્રસ્ય - વક્તા ભક્તપરાયણઃ ।
ભક્ત્યાચારોપદેશાર્થ - નાનાવાક્યનિરૂપકઃ ॥૨૦॥
સ્વાર્થોજ્ઝિતાખિલપ્રાણ-પ્રિયસ્તાદશવેષ્ટિતઃ ।
સ્વાદાસાર્થકૃતાશેષ-સાધનઃ સર્વશક્તિધૃક્ ॥૨૧॥

ભુવિ ભક્તિપ્રચારૈક-કૃતે સ્વાન્વયકૃત્પિતા ।
સ્વવંશે સ્થાપિતાશેષ-સ્વમાહાત્મ્યઃ સ્મયાપહઃ ॥૨૨॥
પતિવ્રતાપતિઃ પાર-લૌકિકૈહિકદાનકૃત્ ।
નિગૂઢહૃદયોનન્ય-ભક્તેષુ જ્ઞાપિતાશયઃ ॥૨૩॥
ઉપાસનાદિમાર્ગાતિ, મુગ્ધમોહનિવારકઃ ।
ભક્તિમાર્ગે સર્વમાર્ગ, વૈલક્ષણ્યાનુભૂતિકૃત્ ॥૨૪॥
પૃથક્શરણમાર્ગોપ-દેષ્ટા, શ્રીકૃષ્ણહાર્દવિત્ ।
પ્રતિક્ષણનિકુંજસ્થ, લીલારસસુપૂરિતઃ ॥૨૫॥
તત્કથાક્ષિપ્તચિત્તસ્તદ્-વિસ્મૃતાન્યો વ્રજપ્રિયઃ ।
પ્રિયવ્રજસ્થિતિઃ પુષ્ટિ-લીલાકર્તા રહઃપ્રિયઃ ॥૨૬॥
ભક્તેચ્છાપૂરકઃ સર્વા-જ્ઞાતલીલોતિમોહનઃ ।
સર્વાસક્તો ભક્તમાત્રા-સક્તઃ પતિતપાવનઃ ॥૨૭॥
સ્વયશોગાનસંહૃષ્ટ, હૃદયામ્ભોજવિષ્ટરઃ ।
યશઃ પીયૂષલહરિ, પ્લાવિતાન્યરસઃ પરઃ ॥૨૮॥
લીલામૃતરસાર્દ્રાર્દ્રી, કૃતાખિલ-શરીરભૃત્ ।
ગોવર્ધનસ્થિત્યુત્સાહઃ, તલ્લીલાપ્રેમપૂરિતઃ ॥૨૯॥
યજ્ઞભોક્તા યજ્ઞકર્તા, ચતુર્વર્ગવિશારદઃ ।
સત્યપ્રતિજ્ઞસ્ત્રિગુણા-તીતો નયવિશારદઃ ॥૩૦॥
સ્વકીર્તિવર્ધનસ્તત્ત્વ-સૂત્રભાષ્યપ્રદર્શકઃ ।
માયાવાદાખ્યતૂલાગ્નિ-બ્રર્હ્મવાદનિરૂપકઃ ॥૩૧॥
અપ્રાકૃતાખિલાકલ્પ-ભૂષિતઃ સહજસ્મિતઃ ।
ત્રિલોકીભૂષણં ભૂમિ-ભાગ્યં સહજસુંદરઃ ॥૩૨॥
અશેષભક્તસંપ્રાર્થ્ય, ચરણાબ્જરજોધનઃ ।
ઈત્યાનંદનિધેઃ પ્રોક્તં, નામ્નામષ્ટોત્તરં શતમ્ ॥૩૩॥
શ્રદ્ધાવિશુદ્ધબુદ્ધિર્યઃ, પઠત્યનુદિનં જનઃ ।
સ તદેકમનાઃ સિદ્ધિ-મુક્તાં પ્રાપ્નોત્યસંશયઃ ॥૩૪॥
તદપ્રાપ્તૌ વૃથા મોક્ષ-સ્તદાપ્તૌ તદ્ગતાર્થતા ।
અતઃ સર્વોત્તમં સ્તોત્રં, જપ્યં કૃષ્ણરસાર્થિભિઃ ॥૩૫॥

॥ ઈતિ શ્રીમદ્ગ્નિકુમારપ્રોક્તં શ્રીસર્વોત્તમ સ્તોત્રં સંપૂર્ણમ્ ॥

# ૪. શ્રીયમુનાષ્ટકમ્

## સ્વરૂપ

નમામિ યમુનામહં, સકલ સિદ્ધિ હેતું મુદા ।
મુરારિ પદ પંકજ - સ્ફુરદમન્દ રેણૂત્કટામ્ ॥
તટસ્થ નવ કાનન - પ્રકટ મોદ પુષ્પામ્બુના ।
સુરાસુરસુપૂજિત, સ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ્ ॥૧॥

## ઉદ્ગમ અને પ્રયાણ

કલિન્દ ગિરિ મસ્તકે, પતદમન્દ પૂરોજ્જ્વલા ।
વિલાસ ગમનોલ્લસત્, પ્રકટ ગણ્ડ શૈલોન્નતા ॥
સઘોષ ગતિ દન્તુરા, સમધિ રૂઢ દોલોત્તમા ।
મુકુન્દ રતિ વર્ધિની, જયતિ પદ્મ બન્ધોઃ સુતા ॥૨॥

## ભૂતલ પર પધારવાનો પ્રકાર અને હેતુ

ભુવં ભુવન પાવની, મધિગતામનેકસ્વનૈઃ ।
પ્રિયા ભિરિવ સેવિતાં, શુક મયૂર હંસાદિભિઃ ॥
તરંગ ભુજ કંકણ, પ્રકટ મુક્તિકાવાલુકા ।
નિતમ્બ તટ સુન્દરીં, નમત કૃષ્ણ તુર્ય પ્રિયામ્ ॥૩॥

## ભગવત્સમાન ષડ્વિધિ ઐશ્વર્ય

અનંત ગુણ ભૂષિતે, શિવ વિરંચિ દેવસ્તુતે ।
ઘના ઘન નિભે સદા, ધ્રુવ પરાશરા ભીષ્ટદે ॥
વિશુદ્ધ મથુરા તટે, સકલ ગોપ ગોપી વૃતે ।
કૃપા જલધિ સંશ્રિતે, મમ મનઃ સુખં ભાવય ॥૪॥

## શ્રીયમુનાજીનો ઉત્કર્ષ

યયા ચરણ પદ્મજા, મુરરિપોઃ પ્રિયં ભાવુકા ।
સમાગમનતોભવત્, સકલ સિદ્ધિદા સેવતામ્ ॥
તયા સદશતામિયાત્, કમલજા સપત્નીવ યત્ ।
હરિ પ્રિય કલિન્દયા, મનસિ મે સદા સ્થીયતામ્ ॥૫॥

## અલૌકિક પ્રભાવ

નમોસ્તુ યમુને સદા, તવ ચરિત્રમત્યદ્ભૂતં ।
ન જાતુ યમયાતના, ભવતિ તે પયઃપાનતઃ ॥

યમોપિ ભગિની સુતાન્, કથમુ હંતિ દુષ્ટાનપિ ।
પ્રિયો ભવતિ સેવનાત્, તવ હરેર્યથા ગોપિકાઃ ॥૬॥

### સન્નિધિનું ફળ

મમાસ્તુ તવ સન્નિધૌ, તનુ નવત્વ મેતાવતા ।
ન દુર્લભતમા રતિ-ર્મુરરિપૌ મુકુન્દ પ્રિયે ॥
અતોસ્તુ તવ લાલના, સુરધુની પરં સંગમાત્ ।
તવૈવ ભુવિ કીર્તિતા, ન તુ કદાપિ પુષ્ટિસ્થિતૈઃ ॥૭॥

### શ્રીયમુનાજીનો ઉત્કર્ષ

સ્તુતિં તવ કરોતિ કઃ, કમલજા સપત્ની પ્રિયે ।
હરેર્યદનુ સેવયા, ભવતિ સૌખ્ય મા મોક્ષતઃ ॥
ઈયં તવ કથાધિકા, સકલ ગોપિકા સંગમ ।
સ્મર શ્રમ જલાણુભિઃ, સકલ ગાત્રજૈઃ સંગમઃ ॥૮॥

### પાઠનું ફળ

તવાષ્ટકમિદં મુદા, પઠતિ સૂરસૂતે સદા ।
સમસ્ત દુરિત ક્ષયો, ભવતિ વૈ મુકુંદે રતિઃ ॥
તયા સકલ સિદ્ધયો, મુરરિપુશ્ચ સંતુષ્યતિ ।
સ્વભાવ વિજયો ભવેત્-વદતિ વલ્લભઃ શ્રીહરેઃ ॥૯॥

॥ ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય-વિરચિતં શ્રીયમુનાષ્ટક સ્તોત્રં સંપૂર્ણમ્ ॥

## ૫. સિદ્ધાંત રહસ્યમ્

છંદ : અનુષ્ટુપ્

શ્રાવણશ્યામલે પક્ષે, એકાદશ્યાં મહાનિશિ ।
સાક્ષાદ્ ભગવતા પ્રોક્તં, તદક્ષરશ ઉચ્યતે ॥૧॥
બ્રહ્મસંબંધ કરણાત્ સર્વેષાં દેહજીવયોઃ ।
સર્વ દોષ નિવૃત્તિ ર્હિ દોષાઃ પંચવિધાઃ સ્મૃતાઃ ॥૨॥
સહજા દેશકાલોત્થા લોકવેદનિરૂપિતાઃ ।
સંયોગજાઃ સ્પર્શજાશ્ચ, ન મન્તવ્યાઃ કથંચન ॥૩॥
અન્યથા સર્વ દોષાણાં, ન નિવૃત્તિઃ કથંચન ।
અસમર્પિત વસ્તૂનાં, તસ્માદ્ વર્જનમાચરેત્ ॥૪॥
નિવેદિભિઃ સમર્પ્યૈવ, સર્વં કુર્યાદિતિ સ્થિતિઃ ।
ન મતં દેવદેવસ્ય, સામિભુક્ત સમર્પણમ્ ॥૫॥

તસ્માદાદૌ સર્વકાર્યે, સર્વવસ્તુસમર્પણમ્ ।
દત્તાપહારવચનં, તથા ચ સકલં હરેઃ ॥૬॥
ન ગ્રાહ્યમિતિ વાક્યં હિ, ભિન્નમાર્ગપરં મતમ્ ।
સેવકાનાં યથા લોકે, વ્યવહારઃ પ્રસિધ્યતિ ॥૭॥
તથા કાર્યં સમર્પ્યૈવ, સર્વેષાં બ્રહ્મતા તતઃ ।
ગંગાત્વં સર્વદોષાણાં, ગુણદોષાદિવર્ણના ॥૮॥
ગંગાત્વેન નિરૂપ્યા સ્યાત્, તદ્વદત્રાપિ ચૈવ હિ ।૮ ૧/૨

॥ ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિતં સિદ્ધાન્ત રહસ્યં સંપૂર્ણમ્ ॥

## ૬. શ્રીકૃષ્ણાશ્રયઃ

છંદ : અનુષ્ટુપ્

(શ્રીકૃષ્ણાશ્રય ગ્રંથનો પાઠ શ્રીપ્રભુની સન્મુખ કરવો)

સર્વ માર્ગેષુ નષ્ટેષુ, કલૌ ચ ખલધર્મિણિ ।
પાષંડ પ્રચુરે લોકે, કૃષ્ણ એવ ગતિર્મમ ॥૧॥
મ્લેચ્છાક્રાન્તેષુ દેશેષુ, પાપૈકનિલયેષુ ચ ।
સત્પીડાવ્યગ્રલોકેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ॥૨॥
ગંગાદિ તીર્થવર્યેષુ, દુષ્ટૈરેવાવૃતેષ્વિહ ।
તિરોહિતાધિદૈવેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ॥૩॥
અહંકારવિમૂઢેષુ, સત્સુ પાપાનુવર્તિષુ ।
લાભ પૂજાર્થયત્નેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ॥૪॥
અપરિજ્ઞાનનષ્ટેષુ મંત્રેષ્વવ્રતયોગિષુ ।
તિરોહિતાર્થદેવેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ॥૫॥
નાનાવાદવિનષ્ટેષુ, સર્વકર્મવ્રતાદિષુ ।
પાષંડૈકપ્રયત્નેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ॥૬॥
અજામિલાદિદોષાણાં, નાશકોનુભવે સ્થિતઃ ।
જ્ઞાપિતાખિલમાહાત્મ્યઃ, કૃષ્ણ એવ ગતિર્મમ ॥૭॥
પ્રાકૃતાઃ સકલા દેવા, ગણિતાનન્દકં બૃહત્ ।
પૂર્ણાનંદો હરિસ્તસ્માત્, કૃષ્ણ એવ ગતિર્મમ ॥૮॥
વિવેકધૈર્ય-ભક્ત્યાદિ-રહિતસ્ય વિશેષતઃ ।
પાપસાક્તસ્ય દીનસ્ય, કૃષ્ણ એવ ગતિર્મમ ॥૯॥

સર્વ સામર્થ્યસહિતઃ, સર્વત્રૈવાખિલાર્થકૃત્ ।
શરણસ્થમુદ્ધારં, કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ્ ॥૧૦॥
કૃષ્ણાશ્રયમિદં સ્તોત્રં, યઃ પઠેત્ કૃષ્ણસન્નિધૌ ।
તસ્યાશ્રયો ભવેત્ કૃષ્ણ, ઈતિ શ્રીવલ્લભોબ્રવીત્ ॥૧૧॥

॥ ઈતિ શ્રીમદ્‌વલ્લભાચાર્ય વિરચિતં કૃષ્ણાશ્રય સ્તોત્રં સંપૂર્ણમ્ ॥

## ૭. ચતુઃશ્લોકી

છંદ : અનુષ્ટુપ્

સર્વદા સર્વભાવેન, ભજનીયો વ્રજાધિપઃ ।
સ્વસ્યાયમેવ ધર્મો હિ, નાન્યઃ કવાપિ કદાચન ॥૧॥
એવં સદા સ્મ કર્તવ્યં, સ્વયમેવ કરિષ્યતિ ।
પ્રભુઃ સર્વ સમર્થો હિ, તતો નિશ્ચિંતતાં વ્રજેત્ ॥૨॥
યદિ શ્રીગોકુલાધીશો, ધૃતઃ સર્વાત્મના હૃદિ ।
તતઃ કિમપરં બ્રુહિ, લૌકિકૈર્વૈદિકૈરપિ ॥૩॥
અતઃ સર્વાત્મના શશ્વદ્, ગોકુલેશ્વર પાદયોઃ ।
સ્મરણં ભજનં ચાપિ, ન ત્યાજ્યમિતિ મે મતિઃ ॥૪॥

॥ ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિતા ચતુઃશ્લોકી સમાપ્તા ॥

## ૮. બ્રહ્મસંબંધનો ભાવાર્થ

ભગવાન કૃષ્ણથી વિખૂટા પડે હજારો વર્ષોનો સમય વ્યતીત થવાથી ભગવાનની પ્રાપ્તિને માટે હૃદયમાં જે તાપ-ક્લેશનો આનંદ થવો જોઈએ તે જેને તિરોધાન થયો છે એવો હું જીવ, ભગવાન કૃષ્ણ (શ્રીગોપીજન વલ્લભ)ને દેહ, ઈંદ્રિય, પ્રાણ, અન્તઃકરણ, તેના ધર્મો, સ્ત્રી, ઘર, પુત્ર, કુટુંબ, ધન, આ લોક અને પરલોક, આત્મા સહિત સમર્પણ કરું છું. હું દાસ છું; 'હે કૃષ્ણ ! હું તમારો છું.'

(પાઠ બોલ્યા પછી અષ્ટાક્ષરની માળા કરવી)

શ્રીકૃષ્ણઃ શરણં મમ    શ્રીકૃષ્ણઃ શરણં મમ
શ્રીકૃષ્ણઃ શરણં મમ    શ્રીકૃષ્ણઃ શરણં મમ
શ્રીકૃષ્ણઃ શરણં મમ    શ્રીકૃષ્ણઃ શરણં મમ
શ્રીકૃષ્ણઃ શરણં મમ    શ્રીકૃષ્ણઃ શરણં મમ
શ્રીકૃષ્ણઃ શરણં મમ    શ્રીકૃષ્ણઃ શરણં મમ

## ૯. શ્રી મધુરાષ્ટકમ્

છંદ : તોટક

અધરં મધુરં વદનં મધુરં, નયનં મધુરં હસિતં મધુરમ્ ।
હૃદયં મધુરં ગમનં મધુરં, મધુરાધિપતે-રખિલં મધુરમ્ ॥૧॥
વચનં મધુરં ચરિતં મધુરં, વસનં મધુરં વલિતં મધુરમ્ ।
ચલિતં મધુરં ભ્રમિતં મધુરં, મધુરાધિપતે-રખિલં મધુરમ્ ॥૨॥
વેણુ-ર્મધુરો રેણુ-ર્મધુરઃ, પાણિ-ર્મધુરઃ પાદૌ મધુરૌ ।
નૃત્યં મધુરં સખ્યં મધુરં, મધુરાધિપતે-રખિલં મધુરમ્ ॥૩॥
ગીતં મધુરં પીતં મધુરં, ભુક્તં મધુરં સુપ્તં મુધરમ્ ।
રૂપં મધુરં તિલકં મધુરં, મધુરાધિપતે-રખિલં મધુરમ્ ॥૪॥
કરણં મધુરં તરણં મધુરં, હરણં મધુરં રમણં મધુરમ્ ।
વમિતં મધુરં શમિતં મધુરં, મધુરાધિપતે-રખિલં મધુરમ્ ॥૫॥
ગુંજા મધુરા માલા મધુરા, યમુના મધુરા વીચી મધુરા ।
સલિલં મધુરં કમલં મધુરં, મધુરાધિપતે-રખિલં મધુરમ્ ॥૬॥
ગોપી મધુરા લીલા મધુરા, યુક્તં મધુરં મુક્તં મધુરમ્ ।
ઈષ્ટં મધુરં શિષ્ટં મધુરં, મધુરાધિપતે-રખિલં મધુરમ્ ॥૭॥
ગોપા મધુરા ગાવો મધુરા, યષ્ટિ-ર્મધુરા-સૃષ્ટિ-ર્મધુરા ।
દલિતં મધુરં ફલિતં મધુરં, મધુરાધિપતે-રખિલં મધુરમ્ ॥૮॥

॥ ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિતં મધુરાષ્ટકં સંપૂર્ણમ્ ॥

## ૧૦. શ્રીગિરિરાજ ધાર્યષ્ટકમ્

છંદ : ઈન્દ્રવજ્રા

ભક્તાભિલાષા-ચરિતાનુસારી, દુગ્ધાદિ-ચૌર્યેણ યશોવિસારી ।
કુમારતાનન્દિત-ઘોષનારી, મમપ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૧॥
વ્રજાંગના-વૃંદ-સદા-વિહારી, અંગૈર્ગૃહાગાર-તમોપહારી ।
ક્રીડા-રસાવેશ-તમો(ऽ)ભિસારી, મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૨॥
વેણુ-સ્વનાનન્દિત-પન્નગારી, રસાતલા-નૃત્ય-પદ-પ્રચારી ।
ક્રીડન્ વયસ્યાકૃતિ-દૈત્યમારી, મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૩॥
પુલિંદ-દારા-હિત-શમ્બરારી, રમા-સદોદાર-દયા-પ્રકારી ।
ગોવર્ધને કંદ-ફલોપહારી, મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૪॥

કલિંદજા-કૂલ-દુકૂલહારી, કુમારીકા-કામ-કલા-વિતારી ।
વૃંદાવને ગોધન-વૃંદ-ચારી, મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૫॥
વ્રજેંદ્ર-સર્વાધિક-શર્મ-કારી, મહેન્દ્ર-ગર્વાધિક-ગર્વ-હારી ।
વૃંદાવને કંદ-ફલોપહારી, મમઃ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૬॥
મનઃકલા-નાથ-તમોવિહારી, વંશી-રવાકારિત-તત્કુમારી ।
રાસોત્સવોદ્વેલ્લ-રસાબ્ધિસારી, મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૭॥
મત્ત-દ્વિપોદ્દામ-ગતાનુકારી, લુંઠત્પ્રસૂનાપ્રપદીન-હારી ।
રામો-રસ-સ્પર્શ-કર-પ્રસારી, મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૮॥
॥ ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિતં ગિરિરાજ ધાર્યષ્ટકં સંપૂર્ણમ્ ॥

## ૧૧. રાસ લીલામૃત

રાગ : લલિત

બજત કુંજ મેં મંજુ બાઁસુરી, બ્રજ બધૂ બઁધી પ્રેમ- રાસ રી;
ઘર તજ્યો ગઈ કૃષ્ણ- પાસ રી, શરદ- ચંદ કીનો ઉજાસ રી. ૧
હરિ કિયો જબે મંદ હાસ રી, નિરખિકેં ભયો તાપ નાસ રી;
સુમન કુંજ રાજેં વિકાસ રી, ભ્રમર- પુંજ ગુંજે સુવાસ રી. ૨
ગુન ભરી તિયા રૂપ- રાસ રી, પુનિ પ્રબીન હૈં પ્રેમ- ગાઁસ રી;
અતનુ મોદ ભાવ પ્રકાસ રી, મિલ ગુપાલ કીનેં વિલાસ રી. ૩
મદ ગુમાન હી જાઁન તાસુ રી, હૃદયમેં છિપે શ્રીનિવાસ રી;
બિરહ જાત બાઢ્યો હુતાસ રી, તરુ લતાન પૂંછે ઉદાસ રી. ૪
સઘન કુંજ કીની તલાસ રી, ગુન કથા રચી યાહિ આસ રી;
ભરત નૈન ઊંચે ઉસાસ રી, કરિ કૃપા મિલે પીત વાસ રી. ૫
વદન કુંજ હૈ ચારુ હાઁસ રી, મદન માન જાતેં નિરાસ રી;
કર ગહે જુરી આસ પાસ રી, ભરત અંક બાઢ્યો હુલાસ રી. ૬
અધર પાન કીને હુઁ પ્યાસ રી, મિટત નાઁહિ જૈસે ઉપાસ રી;
લિપટ શ્યામસોં ઐસી ભાસ રી, ઘન સુદામિની ભાદ્ર માસ રી. ૭
કરત કૃષ્ણ કે સંગ રાસ રી, સરસ રાગ ગાવેં ખુલાસ રી;
સુર જુ સપ્ત નીકે નિકાસ રી, મુરજ બીન બાજેં મિઠાસ રી. ૮
બજત મંજુ મંજીર લાસ રી, નચત મોર છાઁડે અવાસ રી;
સુર વિમાન છાયે અકાસ રી, પરત પુષ્પ વૃષ્ટિ તહાઁ સુરી. ૯

કટ ગઈ તબે ગેહ- ફૉંસ રી, હટ ગયો જ્યુ સંસાર- ત્રાસ રી;
ચરનમાઁઝ દીજે નિવાસ રી, સરન **'ગોકુલાધીશ'** દાસ રી. ૧૦
॥ ઈતિ શ્રીગોકુલાધીશ વિરચિતા રાસલીલામૃત સમાપ્તઃ ॥

## ૧૨. શ્રી ગોપી ગીત

છંદ : લલિત (ઇન્દિરા)

જયતિ તે(ઽ)ધિકં, જન્મના વ્રજઃ, શ્રયત ઈન્દિરા, શશ્વદત્ર હિ ।
દયિત દશ્યતાં, દિક્ષુ તાવકા - સ્ત્વયિ ધૃતાસવ-સ્ત્વાં વિચિન્વતે ॥૧॥
શરદુ દાશયે, સાધુ જાત યત્, સરસિ જોદર - શ્રી મુષા દશા ।
સુરતનાથ તે(ઽ)શુલ્ક દાસિકા, વરદ નિઘ્નતો, નેહ કિં વધઃ ॥૨॥
વિષ જલા પ્યયાદ્-વ્યાલ રાક્ષસાત્, વર્ષ મારુતાદ્ - વૈદ્યુતાન લાત્ ।
વૃષ મયા ત્મજાદ્ - વિશ્વતો ભયાત્, ઋષભ તે વયં, રક્ષિતા મુહુઃ ॥૩॥
ન ખલુ ગોપિકા-નન્દનો ભવાન્, અખિલ દેહિના-મન્ત રાત્મ દક ।
વિખન સાર્થિતો, વિશ્વ ગુપ્તયે - સખ ઉદે યિવાન્, સાત્વતાં કુલે ॥૪॥
વિર ચિતા ભયં, વૃષ્ણિ ધુર્ય તે, શરણ મીયુષાં સંસૃતે ર્ભયાત્ ।
કર સરો રુહં, કાન્ત કામદં, શિરસિ ધેહિ નઃ, શ્રી કર ગ્રહમ્ ॥૫॥
વ્રજ જના ર્તિહન્ વીર યોષિતાં, નિજ જન સ્મય-ધ્વંસન સ્મિત ।
ભજ સખે ભવત્-કિંકરીઃ સ્મ નો, જલ રુહા નનં, ચારુ દર્શય ॥૬॥
પ્રણત દેહિનાં, પાપ કર્ષણં, તૃણ ચરા નુગં; શ્રીનિ કેતનમ્ ।
ફણિ ફણા ર્પિતં, તે પદા મ્બુજં, કૃણુ કુચેષુ નઃ, કૃન્ધિ હૃચ્છયમ્ ॥૭॥
મધુ રયા ગિરા, વલ્ગુ વાક્યયા, બુધ મનો જ્ઞયા, પુષ્ક રેક્ષણ ।
વિધિ કરી રિમા, વીર મુહ્યતી- રધર-સીધુના-પ્યાય-યસ્વ નઃ ॥૮॥
તવ કથા મૃતં, તપ્ત જીવનં, કવિ ભિરી ડિતં, કલ્મષા પહમ્ ।
શ્રવણ મંગલં, શ્રી મદા તતં, ભુવિ ગૃણન્તિ તે, ભૂરિદા જનાઃ ॥૯॥
પ્ર હસિતં પ્રિય, પ્રેમ વીક્ષિતં, વિહરણં ચ તે, ધ્યાન મંગલમ્ ।
રહસિ સંવિદો, યા હૃદિ સ્પૃશઃ, કુહક નો મનઃ, ક્ષોભ યન્તિ હિ ॥૧૦॥
ચલસિ યદ્ વ્રજાત્-ચારયન્ પશૂન્, નલિન સુન્દરં, નાથ તે પદમ્ ।
શિલ તૃણાં કુરૈઃ, સીદ તીતિ નઃ, કલિ લતાં મનઃ, કાન્ત ગચ્છતિ ॥૧૧॥
દિન પરિ ક્ષયે, નીલ કુન્તલૈ- ર્વન રુહાનનં, બિભ્રદા વૃતમ્ ।
ઘન રજ સ્વલં, દર્શયન્ મુહુ, ર્મનસિ નઃ સ્મરં, વીર યચ્છસિ ॥૧૨॥
પ્રણત કામદં, પદ્મ જાર્ચિતં, ધરણિ મણ્ડનં ધ્યેય માપદિ ।
ચરણ પંકજં, શન્તમં ચ તે, રમણ નઃ સ્તને - ષ્વર્પયાધિ હન્ ॥૧૩॥

સુરત વર્ધનં, શોક નાશનં, સ્વરિત વેણુના, સુષ્ઠુ ચુમ્બિતમ્ ।
ઈતર રાગ વિસ્મારણં નૃણાં, વિતર વીર ન - સ્તે ધરા મૃતમ્ ॥૧૪॥
અટતિ યદ્ ભવાન્-અહ્નિ કાનનં, ત્રુટિ ર્યુગા યતે, ત્વામ પશ્યતામ્ ।
કુટિલ કુન્તલં, શ્રીમુખં ચ તે, જડ ઉદી ક્ષતાં, પક્ષ્મ કૃદ્ દશામ્ ॥૧૫॥
પતિ સુતાન્વય-ભ્રાતૃ બાન્ધવા, નતિ વિલંઘ્ય તે(ડ)ન્-ત્ય ચ્યુતા ગતાઃ ।
ગતિ વિદ સ્તવોદ્ - ગીત મોહિતાઃ, કિતવ યોષિતઃ, કસ્ત્યજે ન્નિસિ ॥૧૬॥
રહસિ સંવિદં, હૃચ્છયો દયં, પ્રહસિતાનનં, પ્રેમ વીક્ષણમ્ ।
બૃહ દૂરઃ શ્રિયો, વીક્ષ્ય ધામ તે, મુહુરતિ સ્પૃહં, મુહ્યતે મનઃ ॥૧૭॥
વ્રજ વનૌ કસાં, વ્યક્તિ રંગ તે, વૃજિન હન્ત્ર્યલં, વિશ્વ મંગલમ્ ।
ત્યજ મનાક્ ચ નઃ - ત્વત્ સ્પૃહાત્મનાં, સ્વજન હૃદ્રુજાં, યન્નિ ષૂદનમ્ ॥૧૮॥

છંદ : વસંત - તિલકા

યત્તે સુજાત ચરાણામ્બુ રુહં, સ્તનેષુ,
ભીતાઃ શનૈઃ, પ્રિયદધી મહિ કર્કશેષુ ।
તેના ટવીમટસિ તદ્ વ્યથતે ન કિં સ્વિત્,
કૂર્પાદિભિર્ભ્રમતિ ધીર્ભવ દાયુષાં નઃ ॥૧૯॥

શ્રી શુક ઉવાચ, છંદ : અનુષ્ટુપ્

ઈતિ ગોપ્યઃ પ્ર ગાય ન્ત્યઃ, પ્રલ પન્ત્ય શ્ચ ચિત્રધા ।
રુરુદુઃ સુસ્વરં રાજન્, કૃષ્ણ દર્શન-લાલસાઃ ॥
તાસામા વિરભૂત્ શૌરિઃ, સ્મય માન-મુખા મ્બુજઃ ।
પીતામ્બર ધરઃ સ્રગ્વી, સાક્ષાત્ મન્મથ-મન્મથઃ ॥

॥ શ્રી ગોપી ગીત સંપૂર્ણમ્ ॥

## ૧૩. ગીતાજીનો ૧૨મો અધ્યાય : ભક્તિયોગ

અર્જુન ઉવાચ :

**એવં સતતયુક્તા યે ભક્તાસ્ત્વાં પર્યુપાસતે ।**
**યે ચાપ્યક્ષરમવ્યક્તં તેષાં કે યોગવિત્તમા ॥૧॥**

**ભાવાર્થ : અર્જુન બોલ્યા** – જે અનન્ય પ્રેમી ભક્તજનો, હમણાં આપે જણાવ્યું એ પ્રકારે નિરંતર આપનાં ભજન-ધ્યાનમાં રચ્યા-પચ્યા રહીને આપ સગુણસ્વરૂપ પરમેશ્વરને ભજે છે અને બીજા ભક્તો, જે કેવળ અવિનાશી સચ્ચિદાનંદઘન નિરાકાર બ્રહ્મને જ ઘણા ઉત્તમ ભાવે ભજે છે - એ બન્ને પ્રકારના ઉપાસકોમાં વધુ ચઢિયાતા યોગવેત્તા કોણ છે ? ॥૧॥

શ્રી ભગવાન ઉવાચ :

**મય્યાવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે ।**

**શ્રદ્ધયા પરયોપેતાસ્તે મે યુક્તતમા મતાઃ ॥૨॥**

**ભાવાર્થ : શ્રી ભગવાન બોલ્યા** – મારામાં મનને પરોવીને નિરંતર મારા ભજન-ધ્યાનમાં રચ્યા-પચ્યા રહેનારા જે ભક્તજનો, અત્યંત અડગ શ્રદ્ધાભાવથી યુક્ત થઈને, મુજ સગુણસ્વરૂપ પરમેશ્વરને ભજે છે, તેઓ મને યોગીઓમાં વધુ ચઢિયાતા યોગીરૂપે માન્ય છે. ॥૨॥

**યે ત્વક્ષરમનિર્દેશ્યમવ્યક્તં પર્યુપાસતે ।**

**સર્વત્રગમચિન્ત્યં ચ કૂટસ્થમચલં ધ્રુવમ્ ॥૩॥**

**સન્નિયમ્યેન્દ્રિયગ્રામં સર્વત્ર સમબુદ્ધયઃ ।**

**તે પ્રાપ્નુવન્તિ મામેવ સર્વભૂતહિતે રતાઃ ॥૪॥**

**ભાવાર્થ** : પરંતુ જે ભક્તો, ઈન્દ્રિયોના સમુદાયને સારી પેઠે વશમાં કરીને મન-બુદ્ધિથી પર, સર્વવ્યાપક, કોઈ પણ રીતે નિર્દેશ ન થઈ શકે એવા, સદા એકરસ રહેનાર, નિત્ય, અચળ, નિરાકાર, અવિનાશી સચ્ચિદાનંદઘન બ્રહ્મને નિરંતર એકાત્મભાવે ધ્યાન કરતાં ભજે છે, એ સઘળાં ભૂતોના હિતમાં રત રહેનારા અને સૌમાં સમાનભાવ રાખનારા યોગીઓ મને જ પામે છે. ॥૩-૪॥

**ક્લેશોધિકતરસ્તેષામ વ્યક્તાસક્ત ચેતસામ્ ।**

**અવ્યક્તા હિ ગતિર્દુઃખં દેહવદ્‌ભિરવાપ્યતે ॥૫॥**

**ભાવાર્થ** : પણ સચ્ચિદાનંદઘન નિરાકાર બ્રહ્મમાં મન પરોવનાર એ માણસોના સાધનમાં પરિશ્રમ વધુ છે; કારણકે દેહાભિમાનીઓ વડે અવ્યક્તવિષયક ગતિ ઘણું દુઃખ વેઠીને પ્રાપ્ત કરવામાં આવે છે અર્થાત્ દેહાભિમાન રહેવાને લીધે નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિ દુષ્કર છે. ॥૫॥

**યે તુ સર્વાણિ કર્માણિ મયિ સંન્યસ્ય મત્પરાઃ ।**

**અનન્યેનૈવ યોગેન માં ધ્યાયન્ત ઉપાસતે ॥૬॥**

**ભાવાર્થ** : પરંતુ મારે પરાયણ રહેનારા જે ભક્તજનો, સર્વ કર્મોને મારામાં અર્પણ કરીને, મુજ સગુણસ્વરૂપ પરમેશ્વરને જ અનન્ય ભક્તિયોગથી નિરંતર ચિંતન કરતાં ભજે છે. ॥૬॥

**તેષામહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્ ।**

**ભવામિ નચિરાત્પાર્થ મય્યાવેશિતચેતસામ્ ॥૭॥**

**ભાવાર્થ** : મારામાં ચિત્ત પરોવનારા એ પ્રેમી ભક્તોનો હે પાર્થ ! હું સત્વરે મૃત્યુરૂપી સંસાર-સાગરમાંથી ઉદ્ધાર કરી દઉં છું. ॥૭॥

**મય્યેવ મન આધત્સ્વ મયિ બુદ્ધિં નિવેશય ।**

**નિવસિષ્યસિ મય્યેવ અત ઊર્ધ્વં ન સંશયઃ ॥૮॥**

**ભાવાર્થ :** મારામાં મનને પરોવ અને મારામાં જ બુદ્ધિને જોડ; એ પછી તું મારામાં જ નિવાસ કરીશ, એમાં લેશમાત્ર સંશય નથી. ॥૮॥

**અથ ચિત્તં સમાધાતું ન શક્નોષિ મયિ સ્થિરમ્ ।**

**અભ્યાસયોગેન તતો મામિચ્છાપ્તું ધનઞ્જય ॥૯॥**

**ભાવાર્થ :** જો તું મનને મારામાં અચળ ભાવે સ્થાપવા સમર્થ ન હોય, તો હે ધનંજય ! અભ્યાસરૂપ (ભગવાનનાં નામ અને ગુણોનું શ્રવણ, કીર્તન, મનન તેમજ શ્વાસ દ્વારા જપ અને ભગવત્પ્રાપ્તિ માટે વારંવાર કરવાનું નામ 'અભ્યાસ' છે.) યોગ દ્વારા મને પામવાની ઈચ્છા કર. ॥૯॥

**અભ્યાસેપ્ય સમર્થોસિ મત્કર્મપરમો ભવ ।**

**મદર્થમપિ કર્માણિ કુર્વન્સિદ્ધિમવાપ્સ્યસિ ॥૧૦॥**

**ભાવાર્થ :** જો તું ઉપર જણાવેલા અભ્યાસમાં પણ અસમર્થ છે, તો કેવળ મારે અર્થે કર્મ કરવાને જ પરાયણ (સ્વાર્થ છોડીને તથા પરમેશ્વરને જ પરમ આશ્રય અને પરમ ગતિ માનીને, નિષ્કામ પ્રેમભાવે સતીઓમાં ઉત્તમ પતિવ્રતા નારીની પેઠે મન, વાણી અને શરીર દ્વારા પરમેશ્વરને અર્થે જ યજ્ઞ, દાન અને તપ આદિ સંપૂર્ણ કર્તવ્ય કર્મોને કરવાનું નામ 'ભગવદર્થ કર્મ કરવાને પરાયણ થવું' છે.) થા; મારે અર્થે કર્મોને કરતો રહીને પણ તું મારી પ્રાપ્તિરૂપી સિદ્ધિને જ પામીશ. ॥૧૦॥

**અથૈતદપ્યશક્તોસિ કર્તું મદ્યોગમાશ્રિતઃ ।**

**સર્વકર્મફલત્યાગં તતઃ કુરુ યતાત્મવાન્ ॥૧૧॥**

**ભાવાર્થ :** જો મારી પ્રાપ્તિરૂપી યોગનો આશરો લઈને ઉપર જણાવેલ સાધન કરવામાં પણ તું અસમર્થ છે, તો મન-બુદ્ધિ આદિ ઉપર જય મેળવનારો થઈને સર્વ કર્મોનાં ફળનો ત્યાગ કર. ॥૧૧॥

**શ્રેયો હિ જ્ઞાનમભ્યાસાજ્જ્ઞાનાદ્ ધ્યાનં વિશિષ્યતે ।**

**ધ્યાનાત્કર્મફલત્યાગસ્ત્યાગાચ્છાન્તિરનન્તરમ્ ॥૧૨॥**

**ભાવાર્થ :** મર્મને જાણ્યા વિના કરેલા અભ્યાસ કરતાં જ્ઞાન (સાંભળવાથી અને શાસ્ત્રના વાંચનથી પરમેશ્વરના સ્વરૂપનું જે અનુમાન જ્ઞાન થાય છે, એને જ અહીં જ્ઞાનના નામે જાણવું.) ચઢિયાતું છે, જ્ઞાન કરતાં મુજ પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન ચઢિયાતું છે અને ધ્યાન કરતાં પણ સર્વ કર્મોનાં

ફળનો ત્યાગ (કેવળ ભગવદર્થે કર્મ કરનાર પુરુષનાં ભગવાનમાં પ્રેમ અને શ્રદ્ધા, તેમજ ભગવાનનું ચિંતન પણ, જળવાઈ રહે છે; માટે ધ્યાન કરતાં કર્મફળનો ત્યાગ ચઢિયાતો કહ્યો છે.) ચઢિયાતો છે; કેમકે ત્યાગથી તરત જ પરમ શાંતિ મળે છે. ॥૧૨॥

**અદ્વેષ્ટા સર્વભૂતાનાં મૈત્રઃ કરુણ એવ ચ ।**
**નિર્મમો નિરહઙ્કારઃ સમદુઃખસુખઃ ક્ષમી ॥૧૩॥**
**સન્તુષ્ટઃ સતતં યોગી યતાત્મા દઢનિશ્ચયઃ ।**
**મય્યર્પિતમનોબુદ્ધિર્યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ ॥૧૪॥**

**ભાવાર્થ :** જે સર્વ ભૂતોમાં દ્વેષભાવ વિનાનો, વિના સ્વાર્થે સૌનો પ્રેમી અને કોઈ પણ હેતુ વિના દયાભાવ રાખનારો છે તથા મમત્વ વિનાનો, અહંકાર વિનાનો, સુખ-દુઃખોની પ્રાપ્તિમાં સમ અને ક્ષમાશીલ છે, એટલે કે અપરાધ કરનારને પણ અભય આપનારો છે તથા જે યોગી નિરંતર સંતુષ્ટ છે, મન-ઈન્દ્રિયોસહિત શરીરને વશમાં કરી રાખેલ છે અને મારામાં દઢ નિશ્ચયવાળો છે - એ મારામાં અર્પેલ મન-બુદ્ધિવાળો મારો ભક્ત મને પ્રિય છે. ॥૧૩-૧૪॥

**યસ્માન્નોદ્વિજતે લોકો લોકાન્નોદ્વિજતે ચ યઃ ।**
**હર્ષામર્ષભયોદ્વેગૈર્મુક્તો યઃ સ ચ મે પ્રિયઃ ॥૧૫॥**

**ભાવાર્થ :** જેનાથી કોઈ પણ જીવ ઉદ્વેગ નથી પામતો અને જે પોતે પણ કોઈ જીવથી ઉદ્વેગ નથી પામતો તથા જે હર્ષ, અમર્ષ (બીજાની ઉન્નતિને જોઈને સંતાપ થવો એનું નામ 'અમર્ષ' છે.), ભય અને ઉદ્વેગ આદિથી રહિત છે - એ ભક્ત મને પ્રિય છે. ॥૧૫॥

**અનપેક્ષઃ શુચિર્દક્ષ ઉદાસીનો ગતવ્યથઃ ।**
**સર્વારમ્ભપરિત્યાગી યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ ॥૧૬॥**

**ભાવાર્થ :** જે ખેવના વિનાનો, બાહ્ય તેમજ આંતરિક રીતે શુદ્ધ, નિપુણ, પક્ષપાત વિનાનો અને દુઃખોમાંથી છૂટેલો છે - એ સર્વ આરંભોનો ત્યાગી (એટલે કે મન, વાણી અને શરીર દ્વારા પ્રારબ્ધાનુસાર થનારાં સર્વ સ્વાભાવિક કર્મોમાં કર્તાપણાના અભિમાનનો ત્યાગી.) મારો ભક્ત મને પ્રિય છે. ॥૧૬॥

**યો ન હૃષ્યતિ ન દ્વેષ્ટિ ન શોચતિ ન કાઙ્ક્ષતિ ।**
**શુભાશુભપરિત્યાગી ભક્તિમાન્યઃ સ મે પ્રિયઃ ॥૧૭॥**

**ભાવાર્થ :** જે ન તો કદી હર્ષ પામે છે, ન દ્વેષ કરે છે, ન શોક કરે છે, ન કશાયની કામના કરે છે તથા જે શુભ અને અશુભ સઘળાં કર્મોનો ત્યાગી છે - એ ભક્તિયુક્ત માણસ મને પ્રિય છે. ॥૧૭॥

**સમઃ શત્રૌ ચ મિત્રે ચ તથા માનાપમાનયોઃ ।**
**શીતોષ્ણસુખદુઃખેષુ સમઃ સઙ્ગવિવર્જિતઃ ॥૧૮॥**

**ભાવાર્થ :** જે શત્રુ કે મિત્રમાં અને માન કે અપમાનમાં સમ છે તથા ઠંડી, ગરમી અને સુખ-દુઃખ આદિ દ્વંદ્વોમાં સમ છે અને આસક્તિ વિનાનો છે. ॥૧૮॥

**તુલ્યનિન્દાસ્તુતિર્મૌની સન્તુષ્ટો યેન કેનચિત્ ।**
**અનિકેતઃ સ્થિરમતિર્ભક્તિમાન્મે પ્રિયો નરઃ ॥૧૯॥**

**ભાવાર્થ :** જે નિંદા-સ્તુતિને સમાન સમજનાર, મનનશીલ (એટલે કે ઈશ્વરના સ્વરૂપનું નિરંતર મનન કરનારો છે.) અને ગમે તે પ્રકારે પણ શરીરનો નિર્વાહ થતાં સદા સંતુષ્ટ છે તથા રહેવાના સ્થાનમાં મમતા અને આસક્તિ વિનાનો છે - એ સ્થિરબુદ્ધિનો ભક્તિમાન માણસ મને પ્રિય છે. ॥૧૯॥

**યે તુ ધર્મ્યામૃતમિદં યથોક્તં પર્યુપાસતે ।**
**શ્રદ્દધાના મત્પરમા ભક્તાસ્તેતીવ મે પ્રિયાઃ ॥૨૦॥**

**ભાવાર્થ :** પરંતુ જે શ્રદ્ધાળુ (વેદ, શાસ્ત્રો, મહાત્માઓ અને ગુરુજનોનાં તથા પરમેશ્વરનાં વચનોમાં પ્રત્યક્ષ જેવો જે વિશ્વાસ છે, એનું નામ 'શ્રદ્ધા' છે.) માણસો મારે પરાયણ થઈને (એટલે કે મને પરમ આશ્રય, પરમ ગતિ, સૌનું આત્મસ્વરૂપ અને સર્વથી પર પરમ પૂજ્ય માનીને વિશુદ્ધ પ્રેમથી મારી પ્રાપ્તિ અર્થે 'તત્પર' થયેલા.) ઉપર કહેલા ધર્મમય અમૃતને નિષ્કામ પ્રેમભાવે સેવે છે, એ ભક્તો મને સૌથી પ્રિય છે. ॥૨૦॥

॥ ઈતિ શ્રી ભક્તિયોગ (સાર્થ) નામનો બારમો અધ્યાય સમાપ્ત ॥

## ૧૪. બારમા અધ્યાયનું માહાત્મ્ય-ફળ

શંકર ભગવાને પાર્વતીજીને અને શ્રીવિષ્ણુ ભગવાને લક્ષ્મીજીને કહ્યું કે, 'હવે તમે ગીતાજીના બારમા અધ્યાયનું અદ્‌ભુત માહાત્મ્ય અને તેના ફળ વિશે સાંભળો.'

### માહાત્મ્યની કથા

કોલ્હાપુર નગરમાં રાજા બૃહદ્રથ નામે ઘણો જ શક્તિશાળી રાજા રાજ કરતો હતો. તેણે અનેક વિજય મેળવ્યા હતા. એકવાર તેણે પોતાની સર્વોપરિતા પુરવાર કરવા અશ્વમેધ યજ્ઞ આદર્યો. શાસ્ત્રોક્ત વિધિ મુજબ તેણે યજ્ઞના પંચકલ્યાણી ઘોડાને છૂટો મૂક્યો, સાથે તેનું સૈન્ય પણ ગયું.

દુર્ભાગ્યે બન્યું એવું કે ઘોડો પાછો ફરે અને યજ્ઞ પૂર્ણ થાય તે પહેલાં જ રાજાનું મૃત્યુ થયું. યજ્ઞ અધૂરો ન રહે તે માટે રાજાના પુત્રએ શાસ્ત્રજ્ઞોની આજ્ઞાથી રાજાના શરીરને તેલમાં સાચવી રાખ્યું. થોડા સમય પછી યજ્ઞનો ઘોડો સમગ્ર પૃથ્વી પર વિજય પ્રાપ્ત કરીને પાછો ફર્યો, પરંતુ યજ્ઞ પૂર્ણ થાય તે પહેલાં કોઈ તે ઘોડાને ચોરી ગયું. સમગ્ર રાજ્યમાં હાહાકાર મચી ગયો. રાજાનો પુત્ર કુળદેવીના મંદિરે જઈ પ્રાર્થના કરવા લાગ્યો કે, 'હે માતા ! આ કઠિન ધર્મસંકટમાંથી મારો અને મારા પિતાનો ઉદ્ધાર કરો. અશ્વમેધનો ઘોડો મને પાછો મેળવી આપો; જેથી હું યજ્ઞ પૂરો કરી, મારા પિતા પ્રત્યેની મારી ફરજ પૂરી કરું.'

ત્યારે માતાજી બોલ્યાં કે, 'મારા મંદિરના દ્વારે એક બ્રાહ્મણ બેઠો છે, તે મારી આજ્ઞાથી તારાં બધાં કામ પૂરા કરી દેશે.'

રાજાનો પુત્ર મંદિરના દ્વાર પર બેઠેલા તપસ્વી બ્રાહ્મણ પાસે ગયો અને પ્રણામ કરી ચૂપચાપ ઊભો રહ્યો. ત્યારે બ્રાહ્મણ બોલ્યો કે, 'માતાજીએ તને મારી પાસે મોકલ્યો છે ને ? ચિંતા ન કર. હવે હું તારાં બધાં જ કામ પૂરાં કરું છું.' આમ કહી મંત્રવેત્તા બ્રાહ્મણે બધા દેવતાઓને પોતાની પાસે બોલાવ્યા. રાજાના પુત્રએ જોયું તો બધા દેવતાઓ હાથ જોડી થર-થર કાંપતા ઊભા હતા. બ્રાહ્મણે બધા દેવતાઓને કહ્યું કે, 'રાતના સમયે દેવરાજ ઈન્દ્રે અશ્વમેધ યજ્ઞના ઘોડાને ચોરીને બીજે ક્યાંક મૂકી દીધો છે, તે ઘોડાને તત્કાળ અહીં હાજર કરો.' દેવતાઓએ તરત જ ઘોડાને હાજર કરી દીધો. બ્રાહ્મણે તેઓને જવાની આજ્ઞા આપી. આ બધું જોઈ વિસ્મય પામેલો રાજાનો પુત્ર બ્રાહ્મણના ચરણોમાં પડી તેમની અદ્‌ભુત શક્તિ તથા સામર્થ્યનાં ગુણગાન ગાવા લાગ્યો અને વિનંતી કરતા બોલ્યો કે, 'હે સાધુશ્રેષ્ઠ ! મારા પિતા બૃહદ્રથ અશ્વમેધ યજ્ઞનો આરંભ કરી દૈવયોગે મૃત્યુ પામ્યા છે. હજુ સુધી એમનું શરીર તેલમાં સાચવી રાખ્યું છે. આપ કૃપા કરી તેમને સજીવન કરો, તો યજ્ઞ નિર્વિઘ્ન પૂર્ણ થાય.'

બ્રાહ્મણને દયા આવી ગઈ. તેણે જળ મંત્રીને રાજાના શબ પર છાંટ્યું, તો રાજા તત્કાળ સજીવન થયો. બાજુમાં ઊભેલા બ્રાહ્મણને જોઈ પૂછ્યું કે, 'હે ધર્મસ્વરૂપ ! તમે કોણ છો ?' તો રાજાના પુત્રએ બધી હકીકત કહી સંભળાવી. રાજાએ પોતાને જીવતદાન દેનાર બ્રાહ્મણને નમસ્કાર કરી પૂછ્યું કે, 'ક્યા પુણ્યથી આપને આ અલૌકિક શક્તિ પ્રાપ્ત થઈ છે ?' તો બ્રાહ્મણ

મધુર વાણીમાં બોલ્યો કે : ''આ શક્તિ તો મને ગીતાજીના બારમા અધ્યાયનો નિત્ય પાઠ કરવાથી પ્રાપ્ત થઈ છે.'' રાજા બૃહદ્રથે યજ્ઞ પૂર્ણ કર્યો. તે દિવસથી તે નિત્ય ગીતાજીનો બારમા અધ્યાયનો પાઠ કરવા લાગ્યો. એ પુણ્યના બળે અંતકાળે તે સદેહે વૈકુંઠલોક પામ્યો.

## ૧૫. ગીતાજીનો ૧૫મો અધ્યાય - પુરુષોત્તમયોગ

શ્રી ભગવાન ઉવાચ :

**ઊર્ધ્વમૂલમધઃશાખમશ્વત્થં પ્રાહુરવ્યયમ્ ।**
**છન્દાંસિ યસ્ય પર્ણાનિ યસ્તં વેદ સ વેદવિત્ ॥૧॥**

**ભાવાર્થ :** (શ્રી ભગવાન બોલ્યા) જેનું આદિપુરુષ પરમેશ્વરરૂપી ઊર્ધ્વ-મૂળ છે, જેની નીચે રહેલી બ્રહ્મારૂપી મુખ્ય શાખા છે તથા વેદો જેનાં પાંદડાઓ છે, એવા આ સંસારરૂપી અશ્વત્થ વૃક્ષને તત્ત્વજ્ઞાનીઓ અવિનાશી કહે છે; જે માણસ એ સંસારરૂપી વૃક્ષને મૂળસહિત તત્ત્વથી જાણે છે, એ વેદના તાત્પર્યને જાણનાર છે. ॥૧॥

**અધશ્ચોર્ધ્વં પ્રસૃતાસ્તસ્ય શાખા, ગુણપ્રવૃદ્ધા વિષયપ્રવાલાઃ ।**
**અધશ્ચ મૂલાન્યનુસન્તતાનિ, કર્માનુબન્ધીનિ મનુષ્યલોકે ॥૨॥**

**ભાવાર્થ :** એ સંસારવૃક્ષની ત્રણેય ગુણોરૂપી જળ વડે વૃદ્ધિ પામેલી અને વિષયોરૂપી કૂંપળો ધરાવતી દેવ, મનુષ્ય, તિર્યક્ આદિ યોનિઓરૂપી શાખાઓ નીચે અને ઉપર આમ તેમ ફેલાયેલી છે તેમજ એ શાખાઓનાં મનુષ્યલોકમાં કર્માનુસાર બાંધનારાં અહંતા, મમતા તથા વાસનારૂપી મૂળિયાં નીચે અને ઉપર બધા લોકોમાં ફેલાયેલાં છે. ॥૨॥

**ન રૂપમસ્યેહ તથોપલભ્યતે, નાન્તો ન ચાદિર્ન ચ સમ્પ્રતિષ્ઠા ।**
**અશ્વત્થમેનં સુવિરૂઢમૂલમસઙ્ગશસ્ત્રેણ દૃઢેન છિત્ત્વા ॥૩॥**

**ભાવાર્થ :** આ સંસારવૃક્ષનું સ્વરૂપ જેવું કહ્યું છે એવું અહીં વિચારકાળમાં મળી આવતું નથી, કેમકે આનો નથી તો આદિ કે નથી અંત, તેમજ નથી આની નિશ્ચિત પ્રકારની સ્થિતિ; માટે આ અહંતા, મમતા અને વાસનારૂપી અત્યંત દૃઢ થયેલાં મૂળ ધરાવતા સંસારરૂપી અશ્વત્થ વૃક્ષને દૃઢ વૈરાગ્યરૂપી શસ્ત્ર વડે કાપીને. ॥૩॥

**તતઃ પદં તત્પરિમાર્ગિતવ્યં, યસ્મિન્ગતા ન નિવર્તન્તિ ભૂયઃ ।**
**તમેવ ચાદ્યં પુરુષં પ્રપદ્યે, યતઃ પ્રવૃત્તિ પ્રસૃતા પુરાણી ॥૪॥**

**ભાવાર્થ :** એ પછી, એ પરમપદ સ્વરૂપ પરમેશ્વરને સારી પેઠે શોધવા જોઈએ કે જેને પામી ચુકેલા માણસો ફરી પાછા વળીને સંસારમાં નથી આવતા અને જે પરમેશ્વરથી આ પુરાતન સંસાર-વૃક્ષની પ્રવૃત્તિ અર્થાત્ પરંપરા વિસ્તાર પામી છે; એ જ આદિપુરુષ નારાયણને હું શરણે છું - આ પ્રમાણે દઢ નિશ્ચય કરીને એ પરમેશ્વરનું મનન અને નિદિધ્યાસન કરવું. ॥૪॥

**નિર્માનમોહા જિતસઙ્ગદોષા, અધ્યાત્મનિત્યા વિનિવૃત્તકામાઃ ।**

**દ્વન્દ્વૈર્વિમુક્તાઃ સુખદુઃખસઞ્જ્ઞૈ-, ર્ગચ્છન્ત્યમૂઢાઃ પદમવ્યયં તત્ ॥૫॥**

**ભાવાર્થ :** જેમના માન અને મોહ નષ્ટ થઈ ચુક્યાં છે, જેમણે આસક્તિરૂપી દોષને જીતી લીધો છે, જેમની પરમાત્માના સ્વરૂપમાં નિત્ય સ્થિતિ છે અને જેમની કામનાઓ પૂર્ણરૂપે નાશ પામી ચુકી છે - એવા સુખ-દુઃખરૂપી દ્વંદ્વોથી છૂટેલા જ્ઞાનીજનોએ અવિનાશી પરમપદને પામે છે. ॥૫॥

**ન તદ્ભાસયતે સૂર્યો ન શશાઙ્કો ન પાવકઃ ।**

**યદ્ગત્વા ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ ॥૬॥**

**ભાવાર્થ :** જે પરમપદને પામીને મનુષ્યો પાછા ફરીને સંસારમાં આવતા નથી, એ સ્વયં પ્રકાશિત પરમપદને ન તો સૂર્ય ઉજાળી શકે છે, ન ચન્દ્રમા કે ન અગ્નિ; એ જ મારું પરમધામ છે. ॥૬॥

**મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ ।**

**મનઃષષ્ઠાનીન્દ્રિયાણિ પ્રકૃતિસ્થાનિ કર્ષતિ ॥૭॥**

**ભાવાર્થ :** આ દેહમાં રહેલો સનાતન જીવાત્મા મારો જ અંશ છે અને એ જ આ પ્રકૃતિમાં રહેલી મનસહિતની પાંચેય ઈન્દ્રિયોને ખેંચે છે. ॥૭॥

**શરીરં યદવાપ્નોતિ યચ્ચાપ્યુત્ક્રામતીશ્વરઃ ।**

**ગૃહીત્વૈતાનિ સંયાતિ વાયુર્ગન્ધાનિવાશયાત્ ॥૮॥**

**ભાવાર્થ :** વાયુ ગંધના સ્થાનેથી ગંધને જે રીતે ગ્રહણ કરીને બીજા સ્થાને લઈ જાય છે, એ જ રીતે દેહ આદિનો સ્વામી જીવાત્મા પણ જે શરીરને છોડે છે, એ શરીરમાંથી પ્રાણો દ્વારા મન સમેત ઈન્દ્રિયોને લઈને પછી જે શરીરને પામે છે એમાં જાય છે. ॥૮॥

**શ્રોત્રં ચક્ષુઃ સ્પર્શનં ચ રસનં ઘ્રાણમેવ ચ ।**

**અધિષ્ઠાય મનશ્ચાયં વિષયાનુપસેવતે ॥૯॥**

**ભાવાર્થ :** આ જીવાત્મા શ્રોત્ર, ચક્ષુ, ત્વચા, રસના, ઘ્રાણ અને મનને આશ્રયે એટલે કે એમની સહાય લઈને જ વિષયોને સેવે છે. ॥૯॥

**ઉત્ક્રામન્તં સ્થિતં વાપિ ભુઞ્જાનં વા ગુણાન્વિતમ્ ।**
**વિમૂઢા નાનુપશ્યન્તિ પશ્યન્તિ જ્ઞાનચક્ષુષઃ ॥૧૦॥**

**ભાવાર્થ** : શરીર છોડીને જતો, શરીરમાં સ્થિત રહેલો, વિષયોને ભોગવતો કે ત્રણેય ગુણોથી જોડાયેલો હોવા છતાંય, જીવાત્માના યથાર્થ સ્વરૂપને અજ્ઞાનીજનો નથી જાણતા, કેવળ જ્ઞાનચક્ષુ ધરાવનાર વિવેકશીલ જ્ઞાનીજનો તત્ત્વથી જાણે છે. ॥૧૦॥

**યતન્તો યોગિનશ્ચૈનં પશ્યન્ત્યાત્મન્યવસ્થિતમ્ ।**
**યતન્તોઽપ્યકૃતાત્માનો નૈનં પશ્યન્ત્યચેતસઃ ॥૧૧॥**

**ભાવાર્થ** : યત્ન કરનારા યોગીજનો પણ પોતાના હૃદયમાં સ્થિત આ આત્માને તત્ત્વથી ઓળખી શકે છે; પરંતુ જેમણે અન્તઃકરણ શુદ્ધ નથી કર્યું, એવા અજ્ઞાની-જનો તો યત્ન કરતા રહેવા છતાં પણ આ આત્માને નથી જાણી શકતા. ॥૧૧॥

**યદાદિત્યગતં તેજો જગદ્ભાસયતેઽખિલમ્ ।**
**યચ્ચન્દ્રમસિ યચ્ચાગ્નૌ તત્તેજો વિદ્ધિ મામકમ્ ॥૧૨॥**

**ભાવાર્થ** : સૂર્યમાં રહેલું જે તેજ આખા જગતને ઉજાળે છે, જે તેજ ચન્દ્રમામાં છે અને જે અગ્નિમાં છે એને તું મારું જ તેજ જાણ. ॥૧૨॥

**ગામાવિશ્ય ચ ભૂતાનિ ધારયામ્યહમોજસા ।**
**પુષ્ણામિ ચૌષધીઃ સર્વાઃ સોમો ભૂત્વા રસાત્મકઃ ॥૧૩॥**

**ભાવાર્થ** : તથા હું જ પૃથ્વીમાં પ્રવેશીને પોતાની શક્તિથી સઘળાં ભૂતોને ધારણ કરું છું અને રસસ્વરૂપ એટલે કે અમૃતમય ચન્દ્રમા બનીને સઘળી વનસ્પતિઓને પોષું છું. ॥૧૩॥

**અહં વૈશ્વાનરો ભૂત્વા પ્રાણિનાં દેહમાશ્રિતઃ ।**
**પ્રાણાપાનસમાયુક્તઃ પચામ્યન્નં ચતુર્વિધમ્ ॥૧૪॥**

**ભાવાર્થ** : સર્વ પ્રાણીઓનાં શરીરમાં સ્થિત રહેલો હું જ પ્રાણ અને અપાનથી સંયોજાયેલ વૈશ્વાનર અગ્નિસ્વરૂપ થઈને ચાર પ્રકારનાં અન્નને પચાવું છું. ॥૧૪॥

**સર્વસ્ય ચાહં હૃદિ સન્નિવિષ્ટો, મત્તઃ સ્મૃતિર્જ્ઞાનમપોહનં ચ ।**
**વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યો, વેદાન્તકૃદ્વેદવિદેવ ચાહમ્ ॥૧૫॥**

**ભાવાર્થ** : હું જ સૌ પ્રાણીઓના હૃદયમાં અન્તર્યામી રૂપે રહેલો છું તથા મારાથી જ સ્મૃતિ, જ્ઞાન તેમજ અપોહન થાય છે, તથા બધા વેદો વડે હું જ જાણવા યોગ્ય છું તેમજ વેદાન્તનો કર્તા અને વેદોને જાણનાર પણ હું જ છું. ॥૧૫॥

**દ્વાવિમૌ પુરુષૌ લોકે ક્ષરશ્ચાક્ષર એવ ચ ।**

**ક્ષરઃ સર્વાણિ ભૂતાનિ કૂટસ્થોઽક્ષર ઉચ્યતે ॥૧૬॥**

**ભાવાર્થ** : આ સંસારમાં નાશવંત અને અવિનાશી - એ બે પ્રકારના પુરુષો છે; એમાંથી સઘળાં ભૂતપ્રાણીઓનાં શરીરો નાશવંત અને જીવાત્મા અવિનાશી કહેવાય છે. ॥૧૬॥

**ઉત્તમઃ પુરુષસ્ત્વન્યઃ પરમાત્મેત્યુદાહૃતઃ ।**

**યો લોકત્રયમાવિશ્ય બિભર્ત્યવ્યય ઈશ્વરઃ ॥૧૭॥**

**ભાવાર્થ** : આ બેયથી ઉત્તમ પુરુષ તો જુદો જ છે, જે ત્રણેય લોકોમાં પ્રવેશીને સૌનું ધારણ-પોષણ કરે છે અને જેને અવિનાશી, પરમેશ્વર તેમજ પરમાત્મા એવાં નામોથી ઓળખાવ્યો છે. ॥૧૭॥

**યસ્માત્ક્ષરમતીતોઽહમક્ષરાદપિ ચોત્તમઃ ।**

**અતોઽસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ ॥૧૮॥**

**ભાવાર્થ** : હું નાશવંત જડસમુદાય ક્ષેત્રથી સર્વ રીતે અતીત છું અને અવિનાશી જીવાત્માથી પણ ઉત્તમ છું, માટે લોકમાં તેમજ વેદોમાં પુરુષોત્તમ નામે પ્રસિદ્ધ છું. ॥૧૮॥

**યો મામેવમસમ્મૂઢો જાનાતિ પુરુષોત્તમમ્ ।**

**સ સર્વવિભ્દજતિ માં સર્વભાવેન ભારત ॥૧૯॥**

**ભાવાર્થ** : હે ભરતવંશી ! જે જ્ઞાની માણસ મને આ રીતે તત્ત્વથી પુરુષોત્તમ સ્વરૂપે જાણે છે, એ સર્વજ્ઞ માણસ સર્વ રીતે નીરંતર મુજ વાસુદેવ પરમેશ્વરને જ ભજે છે. ॥૧૯॥

**ઈતિ ગુહ્યતમં શાસ્ત્રમિદમુક્તં મયાનઘ ।**

**એતદ્બુદ્ધ્વા બુદ્ધિમાન્સ્યાત્કૃતકૃત્યશ્ચ ભારત ॥૨૦॥**

**ભાવાર્થ** : હે નિષ્પાપ અર્જુન ! આમ આ ઘણું રહસ્યમય ગોપનીય શાસ્ત્ર મેં કહ્યું, આને તત્ત્વથી જાણીને માણસ જ્ઞાની અને કૃતકાર્ય થઈ જાય છે. ॥૨૦॥

॥ ઈતિ શ્રી પુરુષોત્તમયોગ નામનો પંદરમો અધ્યાય સમાપ્ત ॥

## ૧૬. પંદરમા અધ્યાયનું માહાત્મ્ય-ફળ

શંકર ભગવાન પાર્વતીજીને અને શ્રીવિષ્ણુ ભગવાન શ્રીલક્ષ્મીજીને કહે છે : "હવે તમે આત્માનો ઉદ્ધાર કરી સદ્ગતિ અપાવનારા ગીતાજીના પંદરમાં અધ્યાયના માહાત્મ્ય-ફળ વિશે સાંભળો."

### માહાત્મ્યની કથા

પૂર્વકાળે ગૌડા દેશમાં નૃસિંહ નામનો એક મહાપરાક્રમી રાજા રાજ કરતો હતો. તેનો મંત્રી ઈર્ષાળુ હતો. રાજાને સ્વર્ગ સમાન સુખ-વૈભવ ભોગવતો જોઈ તેને વિચાર કર્યો કે, જો હું રાજકુમારો સહિત રાજાને મારી નાખું અને ખુદ રાજા બની જાઉં તો મને પણ આ વૈભવ ભોગવવા મળે. પછી તો મંત્રી રાત-દિવસ રાજાને મારી નાખવાના જ વિચાર કરવા લાગ્યો. એક અંધારી રાતે મંત્રી રાજાને મારી નાખવા માટે મહેલ તરફ જઈ રહ્યો હતો ત્યારે, અંધારામાં તેનો પગ એક સાપ પર પડ્યો. સાપે દંશ દેતા મંત્રી તત્કાળ મૃત્યુ પામ્યો.

બીજા જન્મે આ મંત્રી સિંધ દેશમાં ઘોડારૂપે જન્મ્યો. તે ગુણોમાં અશ્વરાજ ઉચ્ચ:શ્રવા સમાન મહાતેજસ્વી હતો. જોગાનુજોગ તે ઘોડાને નૃસિંહ રાજાએ એક સોદાગર પાસેથી મોં માંગી કિંમત આપી ખરીદી લીધો.

એક દિવસ રાજા તે ઘોડા પર બેસીને શિકાર કરવા જંગલમાં ગયો. શિકારની શોધમાં મધ્યાહ્ન થઈ ગયો. શિકાર ન મળવાથી નિરાશ થયેલો રાજા ભૂખ-તરસથી વ્યાકુળ બની ગયો. ત્યાં જ તેની નજર એક ઋષિના આશ્રમ પર પડી. રાજાએ ત્યાં જઈ પાણી પીધું. તેના મુખ પરનું તેજ જોઈ ઋષી જાણી ગયા કે આ કોઈ રાજકુળનો છે અને ભૂખ્યો છે. ઋષિએ રાજાને ભોજન કરાવ્યું અને આશ્રમમાં જ આરામ કરવા જણાવ્યું.

રાજા આડા પડખે થઈને આરામ કરવા લાગ્યો. દર્ભશય્યા પર તેને ઊંઘ ન આવી, એટલે દીવાલ પર લખેલો ગીતાજીના પંદરમા અધ્યાયનો પાઠ વાંચવા લાગ્યો. આ પાઠ તેને બહુ ગમી ગયો. તેથી વારંવાર વાંચીને યાદ કરવા લાગ્યો. આઠ-દસ વખત વાંચતાં તેને આખો પાઠ મોઢે થઈ ગયો.

સાંજ પડતાં રાજાએ પોતાના નગર ભણી પાછા જવાની તૈયારી કરી, પરંતુ તેનો ઘોડો ખાસ ખાતો હતો. તેથી તે ઘોડાને પંપાળતો પંપાળતો ગીતાજીના પંદરમા અધ્યાયનો પાઠ કરવા લાગ્યો. પાઠ પૂર્ણ થતાં જ ઘોડાનું મૃત્યુ થયું. રાજાને ઘણી નવાઈ લાગી. તેણે આ વિશે ઋષિને પૂછ્યું તો ઋષિએ જણાવ્યું : "હે રાજન ! આ ઘોડો ગયા જન્મે તારો મંત્રી હતો. તે

તને પુત્રો સહિત મારી નાખીને તારું રાજ છીનવી લેવા ઈચ્છતો હતો. આ પાપથી અકાળે તેનું મૃત્યુ થયું અને આ જન્મે ઘોડારૂપે જનમ્યો હતો. આપના મુખેથી અનાયાસે ગીતાના પંદરમા અધ્યાયનો પાઠ સાંભળતાં જ પશુયોનિમાંથી મુક્ત થઈને સ્વર્ગલોકમાં ગયો.''

આ અદ્‌ભુત કથન સાંભળીને વિસ્મિત થયેલો રાજા નૃસિંહ મહેલે પાછો ફર્યો. મોટા રાજકુમારનો રાજ્યાભિષેક કરી રાજસિંહાસન પર બેસાડી, તેને રાજા તરીકે જાહેર કર્યો. ત્યારબાદ રાજા નૃસિંહ ગીતાજીના પંદરમા અધ્યાયનો નિત્ય પાઠ કરવા લાગ્યો. આ પાઠના પુણ્ય પ્રતાપે તે મૃત્યુ પછી વૈકુંઠલોક પામ્યો.

## ૧૭. શ્રીમદ્ ભાગવતરૂપી આંબો

આંબો અખંડ ભુવનથી ઊતર્યો, વ્રજ ભૂમિમાં આંબાનો વાસ,<br>
સખી આંબો રોપીઓ... ટેક<br>
વસુદેવે તે બીજ વાવિયું, હુવો દેવકીજી ક્ષેત્ર પ્રકાશ...સખી<br>
આંબે જશોદાજી એ જળ સીંચીયા, નંદગોપ આંબાના રખવાળા...સખી<br>
બ્રહ્માજીએ તે ચાર પત્ર લખ્યા, મુનિ નારદે કીધા છે જાણ...સખી<br>
વ્યાસ મુનિએ તે ચાર પત્ર કર્યાં, તેના નવ ખંડમાં નામ...સખી<br>
આંબો ધ્રુવ પ્રહ્‌લાદે અનુભવ્યો, તેના સેવનારા વ્રજનાર...સખી<br>
દ્વાદશસ્કન્ધ આંબાના થડ થયાં, ત્રણસો પાંત્રીસ અધ્યાય છે ડાળ...સખી<br>
અઢાર હજાર શ્લોક આંબે તીરખી, પોણોસો લક્ષ અક્ષર આંબે પાન...સખી<br>
પ્રકરણ તેંતાળીશનાં આંબે ઝૂમખાં, શ્રીમદ્ ભાગવત આંબા કેરાં ફળ...સખી<br>
કલ્પવૃક્ષ થઈ આંબો દુજીઓ, એની ચૌદ ભુવન છે છાંય...સખી<br>
તે ફળ શુકદેવજી વેડી લઈ ગયા, પરીક્ષિત બેઠાં ગંગાજીને તીર...સખી<br>
તે રસ રેડ્યો પરીક્ષિત શ્રવણમાં, ખરો અનુગ્રહનો આધાર...સખી<br>
સાત દિવસમાં શ્રીકૃષ્ણપદ મળ્યું, જય શ્રીપુરુષોત્તમ અભિરામ...સખી<br>
કલિયુગમાં પુષ્ટિમાર્ગમાં પરવર્યો, ધન્ય ધન્ય તેલંગકૂળ અવતાર...સખી<br>
આંબો ગાય શીખે ને સાંભળે, તેનો ચરણકમળમાં વાસ...સખી<br>
જાઉં શ્રીવલ્લભકુળને વારણે, બલિહારિ જાય **'માધવદાસ'**...સખી

## ૧૮. એક પલક જો રહીયે વૃંદાવન

એક પલક જો રહીયે વૃંદાવન,<br>
કોટિ જનમ કે પાપ કટત હેં, શ્રીકૃષ્ણ કૃષ્ણ મુખ કહીયે...૧

મહાપ્રસાદ અરુ જલ જમુનાકો, તનક તનક ભર લઈએ,
**'સૂરદાસ'** વૈકુંઠ મધુપુરી, ભાગ્ય વિના કૈસે પઈએ... ૨

## ૧૯. લાલન હી કી ચહીયે કૃપા

લાલન હી કી ચહીયે કૃપા, એક લાલન હી કી ચહીયે,
અપનો દોષ વિચારી એ સજની, ઈનકુ કછુ ન કહીયે...કૃપા
વે કરે તે સબ આછી અપને શીર પર સહીયે,
**'સૂર શ્યામ'** શું કછું નવ કહીએ, જ્યોં રાખે ત્યોં રહીયે...કૃપા

## ૨૦. શ્રીવલ્લભ હી કો ભારી ભરોસો

શ્રીવલ્લભ હી કો ભારી ભરોસો, શ્રીવલ્લભ હી કો ભારી,
કાહેકો મન ભટકત ડોલત, જો ચાહે ફલકારી...ભરોસો-૧
શ્રીવિઠ્ઠલ ગિરિધર સબ બાલક, જગત કિયો ઉદ્ધારી,
પુરુષોત્તમ પ્રભુ નામ મંત્ર દે, ચરણ કમલ શિર ધારી...ભરોસો-૨

## ૨૧. દ્દઢ ઈન ચરનન કેરો ભરોંસો

દ્દઢ ઈન ચરનન કેરો ભરોંસો,
દ્દઢ ઈન ચરનન કેરો...
શ્રીવલ્લભ નખચંદ્ર છટા બિન,
સબ જગમાંઝ અંધેરો... ભરોંસો ૦૧
સાધન ઔર નહીં યા કલિમેં, જાસૂં હોય નિવેરો,
**'સૂર'** કહા કહે દ્વિવિધ આંધરો,
બિના મોલ કો ચેરો... ભરોંસો ૦૨

## ૨૨. મા-બાપને ભૂલશો નહીં

ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહીં,
અગણિત છે ઉપકાર એના, એહ વિસરશો નહીં.
અસહ્ય વેઠી વેદના, ત્યારે દીઠું તમ મુખડું,
એ પુનિત જનના કાળજાં, પથ્થર બની છુંદશો નહીં.
કાઢી મુખેથી કોળીયા, મોંમા દઈ મોટા કર્યા,
અમૃત તણા દેનાર સામે, ઝેર ઉછાળશો નહીં.
લાખો લડાવ્યા લાડ તમને, કોડ સહુ પૂરા કર્યા,
એ કોડના પૂરનારના કોડ પૂરવા ભૂલશો નહીં.

લાખો કમાતા હો ભલે, મા બાપ જેથીના ઠર્યા,
એ લાખ નહીં પણ રાખ છે, એ માનવું ભૂલશો નહીં.
સંતાનથી સેવા ચાહો, તો સંતાન છો સેવા કરો,
જેવું કરો તેવું ભરો, એ ભાવના ભૂલશો નહીં.
ભીને સુઈ પોતે અને સુકે સુવાડ્યા આપને,
એ અમીમય આંખને ભૂલીને ભીંજવશો નહીં.
પુષ્પો બિછાવ્યા પ્રેમથી, જેણે તમારા રાહ પર,
આ રાહબરના રાહ પર, કંટક કદી બનશો નહીં.
ધન ખરચતા મળશે બધુ માતા પિતા મળશે નહીં,
એના પુનિત ચરણો તણી, ચાહના ભૂલશો નહીં.

## ૨૩. હયાત માતા-પિતાની છત્ર છાયા

હયાત માતા-પિતાની છત્ર છાયામાં,
વ્હાલપનાં બે વેણ બોલીને, નીરખી લેજો,
હોઠ અડધા બિડાઈ ગયા પછી,
ગંગાજળ મૂકીને શું કરશો...?
અંતરના આશીર્વાદ આપનારને,
સાચા હૃદયથી એક ક્ષણ ભેટી લેજો,
હયાતી નહીં હોય ત્યારે નત મસ્તકે,
છબીને નમન કરીને શું કરશો...?
કાળની થપાટ વાગશે, અલવિદા એ થઈ જશે,
પ્રેમાળ હાથ પછી તમારા પર કદી નહીં ફરે,
લાખ કરશો ઉપાય તે વાત્સલ્ય લ્હાવો નહીં મળે,
પછી દિવાનખંડમાં તસ્વીર મૂકીને શું કરશો...?
માતા પિતાનો ખજાનો ભાગ્યશાળી સંતાનને મળે,
અડસઠ તીરથ તેના ચરણોમાં, બીજા તીરથ ના ફરશો,
સ્નેહની ભરતી આવીને ચાલી જશે પલમાં,
પછી કિનારે છીપલા વીણીને શું કરશો...?
હયાત હોય ત્યારે, હૈયું તેનું ઠારજો,
પાનખરમાં વસંત આવે, એવો વ્યવહાર રાખજો,
પંચ ભૂતમાં ભળી ગયા પછી આ દેહના,
અસ્થિને ગંગામાં પધરાવીને શું કરશો...?

શ્રવણ બનીને ઘડપણની લાકડી તમે બનજો,
હેતથી હાથ પકડીને ક્યારેક તીર્થ સાથે ફરજો,
'માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ' સનાતન સત્ય છે,
પછી 'રામનામ સત્ય છે' બોલીને શું કરશો...?
પૈસા ખર્ચતા સઘળું મળશે, મા-બાપ નહીં મળે,
ગયો સમય નહીં આવે, લાખો કમાઈને શું કરશો ?
પ્રેમથી હાથ ફેરવીને 'બેટા' કહેનાર નહીં મળે,
પછી ઉછીનો પ્રેમ લઈને આંસુ સારીને શું કરશો...?

## ૨૪. અંજલી ગીત

હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સૌ માંગીએ,
શરણ મળે સાચું તમારું એ હૃદયથી માંગીએ.
જે જીવ આવ્યો આપ પાસે ચરણમાં અપનાવજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.

વળી કર્મના યોગે કરી જે કુળમાં એ અવતરે,
ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી આપની ભક્તિ કરે.
લખચોરાશી બંધનોને લક્ષમાં લઈ કાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.

સુસંપત્તિ સુવિચારને સત્કર્મનો દઈ વારસો,
જનમો જનમ સત્સંગથી કિરતાર પાર ઉતારજો.
આ લોકને પરલોકમાં તવ પ્રેમ રગરગ વ્યાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.

મળે મોક્ષ કે સુખ સ્વર્ગના આશા ઉરે એવી નથી,
દ્યો દેહ દુર્લભ માનવીનો ભજન કરવા ભાવથી.
સાચું બતાવી રૂપ શ્રીકૃષ્ણ હૃદયે સ્થાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.

હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સૌ માંગીએ,
શરણ મળે સાચું તમારું એ હૃદયથી માંગીએ.
જે જીવ આવ્યો આપ પાસે ચરણમાં અપનાવજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.

# શ્રીમદ્ ભાગવત માહાત્મ્ય

સચ્ચિદાનંદ રૂપાય વિશ્વોત્પત્યાદિહેતવે ।
તાપત્રયવિનાશાય શ્રીકૃષ્ણાય વયં નમઃ ॥

જે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશના કારણરૂપ છે અને જે આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક એમ ત્રણે પ્રકારનાં દુઃખોનો નાશ કરનાર છે, એવા સચ્ચિદાનંદ સ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણને અમે નમન કરીએ છીએ.

શ્રીમદ્ ભાગવત ભક્તિપ્રધાન ગ્રંથ છે, જે માનવજીવનમાં ચેતના પ્રગટાવે છે. ભાગવતમાં કુલ બાર સ્કંધ છે, ૩૩૫ અધ્યાય છે અને અઢાર હજાર શ્લોકોનું બનેલું છે.

મહાભારતનાં અઢાર પર્વ છે. ગીતાના અઢાર અધ્યાય છે. પુરાણો અઢાર છે. ઉપ-પુરાણો પણ અઢાર મનાય છે.

શ્રીમદ્ ભાગવત માનવને ઈશ્વરની નવધા ભક્તિ કરવા સૂચવે છે. દરેક માનવીએ તે માટે કોશિશ કરવી જોઈએ. માનવે ભક્તિ એવી કરવી જોઈએ કે આંખો બંધ કરતાં સાક્ષાત્ ઈશ્વર મનઃચક્ષુ સમક્ષ દેખાય. ભક્તિભાવ, આબાલવૃદ્ધમાં ચેતના પ્રગટાવે છે; ઈશ્વરનાં ધ્યાન અને જપ દ્વારા ઈશ્વરની પ્રાપ્તિ થઈ શકે છે.

## નવધા ભક્તિ

ઈશ્વરભક્તિના નવ પ્રકાર છે. ૧. શ્રવણ ૨. કીર્તન ૩. સ્મરણ ૪. પાદસેવા ૫. અર્ચન ૬ વંદન ૭. દાસ્ય ૮. સખ્ય ૯. આત્મનિવેદન.

જગદ્ગુરુના સ્વરૂપે નારાયણ ભગવાન સાગરમાં પોઢ્યા છે. તેમની નાભિમાંથી બ્રહ્માજી પ્રગટ થયા. નારાયણ ભગવાને બ્રહ્માજીને ચતુઃશ્લોકી ભાગવત કહ્યું. બ્રહ્માજીએ નારદજીને, નારદજીએ વેદવ્યાસજીને અને વેદવ્યાસે પોતાના પુત્ર શુકદેવજીને કહી સંભળાવ્યું.

વેદવ્યાસજીએ શ્રીમદ્ ભાગવત રચતાં પહેલાં મહાભારતની રચના કરી. માનવજીવન સાથે જન્મ-મૃત્યુ નિશ્ચિત છે. તેની વચ્ચે દરેક માનવને સતાવે છે વ્યાધિ અને વૃદ્ધાવસ્થા. દરેક માનવી વ્યાધિ

અને ઉપાધિથી બચવા ઈશ્વરને પ્રાર્થના કરે છે. વેદવ્યાસજી ૮૮ વર્ષના અને પત્ની અરણી ૮૦ વર્ષનાં થયાં ત્યાં સુધી તેમને સંતાન સુખ ન હતું. અરણી એક દિવસ પોતાના પતિ વેદવ્યાસને પૂછે છે કે, "આપણા કયા જન્મનાં પાપ ? મારો ખોળો ખાલી કેમ ? મારે પુત્રની ઈચ્છા છે, અનેક નિઃસંતાન લોકો જે તમારે શરણે આવે છે તેને આપ તેના ઉપાય બતાવો છો તો મને કેમ નથી બતાવતા ?" વેદવ્યાસ પત્નીને ઉત્તર આપવાનું ટાળે છે. અરણીએ બીજા અનેકને પુત્રપ્રાપ્તિ માટે મહાદેવજીનું વ્રત કરવાનું કહેતાં વ્યાસજીને સાંભળ્યા હતા, તેથી અરણીએ પણ મહાદેવજીની આરાધના કરી.

એક દિવસ પાર્વતી મહાદેવજીને કહે છે કે, "તમે અનેક શિષ્યોને જ્ઞાન આપ્યું છે, તો મને હવે ક્યારે જ્ઞાન આપશો ?" મહાદેવજી પાર્વતીને કહે છે કે "તને જ્ઞાન આપવા માટે આપણે એકાંત જગ્યામાં જઈશું." એક દિવસ મહાદેવજી પાર્વતીને લઈ કાશ્મીરથી ચંદનવાડી થઈ શેષનાગ આવ્યા, ત્યાં મહાદેવજીએ શેષનાગને ત્યજી દીધા. ત્યાંથી પંચતરણી થઈ અમરનાથ ગયાં. ત્યાં ગુફામાં જઈ પાર્વતીને જ્ઞાનસભર કથા કહેવા લાગ્યા. ઈશ્વરની કથા સાંભળતાં પાર્વતીજી ધ્યાનમગ્ન થઈ ગયાં. મહાદેવજીને હોંકારો ભણવાનું ચૂકી ગયાં, ત્યારે એક તરતનું જન્મેલું પોપટનું બચ્ચું પાર્વતીજીને બદલે હોંકારો ભણવા લાગ્યું. મહાદેવજીએ જોયું કે પાર્વતીને બદલે પોપટનું બચ્ચું કથા સાંભળે છે ! મહાદેવજી ગુસ્સે થઈ પોપટના બચ્ચાને મારવા જાય છે ત્યાં પોપટનું બચ્ચું ઊડી વ્યાસપત્ની અરણીના ખોળામાં જઈને પડ્યું. ભગવાન શંકર અરણીને પોપટનું બચ્ચું પાછું આપી દેવાં કહે છે અને પોતાના ત્રીજા નેત્રથી તેને બાળવા તૈયાર થાય છે ત્યારે વ્યાસજી અને અરણી મહાદેવજીને વિનંતી કરે છે કે "હે ભગવાન રહેવા દ્યો. આટલા વરસે મારો ખોળો ભરાયો છે." શંકર ભગવાનને તેઓએ સાષ્ટાંગ પ્રણામ કર્યા. શંકર ભગવાને કહ્યું, "તથાસ્તુ" પોપટ બાળ તરત જ ઊડી ગયું અને ભગવાન શંકરે પોતે અરણીને પેટે શુકદેવજીના રૂપે જન્મ લીધો.

અરણીના ગર્ભને દસ મહિના અને દસ દિવસ થયા. જન્મ લેતાં પહેલાં શુકદેવજીએ પિતા પાસે શરત મૂકી અને કહ્યું "હું ઈશ્વરઆરાધના માટે જ જન્મ લઈશ. આજીવન ઈશ્વરઆરાધના

કરીશ.'' વ્યાસજી કબૂલ થયા. અરણીએ પુત્રને જન્મ આપ્યો. માતા-પિતાએ પોતાના પુત્રનું નામ શુકદેવ રાખ્યું.

શુકદેવજી પાંચ વર્ષના થયા અને માતા-પિતાએ દીકરાને જનોઈ આપવા વિચાર્યું પણ પાંચ વર્ષનો એ બાળક માતા-પિતાનો ત્યાગ કરીને જ્ઞાન મેળવવા ચાલ્યો ગયો. પાંચ વર્ષના શુકદેવને શોધવા વ્યાસજી જંગલે-જંગલે ભટકવા લાગ્યા. સરોવરની પાળે ઊભેલાં વૃક્ષો બોલ્યાં, ''તમારો પુત્ર જનતાના ઉદ્ધાર માટે આવ્યો છે. ઉપકાર કરવા આવ્યો છે. તેને અમારાં નમસ્કાર.''

નારદજીએ શુકદેવજીને પાછા બોલાવવા વ્યાસજીને રસ્તો બતાવ્યો. નારદજીએ વેદ વ્યાસને કહ્યું, ''તમે શ્રીમદ્ ભાગવત લખો. તમે કથા કહેશો ત્યારે શુકદેવ જરૂરથી સાંભળવા આવશે.''

તપ કરતાં કરતાં હવે શુકદેવજી સોળ વર્ષના થયા હતા. તેમનું મન ભાગવત કથા સાંભળવા આકર્ષાય તે માટે વેદવ્યાસે એક યુક્તિ કરી. વ્યાસજીએ પોતાના શિષ્યોને કહ્યું, ''વનમાં જ્યાં શુકદેવજી તપ કરે છે ત્યાં જઈ અને આ બે શ્લોક તેમને ગાઈ સંભળાવો.'' ગુરૂની આજ્ઞા પ્રમાણે શિષ્યો વનમાં ગયા. શુકદેવજી સ્નાન, સંધ્યા કરી સમાધિમાં બેસે તે જ સમયે શિષ્યોએ ગાવાનું શરૂ કર્યું :

''बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं
बिभ्रद्वासः कनकपिशंवैजयन्तीं च मालाम् ।
रन्ध्रान् वेणोरधरसुधया पूरयन् गोरवृन्दै
वृंदारण्यं स्वपदरमणं प्राविशद् गीतकीर्ति ॥
इति वेणुरवं राजन् सर्वभूतमनोहरम्
श्रुत्वा व्रजस्त्रियः सर्वा वर्णयन्त्योडभिरेमिरे ॥''

અર્થાત્ : શ્રીકૃષ્ણે ઉત્તમ નટ જેવું રૂપ ધારણ કર્યું હતું. મસ્તક પર મોરપીંછનો મુગટ પહેર્યો હતો, બન્ને કાનમાં કરેણનાં પીળાં ફૂલો પહેર્યાં હતાં, પીતાંબર ધારણ કર્યું હતું, વાંસળીનાં છિદ્રોને નીચલા હોઠના અમૃતથી ભરી રહ્યા હતા અને ગોવાળિયાઓનાં ટોળાં તેમની જ કીર્તિ ગાતાં હતાં, એવા શ્રીકૃષ્ણે પોતાના પગલાંથી સુંદર વૃંદાવનમાં પ્રવેશ કર્યો. હે રાજન ! શ્રીકૃષ્ણનો તે બંસીનાદ સર્વ પ્રાણીઓનાં

મનને હરી લેતો હતો. તે નાદ સાંભળી વ્રજની સ્ત્રીઓ તેનું વર્ણન કરતી તન્મય થઈ પરમાનંદ મૂર્તિ શ્રીકૃષ્ણને આલિંગન કરવા લાગી.

આ શ્લોક શુકદેવજી સાંભળતા હતા. તે વિચારવા લાગ્યા કે આ પાંચ વર્ષના બાળક શ્રીકૃષ્ણનું સ્વરૂપ કેવું અદ્‌ભુત ! ત્યાં તો વ્યાસજીના શિષ્યો ગુરુએ શીખવેલો બીજો શ્લોક ગાવા લાગ્યા :

अहो वकी यं स्तनकालकूटं जिधांं सयापा ययदप्य साध्वी ।

लेभे गतिं धात्र्यु चितां ततोडन्यं कं वा दयालुं शरणम् व्रबेम ॥

અર્થાત્ : અહો ! જે પૂતનાએ સ્તન પર ઝેર લગાડી કૃષ્ણને મારવા ધવડાવ્યું હોવા છતાં પૂતનાને પણ ભગવાને સદ્‌ગતિ આપી. એવા શ્રીકૃષ્ણ સિવાય કોણ બીજું દયાળુ છે કે જેમને શરણે જઈ શકાય?

આ બીજો શ્લોક સાંભળી શુકદેવજીએ વ્યાસજીના શિષ્યોને પૂછ્યું "તમે કોણ છો ? આ બે શ્લોક કોણે રચ્યા છે ?"

શિષ્યોએ કહ્યું, "હે શુકદેવજી અમે વ્યાસજીના શિષ્યો છીએ. તેમણે અમને તમારી પાસે મોકલ્યા છે. શ્રીકૃષ્ણની કથા આવા અઢાર હજાર શ્લોકો રચી ગુરુ વેદવ્યાસજીએ શ્રીમદ્ ભાગવતની કથા લખી છે." આ વાત સાંભળી શુકદેવજીને શ્રીકૃષ્ણની કથા સાંભળવાની ઈચ્છા થઈ અને બરાબર બાર વર્ષ પછી તેઓ પોતાના પિતાના આશ્રમમાં પાછા આવ્યા. આવતાંવેંત પિતા વ્યાસજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને પોતાને ભાગવત શાસ્ત્ર ભણવાની ઈચ્છા છે એમ કહેવા લાગ્યા. મુનિ વેદ વ્યાસે શુકદેવજીને શ્રીમદ્ ભાગવતની કથા કહી સંભળાવી, વ્યાસજી ભાગવત કથા કોને કહેવી અને તેનો પ્રચાર કેમ કરવો તે ચિંતામાંથી હવે મુક્ત થયા.

"ભગવાનના ગુણો એવા છે કે જે દરેક મનુષ્યને પોતાના તરફ આકર્ષે છે, તો પછી મહાજ્ઞાની શુકદેવજીનું મન કથા સાંભળવા આકર્ષાય તેમાં શું આશ્ચર્ય ? વેદ રૂપી કલ્પવૃક્ષ છે અને ભાગવત તે વૃક્ષનું ફળ છે. ફળમાં વિશેષ મધુર રસ હોય છે. ભાગવત શાસ્ત્રરૂપી ફળનું વારંવાર સેવન આજીવન જે માનવી કરે છે તેને ભાગવત, કાળના મુખમાંથી છોડાવી મુક્તિ અપાવે છે."

કળિયુગમાં મનની શુદ્ધિ માટે અને ભયનો નાશ કરવા માટે શ્રીમદ્ ભાગવતથી અધિક કોઈ ઉપાય નથી.

# ભાગવત માહાત્મ્ય : કથા-૧
# ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય

એક વખત બદ્રિકાશ્રમમાં સનકાદિ મુનિઓ આવ્યા. ત્યાં તેમણે નારદમુનિને જોયા. તેમનું મુખ ઉદાસ હતું. સનકાદિ મુનિઓએ નારદમુનિને તેમની ઉદાસીનું કારણ પૂછ્યું. નારદજી કહે, “હે મુનિઓ પૃથ્વી પર હું અનેક જગ્યાએ ફર્યો. કળિયુગમાં થતાં પાપો જોઈ મને ખૂબ દુ:ખ થયું. એક દિવસ સવારે વહેલા ઊઠી સ્નાન કરવા યમુના તટે ગયો ત્યારે મેં એક આશ્ચર્ય જોયું. એક યુવાન સ્ત્રી ઉદાસ ચહેરે બેઠી હતી અને તેની પાસે બે વૃદ્ધ પુરુષો મૂર્છિત અવસ્થામાં પડેલા હતા. મને જોઈ યુવતી મારાં પગમાં પડી. મેં તેને પૂછ્યું, “બહેન ! તું કોણ છે ?” યુવતીએ કહ્યું, “મારું નામ ભક્તિ છે. આ મારાં બે પુત્રો એક જ્ઞાન અને બીજો વૈરાગ્ય. કાળે કરીને બંન્ને વૃદ્ધ થઈ ગયા છે. બંન્ને મૂર્છિત દશામાં પડ્યા છે, જાગ્રત થતા નથી. હું ખૂબ દુ:ખી છું. આપ આ મારાં બે પુત્રોને ભાનમાં લાવવામાં મને મદદ કરો.”

માતા યુવાન અને દીકરા વૃદ્ધ ! મને ખૂબ આશ્ચર્ય થયું. મેં અનેક મંત્રો બોલી જ્ઞાન અને વૈરાગ્યને જાગ્રત કરવા કોશિશ કરી પણ વ્યર્થ. ભક્તિએ મને પૂછ્યું, “હે મુનિ ! મારાં આ બે દીકરાઓ કેમ જવાબ આપતા નથી ?” મેં ભક્તિને વચન આપ્યું કે, “હે પુત્રી, હું તને જરૂર મદદ કરીશ પણ અત્યારે મને જવા દે. ઉપાય મળતાં હું જરૂર પાછો આવીશ.” ત્યાંથી નીકળી હું અનેક સ્થળોએ ફરતો ફરતો સંત - મહાત્માઓને મળ્યો. ઉપાય પૂછ્યા, પણ વ્યર્થ. ભક્તિને મેં વચન આપ્યું છે, હું મથુરાથી બદ્રિકાશ્રમ આવ્યો. આપ મને અહીં મળ્યા. મને આ કામમાં આપ કૃપા કરી મદદ કરશો. જ્ઞાન અને વૈરાગ્યને જાગ્રત કરી તેઓમાં ફરી ચેતના પ્રગટાવવાનો માર્ગ બતાવશો.”

સનતકુમાર ભાઈઓએ હરિદ્વારમાં પ્રથમવાર શ્રીમદ્ ભાગવતની કથા કહી સંભળાવી. જેમ દૂધમાં ઘી અને શેરડીમાં સાકર

રહેલી છે તેમ શ્રીમદ્ ભાગવતમાં પરમાત્મા વિશેનું જ્ઞાન રહેલું છે. ગંગા કિનારે જ્યારે સનતકુમાર હજારો ઋષિમુનિઓ સહિત નારદજીને ભાગવત કથા કહેવા લાગ્યા ત્યારે યમુના કિનારે શુદ્ધ પડેલા જ્ઞાન અને વૈરાગ્ય જાગ્યા અને પોતાની માતા ભક્તિને કહેવા લાગ્યા કે "હે મા ! જ્યાં ગંગા કિનારે ભાગવત કથા થાય છે ત્યાં અમને લઈ જા." યુવાન માતા વૃદ્ધ દીકરાઓને ખભે નાંખી ગંગા કિનારે જ્યાં ભાગવત કથા થતી હતી ત્યાં આવી. ભાગવત કથા સાંભળી બન્ને દીકરાઓ જાગ્રત થયા. ભક્તિએ "હે કૃષ્ણ ! હે ગોવિંદ !" કરતી પોતાના યુવાન થયેલા પુત્રોને લઈ સનકાદિ મુનિઓ પાસે જઈ વંદન કર્યાં. "હે બ્રહ્મપુત્રો ! આપે આ કળિયુગમાં મને અને મારાં પુત્રોને સજીવન કર્યાં પણ હવે મારે ક્યાં રહેવું ?" મુનિઓએ કહ્યું, "હે ભક્તિ ! તું ભક્તો અને વૈષ્ણવોના મનમાં વાસ કર." જ્યાં ભક્તિ હોય ત્યાં ભગવાન હોય જ. શ્રીમદ્ ભાગવત શ્રવણથી ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનો ઉદ્ધાર થયો અર્થાત્ કળિયુગમાં સંસારમાં રચ્યાપચ્યા જીવોમાં જ્ઞાન અને વૈરાગ્ય લગભગ નાશ થઈ ગયેલાં. પ્રભુ પ્રત્યેની સાચી ભક્તિમાં પણ ઓટ આવી ગયેલી. ચારે બાજુ પાપાચાર ફેલાયેલો હતો. ત્યારે શ્રીમદ્ ભાગવત કથાશ્રવણથી મનુષ્યમાં પ્રભુ પ્રત્યેનો ભક્તિભાવ ફરી જાગે અને માનવીના મનમાં સુપ્ત દશામાં પડેલાં જ્ઞાન અને વૈરાગ્ય ફરી જાગ્રત થાય. અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા મોહ અને અહંકારનો નાશ થાય અને વિવેકબુદ્ધિનો ઉદય થાય.

# ભાગવત માહાત્મ્ય : કથા-૨
# ધુંધુકારી

નારદજી કહેવા લાગ્યા કે, "હે મુનિશ્વરો ! ભાગવત સપ્તાહનો આ અલૌકિક મહિમા મેં જોયો. હવે આ કથા સાંભળવાથી કોણ કોણ શુદ્ધ થાય ? જે માણસ હંમેશાં પાપાચારી, ક્રોધી, કામી અને કુટિલ હોય તેનો પણ ભાગવત સાંભળવાથી ઉદ્ધાર થાય ?"

સનકાદિમુનિએ કહ્યું, "હે નારદજી આ વિષે એક વાત તમને કહું છું તે સાંભળો. તુંગભદ્રા નદીને કિનારે એક શહેર હતું. તેમાં એક આત્મદેવ નામે બ્રાહ્મણ રહેતો હતો. તેની પત્નીનું નામ ધુંધુલી હતું. પચાસ વર્ષના આત્મદેવ થયા છતાં તેને ત્યાં પારણું બંધાયું નહીં, તેના આંગણામાં આંબો વાવે તો ફળ ન આવે. તેની ગાય વાછરડાને જન્મ ન આપે. તેવાં આ બ્રાહ્મણ દંપતી કમનસીબ હતાં. આત્મદેવને સંતાનની ખૂબ ઈચ્છા હતી. અનેક ઉપાયો કર્યા, બાધા - આખડી કરવામાં પાછું વાળી ન જોયું. છતાં તેની આશા ન ફળી. આખરે એક દિવસ નિરાશ થઈ આત્મદેવ પોતાની પત્ની ધુંધુલીને પોતાની મિલકત સોંપી ઈશ્વર આરાધના કરવા ચાલી નીકળ્યો. બપોરના ચાલતો ચાલતો સરોવર કિનારે પાણી પીવા રોકાણો. સરોવર કિનારે એક મહાત્મા તપ કરતા હતા. આત્મદેવે મહાત્માને પ્રણામ કર્યા, અને કહ્યું, "હે મહાત્મા, મને જીવનમાં પુત્રપ્રાપ્તિ ન થતાં હું નિરાશ થઈ ઈશ્વર આરાધના કરવા નીકળ્યો હતો, પણ આપ મને રસ્તામાં મળ્યા. આપનાં દર્શન થયાં. આપને પ્રણામ કરું છું. કૃપા કરી મને પુત્રસુખ આપો."

મહાત્મા કહે, "હે બ્રાહ્મણ ! આવો બિરાજો, ગંગાપાન કરો. ભોજન લો." આત્મદેવ કહે, "નહીં મહારાજ મને ભોજનની ઈચ્છા નથી. મને પુત્ર પ્રાપ્ત થાય એવા આશીર્વાદ આપો." મહાત્માએ કહ્યું, "હે બ્રાહ્મણ, તારા ભાગ્યમાં પુત્રસુખ નથી." પુત્રો ચાર પ્રકારના હોય છે. એક હજારમાં એક હોય, બીજો માતા-પિતાનું નામ ઉજાળે,

આજ્ઞાંકિત હોય, ત્રીજો માથે પડેલ, કમાય નહીં અને ચોથો ન કરવાનાં કામ કરે. માતા-પિતાને છોડી ચાલ્યા જાય. હે બ્રાહ્મણ જે ભાગ્યમાં નથી તેને માટે જીદ ન કર.'' પણ બ્રાહ્મણ આત્મદેવ ન માન્યો. તેથી સંન્યાસીએ કહ્યું, ''હું તને મારાં તપના બળથી એક ફળ આપું છું. જે ખાશે તેના ઉદરમાંથી પ્રભુ જેવો દીકરો અવતરશે. આ ફળ તું તારી પત્નીને ખવડાવજે.'' આત્મદેવ સાંજે પોટલીમાં ફળ બાંધી ઘરે પાછો ગયો.

સાંજે આત્મદેવ સંન્યાસીએ આપેલું ફળ લઈ ઘરે આવ્યો. બારણામાં જ તેની પત્ની ધુંધુલી દાંતે તમાકુ દેતી બેઠી હતી. આત્મદેવને પાછો આવેલો જોઈ પૂછ્યું, ''કેમ પાછા આવ્યા ?''

આત્મદેવે મહાત્માએ આપેલા ફળની વાત કરી. આ ફળ તું ખાઈશ એટલે આપણે ત્યાં દેવ જેવો દીકરો અવતરશે. ધુંધુલીને આ વાત સાંભળી આનંદ થવાને બદલે ચિંતા થવા લાગી. બીજે દિવસે આ વાત ધુંધુલીએ તેની બહેનપણીને કહી, ''જો ને મારાં પતિ એક ફળ લાવ્યા છે. જો તે ફળ હું ખાઉં તો મને દીકરો અવતરશે, પણ મારી ઉંમર હવે મોટી થઈ ગઈ છે. પ્રસૂતિ વખતે કાંઈ તકલીફ થાય અને હું મરી જાઉં તો ? મારી એ ફળ ખાવાની ઈચ્છા નથી, હું શું કરું ?''

આત્મદેવ દરરોજ પોતાની પત્નીને પૂછે કે, ''તે ફળ ખાધું કે નહીં ?'' ધુંધુલી જવાબ દેતી કે ''સારું મુહૂર્ત જોઈને ખાઈશ.'' બીજે દિવસે ધુંધુલીની બહેન ધુંધુકા તેને ઘેર આવી. ધુંધુલી પોતાની બહેન પાસે રડવા લાગી. પોતાના દુઃખની વાત કરી. ''તારા બનેવી મારાં માટે એક ફળ લાવ્યા છે. પણ મને તેમાં જરાય વિશ્વાસ નથી. મારે તે ફળ ખાવું નથી. મને ઉપાય બતાવ. ધુંધુકા કહે, તને એક ઉપાય બતાવું. આ ફળ તું તારી ગાયને ખવડાવી દે. મને સાતમો મહિનો ચાલે છે. મારો દીકરો જન્મતાંની સાથે જ હું તને આપી દઈશ. તેના બદલામાં તું મને તારી મિલકતનો ચોથો ભાગ આપજે.''

ધુંધુકાની સલાહ પ્રમાણે ધુંધુલીએ ફળ ગાયને ખવડાવી દીધું અને ઘરમાં એમ જાહેર કર્યું કે મેં ફળ ખાઈ લીધું છે. દિવસો વીતવા ચાલ્યા. સમય થયે ધુંધુકાએ દીકરાને જન્મ આપ્યો. તે દીકરો ધુંધુલીને તરત જ આપી દીધો અને ધુંધુલીએ તરત જાહેરાત કરી કે પોતાને દીકરો જન્મ્યો છે. દીકરાનું નામ ધુંધુકારી પાડ્યું. તે જ સમયે ધુંધુલીની ગાયે પણ ગાયના જેવા કાનવાળા દીકરાને જન્મ આપ્યો, જેનું નામ બ્રાહ્મણ આત્મદેવે ગોકર્ણ રાખ્યું. ધુંધુકારી અને ગોકર્ણ મોટા થવા લાગ્યા. ધુંધુકારી મહાખલ હતો, જ્યારે ગોકર્ણ મહાજ્ઞાની હતો.

આ સાંભળી આત્મદેવ ધુંધુલીને કહેવા લાગ્યા, "આજે મને મહાત્માના શબ્દો યાદ આવે છે કે "હે બ્રાહ્મણ ! તારે પુત્ર થશે તોયે તારા નસીબમાં પુત્ર સુખ નથી." આજે મને ખૂબ દુઃખ થાય છે. હે ધુંધુલી ! "આપણે આપણા દીકરાને સુધારવા પ્રયત્ન કરીએ." ધુંધુકારીને સુધારવા આત્મદેવ પ્રયત્ન કરવા લાગ્યો પણ દીકરો સામો થવા લાગ્યો. બ્રાહ્મણ આત્મદેવનું દિલ તૂટી ગયું. ખૂબ દુઃખ થયું. ધુંધુકારી બાર વર્ષનો થયો છતાં ભણવા જતો નથી. એક દિવસ નદીએ નાહીને આવતાં ધુંધુકારી સ્મશાનયાત્રામાંનાં મુડદાના હાથમાંથી પીંડ ઉપાડી ખાવા લાગ્યો. બધા પૂછવા લાગ્યા, "આ કોનો દીકરો છે ?" જાણવા મળ્યું કે બ્રહ્મણ આત્મદેવનો દીકરો છે. આ વાત જ્યારે આત્મદેવે સાંભળી ત્યારે તેને ખૂબ આઘાત લાગ્યો. મનમાં ને મનમાં વિચારવા લાગ્યો, મારો દીકરો આવો ? મારાં ક્યા જનમનાં પાપ ? મેં મહાત્માની વાત માની નહીં, આજે મને ખૂબ પસ્તાવો થાય છે. હું શું કરું ? આત્મહત્યા કરું તો પાપ લાગે. જીવનમાં માણસ પત્ની, પુત્ર, કુટુંબ, કાંચન, કીર્તિની ઝંખનામાં વધુને વધુ લપેટાતો જાય છે અને વધુ ને વધુ દુઃખી થાય છે. દુઃખી આત્મદેવે ભોજન છોડી દીધું. દીકરાને સમજાવવા અનેક પ્રયત્નો કર્યા પણ વ્યર્થ. "આવો દીકરો મારે ત્યાં જન્મ્યો તેમાં કોની ખામી ?" ધુંધુલી કોનો દીકરો છે તે કહેતી નથી. હવે ધુંધુકારી સોળ વર્ષનો થયો. સોળ વર્ષનો દીકરો મિત્ર ગણાય. બ્રાહ્મણ ખૂબ ધીરજથી ધુંધુકારીને સમજાવવા પ્રયત્ન કરવા

લાગ્યો, પણ ધુંધુકારીમાં તો ઉંમર વધતાંની સાથે અનેક ખરાબ આદતો આવી. ધન વ્યય કરવા લાગ્યો. ખરાબ સોબતથી અનેક દુર્ગુણો તેનામાં આવ્યા. આજે ધુંધુકારીનો જન્મદિવસ છે. અનેક મિષ્ટાન્ન બનાવ્યાં. બ્રાહ્મણ આત્મદેવ વિચારવા લાગ્યો. મારી પત્ની, મારો પુત્ર મારું સાંભળતાં નથી. જીવન ખાટું થઈ ગયું છે, આખો દિવસ ઉપવાસ કર્યો. રાતે બાર વાગ્યે આત્મદેવ ધુંધુલી અને ધુંધુકારી જ્યાં સૂતા હતાં ત્યાં ગયો. તેઓને જગાડવા પ્રયત્ન કર્યો, ધુંધુલી ઊંઘમાં જ હતી. આત્મદેવે તેને કહ્યું કે, "લે આ ચાવી અને આ દીકરો. હું ઈશ્વર આરાધના કરવા જાઉં છું." ધુંધુલીએ સાંભળતી હોવા છતાં પોતાના પતિને જવાબ ન આપ્યો. દીકરો પણ સાંભળતો હતો, છતાં જાગ્યો નહીં. ગોકર્ણે જતા પિતાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. આત્મદેવે પૂછ્યું, "હે ગોકર્ણ ! હું ક્યાં જાઉં ?" ગોકર્ણે કહ્યું, "પિતાજી, શેષ વધેલી જિંદગીમાં ભાગવતનો દશમ સ્કંધ વાંચી શાંતિ મેળવવા પ્રયત્ન કરો." આત્મદેવ ઘર છોડી ચાલી નીકળ્યો.

સવારે ધુંધુલીએ ધુંધુકારીને તેના પિતાના ચાલ્યા જવાની વાત કરી. ધુંધુકારી કહે, "મને ખબર છે. હું જાગતો જ હતો."

થોડા દિવસ પછી ધુંધુકારીએ પોતાની માતા પાસે તિજોરીની ચાવી માગી. માએ ચાવી ન આપી, તેથી ધુંધુકારીએ માને મારી નાખી, ચાવી લઈ લીધી. તિજોરીનો કબજો મળતાં મન ફાવે તેમ ધુંધુકારી પૈસા વાપરવા લાગ્યો. યુવાનીમાં અંકુશ ન હોય, શિસ્ત ન હોય તો સંપત્તિ બરબાદી લાવે છે. ધુંધુકારી પોતાની યુવાની બરબાદ કરવા લાગ્યો. કુસંગને કારણે ચોરી કરવાની ટેવ પડી ગઈ. કુલટા સ્ત્રીઓના કહેવાથી ધુંધુકારી ચોરીઓ કરતો હતો. આ કુલટા સ્ત્રીઓએ ચોરીનો બધો માલ લઈ લીધો અને બધીએ ભેગી મળી ધુંધુકારીને સળગાવી, મારી નાખ્યો. ગોકર્ણે ધુંધુકારીને બેચાર દિવસથી ન જોતાં કુલટાઓને પૂછ્યું : "મારો ભાઈ ક્યાં છે ?" જવાબ મળ્યો, તે તો બહારગામ ગયો છે. ગોકર્ણને વધુ તપાસ કરતાં ખબર પડી કે ધુંધુકારીને આ કુલટા સ્ત્રીઓએ બાળી મૂક્યો છે. ગોકર્ણે પોતાના ભાઈની ઉત્તરક્રિયા કરી.

ગયા જઈને શ્રાદ્ધ કર્યું. તેમ છતાં ગોકર્ણની ઊંઘ હરામ થઈ ગઈ. રાત્રે અચાનક આંખ ઊઘડી જાય. સ્વપ્નમાં ગાય, અગ્નિ, કૂતરા દેખાય. આમ થતાં ગોકર્ણ સજાગ થઈ ગયો. સામે જોયું તો એક પડછાયો દેખાયો. ગોકર્ણ માતા ગાયત્રીનો પરમ ઉપાસક હતો. પડછાયો ગોકર્ણને કહેવા લાગ્યો, ભાઈ, હું ધુંધુકારી છું, હું બળું છું. મારી સદ્‌ગતિ નથી થઈ. હું પ્રેતરૂપે છું. ગોકર્ણે સૂર્યદેવની ઉપાસના કરી. “હે સૂર્યદેવ ! મારાં ભાઈના ઉદ્ધાર માટે હું શું કરું ?” સૂર્યનારાયણે કહ્યું, “હે ગોકર્ણ શ્રીમદ્ ભાગવતની કથાનું પારાયણ કરવાથી તારા ભાઈની મુક્તિ થશે.”

અષાઢ માસમાં ગોકર્ણે પોતાના ભાઈ ધુંધુકારીના ઉદ્ધાર માટે શ્રીમદ્ ભાગવત સપ્તાહ શરૂ કરી. સાત ગાંઠનો વાંસ મંડપ સાથે બાંધ્યો. દરરોજ એક એક કરી સાત દિવસમાં સાત ગાંઠ ફૂટી ગઈ. સાતમી ગાંઠ ફૂટતાં ધુંધુકારી સાક્ષાત પ્રગટ થયો. ભાઈ ગોકર્ણને નમસ્કાર કર્યા. અર્થાત્ ભાગવત કથા ધુંધુકારીએ પ્રેત સ્વરૂપે વાંસમાં પ્રવેશી ભક્તિભાવથી સાંભળી. સાત દિવસમાં તેની અજ્ઞાનરૂપી ગાંઠો એક એક કરી ફૂટી ગઈ. ધુંધુકારીને માનવજીવન વિશેનું સાચું જ્ઞાન થયું. પોતાનાં પાપકર્મો માટે પસ્તાવો થયો. ઈશ્વરે તેનો ઉદ્ધાર કર્યો. ખરા હૃદયથી માણસ જીવનમાં કરેલાં પાપો અને ભૂલો માટે પ્રાયશ્ચિત કરે, ફરી એનાં એજ કે એવાં પાપો કે ભૂલો ન કરવાનો નિશ્ચય કરે તો પરમ દયાના સાગર પરમાત્મા તેને ક્ષમા કરે છે અને તેની સદ્‌ગતિ થાય છે. ધુંધુકારી માટે ભગવાને વિમાન મોકલ્યું. ધુંધુકારીની મુક્તિ થઈ. જીવનમાં વાંસની સાત ગાંઠ જેવી માયા - મમતાની ગાંઠો તોડવાની જરૂર છે. સંસારનાં ક્ષણિક સુખોમાં આસક્તિ છોડવી જરૂરી છે. શ્રીમદ્ ભાગવત એ જપ અને તપયજ્ઞ છે. ગોકર્ણે ભાગવત કથા કરી પોતાના પાપાચારી ભાઈનો ઉદ્ધાર કર્યો. મનન ન કર્યાથી બીજા કોઈનો ઉદ્ધાર ન થયો. ફરીથી શ્રાવણ માસમાં ગોકર્ણે કથા કરી. આખી સભા સહિત ગોકર્ણને ભગવાન ગોલોક લઈ ગયા.

# ભાગવત કથાવિધિ

સનકાદિમુનિ આ માહાત્મ્ય કથા સંભળાવ્યા પછી ભાગવતના શ્રવણની વિધિ વર્ણવે છે. શ્રાવણ, આશ્વિન, કાર્તિક, માર્ગશીર્ષ, આષાઢ કે ભાદરવો આ મહિનાઓ શ્રોતાઓ માટે મોક્ષસૂચક હોવાથી ભાગવત કથા રાખવાનું આ મહિનાઓ દરમ્યાન ઈષ્ટ છે. સપ્તાહ-સમાપ્તિ પછી ગીતા અને વિષ્ણુસહસ્ત્ર નામનો પાઠ કરવાથી સર્વ કર્મ સફળ થાય છે. આ કથાના શ્રવણથી ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય પુષ્ટ થયાં, નારદજી પણ આનંદિત થયાં. શુકદેવજી કહે છે, ભાગવતથી પર કોઈ ધર્મ નથી. ભાગવત સાંભળનાર, પાઠ કરનાર અને તેનો વિચાર કરનાર પુરૂષ મુક્તિ પામે છે. કલિયુગમાં ભાગવત કથા સંસારરૂપી રોગોનો નાશ કરનારી છે.

શ્રીમદ્ ભાગવતના બાર સ્કંધ છે. પહેલો સ્કંધ પરમ કૃપાળુ ભગવાન શ્રીનાથજીનું જમણું ચરણકમળ છે. પહેલા સ્કંધને અધિકારલીલા કહેવામાં આવ્યો છે. બીજો સ્કંધ ભગવાનનું ડાબું ચરણકમળ છે. બીજા સ્કંધને જ્ઞાન - સાધન લીલા કહેવામાં આવ્યો છે. હંમેશાં ભગવાનનું ધ્યાન ધરવા માટે નમન કરતી વખતે પ્રથમ આપણી દૃષ્ટિ ઠાકોરજીના ચરણારવિંદમાં સ્થિર કરવી અને પછી ધીમે ધીમે ઠાકોરજીના મુખ સુધી લઈ જવી જોઈએ. ત્રીજા સ્કંધને ભગવાનનો જમણો હાથ કહ્યો છે, જેને સર્ગ લીલા કહ્યો છે. ચોથો સ્કંધ શ્રીનાથજીનો ડાબો હાથ છે, જેને વિસર્ગ લીલા કહેવામાં આવ્યો છે. પાંચમો સ્કંધ ભગવાનનો જમણો સાથળ છે. જેને સ્થાન લીલા કહેવામાં આવ્યો છે. છઠ્ઠો સ્કંધ ડાબો સાથળ છે, જેને પોષણ લીલા કહેવામાં આવ્યો છે. સાતમો સ્કંધ ઠાકોરજીનો જમણો હાથ, જે કેડ પર રાખ્યો છે, જે વાસના નાબૂદ કરવાનું સૂચવે છે. સાતમા સ્કંધને ઊતિ લીલા કહેવામાં આવ્યો છે. આઠમો સ્કંધ ભગવાનનો જમણો છાતીનો ભાગ છે, જેને મન્વન્તર લીલા કહી છે. નવમો સ્કંધ ભગવાનનો ડાબો છાતીનો ભાગ છે, જને ઈશાનુકથા લીલા કહ્યો છે. દસમો સ્કંધ ભગવાનનું હૃદય છે, જેને નિરોધલીલા કહી છે.

અગિયારમો સ્કંધ ઠાકોરજીનું લલાટ, મસ્તક છે, જેને મુક્તિલીલા કહી છે. બારમો સ્કંધ ઠાકોરજીનો ડાબો ઊંચો કરેલો હાથ છે, જે ભક્તોને બોલાવે છે, જેને આશ્રયલીલા કહી છે. શ્રીમદ્ ભાગવત સાક્ષાત્ પરમ કૃપાળુ પરમાત્મા શ્રીનાથજીનું જ સ્વરૂપ છે. તેથી જ ભગવાનના દરેક સ્કંધને ઠાકોરજીના અવયવો સાથે જોડ્યા છે :

**સર્ગ** : પરમેશ્વરે સત્ત્વગુણ દ્વારા પંચ મહાભૂતો પાંચ તન્માત્રાઓ ઈન્દ્રિયો અને અહંકારની ઉત્પત્તિ કરી છે, તેને "સર્ગ" કહેવાય છે.

**વિસર્ગ** : ઈશ્વરે સર્જેલી સ્થાવર જંગમ સૃષ્ટિ.

**સ્થાન** : દરેક પ્રાણીની મર્યાદા પ્રમાણે પાલન કરતાં ભગવાનની શ્રેષ્ઠતા સિદ્ધ થાય છે તેને "સ્થાન" કહે છે.

**પોષણ** : ભક્તો ઉપર ભગવાનનો અનુગ્રહ તેને "પોષણ" કહેવાય છે.

**મન્વન્તર** : ઉત્તમ પુરુષોના શ્રેષ્ઠ ધર્મને "મન્વન્તર" કહે છે.

**ઊતિ** : કર્મની વાસનાને "ઊતિ" કહે છે.

**ઈશાનુકથા** : શ્રીહરિની અને તેમના ભક્તોની ઉત્તમ કથાઓને ઈશાનુકથા કહે છે.

**નિરોધ** : જીવાત્માનું શ્રીહરિની યોગનિદ્રા પાછળ ઉપાધિઓ સાથે લય થવું, તેને "નિરોધ" કહે છે.

**મુક્તિ** : અહંકાર અથવા 'હું'પણાનો ત્યાગ કરી જીવાત્માએ બ્રહ્મસ્વરૂપે રહેવું, તેને "મુક્તિ" કહે છે.

**આશ્રય** : જેના વડે સૃષ્ટિ સર્જાય અને લય થાય તે પરમાત્મા - પરબ્રહ્મ કે જેને "આશ્રય" કહે છે.

***તમે ઈચ્છો ત્યારે દોડી આવતો નથી***
***પણ જે મોટે ભાગે સમયસર આવે છે એનું નામ 'ઈશ્વર'***
***ક્યારે માનવીની જેમ મોડો પહોંચી શકે***
***પરંતુ પહોંચે જરૂર***

# પહેલા સ્કંધનો સારાંશ

શ્રીમદ્ ભાગવતકથાની શરૂઆત મંગલાચરણથી થાય છે. આ મંગલાચરણનો હેતુ એ છે કે, સત્યકર્મ કરતાં જે વિઘ્નો આવે તે મંગલાચરણથી દૂર થાય છે. પરમાત્માનું સ્મરણ, ચિંતન, મનન અને ધ્યાન કરવાથી મન, બુદ્ધિ, ચિત્ત અને દેહની શુદ્ધિ થાય છે. શ્રીરામ અને હનુમાનજી તથા સુદામાજીનાં દૃષ્ટાંત વડે જણાવે છે કે પ્રભુ પાસે માગશો તો તેમનો પ્રેમ ઓછો થશે. ગોપીઓની જેમ નિષ્કામ ભક્તિ કરો. ભક્તિ વિના જ્ઞાન-વૈરાગ્ય પ્રાપ્ત થતા નથી. ચાંગદેવ અને જ્ઞાનેશ્વરનાં દૃષ્ટાંત વડે નિર્મત્સર બનવા કહે છે.

મનુષ્ય માટે ભાગવતકથા ઉત્તમ છે. કથા-શ્રવણનું સંપૂર્ણ ફળ પ્રાપ્ત કરવા માટે ૩ શરતો છે - તે સાંભળનાર શ્રોતામાં તેના માટેની શ્રદ્ધા, જિજ્ઞાસા અને નિર્મત્સરપણું હોવા જરૂરી છે. જીવ અંશ છે, પરમાત્મા અંશી છે. જ્યારે અંશ અંશીમાં ભળી જશે તો ત્યારે તે અંશ નહિ રહેતાં અંશી બની જશે. મહાત્માના પારસમણિના દૃષ્ટાંત દ્વારા મનુષ્યે બહિર્મુખને બદલે અંતર્મુખ બનવા જણાવેલ છે. જીવ સાધક છે, પરમાત્મા સાધ્ય છે અને સેવાપૂજા સાધન છે; તેથી પરમાત્માની ભક્તિ કરવી મનુષ્યનો પરમ ધર્મ છે. સંસારના વિષયો સાથેનો પ્રેમ ઓછો કરી, પરમાત્મા સાથે પ્રેમ કેળવો. ચોબાજીના દૃષ્ટાંત દ્વારા મોહની ગાંઠ છોડવા કહે છે.

જ્ઞાનમાર્ગમાં ઈન્દ્રિયોનો વિરોધ કરવાનો હોય છે. જ્યારે ભક્તિમાર્ગમાં ઈન્દ્રિયોને પ્રભુના માર્ગમાં વાળવાની છે. લૌકિક વ્યવહારના જ્ઞાનમાં દ્વૈત છે, પરંતુ ઈશ્વરસ્વરૂપ સંબંધીના જ્ઞાનમાં અદ્વૈત છે. સર્વમાં ઈશ્વરને જોનારો પોતે ઈશ્વર બને છે.

**ભગવાનના ૨૪ અવતારો થયા છે :**

(૧) **સનત્કુમાર** - બ્રહ્મચર્યનું પ્રતિક છે. (૨) **વિરાહ** - લોભને મારી પ્રભુ જે સ્થિતિમાં રાખે તેમાં સંતોષ માનવો. (૩) **નારદજી** - બ્રહ્મચર્ય અને પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ રાખી ભક્તિ કરવી. (૪) **નર-નારાયણ** - પ્રભુકૃપા થાય ત્યારે કામનો પરાજય થાય છે. નરનારાયણની

ભક્તિ દ્વારા ભગવાન મળે છે. (૫) **કપિલદેવ** - જ્ઞાન, વૈરાગ્ય સાથે ભક્તિ આવશે, તો ભક્તિ કાયમી સ્થિર થશે. (૬) **દત્તાત્રેય** - બ્રહ્મચર્ય, સંતોષ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય આ પાંચ ગુણો આવતાં ગુણાતીત થવાય. (૭) **યજ્ઞાવતાર** - વરાહ ભગવાને હિરણ્યાક્ષનો નાશ કર્યો અને પૃથ્વીને રસાતળમાંથી બહાર કાઢી. (૮) **ઋષભદેવ** - તેમણે પરમહંસનો માર્ગ બતાવ્યો. (૯) **પૃથુરાજા** - પૃથ્વીમાંથી ઔષધિઓનું તથા સર્વ વસ્તુઓનું દોહન કર્યું. (૧૦) **મત્સ્યાવતાર** - પૃથ્વીરૂપ નૌકામાં રાજા સત્યવ્રતને બેસાડીને તેની રક્ષા કરી. (૧૧) **કૂર્મ અવતાર** - સમુદ્રમંથન થયું ત્યારે મંદરાચલને ધારણ કર્યો. (૧૨) **ધન્વંતરી** - અમૃત આણ્યું. (૧૩) **મોહિની નારાયણ** - દાનવોને મોહિત કરીને દેવોને અમૃત પાયું. (૧૪) **નૃસિંહાવતાર** - પ્રહ્‌લાદનું રક્ષણ કર્યું અને હિરણ્યકશિપુનો નાશ કર્યો. (૧૫) **વામન-અવતાર** - વામન ભગવાને બલિરાજા પાસેથી સ્વર્ગ પાછું મેળવવાને ઈરાદે ત્રણ પગલાં પૃથ્વી માંગી. (૧૬) **પરશુરામ** - પૃથ્વીને એકવીસ વાર નક્ષત્રિય કરી. (૧૭) **વ્યાસાવતાર** - વેદરૂપ વૃક્ષની શાખાઓ કરી. (૧૮) **રામાવતાર** - મર્યાદા પુરુષોત્તમ (૧૯) **બલરામાવતાર** (૨૦) **કૃષ્ણાવતાર** (૨૧) **બુદ્ધાવતાર** (૨૨) **કલ્કિ અવતાર** (૨૩) **ધર્મ** (૨૪) **મનુ** - (૨૩/૨૪ શરૂઆતના અવતાર.)

ભગવાન વેદવ્યાસે ભગવાન પુરાણની રચના કરી છે. શુકદેવજીએ પરીક્ષિતરાજાને આ કથા સંભળાવેલી, તે વખતે સૂતજી ત્યાં હાજર હતા, તેથી આ કથા તેઓ શૌનકજીને સંભળાવે છે. ત્યારે શૌનકજી સૂતજીને કહે છે : 'વ્યાસજીએ ભાગવત પુરાણની રચના શા માટે કરી ? રચના કર્યા પછી તેનો પ્રચાર-પ્રસાર કેવી રીતે કર્યો ? આ બધું મને સંભળાવવા કૃપા કરશો', તેમ જણાવે છે.

સૂતજી કહે છે : 'દ્વાપરની સમાપ્તિનો સમય હતો. વ્યાસ ભગવાન સરસ્વતીને કિનારે બિરાજતા હતા. એક વખત તેઓને પાંચ હજાર વર્ષ પછી દુનિયામાં શું થશે તેનાં દર્શન થાય છે. વ્યાસજીએ વિચાર્યું કે, કલિયુગમાં લોકો વિલાસી થશે, મનુષ્યો બુદ્ધિહીન થશે, વેદશાસ્ત્રનું અધ્યયન કરી શકાશે નહિ, તેથી વેદના ચાર વિભાગ કર્યા. પછી સત્તર પુરાણોની રચના કરી; પછી મહાભારતની રચના કરી.

આટલા ગ્રંથોની રચના કરી, છતાં વ્યાસજીના મનને શાંતિ મળતી નથી. નારદજી તેમની અશાંતિનું કારણ જણાવતાં કહે છે : 'કલિયુગમાં ભોગી જીવો તમારા બ્રહ્મસૂત્ર આદિ સમજી શકશે નહિ, પણ શ્રીકૃષ્ણની લીલાકથાઓની રચનાથી તમારા મનને શાંતિ મળશે. તમે એવી કથા લખો કે તમને શાંતિ મળે અને જગતના સર્વ જીવોને પણ શાંતિ મળે.' વ્યાસજીને ખાતરી થાય એ હેતુથી નારદજી પોતાના પૂર્વજન્મની કથા વ્યાસજીને કહે છે. તે જણાવે છે : 'દાસીપુત્ર હતો છતાં સત્સંગમાં મેં ભાગવત કથા સાંભળી. શ્રીકૃષ્ણકથા સાંભળવાથી મારું જીવન સુધર્યું. પછી મેં કૃષ્ણકીર્તન કર્યું. કલિયુગમાં નામ-સંકીર્તન એ ઉગારવાનો ઉપાય છે.'

વ્યાસજી નારદજીને આ કૃષ્ણકથા સંભળાવવા કહે છે. ત્યારે નારદજી કહે છે કે, તમે સમાધિમાં બેસો અને સમાધિમાં જે દેખાય તે લખજો. પછી વ્યાસજીએ ૧૮૦૦૦ શ્લોકોનો આ ભાગવત ગ્રંથ રચ્યો.

આ ગ્રંથની રચના પછી વ્યાસજીને ચિંતા થઈ કે આ ગ્રંથ તો મેં રચ્યો, પણ તેનો પ્રચાર કોણ કરશે ? આ માટે તેમની દૃષ્ટિ પોતાના પુત્ર શુકદેવજી ઉપર ઠરી. શુકદેવજી પરમહંસના આચાર્ય છે, તેથી બ્રહ્મચિંતન કરે છે. ત્યાં વ્યાસજીના શિષ્યો પહોંચી જઈ ભાગવતના શ્લોકો દૂર રહીને બોલે છે. આ શ્લોકો સાંભળી શુકદેવજી આનંદિત થઈ જાય છે, અને તે વ્યાસજી પાસે જઈ ભાગવત ભણે છે. આથી વ્યાસજીની ચિંતાનો અંત આવ્યો. આ કથા શુકદેવજીએ રાજા પરીક્ષિતને સંભળાવી. સૂતજી પણ ત્યાં હતા. તે આ કથા શૌનકજીને સંભળાવે છે.

સૂતજી શૌનકજીને પરીક્ષિતનાં જન્મ, કર્મ અને મોક્ષની તથા પાંડવોના સ્વર્ગારોહણની કથા કહે છે.

કૌરવો-પાંડવોનું યુદ્ધ પૂરું થયા પછી અશ્વત્થામા પાંચ પાંડવોને રાતના અંધારામાં મારી નાખવા વિચારે છે. શ્રીકૃષ્ણ પાંડવોને ગંગાકિનારે ન્હાવા લઈ જાય છે, તેથી તેમને બદલે ભૂલથી દ્રૌપદીના પાંચ પુત્રોને અશ્વત્થામા મારી નાખે છે. આથી અર્જુન અશ્વત્થામાને પકડી લાવી તેના માથા ઉપરનો મણિ કાઢી લે છે અને તેને છોડી દે છે. આથી શ્વત્થામાએ ખિજાઈને પાંડવોનાં વંશનો નાશ કરવાના ઈરાદે ઉત્તરાના ઉદરમાં ઉછરી

રહેલ ગર્ભ પરીક્ષિતને મારવા બ્રહ્માસ્ત્ર છોડ્યું, તેથી શ્રીકૃષ્ણ ઉત્તરાના ગર્ભમાં જઈ પરીક્ષિતનું રક્ષણ કરે છે. શ્રીકૃષ્ણ દ્વારિકા જવા રવાના થાય છે. રસ્તામાં કુંતાજી મળે છે અને વિનંતી કરી પાછા વળવા સૂચન કરે છે. શ્રીકૃષ્ણ કંઈ માગવા કહેતાં કુંતાજી મોટાં મોટાં દુઃખના બનાવો આવીને પડે તેવું વરદાન માગે છે, કેમકે તે જાણે છે કે દુઃખમાં જ પરમાત્મા આવે છે. તે દીન બને છે. તેમની પુષ્ટિ-ભક્તિ છે.

ધર્મરાજાને શ્રીકૃષ્ણે ઉપદેશ કર્યો, પણ તેમને સાંત્વના મળતી નથી. આથી શ્રીકૃષ્ણ તેમને ભીષ્મ પિતામહને મળવા કહે છે. બધાં ભીષ્મ પિતામહને મળવા બાણગંગાને કિનારે આવે છે. ભીષ્મ તે સમયે કહે છે : 'હું નિષ્પાપી છું છતાં મને સજા શા માટે મળે છે ?' તેના ખુલાસામાં શ્રીકૃષ્ણ કહે છે : 'તમે ભરસભામાં દ્રૌપદીના વસ્ત્રાહરણ વખતે મૌન રહ્યા હતા. તમે આ પાપ આંખથી જોયું, તેની આ સજા છે.' શ્રીકૃષ્ણ પિતામહનું મરણ સુધારે છે.

ભીષ્મ પિતામહે ધર્મરાજાને સ્ત્રીધર્મ, આપદ્ધર્મ અને પરમધર્મનો ઉપદેશ આપેલ. ધર્મરાજા હસ્તિનાપુરમાં ગાદી ઉપર બેસે છે. તે સમયે સુખ, શાંતિ, નીતિ, ધર્માનુકૂળ વાતાવરણ હતું. ધર્મરાજાને ગાદી ઉપર બેસાડી શ્રીકૃષ્ણ દ્વારિકા જાય છે. તેમની સાથે અર્જુન વળાવવા જાય છે. શ્રીકૃષ્ણ દ્વારિકા પધારતાં ત્યાંના લોકો આનંદિત થાય છે. થોડા સમય પછી યાદવકુળનો નાશ થાય છે અને બાદ શ્રીકૃષ્ણ પૃથ્વી પરથી સ્વધામ પધારે છે.

વિદુરજીને યાત્રા કરતાં કરતાં કૌરવોના નાશની ખબર મળતાં તે હસ્તિનાપુર આવે છે અને ધૃતરાષ્ટ્રને સમજાવીને ગાંધારી સાથે વિદુરજી સપ્તસ્ત્રોતતીર્થમાં લઈ આવે છે. ધૃતરાષ્ટ્ર જતા રહેતા ધર્મરાજા પોતાને દોષિત ગણે છે અને શોક કરે છે. ત્યારે નારદજી તેમને મળે છે અને શોક ન કરવા કહે છે. તેમને માટે હવે છ મહિના બાકી છે, તેથી તેમને મરણ સુધારવા કહે છે, કલિના આગમનની તેમને જાણ કરે છે.

શ્રીકૃષ્ણના સ્વધામગમનની અને યદુવંશના વિનાશની વાત જાણ્યા પછી ધર્મરાજાએ સ્વર્ગારોહણ માટે નિશ્ચય કર્યો છે. આ માટે તેમણે હિમાલય તરફ પ્રયાણ કર્યું. પહેલાં દ્રૌપદી, પછી સહદેવ, પછી નકુલ,

પછી અર્જુન પછી ભીમનું મરણ થાય છે. છેલ્લે સદેહે ધર્મરાજા સ્વર્ગમાં જાય છે.

પાંડવોના ગયા પછી પરીક્ષિતરાજા રાજ્ય કરવા લાગ્યા. તે વખતે કલિ પ્રવેશ કરી ચૂક્યો હતો અને તે પોતાનું સામ્રાજ્ય વિસ્તારતો જતો હતો. તેને પરીક્ષિતરાજા અટકાવે છે અને જુગાર, મદિરાપાન, સ્ત્રીસંગ, હિંસા અને સુવર્ણમાં રહેવા રજા આપે છે. કમનસીબે એક દિવસ પરીક્ષિતરાજા સોનાનો મુગટ પહેરીને શિકારે જાય છે. તે વેળા કલિ પોતાનું અસ્તિત્વ સાબિત કરી બતાવે છે. રાજા પરીક્ષિત જંગલમાં તપ કરી રહેલ શમીક ઋષિના ગળામાં મરેલ સાપ નાખે છે. આ વાતની ખબર તેમના પુત્ર શૃંગીને પડતાં તે શાપ આપે છે કે, આ તક્ષક નાગ સાત દિવસમાં જેણે સાપ નાખવાનું દુષ્કૃત્ય કરેલ છે, તેને કરડશે.

પરીક્ષિત રાજાને આ વાતની જાણ થતાં પોતાનું મૃત્યુ સુધારવા તે ગંગાકિનારે આવે છે. ત્યાં તેમની પાસે ઋષિ-મુનિઓ આવે છે, છેવટે શુકદેવજી પણ પરમાત્માની પ્રેરણાથી ત્યાં આવે છે અને તેઓ પરીક્ષિતને ભાગવતકથા કહી સંભળાવે છે.

• • •

# શ્રીમદ્ ભાગવત

## સ્કંધ-૧

શૌનકાદિ ઋષિ એક હજાર વર્ષ ચાલે તેવો યજ્ઞ નૈમિષારણ્યમાં કરી રહ્યા હતા. બ્રાહ્મણ અને ક્ષત્રિયથી ઉત્પન્ન થયેલા સૂતપુરાણી પણ ત્યાં આવ્યા હતા. સૂતપુરાણીએ ચાર વેદ લખ્યા હતા. શૌનકાદિ ઋષિઓએ સૂતપુરાણીને પ્રશ્નો કર્યા કે અમને બધાં શાસ્ત્રોનો સાર કહો. અમને શ્રીકૃષ્ણ અર્થાત્ ઈશ્વર વિશે કંઈક કહો. તેમના અવતારની કથાઓ, પરાક્રમો, લીલાઓ પણ કહો, શૌનકાદિ મુનિએ સૂતને છ પ્રશ્ન પૂછ્યા. (૧) માનવનું કલ્યાણ શેમાં છે ? (૨) કલ્યાણનું સરળ સાધન શું ? (૩) ભગવાન શા માટે વસુદેવને ત્યાં પ્રગટ્યાં ? (૪) ભગવાનની ચરિત્ર લીલાઓ કઈ ? (૫) ભગવાનના અવતારો કેટલાં ? (૬) શ્રીકૃષ્ણ સ્વધામ પધાર્યા પછી ધર્મ કોને શરણે ગયો ?

સૂતપુરાણીએ ઉત્તર આપ્યા : મનુષ્યને માટે સર્વશ્રેષ્ઠ ધર્મ એ જ છે કે જેના વડે શ્રીકૃષ્ણમાં અર્થાત્ ભગવાનમાં નિષ્કામ ભક્તિ થાય. શ્રી હરિને સંતોષવા એ જ ધર્મનું ફળ છે. ભગવાનનું એકાગ્ર મનથી નિત્યશ્રવણ, કીર્તન, ધ્યાન, પૂજન કરવું, ભગવાનની કથા (ભાગવત કથા) સાંભળવી અને કહેવી, જેનાં પરિણામે મનુષ્યના હૃદયમાં શ્રીકૃષ્ણનો વાસ થાય. ભક્તિયોગથી શાંત થયેલા મનવાળા અને સંસારસંગથી મુક્ત થયેલા મનુષ્યને ભગવાનના તત્ત્વનો આપોઆપ અનુભવ થઈ, ઈશ્વર સાક્ષાત્કાર થતાં મનુષ્યની અહંકાર અને અજ્ઞાનરૂપી ગાંઠો તૂટી જાય છે. સર્વ સંશયો નાશ પામે છે અને સર્વ કર્મનો ક્ષય થાય છે. પરમાત્મા એક છે, પરંતુ ભિન્ન પ્રાણીઓમાં જીવ સ્વરૂપે હોઈ અનેક જેવા લાગે છે. જગતના સૃષ્ટા ભગવાન મનુષ્યોમાં લીલાવતાર ધારણ કરી સત્ત્વગુણથી મનુષ્યોનું કલ્યાણ કરે છે.

ભગવાનના ચોવીસ અવતારો ગણાવ્યા છે. (૧) નિરંજન નિરાકાર (૨) વરાહ (૩) સનતકુમાર (૪) નારદ (૫) નરનારાયણ (૬) કપિલ (૭) દત્તાત્રેય (૮) યજ્ઞ (૯) ઋષભદેવ (૧૦) પૃથુ (૧૧) મત્સ્ય (૧૨) કૂર્મ (૧૩) ધનવન્તરિ (૧૪) શ્રીહરિ (૧૫) મોહિની (૧૬) નૃસિંહ (૧૭) વામન (૧૮) પરશુરામ (૧૯) વ્યાસ (૨૦) રામ (૨૧) બળદેવ (૨૨) કૃષ્ણ (૨૩) બુદ્ધ (૨૪) કલ્કિ. ભગવાને અવારનવાર પૃથ્વી પર અવતાર ધારણ કરી મનુષ્યોનું રક્ષણ કર્યું છે. ભગવાનના અવતારોની જુદી જુદી કથા ભાગવતમાં કહેવામાં આવી છે.

વ્યાસજીની કથા : વ્યાસમુનિ એકસોને અગિયાર વર્ષના થયા હતા. તેમની પત્ની અરણી સાથે સરસ્વતી નદીને કિનારે જીવન ગાળતા હતા. હમણાં હમણાં વ્યાસજીનું મન - દિલ અશાંત રહેતું હતું. વ્યાસજી જમતા નથી. અરણીએ કારણ પૂછ્યું : “આપણે દેવ જેવો દીકરો છે, આપે મહાભારત જેવો મહાન ગ્રંથ લખી નામના મેળવી છે, છતાં તમારા મનને અશાંતિ શા માટે ?” વ્યાસજી પ્રશ્નનો જવાબ આપતા નથી. આમને આમ ચાર દિવસ ગયા. પાંચમે દિવસે અરણીએ ફળ કાપી વ્યાસ પાસે મૂક્યાં, પણ વ્યાસે ખાધાં નહીં. વ્યાસજીનું મન મૂંઝાય છે. આ મૂંઝવણ કોને કહેવી ? એટલામાં ‘શ્રીમન્ નારાયણ નારાયણ’ કરતાં નારદજી ત્યાં આવી પહોંચ્યા. નારદજીને વંદન કરી અરણીએ નારદજીને પૂછ્યું કે, “વ્યાસજીનું મન અશાંત કેમ રહે છે ?” વ્યાસજી કહે છે કે “મહાભારત જેવો ગ્રંથ લખવા છતાં મારો આત્મા સંતોષ પામતો નથી.”

નારદજી વ્યાસજીનો પ્રશ્ન સાંભળી પોતાનો ભૂતકાળ યાદ કરવા લાગ્યા, “હે વ્યાસમુનિ, તમે મારી કથા સાંભળો.”

નારદની કથા : હું દાસીનો દીકરો હતો. માતાના પેટમાં પાંચ માસનો હતો ત્યારે પિતાનું મૃત્યુ થયું. ઉપર આભ અને નીચે ધરતી એવી અમારી સ્થિતિ થઈ હતી. મારી મા પારકાં કામ કરતી. માટીના પાત્રમાં લાવેલું અન્ન મને બપોરે ખવડાવતી. મારી માની ઈચ્છા હતી કે હું મોટો માણસ થાઉં, મહાન બનું. અમે મા દીકરો ભાંગીતૂટી ઝૂંપડીમાં રહેતાં હતાં. વાત કરતાં કરતાં નારદજીનું હૈયું ભરાઈ ગયું.

"એક દિવસ બપોરે મા કામ કરી માટીના વાસણમાં અન્ન લઈ આવતી હતી, ત્યારે મારી માતાએ મને પાડોશીના દીકરાને અપશબ્દ કહેતાં સાંભળ્યો. હાથમાંનું માટીનું પાત્ર પડી ગયું. મારા પર ખૂબ ગુસ્સે થઈ. ઝૂંપડીનો દરવાજો ખોલી મને કહેવા લાગી, "નારદ ચાલ્યો જા." માને ખૂબ દુઃખ થયું. અમે મા દીકરો બન્ને ગામ છોડી ચાલી નીકળ્યા. બપોર થઈ. માને મેં કહ્યું, "મા, મારાં પગ બળે છે. મારી માતાએ મને તેડી લીધો. ચાલતાં ચાલતાં મા થાકી ગઈ. રસ્તામાં આંબાના સુંદર ઝાડ આવ્યાં. માએ મને નીચે ઉતાર્યો. મેં ઝાડ પર સુંદર મજાની કેરી જોઈ. મેં મા પાસે કેરી માંગી. માએ મને કહ્યું દીકરા, "કોઈનું આપણાથી ન લેવાય. ચોરી કહેવાય." મેં માને કહ્યું, "મા, મને ખૂબ ભૂખ લાગી છે. મને ખાવાનું આપ." મેં હઠ પકડી. મારી મા ઝાડ નીચે આંખ બંધ કરી બેઠી અને વિચારવા લાગી, કોને કહું મારો દીકરો ભૂખ્યો છે. અચાનક આંબા પરથી એક કેરી પડી. આખી કેરી હું ખાઈ ગયો. મા માટે ન રાખી. મા તું પણ ભૂખી છે તનેય ભૂખ લાગી હશે, પણ હું ભૂખ્યો આખી કેરી ખાઈ ગયો. તારા માટે ન રાખી. ત્યાં થોડો આરામ કરી ફરી અમે ચાલવાં લાગ્યાં. સાંજે સાત વાગ્યે જ્યાં ઋષિમુનિઓનો ચાતુર્માસ ચાલતો હતો, તેથી અન્નક્ષેત્ર ચાલતું હતું, ત્યાં અમે પહોંચ્યાં. ફાટેલાં કપડાંવાળી મારી માતા મુનિઓ પાસે ગઈ. કરગરતી હાથ જોડી કહેવા લાગી, હું જમવા નથી આવી. અહીંના મોટા મહંતને મારે મળવું છે. આ દીકરાને ચાતુર્માસમાં તમારા આશ્રમમાં મૂકવા આવી છું, જેથી તમારા સંસ્કાર મારા દીકરામાં આવે. મારી માએ વિનંતી કરી કે મારા દીકરાને આશ્રમમાં રાખવા બદલ હું તમારા બધા માટે રાંધીશ. મહંતે પૂછ્યું, "હે દાસી ! તું ક્યાં જમીશ ?" "મહારાજ, મારી વ્યવસ્થા હું કરી લઈશ." મહંત મારી માને જોઈ જ રહ્યા, આ ગરીબ માતા એક ટંકના ભોજનની પણ આશા રાખ્યા વિના દીકરાને સંસ્કાર આપવા વિનંતી કરે છે ! મહંતે મારી માને કહ્યું, "હે દાસી ! એક ટંક તું અહીં જમજે." મારી માએ મને મહાત્માની સોબતમાં મૂક્યો.

મારી મા આશ્રમને રસોડે રસોઈ કરે. વહેલી ઊઠી મને ગંગામાં સ્નાન કરાવે. કડકડતી ઠંડીમાં પણ પાણીમાં મને ઊભો રાખી એક મંત્ર શિખવાડ્યો - "ૐ નમો ભગવતે વાસુદેવાય" આ મંત્રનો જપ અમે મા-દીકરો કરતાં. કપડાં બદલી સરસ્વતી નદીના કિનારે બેસી ઠાકોરજીનું ધ્યાન ધરવાનું પણ મારી માતાએ શિખવાડ્યું.

મારી મા મધ્યાહ્ન થતાં તપસ્વીઓને પોતે તૈયાર કરેલી સામગ્રી પીરસે ત્યારે હું માને તે કામમાં મદદ કરતો. અમે બંન્ને બધાને જમાડીને પછી જમતાં. એક દિવસ તપસ્વી જમી રહ્યા પછી અન્નનો થોડો જ ભાગ બચેલો હતો. મારી માએ તે મને મારી પાતળમાં પીરસી દીધો. મેં જમી લીધું. પાત્રમાં જોયું તો કાંઈ બચ્યું ન હતું. માને મેં કહ્યું, "મા તું ભૂખી છે, તારે માટે કાંઈ જ બચ્યું નહીં ?" માએ મારે ખાતર ઉપવાસ કર્યો. બીજે દિવસે બધાએ જમી લીધા પછી જે અન્ન બચ્યું હતું તેની રાબ બનાવી. અમે મા દીકરાએ અર્ધી અર્ધી પીધી. હું ભૂખ્યો હોઉં તો હું મારી માને કહું, મા મને ભૂખ લાગી છે. મને ખાવાનું આપ, પણ મારી બિચારી ગરીબ મા ભૂખી હોય તો કોને કહે કે હું ભૂખી છું ?

આશ્રમમાં તપસ્વીઓ સાથે રહી હું ભગવાનમાં મન પરોવું. ઈશ્વર આરાધના કરું, જપ કરું. તપ કરવાથી મારી બુદ્ધિ સતેજ થઈ. ચાતુર્માસ પૂરો થયો. ઋષિઓ આશ્રમ છોડી તપ કરવા જવાના હતા. મેં ઋષિઓને કહ્યું, "મારે તમારી સાથે તપ કરવા આવવું છે." ઋષિએ કહ્યું કે, "તું તારી માતાને છોડી કઈ રીતે આવીશ ? તારી માતા તારા વિના તરફડીને મરી જશે ?" ચાતુર્માસ પૂરો થતાં મેં માને વિનંતી કરી કહ્યું, "મા, આપણે સાથે રહેવાથી મારા જપ અને ધ્યાનના માર્ગમાં અવરોધ થાય છે. મા તું મને ઋષિઓ સાથે તપ કરવા જવાની રજા આપ, પણ મારી માએ મને રજા ન આપી. ઋષિઓ આશ્રમ છોડી ચાલી નીકળ્યા. ત્યાંથી અમે મા-દીકરો ચાલી નીકળ્યાં. ચાલતાં ચાલતાં એક બ્રાહ્મણને ત્યાં આવ્યા. બ્રાહ્મણને પોતાની ગૌશાળામાં રખેવાળની જરૂર હતી. ગૌશાળામાં ગાયો ઘણી હતી, તે બધીને નવડાવવી, દોહી, ધણમાં મોકલવી. સાંજે પાછી નવડાવવી. આ કામ બ્રાહ્મણે મારી માતાને આપ્યું. મારી માતાને તેના

કામના બદલામાં એક ગ્લાસ દૂધ રોજ આપવું એમ નક્કી કર્યું. મારી માતાએ બ્રાહ્મણને કહ્યું, "મને નહીં, આ મારા દીકરાને દૂધ આપજો." બીજો ચાતુર્માસ આવ્યો. હું મારી માને તેના કામમાં મદદ કરતો. રથયાત્રાનો દિવસ હતો. બારે મેઘ વરસવા લાગ્યા. ચારે બાજુ પૂર આવ્યાં. ધરતીમાંથી ભયંકર અજગરો બહાર નીકળવા લાગ્યા. અમારા ઘરના ઉંબરાના પોલાણમાં એક અજગર સમાઈ ગયો. અષાઢી એકાદશીને દિવસે હું અને મારી માતા બ્રાહ્મણને ઘેર આવ્યા. બ્રાહ્મણ પાસે અઢળક સંપત્તિ હતી. બધી ગાયોને શણગારેલી. બ્રાહ્મણે મારી માતાને કહ્યું, "જલદી ગાયને દોહી દૂધ લઈ આવો." આજે ઉપવાસ છે. મંદિરમાં આરતી થાય છે. મારી માતા ઉતાવળી ઉતાવળી ગૌશાળા તરફ જતી હતી. ત્યાં જ તેનો પગ અજગર પર પડ્યો. તેના જમણા પગનાં અંગૂઠા પર અજગરે દંશ દીધો. તરત જ મારી માતાએ "નારદ નારદ" કરતાં મારા ખોળામાં માથું ઢાળી દીધું. મેં મારી માના મુખમાં ગંગાજળ મૂક્યું. મા મને છોડી ચાલી ગઈ. મેં મારી માતાની માફી માગી. મા આમ અચાનક છોડી ગઈ તેથી ખૂબ દુઃખ થયું.

આમ હું અચાનક માતાથી છૂટો થયો. મારા ગુરુએ મને કહેલું કે અશ્વત્થ એટલે પીપળાના ઝાડ નીચે બેસી ઈશ્વરનું આરાધન કરવું, અશ્વત્થ ઈશ્વરનું સ્વરૂપ છે. પીપળાના ઝાડ નીચે હું બેઠો. કલાકોના કલાકો હું ઈશ્વરનું ધ્યાન ધરતો. ઈશ્વરના પ્રત્યક્ષ દર્શનની ઝંખના કરવા લાગ્યો. મારી ઈશ્વરને મળવાની, જોવાની તીવ્ર ઈચ્છા હતી. પણ ઈશ્વર ન મળ્યા. તે પછી મેં એક જ વાર દિવસમાં જળ પીને ઈશ્વર આરાધન કરવા માંડ્યું. ત્યારે આકાશવાણી થઈ, "હે નારદ તને આવતાં જન્મમાં ઈશ્વર મળશે. મારો કાળ આવી પહોંચતાં હું પરમાત્મામાં લીન થયો. બ્રહ્માએ સૃષ્ટિનું સર્જન કર્યું. ત્યારે હું અને મરીચ્યાદિ ઋષિઓ ઉત્પન્ન થયા. ત્યારથી હું હરિગુણ ગાઉં છું અને વીણા વગાડું છું. ભગવાન મને મારા ચિત્તમાં દર્શન આપે છે !"

"પૂર્વજન્મનાં જપ-તપથી મન શાંત હતું. ફરી એ જ પીપળાના ઝાડ નીચે ઈશ્વર આરાધના કરતો બેઠો હતો, ત્યારે મારે કાને અવાજ અથડાયો. "રાધે, રાધે, રાધે." મેં આંખ ખોલી તો રાધાજીનાં દર્શન

થયાં. રાધાજીના ચરણમાં નમસ્કાર કર્યા. કરોડો સૂર્યના તેજ સમી રાધા મારો હાથ ઝાલી મને કૃષ્ણ પાસે લઈ ગઈ. રાધાજીએ કૃષ્ણને કહ્યું, "હે ભગવાન, આ નારદજીને એક તંબૂરો આપો." ભગવાને કહ્યું, "શા માટે ?" "હે ભગવાન, આ નારદજી તંબૂરો વગાડતાં વગાડતાં તમારું ભજન કરશે, અને તેમનામાં સંસારમાં તણાતા જીવોને મદદ કરવાની શક્તિ છે. તેથી અનેક સંસારી જીવોને ભક્તિનો માર્ગ બતાવશે." ભગવાને મને એક તંબૂરો આપ્યો. આમ મને ઈશ્વરનાં દર્શન થયાં.

"હે વ્યાસમુનિ ! તમે ભગવાનની ભક્તિ માણસે કેમ કરવી તેમજ ભગવાન વાસુદેવનો મહિમા, ભગવાનની લીલાઓ તથા ભગવાનના યશનું વર્ણન કરો કે જેથી વિદ્વાનોની સર્વ જિજ્ઞાસા પૂર્ણ થાય અને સાંસારિક દુઃખોથી પીડાતાં મનુષ્યોને શાંતિ મળે. જેથી તમારા પોતાના મનને પણ શાંતિ મળે. હે વ્યાસમુનિ ! મેં તમને મારી કથા કહી. આપ હવે મને ભિક્ષા આપો. આપણે સાથે જમીએ." વ્યાસજીએ નારદજીને ભિક્ષા આપી. ઈશ્વરની આરાધના કરતાં કરતાં નારદ દાસીના દીકરામાંથી દેવર્ષિ થયાં. રંકમાંથી રાય થયા. માટીમાંથી સોનું થયા. નારદજી ત્યાંથી ચાલી નીકળ્યા.

વ્યાસજીએ પોતાના મનની શાંતિ માટે ભાગવતની રચના ગ્રંથસ્થ કરવા માટે ગણપતિને બોલાવ્યા. ગણપતિ કહે "હે વ્યાસમુનિ ! આપ બોલશો તે હું લખીશ, પણ એકવાર લખવાનું ચાલુ કરીશ પછી વચ્ચે (અટકીશ નહીં) મારી કલમ નહીં અટકે." વ્યાસજી કબૂલ થયા અને ગણપતિ લખવા તૈયાર થયા. પણ હવે આ કથા સાંભળશે કોણ ? પોતાના પરમ વિદ્વાન તપસ્વી પુત્ર શુકદેવ આ કથા સાંભળે એવી એમની ઈચ્છા હતી. શુકદેવજી ભોરિંગ સર્પો વચ્ચે કઠોર તપસ્યા કરતા હતા. એમને બોલાવવા મોકલે તો પણ તે આવે તેમ હતા નહીં. વ્યાસજીએ ભોજપત્ર પર એક શ્લોક લખ્યો :

***"કસ્તુરીતિલકં લલાટપટલે વક્ષઃસ્થલે કૌસ્તુભં***
***નાસાગ્રે વરમૌક્તિકં કરતલે વેણું કરે કંકણમ્ ।***
***સર્વાંગે હરિચંદનં સુલલિતં કંઠે ચ મુક્તાવલિ-***
***ગોપસ્ત્રીપરિવેષ્ટિતો વિજયતે ગોપાલચૂડામણિઃ ॥"***

**અર્થ :** જેમનાં વિશાળ કપાળમાં કસ્તુરીયુક્ત તિલક છે. છાતીની મધ્યમાં કૌસ્તુભ મણિ લટકે છે. નાકને છેડે ઉત્તમ મોતી લટકે છે, જેમણે હાથની હથેળીમાં વેણુ અને કાંડે કંકણ ધારણ કરેલાં છે, જેમના આખા શરીર પર સુગંધી ચંદનનો લેપ છે, કંઠમાં મોતીની સેરો છે અને જે ગોપીઓથી વીંટાઈ વળેલા છે, એવા ગોપાલોમાં શ્રેષ્ઠ મણિતુલ્ય શ્રી ગોપાલકૃષ્ણ વિજય પામે છે. વ્યાસજીએ પોતાના ચાર શિષ્યોના ગળામાં પહેરાવ્યો અને તેમને કહ્યું, "હે શિષ્યો ! સર્પો જેનું રક્ષણ કરે છે, એવા શુકદેવ જ્યાં તપ કરે છે, ત્યાં તમે જાવ અને ત્યાં જઈ આ શ્લોક તેમને સંભળાય તેમ ગાજો."

**શ્લોક : ૧**

"बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं ।
बिभ्रद्वासः कनककपिशं वैजयन्तींच मालाम् ॥
रन्ध्रान् वेणोरधरसुधया पूरयन् गोपवृन्दै ।
वृन्दारण्यं स्वपदरमणं प्राविशद् गीतकीर्तिः ॥

**શ્લોક : ૨**

अहो ! बकी यं स्तनकालकूटं । जिधांसया पाययदप्य साध्वी ॥
लेभे गतिं धात्र्युचितां ततोडन्यं । कं वा दयालुं शरणम् व्रजेम ॥

**અર્થ :** (૧) શ્રીકૃષ્ણ ગ્વાલ બાળકો સાથે વૃંદાવનમાં પ્રવેશ કરી રહ્યા છે. એમના મસ્તકે મોરપિચ્છ છે અને બન્ને કાનમાં પીળાં પુષ્પો છે. શરીર પર પીતાંબર અને ગળામાં પાંચ પ્રકારના પુષ્પોની બનેલી વૈજયંતી માળા છે. ઉત્તમ નટ જેવો શરીર-વેષ છે. વાંસળીનાં છિદ્રોને પોતાનાં અધરામૃતથી ભરી રહ્યા છે અને ગોવાળિયાઓનાં ટોળાં તેમની જ કીર્તિ ગાઈ રહ્યા છે. આમ વૈકુંઠથી પણ શ્રેષ્ઠ એ વૃંદાવનધામ એમનાં ચરણચિહ્નોથી વધુ રમણીય બન્યું છે. હે પરીક્ષિતા આ બંસીનાદ સર્વ પ્રાણીઓનાં મનને હરતો હતો. તે સાંભળી વ્રજની સ્ત્રીઓ તેનું વર્ણન કરતાં કરતાં તન્મય થઈ ગઈ અને શ્રીકૃષ્ણને આલિંગન કરવા લાગી.

**અર્થ :** (૨) પાપિણી પૂતનાએ પોતાનાં સ્તનોમાં હળાહળ ઝેર લગાડી શ્રીકૃષ્ણને મારી નાખવાના દુષ્ટ હેતુથી દૂધ પીવડાવ્યું હતું.

તેને પણ ભગવાને પરમગતિ આપી, જે માતા યશોદાને યોગ્ય હતી, તો એમનાથી બીજા કયા દયાળુને શરણે આપણે જઈએ ?

વેદવ્યાસના શિષ્યો જ્યાં શુકદેવજી તપ કરતા હતા ત્યાં પહોંચી ગયા અને શ્લોક ગાવા લાગ્યા. શ્લોક સાંભળતાં જ શુકદેવજી શિષ્યોની પાછળ પાછળ ચાલવા માંડ્યા.

એકસો બાર વર્ષના મુનિ વ્યાસ આજે શુકદેવને કથા કહેવાના છે. કરોડો ઋષિમુનિઓની મેદની જામી છે. મુખ્ય શ્રોતાની રાહ જોવાતી હતી. વ્યાસજીના શિષ્યો પાછળ શુકદેવજી આવ્યા. સૌને પ્રણામ કર્યા. ઈશ્વરની પ્રાર્થના કરી. પરમાત્માને વંદન કર્યાં. પોતાનું આસન ગ્રહણ કર્યું. વ્યાસજીએ શ્રીમદ્ ભાગવતની કથા શરૂ કરી. ૐ પરમાત્મને નમઃ વ્યાસજી કહે છે "હે શુકદેવ ! પાંડવોએ સુખની આશાથી ભગવાન શ્રીકૃષ્ણની મદદથી મહાભારતનું યુદ્ધ ખેલ્યું. પરિણામ દુઃખમય આવ્યું. દ્રોણાચાર્યના દીકરા અશ્વત્થામાએ પોતાના પિતાના મૃત્યુ પછી નક્કી કરેલું કે પાંડવ વંશમાં દીકરે દીવો ન રહેવો જોઈએ. આજે દ્રૌપદી અને તેના પાંચ રાજકુમારોએ એકાદશી વ્રત કરી ઈશ્વરનું આરાધન કર્યું અને રાત પડતાં પાંચ રાજકુમારો માતા દ્રૌપદી સાથે સૂતા હતા. અશ્વત્થામા રાત્રે બગીચામાં આવ્યો. એક પછી એક ઝાડનાં મૂળિયાં ઉખેડવા લાગ્યો. એમ કરતાં કરતાં તેના હાથમાં ઝેરી મધનાં મૂળિયાં આવ્યાં. તેનો રસ કાઢી દ્રૌપદી અને રાજકુમારો સૂતાં હતાં ત્યાં આવીને તેમના પર છાંટ્યાં. નિદ્રાધીન રાજકુમારોના ગળાં અશ્વત્થામાએ ધડથી જુદા કરી નાખ્યાં. ઝેરી અસરથી દ્રૌપદી ત્રણ કલાક પછી જાગ્યા. ભયંકર ઘટના જોઈ. હૈયાને કાબૂમાં રાખી નાહીને હમણાં જ આવેલા અર્જુનને દ્રૌપદીએ કહ્યું, "આ યુદ્ધનું પરિણામ ?" અર્જુન દોડતાં દોડતાં કૃષ્ણ પાસે આવ્યા. બધી વાત કરી. કૃષ્ણે પૂછ્યું, "બોલ અર્જુન, રથને હું ક્યાં લઈ જાઉં ?" અર્જુને કહ્યું, "મારાં બાળકોને મારનાર તરફ." શ્રીકૃષ્ણ જ્યાં અશ્વત્થામા હતા ત્યાં રથ લઈ ગયા. અર્જુન અને અશ્વત્થામાએ સામસામાં બાણ છોડ્યાં. અશ્વત્થામાએ બ્રહ્માસ્ત્ર છોડ્યું. બ્રહ્માસ્ત્રને નાકામયાબ કરી અશ્વત્થામાને પકડી લીધા. અશ્વત્થામાને રથ સાથે

બાંધ્યા. ભગવાને અર્જુનને કહ્યું, "હે અર્જુન ! અશ્વત્થામા ગુરુપુત્ર છે. તેને મારશો નહીં. વિધવા ગુરુપત્નીને આઘાત લાગશે." પોતાની સામે પોતાના પાંચ પુત્રોની લાશ પડી છે ત્યારે મનને સ્થિર રાખી દ્રૌપદી જવાબ આપે છે. "મારનારને સજા થવી જોઈએ, પરંતુ અપરાધી બ્રાહ્મણ હોય તો નહીં. આથી અશ્વત્થામાના માથાનો મણિ લઈ લો. માથે મુંડન કરી છોડી મૂકો. તેને જોઈ લોકો જાણશે કે આ બાળહત્યારો છે." અશ્વત્થામાના માથાનો મણિ લઈ લીધો. માથે મુંડન કરાવી કાઢી મૂક્યો. રાજકુમારોના અગ્નિસંસ્કારની તૈયારી કરી. શ્રીકૃષ્ણએ દ્રૌપદીને કહ્યું, "બહેન ! આનું નામ તે જીવન."

શ્રીકૃષ્ણ થોડો વખત હસ્તિનાપુર રહ્યા. પછી અર્જુન-દ્રૌપદીને કહ્યું, "હવે મને દ્વારકા જવા રજા આપો." રજા મળી ગઈ. ભગવાન દ્વારકા જવા તૈયાર થયા હતા. અનેક લોકો ભેગાં થયાં હતાં, તેમાં બાવીસ વર્ષની વિધવા સગર્ભા ઉત્તરા કાળાં કપડાં પહેરીને શ્રીકૃષ્ણને વિદાય આપવા આવેલી. ટોળામાં ફૂલની માળા હાથમાં લઈ પાછળ ઊભેલી હતી. મનમાં ને મનમાં વિચારતી હતી. હું વિધવા અને પાછી નાની! હું કેમ કરી શ્રીકૃષ્ણ પાસે જાઉં ? એટલામાં અશ્વત્થામાએ બ્રહ્માસ્ત્ર માર્યું, ઉત્તરાના પેટમાં વાગ્યું. તેનો ગર્ભ બહાર નીકળી ગયો. પેટ દાબી ઉત્તરા કૃષ્ણ પાસે આવી, "જુઓ જુઓ મામા ! મારી આ દશા" શ્રીકૃષ્ણે કહ્યું, "હે ઈશ્વર ! જો મેં જીવનમાં કાંઈ ખોટું ન કર્યું હોય તો બાળક જીવતો રહે." બાળકમાં પ્રાણનો સંચાર થયો. ભગવાને ગર્ભ પાછો પેટમાં ગોઠવી દઈ ઉપર સુદર્શન ચક્ર ગર્ભનું રક્ષણ કરવા મૂકી દીધું. ઉત્તરા ઊભી થઈ ગઈ. કુંતીએ ભગવાનને નમસ્કાર કર્યા. કુંતીને ભગવાને વરદાન માગવા કહ્યું. કુંતીએ કહ્યું, "હે ભગવાન ! મને વરદાન આપવું હોય તો જીવનમાં દુઃખ આપજો. જેથી સતત તમારું સ્મરણ રહે." કુંતીએ શ્રીકૃષ્ણને પૂછ્યું, "હે કૃષ્ણ ! ઉત્તરાને હવે તો કોઈ ભય નથીને ? તેના ગર્ભને હવે વાંધો તો નહીં આવે ?" કૃષ્ણે કહ્યું, "ના હવે કોઈ વાંધો નહીં આવે." ઉત્તરાને અધૂરે દિવસે બાળક અવતર્યો.

યુધિષ્ઠિર શ્રીકૃષ્ણ પાસે આવ્યા. વિનંતી કરી, "હે કૃષ્ણ ! દ્વારકા જતાં પહેલાં મારી એક વિનંતી સાંભળો. મારી રાજગાદી પર બેસવાની

જરાય ઈચ્છા નથી. મારે હિમાલયમાં શેષ જીવન ગાળવું છે. મારા બદલે ભીમસેનને ગાદી પર બેસાડો. કૃષ્ણે કહ્યું, "વિચારી જોઈએ." અત્યારે ૧૭૯ વર્ષના ભીષ્મ પિતામહની છેલ્લી ઘડીઓ ગણાતી હતી. કુરુક્ષેત્રમાં બાણશૈયા પર પડ્યા પડ્યા ભીષ્મ ઈચ્છતા હતા કે મારી ભક્તિ સાચી હોય તો ભગવાન મને દર્શન આપવા અહીં આવે. ભીષ્મનો સાદ કૃષ્ણે સાંભળ્યો. કૃષ્ણ જ્યાં કુંતી, પાંડવો અને દ્રૌપદી હતાં ત્યાં આવ્યા. તેઓને કહ્યું, "હાલ મારે દ્વારકા જવું નથી. ભીષ્મ પિતામહે મને યાદ કર્યો છે, તેથી હું તેમનાં દર્શને જાઉં છું. કુંતીએ કહ્યું અમે બધાં પણ સાથે આવીએ છીએ. કૃષ્ણે બધાને સાથે લીધાં. કૃષ્ણે પાંડવોને કહ્યું, "તમે પિતામહના માથા પાસે બેસજો. હું તેમના પગ પાસે બેસીશ."

કુરુક્ષેત્રમાં કરોડો માનવીઓ ભીષ્મ પિતામહનાં દર્શનાર્થે એકઠાં થયાં હતાં. ભગવાન કૃષ્ણનો રથ કુરુક્ષેત્રમાં જ્યાં ભીષ્મની બાણશૈયા હતી ત્યાં આવ્યો. ભીષ્મ જાગ્યા. કૃષ્ણ રથમાંથી ઊતર્યા. અર્જુન અને પાંડવો પણ ઊતર્યા. બધાંએ ભીષ્મને પ્રણામ કર્યા. ભીષ્મે અર્જુનને કહ્યું, "અર્જુન મારા માથા નીચે બે બાણ માર જેથી મારું માથું ભગવાન કૃષ્ણને નમાવી શકું. તે પછી બીજું એક બાણ મારી, પાતાળમાંથી ગંગા કાઢજે અને ગંગાજળ મારા મોઢામાં મૂકજે." પાંચ પાંડવો, દ્રૌપદી, કુંતાજી ભીષ્મની આજુબાજુ બેઠાં. કૃષ્ણ પણ બેઠા. કૃષ્ણે ભીષ્મને કહ્યું, "આ તમારો પૌત્ર યુધિષ્ઠિર ગાદીનો અધિકાર છતાં ગાદી પર બેસવાની ના પાડે છે." ભીષ્મે યુધિષ્ઠિરને કહ્યું, "ખરે સમયે નાસી જવું તે યોગ્ય નીતિ નથી." યુધિષ્ઠિર કહે, "હે પિતામહ ! મારું મન ઠેકાણે નથી. મારો આત્મા બળ્યા કરે છે." તે જ ક્ષણે ભીષ્મે યુધિષ્ઠિરને ઉપદેશ આપ્યો તેમજ વિષ્ણુસહસ્ત્રનો પાઠ કહ્યો. પછી ભીષ્મે આંખો બંધ કરી ભગવાનની સ્તુતિ કરી. કૃષ્ણને કહ્યું, "ભક્તે ભગવાનને કંઈક ભેટ આપવી જોઈએ. હે મધુસૂદન ! મારી દીકરી વિતૃષ્ણા કુંવારી છે. તેની સાથે તમે લગ્ન કરો. દીકરી વિતૃષ્ણામતિ હું તમને અર્પણ કરું છું. તેનો આપ સ્વીકાર કરો. મેં જાણે અજાણ્યે કોઈ ભૂલ કરી હોય તો ક્ષમા માગું છું. હે કૃષ્ણ ! મને કર્ણે નિમકહરામ કહ્યો. મે કૌરવોના પક્ષમાં રહી પાંડવો પ્રત્યે પક્ષપાત કર્યો છે, પણ

હે કૃષ્ણ! હું નિમકહરામ નથી. હું હંમેશાં નિમકહલાલ રહ્યો છું. મેં કોઈને ય ક્યારેય અન્યાય કર્યો નથી. મહાભારતના યુદ્ધના દસમા દિવસે ભીષણ યુદ્ધ ચાલતું હતું. મેં અર્જુન અને તેના ઘોડાને અનેક બાણો માર્યાં. તમને (કૃષ્ણને) જ્યારે પરિસ્થિતિ કથળતી લાગી ત્યારે હે કૃષ્ણ તમે રથનું પૈડું હાથમાં લીધું. મેં તમને હથિયાર હાથમાં નહીં લેવાની તમારી પ્રતિજ્ઞા યાદ કરાવી. હું કૌરવોના પક્ષે પૂરેપૂરો વફાદાર રહ્યો.''

જીવનની છેલ્લી ઘડીઓ ગણાતી હતી. ભીષ્મે એક ચિત્તે ભગવાનની પ્રાર્થના કરી ''હે અર્જુનના સારથિ ! હે ભગવાન ! મારા પ્રાણ કેમ જતાં નથી ?'' દ્રૌપદી વચ્ચે બોલ્યાં ''હે મારા વડા સસરાજી, જ્યારે દુઃશાસન દ્વારા મારા કેશ પકડી મને ભરસભામાં ઘસડીને લાવવામાં આવી, મારાં ૯૯૯ વસ્ત્રો ખેંચાયાં ત્યારે તમારી બુદ્ધિ ક્યાં ગઈ હતી ? તમે કોઈ મારી મદદે કેમ ન આવ્યા ? મારા કેશવે મને સહાય કરી.'' શ્રીકૃષ્ણે કહ્યું, ''હે પિતામહ, દ્રૌપદી ભરસભામાં આવતાં બોલી હતી કે જે સભામાં પિતામહ હોય, આચાર્ય દ્રોણ હોય, ત્યાં જવામાં બીક શાની ? તમારા પર વિશ્વાસ રાખી દ્રૌપદી સભામાં આવેલી, તેનાં ચીર ખેંચાતાં રહ્યા. તમે તે જોઈ રહ્યા, કાંઈ બોલ્યા નહીં, પાપ થતું, અન્યાય થતો નજરેથી તમે જોઈ રહ્યા. દુઃશાસનને તમે અટકાવ્યો કે રોક્યો નહીં, તેનું દુઃખ આજે તમે મરતી વખતે ભોગવી રહ્યા છો.'' ભીષ્મે પોતાની ભૂલ કબૂલ કરી. દ્રૌપદીને કહ્યું, ''હે દ્રૌપદી દીકરી, હું તારી ક્ષમા માગું છું. કૌરવોનું અન્ન ત્યારે મારા દાંતમાં હતું એટલે મારી બુદ્ધિ ભ્રષ્ટ થયેલી. દીકરી મને માફ કર.''

પાતાળમાંથી અર્જુને બાણ મારી ગંગાજી કાઢ્યાં. પિતામહનાં મોઢામાં ગંગાજી પધરાવ્યાં. ભીષ્મનું શરીર શાંત થયું. ભગવાને ભીષ્મના શરીર પર પુષ્પાંજલિ અર્પણ કરી. ભીષ્મનો અગ્નિસંસ્કાર કર્યો. ત્યાર પછી કૃષ્ણ યુધિષ્ઠિર પાસે ગયા. યુધિષ્ઠિરને કહ્યું, ''હે યુધિષ્ઠિર, કાર્યભાર સંભાળી લો. હવે અને મને દ્વારકા જવાની રજા આપો.''

શ્રીકૃષ્ણ દ્વારકા જવા નીકળ્યા. લોકો કૃષ્ણને વિદાય આપવા કતારમાં ઊભાં હતાં. ઉત્તરા પણ હાથમાં ફૂલ લઈને ઊભી હતી. ઉત્તરા વિચારતી હતી કે ભગવાનને કહું કે કો'કવાર યાદ કરજો, પણ સામે

જાઉં કે નહીં ? રથમાં ચડતાં ભગવાનની નજર ઉત્તરા પર પડી. ઉત્તરાએ પ્રણામ કર્યા. શ્રીકૃષ્ણે આશીર્વાદ આપ્યા "વીર પુત્ર દેનારી થા."

શ્રીકૃષ્ણ દ્વારકા આવ્યા. ઘરનાં સૌને હસ્તિનાપુરની વાતો કહી સંભળાવી.

વિદુરજીના કહેવાથી ગાંધારી ધૃતરાષ્ટ્રને દોરી હરિદ્વારમાં શેષ જીવન ગાળવાં આવ્યાં. વિદુરજીએ કહ્યું "હે ગાંધારી ! ધૃતરાષ્ટ્ર ! તમે બન્ને હવે અહીં રહી કંદમૂળ-ફળનો આહાર કરો, અગ્નિહોમ કરી, સંયમથી, શાંત મનથી રહો અને શેષ જીવન પૂરું કરો." વિદુરજી પછી તીર્થયાત્રાએ ચાલ્યા ગયા.

હસ્તિનાપુરમાં ઉત્તરાએ રાજકુમારને જન્મ આપ્યો. બ્રાહ્મણો પાસે જાતકર્મ કરાવ્યાં. દીકરાનું નામ પરીક્ષિત પાડ્યું. બ્રાહ્મણોને પૂછ્યું, "રાજકુમાર કેવો થશે ?" રાજકુમારની કુંડળી જોઈ બ્રાહ્મણોએ કહ્યું, "રાજકુમાર પરીક્ષિત દાન પુણ્ય કરનારો થશે. લગ્ન થશે. પુત્રો થશે. ઈશ્વર સ્મરણ કરતાં જીવન પૂરું કરશે."

મોટાભાઈ યુધિષ્ઠિરની રજા લઈ અર્જુન કૃષ્ણને મળવા દ્વારકા આવ્યા. દ્વારકામાં અર્જુને ઘણી ધાંધલધમાલ જોઈ. અર્જુને શ્રીકૃષ્ણને પૂછ્યું, "આ ધમાલ શાની છે ?" કૃષ્ણે કહ્યું, "હે અર્જુન ! મારા કુળને બ્રાહ્મણોનો શાપ છે. અમે બધાં પ્રભાસપાટણ સપરિવાર જવાનાં છીએ." "હે કૃષ્ણ ! તમે સ્વધામ જવાના હો તો તમારાં છેલ્લાં દર્શન કરવા માટે હું તમારી સાથે આવું." "હે અર્જુન ! તું એક વાત સાંભળ. કોઈ પણ સંજોગોમાં તું મને પાણી પાતો નહીં."

યાદવોને લઈ શ્રીકૃષ્ણ પ્રભાસપાટણ આવ્યા. પ્રભાસપાટણ જતાં યાદવો અંદર-અંદર લડી પડ્યા. આખા યાદવ કુળનો સંહાર થયો. સ્વધામ જતાં પહેલાં ભગવાન કૃષ્ણે યદુવંશનો સંહાર જોયો. પીપળાના ઝાડ નીચે વિસામો લેવા બેઠા. પારધીએ મૃગ સમજી બાણ માર્યું. શ્રીકૃષ્ણના પગને વીંધી શ્રીકૃષ્ણની છાતીમાં સોંસરવું ઊતરી ગયું. ભગવાનના પગમાંથી અને શરીરમાંથી લોહી નીકળવા માંડ્યું. અર્જુન પાણી આપવા ગયા, પણ શ્રીકૃષ્ણે પાણી પીવાની ના પાડી. ભગવાનની લોહી નીગળતી હાલત જોઈ અર્જુન બેભાન બની ગયો.

શ્રીકૃષ્ણે સારથિને કહ્યું, "અર્જુનને રથમાં બેસાડી હસ્તિનાપુર મૂકી આવ." ભગવાન સ્વધામ જવાના હતા. ચારે બાજુ વિનાશ, ધરતીકંપ થવા લાગ્યો.

પંદર દિવસ થઈ ગયા છતાં અર્જુન પાછો આવ્યો નહીં. યુધિષ્ઠિરને ચિંતા થવા લાગી. મોટાભાઈ યુધિષ્ઠિરે ભીમને કહ્યું, "અર્જુનને દ્વારકા જઈ બોલાવી લાવો. મારું શરીર ધ્રૂજે છે. આંખ ફરકે છે. ભીમ દોડતાં દોડતાં અર્જુનને શોધવા જાય છે ત્યારે સામે અર્જુન મળે છે. તેની જાતનાં ઠેકાણાં નથી. આવી હાલતમાં જોઈ ભીમે અર્જુનને પાણી પાયું અને પૂછ્યું, "હે અર્જુન ! તને શું થયું ? આમ ચકળવકળ કેમ ?" "ભાઈ ! ભાઈ ! ભગવાન સ્વધામ પધાર્યા." અર્જુનને ભીમે બધા ભાઈઓ પાસે હાજર કર્યાં. અર્જુન કહે, "મોટાભાઈ, મારે અહીં રહેવું નથી. હું કૃષ્ણ વિના નહીં રહી શકું."

યુધિષ્ઠિરે અર્જુનને કહ્યું, "ધીરજ રાખ, સમજણ રાખ, આપણા પૌત્ર પરીક્ષિતને ગાદીએ બેસાડી આપણે બધા હિમાલય ગાળવાં જઈશું. જલદી આપણે પણ સ્વધામ જઈશું." અર્જુન કૃષ્ણને યાદ કરી ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યો. ભગવાનને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. કૃષ્ણ સાથેના ભૂતકાળના ગાળેલા દિવસો અને પ્રસંગો અર્જુન યાદ કરવા લાગ્યો.

અર્જુન યાદ કરે છે કે જ્યારે કૌરવોના કહેવાથી દુર્વાસા ઋષિ પોતાના દસ હજાર શિષ્યોને લઈ (પાંડવોને ત્યાં) અમારે ત્યાં મહેમાન થઈ જમવા આવ્યા, ત્યારે દ્રૌપદી વિચારવા લાગી. આટલા બધાને જંગલમાં હું શી રીતે જમાડીશ ? દ્રૌપદીએ આ કામ પાર પાડવા પોતાના ભાઈ શ્રીકૃષ્ણને યાદ કર્યા. હે ભાઈ ! ઋષિ દુર્વાસા ૧૦,૦૦૦ શિષ્યો લઈ અમારે ત્યાં જમવા આવે છે, ભગવાન કૃષ્ણ પોતાની બહેનની વાત સાંભળી પોતાના રથમાં છપ્પનભોગની સામગ્રી લઈ જ્યાં દુર્વાસા ઋષિ શિષ્યોને લઈ સ્નાન કરતા હતા, ત્યાં પહોંચી ગયા. દુર્વાસા ઋષિને પ્રણામ કરી શ્રીકૃષ્ણે કહ્યું, "મારી બહેન દ્રૌપદીએ તમને બધાને જમાડવા મને મોકલ્યો છે. બપોરના બાર વાગી ગયા છે. તમે સૌ ભૂખ્યા થઈ ગયા હશો. તેમની કુટિર સુધી પહોંચતાં તમને મોડું થાય. તેથી અહીંયા જ ભોજન લઈ આવ્યો

છું.'' ભગવાને દુર્વાસા અને તેમના શિષ્યોને પ્રેમથી જમાડ્યા. પછી દ્રૌપદી પાસે ગયા અને કહે, ''બહેન, ઋષિ અને તેમના શિષ્યોને જમાડીને તારી પાસે આવ્યો છું. મને બહુ ભૂખ લાગી છે. મને જમવાનું આપ.'' અનેક ભીડના પ્રસંગોમાં કૃષ્ણને અમે યાદ કર્યા છે અને અમારાં દરેક કામ શ્રીકૃષ્ણે જ પાર પાડ્યાં છે.

પરીક્ષિતનો રાજ્યાભિષેક કર્યો. રાજમુગુટ પહેરાવી રાજપાટ સોંપી પાંચ પાંડવ, દ્રૌપદી અને કુંતાજી હિમાલય ગળવાં નીકળ્યાં.

પરીક્ષિત સૌને દ્વાર સુધી વળાવવા આવ્યા. દ્રૌપદી, કુંતાનું હૈયું ભરાઈ આવ્યું. પોતાના લાડકા પરીક્ષિતને, સ્વજનોને છોડી હરિદ્વાર આવ્યાં. ગંગામાં સ્નાન કર્યું. ભગવાન નારદ ત્યાં તેઓને મળ્યા. પાંડવોએ નારદજીને પોતાની ઓળખાણ આપી કહ્યું, ''હે નારદમુનિ ! અમારે હિમાલય ગળવાં જવું છે.'' નારદજી કહે, ''તમે ભ્રાતૃહત્યા કરી છે. તેથી તમારી યાત્રા સફળ નહીં થાય.'' પાંડવોએ પૂછ્યું, ''હે નારદજી ! આ હત્યાના પાપમાંથી મુક્ત થવાનો કોઈ ઉપાય ખરો ?'' નારદજીએ કહ્યું, ''પહેલાં તમે બધાં કેદારનાથ જાવ. ત્યાં મહાદેવજીની સ્તુતિ કરો. તમારા પાપ બળીને ભસ્મ થશે.''

નારદજીની સલાહ માની પાંડવો કેદારનાથ જવા નીકળ્યા. પાંડવો કેદારનાથ પહોંચે તે પહેલાં નારદજી દોડતાં દોડતાં શિવજી પાસે પહોંચી ગયા. શિવજીને કહેવા લાગ્યા, ''હે ભોળાભાઈ ! પાંડવો તમારી પાસે આવે છે. તમને પગે લાગશે. તમને પાપ લાગશે.'' આ વાત સાંભળી શિવજીએ તરત પાડાનું રૂપ લઈ લીધું. આ વાતની ભીમને ખબર પડી. પાડાનું મસ્તક બરફમાં ખૂંપી ગયું. ભીમે પાડાની પીઠ પકડી લીધી. ભીમે બધા ભાઈઓને, દ્રૌપદીને, માતા કુંતાને બોલાવ્યાં. માખણનો અભિષેક કર્યો. શિવજી પ્રસન્ન થયા. પાંડવોએ કહ્યું, ''હે શિવજી ! અમારાં પાપ બળીને ભસ્મ થાય.'' શિવજીએ પાંડવોને કહ્યું, ''તમે કેદારનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવો.'' રાજા પરીક્ષિતે પાંડવો, દ્રૌપદી અને માતા કુંતાની હાજરીમાં જ કેદારનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. શિવજીએ તેઓને આશીર્વાદ આપ્યા કે ''તમારી યાત્રા સફળ થશે.'' પાંડવોએ કેદારનાથજીને માખણનો

અભિષેક કર્યો, મહામૃત્યુંજયના જપ કર્યા. ત્યાંથી પાંડવો બદ્રીનાથ આવ્યા. ભગવાનની સ્તુતિ કરી. ત્યાંથી ધર્મરાજા યુધિષ્ઠિરની આગેવાની હેઠળ પાંડવો, દ્રૌપદી, કુંતા સ્વર્ગારોહણ કરવાં ચાલ્યાં. રસ્તામાં સૌ પ્રથમ દ્રૌપદી પછી નકુળ, સહદેવ, ભીમ અને અર્જુન પડ્યાં. ફક્ત ધર્મરાજા યુધિષ્ઠિર સ્વર્ગનાં દ્વાર સુધી પહોંચ્યા અને સદેહે સ્વર્ગમાં પ્રવેશ્યા.

આવી રીતે પાંડવો પરીક્ષિતને રાજ સોંપી ચાલ્યા ગયા. પરીક્ષિતને ખબર પડી કે મારા રાજમાં કળિએ પ્રવેશ કર્યો છે. ત્યારે તેને મારવા તૈયાર થયા. કળિએ પરીક્ષિતને પગે પડી વિનંતી કરી કે "હે રાજા મને તમારા રાજમાં રહેવાની થોડીક જગ્યા આપો." પરીક્ષિતને દયા આવી. જુગાર, સુરાપાન, વેશ્યાગૃહ, કતલખાનું અને સુવર્ણમાં રહેવાની પરીક્ષિતે કળિને રજા આપી. કળિને સુવર્ણમાં રહેવાની રજા મળતાં પરીક્ષિતના ઘરમાં બાપદાદાના વખતનો સોનાનો મુગટ હતો તેમાં પ્રવેશ કર્યો. પરીક્ષિત જ્યારે શિકારે જતાં ત્યારે આ મુગટ પહેરતા.

એક દિવસ પરીક્ષિત કાળા ઘોડા પર શિકાર કરવા નીકળ્યા. બપોર સુધી શિકાર ન મળ્યો. પરીક્ષિતને ખૂબ તરસ લાગી હતી. બાજુમાં આશ્રમ જોયો. આશ્રમમાં શમીક ઋષિ સમાધિમાં બેઠા હતા. શમીક ઋષિનો દીકરો શૃંગી ગાયત્રી માતાજીનો પરમ ઉપાસક હતો. શૃંગી નદીએ સ્નાન કરવા ગયેલો. પરીક્ષિતને ગુસ્સો ચઢ્યો. આ બાવો આંખો બંધ કરી બેઠો છે. પાણીનું પણ પૂછતો નથી. બાજુમાં મરેલો સર્પ પડેલો જોયો. શમીક ઋષિના ગળામાં મરેલો સર્પ ઉપાડી પહેરાવી દીધો અને ત્યાંથી ચાલી નીકળ્યો. છોકરાઓએ શૃંગીને રસ્તામાં આવતો જોયો. છોકરાઓએ શૃંગીને કહ્યું, "તું શું કરે છે ? ક્યાં છે ? તારા પિતાજીના ગળામાં કોઈ મરેલો સર્પ પહેરાવી ગયું." આશ્રમમાં આવી શૃંગીને પિતાના ગળામાં મરેલો સર્પ જોયો, તરત જ ખેંચીને કાઢી નાખ્યો. જેણે મારા પિતાના ગળામાં મરેલો સર્પ મૂક્યો હશે, તેને આજથી સાતમે દિવસે તક્ષક સર્પ દંશ દેશે. શૃંગીએ પોતાના ગાયત્રી મંત્રના જપની શક્તિ વાપરી શાપ આપ્યો. પરીક્ષિતે જેવો

મુગટ માથા પરથી ઉતાર્યો કે તરત તેને પોતાની ભૂલ સમજાઈ. સોનાના મુગટમાં કળિ હતો અને જે સોનાનો મુગટ હતો તે ચોરીનો માલ હતો. મુગટ માથા પરથી નીચે મૂક્યો કે તરત જ પરીક્ષિતને સમજાયું કે પોતે નિર્દોષ બ્રહ્મઋષિના ગળામાં સર્પ નાખવાની ભૂલ કરી, પાપ કર્યું. પરીક્ષિતને ખૂબ પસ્તાવો થયો. આ પાપ કરવાથી મારું રાજ્ય, તેજ, બળ અને યશ નાશ પામશે, તેમ વિચારે છે અને આ પાપનું પ્રાયશ્ચિત મારે કેમ કરવું ?

શૃંગીને પણ પોતે રાજા પરીક્ષિતને ગુસ્સામાં શાપ આપ્યો એ વાતથી ખૂબ દુઃખ થયું. પોતાના પિતાના ખોળામાં બેસી રડવા લાગ્યો. શમીક ઋષિએ પોતાના દીકરા શૃંગીને કહ્યું, "દીકરા, તેં આ શું કર્યું ? સાચો બ્રાહ્મણ કદી કોઈને શાપ ન આપે." શમીક પરીક્ષિત પાસે ગયા અને કહ્યું, "હે રાજા, મારા દીકરાએ તેના ગાયત્રી જપની શક્તિથી તમને શાપ આપ્યો છે. તે હવે મિથ્યા તો નહીં થાય પણ તમારું શેષ જીવન સુખમય જાય." પરીક્ષિત શાપની અવધિની જાણ થતાં તરત જ રાજપાટ છોડી ગંગા કિનારે આવ્યા, જ્યાં હજારો ઋષિમુનિઓ એકઠા થયા હતા તથા શુકદેવજી ભાગવત કથા કહેવાના હતા. પરીક્ષિતે આવી મુનિઓ અને શુકદેવજીને પ્રણામ કર્યા. પોતાના શાપની વાત કરી. પોતાનું મરણ સુધરે એવો ઉપાય બતાવવા વિનંતી કરી. શુકદેવજીએ રાજાને કહ્યું, "હે રાજા ! તારા મૃત્યુ પહેલાંનો સાત દિવસનો સમય મળ્યો છે તે જીવન સુધારવા માટે ઘણો છે. જીવને વાસનામાંથી મુક્ત કરવો ખૂબ કઠિન છે. ભૂતકાળમાં ભોગવેલાં સુખો ફરી પાછાં ભોગવવાની ઈચ્છા થાય તે વાસના. હે રાજા ! ચિત્તને પ્રભુભક્તિમાં લીન કરી અને ભાગવત કથા સાંભળ, તને ઈશ્વર પ્રાપ્તિ થશે-તારું કલ્યાણ થશે." પરીક્ષિતના પુત્ર જન્મેજયે પોતાના પિતાને તક્ષક દંશ દે તો તેનું ઝેર ઉતારી આપે એવા સાપના ઝેર ઉતારનારા બોલાવ્યા. સર્પ ન કરડે અથવા ઝેર ઉતારનાર વ્યક્તિની ચારે બાજુ શોધ ચલાવી પણ નિરર્થક. પરીક્ષિતે કહ્યું, "દીકરા, મારા જીવને બચાવવાના પ્રયત્ન રહેવા દે. મારા કલ્યાણ માટે મને જવા દે." રાજા પરીક્ષિતની ભવ્ય સવારી કાઢવામાં આવી.

માનવમહેરામણ રાજાનાં દર્શનાર્થે ઊભરાતો હતો. રાજાએ બધાંને વંદન કર્યાં. ગંગાકિનારે આવ્યા. ઋષિમુનિઓ અને શુકદેવજીને પ્રણામ કરી પ્રભુ કથા સાંભળવા તત્પર બન્યા.

શુકદેવજી ઘોર જંગલમાં તપશ્ચર્યા કરતા હતા. ત્યાંથી ફક્ત પિતા વ્યાસ પાસે ભાગવત કથા સાંભળવા જ ફરી આશ્રમમાં આવેલા. શુકદેવજીએ માતા-પિતાને કહ્યું, "હું કથા સાંભળવા પૂરતો જ આશ્રમમાં રોકાઈશ." માતા-પિતાએ તેમની વાત મંજૂર રાખેલી.

જ્યારે શુકદેવજી કથા સાંભળવા ઋષિ વ્યાસના આશ્રમમાં આવવા નીકળ્યા ત્યારે રસ્તામાં જનકરાય અને સુનયના જનકપુરીમાંથી પસાર થવાના હતાં. શુકદેવજી જનકપુરીમાં આવ્યા એટલે જનકરાજા અને સુનયનાએ શુકદેવને આવકાર આપ્યો. ઝૂલામાં બેસાડ્યા. શુકની બાજુમાં સુનયના બેઠાં અને શુકના ગળામાં હાથ નાખ્યો, માથે હાથ ફેરવ્યો. શુકદેવ નિઃસ્પૃહી રહ્યા. થોડીવાર બાદ નારદજી ત્યાં આવ્યાં. સુનયનાને થયું, લાવ, નારદઋષિની પરીક્ષા કરું. તેમનેય ઝૂલામાં બેસાડ્યા. તેમની બાજુમાં બેસી ગળા પર હાથ મૂકવા જાય છે ત્યાં નારદ ના ના કહેવા લાગ્યા. સુનયના કહે ઋષિ નારદ, તમારી તપસ્યા કાચી છે. શુકદેવજીને સુનયના અને જનકે ભિક્ષા આપી. શુકદેવે ફક્ત હથેળીમાં રહે તેટલી જ ભિક્ષા લીધી. શુકદેવજીને જનક અને સુનયનાએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. શુકદેવજી - વ્યાસના આશ્રમમાં આવ્યા. વ્યાસે શુકને કહ્યું, "હું તને શ્રીમદ્ ભાગવતની કથા કહું છું. તે જીવનમાં ઉતારજે અને લોકોના ઉદ્ધાર કાજે કથા કરજે."

ગંગાકિનારે શુકદેવજી પોતાના પિતા પાસેથી ભાગવત કથા સાંભળી આવ્યા હતા. હજારો ઋષિમુનિઓ તેમને સાંભળવા ગંગાકાંઠે એકઠા થયા હતા. ત્યારે રાજા પરીક્ષિત શાપિત દશામાં ત્યાં આવ્યા. શુકદેવજીને પોતાના સાત દિવસના જીવનમાં શાંતિ અને મોક્ષ મળે એવો માર્ગ બતાવવાની વિનંતી કરી.

શુકદેવે રાજાને કહ્યું, "હે રાજા ! સાત દિવસ હું તમોને ભાગવત કથા સંભળાવીશ. તેમાં જ મન રાખી એક ચિત્તે સાંભળો."

# બીજા સ્કંધનો સારાંશ

બીજા સ્કંધમાં સદ્‌ગુરુની આવશ્યકતા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. જેને ભગવાનનાં દર્શનની ભૂખ લાગે છે, તેને સદ્‌ગુરુ મળે છે. સદ્‌ગુરુતત્ત્વ અને ઈશ્વરતત્ત્વ એક છે. જેમ પરમાત્મા સર્વવ્યાપક છે, તેમ સદ્‌ગુરુ પણ સર્વવ્યાપક છે. સદ્‌ગુરુ માટે બે દૃષ્ટાંત ગુરુશિષ્ય ને તુકારામનાં આપેલ છે. ગુરુ-શિષ્ય અધિકારી હોય તો સાત દિવસ શું, પણ સાત મિનિટમાં મુક્તિ મળે છે. રાજા પરીક્ષિત અને શ્રી શુકદેવજી અધિકારી છે.

મનુષ્યનો અંતકાળ નજીક આવે ત્યારે તેણે પવિત્ર અને એકાંત જગ્યા શોધી 'ૐકાર'નો જપ કરવો અને ભગવાનના સગુણ સ્વરૂપમાં મનને એકાગ્ર કરવું, નહિ તો મનુષ્ય જેનું સતત ચિંતન કરતો હોય છે, તેનું અંતકાળે સ્મરણ થાય છે. આ માટે સોનીનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે.

રાજા પરીક્ષિત શુકદેવજીને પૂછે છે : 'જેનું મરણ નજીક આવ્યું હોય તેનું કર્તવ્ય શું ? તેણે શું કરવું જોઈએ ?' તેના જવાબમાં શુકદેવજી કહે છે : 'મૃત્યુની વેદના ભયંકર છે. આથી જન્મ-મરણનાં દુઃખનો વિચાર કરશો, તો વૈરાગ્ય આવશે અને પાપ ઘટશે.' સમયની અનુકૂળતા કે પ્રતિકૂળતા જોશો નહિ. આ માટે માનવીનું સમુદ્રમંથનનું દૃષ્ટાંત આપેલ છે. મરણને સુધારવા પ્રતિક્ષણ સુધારવી પડશે. ભૂતકાળનો વિચાર છોડીને વર્તમાનકાળની ક્ષણેક્ષણનો સદુપયોગ કરો.

તમે આજથી ધ્યેય નક્કી કરો. ઈચ્છાશુદ્ધિ વિના કર્મશુદ્ધિ થતી નથી. મારે આવાગમન કરવું નથી, પણ પરમાત્માને મળવું છે. જો સાવચેત નહિ રહો તો અંતકાળે જીવન ક્યાં જઈ ભટકાશે તે ડોસાના દૃષ્ટાંત દ્વારા બતાવ્યું છે.

માનવશરીર ભોગ માટે નહિ, ભગવાનને પ્રાપ્ત કરવા મળ્યું છે. સ્નાન કરી, એકાંત-પવિત્ર જગ્યામાં આસન લગાવી, મનથી પ્રણવનો જપ કરો. પૂરક-કુંભક-રેચક પ્રાણાયામથી પ્રાણવાયુને વશ કરો. વિચાર-

મુક્ત થઈ મનને પ્રભુ-સ્મરણમાં રોકો. વિરાટ પુરુષની ધારણા વગર મન શુદ્ધ થતું નથી. આખું જગત એ વિરાટ પુરુષનું સ્વરૂપ છે, એમ ધારણા કરવાથી કોઈપણ પ્રત્યે હીનભાવ કે કુભાવ થશે નહિ. પછી ભગવાનનું ધ્યાન ધરો.

જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ વિશે નિરૂપણ કરતાં જણાવ્યું છે કે, જ્ઞાનમાર્ગ તીવ્ર વૈરાગ્યનો માર્ગ છે, જ્યારે ભક્તિમાર્ગ તીવ્ર પ્રેમનો માર્ગ છે. વિચારપ્રધાન પુરુષો જ્ઞાનમાર્ગ પસંદ કરે છે, જ્યારે ભાવનાપ્રધાન પુરુષો ભક્તિમાર્ગ પસંદ કરે છે. વૈરાગ્ય નહિ કેળવો તો ચાલશે, પણ સર્વ પ્રત્યે પ્રેમ તો હોવો જ જોઈએ. જ્ઞાનમાર્ગ ત્યાગપ્રધાન છે, જ્યારે ભક્તિમાર્ગ ભાવનાપ્રધાન છે.

પ્રભુના એક અંગનું ચિંતન, તેને ધ્યાન કહે છે; જ્યારે સર્વાંગનું ચિંતન થાય, તેને ધારણા કહે છે. ધ્યાનમાં મન સ્થિર ન થાય તો તેને મરણની બીક બતાવજો. આ માટે એકનાથ પાસે ગયેલ એક વૈષ્ણવનું દૃષ્ટાંત આપેલ છે.

ભાગવતમાં જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ બંને બતાવ્યા છે. જ્ઞાનમાર્ગમાં જીવ અને શિવ એક થાય છે, ઈશ્વરમાં મળી જાય છે. ભક્તિની શરૂઆત દ્વૈતથી થાય છે, પણ સમાપ્તિ અદ્વૈતમાં થાય છે. ભક્તો અને ભગવાન જુદા રહી શકતા નથી, આ માટે સીતાજી-ત્રિજટાનું દૃષ્ટાંત આપેલ છે.

જ્ઞાનમાર્ગે કે ભક્તિમાર્ગે જવા માટે પ્રથમ મનુષ્યે ભોગનો ત્યાગ કરવો જરૂરી છે. તે ભોગના ત્યાગ વગર આગળ વધી શકશે નહિ. તે માટે ધીરે ધીરે સંયમ વધારો. સતત શ્રીકૃષ્ણનું ધ્યાન થશે, જેથી મુક્તિ મળશે. દેહાભિમાનના નાશ માટે શુકદેવજી અને રાજા જનકનું દૃષ્ટાંત આપેલ છે.

રાજા પરીક્ષિત પૂછે છે : ‘ભગવાને પોતાની માયાથી સૃષ્ટિની રચના કઈ રીતે કરી ?’ તે જાણવા જિજ્ઞાસા વ્યક્ત કરી. ત્યારે શુકદેવજી કહે છે : ‘ભગવાનને એકમાંથી અનેક થવાની ઈચ્છા થઈ. પરમાત્માએ

૨૪ તત્ત્વો ઉત્પન્ન કર્યાં. આ ૨૪ તત્ત્વો કોઈ કાર્ય કરી શક્યાં નહિ, ત્યારે પરમાત્માએ એક-એક વસ્તુમાં પ્રવેશ કર્યો, ત્યારે તે તત્ત્વમાં દિવ્ય ચેતનશક્તિ પ્રાપ્ત થઈ. બ્રહ્માજીના તપથી પ્રસન્ન થઈ નારાયણે તેમને દર્શન આપ્યાં. તેમણે બ્રહ્માજીને ચતુઃશ્લોકી ભાગવતનો ઉપદેશ કર્યો.

જગત ન હતું ત્યારે હું જ હતો. જગત રહેશે નહિ ત્યારે પણ હું જ રહીશ. જેમ સ્વપ્નમાં એક જ અનેક રૂપે દેખાય છે, તેમ જાગૃત અવસ્થામાં પણ અનેકમાં એક દેખાય છે. ઈશ્વર વિના બીજું દેખાય એ ઈશ્વરની માયા છે, જે ન હોવા છતાં પણ દેખાય છે, અને ઈશ્વર સર્વમાં હોવા છતાં પણ દેખાતા નથી, એ જ માયાનું કાર્ય છે. આ માયાની શક્તિઓ આવરણ અને વિક્ષેપ છે. માયાનાં દર્શન કરવાની ઈચ્છા ધરાવતા સુદામાજીનું દૃષ્ટાંત છે.

માયાના ત્રણ પ્રકાર - સ્વમોહિતા, સ્વજનમોહિતા, વિમુખજનમોહિતા છે. માયાને તરવા માટે પરમાત્માના શરણે જવું જોઈએ. મનુષ્યે સર્વ સમયે અને સર્વ સ્થળે પરમાત્માનું શ્રવણ, કીર્તન અને સ્મરણ કરવું જોઈએ.

• • •

## સ્કંધ-૨

શુકદેવજી ૐકારનો ઉચ્ચાર કરી પદ્માસન વાળી બેઠા. શુકદેવજી કહે, "હે રાજા, માનવને મળેલું જીવન એક ઉત્તમ ખજાનો છે. હજારો વર્ષના પરિશ્રમે માનવદેહ મળે છે. ભગવાને દરેકને માતાના પેટમાંથી જ સરખી બુદ્ધિ અને આયુષ્ય આપ્યાં છે, ઈશ્વર દરેકને નિર્દોષ જીવન જીવવાની આજ્ઞા આપે છે. જો માણસ ઈશ્વર આજ્ઞા પ્રમાણે વર્તે તો પૂર્ણ આયુષ્ય ઐશ્વર્ય પ્રાપ્ત કરી શકે છે. હે રાજા ! તારું જીવન જાણે-અજાણ્યે દૂષિત થયેલું છે. પ્રત્યેક માનવનો ધર્મ છે. જરૂર પૂરતું બોલવું, જીવનનિર્વાહ પૂરતું ભોજન કરવું, સત્સંગ પૂરતું મિલન, પ્રતિક્ષણ મનને પ્રસન્ન રાખવા કોશિષ કરવી, પ્રતિક્ષણ ઈશ્વર આરાધના કરવા તત્પર રહેવું. માનવીને બંધન અને મોક્ષ અપાવનાર માનવનું મન જ છે. મનમાં ઉત્પન્ન થતાં સંકલ્પો, વિચારોને કાબૂમાં રાખી, ચિત્તની વ્યગ્રતા દૂર કરવી. હે રાજા ! આજે હું તને જે જ્ઞાન આપવાની શરૂઆત કરું છું, તે ભક્તિભાવથી ભરેલું શ્રીમદ્ ભાગવત છે ! મારા પિતા વ્યાસજીએ મને તેનું જ્ઞાન આપેલું, તે હું તમને નિ:સ્વાર્થ ભાવે સંભળાવું છું. હે રાજા ! દુ:ખનાં અનેક કારણો છે. શારીરિક, માનસિક વગેરે. હે રાજા ! તું નરોત્તમ. તારા પર ઈશ્વરની સંપૂર્ણ કૃપા હોવા છતાં કયા કારણસર તું ભયંકર ભૂલ કરી બેઠો ? સાંભળ. હે પરીક્ષિત ! મથુરાના લૂંટેલા સોનાનો જરાસંઘનો મુગટ તેં ધારણ કર્યો, તારી બુદ્ધિ સત્ત્વગુણવાળી રાખ, અન્નનો ત્યાગ કરી ગંગાકિનારે રહેવા કોશિશ કર. મારું આ જગતમાં ઈશ્વર સિવાય બીજું કોઈ નથી. હું કોઈનો નથી. હું રાજા હતો, એ વાત મનમાંથી કાઢી નાખ, જેટલા દિવસનું આયુષ્ય બાકી છે તેટલો સમય ઈશ્વરની આરાધના સાથે શ્રીમદ્ ભાગવતની કથા સાંભળ. હે રાજા ! વહેલી સવારે ઊઠી ગંગામાં સ્નાન કરવું. પ્રાણાયામ કરવા. પછી ઈશ્વરનું ધ્યાન ધરવું. મનને પવિત્ર રાખવું. આહાર વિષે તકેદારી રાખવી. સંયમ રાખવો." શુકદેવજીના કહેવા પ્રમાણે પરીક્ષિતે કોશિશ કરી.

ઈશ્વર આરાધના કરવામાં મન પરોવ્યું. શુકદેવજી કહે છે કે "હે પરીક્ષિત ! તને એક વાત કહું છું. તારો અંતકાળ એકદમ નજીક છે. ત્યારે ભગવતસ્મરણમાં અને ઈશ્વરઆરાધનામાં વધુમાં વધુ સમય વિતાવ. એક ચિત્તે કથા સાંભળ. તારો સુંદર ભૂતકાળ તને કથા સાંભળતાં યાદ આવશે. પણ તેને ભૂલી સહનશીલતા રાખી એક ચિત્તે કથાશ્રવણ કરજે." શુકદેવજી કહે છે કે - "હે રાજા ! અંતકાળે તારી કોઈ અપેક્ષા છે ?" પરીક્ષિત કહે "નહીં. મેં આ જીવનમાં ખૂબ સુખ ભોગવ્યું છે. કોઈ અપેક્ષા નથી." શુક કહે, "ભાગવત કથા હું તમને સાત દિવસમાં કહી સંભળાવીશ."

"પહેલે દિવસે માનવજીવનનું સ્વરૂપ કેવું ? દરેકનું જીવન જુદા જુદા પ્રકારનું હોય છે. તેમાં માણસે કેમ જીવવું તે કહી સંભળાવીશ. બીજે દિવસે માણસે સ્વભાવને સ્થિર કેમ રાખવો ? તે માટેના માર્ગો અને ઉપાયો કયા ? ઈશ્વરની પ્રાપ્તિ કઈ રીતે થાય, તે કહીશ. ત્રીજે દિવસે દરેક માણસે સ્વમાનપૂર્વક જીવવા કોશિશ કરવી અને સંયમ પ્રમાણે માન-અપમાન સહન કરવાં તે વિષેની વાત કરીશ. ચોથે દિવસે જીવ અને શિવના સંબંધ વિષે કહીશ. પ્રત્યેક માનવના હૃદયમાં ઈશ્વરનો વાસ છે. માણસના જગત સાથે તેમજ ઈશ્વર સાથેના સંબંધની વાત કહીશ. પાંચમે દિવસે માણસ જ્યારે ઉન્નતિની ટોચ પર પહોંચે અને એ વખતે જો તેનામાં અહંકાર આવે તો તેનું કેવું પતન થાય છે, તે બાબતની કથા કહીશ. છઠ્ઠે દિવસે ઈશ્વરનાં સ્વરૂપ હોવાં છતાં ઈશ્વર એક જ છે. કોઈપણ સ્વરૂપે ઈશ્વરને ભજી શકાય, તે વાતનું વર્ણન કરીશ. સાતમે દિવસે માણસ ઈશ્વરની આરાધના કોઈપણ સ્વરૂપે કરે, છેવટે તો ઈશ્વર એક જ છે. તે વિષે કહીશ. ઈશ્વર દરેક માનવીને જન્મની સાથે કોઈને કોઈ વૈભવ ઓછા વત્તા પ્રમાણમાં આપે જ છે. સંપત્તિ, વિદ્યા, રૂપ વગેરે જે સંપત્તિ પ્રાપ્ત થાય તેમાંથી એક મુકરર ભાગ બાજુએ કાઢી જરૂરિયાતમંદ લોકોને તેમાંથી મદદ કરવી. ફક્ત પોતાના માટે જીવવું નહીં. બીજાઓને ખાતર ભોગ આપવો."

"આજે હું મારા પિતા પાસેથી શ્રીમદ્ ભાગવતની કથા સાંભળીને આવ્યો છું. તે હું તમને કહી સંભળાવું છું." પરીક્ષિત રાજા ગંગા કિનારે ઈન્દ્રિયોને વશમાં રાખી શુકદેવજી પાસે કથા સાંભળવા બેઠા.

શુકદેવજી કહે "જગતમાં જ્યારે જ્યારે જરૂર પડે, જ્યારે જ્યારે અધર્મ વધે, ધર્મ ભયમાં આવે ત્યારે ઈશ્વર અવતાર ધારણ કરે છે અને પૃથ્વી પરનાં પાપોનો નાશ કરે છે. આજે હું કથા કહેવાનો છું, તે ભગવાનના ચોવીસ અવતારોની કથા છે. તારો ઉદ્ધારક હે રાજા ! શ્રી કૃષ્ણ છે અને તેની લીલાઓનું વર્ણન શ્રીમદ્ ભાગવતમાં છે. તો હે રાજા ! આ ભાગવત કથા તન, મન અને વચનથી એક ચિત્તે સાંભળ." પરીક્ષિતે શુકદેવજીને પૂછ્યું, "હે શુકદેવ ! આ ભાગવતની કથા કોણે લખી ?" શુકદેવજી કહે "સૌ પ્રથમ સાક્ષાત ભગવાન વિષ્ણુએ બ્રહ્માને ચાર શ્લોક કહ્યા, જેને ચતુઃશ્લોકી ભાગવત કહેવાય છે, જેમાં આખા ભાગવતનો સાર રૂપ ઉપદેશ સમાયેલો છે. ભાગવત સ્કંધ બીજામાં ૩૦ થી ૩૬ શ્લોકો - જેમાં ૩૦ અને ૩૧ ઉપક્રમ રૂપે ૩૬મો શ્લોક ઉપસંહાર રૂપે અને વચ્ચેના ૪ શ્લોકને ચતુઃશ્લોકી ભાગવત કહેવાય છે. જેનો અર્થ શ્રી વિષ્ણુ ભગવાન કહે છે, "મારું જે પરમગુહ્ય વિજ્ઞાન સહિત જ્ઞાન છે તેનું તથા રહસ્ય સહિત તેનાં અંગોનું હું જે વર્ણન કરું છું તેને તમે ગ્રહણ કરો. હું જેટલો છું, જે ભાવથી યુક્ત છું. જે રૂપ, ગુણ અને લીલાઓથી સમન્વિત છું, એ તત્ત્વનું વિજ્ઞાન મારી કૃપાથી તને પ્રાપ્ત થાઓ. સૃષ્ટિની પૂર્વે પણ હું જ હતો અને સૃષ્ટિ ઉત્પન્ન થયા પછી પણ જે કાંઈ દૃશ્યમાન છે, તે પણ હું જ છું. જે સતઅસતથી પર પુરુષોત્તમ છે, તે પણ હું જ છું. સૃષ્ટિની સીમાથી પેલે પાર કે જ્યાં કેવળ સચ્ચિદાનંદ બ્રહ્મ છે, તે પણ હું જ છું અને સૃષ્ટિના વિનાશ પછી પણ જે શેષ રહે છે તે પણ હું જ છું. જે વાસ્તવિક વસ્તુ નથી, તે પણ જે આત્મારૂપ આશ્રયને લીધે જણાય છે અને વાસ્તવિક વસ્તુ છે, તે નથી જણાતી, તેને મારી માયા સમજવી. જેમ ચંદ્ર એક જ છે. છતાં નેત્રવિકારને લીધે બે હોય એમ

લાગે છે. તેમજ રાહુ ગ્રહમંડળમાં રહેલો હોવા છતાં દેખાતો નથી. જેમ પંચમહાભૂતો પ્રત્યેક સૃષ્ટિના સર્જન પછી દાખલ થયેલ છે અને દાખલ થયેલાં નથી, તેમ હું તે પંચ મહાભૂતોમાં સર્વ ભૌતિક પદાર્થોમાં રહ્યો છું, છતાં નથી રહ્યો. મનુષ્યે વિધિ રૂપથી પરમાત્મા આવા છે એ ભાવથી અને નિષેધરૂપથી પરમાત્મા આવા પણ નથી. એ ભાવથી એટલું જ જાણવું આવશ્યક છે કે પરમાત્મા સર્વત્ર અને સર્વદા વિદ્યમાન છે. તું ઉત્કૃષ્ટ સમાધિ દ્વારા મારા આ સિદ્ધાંતમાં સ્થિર થઈ જા, જેથી કલ્પકલ્પાંતરમાં ક્યારેય અને ક્યાંય પણ તું મોહિત નહીં થાય."

"આ ચાર શ્લોકમાંથી વ્યાસે ૧૮,૦૦૦ શ્લોકમાં તેનો વિસ્તાર કર્યો. બ્રહ્માજીએ આ ભાગવત કથા કહી અને નારદજીએ વેદ વ્યાસને આખું ભાગવત કહ્યું. મારા પિતા વ્યાસે મને આ શ્રીમદ્ ભાગવતની કથા કહી સંભળાવી અને આજે હું એ તમને સંભળાવીશ. હે રાજા પરીક્ષિત, તું અપરિપકવ બુદ્ધિનો છે. જાણ્યે-અજાણ્યે કામક્રોધનાં તોફાન જાગે નહીં, વિષયવિકાર જાગે નહીં, તેનો ખાસ ખ્યાલ રાખજે." શુકદેવજી પરીક્ષિતને જેમ પિતા પુત્રને સમજાવે તેમ વાત કહે છે. સૌ પ્રથમ જીવનનું સ્વરૂપ કેવું છે, તેના વિશે વિચારીએ.

"માણસે ગમે તેવા સંજોગોમાં રસિકતાથી જીવવા પ્રયત્ન કરવો જોઈએ, ટેવ પાડવી જોઈએ. અનેક સંકટોમાં આવેલ પરિસ્થિતિનો સહજ રીતે સામનો કરવા પ્રયત્ન કરવો જોઈએ. પરિસ્થિતિનો ઉપાય શોધવો જોઈએ. થાકવું કે કંટાળવું કે હારવું ન જોઈએ. મનના અને બુદ્ધિના વિકારો અને વિલાસોનો રસપૂર્વક ત્યાગ કરવા પ્રયત્ન કરવો જોઈએ."

# ત્રીજા સ્કંધનો સારાંશ

ત્રીજા સ્કંધમાં પરીક્ષિતરાજા શુકદેવજીને મૈત્રેય અને વિદુરજી ક્યાં મળ્યા હતા, અને તેમની વચ્ચેની શી વાતચીત થઈ તે કથા કહેવા કહે છે. આથી શુકદેવજી તે કથા કહેતા અગાઉ શ્રીકૃષ્ણ ધર્મરાજાના દૂત તરીકે હસ્તિનાપુર જાય છે, તે કથા જણાવે છે.

શ્રીકૃષ્ણ હસ્તિનાપુર આવે છે ત્યારે ત્યાંની પ્રજા તેમને વાજતે-ગાજતે સત્કારે છે. માર્ગમાં ઠેર ઠેર પુષ્પવૃષ્ટિ અને જયજયકાર થાય છે. ત્યાં વિદુરજી અને તેમનાં પત્ની સુલભા દર્શન કરવા આવે છે. શ્રીકૃષ્ણનાં દર્શન કરીને તે કૃતકૃત્ય બને છે. બંને ભક્તહૃદય છે. સુલભા ઈચ્છે છે કે, શ્રીકૃષ્ણ પોતાને ત્યાં જમે તો સારું, પણ વિદુરજી આ પ્રસ્તાવ નકારે છે. તે પોતાની દરિદ્રતાનો વિચાર કરી શ્રીકૃષ્ણની તકલીફનો ખ્યાલ રાખે છે.

શ્રીકૃષ્ણ હસ્તિનાપુરના દરબારમાં પોતે ધર્મરાજાના દૂત તરીકે આવેલ છે, તેની જાણ કરે છે અને પાંડવોને થોડાં ગામ આપવાં કહે છે. દુર્યોધન આ પ્રસ્તાવનો ઈન્કાર કરી એક તસુ જમીન પણ પાંડવોને પોતે નહિ આપે તેમ કહે છે. છેવટે શ્રીકૃષ્ણ નારાજ થઈને ત્યાંથી જમ્યા વિના નીકળી જાય છે. બીજા બ્રાહ્મણો અને રાજાઓના ભોજન માટેનાં નિમંત્રણોનો અસ્વીકાર કરી તેઓ વિદુરજીની ઝૂંપડીએ જાય છે, અને ત્યાં ભાજી આરોગી વિદુરજી અને સુલભાને ધન્ય બનાવે છે.

વિદુરજી વિચાર કરે છે કે, શ્રીકૃષ્ણે કૌરવોના ઘરનું પાણી પણ પીધું નથી, તેથી શ્રીકૃષ્ણ કૌરવોનો વિનાશ કરશે. આથી તે ધૃતરાષ્ટ્રને સમજાવવા જાય છે. ત્યાં દુર્યોધન તેમનું અપમાન કરે છે. બાદ વિદુરજી યાત્રા કરવા નીકળે છે. યાત્રા કરતાં કરતાં તેઓ યમુનાકિનારે આવે છે, ત્યાં ઉદ્ધવજીનો ભેટો થાય છે. ત્યાં બંને વચ્ચે સત્સંગ થાય છે. તેમાં ઉદ્ધવજી જણાવે છે, 'મને શ્રીકૃષ્ણે ભાગવત ધર્મનો ઉપદેશ કર્યો, પછી બદરિકાશ્રમ જવાની સૂચના કરતા હું ત્યાં જઈ રહ્યો છું.' વિદુરજીએ ઉદ્ધવજી સમક્ષ ભાગવત ધર્મનો ઉપદેશ સાંભળવાની ઈચ્છા વ્યક્ત કરતાં ઉદ્ધવજી તેમને મૈત્રેય ઋષિને મળવા કહે છે.

વિદુરજી મૈત્રેય ઋષિના આશ્રમે જઈ તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે છે અને પોતાને હીન દાસીપુત્ર કહી પોતાને ભાગવત ધર્મની કથા

સંભળાવવા વિનંતી કરે છે. આથી મૈત્રેય ઋષિ તેઓ યમરાજાના અવતાર છે, તેની જાણ કરે છે. વિદુરજી જગતની ઉત્પત્તિ અને ભગવાનની લીલા વિશે જણાવવા મૈત્રેયજીને કહે છે.

મૈત્રેયજી કહે છે : 'ભગવાનની નાભિમાંથી કમળ ઉત્પન્ન થયું. તેમાંથી બ્રહ્માની ઉત્પત્તિ થઈ. બ્રહ્માજીના જમણા અંગમાંથી પુરુષ અને ડાબા અંગમાંથી સ્ત્રી ઉત્પન્ન થઈ. પુરુષનું નામ મનુ અને સ્ત્રીનું નામ શતરૂપા રાખ્યું. બ્રહ્માજીની સૂચના મુજબ મનુ-શતરૂપાએ પ્રજાના નિર્માણનું કાર્ય કર્યું. બે પુત્રો પ્રિયવ્રત, ઉત્તાનપાદ અને ત્રણ પુત્રી આકૃતિ, દેવહૂતિ, પ્રસૂતિ. મનુ અને શતરૂપાએ રહેવા માટે સ્થળ માગ્યું. ત્યારે વરાહનારાયણે રસાતળમાંથી પૃથ્વીને બહાર કાઢી, પછી પૃથ્વીની સ્થાપના જળ ઉપર કરી.

બાદ હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુની કથા કહે છે : દિતિ કશ્યપ ઋષિને પરણે છે. એક દિવસ દિતિ સાયંકાળે કશ્યપ ઋષિ પાસે આવી કામની ઈચ્છા વ્યક્ત કરે છે. ઋષિના સમજાવ્યા છતાં દિતિ માનતી નથી, છેવટે કશ્યપ દિતિના દુરાગ્રહથી સંમત થયા દિતિ સગર્ભા થઈ. તેને બે પુત્રો થયા - હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ. બંનેના આચારવિચાર આસુરી-રાક્ષસી હતા. પાછળથી દિતિને પસ્તાવો થયો છે. તેમણે કશ્યપ ઋષિની ઘણી સેવા કરી, ત્યારે કશ્યપ ઋષિ તેમને આશીર્વાદ આપતા કહે છે કે, તારા આ બે બાળકો તો રાક્ષસ થશે, તેમને પરમાત્મા મારશે અને તારા પુત્રનો પુત્ર-પૌત્ર મહાન ભગવદ્ભક્ત થશે.

હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ આગલા જન્મમાં વિષ્ણુના પાર્ષદો જય-વિજય હતા. સનત્કુમારોના શાપનું આ કારણ હતું. હિરણ્યાક્ષના શારીરિક બળના અભિમાનને કારણે વરાહ ભગવાને તેને મુષ્ટિપ્રહાર કરીને મારી નાખ્યો.

ભગવાન મનુ-શતરૂપાની પુત્રી દેવહૂતિ સાથે કર્દમ ઋષિના લગ્ન થયાં છે. તેમને ત્યાં ૯ પુત્રી ને કપિલનારાયણનો જન્મ થાય છે. તેમણે સાંખ્યશાસ્ત્રની રચના કરી. તેમણે પોતાની માતા દેવહૂતિને ઉપદેશ આપી તેમનો ઉદ્ધાર કર્યો.

• • •

# સ્કંધ-૩

શુકદેવજી કહે છે "તું જે વંશમાં જન્મ્યો છે તે વંશની કથા હું તને કહું છું. માનવીના જીવનમાં પુણ્ય, પ્રતિષ્ઠા અને પ્રામાણિકતા કીડીવેગે આવે છે અને વિદાય હાથીનાં પગલાં વેગે લે છે. જીવનમાં કરોડપતિ રોડપતિ ક્યારે થઈ જશે ? રોગ ક્યારે આવશે ? દુઃખ ક્યારે પડશે ? તે કહી શકાતું નથી."

તારા વડવા ત્રણ ભાઈઓ હતા. ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર. ધૃતરાષ્ટ્ર આંધળા હતા. વિદુર દાસીપુત્ર હતા, તેથી પાંડુ રાજા હસ્તિનાપુરની ગાદી પર બેઠા. પાંડુને પાંડુરોગ થયો. વિષયદૃષ્ટિ ત્યાગી ન શક્યા, ભૂલ કરી અને અચાનક મૃત્યુ પામ્યા. પાંડુના મૃત્યુ વખતે પાંડુનાં બાળકો નાનાં હતાં. પાંડુના મૃત્યુના સમાચાર મળતાં વિદુર અને ધૃતરાષ્ટ્ર ત્યાં આવ્યા. કુંતીએ પતિ પાછળ સતી થવાનો પોતાનો વિચાર જાહેર કર્યો. માદ્રીએ કુંતીને કહ્યું, "બાળકો નાનાં છે. તમે તેને મોટાં કરો. હું સતી થઈશ." માદ્રી પાંડુ રાજા સાથે સતી થયાં.

વિદુરજીએ કુંતાને કહ્યું, "પાંડુનાં બાળકો મોટાં થાય ત્યાં સુધી તેમના ટ્રસ્ટી તરીકે તે બાળકોની તથા હસ્તિનાપુરની સંભાળ આપણે રાખીએ. યોગ્ય ઉંમર થતાં તેઓનું રાજ્ય તેમને સોંપી દઈશું."

કુંતી બાળકોને લઈ હસ્તિનાપુર મહેલમાં આવ્યા. ધૃતરાષ્ટ્રને હસ્તિનાપુરની ગાદી પર બેસાડ્યા. સમયનાં વહેણ સાથે પાંડવો મોટા ઉંમરલાયક થયા. કુંતીએ વિદુરને વાત કરી કે "અમારાં બાળકો મોટાં થયાં છે. વ્યવહાર ચલાવવો મુશ્કેલ પડે છે. અમારો ભાગ અમને આપો." વિદુરે આ વાત ધૃતરાષ્ટ્રને બે-ત્રણ વખત કહી. છેવટે ધૃતરાષ્ટ્રે કહ્યું : "કુંતા અને પાંચ પાંડવોને કૌરવોની સભામાં લાવજો." કુંતા અને પાંડવો કૌરવોની સભામાં આવ્યાં. વિદુરજીએ કહ્યું, "પાંડવો ઉંમરલાયક થયાં છે. હવે તેઓનું રાજ તેઓને સોંપી દઈએ." ધૃતરાષ્ટ્રે જવાબ આપ્યો "આપણે આ બાબત કૌરવોને પૂછી જોઈએ." ભરસભામાં કુંતાએ કહ્યું, "હું હસ્તિનાપુરની રાણી, મારા દીકરાઓનો અધિકાર માંગવા આવી છું."

વિદુરજીએ ધૃતરાષ્ટ્રને કહ્યું, "પાંડુના મૃત્યુ બાદ તેનાં બાળકોના ટ્રસ્ટી તરીકે તેઓની અને તેમના રાજ્યની સંભાળ આપણે રાખતા હતા. હવે તેઓ ઉંમરલાયક થઈ ગયા છે. તેમનું રાજ તેમને સોંપી દઈએ." ધૃતરાષ્ટ્રે દુર્યોધનને કહ્યું, "વિદુર યોજના લઈ આવ્યા છે. જવાબ આપો." દુર્યોધન ગુસ્સે થઈ ગયો અને કહેવા લાગ્યો, "આ દાસીપુત્રને દરમ્યાનગીરી કરવા કોણે કહ્યું ?" વિદુર ગમ ખાઈ ગયા. કુંતા અને પાંડવો પણ કાંઈ ન બોલ્યાં. જીવનમાં, કુટુંબમાં દ્રવ્ય અને અધિકારના પ્રશ્ને ઝઘડા ઊભા થતા હોય છે.

વિદુરે આજે પત્ની પારશવીએ પીરસેલ ભોજનને નમસ્કાર કરી ફક્ત પાણી પી લીધું. પારશવી વિદુરને પૂછે છે, "આજે ન જમવાનું કારણ ?" જવાબ ટાળતાં પત્નીને કહે છે, "મારે વહેલી તકે જાત્રાએ જવું છે." વિદુરે બીજે દિવસે ધૃતરાષ્ટ્રને જાત્રાએ જવાની વાત કરી. ધૃતરાષ્ટ્રે વિદુરને રજા આપી. ગાડાનાં ગાડાં ભરી ચીજવસ્તુઓ જાત્રામાં સાથે લઈ જવા ધૃતરાષ્ટ્રે વિદુરને મોકલાવી. પારશવીએ કહ્યું, "અમારે આમાનું કશું ન જોઈએ. ફક્ત એક શ્રીફળ આપો." પારશવીએ પતિને કહ્યું, "હું પણ તમારી સાથે જાત્રાએ આવીશ." વિદુરે પત્નીને કહ્યું, "જાત્રા પગે ચાલીને કરવાની છે. ત્યાગવૃત્તિ કેળવવાની છે." પારશવીએ કહ્યું, "હું પણ તમારી જેમ ત્યાગવૃત્તિ રાખી પગે ચાલી જાત્રા કરીશ."

વિદુર-પારશવીને વિદાય આપવા ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને શકુનિ આવ્યાં હતાં. વિદુરના મનમાં એવો ભાવ હતો કે આ કુટુંબકલેશમાં ન પડવું. દૂર જઈ ઈશ્વરનું સ્મરણ કરવું.

વિદુર જાત્રાએ જતાં પહેલાં કુંતા અને પાંડવોને મળવા ગયા. જાત્રાએ જવાની વાત કરી. કુંતી કહે "હે વિદુરજી, આપ જશો તો પછી અમારું કોણ ?" વિદુરે જવાબ આપ્યો, "તમારો દ્વારકાધીશ." અર્જુન બોલ્યો, "કાકા એ ટ્રસ્ટી નથી. તમે અમારા ટ્રસ્ટી છો." વિદુર કહે, "હે અર્જુન ! દ્વારકાધીશ તો ટ્રસ્ટીના પણ ટ્રસ્ટી છે."

વિદુરજીએ પારશવીને કહ્યું, "જો જાત્રા દરમ્યાન પગે ચાલવું, જે જે નદી કે સરોવર આવે તેમાં સ્નાન કરવું અને એકવાર જમવું.

તેવું આપણે વ્રત લઈએ.'' પારશવી કહે ''હું કહું છું કે, ''એક વખત જમવું અને તે પણ મીઠા વગરનું જમવું. એવું આપણે વ્રત લઈએ.'' વિદુરે પૂછ્યું, ''ક્યાં સુધી મીઠા વગરનું જમીશું ?'' પારશવી કહે, ''જ્યાં સુધી પ્રભુદર્શન ન થાય (ચરણસ્પર્શન ન થાય) ત્યાં સુધી.'' વિદુર કહે, ''ઈશ્વરના દર્શન ન જ થાય તો ?'' ''તો મીઠા વગરનું જ ખાવું.'' પારશવીએ જવાબ આપ્યો.

વિદુર મનમાં ને મનમાં વિચારે છે. બે ભાઈઓના ઝઘડા મારાથી નહીં જોઈ શકાય. એક ભાઈ કરોડપતિ અને બીજો ભીખ માગે તે મારાથી સહન નહીં થઈ શકે, જાત્રાએ જવું જ સારું.

વિદુર અને પારશવી જાત્રાએ ગયાં. ત્યાર પછી કુંતાએ દ્વારકા શ્રીકૃષ્ણને સંદેશો મોકલ્યો. કુંતાએ પત્ર લખી મોકલ્યો.

''હે દ્વારકાધીશ !

તારી ફઈબા અને તેના દીકરાઓની છેલ્લી ઘડીઓ ગણાય છે. તું પ્રત્યક્ષ અહીં આવ અને અમારી દશા જો. રખે ! હું એકલી દ્વારકા તને મળવા આવું તો મારાં બાળકોને કૌરવો કદાચ મારી નાખે ! તારી ફઈબા બળીને ભસ્મ થાય તે પહેલાં તું આવ. આ જગતમાં તારા સિવાય મારું કોઈ નથી.''

લિ. તારી દુઃખી ફઈબાનાં વંદન.

કુંતાનો પત્ર લઈ પ્રતિહારી દ્વારકા આવ્યો. કૃષ્ણે પત્ર વાંચ્યો. અંતરયામી ઠાકોરજીએ ફઈબા કુંતાની વેદના જાણી. પ્રતિહારીને પત્રનો જવાબ લખી આપ્યો.

''હે ફઈબા !

જીવનમાં અનેક પ્રશ્નો આવે છે. અકળાઈ ન જવું. આવેલ પ્રશ્નનો ધીરજથી ઉકેલ શોધવો. હું વિના વિલંબે તમારી પાસે આવું છું.''

લિ. કૃષ્ણ

બીજો પત્ર કૃષ્ણે દુર્યોધનને લખ્યો અને પ્રતિહારી સાથે મોકલ્યો. કૌરવોની સભામાં કૃષ્ણનો આ પત્ર લઈ પ્રતિહારી આવ્યો. કૃષ્ણે પત્રમાં લખ્યું હતું.

"હે દુર્યોધન !

પાંડુના મૃત્યુ પછી તેમની મિલકત તેના પુત્રો પાંડવોને પાછી આપવા બાબત મતમતાંતર હોય તો આપ અહીં આવો અને ન આવો અને મને બોલાવશો, તો હું તે પ્રશ્નનો નિકાલ કરવા તમારી પાસે આવીશ."

લિ. કૃષ્ણ

સ્વજનના દુઃખના નિવારણ અર્થે અપમાન પણ સહન કરતાં સંકોચાશો નહીં.

કૃષ્ણ દ્વારકાથી હસ્તિનાપુર આવવા નીકળવાના છે તેવી જાણ થતાં લોકોએ માર્ગો પર કમાનો બનાવી છે. ધજાપતાકાથી રાજમાર્ગો શણગાર્યા છે. વિદુર આ બધી તૈયારી જોઈ પૂછે છે, "હે નગરજનો! આ ઉત્સવ શાનો છે ?" વિદુરજીને જાણવા મળ્યું કે દ્વારકાધીશ હસ્તિનાપુર જવાના છે. ચારે બાજુ તેમનું સ્વાગત કરવા માનવમેદની ઉભરાઈ છે."

વિદુરને પારશવીએ કહ્યું, "ઊભા રહો. દ્વારકાધીશનો ચાર ઘોડાવાળો રથ દૂરથી આવતો દેખાય છે. મારે તેમનાં ફક્ત દર્શન જ નથી કરવાં, ચરણસ્પર્શ પણ કરવા છે. મને દ્વારકાધીશના ચરણસ્પર્શ કરવા દ્યો." તપ અને ત્યાગની ભાવના સ્ત્રીઓમાં વિશેષ છે. તેથી જ ઈશ્વરે ગોપીઓ પર કૃપા કરી. ભરપૂર પ્રેમ આપ્યો. પારશવી દ્વારકાધીશને મળવા અધીરાં થઈ રસ્તા પર દોડવાં લાગ્યાં.

વિદુર - પારશવીએ વ્રત લીધેલું કે દરરોજ ત્રણ કલાક એક આસન પર બેસી એક ચિત્તે ઈશ્વરની આરાધના કરવી. આમ ત્રણ વર્ષ ઈશ્વરની આરાધના કરીએ તો સાક્ષાત ઈશ્વરપ્રાપ્તિ થાય. આવું ઈશ્વર આરાધનાનું તેઓએ વ્રત લીધેલું.

આજે ભગવાન દ્વારકાથી હસ્તિનાપુર આવી પહોંચ્યા હતા. દુર્યોધને છપ્પનભોગની સામગ્રી કૃષ્ણ માટે તૈયાર કરાવેલી. કૃષ્ણે દુર્યોધન પાસે જઈ પાંડવોના અધિકારની વાત કરી. હસ્તિનાપુરની ગાદીના અધિકારી પાંડવો છે, તે તેમને સોંપી દો. દુર્યોધને કહ્યું, "કૃષ્ણ સાંભળો. હું સોયના નાકા જેટલી જમીન પણ યુદ્ધ વિના

પાંડવોને આપવા તૈયાર નથી.'' કૃષ્ણે દુર્યોધનને સમજાવવા ઘણી કોશિશ કરી. દુર્યોધનને કહ્યું, ''આખું રાજ્ય નહીં તો તેઓના નિર્વાહ પૂરતાં પાંચ ગામ ફક્ત આપો.'' પણ દુર્યોધન એકનો બે ન થયો. કૃષ્ણે ધૃતરાષ્ટ્રને કહ્યું, ''કાકા ધૃતરાષ્ટ્ર, સતી ગાંધારી, સાંભળો છો, તમારા આંખ પરના પાટા છોડો.'' બેમાંથી કોઈએ જવાબ ન આપ્યો.'' દુર્યોધને સૈનિકોને હુકમ કર્યો. ''આ કૃષ્ણને બાંધી દો.'' સૈનિકો ભગવાનને બાંધવા જાય છે ત્યાં કૃષ્ણે હજાર રૂપ ધારણ કર્યાં. સૈનિકો કહે, ''મહારાજ અમે કોને બાંધીએ ?'' કૃષ્ણ બંધાય નહીં. કૃષ્ણે કહ્યું, ''હવે તો યુદ્ધ સિવાય આનો બીજો કોઈ ઉપાય નથી.'' કહી કૃષ્ણ પગથિયાં ઊતરવા માંડ્યા, ત્યારે દુર્યોધને કહ્યું, ''કૃષ્ણ ! તમે અમારા મહેમાન છો, જમીને જાવ.''

કૃષ્ણે હસતાં હસતાં દુર્યોધનને કહ્યું, ''સગાંને ત્યાં હું મહેમાન થતો નથી. હું મિત્ર વિદુરને ત્યાં જમીશ.''

વિદુર અને પારશવી માટીના પાત્રમાં ભાજી મૂકી આસન પર બેસી ત્રણ કલાક ભગવાનનો જપ કરતાં બેઠાં હતાં. શુકદેવજી કહે, ''હે પરીક્ષિત ! દ્વારકાથી કૃષ્ણ વિના જળ હસ્તિનાપુર આવેલા, દુર્યોધન છપ્પનભોગની પરવા કર્યા વિના કૃષ્ણ વિદુરને ત્યાં આવ્યા. બારણે ટકોરા માર્યા. પારશવીએ દરવાજો ખોલ્યો. કૃષ્ણને જોતાં જ પારશવીએ કૃષ્ણને દંડવત્ પ્રણામ કર્યા. પારશવી ભગવાનને પોતાને આંગણે આવેલા જોઈ ભાન ભૂલી થઈ ગઈ. કેળાના ગર્ભ બાજુ પર મૂકી છાલ ભગવાનને આપવા માંડી. પોતાને જોઈ ઘેલી ઘેલી થઈ ગયેલી પારશવીને જોઈ ભગવાન હસતાં હસતાં વિદુરજીને કહેવા લાગ્યા, ''ભાઈ સંધ્યાપૂજા થઈ ગઈ હોય તો ભોજન કરવા આવ્યો છું. ભોજનની તૈયારી કરો. આપણે સાથે જમીશું. ભગવાન વિદુરજીએ પ્રેમથી બનાવેલી ભાજી ખાઈને ખૂબ પ્રસન્ન થયા. ભાજીમાં પ્રેમની મીઠાશ હતી. જમતાં જમતાં કૃષ્ણે વિદુરને હસ્તિનાપુરમાં થયેલી બધી વાત કરી. હવે યુદ્ધ સિવાય બીજો કોઈ રસ્તો નથી.'' એમ ભગવાને વિદુરને કહ્યું. વિદુરજી કહે, ''મારાથી યુદ્ધ નહીં જોવાય. હે કૃષ્ણ !

મારા ભાઈ પાંડુના છોકરાઓને અન્યાય ન થાય તે જોવાનું કામ હું તમને સોંપું છું.''

વિદુર અને પારશવી જાત્રા કરવાં નીકળ્યાં. રસ્તામાં ઉદ્ધવજી મળ્યા. આશા, વાસના વિના અવધૂત એટલે ઉદ્ધવજી. ઉદ્ધવજી ભગવાનના પરમ ભક્ત હતા. તેમને માટે ભગવાનનાં દ્વાર હંમેશાં ખુલ્લાં રહેતાં. તે પછી રસ્તામાં વિદુરને મૈત્રેય ઋષિ મળ્યા. વિદુરજીએ મૈત્રેય ઋષિને કથા કહેવા વિનંતી કરી. મૈત્રેય કથા કહેવા તૈયાર થયા. વિદુર અને પારશવી કથા સાંભળવાં બેઠાં.

મૈત્રેય કહે, ''હે વિદુર ! નારાયણ ભગવાનની નાભિમાંથી બ્રહ્માજી ઉત્પન્ન થયા. નારાયણ ભગવાને બ્રહ્માજીને ચતુઃશ્લોકી ભાગવત સંભળાવ્યું. સાંભળતાં સાંભળતાં બ્રહ્માજીને અવાજ સંભળાયો. સૃષ્ટિની રચના કરો. બ્રહ્માએ સૃષ્ટિની રચના કરવા માંડી. સૌ પ્રથમ ચાર પુત્રો સનતકુમારો ઉત્પન્ન થયા. બ્રહ્માનાં મોઢામાંથી દીકરી જન્મી સરસ્વતી. દીકરીની સુંદરતા જોઈ બ્રહ્માજીની દીકરી પર કુદૃષ્ટિ થઈ. ભગવાન નારાયણે બ્રહ્માજીને પથ્થર થઈ જવાનો શાપ આપ્યો. ''તમારા પર બ્રાહ્મણો સુખડ ઘસશે અને તેની સુગંધથી ફરી બ્રહ્મા થશો.''

બ્રહ્માએ સનતકુમારોને કહ્યું, ''મને સૃષ્ટિ રચનામાં મદદ કરો.'' સનતકુમારોએ કહ્યું, ''અમે ઈશ્વર આરાધના કરીશું.'' બ્રહ્માજીને આ સાંભળી ગુસ્સો આવ્યો અને બ્રહ્માજીના ક્રોધમાંથી રુદ્ર ઉત્પન્ન થયા.

બ્રહ્માએ સૌ પ્રથમ મૈથુનિક સૃષ્ટિના સર્જન માટે મનુ અને શતરૂપાનું સર્જન કર્યું. તેઓને મૈથુનિક સૃષ્ટિ સર્જવા બ્રહ્માજીએ આજ્ઞા કરી. ''તમારી સંતતિ તમારું નામ ઉજાળે એવી થાય.'' બ્રહ્માજીએ આશીર્વાદ આપ્યા. મનુ અને શતરૂપાએ નીચે આવી જોયું તો પૃથ્વી હતી નહીં. હિરણ્યાક્ષ નામના રાક્ષસે પૃથ્વીને પોતાની દાઢમાં રાખી છે. કોઈ તેની પાસે ટકી શકતું નથી. બ્રહ્માજીએ ઈશ્વરને પૃથ્વીના ઉદ્ધાર માટે પ્રાર્થના કરી, ભગવાને વરાહ રૂપ ધારણ કરી હિરણાક્ષ્યને મારી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો. ત્યારબાદ મનુ અને શતરૂપા પૃથ્વી પર પતિ-પત્ની તરીકે આવ્યાં. તેઓને આહુતિ, દેવહૂતિ અને પ્રસૂતિ એમ ત્રણ દીકરીઓ અને પ્રિયવ્રત અને ઉત્તાનપાદ એમ બે દીકરાઓ થયાં.''

શુકદેવજી કહે, ''હે પરીક્ષિત ! આ હિરણ્યાક્ષ રાક્ષસ કોણ હતો, તેની કથા હવે હું તમને કહું છું તે સાંભળો.''

ગંગાકિનારે ઋષિ કશ્યપ રહેતા હતા. તેમને બે પત્ની હતી. દિતિ અને અદિતિ. એક સાંજે કશ્યપ ગંગાસ્નાન કરી સંધ્યા કરતા હતા. તેમની પત્ની દિતિ સોળ શણગાર સજી પતિ કશ્યપ જ્યાં સંધ્યા કરતા હતા ત્યાં આવ્યાં. ઋષિએ દિતિને પૂછ્યું, ''અહીં કેમ આવ્યાં છો ?'' દિતિએ જવાબ આપ્યો ''સંસાર સુખની માગણી કરવા આવી છું.'' ''અત્યારે આ મારો ઈશ્વરસ્મરણનો સમય છે. ત્યારે આવો ખરાબ ભાવ. ઋષિપત્ની ! તમારામાં કેમ જન્મ્યો ?'' કશ્યપે પૂછ્યું. કશ્યપે દિતિને સમજાવવા ઘણી કોશિશ કરી, પણ વ્યર્થ. કશ્યપ દિતિ સાથે સંસારસુખમાં જોડાયા. ''સંધ્યાટાણે મેં અને તેં પાપ કર્યું છે. બે દીકરાનો જન્મ થશે. રાક્ષસ થશે.'' દિતિ આ સાંભળી ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી. પોતાની ભૂલ માટે માફી માગી. કશ્યપે કહ્યું, ''ઘટનામાં કોઈ ફેરફાર નહીં થાય, પણ તારા બે રાક્ષસ દીકરાના ઉદ્ધાર માટે ખુદ ઈશ્વર આવશે અને કુળનો ઉદ્ધાર થશે.''

''દિતિએ પોતાના તપના બળથી બે વર્ષ ગર્ભને પેટમાં સાચવી રાખ્યો. બે વર્ષે દિતિને બે રાક્ષસ બાળકો જન્મ્યાં. હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ. હિરણ્યાક્ષનો ભગવાને વરાહ રૂપ ધારણ કરી ઉદ્ધાર કર્યો.''

વિદુરજીએ મૈત્રેય ઋષિને પૂછ્યું, ''ઋષિ કશ્યપને ત્યાં રાક્ષસો કેમ જન્મ્યા ?'' મૈત્રેય ઋષિએ જવાબ આપ્યો, એક વખત સનતકુમારો વૈકુંઠમાં ભગવાનનાં દર્શને આવ્યા. વૈકુંઠના છ દરવાજામાંથી પસાર થયા બાદ સાતમે દરવાજે ભગવાનનાં છડીદાર જય અને વિજય ઊભા હતા. તેઓએ સનતકુમારોને વૈકુંઠમાં અંદર જતાં અટકાવ્યા. સનતકુમારોએ તેમને શાપ આપ્યો, ''તમારો ત્રણ જન્મ સુધી રાક્ષસ યોનિમાં જન્મ થશે.'' શાપ સાંભળતાની સાથે ભગવાન ત્યાં આવ્યા. સનતકુમારોએ ભગવાનની માફી માગી. અમે તમારા છડીદારોને શાપ આપ્યો છે. ક્ષમા કરો. ભગવાને કહ્યું, ''જય-વિજયને મેં સત્તા આપી છે. ભૂલ મારી છે. મેં તમને રોક્યા છે. હું ગુનેગાર છું.''

જય-વિજયે કહ્યું "મારા અતિથિનું તમે અપમાન કર્યું છે. સનતકુમારોના શાપના કારણે પહેલાં જન્મમાં હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ લોભના સ્વરૂપે જન્મ લેશો. બીજા જન્મમાં કામના સ્વરૂપે રાવણ અને કુંભકર્ણ થશો અને ત્રીજા જન્મમાં ક્રોધના સ્વરૂપે શિશુપાલ અને દંતવક્ર થશો."

જય-વિજયે ભગવાનને પગે લાગી પહેલો રાક્ષસ અવતાર હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુનો લીધો. હિરણ્યાક્ષનો વરાહ સ્વરૂપે ભગવાને સંહાર કર્યો. પૃથ્વીને તેની દાઢમાંથી મુક્ત કરી, સ્થિર કરી. મનુ અને શતરૂપાને સૃષ્ટિસર્જન અર્થે પૃથ્વી પર મોકલ્યાં. ત્રણ દીકરી અને બે દીકરા થયાં. સમય વીતતો ચાલ્યો. દીકરીઓ મોટી થઈ. એક દિવસ નારદજી મનુ પાસે આવ્યાં. મનુએ નારદજીને કહ્યું, "અમારી દીકરીઓ માટે યોગ્ય મુરતિયા શોધી આપો. દીકરીઓ ઉંમરલાયક થઈ છે." નારદજી કહે, "ભલે."

"નારદજીને ઉત્તમ કુળના બ્રાહ્મણ કર્દમની જાણ થઈ. પચ્ચીસ વર્ષ વિદ્યાભ્યાસ કર્યા બાદ નક્કી કર્યું કે લગ્ન કરી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો. કર્દમની ઈચ્છા એવી હતી કે પત્ની એવી મળે કે જીવન સુખમય જાય. કર્દમે ઈશ્વરની આરાધના કરવા માંડી. તપ કરવા લાગ્યા. કેટલાક સમય પછી ભગવાન કર્દમ પાસે આવ્યા. કર્દમે ભગવાનને દંડવત્ પ્રણામ કર્યા. ભગવાને કર્દમને વરદાન માગવા કહ્યું. કર્દમે પત્ની માંગી, સુંદર પુત્ર માગ્યો. ભગવાને પૂછ્યું, "કર્દમ પત્ની કેમ માગે છે ? મોક્ષ માગ." કર્દમે ભગવાનને કહ્યું, "માનવીના મનમાં હજારો જન્મની કામવાસના સૂતેલી હોય છે. વૃદ્ધાવસ્થામાંય માનવીનું મન ચળી જાય છે. હે ભગવાન ! મારા તપમાં કાંઈ ખામી છે ?" કર્દમે ભગવાનને કહ્યું, "ચ્યવન ઋષિ બ્રહ્મચારી હતા. આકરું તપ કરતાં કરતાં તેના શરીર પર ધૂળના રાફડા થઈ ગયા. રાફડામાંથી તેમની ફક્ત બે આંખો દેખાતી હતી. એક દિવસ શર્યાતિ રાજાની સોળ વર્ષની દીકરી રમતી રમતી જ્યાં ચ્યવન ઋષિ તપ કરતા હતા ત્યાં આવી. તેણીએ રાફડામાંથી તેમની ફક્ત બે આંખો જોઈ. જીવડાં માની બે દર્ભની સળી આંખોમાં ભોંકી દીધી. ઋષિ ગુસ્સે થઈ ગયા.

રાજા શર્યાતિએ ઋષિની માફી માગી. ચ્યવન ઋષિએ કહ્યું “તારી દીકરીને મારી સાથે પરણાવ તો હું ક્ષમા કરું.” દીકરીએ કહ્યું, “બરાબર છે. મારા કર્મની સજા મારે ભોગવવી જ જોઈએ. શર્યાતિ રાજાએ ૯૦ વર્ષના ચ્યવન ઋષિ સાથે પોતાની ૧૬ વર્ષની દીકરીનાં લગ્ન કર્યાં.”

“ચ્યવન ઋષિને નેવું વર્ષની ઉંમરે કામના જાગી. પણ શરીર શિથિલ થઈ ગયું હતું. ઋષિએ અશ્વિનીકુમારને શિથિલતા દૂર કરવા બોલાવ્યા. અશ્વિનીકુમાર પ્રખર વૈદું જાણતા હતા. અશ્વિનીકુમારે ચ્યવન ઋષિને કાયાકલ્પનો પ્રયોગ કરાવ્યો. પરિણામે નેવું વર્ષની ઉંમરે ચ્યવન ઋષિએ પચ્ચીસ વર્ષના યુવાન જેવું શરીર પ્રાપ્ત કર્યું અને સંસારસુખમાં જોડાયા. નેવું વર્ષે ઋષિમાં કામવાસના જાગી. હું તો યુવાન માનવી છું. જન્મજાત વૃત્તિઓને યોગ્ય રીતે સંતોષવાથી વિકૃતિ પેદા નથી થતી. હે ભગવાન ! મારે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો છે. મને યોગ્ય પત્ની અને પુત્ર મળે તેવા આશીર્વાદ આપો.” ભગવાને કહ્યું, “હે કર્દમ ! તારી પાસે મનુ અને શતરૂપા આવશે. તેની ત્રણ દીકરીઓમાંથી દેવહૂતિ કન્યા તને આપશે. તને નવ દીકરી અને એક દીકરો થશે.” કર્દમે ભગવાનને કહ્યું, “તમે મારે ત્યાં દીકરા તરીકે આવો.” ભગવાન કહે, “હું બંધાતો નથી કે હું તારે ત્યાં જન્મ લઉં.” કર્દમે ભગવાનને પ્રણામ કર્યા. ભગવાન ત્યાંથી જવા નીકળ્યા. કર્દમને વિચાર આવ્યો, હું કેવો સ્વાર્થી ! મારી પાસે ભગવાન આવ્યા. વરદાન આપવા છતાં પણ મેં તેમને કાંઈ ન આપ્યું ? પાસે જ ચણોઠીનું ઝાડ હતું. ચણોઠી ચૂંટી પોતાની લંગોટીના તાંતણામાં પરોવી માળા કરી દોડતાં દોડતાં ભગવાનને ચણોઠીની માળા ભેટ આપી. ભગવાનને કર્દમે કહ્યું, “ભગવાન, આ માળા હમણાં ન પહેરતા, કૃષ્ણાવતારમાં પહેરજો.”

“નારદજી મનુ અને શતરૂપા પાસે આવ્યા. યુવાન બ્રાહ્મણ કર્દમની વાત કરી. મનુ અને શતરૂપા પોતાની લાડકી દીકરીને લઈ રથમાં બેસી કર્દમના આશ્રમ પાસે આવ્યાં. રથમાંથી ઊતરી ધીમે ધીમે આશ્રમમાં દાખલ થયાં. આશ્રમમાં જઈ એક ઋષિને પૂછ્યું, “કૃપા

કરી કર્દમ ઋષિ ક્યાં છે બતાવશો ?" મનુ શતરૂપા, દેવહૂતિને લઈ કર્દમ પાસે આવ્યાં. કર્દમે બધાને આવકાર આપ્યો. ત્રણ આસન લઈ આવી બધાંને બેસવા કહ્યું. મનુ અને શતરૂપા આસન પર બેઠાં. દેવહૂતિનું આસન સંકેલી પોતાના ગોઠણ નીચે મૂક્યું. કર્દમે બધાંને પાણી આપ્યું. દેવહૂતિ પાણીનાં પાત્રો અંદર મૂકી આવી. મનુએ કર્દમને વિનંતી કરી, "હે કર્દમ ! મારી આ દીકરીનો તમે સ્વીકાર કરો." દેવહૂતિએ સંમતિ આપી. ઘણી ધામધૂમથી મનુએ દીકરી દેવહૂતિના કર્દમ સાથે લગ્ન કર્યાં. કર્દમ લગ્નની રાત્રે અગિયાર વાગે લગ્નનાં કપડાં ઉતારી એક વસ્ત્ર પહેરી એક આસન પર બેસી તપ કરવા લાગી ગયા. દેવહૂતિ પણ અલંકાર ઉતારી સાદાં વસ્ત્ર ધારણ કરવા લાગી. પતિ-પત્ની મૌન ધારણ કરી ઈશ્વર આરાધના કરવાં લાગ્યાં. યુવાનીમાં વિષયસૂગ ન આવે તો ભક્તિ ફળતી નથી. યુવાનીનાં બાર વર્ષ કર્દમ અને દેવહૂતિએ આકરી તપશ્ચર્યા કરી. એક દિવસ સવારના પહોરમાં એક નેવું વર્ષના ઋષિ કર્દમને ઘેર આવ્યા. કર્દમને પ્રણામ કર્યા. ઋષિએ કહ્યું "મારા પૌત્રનાં લગ્ન છે. મારી ઈચ્છા છે કે નવદંપતી આપને પ્રણામ કરે. આપ ન આવો તો હું તેઓને અહીં લાવું." કર્દમે ઋષિના આમંત્રણનો સ્વીકાર કર્યો. લગ્નનો દિવસ આવ્યો એટલે કર્દમ અને દેવહૂતિએ ગૃહસ્થીનાં કપડાં પહેર્યા અને લગ્નમાં ગયાં. લગ્ન થઈ ગયાં એટલે નવદંપતીને આશીર્વાદ આપ્યા.

તે દિવસે સાંજે તપ કરતાં પહેલાં કર્દમે દેવહૂતિને કહ્યું, "હવે આપણે મૌન વ્રત છોડી બોલવાનું ચાલુ કરીએ. મારી ઈચ્છા છે કે બોલવાની શરૂઆત તું કર. તું પૂછ અને હું તને જવાબ આપું." દેવહૂતિએ પૂછ્યું, "આપણે આજે લગ્ન સમારંભમાં ગયાં હતાં. મને લગ્નનો અર્થ સમજાવો." કર્દમે કહ્યું, "આપણી તપની અવધિ પૂરી થઈ છે. તમે બિંદુ સરોવરમાં સ્નાન કરી તૈયાર થઈ આવો." દેવહૂતિ તૈયાર થઈ આવ્યાં એટલે કર્દમ અને દેવહૂતિ બન્ને વિમાનમાં બેસી ફરવાં નીકળ્યાં. ગૃહસ્થાશ્રમમાં જોડાયાં. દેવહૂતિએ એક પછી એક એમ નવ દીકરીઓને જન્મ આપ્યો. દેવહૂતિએ કર્દમને કહ્યું, "દીકરીઓમાં માના સદ્‌ગુણો ઊતરે છે. પિતાનાં જ્ઞાનનો વિસ્તાર

પુત્ર દ્વારા થાય છે. મારે એક પુત્રની ઈચ્છા છે. મારા માતા-પિતાએ કહેલું કે એક પુત્રસુખ પર્યંત આપ સંસાર ભોગવશો.'' શુકદેવજી કહે, ''હે પરીક્ષિત ! કર્દમ - દેવહૂતિ સંસારસુખમાં જોડાયાં. દેવહૂતિ સગર્ભા બન્યાં. કર્દમે પરમાત્માને પ્રાર્થના કરી કે, ''હે ભગવાન ! એક દીકરો અમને આપો, જેથી અમારો ઉદ્ધાર થાય.'' કેટલાક સમય પછી ભાદરવા સુદ છઠ્ઠને દિવસે દેવહૂતિએ દીકરાને જન્મ આપ્યો. કપિલ ભગવાનના રૂપમાં ઈશ્વરે અવતાર લીધો. કર્દમ અને દેવહૂતિએ ત્યારબાદ સમગ્ર જીવન પ્રભુભક્તિમાં પરોવી દીધું. દીકરા કપિલને જનોઈ આપી. કપિલે પિતાને કહ્યું, ''મારી નવ બહેનોનાં લગ્ન કરો. હું જવતલ હોમું પછી તમે તપ કરવા જાવ. તમારી ફરજ પૂરી થાય છે. મારી માતા અહીં જ રહેશે. મારી માતાને હું મારું અખંડ જ્ઞાન આપીશ.'' કર્દમે સાંભળવાની ઈચ્છા વ્યક્ત કરી, ''તારી માતા સાથે હું પણ સાંભળું.'' કપિલે પિતાને ના કહી. મારી માતાનો અધિકાર વધુ છે. મારી માતાએ પોતાની થનગનતી યુવાનીમાં એક ક્ષણ પણ મનને વિચલિત કર્યા વગર સતત બાર વર્ષ સુધી મારામાં ચિત્ત પરોવી રાખ્યું છે. સતત એક ચિત્તે ઈશ્વર આરાધના કરી છે.

નવ દીકરીઓનાં લગ્ન કરી કર્દમ ઋષિ તપ કરવા ચાલ્યા ગયા.

કપિલ ભગવાન માતા દેવહૂતિને જ્ઞાન આપે છે. દેવહૂતિને કહે છે, ''તું મારી માતા છે અને હું તારો પુત્ર છું, એ વાત તું ભૂલી જા.''

''દેવહૂતિ એક દર્ભના આસન પર બેઠાં. કપિલે દેવહૂતિને સાંખ્યશાસ્ત્રનું જ્ઞાન આપ્યું. કપિલે દેવહૂતિને કહ્યું, ''જીવનની ગતિ કઈ રીતે થાય તે હું તમને કહીશ.'' દેવહૂતિએ કપિલને પ્રશ્ન પૂછ્યો, ''ભગવાન પ્રાપ્તિ માટે માનવે શું કરવું ? ભગવાન કપિલે કહ્યું, ''સૌ પ્રથમ ભગવાનના જમણા ચરણથી શરૂ કરી મુખારવિંદ સુધી લઈ જઈ ધ્યાન ધરવું. સ્વભાવને મધુર રાખવો. શાંત મન રાખી ઈશ્વરમાં ચિત્ત પરોવવું.'' કપિલે કહ્યું, ''વહેલી સવારે તમારા આરાધ્ય દેવનું ધ્યાન ધરવું. ધ્યાન કરતાં ઈન્દ્રિય શુદ્ધ હોવી જરૂરી છે. મન એકાગ્ર કરી, અંતઃકરણ શુદ્ધ કરી ભક્તિભાવપૂર્વક ઈશ્વરનું ધ્યાન ધરી

આરાધના કરવી.'' દેવહૂતિએ કપિલને પૂછ્યું, ''માનવ જન્મ કેમ થાય ?'' કપિલે કહ્યું, ''સ્ત્રીપુરુષ સંસારમાં જોડાય, પાંચમા મહિને ગર્ભને ક્ષુધા અને તૃષા લાગે છે. સાતમાં મહિને ગર્ભમાં જીવ આવે છે. જીવ ૧૦૦ દિવસ ઈશ્વરને ગર્ભમાં થતી પીડામાંથી છોડાવવા પ્રાર્થના કરે છે. દસમા મહિનાના દસ દિવસે ૧૦૦ વર્ષના આયુષ્ય સાથે જીવ જન્મ લે છે. પોતાના કર્મ પ્રમાણે જીવન વિતાવે છે.'' કપિલે દેવહૂતિને કહ્યું, ''મા દેવહૂતિ, જ્ઞાનને પચાવી શકે તેવાં તમે એક જ છો. ઘણા સમયથી માનવ જન્મ લેવાની ઈચ્છા રાખતો હતો. હું તમારે ઘરે આવ્યો. હું તમારો દીકરો છું. મારે તમને કાંઈક આપવું જોઈએ. મેં તમને જ્ઞાન આપ્યું.'' કપિલે ઊભા થઈ માતાને દંડવત્ પ્રણામ કર્યા. ''મા, હવે હું રજા લઉં ?'' કપિલ ઊભા થયા. બન્નેની આંખમાંથી અશ્રુબિંદુ પડવાં લાગ્યાં. જ્યાં અશ્રુબિંદુ પડ્યાં તેને બિંદુસરોવર મનાય છે. કપિલ ભગવાન ગયા પછી દેવહૂતિ પોતાનો કેશકલાપ છૂટ્ટો મૂકી જરૂરી કપડાં પહેરી ઈશ્વર આરાધના કરવા બેસી ગયાં. કાળે કરી દેવહૂતિનું શરીર શાંત થયું.

''કપિલ ભગવાન માતાને જ્ઞાન આપી ગંગાસાગર ગયેલા. ત્યાં તેમને પોતાની માતાનાં મૃત્યુના સમાચાર મળ્યા. ત્યાં કપિલે માતાનું શ્રાદ્ધ કર્યું.'' શુકદેવજી કહે, ''હે પરીક્ષિત, મનુ અને શતરૂપાએ બાળકોને કહેલું જીવન કૃતકૃત્ય કરજો. જે દેવહૂતિએ કરી બતાવ્યું.'' પરીક્ષિતે શુકદેવજીને પૂછ્યું, ''ઈશ્વર પ્રાપ્તિ માટે શું કરવું જોઈએ ?'' શુકદેવજી કહે, ''સૌ પ્રથમ માણસે સ્વભાવને જીતવો જોઈએ. ચિત્ત શુદ્ધ કરી ભગવત સેવામાં મન પરોવવું જોઈએ.'' ભગવાન સેવા ત્રણ પ્રકારની છે. ૧. તનુજા ૨. વિત્તજા ૩. માનસી. માણસે પોતાને જે પ્રકાર અનુકૂળ લાગે તે પ્રમાણે ભગવત સેવા કરવી. ભગવાનની ભક્તિમાં પ્રેમ રાખવો. ઈશ્વરનું ધ્યાન ધરવા કોશિશ કરવી. ભગવત પ્રાપ્તિ માટે કોશિશ કરવી.''

# ચોથા સ્કંધનો સારાંશ

આ સ્કંધમાં વિસર્ગલીલા છે. આમાં ચાર પુરુષાર્થ - ધર્મ, અર્થ, કામ, મોક્ષની ચર્ચા કરવામાં આવી છે.

ધર્મમાં સાત પ્રકારની શુદ્ધિ - દેશશુદ્ધિ, કાલશુદ્ધિ, મંત્રશુદ્ધિ, દેહશુદ્ધિ, વિચારશુદ્ધિ, ઈન્દ્રિયશુદ્ધિ, દ્રવ્યશુદ્ધિ બતાવવામાં આવી છે. માનવજીવનમાં ધર્મ મુખ્ય છે. તે આ લોક અને પરલોકમાં સુખ આપે છે. આમાં દક્ષ પ્રજાપતિના યજ્ઞની કથા આવે છે.

દક્ષ પ્રજાપતિ પોતાની પુત્રી સતીને શિવજી સાથે પરણાવે છે. એક બ્રહ્મસત્રમાં દક્ષ પ્રજાપતિ આવતાં શિવજી ઊભા ન થતાં તે શિવજી પ્રત્યે નારાજ થાય છે ને વાગ્બાણ વડે તેમને છડેચોક અપમાનિત કરે છે. દક્ષ બ્રહ્મસત્ર છોડી ચાલ્યા જાય છે. થોડા સમય પછી દક્ષ કનખલક્ષેત્રમાં બીજો યજ્ઞ શરૂ કરે છે. તેમાં શિવજીને પોતાની પુત્રી સતીને નિમંત્રણ આપતા નથી, છતાં તે યજ્ઞમાં સતીજી શિવજીની ના છતાં જાય છે. ત્યાં પોતાના પિતાથી તે અપમાનિત થાય છે અને પોતાના પતિનું પણ પોતાના પિતાએ અપમાન કર્યું છે, તે જોઈ પોતે જાતે અગ્નિ પ્રગટ કરી દેહનો ત્યાગ કરે છે. શિવજીને આ બાબતની ખબર પડતાં વીરભદ્રને ઉત્પન્ન કરી દક્ષ પ્રજાપતિનો અને તેના યજ્ઞનો નાશ કરે છે. છેવટે દેવતાઓની સમજાવટથી શિવજી યજ્ઞસ્થળે જાય છે. પોતાના સેવક વીરભદ્રને શાંત થવા કહે છે અને દક્ષના માથે બકરાનું માથું જોડી તેને સજીવન કરે છે.

સાથે સાથે અનસૂયાની પતિવ્રતાની કથા સાંકળી લીધી છે. લક્ષ્મીજી, પાર્વતીજી, સાવિત્રીજી અનસૂયાજીના પતિવ્રતનો ભંગ કરવા વિષ્ણુજી-શિવજી-બ્રહ્માજીને મોકલે છે. ત્યાં અનસૂયાજીની પરીક્ષા કરવા જતાં ત્રણેને બાળક બનવું પડે છે. ત્રણે દેવીઓ અનસૂયાજીની માફી માગે છે, પછી પોતાના પતિદેવોને મૂળ સ્વરૂપમાં તે પ્રાપ્ત કરી શકે છે. અત્રિ-અનસૂયાજીને ત્યાં દત્તાત્રેયનો જન્મ થાય છે.

ધ્રુવજીનું ચરિત્ર લીધું છે. ઉત્તાનપાદને બે રાણીઓ - સુરુચિ અને સુનીતિ હતી. તે બંનેને એક એક પુત્ર - સુરુચિને ઉત્તમ અને સુનીતિને ધ્રુવ હતા. એક સમયે ઉત્તાનપાદ ધ્રુવને ગોદમાં બેસાડતા નથી. તેની ઓરમાન મા સુરુચિ તેને મહેણું મારે છે : 'તારે તારા પિતાના ખોળામાં બેસવું હોય તો વનમાં જઈ તપશ્ચર્યા કરી, મારે પેટે જન્મ લે.' આથી ધ્રુવ

પોતાની માતા સુનીતિ પાસેથી રજા મેળવી પરમાત્માની આરાધના માટે જંગલમાં જાય છે. ત્યાં ઉગ્ર તપશ્ચર્યા દ્વારા તે પ્રભુદર્શન કરે છે અને રાજગાદી મેળવે છે.

પછી પ્રચેતાઓની કથા આવે છે. પ્રચેતાઓ ધ્રુવજીના વંશમાં થયેલા છે. તેમાં અંગ નામનો રાજા થયો. તે સદાચારી હતો. તેને વેન નામનો પુત્ર હતો, તે દુરાચારી હતો. બ્રાહ્મણોના શાપથી તેનું મૃત્યુ થાય છે. બાદ બ્રાહ્મણોએ વેદ મંત્રો વડે તેના બાહુઓનું મંથન કર્યું. પૃથુ મહારાજ અને મહારાણી અર્ચિનું પ્રાગટ્ય કર્યું. પૃથુરાજા અર્ચન-ભક્તિમાં શ્રેષ્ઠ છે. પુરંજનરાજા અને તેના મિત્ર અવિજ્ઞાતની કથા આવે છે. પુરંજન જીવાત્મા છે અને અવિજ્ઞાતી પરમાત્મા છે. પરમાત્મા જીવ ઉપર અનેક ઉપકારો કરે છે, તેનું ભાન જીવને નથી. પુરંજન કાળદેવની દીકરી જરા સાથે પરણે છે. તે સ્ત્રીમાં અતિ આસક્ત રહેવાથી તેનો નવો જન્મ કન્યા રૂપે થાય છે.

નારાયણ સરોવરને કિનારે પ્રચેતાઓ દસ હજાર વર્ષ સુધી જપ કરતા, નારાયણ ભગવાન તેમને દર્શન આપે છે, અને આજ્ઞા કરે છે કે, 'તેઓ લગ્ન કરી ગૃહસ્થી બને.' પ્રચેતાઓ લગ્ન કરી ગૃહસ્થી બને છે. પરમાત્મા તેઓને સંસારસાગર કેવી રીતે તરી જવાય તે માટે બોધ આપે છે. આ બોધ બધા ગૃહસ્થી માટે ઉપયોગી છે.

ગૃહસ્થીએ ચોવીસ કલાકમાં ચાર કલાક ઈશ્વર-સ્મરણ, ધ્યાન, સેવાપૂજા અવશ્ય કરવા જોઈએ. બાકીનો સમય ધંધા માટે, નિદ્રા માટે અને પોતાના કુટુંબ માટે આપી શકે છે. ઈશ્વર સ્મરણથી ગૃહસ્થીનું મન શુદ્ધ થશે. તેનામાં ત્યાગની ભાવના આવશે. વૈરાગ્ય પેદા થશે. આ માટે રાંકા-બાંકાનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. પુણ્યને ભૂલી ફક્ત કરેલ પાપને જ યાદ રાખો. આ માટે યયાતિરાજાનું દૃષ્ટાંત આપેલ છે. જગતને પ્રસન્ન કરવાનું માંડીવાળી પરમાત્માને પ્રસન્ન કરો. આ માટે મા-બાપ અને દીકરાનું દૃષ્ટાંત લીધું છે.

છેલ્લે મૈત્રેયજી કહે છે : 'મેં વિદુરજીને આ કથા સંભળાવી છે.' વિદુરજીને ત્યાં મુક્તિ મળે છે.

● ● ●

# સ્કંધ-૪

શુકદેવજી કહે, "હે રાજા ! આજે હું તને અહંકાર માનવીનો વિનાશ સર્જે છે. તેને લગતી એક વાત કહીશ. માનવી જીવનમાંથી અહંકારનો ત્યાગ કરે તો જ જીવન પવિત્ર થાય. ફક્ત પ્રાર્થનાથી ઠાકોરજી પ્રસન્ન થતાં નથી. અહંકાર માનવીનો વિનાશ સર્જે છે, જે વાત દક્ષની કથા પરથી તને સમજાશે."

શુક : "હે પરીક્ષિત ! દક્ષ પ્રજાપતિની વાત હું તને કહું છું તે તું એકચિત્તે સાંભળ. દક્ષ પ્રજાપતિને સોળ દીકરીઓ હતી. સૌથી નાની દીકરી સતીને શિવજી સાથે પરણાવી હતી. યજ્ઞમાં એક વખત દેવઋષિઓની મોટી સભા ભરવામાં આવેલી. સભાના પ્રમુખસ્થાન પર શિવજી હતા. દક્ષ પ્રજાપતિ આ ઋષિમુનિઓની સભામાં આવ્યા ત્યારે ઊભા થઈ બધાએ તેને માન આપ્યું, પણ મહાદેવજી પોતાના આસન પરથી ન ઊઠ્યા. તેથી દક્ષને રીસ ચડી. દક્ષે નક્કી કર્યું કે હું એક યજ્ઞ કરું અને બધા દેવોને આમંત્રણ આપું, પણ શંકરને આમંત્રણ નહીં આપું. દક્ષે આ વાત પોતાની સભામાં જાહેર કરી. કોઈએ તેનો વિરોધ ન કર્યો, ફક્ત ભગવાન શંકરના ગણ નંદીશ્વરે ઊભા થઈ બ્રાહ્મણોને કહ્યું, "હે બ્રાહ્મણો ! તમે તમારા રાજાને વારો - ભગવાન શંકરનું આવું અપમાન ?" પણ કોઈ બ્રાહ્મણ બોલ્યો નહીં. નંદીશ્વર ગુસ્સે ભરાયા અને દક્ષને શાપ આપ્યો કે તેં શિવની નિંદા કરી તેથી તારું મુખ બોકડાના જેવું થજો. ઋષિમંડળીએ હાસ્ય કર્યું તેથી તેમનાં દાંત પડો. જેમણે શિવની નિંદા કરી તે બ્રાહ્મણ વેદ વેચીને પ્રપંચથી નિર્વાહ કરીને ભિક્ષા માંગે તેવો નંદીએ શાપ આપ્યો. શિવજીએ નંદીને કહ્યું, "નંદી બેસી જા. ક્રોધ સામે ક્રોધ ન કરવો."

દક્ષે રાણીને કહ્યું, "કનખલમાં મોટો યજ્ઞ કરવો છે. જગતના બધા દેવો અને મહાત્માઓને આમંત્રણ આપીશું, પણ સતી અને શંકરને આમંત્રણ નહીં આપીએ. દક્ષે યજ્ઞ શરૂ કર્યો. સતી અને મહાદેવને આમંત્રણ આપ્યું નહીં. યજ્ઞના દિવસે કૈલાસમાં શિવજી ધ્યાનમાં બેઠા

હતા. સતીની બહેનો પોતાના પતિ સાથે વિમાનમાં બેસી યજ્ઞમાં જાય છે. તે જોઈ સતીને મનમાં ખૂબ દુઃખ થયું, કે મારા પિતાએ મને અને શિવજીને આટલા મોટા યજ્ઞમાં આમંત્રણ ન આપ્યું ? પિયરના પ્રસંગમાં દીકરીને આમંત્રણ ન મળ્યું હોય તો દીકરીને બહુ દુઃખ થાય. શિવજી સમાધિમાંથી ઊઠ્યા ત્યારે સતીએ કહ્યું, "તમારા સસરા દક્ષ પ્રજાપતિએ મોટો યજ્ઞ કર્યો છે. બોલો દર્શન કરવા ક્યારે જઈશું ?" શિવજીએ કશો જવાબ ન આપ્યો. સતીનું હૈયું કાબૂમાં ન રહ્યું. સતીએ શિવજીને કહ્યું, "માતા-પિતા, ગુરુ, ગુરુપત્ની, સાસુ-સસરા માતા-પિતા સમાન, ત્યાં નોતરાંની રાહ ન જોવાય. બોલો ક્યારે જઈશું ?" બિલકુલ મૌન. શિવજીએ જવાબ ન આપ્યો. ફરી સતીએ કહ્યું, "મને ખબર છે કે આપણને આમંત્રણ નથી, છતાં જગતમાં ક્યારેય ન થયો હોય તેવો યજ્ઞ થાય છે, આપણે દર્શન કરવા ક્યારે જઈશું ?" શિવજીએ કહ્યું, "સતી મારી ના નથી. યજ્ઞનાં દર્શન કરવા જવું છે તો હું પણ તૈયાર છું, પણ સાંભળ, કોઈ પણ કામ કરતાં પહેલાં અભિમાનની આહુતિ આપવી જોઈએ. તું એટલી સ્વમાની છો કે જો તને આવકાર નહીં મળે તો મને દહેશત છે કે હું તને ગુમાવી બેસીશ. મને લાગે છે કે જ્યાં આપણને આવકાર ન મળે ત્યાં આપણે જવું ન જોઈએ. યજ્ઞો તો ઘણા થતા હોય છે. તમારે ત્યાં જ શા માટે જવું છે ? છતાંય તમારી બહુ જ ઇચ્છા હોય તો તમે એકલાં જ જઈ આવો." સતીએ શિવજીને કહ્યું, "શા માટે મને એકલી જવા કહો છો ?" શિવજીએ કહ્યું, "તારા પિતાના યજ્ઞમંડપમાં મારું સ્થાન-માન નથી." સતીએ કહ્યું, "તમે મને આજ સુધી આ વાત કેમ ન કરી ?" સ્વમાન સૌને વહાલું હોય. સતી વિચારમાં પડી ગયા. જવું કે ન જવું ? સતીની બધી બહેનો યજ્ઞમાં પહોંચી ગઈ. બધી બહેનો માને પૂછવા લાગી, "સતી કેમ નથી આવી ?" જવાબ આપવાને બદલે મા રડવા લાગી. દક્ષે કહ્યું, "ખબરદાર એનું નામ લીધું છે તો ?"

આ બાજુ સતીએ વિચાર્યું, જવું તો ખરું જ. શિવજીએ સતીને કહ્યું, "એવું કાંઈ ન કરતાં કે હું તમને ગુમાવી બેસું." સતી તૈયાર

થયાં. શિવજીને પગે લાગ્યાં. શિવજીએ નંદીશ્વરને કહ્યું, “હે નંદીશ્વર! તું સતીને કનખલ લઈ જા.” સફેદ કપડાં અને રુદ્રાક્ષની માળા પહેરી સતી તૈયાર થયાં અને શિવજીને પગે લાગ્યાં. મહાદેવજીની આંખો ભરાઈ આવી. નંદીશ્વર સાથે સતી કનખલ જવા નીકળ્યાં.

“દક્ષ પ્રજાપતિને ત્યાં કરોડો માનવીઓ યજ્ઞમાં આવ્યા હતા. બ્રહ્મા અને વિષ્ણુએ દક્ષને પૂછ્યું, “શિવજી ક્યાં છે ?” દક્ષ કહે, “આવશે એની મેળે.”

“ૐ નમઃ શિવાય” કહેતાં સતી યજ્ઞમાં આવ્યાં. ઋષિઓ પૂછવા લાગ્યાં “મહાદેવજી ક્યાં છે ?” મા ઊભી થઈ સતીના માથે ખભે માથું નાખી ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી. સતીએ કહ્યું, “મા, હું વગર નોતરે આવી છું.” પિતા દક્ષને સતીએ કહ્યું, “મને એક બ્રાહ્મણ આપો, જે મને સમજણ પાડે.” સતીને યજ્ઞમાં ક્યાંય મહાદેવજીનું સ્થાન કે કળશ દેખાયાં નહીં. સતીએ બ્રાહ્મણને પૂછ્યું, “હે બ્રાહ્મણ ! રુદ્રકળશ કે સ્થાન આ યજ્ઞમાં કેમ નથી ? ભૂલી તો નથી ગયા ને ?” બ્રાહ્મણે કહ્યું, “અમને આ યજ્ઞમાં શંકરનું નામનિશાન રાખવાની તમારા પિતા દક્ષ પ્રજાપતિએ મનાઈ ફરમાવી છે.” માતાએ સતીને ફલાહાર કરવા કહ્યું, પણ સતીએ ના પાડી, હું ફક્ત યજ્ઞનાં દર્શને આવી હતી. હવે હું રજા લઉં છું. યજ્ઞમાં બ્રાહ્મણો સ્વાહા સ્વાહા કરતા હતા. સતી તેના પિતા દક્ષને કહેવાં લાગ્યાં, “હે પિતાજી ! કોઈપણ માણસ બે અક્ષર શિવ કે ત્રણ અક્ષર શંકર એક વખત પણ બોલે તેના જીવનનાં પાપો બળીને ભસ્મ થઈ જાય છે. અરે ! અંતકાળે છેલ્લી ઘડીઓ ગણાતી હોય ત્યારે માનવી મહામૃત્યુંજયનો જપ કરે તેને જીવતદાન ભગવાન મહાદેવ આપે છે. જુઓ, આ ઈન્દ્રરાજા આવ્યા. તેમને પૂછો કે હે ઈન્દ્રરાજા ! આ દાગીના, કપડાં તમને કોણે આપ્યાં ?” ઈન્દ્રરાજાએ જવાબ આપ્યો કે, “હું સ્મશાનમાં ગયો ત્યાં શિવજીએ મને આપ્યાં.” “હે પિતાજી ! આવા તમારા જમાઈ, તેનું તમે ભયંકર અપમાન કર્યું છે. કહો તો ખરા, મારા પતિદેવ શિવજીએ તમારું કઈ રીતે અપમાન કર્યું ?” દક્ષે જવાબ ન આપ્યો.

"કૈલાસમાં મહાદેવ જાગ્રત થયા. કંઈક અઘટિત ઘટના બનશે તેમ તેમને લાગવા માંડ્યું."

"સતી યજ્ઞ કુંડ પાસે ઓટલા પર બેસી ગયાં. પોતાનો કેશ કલાપ છૂટો મૂક્યો અને "ૐ નમઃ શિવાય" બોલતાંની સાથે જ સતીના હૃદયમાંથી અગ્નિ પ્રગટ થયો. સતી બળવા લાગ્યાં. ત્યાં મહાદેવજી આવ્યા અને ઝળહળતી સતીને ખભે નાખી જવા માંડ્યા, તે જ વખતે ભગવાન આવ્યા અને બાણ માર્યું. ઝળહળતી સતીમાંથી નવશક્તિ ઉત્પન્ન કરી. આ બળતી સતી એટલે વૈષ્ણવી દેવી. સતીએ પ્રાણત્યાગ કર્યો. વરું તો મહાદેવજીને, તે ઈચ્છા સાથે. શંકરના ગણોએ દક્ષને મારી નાખ્યા. સતીનું શ્રાદ્ધ કરી શિવજી કૈલાસમાં આવ્યા. કૈલાસમાં શિવજી સમાધિમાં બેઠા છે ત્યાં ભગવાન અને દેવતાઓ આવ્યા. મહાદેવજીએ આંખો ઉઘાડી તો સામે દેવતાઓનાં દર્શન થયાં. બધાને આવકાર આપ્યો. એક એક ફળ અને અલકનંદાનું પાણી આપ્યું. દેવતાઓએ કહ્યું, "તમારા સસરાએ શરૂ કરેલો યજ્ઞ અધૂરો છે, તે પૂરો કરવા તમે આવો. શિવજી, તમારા સસરાને સજીવન કરો. તેને બોકડાનું માથું પહેરાવી દો." શિવજી દેવતાઓ સાથે કનખલ આવ્યા. દક્ષને બોકડાનું માથું પહેરાવી સજીવન કર્યા. અધૂરો યજ્ઞ શરૂ કર્યો. શિવજીએ યજ્ઞમાં આહુતિ આપવા માંડી. ભગવાને શિવજીએ આપેલી આહુતિનો સ્વીકાર કર્યો. દક્ષે ભગવાનને પૂછ્યું, "હે ભગવાન ! મેં યજ્ઞ કર્યો ત્યારે તમે કેમ ન આવ્યા ?" ભગવાને કહ્યું, "હે દક્ષ ! તમે કોઈને બતાવવા અભિમાનથી યજ્ઞ કરતા હતા. તેથી હું નહોતો આવ્યો. દક્ષે ભગવાનની ક્ષમા માંગી. ભગવાને દક્ષને પૂછ્યું, "કોઈ ઇચ્છા છે ?" દક્ષે કહ્યું, "હે ભગવાન ! હું ફરી મનુષ્ય અવતાર લઉં" ભગવાને કહ્યું, "હે દક્ષ ! જરૂર લેશો. તમારે ત્યાં સાઠ દીકરીઓ થશે. હે દક્ષ ! મહાદેવ એટલે હર. હરિ અને હર એક જ સ્વરૂપ છે. મહાદેવ અને હું જુદા નથી."

શુકદેવજી કહે, "હે પરીક્ષિત ! હવે સતીના બીજા અવતારની કથા હું તમને કહું છું. હિમાલય અને મેનકાને ઘરે દીકરીનો જન્મ

થયો. દીકરીનું નામ પાર્વતી પાડ્યું. પાર્વતી ઉંમરલાયક થયાં એટલે તેને માટે માતા-પિતાએ મુરતિયો શોધવા માંડ્યો. પાર્વતીએ કહ્યું, “હું મહાદેવજીને વરી ચૂકી છું. મારે માટે મુરતિયો ન શોધતા.” મહાદેવજીને પાર્વતી સાથે લગ્ન કરવા કહ્યું, “પણ મહાદેવજી કહે, એકવાર લગ્ન કરી પસ્તાયો છું. હવે ફરી નથી પરણવું.”

“પાર્વતી દરરોજ કૈલાસ પર જાય અને મહાદેવજીની પૂજા કરે. એમ કરતાં કરતાં પાર્વતી અઢાર વર્ષની થઈ. તેની એક જ ઈચ્છા, વરું તો મહાદેવજીને જ.”

“તારકાસુર દેવતાઓ પર જુલમ કરવા લાગ્યો. દેવતાઓ ભગવાન પાસે ગયા. અમને આ રાક્ષસથી બચાવો. ભગવાન કહે, “શંકર પાર્વતી સાથે લગ્ન કરે અને કાર્તિકેયનો જન્મ થાય. કાર્તિકેય જ તારકાસુરને મારી શકશે.” દેવતાઓએ આ કામ માટે કામદેવને વિનંતી કરી. “હે કામદેવ ! શંકરમાં એવી વૃત્તિ મૂકો કે શંકર પાર્વતી સાથે લગ્ન કરે.” કામદેવે પોતાનું કામ શરૂ કર્યું. જ્યાં મહાદેવજી તપ કરતા હતા ત્યાં વસંત પૂરબહારમાં ખીલી. મયૂરો નાચવા લાગ્યા. આંબા પર કેરીઓ લચકવા માંડી. કામદેવે બાણ તૈયાર રાખ્યું. પાર્વતીએ શંકરની એક ચિત્તે પૂજા કરી. કામદેવે શિવજીને બાણ માર્યું. શિવજી જાગ્યા. સામે કામદેવને જોયા. ત્રીજું લોચન ખોલી કામદેવને બાળીને ભસ્મ કરી નાખ્યા. શંકર ભગવાનની આડે કામદેવની પત્ની રતિ ઊભી રહી. “મારા પતિને જીવતા કરો.” મહાદેવજીએ કહ્યું, “હે રતિ ! આવતા જન્મમાં તારો પતિ ભગવાન કૃષ્ણને ત્યાં દીકરા તરીકે જન્મ લેશે. પ્રદ્યુમ્ન નામ ધારણ કરશે અને તું તેની પટરાણી થઈશ.” રતિએ મહાદેવજીને પ્રણામ કર્યા. પાર્વતી ઘરે આવ્યાં. પાર્વતી એક જ રટણ કરતાં હતાં, “વરું તો મહાદેવને.” મહાદેવને મેળવવા પાર્વતીજી પોતાની પાંચ સખીઓને લઈ વનમાં તપ કરવાં લાગ્યાં. કડકડતી ઠંડીમાં ગંગાજીમાં ઊભા રહી “ૐ નમઃ શિવાય”નો જાપ કરવાં લાગ્યાં. એક ચીજ ખાય અને આકરું તપ કરે. આમ ત્રણ વર્ષ વીત્યાં. એક દિવસ બપોરે બાર વાગ્યે પાતળમાં એક ફળ કાપીને

ખાવા માટે તૈયાર કર્યું. ત્યાં "ભિક્ષાન દેહિ"નો અવાજ આવ્યો. એક રક્તપિત્તિયો બ્રાહ્મણ આવ્યો. પાર્વતીએ પાતળમાંનું ફળ બ્રાહ્મણને દાનમાં આપી દીધું. બ્રાહ્મણે પૂછ્યું, "તમે શા માટે તપ કરો છો ?" પાર્વતીએ કહ્યું, "મહાદેવજીને મેળવવા માટે." બ્રાહ્મણ કહે, "કોણ મહાદેવ ? પેલો સ્મશાનમાં રહેનાર, ભૂતપિશાચ વચ્ચે રહેનાર !" પાર્વતી આવાં વચન સાંભળી ગુસ્સે ભરાયા. "ખબરદાર ! બંધ કરો. ચાલ્યા જાવ, ચાલ્યા જાવ." બ્રાહ્મણને કહેવા લાગ્યાં. સ્વજનની નિંદા સહન ન કરી શક્યાં. બ્રાહ્મણના ચાલ્યા ગયા પછી પાર્વતીને પસ્તાવો થયો. મારે ક્રોધ જીતવો જોઈએ. હું ક્રોધને જીતી ન શકી. ગુસ્સે થઈને બ્રાહ્મણને જાકારો દીધો. પાર્વતીએ તે દિવસ ઉપવાસ કર્યો. ગંગામાં સ્નાન કર્યું. આઠ દિવસ થયાં. ફરી તપશ્ચર્યા કરવા માંડ્યાં હતાં. મધ્યાહ્ન સમયે ફરી "ભિક્ષાન દેહિ" અવાજ સંભળાયો. શિવજીએ પોતાનું રૂપ બદલ્યું. સુંદર યુવાન સ્વરૂપે આવ્યા. પાર્વતીએ પાતળમાં ફળ તૈયાર કર્યું હતું. તે આપવા લાગ્યાં, યુવાન બ્રાહ્મણ કહે, "હું ફળની ભિક્ષા નહીં લઉં. હું તમને ભિક્ષામાં લેવા આવ્યો છું." કહી શિવજીએ પોતાનું સ્વરૂપ બતાવ્યું. મહાદેવજીને સામે આવેલા જોતાં જ પાર્વતીએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં. કોઈ પણ કાર્ય કામ અને ક્રોધને જીતીને કરવું જોઈએ, તો જ તે કાર્ય સફળ થાય. પાર્વતીજીનાં મહાદેવજી સાથે લગ્ન થયાં. ગણપતિ અને કાર્તિકેય એમ બે પુત્રો જન્મ્યાં." પરીક્ષિતે શુકદેવજીને કહ્યું, "આપે મનુ-શતરૂપાની દીકરીની વાત કરી. હવે તેના દીકરાની વાત કરો."

## ધ્રુવની કથા

શુકદેવજી કહે, "હે પરીક્ષિત  મનુના દીકરા ઉત્તાનપાદને બે રાણી હતી. સુનીતિ અને સુરુચિ. સુનીતિનો દીકરો ધ્રુવ હતો. સુનીતિ રાજાની અણમાનીતી રાણી હતી. ઉત્તાનપાદે તેને અને તેના દીકરા ધ્રુવને મહેલની બહાર કાઢી મૂક્યાં. ધ્રુવ પાંચ વર્ષનો થયો એટલે તેને શાળામાં ભણવા મૂક્યો. એક દિવસ શાળાએથી આવી ધ્રુવે તેની માતાને કહ્યું, "મારે મારા પિતાજીને પગે લાગવું છે. મારે મારા

પિતાજીના ખોળામાં બેસવું છે. મા, મારા પિતા ક્યાં છે ? મને તેમની પાસે લઈ જા. મને મારા પિતા બતાવ.'' વળી, બીજે દિવસે પણ ધ્રુવે એ જ વાત કરી. ''મા, મારા પિતાજી મરી ગયા છે ? મને કેમ મળતા નથી ?'' મા કહે, ''બેટા ! તું એવું ન બોલ.'' ધ્રુવ કહે, ''મા, મને એકવાર મારા પિતાજી પાસે લઈ જા.'' સુનીતિએ દીકરાને વાત ભુલાવવા ઘણી કોશિશ કરી પણ તે ભૂલ્યો નહીં. સુનીતિ વિચારવા લાગી, પતિની મૂડી છે. તેમને સોંપી દઉં ? આગળ વિચાર્યું, પાંચ વર્ષમાં તેમને ક્યારેય, તેમનો દીકરો ધ્રુવ યાદ નથી આવ્યો ? કદાચ તેને ફેંકી દે તો ? હું એકલી જાઉં ? જઈને ધ્રુવની ઇચ્છા કહું ? પણ મને મારે તો ? મને કંઈક થાય તો મારા દીકરાનું કોણ ? અમારું કોણ ? સુનીતિએ વિચાર્યું, જેનું કોઈ નથી તેનો ભગવાન છે. ખૂબ વિચારી સુનીતિએ ધ્રુવને કહ્યું, ''આજે હું તને તારા પિતાજી પાસે લઈ જાઉ છું.'' રાજમહેલ સુધી સુનીતિ ધ્રુવની સાથે આવી. દૂરથી બેઠેલા ઉત્તાનપાદ રાજાને બતાવીને ધ્રુવને કહ્યું, ''આ દેખાય, તે તારા પિતાજી બેઠા છે.'' ''તેની બાજુમાં બીજું કોણ બેઠું છે ?'' ધ્રુવે પૂછ્યું, સુનીતિએ જવાબ આપ્યો, ''તે તારી બીજી માતા છે.'' થનગનતો થનગનતો દીકરો ધ્રુવ રાજમહેલમાં દાખલ થયો. પિતા જ્યાં બેઠા હતા ત્યાં પહોંચી ગયો. જઈને પિતાના ખોળામાં બેસવા જતો હતો ત્યાં તેની બીજી માતાએ રોકીને કહ્યું, ''હે અણમાનીતી સુનીતિના પુત્ર ! પિતાના ખોળામાં બેસવું હોય તો મારે પેટે જન્મ લે અથવા ઈશ્વરનું આરાધન કર.'' આ વાત સાંભળતાં જ નાનકડા ધ્રુવે નક્કી કરી લીધું કે ઈશ્વરનું આરાધન કરવા જવું. પોતાની માતાને વાત કરી. સુનીતિએ ધ્રુવને રોકવાની ઘણી કોશિશ કરી પણ ધ્રુવ માન્યો નહીં. ધ્રુવ કહેવા લાગ્યો, ''મા ! તું મને શા માટે જવા દેતી નથી ? મારે ચોક્કસ ઈશ્વર આરાધના કરી ભગવાનને મેળવવા છે.'' ધ્રુવ માન્યા નહીં.

માગશર સુદ પૂનમને દિવસે ધ્રુવની માતાએ અનેક પ્રકારની સામગ્રી કરી. મંદિરમાં ભગવાનની આરતી કરી, દીકરા ધ્રુવને મિષ્ટાન્ન જમાડ્યું. કપાળમાં તિલક કર્યું. ધ્રુવે પોતાની માતાને સાષ્ટાંગ

દંડવત્ પ્રણામ કર્યા અને નાનકડો ધ્રુવ તપ કરવા ઘર છોડી ચાલી નીકળ્યો. ધ્રુવ દેખાતો બંધ થયો ત્યાં સુધી માતા ધ્રુવને જતો નિહાળતી ઊભી રહી. ધ્રુવજી ચાલવા માંડ્યા. રસ્તામાં તરસ લાગી. પાણી પીધું, દૂરથી નારદજીને આવતા જોયા. ધ્રુવે વિચાર્યું, આ જ ઊભી ચોટલીવાળા નારદજી લાગે છે. ધ્રુવજીએ નારદજીને દંડવત્ પ્રણામ કર્યા. નારદજીએ ધ્રુવને કહ્યું, "હે બાળક ! તું ક્યાંથી આવ્યો ?" ધ્રુવજી કહે, "હું મારી માતા સુનીતિનો દીકરો છું." ધ્રુવજીએ પોતાની બધી વાત નારદજીને કરી. નારદજી કહે, "ચાલ મારી સાથે. હું તને તારા બાપાના ખોળામાં બેસાડું." ધ્રુવે કહ્યું, "નહીં, મારે ભગવાનને મેળવવા છે. ઈશ્વરની આરાધના કરવી છે. હે નારદમુનિ ! મને કોઈ ઈશ્વર કેમ મળે ?" નારદજીએ કહ્યું કે, "હે બાળક, તું મધુવનમાં જા. ત્યાં ભગવાનના ચતુર્ભુજ સ્વરૂપનું ધ્યાન ધરી પ્રાર્થના કર. આ મંત્રનો જપ કર - "ૐ નમો ભગવતે વાસુદેવાય." ધ્રુવે પૂછ્યું, "આમ જપ કરવાથી પ્રભુ પ્રાપ્તિ થશે ?" નારદજીએ કહ્યું, "જરૂર થશે." "હે નારદજી ! એક વિનંતી કરું છું. અમારા નગરમાં જાવ તો મારી માતા સુનીતિને કહેજો, તારો દીકરો તને યાદ કરે છે, તને જરાય ભૂલ્યો નથી."

"ધ્રુવે નારદજીના કહેવા મુજબ તપ આદર્યું. પહેલે મહિને બાળક ધ્રુવે અનાજ છોડ્યું. ઝાડ પરથી પડેલાં ફળ ખાય અને સતત ભગવાનનું આરાધન કરે. બીજે મહિને ધ્રુવ છ દિવસે પાંદડાં ખાય. ત્રીજે મહિને બાર દિવસે ફક્ત હવા લે. આમ ચાર મહિના વીતી ગયા. વિશ્વમાં પડઘા પડવા લાગ્યા. "ૐ નમો ભગવતે વાસુદેવાય." દેવો અને ઋષિઓ વિચારવા લાગ્યા, આ કોણ તપ કરે છે ? એક નાનકડો પાંચ વર્ષનો બાળક ! પાંચમે મહિને ધ્રુવે એક પગે ઊભા રહી તપ કરવા માંડ્યું. ધ્રુવજી ભાનસ્થાન ભૂલ્યા. છઠ્ઠે મહિને ગરુડ પર બિરાજમાન થઈ ભગવાન ધ્રુવ પાસે આવ્યા. ભગવાને શંખમાંથી ધ્રુવજી પર પાણી છાંટ્યું. ધ્રુવે આંખો ખોલી. ભગવાનને પોતાની સામે જોઈ ધ્રુવ ઈશ્વરની સ્તુતિ કરવા લાગ્યો, "મારા અંતરમાં પ્રવેશી જ્ઞાન

દેનારા પરમ કૃપાળુ પરમાત્મા, આપને સાષ્ટાંત દંડવત્ પ્રણામ.'' ''બેટા ધ્રુવ ! ઊઠ. માંગ, હું તને શું આપું ?'' ધ્રુવે કહ્યું, ''કાંઈ જ નહીં. મારે ઈશ્વરનાં દર્શન કરવાં છે.'' ભગવાને કહ્યું, ''બેટા ધ્રુવ ! તારું કલ્યાણ થશે. તને રાજપાટ મળશે. જ્યારે તું અઠ્ઠાવન વર્ષનો થાય ત્યારે તારી માતાને લઈને બદ્રીનાથ આવજે. તમારા બે માટે બે વિમાન મોકલીશ.'' ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરી ધ્રુવજી ઘરે પાછા આવ્યા. માતા-પિતાને દંડવત્ પ્રણામ કર્યા. પિતા ઉત્તાનપાદે કહ્યું, ''બેટા ધ્રુવ, તને રાજગાદી સોંપી હવે હું તપ કરવા જાઉં.'' ધ્રુવે કહ્યું, ''પિતાજી, ભાઈ ઉત્તમને ગાદી પર બેસાડો.'' પિતાજીએ કહ્યું, ''ઉત્તમનાં લક્ષણો યોગ્ય નથી.'' રાજા ઉત્તાનપાદે ધ્રુવજીને ગાદી પર બેસાડ્યા. ધ્રુવે ખૂબ લાંબા સમય સુધી રાજ્ય ભોગવ્યું. આજે ધ્રુવ અઠ્ઠાવન વર્ષના થયા છે. પોતાના દીકરાને રાજપાટ સોંપી પોતાની માતા સુનીતિને સાથે લઈ જાત્રા કરવા નીકળ્યા. તપ કુંડમાં સ્નાન કર્યું. ઠાકોરજીનાં સમાસમાનાં દર્શન કર્યા. ઠાકોરજીએ આપેલા વચન મુજબ ધ્રુવજી અને તેની માતા માટે બે વિમાન મોકલ્યાં. ધ્રુવજી માતાને પગે લાગ્યા - ''મા ! તારી ક્ષમા માગું છું. તને વિમાનમાં બેસાડવા આવતાં મને મોડું થયું.'' ભગવાને આશીર્વાદ આપ્યા, ''બેટા ધ્રુવ, તારું અને તારી માતાનું કલ્યાણ થજો.'' શુકદેવજી કહે, ''હે રાજા પરીક્ષિત, તારા શેષ જીવનનો આજે ત્રીજો દિવસ શરૂ થાય છે. હવે હું તને જીવન સુખમય કે દુઃખમય તે વિષે કહીશ. સુખમય જીવન વિતાવતાં જ્યારે જીવન દુઃખમય બને ત્યારે માણસ વિચારે છે કે આવું દુઃખમય જીવન ન જીવવું પડે માટે નવો જન્મ નથી લેવો - એ વખતે કયા વિઘ્નો આવે છે તે કહીશ.''

# પાંચમા સ્કંધનો સારાંશ

આ સ્કંધમાં પરમહંસોની કથા કહી છે. આમાં જ્ઞાની પરમહંસ તરીકે ઋષભદેવને લીધા છે, જ્યારે પરમહંસોની એકબીજા સાથે તુલના કરવામાં આવી છે.

નાભિરાજાના પુત્રનું નામ ઋષભદેવ હતું. તેમને જ્ઞાનાવતાર માનવામાં આવે છે. જ્ઞાની પરમહંસોએ જગતમાં કેવી રીતે રહેવું અને વર્તવું જોઈએ તે બતાવવાના હેતુથી ઋષભદેવે સર્વનો ત્યાગ કર્યો. તેમણે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી, પણ તેઓ તેમાં ફસાયા ન હતા. તેઓ નગ્ન રહી ફરે છે. ઊભા ઊભા ખાય છે. બળદની જેમ ભાજી ચાવે છે. કોઈ મારે તો પણ તેમનો પ્રતિકાર કરતા નથી. તેમણે ઉન્મત્તદશા પ્રાપ્ત કરી છે. એમણે અવધૂત વૃત્તિ અને અજગરી વૃત્તિ ગ્રહણ કરી છે. તે નથી હાલતા કે નથી ચાલતા. જ્યાં બેસે ત્યાં જ તે લઘુશંકા-દીર્ઘશંકા કરે છે. છતાં તેમના વિષ્ટા-મૂત્રમાં સુગંધ આવે છે. તેઓ કર્ણાટકમાં આવી દાવાગ્નિમાં પ્રવેશ કરે છે.

ઋષભદેવ પછી તેમનો પુત્ર ભરતજી ગાદી ઉપર આવે છે. તે પરમ ભગવદ્‌ભક્ત છે. તેમને જુવાનીમાં વૈરાગ્ય થયો. તેઓ ઘર છોડીને નેપાળમાં આવેલ ગંડકીના કિનારે તપ કરવા લાગ્યા. તેઓ નદીએ સ્નાન કરવા ગયા. ત્યાં ગર્ભિણી હરિણીનો પ્રસંગ બન્યો છે. હરિણી મૃત્યુ પામી, જ્યારે તેનું હરણબાળ જીવિત રહ્યું. ભરતજી આ હરણબાળને ઊંચકીને પોતાના સ્થાનકે લાવ્યા. હવે તેમનો સમય ઈશ્વરભજનમાં ન વપરાતાં હરણબાળની દેખભાળ અને લાલન-પાલનમાં જવા લાગ્યો. તેમના અંતકાળમાં તેમની વાસના હરિણી અને હરણબાળમાં રહેલી, તેથી તેઓ હરણ રૂપે અવતરેલ. હરણ-શરીરનું પ્રારબ્ધ પૂરું થતાં તેમનું શરીર છૂટી ગયું.

તેમનો નવો જન્મ જાગૃતપણે થયો. તેથી તેઓ કોઈપણ વસ્તુમાં આસક્તિ રાખતા નથી. હસતા નથી, રડતા નથી. કોઈની સાથે વાત કરતા નથી. કાયમ મૂંગા રહે છે. ધીમે ધીમે તેઓ ઘરના લોકો માટે અપ્રિય થઈ પડ્યા. તેમના ભાઈઓ તેમને જડભરત (મૂર્ખ) કહેતા.

એક સમયે ભીલોના રાજા તેમને માતાજીના બલિ માટે લઈ જાય છે. ત્યાં માતાજી તેમની સહાયે આવી ભીલોના રાજાનો નાશ કરે છે. ભરતજી હવે ઘેર ન જતાં જંગલમાં ભટક્યા કરે છે.

એક દિવસ સિંધુ સૌવીર પ્રદેશનો રાજા રહુગણ પાલખીમાં બેસી કપિલ મુનિના આશ્રમે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ લેવા જઈ રહ્યો છે. રસ્તામાં પાલખી ઊંચકનાર એક જણ થાકી જાય છે, તેથી તેની જગ્યાએ ભરતજીને પકડી લાવી ગોઠવી દે છે. ભરતજી ચાલતાં ચાલતાં રસ્તામાં કીડી-મકોડો દેખે તો કૂદકો મારી તેમને બચાવે છે. આથી આખી પાલખી હાલકડોલક થઈ જાય છે, અને રહુગણરાજા ચીઢાઈ જાય છે. તેઓ તેને ઠપકો આપતાં કહે છે : ‘મૂર્ખ, તું તગડો છે, છતાં મરેલાની જેમ કેમ ચાલે છે ? સીધો કેમ ચાલતો નથી ? તને વજન વધારે લાગે છે ? તું સીધેસીધો ચાલ નહિ તો હું તને મારીશ.’

ભરતજીને આ સાંભળી રાજા ઉપર દયા આવી અને તેનો ઉદ્ધાર કરવાના ઈરાદે તેમણે તેને ઉપદેશ આપતાં કહ્યું : ‘હું બહુ તગડો છું, પણ તે તો શરીરનો ધર્મ છે, આત્માનો નથી. તેં મને જીવતો મૂઆ જેવો લાગે છે. વજન એ મનની કલ્પના છે, આત્માની સાથે નથી. તું મને મરવાનું કહે છે, પણ હું આ શરીરથી જુદો છું.’

આ તત્ત્વજ્ઞાનભર્યા શબ્દો ભરતજીના મુખેથી સાંભળી રહુગણ પાલખીમાંથી નીચે કૂદી પડે છે અને ભરતજીને સાષ્ટાંગ વંદન કરે છે. પછી માફી માગે છે. ત્યારબાદ પાલખીમાંથી ગાદી લઈને તેના ઉપર ભરતજીને બેસાડે છે. અહીં ભરતજી રાજા રહુગણને દિવ્ય તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપે છે અને છેલ્લે ભવાટવીનું વર્ણન આવે છે. તેમાં જેવું દુષ્કૃત્ય કર્યું હોય તે પ્રમાણે જુદાં જુદાં નરકમાં જવું પડે છે તે બતાવ્યું છે.

• • •

# સ્કંધ-૫

શુકદેવજી કહે, "હે રાજા ! મનુના બીજા દીકરા પ્રિયવર્ત ભગવાનના પરમ ભક્ત હતા. તેમને સૂર્યનારાયણનું વ્રત કરવાની ઈચ્છા થઈ. દરરોજ ઊગતા સૂર્યની પૂજા કરે. ચોમાસામાં જ્યારે સૂર્યનાં દર્શન ન થાય ત્યારે ઉપવાસ કરે. સમય જતાં પ્રિયવ્રત ઉંમરલાયક થયા, એટલે માતા-પિતાએ પ્રિયવ્રતને લગ્ન કરવા કહ્યું. પ્રિયવ્રતે ના પાડી કહ્યું, હું બ્રહ્મચર્ય પાળી સૂર્યનારાયણની આરાધના કરી તેમનાં દર્શન કરીશ. મનુએ પોતાના પિતા બ્રહ્માને વાત કરી. "હે પિતાજી! તમે પ્રિયવ્રતને લગ્ન કરવા સમજાવો." પ્રિયવ્રતના દાદા બ્રહ્માજી આવ્યા. પ્રિયવ્રતને સમજાવવા લાગ્યા. "હે પ્રિયવ્રત ! સંસાર ઘરમાં કે વનમાં નથી, હૃદયમાં છે. સંસારમાં રહીને પણ તું સૂર્યનારાયણની ઉપાસના કરી શકીશ. જો વનમાં રહીને પણ માણસ જિતેન્દ્રિય ન રહી શકે તો તેનો કોઈ અર્થ નથી. ઈશ્વરકૃપાથી તને શ્રેષ્ઠ કુટુંબમાં જન્મ મળ્યો છે. માણસે જીવનમાં પ્રતિક્ષણ મન કે ચિત્તને શુદ્ધ રાખી ઈશ્વરની ભક્તિ કરવી જોઈએ. મનમાં અશુદ્ધિ હોય તો મન ઈશ્વરમાં લાગે નહીં. મન અનેક કામનાઓ કરવા લાગે, માટે સૌ પ્રથમ ચિત્તની શુદ્ધિ કરવી જોઈએ. ત્યારબાદ મનને પ્રભુભક્તિમાં જોડવા પ્રયત્ન કરવો જોઈએ. માણસ માટે ગૃહસ્થાશ્રમ શ્રેષ્ઠ છે. માણસને જન્મજાત અનેક કામનાઓ, ઈચ્છાઓ હોય છે. ગૃહસ્થાશ્રમમાં પણ ઈન્દ્રિય સંયમ રાખી પવિત્ર જીવન જીવવા દરેકે પ્રયત્ન કરવો જોઈએ." પ્રિયવ્રત પોતાના દાદા બ્રહ્માની વાત સાંભળે છે. બ્રહ્માજીએ કહ્યું, "મારી વાત તને ઠીક લાગે તો તું ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર." પ્રિયવ્રત દાદાની વાત માની ગયા અને લગ્ન કરવાની હા પાડી. પ્રિયવ્રતે લગ્ન કરી લીધાં. પોતાની પત્નીને કહ્યું, "મારા રાજ્યમાં અંધારું ન જોઈએ. સૂર્યનારાયણ અહીં સતત રહે, રાત્રિ થાય જ નહીં. માટે મંદરાચલ પર્વતના ટુકડા કરીએ." પ્રિયવ્રતે પોતાના રથનાં પૈડાંથી પર્વતના સાત ટુકડા કરી નાખ્યા. જ્યાં પૃથ્વી પર ખાડા પડ્યાં ત્યાં

સમુદ્ર બની ગયા. પ્રિયવ્રતને પાંચ દીકરા થયા. યોગ્ય ઉંમરના દીકરાઓ થતાં મોટા દીકરાને રાજપાટ સોંપી પ્રિયવ્રત, ઈશ્વર આરાધના કરવા નીકળી પડ્યા.''

## ઋષભદેવની કથા

''પ્રિયવ્રતની ત્રીજી પેઢીએ નાભિ નામે રાજા થયા. નાભિરાજા ઈશ્વરના પરમ ભક્ત હતા. નિયમિત ઈશ્વરનું આરાધન કરતાં. નાભિરાજા પર્વતની એક ગુફામાં બેસી તપ કરવા લાગ્યા. અખંડ બ્રહ્મચર્ય પાળે. દૂધ અને કંદમૂળ પર રહે અને ઈશ્વરનું આરાધન કરે. નાભિરાજાને પરમાત્માનાં દર્શન થયાં. ભગવાને કહ્યું, ''હે રાજા ! તારી શી ઈચ્છા છે ? જે ઈચ્છા હોય તે માંગી લે !'' નાભિરાજાએ ભગવાનને કહ્યું, ''મને સુંદર પત્ની આપો. એક પુત્ર થાય. જો મારું તપ હોય તો મારું કુળ દીપાવે તેવો પુત્ર થાય, તેવું હું આપ પાસે માંગું છું.'' નાભિરાજા ભગવાનને કહે છે, ''હે ભગવાન ! જુવાની એવી છે, જ્યારે માણસમાં વિષયવૃત્તિ જાગે છે, તે વખતે સંયમ ન રાખે તો પ્રભુભક્તિ ન ફળે. મેં મારી અફાટ જુવાનીમાં તપ કરી તમારી પાસે માંગણી કરી છે.'' ભગવાને કહ્યું, ''તારી મનોકામના પૂર્ણ થશે.''

''એક દિવસ એક અપ્સરા નૃત્ય કરતી જ્યાં નાભિરાજા ઈશ્વરની ઉપાસના કરતા હતા ત્યાં આવી. તેનું જીવનવૃત્તાંત જાણી લીધા બાદ નાભિરાજાએ તેની સાથે લગ્ન કર્યાં. બન્ને જુવાન હતાં છતાં સંયમ રાખી, કંદમૂળ ખાઈ, અખંડ બ્રહ્મચર્ય પાળી ઈશ્વરની આરાધના કરવા લાગ્યાં. ઈશ્વરને પ્રાર્થના કરતાં હતાં કે મારે ઘરે ઈશ્વર દીકરો થઈ આવે. પતિ-પત્ની સંસારસુખમાં જોડાયાં. નાભિરાજાને ઘરે એક દીકરાનો જન્મ થયો. પતિ-પત્નીના તપના પ્રભાવથી ભગવાન દીકરા રૂપે આવ્યા. દીકરાનું નામ ઋષભદેવ પાડ્યું. લાલનપાલન કરી દીકરાને મોટો કર્યો. જનોઈ આપ્યું. દીકરાનાં લગ્ન કર્યાં. રાજપાટ દીકરાને સોંપી નાભિરાજા ઈશ્વર આરાધના માટે ચાલી નીકળ્યા.''

"રાજા ઋષભદેવ અને તેની પત્ની ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરી ઈશ્વર આરાધના કરતાં હતાં. ઋષભદેવને સો દીકરા થયા. તેમાં નવ ઉત્તમ હતાં. એક દિવસ સવા વર્ષથી સોળ વર્ષના નવેનવ દીકરાઓએ માતા-પિતા પાસે આવી પ્રણામ કર્યા. પછી કહ્યું કે "અમારી એવી ઈચ્છા છે કે યોગી અવસ્થામાં રહી પૃથ્વીની પ્રદક્ષિણા કરીએ. લગ્ન કરી સંસારમાં આવવાની ઈચ્છા નથી. ઈશ્વર આરાધના કરીશું. આપની રજા લેવા આવ્યા છીએ. રજા આપો." માતા-પિતાએ રજા આપી.

"ઋષભદેવ બીજાં બધાં બાળકોને પાસે બેસાડી રોજ જ્ઞાન આપે. ઋષભદેવ બાળકોને કહેતાં : "માનવીનું જીવન શુદ્ધ, આરોગ્યમય હોય. સંસારસુખ, સંપત્તિ ભોગવી લીધા પછી પિતાએ દીકરાને રાજ્ય કે ઘરની જવાબદારી સોંપી ઈશ્વર આરાધના કરવી જોઈએ. મોટાભાઈ પિતાની જગ્યાએ છે. મોટાભાઈને પિતા માનો અને મોટાભાઈએ નાના ભાઈઓને દીકરા સમાન ગણી દીકરાની જેમ રાખવા જોઈએ. ઋષભદેવનો મોટો દીકરો ભરત હતો. ઋષભદેવે દીકરા ભરતને કહ્યું, "હું તને રાજપાટ સોંપી ઈશ્વર આરાધના કરવા જઈશ. નાનાં ભાઈ-બહેનોને તું સંભાળજે. જુવાનીમાં વિષયવૃત્તિને કાબૂમાં રાખી ગૃહસ્થાશ્રમ ભોગવતાં રાજવહીવટ કરતાં કરતાં યાત્રા કરજો. ઈશ્વરનું ભજન કરજો. ચિત્તને શુદ્ધ કરજો." બધાં બાળકોએ પિતાનો ઉપદેશ શાંત ચિત્તે સાંભળ્યો. ભગવાન ઋષભદેવે, પત્નીને કહ્યું, "આપણો ગૃહસ્થાશ્રમ પૂરો થયો છે." ઋષભદેવ દીકરાને રાજપાટ સોંપી, ઘરબાર છોડી, લંગોટી પહેરી, સાથે કાંઈ જ લીધા વિના સંન્યાસી દશામાં જીવન પૂરું કરવા નીકળી પડ્યાં. ઋષભદેવે પ્રતિજ્ઞા લીધી. "ભિક્ષા ન માંગવી, મૌન પાળવું, ઈશ્વરનું આરાધન કરવું, પગે ચાલી યાત્રા કરવી." મુક્ત સંન્યસ્ત અવસ્થા સ્વીકારી. ભારત વર્ષની યાત્રાએ નીકળ્યા. ઋષભદેવ મૌન પાળે, થાકે ત્યાં વિશ્રામ લે. પાંચ વર્ષ આમ યાત્રા ચાલી. એક દિવસ તેઓ રસ્તામાં થાકી ગયા, ચોવીસ મિનિટ આરામ લેવા બેઠા. આંખો બંધ

હતી. તેજ રસ્તા પરથી અરહણ રાજા સૈનિકો સાથે પસાર થતા હતા. રાજાએ સૈનિકોને પૂછ્યું, "આ જગ્યાએ આટલું સુગંધિત વાતાવરણ કેમ ?" સૈનિકોએ તપાસ કરી. ઋષભદેવ નીંદરમાં હતાં. તેમના દેહમાંથી સુગંધી નીકળી રહી હતી. ઋષભદેવ પાસે આવી રાજાએ નમસ્કાર કર્યા. સૈનિકો પણ હાથ જોડી ઊભા રહ્યા. ઋષભદેવે હાથ લાંબો કર્યો. રાજાએ ઋષભદેવને ભિક્ષા આપી. ઋષભદેવે ભિક્ષા લઈ લીધી. એકવીસ દિવસ સુધી સ્નાન કર્યા વિના ઈશ્વર આરાધના કરી અરહણ રાજાએ નવો જૈન સંપ્રદાય શરૂ કર્યો. ઋષભદેવનું એ જ અવસ્થામાં ઈશ્વર આરાધના કરતાં કરતાં શરીર શાંત થયું. ઋષભદેવ સ્વધામ પધાર્યા.

"જૈન ભાગવતમાં લખે છે કે ઋષભદેવે ગૃહસ્થાશ્રમમાં જ વરસીતપની શરૂઆત કરી. એક દિવસ એકવાર જમવું, બીજે દિવસે પૂર્ણ ઉપવાસ. ઘણાં વરસીતપ ઋષભદેવે કર્યા. ગૃહસ્થાશ્રમ ભોગવ્યા પછી જ દીક્ષા લેવી તેમ જૈન ધર્મ કહે છે. એકસઠમા વરસીતપ વખતે પાલિતાણામાં પારણાં કરવા ગયા. ત્યાં પારણું કરી મૌન ધારણ કર્યું. પાલિતાણા ઊતરતાં શરીર શાંત થયું."

## રાજા ભરતની કથા

"ઋષભદેવનો મોટો દીકરો ભરત પિતાના કહેવા પ્રમાણે રાજવહીવટ ચલાવે. યુવાનવયમાં સંયમ રાખી ઈશ્વર આરાધના કરે. ઈશ્વરસ્મરણ કરે. યાત્રા કરે. અઠ્ઠાવન વર્ષ સુધી રાજપાટ, સંસાર ભોગવ્યા પછી, પોતાના દીકરાને રાજગાદી સોંપી, ગંડકી નદીના કિનારે આશ્રમની રચના કરી. તપ કરવા લાગ્યા. ફક્ત કંદમૂળ ખાઈને રહેતા. વહેલી સવારે સાડા ત્રણ વાગે ઊઠી અર્ધુ શરીર ગંડકીમાં ડૂબાડી ગાયત્રી જપ કરતા. બપોરે એક જ ચીજ ખાય. સાંજે ફળ-ફૂલ લાવે. ઈશ્વરનું આરાધન કરે. તપશ્ચર્યા બાર વર્ષે ફળે છે. ભરતને સિત્તેરમું વર્ષ ચાલતું હતું. ગાયત્રી મંત્રમાં તન્મય હતા. તે વખતે એક હરણી ગંડકીમાં પાણી પીવા જતી હતી. તેની પાછળ સિંહ પડ્યો. હરણીએ

ભયભીત થઈ દોડતાં દોડતાં કિનારા પાસે આવીને કૂદકો માર્યો અને તેના પેટમાંનું તેનું બચ્ચું ગંડકી નદીમાં પડ્યું. તણાતું તણાતું હરણીનું બચ્ચું જ્યાં ભરત તપ કરતા હતા ત્યાં તેના હાથમાં આવ્યું. આ જીવ ક્યાંથી ? જીવે છે ? બચ્ચાં પર ભરતે પોતાનું કપડું ઢાંકી દીધું. ભરત વિચારવા લાગ્યા, "શરણે આવેલા જીવને બચાવવો જોઈએ. જીવ અહીં ક્યાંથી આવ્યો ? જીવનું રક્ષણ કરવું એ સેવાધર્મ છે. ભક્તિ છે." જોયું તો હરણી ગંડકીના કિનારે છેલ્લા શ્વાસ લઈ રહી હતી. ભરત ત્યાં ઊભા રહ્યા અને કહ્યું, "તારું બાળક મારું છે. હું તેનું પોષણ કરીશ." હરણી મરી ગઈ.

"વધુ પડતી આસક્તિ ન રાખવી. ભરત હરણના બચ્ચાને આશ્રમમાં લાવ્યા. તેને મોટું કરવા લાગ્યા. ભરતને સિત્તેર વર્ષ સુધી ભોગવેલી સુખસાહ્યબી પરિવાર છોડતાં દુઃખ નહોતું થયું. સિત્તેર વર્ષે ફરી ભરતને હરણ સાથે માયા બંધાણી. ભરત પ્રેમથી હરણને મોટું કરવા લાગ્યા. એમ કરતાં કરતાં એક મહિનો વીતી ગયો. રોજ હરણ ભરત પાસે આવે પણ આજે ન આવ્યું. ફરતાં ફરતાં હરણનું એક ટોળું આજે આશ્રમ પાસે આવ્યું. તેમાં હરણનું બચ્ચું ભળી ગયું. ભરત ૐનો ઉચ્ચાર કરે ને હરણ ભરત પાસે હાજર થઈ જાય, પણ આજે ન આવ્યું. હમણાં આવશે, હમણાં આવશે, પણ ન આવ્યું એટલે ભરતે ચારેબાજુ તપાસ કરી પણ હરણનો પત્તો ન લાગ્યો. ભરત હર...ણ હર...ણ બૂમો પાડવા લાગ્યા. ચંદ્રનો ઉદય થયો. ચંદ્રને જોઈ પાગલ માણસની જેમ ભરત કહેવા લાગ્યા "મારા હરણને તું લઈ ગયો ? પાછો આપી દે. મારા હરણ પર મને હાથ ફેરવવા દે." સાંજના જપ છોડયા. ભરતની નિદ્રા હરામ થઈ ગઈ. બીજે દિવસે પણ હર...ણ હર...ણ હરણમાં વૃત્તિ પરોવાઈ ગઈ. હરણ ન મળ્યું. ભરત હરણના વિરહમાં પંચોતેર વર્ષના થયા. નાડી તૂટવા માંડી. "હરણ હરણ" કરતાં ભરત મૃત્યુ પામ્યા. તેથી ભરતનો હરણ યોનિમાં જન્મ થયો. ગંડકીના કિનારે રહે અને હરણના ટોળામાં ફરે. હરણની નાડી તૂટવા માંડી. હરણે અંતકાળે ભગવાનને પ્રાર્થના કરી, "હે ભગવાન ! મને

મોક્ષ જોઈએ છે. મારી તપશ્ચર્યા સાચી હોય તો મને મુક્તિ આપો. હે ભગવાન ! બ્રાહ્મણો જ જો મોક્ષના અધિકારી હોય તો મને બ્રાહ્મણ યોનિમાં જન્મ આપો.'' હરણનું શરીર શાંત થયું.''

''અંગિરસ ગોત્રમાં જન્મેલા એક બ્રાહ્મણને પાંચ દીકરા હતા. બ્રાહ્મણે બીજાં લગ્ન કર્યાં. બ્રાહ્મણને બીજી પત્નીથી એક દીકરો અને એક દીકરી થયાં. દીકરાનું નામ ભરત અને દીકરીનું નામ ધૃતિ રાખ્યું. બ્રાહ્મણે છએ દીકરાને સાથે જનોઈ આપી. જનોઈ આપનાર ગુરુજીએ બાળકોને ઉપદેશ આપ્યો. જીવનમાં ઓછું બોલવું, કામ વધુ કરવું અને હાથમાં લીધેલું કામ પૂરું કરવું. જે પરિસ્થિતિ હોય તેને અનુકૂળ થઈને વર્તવું. બોલવું ઓછું, સહન વધુ કરવું.'' જનોઈ આપનાર ગુરુજીએ પૂછ્યું, ''આ નાનો દીકરો કેમ કાંઈ બોલતો નથી ? મૂંગો છે ?'' બધા દીકરા ગુરુને ત્યાં અભ્યાસ માટે ગયાં. એક વખત પિતાજી ખૂબ બીમાર થયા. મોટા પાંચ દીકરાઓ અભ્યાસ છોડી ઘરે ગયા. ભરતે ભાઈઓને કહ્યું, ''હું વિદ્યાભ્યાસ પૂરો કરીને આવીશ.'' ઘરે જઈ પાંચે ભાઈઓએ પિતાની મિલકત વહેંચી લીધી. ભરતને કાંઈ જ ન આપ્યું. ભરતે વિદ્યાભ્યાસ પૂરો કર્યો, તે પોતાને ઘરે આવ્યો. ત્યારે તેના ભાઈઓએ કહ્યું, ''ભરત, તારા ભાગમાં માતા-પિતા અને નાની બહેનની જવાબદારી આવી.'' પાંચ મોટાભાઈઓને બહેન અને મા-બાપે કહ્યું, ''મિલકતના ભાગ પાડી વહેંચી લીધા. ભરતને કાંઈ ન આપ્યું ? તેને થોડું કંઈક આપો. અમારે અન્નના વાંધા પડે છે.'' મોટાભાઈઓએ કહ્યું, ''ભરતને કહો ખેતરમાં પાણીના ક્યારા વાળે.'' ભરતે તે કામ સ્વીકારી લીધું. વહેલી સવારથી તે ખેતરમાં કામ પર ચડી જાય. કામ કરતો જાય અને ભગવાનની ભક્તિ કરતો જાય. એક દિવસ ભરત ભગવાનની ભક્તિમાં લીન હતો, તેથી પાણીનો વ્યય થતો હતો. તેનું ધ્યાન તે તરફ ન હતું. તેના મોટાભાઈ પાણીનો વ્યય થતો જોઈ ગુસ્સે થઈ ગયો અને પાવડો ઉપાડી ભરતના જમણા ખભા પર માર્યો. ભરતે પોતાની ભૂલની માફી માગી. આજે રોજ મળતું અનાજ તેને મળ્યું નહીં. ભરતે વિચાર્યું, આજે મારાં માતા-પિતા અને

બહેન ભૂખ્યાં થયાં હશે. જંગલમાંથી લાકડાં કાપી બજારમાં લઈ જઈ વેચી આવ્યો. તેમાંથી કંદમૂળ લાવી માતા-પિતા અને બહેનને ખવડાવ્યું.

"દરરોજના નિયમ પ્રમાણે આજે પણ ભરત ખેતરમાં પાણી વાળવા ગયો. પિતા બિમાર હોવાથી ભરતની માતા પોતાના પતિના પગ દબાવી રહી હતી. બહેન ધૃતિ રોટલા ઘડતી હતી. ભરતના બાપા તેની માતાને કહે કે, "સાંભળો ભરતની મા ! આપણો ભરત કાલોઘેલો છે. તેને વ્યવહારનું જ્ઞાન નથી. મારી નાડીઓ તૂટી રહી છે. મારો અંતકાળ આવી ગયો લાગે છે. તારા જીવતાં દીકરી ધૃતિને પરણાવી દેજે." માતા-પિતા વચ્ચે થતી વાત દીકરી ધૃતિ સાંભળે છે. દીકરી ધૃતિ વિચારે છે, મારો ભાઈ ભરત કાલોઘેલો ! કોણે કહ્યું ? મારો ભાઈ વ્યવહાર ન સમજે ? તેથી મને પરણાવી દેવી ? મોટાભાઈઓને મારા ભાઈ ભરતે ક્યારેય સાવકા માન્યા નથી !"

"સાંજે ભરત ખેતરથી આવ્યો તેના જમણા ખભા પરથી લોહી વહી જતું હતું. ઘા જોઈ ધૃતિએ પૂછ્યું, "ભાઈ ! તને આ શું વાગ્યું ?" ભરતે કહ્યું, "કાંઈ નહીં." ધૃતિને બહારથી ખબર મળ્યા કે મોટાભાઈએ ભરતને પાવડો માર્યો. ધૃતિ મનમાં ને મનમાં સમસમીને રહી ગઈ."

"ભરતના પિતા એક દિવસ મૃત્યુ પામ્યા. ભાઈઓ રડવા લાગ્યા. ભરત કહે, "પિતા ઉંમરલાયક હતા. શોક શા માટે ? આપણે પિતાજીની ઉત્તરક્રિયા કરીએ." મોટાભાઈઓએ કહ્યું, "ઉત્તરક્રિયાના ખર્ચમાં તારે પણ હિસ્સો આપવો પડશે." ભરતે કહ્યું, "ભલે."

ભરતે બહેન ધૃતિને કહ્યું, "પિતાની છેલ્લી ઈચ્છા તારાં લગ્ન કરવાની હતી. તું હવે લગ્ન કરી લે." ધૃતિ કહે, "ભાઈ, હજી વાર છે." બહેનને ભાઈના દુઃખની ખબર પડે તો બહેન ભાઈના સુખ માટે અનેક પ્રયત્ન કરે. ધૃતિ પણ પોતાના ભાઈનું દુઃખ જોઈ શકતી ન હતી.

"ભરત ઈશ્વરને પ્રાર્થના કરે છે કે હે ભગવાન ! મારી મા અને બહેનને ઠેકાણે પાડ્યા પછી જ નિરંતર ઈશ્વર આરાધના થશે. દીકરીને

પરણાવવાની ઝંખનામાં માનું મૃત્યુ થયું. હવે પ્રશ્ન બહેનનો હતો. ભરતે બહેનને લગ્ન કરવા ઘણી સમજાવી. પણ ધૃતિ એકની બે ન થઈ. ભરત વિચારવા લાગ્યો કે મેં મારા જીવનમાં કોઈ દિવસ મોટા ભાઈ-ભાભીની મદદ લીધી નથી. ધૃતિનાં લગ્ન માટે તેમને વિનંતી કરું કે બહેન ધૃતિને લગ્ન કરવા સમજાવે.''

''ભરત મોટા ભાઈ-ભાભીને ત્યાં ગયો અને વિનંતી કરી કે, ''હે મોટાભાઈ ! મારી એક વિનંતી છે. નાની બહેન ધૃતિ લગ્ન કરવાની ના પાડે છે. મારું માનતી નથી. તમે ધૃતિને સમજાવવામાં મદદ કરો. મારી એવી ઇચ્છા છે કે તમે ધૃતિબહેનને સમજાવવા અમારે ઘરે આવો.'' મોટા ભાઈ-ભાભી ભરતને ઘરે ધૃતિને સમજાવવા આવ્યાં, ''નાની બહેન, ધૃતિ ! તું ઉંમરલાયક થઈ છે. લગ્ન કરી લે.'' ધૃતિ કહે, ''મોટાભાઈ, હમણાં મારી ઇચ્છા નથી.'' મોટાભાઈ કહે, ''ન ઇચ્છા હોવાનું કોઈ તો કારણ જરૂર હશે !'' ધૃતિનું હૈયું ભરાઈ આવ્યું. બોલી, ''સાંભળો મોટાભાઈ, ભરત વિદ્યાઅભ્યાસ કરી આવ્યો. તમે તેને પિતાજીની મિલકતમાંથી કાંઈ ન આપ્યું, પણ માતા-પિતા અને મારી જવાબદારી તેના પર નાખી. અમારે અન્નનાં ફાંફાં હતાં. તમે અમને ક્યારેય પૂછ્યું નથી. તમે ભરતને પાવડો માર્યો. ભરતે ક્યારેય કોઈને એ વિશે ફરિયાદ કરી નથી. તેની આ કરૂણ દશા મારાથી જોવાતી નથી. ભરતભાઈ એક દિવસ જંગલમાં લાકડા લેવા ગયા ત્યારે પિતાજીએ માને કહેલું કે આપણો ભરત કાલોઘેલો છે. હે મોટાભાઈ ! હું પરણી જાઉં તો મારા કાલાઘેલા ભાઈનું કોણ ? આ જ કારણસર હું લગ્ન કરવા માંગતી નથી.'' ભરત ઊભો થયો. નાની બહેન ધૃતિને કહ્યું, ''બહેન, જીવનની બધી જવાબદારી પતાવી મારે મોક્ષપ્રાપ્તિની ઇચ્છા છે. જ્યાં સુધી તું લગ્ન નહીં કરે ત્યાં સુધી હું ઈશ્વર આરાધના અર્થે જઈ નહીં શકું.'' ધૃતિ પોતાના ભાઈ ભરતની ઇચ્છા સમજી ગઈ અને લગ્ન કરવા તૈયાર થઈ. ધૃતિએ ભરતને કહ્યું ''ભાઈ, હું લગ્ન કરવા તૈયાર છું. પણ મારી એક શરત છે. મારું કન્યાદાન તમારે જ કરવાનું અને જવતલ પણ તમારે જ હોમવાના.''

શુકદેવજી કહે : "હે પરીક્ષિત ! ભરતે બહેનનાં લગ્ન કર્યાં. ભરતે ઈશ્વરનો આભાર માન્યો. હે ભગવાન ! હવે મોક્ષ પ્રાપ્તિનો માર્ગ મારે માટે ખુલ્લો થયો. પહેલાં ભરત, પછી હરણ પછી બ્રાહ્મણ ભરત - જેને લોકો જડભરત કહેતાં તે સર્વસ્વ છોડી ગંડકીને કિનારે આવ્યા. સ્નાન કરી મૌન ધારણ કરી પદ્માસન વાળી બેઠેલા. જીવનના મોહનો ક્ષય કરવાનો છે, તે ભાવના ચિત્તમાં રાખી કર્મ કરતાં કરતાં મોક્ષ પ્રાપ્ત થાય તેમ વિચારી ભગવાનનું ધ્યાન કરતાં બેઠા હતા. એક રાજાને બાળક ન હતું. રાજા-રાણી માતાજીના મંદિર પાસે આવ્યાં, ભૂવાને પૂછ્યું, "સંતાન પ્રાપ્તિ માટે અમારે શું કરવું ?" ભૂવાએ જવાબ આપ્યો, "માતાજીને નરપશુનો બલિ ચડાવો." રાજા કહે, "બહુ સારું" રાજાએ સૈનિકોને હુકમ કર્યો, "હે સૈનિકો, કોઈ પશુ જેવા નરને શોધીને લઈ આવો. માતાજીને બલિદાન ચડાવવાનું છે." સૈનિકો, ભરત જે ગંડકીના કિનારે ભગવાનનું ધ્યાન ધરી બેઠેલા તેને પકડીને લઈ આવ્યા. રાજાએ સૈનિકોને કહ્યું, "આ બલિને પેટ ભરીને મિષ્ટાન્ન જમાડો. પછી ફૂલમાળા પહેરાવો. ભરતે મિષ્ટાન્ન ખાધું. ભરતના શરીરે સિંદૂર ચોપડ્યો. જાસુદના ફૂલની માળા પહેરાવી. ભદ્રાકાળી માતાના મંદિર પાસે ભરતને ઊભો રાખ્યો. ભરતજી કાળીમાતાનાં દર્શન કરતાં કરતાં સ્તુતિ કરવા લાગ્યો - "નમો દેવ્યૈ મહાદેવ્યૈ શિવાયૈ સતતં નમઃ !" ભરત જેવો સ્તુતિ કરવા લાગ્યો એ જ ક્ષણે અષ્ટભુજાધારી મહાકાળીની સામે ઊભેલા ભરતને મારવા ભૂવાએ ખડગ ઉપાડ્યું કે દેવી પ્રગટ થયાં અને રાજાનો સંહાર કર્યો. ભરત પાછો ગંડકીને કિનારે આવ્યો. સ્નાન કર્યું. ફરી તપ કરવા લાગ્યો. મોક્ષના રસ્તે જતાં અનેક વિપત્તિ આવે છે. ભરત પણ આવી અનેક કસોટીમાંથી પાર ઊતરેલા. ફરી તપ કરવા લાગ્યા."

અઠ્ઠાવન વર્ષના રહૂગણ રાજા છેલ્લા વનમાં છે. રાજાને વિચાર આવ્યો કે જ્ઞાન મેળવવા કપિલના આશ્રમમાં જાઉં. રાજા પાલખીમાં બેસી કપિલ આશ્રમ જવા નીકળ્યા. રસ્તામાં ચાર ઊંચકનારામાંથી એકને દુઃખાવો થયો. રાજાએ કહ્યું, "કોઈ એક બીજો શોધી લાવો."

ભરતજી મળ્યા, એને કહ્યું, "ચાલ, રાજાની પાલખી ઊંચકવાની છે." ભરતજી રાજાની પાલખી પાસે આવ્યા. પોતાના જમણા ખભા પર પાલખી ઉપાડી ચાલવા લાગ્યા. ભરતજી જોઈ જોઈને પગલાં ભરે છે. રસ્તે ચાલતાં કોઈ જીવ મરી ન જાય તેની સાવચેતી રાખે છે. ચાલતાં ચાલતાં અચાનક ભરતનો પગ ખાડામાં પડ્યો. પાલખી હાલી. રાજાએ પૂછ્યું, "પાલખી હાલી કેમ ? નવા ઉપાડનારાને ફાવતું નથી ? થાકી ગયો છે ?" ભરતે જવાબ ન આપ્યો. પાલખી ફરી ચાલવા લાગી. બીજા ઊંચકવાવાળાએ આ વખતે પાલખી હલાવી. રાજાને ગુસ્સો આવ્યો. જેવા ભરતને લાત મારવા પગ ઉગામે છે ત્યાં ભરતને યાદ આવ્યું કે, સાંભળેલું, વાચન કરેલું, મનન કરેલું જ્ઞાન ખરે વખતે કામ આવે છે. મારી પાસે જે જ્ઞાન છે તે જો હું રાજાને નહીં આપું તો ઈશ્વર મને મોક્ષ નહીં આપે. ભરતજી બોલ્યા, "હે ચક્રવર્તી રાજા રહૂગણ ! સાંભળો ! પ્રત્યેક માનવને સંસારમાં રહી ઘણાં કાર્યો કરવાનાં છે, માટે સાંભળો. કોઈ દિવસ પાપ કરવું નહીં. અજાણતાં પણ થયેલા પાપની દિવસના અંતે પ્રભુ પાસે માફી માગવી. પાપની કબૂલાત કરવી. પાપ થઈ જાય તે દિવસે ઉપવાસ રાખવો. હે રાજા ! પ્રત્યેક માનવીને જન્મની સાથે ઈશ્વરે એક કામ કરવા બબ્બે ઈન્દ્રિયો આપી છે. બે હાથ, બે પગ, બે નસકોરાં, બે આંખ, બે કાન, પણ રાજા, એક ઈન્દ્રિય એવી છે જે એકલી બે કામ કરે છે. બોલો તે કઈ ?" રાજા કહે, "જીભ. જે બોલવાનું ને ચાખવાનું એમ બે કામ કરે છે. બત્રીસ દુશ્મનને હરાવતી એકલી રહી છે." "હે રાજા !! દરરોજ રાત્રે મનમાં વિચારો કે મારી ઈન્દ્રિયો થકી આજે કોઈ પાપ તો થયું નથી ને ?" રાજાએ પાલખીવાળાઓને હુકમ કર્યો કે, "ઊભા રહો, પાલખી નીચે ઉતારો." ભરત જવા માંડ્યા. પાલખીમાંથી ઊતરી રાજાએ જોયું કે ભરતના ખભા પર જનોઈ છે. રાજાએ ભરતને પૂછ્યું, "તમે બ્રાહ્મણ છો ?" ભરતે હા પાડી. રાજાએ ભરતજીની માફી માગી. ભરતજીએ રાજાને પૂછ્યું, "તમે પાલખીમાં બેસી ક્યાં જઈ રહ્યા છો ?" રાજા કહે, "કપિલ આશ્રમમાં આત્મજ્ઞાન

અર્થે." ભરતે કહ્યું, "હે રાજા ! આત્મજ્ઞાન મેળવતાં પહેલાં ઈન્દ્રિયોને કાબૂમાં રાખવી જોઈએ." રાજાએ પૂછ્યું, "તમારું નામ ?" ભરતે જવાબ આપ્યો, "લોકો મને ભરત કહે છે." રાજા કહે, "મારે કપિલ આશ્રમમાં નથી જવું. તમે જ મને જ્ઞાન આપો." ભરતે રહૂગણ રાજાને ભવાટવીનું જ્ઞાન આપ્યું. ભરતે કહ્યું, "હે રાજા ! માનવી બાલ્યાવસ્થામાંથી યુવાવસ્થામાં આવે. પછી ગૃહસ્થાશ્રમમાં રહી દરેક સાંસારિક કામ કરે. દરેક પ્રકારની સમૃદ્ધિ ભોગવે, પણ તેની વચ્ચે માણસ માણસાઈ રાખવા પ્રયત્ન કરે. ઉંમર સોળથી પંચાવનની વચ્ચે કામ, ક્રોધ, મદ, લોભ, મત્સર રૂપે લૂંટારા આવે છે. આપણે ધ્યાન ન રાખીએ તો આ લૂંટારા આપણા જીવનમાં પ્રવેશી આપણા સદ્‌ગુણોનો ખજાનો લૂંટી જાય છે, જેના પરિણામે જીવનમાં અનેક દુઃખો આવે છે. જે જન્મે છે તેનું મરણ નિશ્ચિત છે." જીવનમાં આધિ-વ્યાધિ, વૃદ્ધાવસ્થા આવે છે. મૃત્યુનો ભય માણસને સતાવે છે. પશુ-પક્ષીને સતાવતો નથી. હે રાજા ! જન્મ - મૃત્યુ વચ્ચેના સમયમાં માનવે જન્મ - મરણના ફેરા ટાળવા, આ મળેલું જીવન સુધારવા પ્રયત્ન કરવો જોઈએ. કામ, ક્રોધ, મદ અને લોભને જીતવા જ્ઞાનીઓ પાસેથી ઉપદેશ મેળવવો, જ્ઞાન મેળવવું, વાચન કરવું. પોતાની જાતને પૂછવું, "હું કોણ ?" મને આ જન્મમાં જે મળ્યું છે તે બીજાને આપવાનું છે. માયા, મમતા બહુ રાખો તો આ સંસારમાંથી છૂટી શકાવાનું નથી. જીવનનો અર્થ જીવનમાં સ્વભાવ સુધારવા તેમજ કામનાઓને શુદ્ધ કરવા પ્રયત્ન કરવો." પાલખી ઉપાડનારા પણ સાંભળે છે. ભરતને પૂછે છે, "તમારો પરિચય આપશો ?" ભરતે કહ્યું, "કશો નહીં. જન્મ્યો છું, જવાનો છું." રહૂગણ રાજા કહે, "અમારા કુટુંબમાં એક ત્યાગી તપસ્વી ભરત રાજા થયેલા." ભરત પાસેથી રહૂગણ રાજાએ સુંદર જ્ઞાન મેળવ્યું. છેલ્લા જીવનનાં શેષ વર્ષો ત્યાગ - તપમાં ગાળવાનું નક્કી કર્યું. ભરતજીને પ્રણામ કર્યા. ભરત વનમાં ભટકતાં, મોક્ષ પ્રાપ્તિ માટે તપસ્યા કરતા. કાળે કરી ભરતજીનું શરીર શાંત થયું." શુકદેવજી કહે, "હે પરીક્ષિત ! વધતી ઉંમર સાથે મોહનો ક્ષય

કરવાની આદત પાડવી જોઈએ. ભરતની જેમ ત્રણ ફેરા જન્મ ન લેવા પડે માટે એક ચિત્તે ઈશ્વરનું ધ્યાન ધરો. ભક્તિ કરવી. હે રાજા ! કાળિકાળમાં પાપ બહુ વધી ગયાં છે. માણસનું ધ્યેય પૈસા કમાવાનું છે. છતાં પૈસા પાછળ દોડવાથી માણસનું પતન થાય છે. શાંતિ મળતી નથી. કળિયુગમાં થોડું પુણ્ય કરવાથી ફળ અનેકગણું મળે છે. હે રાજા ! હવે તને હું ખગોળનું વર્ણન કરીશ.''

''આ ધરતી છે અને ઉપર આકાશ છે. કુલ નવ ખંડ છે. વચમાં મૃત્યુલોક એટલે પૃથ્વી છે. સૂર્ય અને ચંદ્ર બે ઈશ્વરનાં નેત્ર છે. ગ્રહોનું ચક્ર ફરે છે. અનેક નક્ષત્રો છે. અગણિત તારાઓ છે. દરરોજ બપોરે બાર અને ઓગણચાલીસ મિનિટે અભિજિત નક્ષત્ર આવે છે, ત્યારે સારાં કાર્યો થાય. નક્ષત્રોમાં શ્રેષ્ઠ નક્ષત્ર રોહિણી અને પુષ્ય. ઉપર સ્વર્ગ છે અને નીચે નરક છે. નરક અઠ્ઠાવીસ પ્રકારનાં છે. પાપી માણસોને યમરાજા લઈ જાય છે. સ્વર્ગમાં ઉત્તમ જીવન મળે છે. માનવી ઈશ્વર પાસે સ્વર્ગ માંગે છે. પુણ્ય પૂરું થયે માણસ ફરી સ્વર્ગમાંથી પૃથ્વી પર જન્મ લે છે.''

''જીવનમાં જ સ્વર્ગ, નરક અને મોક્ષ છે. જીવનમા જે કાંઈ સારું મળે તે સ્વર્ગ. જીવન જીવતાં માણસ ખાવાપીવામાં, આહાર વિહારમાં અનિયમિત થાય અને પરિણામે દર્દ–દુઃખ યાતના આવી પડે તે નરક. પરીક્ષિત રાજા ! સ્વર્ગ અને નરક જીવનમાં અહીં જ સાંપડે છે. જીવનમાં હંમેશાં થોડી ક્ષણો પણ ઈશ્વરની આરાધના કરો. પ્રભુની પ્રાર્થના કરો. જન્મ - મરણના ફેરા ટાળવા માણસે દરેક સંજોગોમાં પવિત્ર વૃત્તિ રાખી જીવન વિતાવવું.'' શુકદેવજી કહે, ''હે રાજા ! હવે તારે શું કરવાનું છે ?'' પરીક્ષિત કહે, ''નરકનાં દુઃખમાંથી સ્વર્ગસુખ કેમ મેળવાય તે કહો.''

# છઠ્ઠા સ્કંધનો સારાંશ

આ સ્કંધમાં પુષ્ટિલીલા આપવામાં આવેલ છે. રાજા પરીક્ષિત શુકદેવજીને નરકમાં જવાનો વખત ન આવે તેવો ઉપાય બતાવવા કહે છે. ત્યારે શુકદેવજી કહે છે કે, 'દરેકને હાથે કંઈક ને કંઈક પાપ થાય છે. પરમાત્મા સમક્ષ તે પાપ કબૂલ કરો. મન, વચન અને શરીર વડે તેનું વિધિપૂર્વક પ્રાયશ્ચિત્ત કરો. જપ, ધ્યાન અને સેવાથી પાપ બળે છે. ફરીથી નવું પાપ ન થાય તે માટે કાળજી લો.'

રાજા પરીક્ષિત બીજો સવાલ પૂછે છે કે, 'પાપનો નાશ થાય છે, પણ પાપની વાસનાનો નાશ થતો નથી. મનમાં પાપ કરવાની ઈચ્છા થાય છે, તે ન થાય તેવો ઉપાય બતાવો.' ત્યારે શુકદેવજી કહે છે કે, 'પરમાત્માની કૃપા વગર પાપ છૂટતું નથી. શ્વાસે શ્વાસે ભગવત્સ્મરણ કરો. પ્રાણને કૃષ્ણાર્પણ કરો. જપ-ધ્યાન-સાધના-અર્ચનથી સર્વ પાપ નાશ પામે છે. કેમકે આનાથી મનશુદ્ધિ થાય છે. શ્રીરામનો સમુદ્રમાં પથ્થર નાખવાનો પ્રસંગ ટાંકીને બતાવવામાં આવ્યું છે કે રામનામમાં કેટલી શક્તિ રહેલી છે. ઉપરાંત જનાબાઈનું દૃષ્ટાંત અને અજામિલની કથા દ્વારા નામજપનું કેટલું મહત્ત્વ છે તે દર્શાવ્યું છે.

અજામિલ પાપી હતો, પરંતુ ભગવદ્ નામનો આશ્રય કરી તે મોક્ષગતિ મેળવે છે. અજામિલ વેશ્યાને પોતાને ત્યાં રાખે છે. લૂંટ-ફાટ કરે છે. પણ સાધુઓના કહેવાથી પોતાના પુત્રનું નામ નારાયણ રાખે છે. યમદૂતો તેનો પ્રાણ લેવા આવે છે, ત્યારે અજામિલ 'નારાયણ, નારાયણ' કહી પોતાના પુત્રને બોલાવે છે. આડકતરી રીતે પણ પ્રભુનું નામ લેવાથી પાર્ષદો તેનું રક્ષણ કરે છે. પછીથી અજામિલ સન્માર્ગે વળી પ્રભુભક્તિમાં લીન થઈ મોક્ષગતિ મેળવે છે.

પ્રાચીનબર્હિ રાજાને ત્યાં દશ પ્રચેતાઓ થયા. તેમને ત્યાં દક્ષ થયો. તેણે આદિનારાયણની આરાધના કરી, જેથી તેને ત્યાં દશ હજાર પુત્રો થયા. દક્ષ તેમને ગૃહસ્થી બનાવવા માગતો હતો, પણ નારદજીએ તે બધાને સંન્યાસ આપ્યો. આથી દક્ષે નારદજીને 'તમે એક ઠેકાણે રહી શકશો નહિ, અનેક ઠેકાણે તમારે ભટકવું પડશે' તેવો શાપ આપ્યો, ત્યારે નારદજીએ તેને ઘેર સાઠ કન્યાઓ થશે તેવો આશીર્વાદ આપ્યા. તેમની પુત્રી અદિતિને ત્યાં ત્વષ્ટા થયા અને તેમને ત્યાં વિશ્વરૂપનો જન્મ

થયો. વિશ્વરૂપ બ્રહ્મનિષ્ઠ હતા. દૈત્યોએ ઈન્દ્રનું રાજ્ય જીતી લીધું, તે પાછું મેળવવા વિશ્વરૂપે દેવોને નારાયણ કવચની વિદ્યા આપી. કવચના પ્રતાપે દેવોએ દૈત્યો પાસેથી ઈન્દ્રનું રાજ્ય પાછું મેળવ્યું.

મંત્રોચ્ચારમાં ભૂલનું પરિણામ વૃત્રાસુર છે. તેણે દેવોને ત્રાસ આપવા માંડ્યો. તેમનાં અસ્ત્રો-શસ્ત્રો તે ગળી જવા લાગ્યો.દેવોની વિનંતીથી પરમાત્માએ દધીચિ ઋષિનાં હાડકાંમાંથી વજ્ર બનાવી તેનો નાશ કરવા સૂચવ્યું. ઈન્દ્ર વૃત્રાસુર સામે લડવા આ વજ્ર લઈને જાય છે. વૃત્રાસુર દૈવી જીવ હતો. તેને આ વજ્રમાં નારાયણનાં દર્શન થાય છે. તે ઈન્દ્રને વજ્ર મારવા કહે છે. પછી તે શ્રીહરિની સ્તુતિ કરે છે. તેના પહેલા શ્લોકમાં પ્રાર્થના અને ચોથા શ્લોકમાં સત્સંગની માગણી કરેલ છે. ઈન્દ્રે વૃત્રાસુરનો વધ કર્યો. તેનું તેજ ભગવદ્‌સ્વરૂપમાં લીન થયું.

વૃત્રાસુર પૂર્વજન્મમાં ચિત્રકેતુ નામનો રાજા હતો. તેની અનેક રાણીઓ હતી. છતાં પુત્ર એક જ હતો. તેની ઓરમાનમા તેને ઝેર આપીને મારી નાખે છે. આથી ચિત્રકેતુ કલ્પાંત કરે છે, નારદજી આવીને ચાર પ્રકારના પુત્ર - શત્રુ પુત્ર, ઋણાનુબંધી પુત્ર, ઉદાસીન પુત્ર, સેવક પુત્ર દર્શાવે છે. સેવક પુત્રમાં પુંડલિકનું દૃષ્ટાંત આપવામાં આવેલ છે. તેમનો પુત્ર શત્રુ પુત્ર હતો, તે માટે શોક ન કરવા કહે છે. પછી નારદજીએ તેમને તત્ત્વોપદેશ આપ્યો. તે ભગવાનનો પાર્ષદ બને છે. પણ એક દિવસ ચિત્રકેતુ આકાશમાં વિહાર કરી રહ્યો હતો ત્યારે શિવજી અને પાર્વતીજીને તે જુએ છે. પાર્વતીજી શિવજીની ગોદમાં બેસી વાર્તાલાપ કરી રહ્યાં છે અને એકબીજાને આલિંગન આપે છે. આ જોઈ ચિત્રકેતુમાં કુભાવ આવ્યો. તેણે આ બાબતની ઠેકઠેકાણે ચર્ચા કરી. શિવજી અને પાર્વતીજીની નિંદા કરવા માંડી. શિવજી આ બધું સાંભળ્યાં છતાં શાંત રહ્યા, પણ પાર્વતીજીથી શાંત રહેવાયું નહિ. તેમણે ‘ચિત્રકેતુ, પશુયોનિમાં તારો જન્મ થશે’ તેવો શાપ આપ્યો. ચિત્રકેતુને પોતાની ભૂલ સમજાતાં તે પાર્વતીજીની ક્ષમા માગે છે, ત્યારે પાર્વતીજી તેના ઉપર દયા લાવી કહે છે કે, ‘તને બીજા જન્મમાં અનન્ય ભક્તિ પ્રાપ્ત થશે ને તારો ઉદ્ધાર થશે.’

• • •

# સ્કંધ-૬

## અજામિલનું આખ્યાન

"માનવનું કલ્યાણ કરનાર હરિનામ છે. દુઃખ હરનાર પણ હરિ છે. હે પરીક્ષિત ! આ અજામિલની વાત તને કહું છું. તે તું ધ્યાનથી સાંભળ. અજામિલ અઠ્યાશી વર્ષના બ્રાહ્મણ હતા. તેને એક દીકરો હતો. તેનું નામ નારાયણ હતું. અજામિલનો અંતકાળ આવી લાગ્યો. તેની નાડી તૂટવા લાગી. અજામિલ દીકરાને યાદ કરવા લાગ્યો. "નારાયણ - નારાયણ" - તેનું પ્રાણપંખેરું ઊડી ગયું. યમરાજાએ કહ્યું, "આ પાપી બ્રાહ્મણ છે. તેને નરકમાં નાખો." યમના દૂતો અજામિલના જીવને દોરડાથી બાંધવા આવ્યા. ભગવાનના પાર્ષદો વિમાન લઈને આવ્યા. ભગવાને કહ્યું, "ચિત્રગુપ્તના ચોપડામાં અજામિલનું જીવન વૃત્તાંત કાઢો." ચોપડો ખોલ્યો, તેમાં લખ્યું હતું, અજામિલ વિદ્વાન બ્રાહ્મણ હતો. તેને પત્ની અને બાળકો હતાં. ચોવીસ વર્ષની વયે અજામિલ લાકડા લેવા વનમાં ગયો, ત્યાં તેને એક અપ્સરા મળી. અપ્સરાએ અજામિલને પોતાની સાથે લગ્ન કરવા કહ્યું. અજામિલે હા પાડી. બન્નેએ લગ્ન કર્યાં. લોકો કહેવાં લાગ્યાં, "આ અજામિલ જાતે બ્રાહ્મણ - પરણેલો - ઘરે પત્ની - બાળકો હોવા છતાં કેમ ફરી પરણ્યો ? તેને નાત બહાર મૂકો." અપ્સરા કહે, "હું તમને પરણી છું, હું ક્યાં જાઉં ?" અજામિલ અપ્સરા જોડે રહેવા લાગ્યો. અપ્સરાએ અજામિલને કહ્યું, "તમે વિદ્વાન બ્રાહ્મણ, પરણેલા, ઘરે સુંદર પત્ની અને બાળકો હોવા છતાં શા માટે મારી સાથે લગ્ન કર્યાં ? શા માટે ખોટું બોલ્યા ?" અજામિલ સાથે ગામનાં લોકોએ કોઈ જ સંબંધ ન રાખ્યો. અપ્સરા ઈશ્વરનું સ્મરણ કરતી. અગિયારસ કરતી. બારસને દિવસે બ્રહ્મભોજન કરાવી પછી જ જમવું તેવો અપ્સરાએ નિયમ રાખેલો. અપ્સરાએ અજામિલને પોતે લીધેલા વ્રતની વાત કરી. અજામિલ કહે, "મને તે વ્રત માન્ય નથી." અપ્સરા સગર્ભા

છે. તેને છઠ્ઠો મહિનો ચાલે છે. આજે બારસ હતી. બપોરે બાર વાગ્યા છતાં કોઈ બ્રાહ્મણ આજે તેને બારણે ન આવ્યો. અજામિલ કહે, "મને ભૂખ લાગી છે." અપ્સરા કહે, "તમે જમી લો, હું તમારી થાળી પીરસી દઉં." અજામિલ કહે, "ના, એમ નહીં. આપણે એક થાળીમાં જમીએ." અપ્સરા કહે, "થોડીવાર રાહ જુઓ. હમણાં કોઈ બ્રહ્મદેવ આવશે. તેને જમાડી લઉં." ફરી થોડો સમય ગયો. અજામિલે ફરી કહ્યું, "જમી લઈએ." અપ્સરા કહે, "ધીરજ રાખો." સાડાબાર વાગ્યા. વૈશાખી એકાદશી, મોહિની એકાદશી કરી એક સંન્યાસી ભિક્ષા લેવા આવ્યા. એ બારીમાંથી અપ્સરાએ જોયું. તેણીએ વિચાર્યું, સંન્યાસી ક્યાંક આસન લે તો બોલાવું. મહાત્મા બેઠા. સાડાબાર વાગ્યે સામગ્રી તૈયાર કરી થાળી પર પાલવ ઢાંકી, ખુલ્લા પગે અપ્સરા ભિક્ષા આપવા ગઈ. અપ્સરાને જોઈ મહાત્મા બોલ્યા, "પધારો મા !" અપ્સરાની આંખમાં આંસુ આવી ગયાં. મહાત્માએ આંસુ આવવાનું કારણ પૂછ્યું. અપ્સરા કહે, "મને મા કહેનારા બે. તમે અને એક મારા પેટમાં છે." "મા, હું જરૂર ભિક્ષા લઈશ, પણ મારા પિતાને અર્થાત્ તમારા પતિને અહીં બોલાવો. એ અહીં ન આવે તો હું ત્યાં તમારા ઘરે આવીશ." અપ્સરાએ અજામિલ પાસે આવીને કહ્યું, "સ્વામી, તમે મહાત્માનાં દર્શને પધારો." અજામિલ મહાત્મા પાસે આવ્યો. પ્રણામ કર્યા. મહાત્માને કહ્યું, "કૃપા કરી ભિક્ષા સ્વીકારો." મહાત્મા કહે, "હું ભિક્ષા લઉં પણ એક શરતે" અજામિલે કહ્યું, "કૃપા કરી તમારી શરત કહો." મહાત્મા કહે, "સાંભળો, અપ્સરાના પેટમાં બાળક છે. તેનું નામ નારાયણ પાડજો અને આજ પછી તમારે સંસાર ન ભોગવવો." અજામિલે પ્રતિજ્ઞા લીધી. મહાત્માએ ભોજન કર્યું. અપ્સરાને દીકરો આવ્યો. તેનું નક્કી કર્યા પ્રમાણે નારાયણ નામ પાડ્યું."

પરીક્ષિતે પૂછ્યું, "હે શુકદેવ ! ચરિત્ર ભ્રષ્ટ કરનાર બ્રાહ્મણને જ્ઞાતિજનોએ બહિષ્કાર કર્યા છતાં તે કેમ સુધર્યો ?" શુક કહે, "નારાયણના જન્મ પછી પતિ-પત્ની કલાકો સુધી ઈશ્વર આરાધના

કરે. મહાત્મા પાસે પ્રતિજ્ઞા લીધા પ્રમાણે સંસાર સુખનો ત્યાગ કરી જીવન વિતાવવા લાગ્યાં."

એક દિવસ અજામિલ અને અપ્સરા પાસે ભજનમંડળી આવી. "અમારે ઈશ્વરના સાચા ભક્તને ત્યાં ઠાકોરજી પધરાવી આરતી ઉતરાવવી છે. તમારે ત્યાં ઠાકોરજી પધરાવી તમારી પાસે ભગવાનની આરતી ઉતરાવવી એમ અમે વિચાર્યું છે." બન્ને જણાએ કહ્યું, "ભાઈ, અમે તો પાપી છીએ ને સમાજનાં પણ ગુનેગાર છીએ." બન્નેએ બહુ ના પાડી. છતાં તેઓનાં ઘરે ઠાકોરજી પધરાવી તેમની પાસે આરતી ઉતરાવી. દીવાની વાટ પેટાવી બન્ને જણાએ પ્રેમથી ઠાકોરજીની આરતી કરી. બન્નેએ મનને એકાગ્ર કરી ભગવાનમાં મન પરોવ્યું. ભગવાનનાં દર્શન કર્યા. બન્નેનાં પાપ બળીને ભસ્મ થયાં.

અજામિલ પાપી હશે, પરંતુ ચોવીસ વર્ષની યુવાન વયે ગંગાકિનારે ત્રણ કલાક સતત ઈશ્વરનું ધ્યાન ધરતો. એક દિવસ સમાધિ દશામાં સહેજ બેભાન બન્યો. તે વખતે અપ્સરા પાણી ભરવા આવી. બેભાન યુવાનને જોઈ અપ્સરા તેના પગમાં સૂંઠ ઘસવા લાગી. અજામિલે અપ્સરાને શાપ આપ્યો, "જીવનસંબંધ બંધાશે." અજામિલે જરૂર પાપ કર્મ કર્યાં છે પણ પ્રાયશ્ચિત્ત પણ કરેલું છે.

યમદૂતોએ ભગવાનના પાર્ષદોની માફી માગી. યમરાજાએ કહ્યું, "કોઈ ચોરી કરે, ખરાબ કામ કરે, પાપાચાર કરે, ઈશ્વરને યાદ ન કરે તેને અહીં લાવવાં. જે ભગવાનની ભક્તિ કરે, ઈશ્વરનું આરાધન કરે. એક વખત પાપ થઈ ગયા પછી ખરા હૃદયથી પ્રાયશ્ચિત કરે તેને યમદરબારમાં લાવવાં નહીં."

અજામિલે પોતાના અંતકાળે અજાણ્યે પોતાના પુત્ર નારાયણને બોલાવ્યો અને ભગવાન આવીને ઊભા રહ્યાં. અજામિલનો ઉદ્ધાર થઈ ગયો. અજાણતાં નારાયણનું નામ લીધેલું પણ અફળ જતું નથી. અજામિલનું બાર વર્ષનું આયુષ્ય હજી બાકી હતું. ભગવાન નારાયણે યમદૂતોને પાછા કાઢ્યા. અજામિલ સાજો થયો.બાકીનાં બાર વર્ષ અજામિલે ભગવાન નારાયણની ભક્તિમાં વ્યતીત કર્યાં. તેને બાર

વર્ષ પછી સ્વધામ લઈ જવા ભગવાનનું વિમાન આવ્યું. શુકદેવજી કહે, "હે રાજા ! દેહ, સ્વભાવ, ઈન્દ્રિય, શુદ્ધ કરી કોઈપણ જાતિનો માનવ હોય, તેના વ્યક્તિત્વના વિકાસનો આધાર સાચી ભાવનાથી ઈશ્વર આરાધના કરે તેના પર છે. મનુષ્યજીવન મળ્યા પછી પુરુષાર્થ, આવડત અને ઈશ્વરકૃપાથી બધું મળે છે, પરંતુ જે મળે તેને પચાવવાની મહત્તા હોય છે. જે માનવી ઈશ્વર કૃપાથી અને પુરુષાર્થથી પ્રાપ્ત કરેલાને સાચવી શકે તેનું જીવન ધન્ય થઈ જાય છે, પણ જાણે-અજાણે જીવનમાં અંધકાર આવે તો જીવનમાં ખામી આવે છે. જીવનમાં વિનાશ - પતન થાય છે. જેને લગતી વાત મેં તને દક્ષ રાજાની કરેલી."

"દક્ષ રાજાએ પોતાના પુત્રોને કહ્યું, "નારાયણ સરોવર જાવ, ત્યાં જઈ તપ કરો." પુત્રો નારાયણ સરોવર ગયા. ત્યાં જઈ તપ કરવા લાગ્યા. એક દિવસ નારદજી ફરતાં ફરતાં નારાયણ સરોવર આવ્યા. બાળકોને તપ કરતાં જોઈ નારદજીએ પૂછ્યું, "બાળકો, તમે કોના પુત્રો છો ?" બાળકોએ કહ્યું, "અમે દક્ષના પુત્રો છીએ." નારદજીએ પૂછ્યું, "રાજમહેલ છોડી આ વગડામાં શા માટે આવ્યા છો ?" બાળકોએ કહ્યું, "અમે તપ કરી ઈશ્વરપ્રાપ્તિ કરવા માંગીએ છીએ. દરેક માનવીએ પહેલાં પચ્ચીસ વર્ષ વિદ્યાભ્યાસ કરવો જોઈએ. પચ્ચીસ વર્ષનો થાય ત્યારે નક્કી કરવું જોઈએ કે મારે બ્રહ્મચારી રહેવું કે ગૃહસ્થાશ્રમ સ્વીકારવો. દરેક યુવાન પચ્ચીસ વર્ષનો થતાં અનેક મનોરથો સેવતો હોય છે. તે વખતે માતા - પિતાએ તેને સાચો કલ્યાણકારી માર્ગ કયો તે સમજવા માટે પોતાના યુવાન દીકરાને મદદ કરવી જોઈએ."

"નારદજીએ દક્ષનાં બાળકોને પૂછ્યું, "વિદ્યાભ્યાસ પછી ગૃહસ્થાશ્રમમાં જવું છે ?" બાળકોએ જવાબ આપ્યો, "નહીં, અમારે ભગવાનને મેળવવા છે. હે નારદમુનિ, ભગવાન કેમ કરી મળે ?" નારદજીએ કહ્યું, "હે બાળકો ! સમાધિ દ્વારા" બાળકો કહે, "અમારે સમાધિ કેમ લેવી ?" નારદજી કહે, "સમાધિ દશામાં આવતાં પહેલાં

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા અને પછી ધ્યાન એકચિત્તે ધરવું." બાળકોએ પૂછ્યું, "ધ્યાન કઈ રીતે ધરવું ?" નારદે કહ્યું, "હે બાળકો ! સૌ પ્રથમ ભટકતી મનની વૃત્તિને રોકો, નિયમો પાળો, આસન કેળવો એટલે સ્થિર થવાય. પ્રાણાયામ કરો. પ્રાણાયામ કરવાથી જાગૃતિ આવે છે. આસન પર પ્રત્યાહાર એટલે ટટ્ટાર બેસવું, પછી એકચિત્તે ઈશ્વરનું ધ્યાન ધરવું. સાંસારિક વૃત્તિઓનો ત્યાગ કરવો. ઈશ્વરમાં મન પરોવવું. મનમાં રહેલી અનેક વૃત્તિઓ શાંત થાય, મનને શાંતિ લાગે, પછી તે શાંત અવસ્થામાં ધ્યાનમાં સફેદ આકાશ દેખાય, તે દૂર થાય પછી પરમાત્માની ઝાંખી થાય. આ સમાધિ અવસ્થા પ્રાપ્ત કરવી ઘણી કઠિન છે, છતાં પ્રયત્નથી દરેક માનવી સમાધિ અવસ્થા પ્રાપ્ત કરી શકે છે." આગળ નારદજી કહે છે કે, "બેસો પુત્રો. તમને શીખવાડું. ભટકતા મનને શાંત કરો. આંખો બંધ કરો. ઈશ્વરના સ્વરૂપનું ધ્યાન ધરો. સાકારમૂર્તિ દ્વારા જ નિરાકાર તરફ જવાશે. સમાધિ દ્વારા ભગવાન મેળવી શકાય. પણ તે માટે માણસે સતત કોશિશ કરવી જોઈએ. બાળકો ! મેં તમને સમાધિ દ્વારા ઈશ્વર પ્રાપ્તિનો માર્ગ બતાવ્યો." આમ કહી નારદજી ત્યાંથી ચાલી નીકળ્યાં.

"આ બાજુ દક્ષે તપાસ કરી કે બાળકો પાછાં કેમ ન આવ્યાં!" દક્ષને ખબર પડી કે નારદજીના કહેવાથી બાળકો ભગવાનની આરાધના કરવા ચાલ્યા ગયા છે. દક્ષને તેથી નારદજી પર ગુસ્સો આવ્યો અને નારદજીને શાપ આપ્યો, "હે નારદ ! તમે એક જગ્યાએ ચોવીસ મિનિટથી વધુ નહીં ટકી શકો." નારદજીએ દક્ષને શાપ આપ્યો, "તને સાઠ દીકરીઓ થશે." નારદના શાપથી દક્ષને સાઠ દીકરીઓ થઈ. બધી દીકરીઓને દક્ષે પરણાવી. સત્યાવીસ દીકરીઓ ચંદ્રને આપી. નાની દીકરી બ્રાહ્મણ ત્વષ્ટાને આપી. નાની દીકરીએ દીકરાને જન્મ આપ્યો. દીકરાનું નામ વિશ્વરૂપ પાડ્યું.

બ્રાહ્મણ ત્વષ્ટા અને દધીચિ ઋષિને ભગવાને "નારાયણ કવચ" શીખવાડ્યું. ત્વષ્ટાએ પોતાના દીકરા વિશ્વરૂપને "નારાયણ કવચ" ભણાવ્યું.

"એક દિવસ દેવોના ગુરુ બૃહસ્પતિ સ્વર્ગમાં થઈને નીકળ્યા. તેને થયું દેવોના સમાચાર પૂછતો જાઉં. તે સમયે ઈન્દ્ર અને બીજા દેવો ભેગા થઈ ઈશ્વર સ્મરણ કરતાં હતા. કોઈએ ગુરુ બૃહસ્પતિને આવકાર ન આપ્યો. સ્વમાન સૌને વહાલું હોય. બૃહસ્પતિએ પોતાનું આવું અપમાન થતાં ગુસ્સે થઈને દેવોને શાપ આપ્યો, "તમારી સંપત્તિ નાશ પામશે." દેવતાઓ મૂંઝાયા. બ્રહ્માજી પાસે ગયા. બ્રહ્માજીએ કહ્યું, "તમે આ માટે ભગવાન વિષ્ણુ પાસે જાવ." દેવતાઓ ભગવાન વિષ્ણુ પાસે આવ્યા. ભગવાને કહ્યું, "હે દેવતાઓ ! ગુરુ વિના રાજ ન ચાલી શકે. ત્વષ્ટા નામના ઋષિનો દીકરો વિશ્વરૂપ અતિ બુદ્ધિમાન છે. ત્વષ્ટાને કહો કે પોતાના દીકરા વિશ્વરૂપને તમારા કુલગુરુ તરીકે આપે."

"તેત્રીસ કરોડ દેવતા ત્વષ્ટાને ઘરે આવ્યા. દેવતાઓએ ઋષિ ત્વષ્ટાને કહ્યું, "અમે તમારા અતિથિ તરીકે આવ્યા છીએ." ત્વષ્ટાએ કહ્યું, "હે દેવતાઓ ! હું આપની શી સેવા કરું ?" દેવતાઓએ કહ્યું, "અમારા ગુરુ બૃહસ્પતિ વૃદ્ધ થયા છે. તમારા દીકરા વિશ્વરૂપ બૃહસ્પતિ જેવી જ તેજસ્વી બુદ્ધિ ધરાવે છે. તેને અમારા ગુરુ તરીકે મોકલો. તમે તેને આજ્ઞા આપો." ઋષિ ત્વષ્ટાએ કહ્યું, "વિશ્વરૂપ યુવાન થયો છે. તેથી તમારી માંગણી તેની સમક્ષ તમે જ રજૂ કરો. તે પોતે જ આ વાતનો નિર્ણય લેશે." વિશ્વરૂપ જ્યાં દેવતાઓ બેઠા હતા ત્યાં આવ્યો. વિશ્વરૂપ કરોડો સૂર્યના જેવો તેજસ્વી હતો. દેવતાઓને વિશ્વરૂપે પ્રણામ કર્યા. દેવતાઓએ વિશ્વરૂપને કહ્યું, "ગુરુ વિના અમારું રાજ ચાલતું નથી. તેથી અમે બધા તમને અમારા ગુરુપદે નીમવા, એવો નિર્ણય કરી આવ્યા છીએ. માણસના ગુણ પૂજાય છે, ઉંમર કે શરીર નહીં." વિશ્વરૂપે કહ્યું, "હે દેવતાઓ, કોઈના પુરોહિત થવું એટલે યજમાનોનાં પાપ લેવાં, વધુ પડતાં દાન લેવાં પડે, માટે આ કામ મારાથી નહીં બને, મને ક્ષમા કરો." દેવતાઓ કહે, "અમારા પર દૈત્યોનો ભયંકર ત્રાસ થયો છે. દૈત્યો અમારું રાજ લઈ લેશે. કૃપા કરી અમારી માગણીનો સ્વીકાર કરો." દેવતાઓની

વિનંતીને માન આપી વિશ્વરૂપે હા પાડી. દેવતાઓએ બૃહસ્પતિની જગ્યાએ વિશ્વરૂપને ગુરુપદે બેસાડ્યા. વિશ્વરૂપે દેવતાઓને કહ્યું, "યુદ્ધમાં લડતાં દુશ્મનોનાં બાણ ન લાગે તે માટે હું તમોને "નારાયણ કવચ" આપું છું." વિશ્વરૂપે દેવતાઓને નારાયણ કવચ આપ્યું."

## નારાયણ કવચ

"હે હરિ ! પરમ કૃપાળુ પરમાત્મા, તમારા ચરણમાં સાક્ષાત્ દંડવત્ પ્રણામ કરું છું. જળ, પ્રવાસ, પગે ચાલતાં કે રથમાં ફરું ત્યારે તમે મારું રક્ષણ કરો. જીવનના માર્ગમાં પડતી મુશ્કેલીઓમાં આપ મને અહર્નિશ મદદ કરો. હે ભગવાન ! તમારાં દર્શન કરું એવી મને શક્તિ આપો. મુશ્કેલીઓમાં મારો માર્ગ મોકળો કરજો." વિશ્વરૂપ કહે, "હે દેવતાઓ ! કૌશિક બ્રાહ્મણે નારાયણ કવચનો પાઠ કર્યો. તેથી ચિત્રરથનું વિમાન તેની પાસે આવ્યું. વાલખિલ્ય ઋષિના વચનથી બ્રાહ્મણ કૌશિકનાં હાડકાં સરસ્વતીમાં પધરાવ્યાં અને કૌશિક બ્રાહ્મણનો ઉદ્ધાર થયો. હે દેવ ! વિષમ પરિસ્થિતિમાં નારાયણ કવચનો પાઠ કરવાથી સર્વ ભયથી મુક્ત થવાય છે. ઈશ્વરની કૃપા થાય છે. નિઃસ્વાર્થ ભાવે મંત્રજાપ કરવો. મંત્રશક્તિ કામ આવે છે." શુક "હે પરીક્ષિત ! વિશ્વરૂપે તેત્રીસ કરોડ દેવતાઓને નારાયણ કવચ આપ્યું."

દેવતાઓએ એક દિવસ ઈન્દ્ર રાજા પાસે જઈ ફરિયાદ કરી કે આપણા ગુરુ વિદ્વાન છે, પણ તેનું મોસાળ રાક્ષસ કુળ છે. ગુરુને મોસાળ તરફ પક્ષપાત છે. તે દાનના પચાસ ટકા મોસાળ પક્ષને આપી દે છે. ઈન્દ્રે દેવતાઓને કહ્યું, "હું પ્રત્યક્ષ જોઉં તો સત્ય." ઈન્દ્ર રાજાએ યજ્ઞ કર્યો. દાનમાં સોનાનાં વાસણો, રત્નો વ. વિશ્વરૂપને દાનના રૂપમાં આપ્યું. વિશ્વરૂપે તેમાંથી તમામ અર્ધું મોસાળમાં મોકલ્યું. તરત જ ઈન્દ્રે ખડ્ગ કાઢી વિશ્વરૂપને મારી નાખ્યો.

ઈન્દ્ર પાસે એક પ્રતિહારી આવ્યો. ઈન્દ્રને કહે, "એક લોહી નીંગળતી સ્ત્રી આપને મળવા માગે છે." ઈન્દ્રે કહ્યું, "તેને અંદર

મોકલ.'' સ્ત્રી અંદર આવી. ઈન્દ્રે પૂછ્યું, ''કોણ છો ?'' સ્ત્રીએ કહ્યું, ''બ્રહ્મહત્યા છું. સ્વીકાર કરો.'' ઈન્દ્રે બ્રહ્મહત્યાના ચાર ભાગ કર્યા. એક ભાગ લઈ પૃથ્વી પાસે ગયા. પૃથ્વીને કહ્યું, ''આ મારા પાપનો એક ભાગ સ્વીકારો.'' પૃથ્વીએ ના પાડી. ઈન્દ્રે કહ્યું, ''મારા પાપનો સ્વીકાર કરશો તો તમારા પર પડેલા ખાડા તરત પૂરાઈ જશે. ક્ષમાનો ગુણ મળશે.'' પૃથ્વીએ પાપનો ચોથો ભાગ સ્વીકારી લીધો. બીજો ભાગ લઈ ઇન્દ્ર વૃક્ષ પાસે ગયા. વૃક્ષે ના પાડી. ઈન્દ્રે ખૂબ વિનંતી કરી કહ્યું, ''મૂળ સુધી ન કાપીએ ત્યાં સુધી તમારો વિકાસ થશે, વપરાશો.'' વૃક્ષે બ્રહ્મહત્યાનો બીજો ભાગ સ્વીકારી લીધો. ત્રીજો ભાગ લઈ ઇન્દ્રે સ્ત્રી તરફ નજર કરી. સ્ત્રીએ પણ ના પાડી. સ્ત્રીને વરદાન આપ્યું કે, ''સગર્ભાવસ્થામાં સાત માસ સુધી ગૃહસ્થાશ્રમ ભોગવાશે. ત્રણ દિવસ અસ્પૃશ્ય રહી પાંચમે દિવસે દેવસેવાના અધિકારી થશો.'' ત્રીજા ભાગનો સ્ત્રીએ સ્વીકાર કર્યો. ચોથો ભાગ લઈ ઈન્દ્ર પાણી પાસે ગયા. પાણીને આ બ્રહ્મહત્યાનો ચોથો ભાગ સ્વીકારી લેવા ખૂબ વિનંતી કરી. પણ પાણીએ પણ સ્વીકારવાની ના પાડી. ''તમે અશુદ્ધિઓ પચાવી શકશો.'' જળમાં મળ નહીં રહે, ધોવાઈ જશે.'' પાણીએ ઈન્દ્ર પાસેથી બ્રહ્મહત્યાનો ચોથો ભાગ સ્વીકારી લીધો.''

## વૃત્રાસુરની કથા

''ત્વષ્ટાને ખબર પડી કે પોતાના દીકરા વિશ્વરૂપને મારી નાખ્યો છે. ત્વષ્ટાએ દેવતાઓ પાસે જઈ કહ્યું, ''અરે દેવતાઓ, તમે મારે ઘેર આવ્યા. મેં તમારી માગણીનો સ્વીકાર કર્યો. મારા દીકરાને આપ્યો. તે આવા અંત માટે ? મારું જીવન ખારું થઈ ગયું. હું વેર લઈશ.'' ત્વષ્ટાએ પ્રતિજ્ઞા કરી કે ઈન્દ્રને મારી નાખવો.

''વેર લેવા માટે બ્રાહ્મણ ત્વષ્ટાએ યજ્ઞ શરૂ કર્યો. દરેક કામની પાછળ માણસના મનની ઈચ્છા કામ કરતી હોય છે.''

''ઈન્દ્રશત્રુ ઉત્પન્ન થાય'' તેમ ત્વષ્ટાથી બોલાઈ ગયું. સંકલ્પ પ્રમાણે કામ થાય. એ જ વખતે સાત દહાડાના પ્રયોગ પછી આઠ

ફૂટ લાંબો વૃત્રાસુર પેદા થયો. લાલચોળ શરીરવાળો, લાંબી જીભવાળો. ત્વષ્ટાએ દેવતાઓને વૃત્રાસુર સામે લડવા પડકાર ફેંક્યો. દેવતાઓ મૂંઝાયા. "હે ભગવાન ! રસ્તો બતાવો." ભગવાન કહે, "દેવતાઓ તમે દધીચિ ઋષિ પાસે જાવ. તેના શરીરનાં હાડકાં માંગો. તેમાંથી વજ્ર બનાવો. તે વજ્ર વૃત્રાસુરને મારી શકશે."

બપોરે બાર વાગ્યે દેવતાઓ દધીચિ પાસે આવ્યા. દધીચિએ ક્હયું, "આવો દેવો. મારું શું કામ પડ્યું ?" દેવતાઓએ કહ્યું, "હે ઋષિ ! રણમેદાનમાં અમારી સામે લડવા વૃત્રાસુર આવ્યો છે. જો તમારા શરીરના હાડકાંનું વજ્ર બનાવીએ તો અમે તેને મારી શકીએ." દધીચિ સમજી ગયા. જરૂર પડે માણસે બીજાને ખાતર, દેશને ખાતર બલિદાન આપવું જોઈએ. દધીચિએ યોગમાયાનો આશ્રય લીધો. દધીચિના પ્રાણ ગયા. દેવતાઓએ દધીચિનાં હાડકાંમાંથી વજ્ર બનાવ્યું. પહેલો દેવ-દૈત્યો વચ્ચેનો સંગ્રામ નર્મદા નદીને કિનારે ભરૂચ પાસે થયો. વૃત્રાસુરે દેવોને કહ્યું, "તમારી પાસે અઢળક સંપત્તિ હોવા છતાં ફક્ત સંપત્તિ માટે મારા વિદ્વાન ભાઈ વિશ્વરૂપને તમે મારી નાખ્યો. તેનો હું બદલો લેવા આવ્યો છું." યુદ્ધ ચાલુ થયું. એકાણું વર્ષના ત્વષ્ટા ઈન્દ્રને મરતો જોવા નર્મદા કિનારે આવીને બેઠા છે. વૃત્રાસુર દેવોને કહે, "તમારો ઘા પહેલો. તમારા પર કૃપાળુ પરમાત્માની કૃપા છે." દેવતાઓ બાણ છોડવા લાગ્યા. દૈત્યો દોડવા લાગ્યા. વૃત્રાસુરે કહ્યું, "ખબરદાર ! લડતાં લડતાં દોડવું શરમજનક છે. મ્યાન કરો શસ્ત્રો." કરોડો બાણો દેવતાઓએ વૃત્રાસુર પર ફેંકવાં માંડ્યાં - કોઈ જગ્યા ખાલી ન રહી. ભયંકર યુદ્ધ થયું. વૃત્રાસુરે કહ્યું, "હે ઈન્દ્ર ! મને પાંચ મિનિટ આપો. મારે ઈશ્વરની પ્રાર્થના કરવી છે. સફેદ ધ્વજ ફરકાવો. મને શાંતિથી પ્રાર્થના કરવા દો." યુદ્ધ શાંત થયું. વૃત્રાસુરે ભગવાનની સ્તુતિ કરી, જે સ્તુતિને "વૃત્રાસુર ચતુઃશ્લોકી" કહેવાય છે. ઈન્દ્ર વિચારવા લાગ્યા, ઈશ્વરની પરમ કૃપા અમારા પર છે. છતાં અમને ભગવાન યાદ ન આવ્યા ! વૃત્રાસુર રાક્ષસ હોવા છતાં ભગવાનની સ્તુતિ કરે છે ! ઉત્તમમાં ઉત્તમ સ્તુતિ છે."

# વૃત્રાસુર સ્તુતિ

"હે ભગવાન ! તારી ભક્તિ કરતાં કરતાં ક્યારેય ઉદાસ ન થાઉં. ગમે તે યોનિમાં મારો જન્મ થાય પણ હું તમને ક્યારેય ન ભૂલું. મારા મન અને હૃદયના ઊંડાણથી હું તમને યાદ કરું. હે ભગવાન ! નાનાં બચ્ચાંની મા મરી જાય ત્યારે બચ્ચાં જેમ ભાંભરે તેમ હું ભાંભરું છું. હે ભગવાન ! મરતી વખતે મને તમારા ચરણસ્પર્શનો લાભ આપજો. બોલી ન શકું, ત્યાં ભાન ગુમાવું, પણ મારું ચિત્ત સતત તમારા ચરણમાં રહે તેવું માગું છું."

"ગમે તેવી પરિસ્થિતિમાં લાભાલાભનો વિચાર છોડી ઈશ્વરની એક ચિત્તે સ્તુતિ કરવી જરૂરી છે."

"ચાલો ઈન્દ્ર, તૈયાર થાવ." ઈન્દ્રે કહ્યું, "બે મિનિટ, મને તારી પાસે આવવા દે. મારે તને અભિનંદન આપવાં છે. અમે દેવોએ ઈશ્વરને યાદ ન કર્યા, તમે કર્યા."

"યુદ્ધ કરતાં કરતાં ઈન્દ્રના હાથીને વૃત્રાસુરે બાણ માર્યાં. હાથી લોહીની ઊલટી કરવા લાગ્યો. વૃત્રાસુર કહે, "હે ઈન્દ્ર ! રથ બદલો ત્યાં સુધી બાણ નહીં મારું." એકવીસ દિવસ સુધી સતત યુદ્ધ ચાલ્યું. બાવીસમે દિવસે દધીચિનાં હાડકાંના વજ્રથી વૃત્રાસુરના બે હાથ કાપી નાખ્યા. વૃત્રાસુર ઐરાવત હાથી સહિત ઈન્દ્રને ગળી ગયો. વિશ્વરૂપે શીખવાડેલ નારાયણ કવચનો પાઠ કરતાં કરતાં અંદરથી વૃત્રાસુરને ઈન્દ્ર મારતો ગયો. વૃત્રાસુરને મારી ઈન્દ્ર બહાર નીકળ્યા. પુષ્પવૃષ્ટિ થઈ. ત્વષ્ટા રડતાં રડતાં દીકરાની છાતી પર ફૂલ મૂકી કહે છે, "મારું જીવન ખાટું થઈ ગયું. મારે બાપ થઈને દીકરાનો અગ્નિસંસ્કાર કરવો ? નારાયણ કવચ મારા દીકરાનું કવચ ન બનતાં મારક નીવડ્યું !" દેવતાઓ બધા હાથમાં ફૂલ લઈને ઊભેલા. ત્વષ્ટાએ અગ્નિ પ્રગટાવ્યો. ત્વષ્ટા વિચારે છે કે જે મારાં લાકડાં ટાઢાં કરવાનો હતો તેને બદલે મારે તેનાં લાકડા ટાઢાં કરવાં પડ્યાં ?" અગ્નિ પ્રગટાવી ત્વષ્ટાએ વૃત્રાસુરને અગ્નિદાહ દીધો. અગ્નિ પ્રગટતાં જ વૃત્રાસુરના દેહમાંથી તેજ પ્રગટ થયું અને ઈશ્વરમાં મળી ગયું.

"ઈન્દ્રના દરબારમાં પ્રતિહારી આવ્યો અને કહ્યું, "મહારાજ એક લોહી નીંગળતી બીજી સ્ત્રી તમને મળવા માંગે છે." ઈન્દ્રે કહ્યું, "આવવા દો." સ્ત્રી અંદર ઈન્દ્ર પાસે આવી. ઈન્દ્રે પૂછ્યું, "કોણ છો ?" જવાબ મળ્યો, "બ્રહ્મહત્યા." ઈન્દ્રને બીજી બ્રહ્મહત્યા લાગી. ઈન્દ્ર રાજા ગભરાયા. ગુરુને પૂછ્યું, "શું કરવું ?"

"બ્રહ્મહત્યાથી ઈન્દ્રને શરીરે કોઢ નીકળ્યો. શુકદેવજી કહે છે, "હે પરીક્ષિત ! કોઈપણ યુદ્ધ દુઃખદાયક હોય છે. વૃત્રાસુરની સ્તુતિ સાંભળનાર કે ગાનાર પર ઈશ્વરની પરમ કૃપા થાય છે." પરીક્ષિત પૂછે છે, "હે શુકદેવજી, વૃત્રાસુર રાક્ષસ હોવા છતાં તેને પળે પળે ઈશ્વર યાદ આવતાં હતાં. તેનું કારણ શું ?" શુકદેવજી પરીક્ષિતને ચિત્રકેતુ રાજાનું દૃષ્ટાંત કહે છે.

## ચિત્રકેતુ રાજાની વાત

"ચિત્રકેતુ નામે એક રાજા હતો. તેને અનેક રાણીઓ હતી, છતાં રાજાને એકેય સંતાન ન હતુ. રાજાએ તેમના કુલગુરુ અંગિરાને પૂછ્યું, "હે ગુરુદેવ, મારે અનેક રાણીઓ હોવા છતાં સંતાન સુખ કેમ નથી ?" કુલગુરુ અંગિરાએ કહ્યું, "હે રાજા, તમારા નસીબમાં સંતાન સુખ નથી. ઈશ્વરની આરાધના કરો." એક દિવસ ચિત્રકેતુ ભોજન કરતા હતા ત્યાં ગુરુ અંગિરા આવ્યા. તેણે રાજાને ઉદાસ જોયા. ગુરુએ રાજાને ઉદાસ હોવાનું કારણ પૂછ્યું. રાજાએ ગુરુને પ્રણામ કરી કહ્યું, "હે ગુરુદેવ, ગઈકાલે મારા પિતાનું શ્રાદ્ધ હતું. પિંડ મૂક્યા ત્યારે મને પિતૃના નિઃસાસા સંભળાયા. અમારું તર્પણ કરનાર તારી પછી કોઈ નથી !" આ વાત ચાલતી હતી ત્યાં ચિત્રકેતુના પટરાણી આવ્યાં. તેમણે ગુરુને પૂછ્યું, "હે ગુરુદેવ, અમારા કોઈના ભાગ્યમાં સંતાન સુખ નથી ?" ગુરુ અંગિરાએ ચિત્રકેતુને કહ્યું, "હે રાજા ! બધી રાણીઓને અહીં બોલાવો." બધી રાણીઓ આવી એટલે ગુરુ અંગિરાએ કહ્યું, "તમારાં ભાગ્યમાં પુત્ર સુખ નથી. સાંભળો, જગતમાં પુત્રો ચાર પ્રકારના હોય છે. એક આજ્ઞાંકિત, પિતાનું નામ વધારે, આવો પુત્ર હજારમાં એક થાય છે, બીજો માતા-પિતાથી જુદો

થાય. ત્રીજો માતા-પિતાની સામે થાય, અને ચોથો માતા-પિતાને માથે પડે. આમ દીકરો દુઃખનું કારણ બની શકે છે. ક્યારેક દીકરો મરી જાય તો યુવાન વિધવા વહુની જવાબદારી ઘરડાં માતા-પિતા પર આવી પડે છે, જે જવાબદારી ખૂબ વિષમ છે, માટે દીકરાની આશા છોડી તમે સૌ ઈશ્વર - સ્મરણ કરો.''

પણ ચિત્રકેતુ રાજા કહે, ''હે ગુરુદેવ ! તમે શક્તિશાળી છો. તમારા પોતાનામાં રહેલી જે શક્તિ છે, તેની મદદથી તમે કોઈ માર્ગ કાઢો અને અમને પુત્ર થાય તેવું કરો.'' ગુરુ અંગિરાએ કહ્યું, ''મારા તપની શક્તિથી હું એક યજ્ઞ કરાવું. મારા જપ-તપની શક્તિથી એક દીકરો તમારે ત્યાં અવતરશે.'' ચિત્રકેતુને એક હજાર રાણીઓ હતી. ગુરુએ કહ્યું, ''બધી રાણીઓને યજ્ઞમાં બેસાડો.'' ગુરુએ રાજાને યજ્ઞ કરાવ્યો. યજ્ઞકુંડમાંથી એક પુરુષ ઉત્પન્ન થયો. તેના હાથમાં સોનાની થાળીમાં ખીર હતી. ગુરુ અંગિરાએ કહ્યું, ''હે રાજા ! લઈ લે આ ખીર. તારી જે રાણી આ ખીર ખાશે તેને પેટે પુત્ર જન્મ લેશે.'' રાજાએ યજ્ઞપુરુષના હાથમાંથી ખીરનું પાત્ર લઈ લીધું. હવે પ્રશ્ન થયો, આ ખીર કોણ ખાય ? બધાંએ ભેગા મળી નક્કી કર્યું, પટરાણીએ આ ખીર ખાવી. પટરાણીએ ખીર ખાધી. રાણી સગર્ભા થયાં. રાણીને ચાર માસ થયા. ગુરુએ કહ્યું, ''હવે મને જવાની રજા આપો. રાજા-રાણી કહે, ''હે ગુરુદેવ ! દીકરાનો જન્મ થશે ને ?'' ગુરુદેવે કહ્યું, ''હા, દીકરાનો જ જન્મ થશે.'' દસમા મહિનાના દસ દિવસે પટરાણીએ રાજકુમારને જન્મ આપ્યો. રાજાના આનંદનો પાર ન રહ્યો. રાજાએ અનેક દાન આપ્યાં. રાજકુમાર સ્વરૂપવાન હતો. ગુરુદેવને પુત્રજન્મનાં ખબર મોકલ્યાં. ગુરુદેવે શુભ આશિષ આપ્યા.

''વહેલી સવારે રાજકુમાર ઊઠે ત્યારે પટરાણી રાજકુમારને પ્રેમથી નવડાવે. સુંદર વસ્ત્રાલંકાર પહેરાવી તૈયાર કરે. રાજા-રાણી પુત્રને ખૂબ વહાલ કરે. આમ ચિત્રકેતુનો સંસાર સુંદર રીતે ચાલતો હતો. રોજ રાજા પોતાના દરબારમાં જતાં કુંવરને ચુંબન કરે, વહાલ કરે. બધી રાણીઓને પણ હાથ ઊંચા કરે. એક દિવસ દરબારમાં

જવાનું મોડું થતાં રાજા રાજકુમારને ચુંબન કરી, રાણીઓને હાથ ઊંચો કર્યા વિના દરબારમાં ચાલી ગયા. બધી રાણીઓને થયું આ રાજકુમારના આવવાથી આપણી કિંમત ઓછી થઈ ગઈ !"

"બીજે દિવસે સવારે નિત્યક્રમ પ્રમાણે રાજકુમાર ઊઠ્યા નહીં. આજે રાજકુમાર કેમ ન ઊઠ્યા ? પટરાણી વિચારે છે, ત્યાં દાસીએ ખબર આપ્યા કે રાજકુમાર ગયા. આ સાંભળી પટરાણીને વજ્રઘાત લાગ્યો. રાણી ગુસ્સે થઈ ગયાં. રાજકુમારનું શરીર જડ થઈ ગયું હતું. ઈર્ષાળુ રાણીઓએ રાજકુમારને ઝેર આપ્યું હતું. રાજાને સમાચાર મોકલ્યા કે રાજકુમારને લોહીની ઊલટીઓ થઈ અને મરણ પામ્યો. ચિત્રકેતુને વાત માન્યામાં ન આવી. પોતાના પુત્રને મરેલો માનવા ચિત્રકેતુ તૈયાર ન હતા. રાજકુમારનું શબ છોડવા ચિત્રકેતુ તૈયાર ન હતા. ગુરુ અંગિરા અને નારદ ઋષિ ચિત્રકેતુ રાજા પાસે આવ્યા. રાજા-રાણી ખૂબ કલ્પાંત કરતાં વિનંતી કરવાં લાગ્યાં કે, "મારા દીકરાને મને એકવાર પાછો આપો. તેને સજીવન કરો." નારદજી કહે, "હે રાજા, હિંમત રાખો. દીકરાના શબને અગ્નિસંસ્કાર માટે આપો." રાજા કહે, "નહીં આપું." નારદ અને અંગિરાએ રાજા-રાણી બન્નેને સમજાવવા ખૂબ પ્રયત્ન કર્યો. રાણી કહે, "હે ગુરુદેવ ! હું કાંઈ બીજું માંગતી નથી, મારો દીકરો એકવાર મારી સાથે વાત કરે. ગુરુ અંગિરા, નારદજી અને એક હજાર રાણીઓ આજુબાજુ બેઠી છે. વચ્ચે રાજકુમારનું શબ છે. નારદજી બોલ્યા, "હે મહારાણી ! સાંભળો. હું હમણાં કુંવરના જીભ પર ટચલી આંગળી મૂકીશ એટલે કુંવર બોલશે. તે તમે સાંભળજો. હે રાણી ! આ રાજકુમાર તેના આગલા જનમમાં કોણ હતા તે પણ તમે સાંભળો. રાજકુમાર એક મોટા યોગી હતા. પરમાત્મા તેને દર્શન આપવા આવવાના હતા. તે જ ક્ષણે યોગીને વિચાર આવ્યો કે માતા-પિતા પોતાના દીકરાને કેમ કરી બોલાવતા હશે ? એ એષણા યોગીના મનમાં રહી ગયેલી હોવાથી યોગી તમારે ત્યાં પુત્ર તરીકે આવ્યા." આટલી વાત કહ્યા પછી નારદજીએ કુંવરના શબ પર ગંગાજળ છાંટ્યું. તેની જીભ પર

ટચલી આંગળી મૂકી. બાળક રાજકુમાર બોલવા લાગ્યા - “કોણ કોનાં મા-બાપ ? કોણ કોનો દીકરો ? જન્મ, મરણ આવે અને જાય.” આટલું બોલી દીકરો પાછો શાંત થઈ ગયો.”

નારદજી કહે, “હે ચિત્રકેતુ, તમારું જીવન પૂરું થાય છે. આજથી સાતમે દિવસે તમને ઈશ્વર પ્રાપ્તિ થશે. રાજપાટની અપેક્ષા છોડી ઈશ્વર આરાધના કરો. રાણીઓએ કબૂલ્યું કે કુંવરને ઝેર અમે આપેલું. નારદ અને અંગિરાએ કહ્યું, “જે સ્ત્રીઓ આવું કામ કરે તેને સાત જન્મ સુધી બ્રહ્મહત્યાનું પાપ લાગે છે.” પટરાણીએ બધી રાણીઓને પૂછ્યું, “હે મારી બહેનો ! તમે આવું કામ શા માટે કર્યું, હું તમને ખીર ખવડાવત !” રાણી કહે, “અમને સજા કરો.” રાજકુમારનો અગ્નિસંસ્કાર કર્યો - રાજકુમારનું તેજ ઈશ્વરમાં મળી ગયું. ચિત્રકેતુ રાજાએ જીવનના શેષ દિવસ એક ચિત્તે ઈશ્વર આરાધના કરી. સાતમે દિવસે ચિત્રકેતુને ઈશ્વરનાં દર્શન થયાં. ઈશ્વરે ચિત્રકેતુને કહ્યું, “માંગ, માંગ, હું તને શું આપું ?” રાજા ચિત્રકેતુ કહે, “હે ભગવાન, મારે કાંઈ જ જોઈતું નથી.” વિમાનમાં બેસી ચિત્રકેતુ યાત્રા કરવા નીકળ્યા. ચાલતાં ચાલતાં કેદારનાથ આવ્યા. મહાદેવજીનાં દર્શન કર્યાં. આજે શિવજી, પાર્વતી સાથે કૈલાસમાં નૃત્ય કરવા જવાના હતા. શિવજીએ પાર્વતીને પોતાના ખોળામાં બેસાડ્યા હતાં. ત્યારે જ ચિત્રકેતુ ત્યાં આવી પહોંચ્યા. તેને વિચાર આવ્યો કે પાર્વતીજીને બાજુમાં બેસાડ્યાં હોત તો ?” પાર્વતીજીએ શાપ આપ્યો. “તું રાક્ષસ થઈશ.” પાર્વતીજીએ શિવજીને કહ્યું, “આ રાજાને ઓળખ્યા ? મેં તેને શાપ આપ્યો.” શિવજીએ કહ્યું, “હે રાજા, આવતા જન્મમાં બ્રાહ્મણ થઈશ અને તને મોક્ષ મળશે.” આમ પાર્વતી અને શિવજીનાં શાપ અને વચનથી ચિત્રકેતુ રાજા બ્રાહ્મણ ત્વષ્ટાને ત્યાં વૃત્રાસુર રાક્ષસરૂપે જન્મ્યા. ઈન્દ્ર સાથે લડતાં લડતાં ઈશ્વરની ઉત્તમ સ્તુતિ કરી મોક્ષ ગતિ પામ્યા.” શુકદેવજી કહે, “હે રાજા પરીક્ષિત ! જે પ્રારબ્ધને કારણે કે આવડતને કારણે મળે તેનો બીજાના ભલા માટે સદુપયોગ કરવો જોઈએ.”

# સાતમા સ્કંધનો સારાંશ

આ સ્કંધમાં ઉતિલીલા છે. રાજા પરીક્ષિત શુકદેવજીને પૂછે છે કે, 'પરમાત્મા સર્વવ્યાપક છે અને સમભાવથી વ્યવહાર કરે છે, તો પછી જગતમાં વિષમતા કેમ દેખાય છે ? બિલાડી ઉંદરને મારે છે, ઈન્દ્ર વૃત્રાસુરને મારે છે' વગેરે. આથી શુકદેવજી કહે છે કે, 'પરમાત્માની સમતા ભાવમાં છે, ક્રિયામાં નથી. ક્રિયામાં વિષમતા રહેવાની. ભાવનામાં અદ્વૈત રાખવો, સમદર્શી થવું, પણ સમવર્તી ન થઈ શકાય. પરમાત્માએ વૃત્રાસુરને માર્યો નથી, પણ તાર્યો છે. તેના ઉપર કૃપા કરી છે.' આ બાબત ચોરના દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરી છે. પરમાત્માની લીલામાં વિષમતા દેખાય, પણ તે વિષમતા નથી, સમતા છે. આ માટે તેમણે ધર્મરાજાના રાજસૂય યજ્ઞનો દાખલો આપ્યો કે, તે વખતે બધાએ નિર્ણય આપ્યો કે, પહેલી પૂજા દ્વારિકાનાથની થવી જોઈએ. ધર્મરાજાએ તે મુજબ પ્રથમ તેમની પૂજા કરી. આથી શિશુપાલ ક્રોધમાં આવીને દ્વારિકાનાથને ભરસભામાં ગાળો દેવા લાગ્યો. દ્વારિકાનાથે તેનો વધ કર્યો, ત્યારે તેના શરીરમાંથી આત્મતેજ નીકળ્યું અને દ્વારિકાનાથમાં લીન થયું.

ધર્મરાજાએ નારદજી પાસેથી હિરણ્યકશિપુ વિશે જાણવા ઈચ્છા વ્યક્ત કરી, ત્યારે નારદજી કહે છે કે, 'વરાહ ભગવાને હિરણ્યાક્ષનો નાશ કર્યો, તેનાથી હિરણ્યકશિપુએ મનમાં તેના ભાઈનું વેર લેવાનું નક્કી કર્યું. તે વિષ્ણુ ભગવાન કરતાં સમર્થ અને શક્તિમાન બનવા માગતો હતો. આ માટે તપશ્ચર્યા દ્વારા અજરામર થવા નિશ્ચય કર્યો. આ હેતુ-અર્થે તે મંદરાચલ પર્વત ઉપર તપશ્ચર્યા કરવા જાય છે. પણ ત્યાં બૃહસ્પતિ પોપટ રૂપે 'નારાયણ, નારાયણ' બોલી તેના ધ્યાનમાં વિક્ષેપ કરે છે, તેથી હિરણ્યકશિપુ તરત પાછો આવે છે. હિરણ્યકશિપુની પત્ની કયાધુ પોતાના બુદ્ધિચાતુર્યથી વારંવાર તેને નારાયણનું ઉચ્ચારણ કરાવે છે. આ સમયે કયાધુના ઉદરમાં પ્રહ્લાદ હોય છે. તેને ભક્તિના સંસ્કાર પ્રાપ્ત થાય છે.

થોડા સમય પછી ફરીથી હિરણ્યકશિપુ મંદરાચલ પર્વત ઉપર ૩૬ હજાર વર્ષની તપશ્ચર્યા વડે બ્રહ્માજીને પ્રસન્ન કરી 'હું દિવસે ન મરું, રાત્રે ન મરું, અંદર ન મરું, બહાર ન મરું, શસ્ત્ર-અસ્ત્રથી ન મરું, પશુ કે માનવથી ન મરું' એવું વરદાન માગે છે. પછી ઈન્દ્રાદિ દેવોનો પરાજય કરે છે.

હિરણ્યકશિપુ-કયાધુને ત્યાં પ્રહ્લાદનો જન્મ થયો છે. પ્રહ્લાદજી ભગવદ્‌ભક્ત છે. બાલ્યાવસ્થાથી તે નારાયણમાં લીન રહે છે. પાંચ

વર્ષની ઉંમર થતાં તેમને રાજનીતિનું જ્ઞાન આપવા ગોઠવણ કરવામાં આવે છે. ત્યાં દેખાવ પૂરતું તે રાજનીતિનું શિક્ષણ લે છે. પણ તેમની ચિત્તવૃત્તિ નારાયણમય બનેલી હોવાથી હિરણ્યકશિપુ તે વખતે તેની પરીક્ષા લે છે. ત્યારે તે નારાયણની સર્વવ્યાપકતા અને સંસારની નિશ્વરતા ઉપર તત્ત્વજ્ઞાનનો બોધ વરસાવે છે. પોતાના શત્રુ વિષ્ણુની ભક્તિ કરતા જોઈ હિરણ્યકશિપુ ગુસ્સે થઈ, તેને મારી નાખવા અનેક ઉપાયો કરે છે, તેમાં તે નિષ્ફળ રહે છે.

એક સમયે પ્રહ્લાદજી પોતાના બાલમિત્રો સાથે હરિકીર્તન કરે છે. તેમાં બાળકો, ગુરુઓ, રાજસેવકો જોડાય છે. આથી ગુસ્સે થઈ તે પ્રહ્લાદજીને ઉચકીને જમીન પર પછાડે છે. પછી 'તારા ભગવાન ક્યાં છે ?' તે પૂછતાં પ્રહ્લાદજી 'મારા ભગવાન સર્વત્ર વ્યાપેલ છે' તેમ જણાવે છે. થાંભલામાં પણ ભગવાન છે, તેવું તે કહે છે. હિરણ્યકશિપુ થાંભલા ઉપર મુષ્ટિપ્રહાર કરતાં તેમાંથી નૃસિંહ ભગવાન પ્રગટ થાય છે અને તેને ગોદમાં લઈ પોતાના નખ વડે ચીરી નાખે છે. નૃસિંહ ભગવાનનું રૌદ્રરૂપ શાંત કરવા પ્રહ્લાદજી સ્તુતિ કરે છે. ધીમે ધીમે નૃસિંહ ભગવાન શાંત થાય છે. તેને વરદાન માગવાનું કહેતાં પ્રહ્લાદજી પોતાના મિત્રો સાથે વૈકુંઠધામમાં જવા ઈચ્છા વ્યક્ત કરે છે. નૃસિંહ ભગવાન તેના પિતાનો ઉદ્ધાર કરે છે. હિરણ્યકશિપુના અગ્નિસંસ્કાર પછી પ્રહ્લાદજીનો રાજ્યાભિષેક કરવામાં આવે છે.

નારદજી ધર્મરાજાને શ્રીકૃષ્ણનો સાચો પરિચય આપી ભગવાનનાં દર્શન કરાવે છે. આમાં અનેક દૃષ્ટાંતોનો ઉપયોગ થયો છે. મીરાંબાઈનું, નામદેવનું, પદ્મનાભનું, જાજલિ ઋષિનું, સદ્‌ગૃહસ્થ-મહાત્માનું, પ્રોફેસરનું, રુક્મિણીજીનું, ગોરમહારાજનું, બાલ નામદેવનું, દ્રૌપદીનું, શેઠનું, ન્યાયાધીશનું, સુશિક્ષિતોનું, માછીનું, દ્રોણાચાર્યનું, ધોબીનું, શિવ-પાર્વતીનું, રાજા-રાણીનું, લક્ષ્મણનું વગેરે અનેક દૃષ્ટાંતો આમાં છે. ઉપરાંત છેલ્લે ધર્મનાં ત્રીજા લક્ષણો : સત્ય, દયાભાવ, પવિત્રતા, તપશ્ચર્યા, તિતિક્ષા, અહિંસા, બ્રહ્મચર્ય, ત્યાગ, સ્વાધ્યાય, આર્જવ, સંતોષ, સમદૃષ્ટિ, મૌન, આત્મચિંતન, પંચભૂતોમાં ઈશ્વરની ભાવના, કૃષ્ણકથાનું શ્રવણ, કૃષ્ણકીર્તન, સેવાપૂજા, સ્મરણ, ચાર વર્ણના ધર્મો અને ચાર આશ્રમના ધર્મો વગેરે જણાવે છે.

• • •

# સ્કંધ-૭

## ભક્ત પ્રહલાદની કથા

પરીક્ષિતે પૂછ્યું, "હે શુકદેવ ! એક વાત પૂછું ? કશ્યપ ઋષિનાં પત્ની વિદુષી હતાં એને ઘરે હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ જન્મ્યા. ઋષિને ઘરે રાક્ષસનો જન્મ કેમ થયો ?" શુકદેવજી કહે, "હે પરીક્ષિત! હિરણ્યાક્ષને ભગવાન વરાહે મારી નાખ્યો. હિરણ્યકશિપુએ નક્કી કર્યું કે જેણે મારાભાઈને મારી નાખ્યો તેને હું મારી નાખું. આમ નિશ્ચય કરી હિરણ્યકશિપુ પોતાની માતા દિતિ પાસે આવ્યા અને કહ્યું, "મા ! તારો દીકરો ગયો અને મારી ભુજા ગઈ મા ! હું વેર લેવા માંગું છું. તું મને આશીર્વાદ આપ. હું તપ કરવા જાઉં છું." માતા દીતિ કહે, "મેં એક દીકરો ગુમાવ્યો છે. હવે તને નહીં જવા દઉં." માતાએ ના પાડી. થોડા વખત પછી પાછો હિરણ્યકશિપુ મા પાસે આવ્યો અને કહ્યું, "મા, જેટલો સ્નેહ રાખીએ તેટલું દુઃખ વધુ થાય. શોક ન કર મા ! તું મને તપ કરવા જવાની રજા આપ."

"આમ બધાની રજા લઈ હિરણ્યકશિપુ મંદરાચલ પર્વત પર શંકર ભગવાનનું તપ કરવા લાગ્યો. દેવોનું નિકંદન કાઢવા તૈયાર થયેલા હિરણ્યકશિપુને જોઈ દેવો પોપટનું રૂપ લઈ મંદરાચલ પર્વત પર આવ્યા અને જ્યાં હિરણ્યકશિપુ તપ કરતો હતો ત્યાં 'ગોવિંદાય નમઃ ગોવિંદાય નમઃ'નો જપ કરવા લાગ્યા. દુશ્મનના નામનો જપ સાંભળી હિરણ્યકશિપુનું માથું ભમવા લાગ્યું. હિરણ્યકશિપુ તપ કરવાને બદલે પાછો ઘરે આવી ગયો. તેની પત્ની કયાધુએ તેને તેના પાછા આવવાનું કારણ પૂછ્યું. તેણે પત્નીને જવાબ ન આપ્યો. થોડા દિવસ બાદ ફરી મંદરાચલ પર્વત પર જઈ હિરણ્યકશિપુ તપ કરવા લાગ્યો. ફરી પાછો હિરણ્યકશિપુ ઘરે આવી ગયો. કયાધુએ કહ્યું, "તમે ક્યારેય કામ પતાવ્યા વિના પાછા આવતા નથી, તો આમ વારંવાર તપશ્ચર્યા છોડી પાછા કેમ આવી જાવ છો ?" જવાબ ન મળ્યો.

આજે હિરણ્યકશિપુ સૂતો છે. પત્ની કયાધુને ઊંઘ આવતી નથી. ઊંઘમાં હિરણ્યકશિપુ "ગોવિંદાય નમઃ ગોવિંદાય નમઃ" બોલે છે. સવારે કયાધુએ હિરણ્યકશિપુને કહ્યું, "તમારા પાછા આવવાનું કારણ મને મળી ગયું. રાત્રે નિંદ્રામાં તમે "ગોવિંદાય નમઃ ગોવિંદાય નમઃ" બોલતા હતા." હિરણ્યકશિપુ ગુસ્સે થઈ ગયો. "કોણે કહ્યું ?" કયાધુ કહે, "હું કહું છું. મેં સાંભળ્યું." "હવે હું ગોવિંદાય નમઃ બોલું ત્યારે મને ઉઠાડજે. કયાધુએ માતા દિતિને આ વાત કરી. માતાએ હિરણ્યકશિપુને બોલાવી ઘણું સમજાવ્યો, પણ તેની કોઈ અસર ન થઈ. ત્રીજીવાર હિરણ્યકશિપુ મંદરાચલ પર્વત પર તપ કરવા ગયો. એક દિવસ દેવતાઓ ન આવ્યા. બીજે દિવસે ફરી પોપટ થઈને આવ્યા. 'ગોવિંદાય નમઃ ગોવિંદાય નમઃ' બોલવા લાગ્યા. ફરી હિરણ્યકશિપુ ઘરે આવ્યો. હિરણ્યકશિપુ જમવા બેઠો હતો ત્યારે તેની પત્નીએ જમાડતાં જમાડતાં પૂછ્યું, "તમારી શું શક્તિ છે, માનપાન છે. તમે આમ પાછા કેમ આવો છો ?" આ વખતે હિરણ્યકશિપુએ પાકો નિર્ણય કરી લીધો કે હું તપ કરવા જાઉં અને તપશ્ચર્યા પૂરી કરીને જ આવું. પત્ની કયાધુ રજસ્વલા થયાં. તેથી ચાર દિવસ હિરણ્યકશિપુ ઘરે રોકાઈ ગયેલો. ચાર દિવસ પૂરા થયા. બંન્ને સંસારસુખમાં જોડાયાં. બંન્નેના દિલમાં ગોવિંદાય નમઃની ભાવના હતી. કયાધુ સગર્ભા થયાં.

નારદજીએ દેવતાઓને કહ્યું, "હવે તમારું કામ થઈ ગયું. હિરણ્યકશિપુને ત્યાં તમારો મિત્ર આવશે. હિરણ્યકશિપુ તપ કરવા ગયો. પાંચ વર્ષ તપ કર્યું. કયાધુએ દીકરાને જન્મ આપ્યો. પ્રહલાદ નામ પાડ્યું. પાંચ વર્ષનો પ્રહલાદ થયો ત્યારે હિરણ્યકશિપુ તપ કરી ઘરે પાછો આવ્યો. પ્રહલાદે પિતાને પ્રણામ કર્યા. આયુષ્યમાન ભવઃના આશીર્વાદ આપ્યા અને પત્ની કયાધુને કહ્યું કે, "આપણું રાજ આ પુત્ર સંભાળશે." કયાધુએ કહ્યું કે, "આમ કેમ બોલ્યા ? મોટો દીકરો તો છે." "મારાથી બોલાઈ ગયું." હિરણ્યકશિપુએ કહ્યું. કયાધુએ પ્રહલાદને ગુરુના આશ્રમમાં ભણવા મોકલ્યા.

"આશ્રમમાંથી એક દિવસ રાજકુમાર પ્રહલાદ રાજસભામાં આવ્યા. પિતાએ ખોળામાં બેસાડી પૂછ્યું, "બેટા આશ્રમમાં તું શું ભણે છે ?" પ્રહલાદ ઊભા થયા. બોલવા લાગ્યા, "શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે" શબ્દો સાંભળતાં જ હિરણ્યકશિપુએ દીકરાને લાત મારી. ફરી પ્રહલાદ ઊભા થઈ "ગોવિંદ ગોવિંદ" બોલવા લાગ્યા. હિરણ્યકશિપુએ આશ્રમમાંથી ગુરુજીને બોલાવ્યા અને કહ્યું, "તમે આવું ભણાવો છો ? પ્રહલાદને મારી સ્તુતિ શીખવો." ગુરુજી કહે, "એ તો મારું સાંભળતો નથી. દિવસ-રાત ભગવાનનું નામ સ્મરણ કર્યા કરે છે." હિરણ્યકશિપુએ કહ્યું, "રાતે જ્યારે તે ગોવિંદ ગોવિંદ બોલે ત્યારે તમે તેને મારી નાખજો, સજા કરો, પણ તેને ગોવિંદ ગોવિંદ બોલતાં ન શીખવો."

"થોડા સમય બાદ ફરી પ્રહલાદને હિરણ્યકશિપુએ આશ્રમમાંથી ઘરે બોલાવ્યો અને પૂછ્યું, "બોલો પ્રહલાદ, હવે તું આશ્રમમાં શું શીખ્યો ?" પ્રહલાદે કહ્યું, "આપને ન ગમે તો હું ન બોલું." હિરણ્યકશિપુ કહે, "બોલ શું શીખ્યો ?" પ્રહલાદ બોલવા લાગ્યો, "કૃષ્ણાય વાસુદેવાય નમઃ" હિરણ્યકશિપુ આ સાંભળી ગુસ્સે ભરાયો અને જાહેરાત કરી કે પ્રહલાદને જે મારી નાખશે, તેને ઈનામ આપીશ. કયાધુએ પોતાના પતિને આજીજી કરી કે, "તેને મારી ન નાખો, હું મારા દીકરાને લઈને અહીંથી દૂર ચાલી જાઉં છું."

"હિરણ્યકશિપુએ પ્રહલાદને ઝેર આપ્યું, હાથીના પગ નીચે કચડ્યો, તેલમાં તળ્યો, પર્વત પરથી ધક્કો માર્યો. પ્રહલાદ ગોવિંદનો જાપ કરતો રહ્યો અને જીવતો રહ્યો. કોઈ રીતે તેને મારી ન શકાયો. શુકદેવજી કહે, "હે પરીક્ષિત ! પ્રહલાદને મારવા અનેક પ્રયત્ન તેના બાપે કર્યા પણ એકેય સફળ ન થયા. એમ કરતાં કરતાં હોળીનો તહેવાર આવ્યો. હિરણ્યકશિપુની બહેન હોલિકા હારડો લઈ પોતાના ભાઈના દીકરાને આપવા આવી. પોતાના ભાઈને ઉદાસ જોઈ બહેન બોલી, "ભાઈ, તું ઉદાસ કેમ છે ?" હિરણ્યકશિપુએ કહ્યું, "આ દીકરો કુલાંગાર પાક્યો છે. અનેક ઉપાય કર્યા છતાં પણ મરતો નથી."

હોલિકાને વરદાન હતું, તેને અગ્નિ બાળી નહીં શકે. હોલિકાએ ભાઈને કહ્યું, "ભાઈ, તારું કામ હું ઘડીના છઠ્ઠા ભાગમાં કરી દઉં."

"હોલિકાએ ચિતાની રચના કરી. પોતે પ્રહલાદને ખોળામાં બેસાડી ચિતા પર બેઠી. ચિતા સળગાવી. છોકરાઓએ પ્રહલાદને ખેંચીને બહાર કાઢી લીધો. ફઈબા હોલિકા બળીને ભસ્મ થઈ ગઈ - પ્રહલાદને કાંઈ જ ઈજા ન થઈ. થાકીને હિરણ્યકશિપુએ ગુરુજીને કહ્યું, "આને તમે આશ્રમમાં લઈ જાવ અને સુધારો." થોડા વખત પછી પ્રહલાદને બીજા શિષ્યોને ભણાવવાનું સોંપી ગુરુજી હિરણ્યકશિપુને પ્રહલાદની વાત કરવા ગયા. પ્રહલાદને કહેતા ગયા, "હું તારા પિતા પાસે જાઉં છું. તું શિષ્યોને ભણાવજે." પ્રહલાદે ગુરુજીની ગેરહાજરીમાં સાઠ હજાર શિષ્યોને ટટ્ટાર ઊભા રાખી "ગોવિંદ" શિખવાડ્યું. એક ચિત્તે બધાએ ઈશ્વરની પ્રાર્થના કરી. પ્રહલાદજી વિદ્યાર્થીઓને કહે છે, "ઈશ્વરે દરેકને સો વર્ષનું આયુષ્ય આપ્યું છે. પચાસ વર્ષ પછી વૃદ્ધાવસ્થા આવે છે. માણસે બાળપણથી જ ઈશ્વર સ્મરણ કરવાની આદત પાડવી જોઈએ." વિદ્યાર્થીઓ પ્રહલાદને પૂછવા લાગ્યા કે, "તમે રાક્ષસના દીકરા, તમને આ જ્ઞાન કોણે આપ્યું ?" પ્રહલાદે કહ્યું, "જ્યારે મારા પિતા તપ કરવા ગયા હતા ત્યારે મારી માતા સગર્ભા હતાં. હું મારી માતાના પેટમાં છ મહિનાનો હતો. ઈન્દ્રે વિચાર્યું કે આના પેટમાં રાક્ષસ બાળક છે. બીજો રાક્ષસ ન મારવો પડે માટે મારી માતાને પકડી મારવા તૈયાર થયા. ત્યાં નારદજી આવ્યા. તેમણે ઈન્દ્રને કહ્યું, "કયાધુના પેટમાં ભગવાનનો ભક્ત છે. તેને મારો નહીં. મારી માતા ડરની મારી થરથર ધ્રૂજવા માંડી, મારી માતાને નારદજી પોતાના આશ્રમમાં લઈ ગયા અને મારી માતાને સુંદર જ્ઞાન આપ્યું. ત્યારે મેં મારી માતાના પેટમાં તે જ્ઞાન પ્રાપ્ત કર્યું. ત્યારથી હું ઈશ્વરનું સ્મરણ કરું છું." પ્રહલાદે કહ્યું, "હે દૈત્યોનાં બાળકો ! માનવજન્મ દુર્લભ છે, એ પણ નાશવંત છે. છતાં ઈચ્છિત ફળ આપનાર છે, માટે માનવે જીવન દરમ્યાન બાલ્યકાળથી જ ભગવાનના નામનું સ્મરણ કરવું જોઈએ. હે બાળકો, ઈશ્વરરૂપી કાળને લીધે વૃક્ષનાં ફળો ઉત્પન્ન થઈ

નાશ પામવા સુધીના વિકારો અનુભવે છે અને છેવટે નાશ પામે છે. છતાં વૃક્ષ તો એમ ને એમ જ રહે છે. તેનામાં ફેરફાર થતો નથી. તેવી જ રીતે શરીર જન્મથી મૃત્યુ સુધી જુદા જુદા વિકારો અનુભવે છે. આત્માને વિકારો અસર કરતાં નથી. આત્મા એમનો એમ જ રહે છે. આત્મા નિત્ય, ક્ષયરહિત, શુદ્ધ જ, શરીરાદિનો જ્ઞાતા, સર્વના આશ્રય રૂપ, વિકારરહિત, સ્વયંપ્રકાશ, સર્વના કારણરૂપ, વ્યાપક, સર્વસંગથી મુક્ત અને કોઈપણ જાતના આવરણરહિત છે. આ વાત સમજનાર માનવીએ શરીરથી ઉત્પન્ન થતો મોહ "હું" "મારું" છોડી દેવો જોઈએ. માળાના મણકા દોરામાં પરોવાયેલા હોવા છતાં દોરો મણકાથી અલગ છે. શરીરમાં આત્મા રહેલો હોવા છતાં આત્મા શરીરથી જુદો છે. સંસારની માયામાંથી છૂટવાના અનેક ઉપાયો છે, છતાં નારદજીએ ભક્તિયોગને ઉત્તમ ઉપાય કહ્યો છે. ભક્તિયોગમાં ગુરુની સેવા, સર્વ વસ્તુ ભગવાનને અર્પણ કરવી, સંતસમાગમ, ભગવાનનાં ગુણગાન તે કીર્તન, ઈશ્વરનાં ચરણકમળનું ધ્યાન, ઈશ્વરની મૂર્તિનું દર્શન, પૂજનઅર્ચન, કીર્તન વગેરે ભગવાનમાં પ્રીતિ વધારવાનાં અંતરંગ સાધનો છે. ઈશ્વર સૌનો છે. સર્વ પ્રાણીમાં વસેલો છે. તેથી દરેક જીવને સમાન ગણી સૌને સંતોષ આપવો. ભગવાન અંતર્યામી છે. આકાશની પેઠે આપણા સર્વમાં વ્યાપેલો છે. ઈશ્વરની ઉપાસનામાં કોઈ મોટી મહેનત નથી. સંસારની મોહ પમાડનારી વસ્તુઓ મેળવવાથી કોઈ લાભ નથી, કારણ કે તે બધી આખરે નાશવંત છે. અરે ! માનવશરીર પણ નાશવંત છે. અનેક ઈચ્છાઓ રાખી કર્મ કરનાર વારંવાર દુઃખી થાય છે. આથી માણસે કોઈપણ પ્રકારની ઈચ્છા ન રાખવી, જેથી સુખ પ્રાપ્ત થાય છે. માણસ પોતાના દેહ વડે કર્મ કરે છે અને તે કર્મ અનુસાર ફરી પુનર્જન્મ દેહ મળે છે. આમ કર્મ અને ઈશ્વરનું નિઃસ્પૃહભાવે ભજન કરવું જોઈએ. શુદ્ધ ભક્તિભાવથી ભગવાન પ્રસન્ન થાય છે. હે દાનવ બાળકો ! માણસનો સ્વાર્થ આ જગતમાં ફક્ત જન્મ લઈ ભગવાનની શુદ્ધ ભાવે ભક્તિ કરવી અને સર્વ સ્થળે એટલે અણુએ અણુમાં ભગવાન જ છે, એમ તે જગતને

જોવું." બીજે દિવસે ગુરુજી આશ્રમમાં પાછા ફર્યા ત્યારે વિદ્યાર્થીઓ પ્રહલાદે શિખવાડેલું તે પ્રમાણે "ગોવિંદ ગોવિંદ" બોલવા લાગ્યા. ગુરુજીએ રાજા હિરણ્યકશિપુને ફરિયાદ કરી. હિરણ્યકશિપુએ ગુરુજીને જેલમાં પૂર્યા અને હુકમ કર્યો, "મારી નાખો પ્રહલાદને."

હિરણ્યકશિપુએ સોનાના થાંભલાને ગરમ કર્યો. વૈશાખ સુદ ચૌદસ અને બુધવાર હતો. કયાધુ પતિને વિનંતી કરે છે, કરગરે છે, "હે કંથ ! હું મારા દીકરાને લઈને ચાલી જાઉં છું. તેને આમ મારી ન નાખો." હિરણ્યકશિપુ કહે, "એને નહીં છોડાય." કરોડો માનવીઓ પ્રહલાદને છેલ્લી અંજલિ આપવા રાજમહેલમાં આવ્યા છે. હિરણ્યકશિપુએ હુકમ કર્યો કે કોઈપણ ગોવિંદને જુએ તો મારી નાખે. મારા દીકરાને હું મારા હાથે જ મારીશ. બોલાવો પ્રહલાદને." પ્રહલાદજી આવ્યા. હાથ જોડીને ઊભા રહ્યા. હિરણ્યકશિપુએ કહ્યું, "કુલાંગાર ગોવિંદને યાદ ન કર. તે તો મારા ભાઈને મારનાર છે." પ્રહલાદજી કહેવા લાગ્યા, "જન્મ-મરણની આ તો ઘટમાળ છે. દુષ્ટથી તે ડરશે નહીં, જેને ઈષ્ટનો આધાર છે." હિરણ્યકશિપુ કહે "બતાવ, તારો ગોવિંદ ક્યાં છે ? બધા તૈયાર રહો, મારો વેરી આવે છે." પ્રહલાદ કહે, "આખું જગત વિષ્ણુમય છે. ઈશ્વર તો દરેકે દરેક જગ્યામાં છે." આ સાંભળી કોપાયમાન થયેલા હિરણ્યકશિપુએ પ્રહલાદને કહ્યું, "આ સોનાના થાંભલામાં તારો ગોવિંદ છે. તેને બાથ ભર." પ્રહલાદજી "હે ગોવિંદ" કહેતાં થાંભલાને બાથ ભરવા ગયા ત્યાં થાંભલો ફાટ્યો. ન દિવસે, ન રાતે, ન ઘરમાં, ન બહાર, ન માનવ, ન પશુ મારી શકે તેવું હિરણ્યકશિપુએ બ્રહ્માજીનું વરદાન હતું. થાંભલો ફાટતાં અર્ધ નર અને અર્ધ સિંહના સ્વરૂપવાળા નરસિંહ ભગવાન વિકરાળ સ્વરૂપે પ્રગટ થયા. હિરણ્યકશિપુને પકડી ઊંબરા પર બેસી પોતાના સિંહનખથી તેની છાતી ફાડી નાખી. હિરણ્યકશિપુનો ભગવાન નરસિંહે સંહાર કર્યો. પ્રહલાદજીએ ભગવાનને સાષ્ટાંગ પ્રણામ કર્યા. માતા કયાધુએ ભગવાનને પ્રણામ કર્યા. બ્રહ્મા, મહેશ સહિત તેત્રીસ કરોડ દેવતા હાથમાં પુષ્પની અંજલિ

લઈ ઊભેલા. તે સઘળા મનમાં શંકા કરવા લાગ્યા કે આ વિષ્ણુ ભગવાન ? લક્ષ્મી અને સાવિત્રી પણ શંકા કરવા લાગ્યા. પ્રહલાદજીએ ભગવાનને વિનંતી કરી, "હે પ્રભુ ! તમારા આ વિકરાળ સ્વરૂપને સંકેલી લઈ આપનું ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરો. આ સામે ઊભેલા દેવ-દેવીઓની શંકાનું નિવારણ કરો." ભગવાન કહે, "હે પ્રહલાદ ! હું તારી માફી માગું છું. તને ઘણીવાર મારી નાખવાના પ્રયત્ન થયા ત્યારે હું આવ્યો નહીં, તારા બોલાવવાની રાહ જોઈ. મને ક્ષમા કર." ભગવાન પ્રહલાદજીને પગે લાગ્યા. પ્રહલાદજી કહે, "હે પ્રભુ ! આપને માફી માગવાની ન હોય. અમારો આપના શરણમાં સ્વીકાર કરો." ભગવાને નરસિંહ સ્વરૂપ સંકેલી ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કર્યું. દેવતાઓ-દેવીઓએ ભગવાન પર પુષ્પવૃષ્ટિ કરી. પ્રહલાદજીને પ્રભુએ તેના પિતાનાં રાજપાટ સોંપ્યાં." શુકદેવજી કહે, "હે રાજા પરીક્ષિત ! તારો ત્રીજો દિવસ છે. થોડા દિવસો તારા જીવનના બાકી છે. મેં તને જે જ્ઞાન આપ્યું તે સાંભળ્યું. તેને આચરણમાં મૂકવા કોશિશ કરજે. કામ, ક્રોધ, માયાથી દરેક માણસ પીડાતો હોય છે. જાણ્યે-અજાણ્યે પાપ થતાં હોય છે. મંગલ પ્રભાતે થોડી ક્ષણો માણસે પોતાનું જીવન મંગલમય થાય કે જાય એમ મનમાં વિચાર રાખી, એક આસન પર બેસી, ભટકતાં મનને રોકી એક ચિત્તે ઈશ્વરનું આરાધન કરવું. એક પણ ક્ષણ કોઈપણ વ્યક્તિની કર્મ કર્યા વગર જતી નથી. એકાગ્રતા ન તૂટે માટે મનને પ્રભુ નામ સ્મરણમાં જોડવું."

પરીક્ષિત કહે, "હે શુકદેવજી ! આપે કહેલી કથાનું હું મનન કરું છું. ભૂલ થાય તો ક્ષમા કરજો. ગૃહસ્થાશ્રમમાંથી સીધો અહીં આવ્યો છું." શુકદેવજી કહે, "હે રાજા પરીક્ષિત ! ભગવાન પ્રહલાદને કહે છે, "તારા પિતાએ તારા પર આટલા જુલમ કર્યા છતાં પિતા માટે એક ખરાબ વિચાર સ્વપ્નામાંય તને ન આવ્યો. જીવ જવાની તૈયારીમાં હતો ત્યારેય મનમાં "ગોવિંદ, ગોવિંદ"નો જાપ કર્યો. 'હે ભગવાન ! મને બચાવો' તેમ પણ ન કહ્યું, હે પ્રહલાદ ! તું માગ, તું માગ તે હું તને આપું. ભગવાન પ્રહલાદની કસોટી કરે છે.' પ્રહલાદજી

કહે, “હે ભગવાન ! તમે મને મારી ભક્તિનો બદલો આપવા માંગો છો ? મારે કાંઈ જોઈતું નથી.” ભગવાન કહે, “હે પ્રહલાદ, તું તો નાનો બાળક છે. તારી માતાને તેમ જ સામે ઊભેલા દેવતાઓને પૂછી જો.” પ્રહલાદજી કહે, “હે પરમ કૃપાળુ, હું તમારી પાસે એક જ વસ્તુ માગું છું. તમારી ભક્તિ કરતાં કરતાં મારામાં ક્યારેય પાપવૃત્તિ ન જાગે. મને જે જે મારી સ્ત્રીઓ હેરાન-પરેશાન કરે છે તે ન કરે. પહેલી સ્ત્રી તે મારી જીભ. જી હવે સદૈવં ભજ સુંદરાણિ રહે, એટલે કે હું મારી જીભથી સદાય તમારું ભજન-કીર્તન કરતો રહું. બીજી સ્ત્રી તે કર્ણેન્દ્રિય. કાનથી હું કોઈની નિંદા કે ખરાબ વાત ન સાંભળું. ફક્ત ઈશ્વર ભજન કે સ્મરણ જ સાંભળું.” પરમ કૃપાળુ પરમાત્માએ પ્રહલાદ પર પૂર્ણ કૃપા કરી. દેવતાઓએ ભગવાનને વંદન કર્યાં. હે પરીક્ષિત ! ઈશ્વરનાં દર્શન એટલા ખરા હૃદયથી કરો કે મનમાં ક્યારેય પાપવૃત્તિ ન જાગે. મેં રાજકુમાર ધ્રુવ અને રાક્ષસ કુમાર પ્રહલાદની વાત તને કરી. હવે હું આ પછી તને ભગવાન વામન, ભગવાન રામ, પરશુરામ અને ભગવાન કૃષ્ણની કથા કહી સંભળાવીશ.”

શુકદેવજી કહે, “માનવી સંસારમાં રહી મોટે ભાગે ધર્મ, અર્થ અને કામ એમ ત્રણ પ્રકારનાં કાર્યો કરે છે. ધર્મ એટલે આત્મતત્ત્વનું ચિંતન. અર્થ એટલે જીવન નિભાવવા નીતિપૂર્વક પૈસા મેળવવા. કામ એટલે સંતતિ પ્રાપ્ત કરવી. ગૃહસ્થાશ્રમ ભોગવવો. આટલું કરતાં કરતાં પણ માણસે થોડો સમય ઈશ્વરસ્મરણ અને આત્મચિંતન માટે રાખવો જોઈએ. પ્રત્યેક માણસ એવી ઈચ્છા રાખે છે કે તે પૂરી આવરદા ભોગવે. જીવનમાં યશ, કીર્તિ મેળવે. જીવન વ્યવહાર ચલાવવા પૂરતા પૈસા મેળવે. આ બધાં કાર્યો કરતાં માનવીના આચાર-વિચાર શુદ્ધ હોવા જોઈએ. માણસનું મન જો ખરાબ વિચારમાં પરોવાય, ખરાબ વિચાર આવે, પાછા ભૂલી જઈએ. પણ તે ખરાબ વિચાર અંતરના કોઈ ખૂણામાં પડ્યો રહે છે. પછી તે ધીમે ધીમે ચારે બાજુ ફેલાય છે અને તેનાથી માણસનો સ્વભાવ તામસી બની જાય છે. માણસે શુદ્ધ, સાત્ત્વિક સાદો ખોરાક ખાવો અને જે મળે તેમાં સંતોષ માનવો જોઈએ.”

# આઠમા સ્કંધનો સારાંશ

આ સ્કંધમાં મન્વંતરલીલા છે. તેમાં મન્વંતરોની કથા આવે છે. રાજા પરીક્ષિત ગજેન્દ્ર મોક્ષની કથા સાંભળવા જિજ્ઞાસા વ્યક્ત કરે છે. શુકદેવજી કહે છે કે ક્ષીરસાગરથી વીંટળાયેલ ત્રિકૂટાચલ પર્વત ઉપર એક બળવાન હાથી (ગજેન્દ્ર) પોતાના કુટુંબ સાથે રહેતો હતો. ઉનાળામાં ઉકળાટને લીધે તે હાથણીઓ અને બચ્ચાઓ સાથે સરોવર કાંઠે આવ્યો. તેઓ બધાં જળક્રીડા કરવા લાગ્યાં. એટલામાં સરોવરમાં મગરે હાથીનો પગ પકડ્યો. હાથીએ તેનો પગ છોડાવવા ઘણા પ્રયત્નો કર્યા, છતાં મગરની પકડમાંથી હાથી છૂટો ન થઈ શક્યો. છૂટવા માટેનો કોઈ આરો ન લાગતાં પોતાને ઉગારવા તે દીન બની પરમાત્માને નમ્રતાભરી સ્તુતિ કરે છે. પરમાત્માએ તેની સહાયે આવી સુદર્શન ચક્ર વડે મગરનો નાશ કર્યો, જેથી ગજેન્દ્ર છૂટો થયો.

રાજા પરીક્ષિત શુકદેવજીને સમુદ્રમંથન, કચ્છપરૂપ ધારણ કરી ભગવાને મંદરાચલ પર્વતને પોતાની પીઠ ઉપર ઊંચક્યો, દેવોને અમૃત પાયું વગેરે કથા સંભળાવવા કહે છે. શુકદેવજી કહે છે કે, દુર્વાસા ઋષિ ઈન્દ્રને પોતાની પુષ્પમાળા અર્પણ કરે છે. ઈન્દ્રે તે માળાની કદર ન કરતાં ઋષિએ તેને શાપ આપ્યો કે તું દરિદ્ર થઈશ. દૈત્યો અને ઈન્દ્ર વચ્ચે યુદ્ધ થતાં ઈન્દ્ર હારી જતાં સ્વર્ગનું રાજ્ય દૈત્યોના હાથમાં આવ્યું. દેવો દુઃખી થઈને ભગવાનને શરણે ગયા. ભગવાને તેમને સમુદ્રમંથન કરવા જણાવ્યું, સાથે સાથે દૈત્યો સાથે મૈત્રી કરી લેવાનું સૂચન કર્યું. આ માટે સાપ અને ઉંદરનું દૃષ્ટાંત આપેલ છે. દૈત્યો અને દેવો સાથે મળી સમુદ્રમંથન કરવા લાગ્યા, ત્યારે મંદરાચલ પર્વત ડોલવા લાગતા કૂર્મનારાયણે તેને પોતાની પીઠ ઉપર રાખ્યો.

સમુદ્રમંથનમાંથી પ્રથમ ઝેર નીકળ્યું, તે શિવે પીધું. કામધેનુ નીકળી તે બ્રાહ્મણને આપી. ઉચ્ચૈઃશ્રવા ઘોડો દૈત્યોને આપ્યો. ઐરાવત હાથી દેવોને આપ્યો. કૌસ્તુભમણિ શ્રીહરિએ લીધો. પારિજાતક વૃક્ષ અને અપ્સરાઓ દેવોને આપી. લક્ષ્મીજી નારાયણ ભગવાનને મળ્યાં. લક્ષ્મી અંગે તુકારામનું દૃષ્ટાંત છે. છેલ્લે ધન્વંતરિ નારાયણ અમૃતકુંભ લઈને નીકળ્યા. તરત દૈત્યોએ એ કુંભ-ઘડો આંચકી લઈ લીધો. તે મેળવવા ભગવાને મોહિનીનારાયણનું રૂપ લઈ દૈત્યોને મોહિત કરી બધું અમૃત

ચાલાકીથી દેવોને પાઈ દીધું. આથી દૈત્યો ગુસ્સે થયા. દેવો ને દૈત્યો વચ્ચે યુદ્ધ થયું, તેમાં દેવોનો વિજય થયો.

શિવજી અને પાર્વતીજી વૈકુંઠમાં ગયાં. શિવજીએ ભગવાનને તેમનું મોહિની સ્વરૂપ બતાવવા કહ્યું. શિવજી મોહિનીના રૂપે અંજાઈ તેમને આલિંગન આપે છે. ભગવાન ચતુર્ભુજ રૂપે પ્રગટ થતાં અર્ધું શરીર નારાયણનું ને અર્ધું શરીર શિવજીનું થયું. આમ હરિ-હરનું મિલન થયું.

રાજા પરીક્ષિતે વામન ભગવાનની કથા સંભળાવવા શુકદેવજીને વિનંતી કરી. શુકદેવજી કહે છે કે, દેવો-દૈત્યો વચ્ચેના યુદ્ધમાં દૈત્યોની પરાજય થતાં તેઓ શુક્રાચાર્ય પાસે ગયા. શુક્રાચાર્ય દૈત્યોના રાજા બલિ પાસે વિશ્વજિત યજ્ઞ કરાવી અગ્નિકુંડમાંથી સોનાનો રથ કાઢી તેમાં બલિરાજાને બેસાડી શુક્રાચાર્ય પોતાનું બ્રહ્મતેજ તેમને આપે છે. પછીથી અશ્વમેઘ યજ્ઞ કરવાનું નક્કી કરે છે. કશ્યપ અને અદિતિને ત્યાં વામન ભગવાન જન્મ લે છે. અહીં રાજા જનક-અષ્ટાવક્રના દૃષ્ટાંત દ્વારા શરીરને નહિ, પણ આત્માને જોવાનું સૂચન કરેલ છે.

વામનજી પ્રગટ થયા ત્યારે તેમનું સ્વરૂપ સાત વર્ષનું હતું. બૃહસ્પતિ વામનજીને ઉપદેશ આપી બ્રહ્મચર્યના ધર્મો સમજાવે છે. અહીં લક્ષ્મણજીના દૃષ્ટાંત દ્વારા બ્રહ્મચર્યનો આદર્શ બતાવ્યો છે. ભગવાન વ્યાસ અને જૈમિનિના દૃષ્ટાંત દ્વારા કામ અંગે જરા પણ ગાફેલ ન રહેવા જણાવ્યું છે. વામનજી ભિક્ષા લાવીને ગુરુને આપે છે, ત્યારે તે કહે છે, 'તું વધુ ભિક્ષા માટે બલિરાજા પાસે જા.'

વામનજી બલિરાજા પાસે જાય છે. તેમનું તેજસ્વી મુખારવિંદ જોઈ બધાં તેમને માન આપે છે. બલિરાજા પોતાની નજદીક આસન ઉપર તેમને બેસાડે છે. પ્રાથમિક કાર્યવિધિ પછી બલિરાજા તેમને કંઈક માગવા માટે આગ્રહ કરે છે ત્યારે વામનજી ત્રણ પગલાં પૃથ્વીની માગણી મૂકે છે. બલિરાજા તે આપવા તૈયારી બતાવે છે, ત્યારે શુક્રાચાર્ય તેમને ચેતવે છે, પણ બલિરાજા તે આપવા સંકલ્પ કરે છે. વામનજીએ એક પગલામાં પૃથ્વી લીધી, બીજા પગલામાં બ્રહ્મલોક અને ત્રીજું પગલું બલિરાજાને માથે મૂકી, તેને પાતાળલોકમાં સ્થાન આપ્યું. બલિરાજાની ભક્તિથી પ્રસન્ન થઈ ભગવાને તેમના દ્વારપાલ તરીકે સેવા બજાવી.

• • •

## સ્કંધ-૮

# ગજેન્દ્રમોક્ષની કથા

શુકદેવજી કહે, "હે રાજા ! આજે હું આચાર-વિચાર શુદ્ધ હોવા વિશેની એક કથા તમને કહું છું, તે તમે સાંભળો."

"હે પરીક્ષિત ! ક્ષીરસમુદ્રની વચમાં ત્રિકૂટ પર્વતની તળેટીમાં એક સુંદર સરોવર હતું. વહેલી સવારે ભગવાનના ભક્તો, ઋષિઓ આ સરોવર કાંઠે સંધ્યા-પૂજા, સ્નાન વગેરે માટે આવે. દરરોજ ઢળતી સાંજે જંગલનો રાજા મદોન્મત હાથી તેની હાથણી અને બચ્ચાંઓ સાથે સરોવરમાં સ્નાન કરવા આવે. આજે જુવાન હાથીના લમણામાંથી મદ ઝરતો હતો. હાથી-હાથણી અને પોતાનાં બચ્ચાં જોડે સ્નાન કરી સરોવરમાંથી બહાર નીકળ્યો. શરીર પર થોડો કચરો રહી જવા પામ્યો હોવાથી હાથી ફરી સરોવરનાં જળમાં નહાવા પડ્યો. તેનો એક પગ કાદવમાં ખૂંપી ગયો હોય એમ લાગ્યું. પગને બહાર કાઢવા ઘણી મહેનત કરી પણ વ્યર્થ. પગ જેમ બહાર ખેંચવા પ્રયત્ન કરે તેમ વધુને વધુ અંદર ખૂંપવા લાગ્યો. હાથણીએ હાથીને મદદ કરવા માંડી પણ મગર હાથીનો પગ ગળવા લાગ્યો હતો. જંગલના રાજાને આજે સમજાયું કે મિત્રો, પત્ની કે સગાંઓ આવા પોતાના ફસાયેલા પગને મગરમચ્છના મોઢામાંથી બચાવી શકે તેમ નથી. કિનારે ઊભાં ઊભાં લાચાર થઈ પોતાના રાજા કે સાથીની દયામણી દશા જોઈ રહ્યા છે. તેઓ બધા મદદ માટે કિકિયારીઓ કરે છે. હાથી પોતાની હતી તેટલી તાકાત લગાડી દુશ્મનના પંજામાંથી છૂટવા પ્રયત્ન કરતો હતો. આ યુદ્ધ પૂરાં એક હજાર વર્ષ સુધી ચાલ્યું. છેવટે ગજરાજને પોતાની શક્તિ તૂટવા લાગી છે, તેમ લાગ્યું ત્યારે પરમ શક્તિશાળી પરમેશ્વરને સહાય કરવા પ્રાર્થના કરવા લાગ્યો. જ્યાં સુધી પોતાની શક્તિ હતી ત્યાં સુધી દુશ્મનના પંજામાંથી છૂટવા અથાગ પ્રયત્ન કર્યા. મુક્તિ માટે પોતાનાથી બનતા પ્રયત્ન કર્યા પછી દરેકને ઈશ્વરની મદદ માગવાનો

અધિકાર છે. પુરુષાર્થીની પ્રાર્થના પરમેશ્વરે સાંભળવી જ પડે છે. જ્યાં ત્રિકૂટ પર્વત પર સરોવર કાંઠે ગજ અને ગ્રાહ લડી રહ્યા હતા, ત્યાં ગજરાજની સહાય માટેની પ્રાર્થના સાંભળી એકાએક ઈશ્વર પ્રગટ થયા. પોતાના સુદર્શન ચક્ર વડે ગ્રાહના દેહને છેદી નાખ્યો. ગજરાજનો પગ ગ્રાહના જડબામાંથી છૂટી ગયો. તરત જ આકાશમાંથી દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. ગ્રાહના મૃતદેહમાંથી એક તેજ પુરુષ બહાર આવ્યો. પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યો. ભગવાને પૂછ્યું, "તારી આ દશા કેમ ?" મગરમચ્છે કહ્યું, "હું ગંધર્વ હતો. મને રૂપનું અભિમાન હતું. એકવાર ઋષિનું અપમાન કરતાં મને શાપ આપ્યો, જા, તું મગરમચ્છ થઈશ. મને મારી ભૂલ સમજાતાં મેં ઋષિની માફી માગી, કહ્યું, "મને એકવાર ક્ષમા કરો." ઋષિએ કહ્યું, "શાપ કદી મિથ્યા થતો નથી, પણ એક દિવસ હાથીને બચાવવા ખુદ ઈશ્વર આવશે અને તમારો બન્નેનો ઉદ્ધાર કરશે."

"ગજેન્દ્ર મોક્ષની કથા આપણે ત્યાં ખૂબ લોકપ્રિય રહી છે. કારણ કે આ કથામાં સમાજના માનવીઓનાં મનની દશાની આ કથા છે. બીજું, ઉપર ઉપરથી સલામત લાગતાં જગતમાં અનેક ભયાનક તત્ત્વો છુપાયેલાં છે. તે હકીકત આ કથામાં વર્ણવવામાં આવી છે. દરરોજ ગજરાજ એક જ જળાશયમાં પોતાના મિત્ર પરિવાર સાથે અનેક વખત સ્નાન વેળાએ આનંદ કરતો, પણ છેવટ સુધી ખબર નથી કે આ સરોવરમાં જ મારો દુશ્મન છુપાયેલો છે. સપાટી પર જે સલામતી દેખાય છે તે ભ્રામક છે. તેના પેટાળમાં મગરમચ્છ દુશ્મન છુપાયેલો છે. ત્રીજી વાત કે માણસને મૃત્યુ નજીક આવતું દેખાય ત્યારે જ જીવનની કિંમત સમજાય છે. ગજરાજ પોતાનો પગ પકડાતાં તરત જાગૃત થઈ જાય છે. પોતાની બધી શક્તિ વાપરી ગ્રાહની સામે લડે છે. છેવટે થાકીને ઈશ્વરની સહાય માગે છે અને તેને મળે પણ છે. ચોથી વાત કે અંત સમયે સ્વજનો, મિત્રો આંસુ સારવાં કે આશ્વાસન આપવા સિવાય આપણે માટે કશું જ કરી શકતાં નથી. અંત સમયે માનવીએ પોતે એકલા જ લડવાનું છે. હિંમત હાર્યા વિના પ્રભુની પ્રાર્થના કરીએ તો જરૂર માનવીની પ્રાર્થના પ્રભુ સાંભળે છે."

# સમુદ્રમંથન

શુકદેવજી કહે : "હે પરીક્ષિત ! હવે તને બીજી એક વાત "ઐશ્વર્ય"ની કરું, તે સાંભળ. સ્વર્ગના સ્વામી ઈન્દ્ર એક ઠેકાણેથી બીજે ઠેકાણે જવા નીકળ્યા. ઐરાવત પર બેસીને જતા હતા. આગળ વાજિંત્રો વાગતાં હતાં. રસ્તે લોકો ઈન્દ્રને વધાવતાં હતાં. રસ્તામાં દુર્વાસા ઋષિ મળ્યા. ઋષિએ ઈન્દ્રને ફૂલની માળા પહેરાવી, આશીર્વાદ આપ્યા. આજે ઈન્દ્રે નવા દાગીના પહેરેલા, દુર્વાસા ઋષિએ આપેલી ફૂલની માળાથી દાગીના દટાઈ જતા હતા. તેથી ઈન્દ્રે ફૂલની માળા કાઢી ઐરાવતના ગળામાં પહેરાવી દીધી. હાથીએ સૂંઢથી માળા ખેંચી નાખી અને માળા પર પગ મૂકી ચાલવા લાગ્યો. માળા હાથીના પગથી છૂંદાઈ ગઈ. દુર્વાસા ઋષિ તે જ જગ્યાએથી ફરીથી પસાર થયા. પોતાની ઈન્દ્રને આપેલી માળા રસ્તા પર કચડાયેલી જોઈ. દુર્વાસાને આથી ગુસ્સો આવ્યો. ઈન્દ્રને આટલું બધું અભિમાન ! મારી પહેરાવેલી માળા આમ રસ્તા પર ફગાવી દીધી ! ઈન્દ્રને દુર્વાસાએ શાપ આપ્યો, "તારું સ્વર્ગનું રાજ્ય જશે. તું ભિખારી થઈ રસ્તે રખડીશ." ઈન્દ્ર રાજાનું રાજ ગયું. બલિરાજાએ લઈ લીધું. કેટલીક વાર ભાગ્ય ચમકે ત્યારે ચાંદીનાં પાત્રોમાં જમવાનું, ગાડી ઘોડામાં ફરવાનું મળે અને ભાગ્ય જ્યારે રૂઠે ત્યારે જમવા પાત્ર પણ ન હોય અને સૂવા ઓશિકું પણ ન હોય. જીવનમાં આવું ઘણીયે વાર બને છે.

"દેવોનું રાજ્ય જવાથી દેવો મૂંઝાયા. ભગવાન પાસે ગયા અને કહેવા લાગ્યા, "હે પ્રભુ ! અમારું રાજ્ય દાનવોએ લઈ લીધું. અમે ખૂબ મૂંઝાયા છીએ. ભગવાન વિષ્ણુએ કહ્યું, "આપણે એક નવી જ યોજના ઘડીએ. જે યોજના ઘણો જ પરિશ્રમ માગી લે છે, જે યોજના મુજબ સાગરમંથન કરવું. આ કામમાં તમારે દાનવોનો સહારો લેવો." જગતને વ્યવસ્થિત કરવા સાગરમંથન કરવું જરૂરી છે. સાગરમંથનની કથા એટલે જીવનમંથનની કથા. આ કથાને આપણે માનવીના જીવન સાથે સરખાવીએ. જીવ શિવ થવા પ્રયત્ન કરે છે, પરંતુ માયાને લીધે જીવ થાપ ખાઈ જાય છે અને શિવ થવાનું ભૂલી જાય છે.

"હે પરીક્ષિત !" શુકદેવજીએ કહ્યું, "હે દેવો સાગરમંથન કરવામાં પહેલાં મંદરાચલ પર્વત ઊંચકીને અહીં લાવવો પડશે. તે કાર્યમાં તમારે દાનવોની મદદની અવશ્ય જરૂર પડશે. મંદરાચલ પર્વતને ઊંચકી સમુદ્રમાં નાખવો પડશે. મંદરાચલનો રવૈયો બનાવવાનો. વાસુકી સર્પનું દોરડું બનાવવાનું અને સાગરમંથન કરવાનું. મંથન કરતાં સાગરમાંથી અમૃત નીકળશે. તેનું પાન દેવો કરશે. જેથી જન્મ-મરણના ફેરા ટળશે. આ કાર્યમાં પ્રથમ દૈત્યોનો સહકાર માંગો. દેવ એટલે દૈવી વૃત્તિ અને દાનવ એટલે આસુરી વૃત્તિ. દૈવી વૃત્તિ એટલે સત્ત્વ વૃત્તિ. રજસ અને તમસ વૃત્તિમાંથી માણસે પ્રયત્ન કરી સત્ત્વ તરફ મનને વાળવું જોઈએ. દૈત્યોના મનની વૃત્તિ અશુદ્ધ હોય છે. દૈત્યોને તમારે આ અમૃતમંથનની વાત કરવાની. દૈત્યોને કહેવાનું કે આપણે સરખા પ્રયત્ન કરી અમૃત મેળવવાનું છે. એકે બીજાને ધક્કો મારી મેળવવાની કોશિશ કરવી ન જોઈએ. ભગવાને દેવોને કહ્યું, "હે દેવતાઓ, દૈત્યોને સાથે રાખી સાગરમંથન કરો. હું તમારી સાથે જ છું. આપણે બધા સાથે મળી સાગરમંથન કરીએ. મંથન કરવાથી અમૃત નીકળશે. આપણે અમૃતપાન કરીએ તો અમર થઈ જઈએ. બોલો, તમારી ઈચ્છા છે ? તમારા બધા દૈત્યોને બોલાવો." દૈત્યો કબૂલ થયા.

દેવો અને દાનવોએ સાથે મળી મંદરાચલ પર્વત ઉપાડ્યો. મંદરાચલના વજનથી થોડા દૈત્યો પડવા લાગ્યા. મરવા લાગ્યા. મંદરાચલ દેવો અને દાનવોથી ઊંચકાતો ન હોવાથી બલિરાજાએ કહ્યું, "આ કામ કરવા માટે ભગવાનને બોલાવો." દેવોએ ભગવાનને બોલાવી વાત કરી. બલિરાજા કહે, "હે ભગવાન, તમે આ મંદરાચલ ઉપાડી દરિયામાં પધરાવો." ભગવાને મંદરાચલ ઉપાડી દરિયામાં મૂક્યો અને ભગવાન પાછા જવા લાગ્યા. ભગવાનને જતાં જોઈ દૈત્યો કહે, "તમે અહીં જ રહો." મંદરાચલને સ્થિર રાખવા - દેવો અને દાનવોએ ઘણી કોશિશ કરી. ગણપતિની પ્રાર્થના કરી. પરમકૃપાળુ પરમાત્માની પ્રાર્થના કરી. પરમાત્માએ બધાની પ્રાર્થના સાંભળી, પોતે કૂર્માવતાર ધારણ કર્યો. કાચબાની પીઠ પર મંદરાચલ સ્થિર કર્યો.

વાસુકી સર્પને કહ્યું, "આ સાગરમંથનમાં તમને દોરડા તરીકે વાપરીશું. અમૃત નીકળશે તો તમને આપીશું." વાસુકી સર્પ કબૂલ થયા. વાસુકી સર્પનું દોરડું બનાવ્યું. ભગવાને દેવોને કહ્યું, તમે સર્પોનાં મોઢાં તમારાં મોઢાં તરફ રાખજો. દાનવો તે વાત માનશે નહીં. તેઓ પોતાના તરફ મોઢાં રાખશે. દેવોએ પોતાના તરફ સર્પોનાં મોઢાં રાખ્યાં. પણ દાનવો માન્યા નહીં. સર્પોનાં મોઢાં પોતાના તરફ રાખી સાગરમંથન કરવા લાગ્યા. સર્પના મોઢામાંથી ઝેર નીકળવા લાગ્યું, તેથી દૈત્યો ટપોટપ મરવા માંડ્યા. દૈત્યો કહે, "અમારે મંથન નથી કરવું. આમાંથી અમૃત ક્યારે નીકળશે ?" ભગવાન કહે, "મંથન ચાલુ રાખો. અમૃત જરૂર નીકળશે. દેવો અને દાનવો ભગવાનના કહેવા મુજબ સામસામા ઊભા રહી સાગરમંથન કરવા લાગ્યા. દેવો અને દાનવોનો પરસેવો નીકળવા માંડ્યો. દાનવો થાકવા લાગ્યા. દાનવો કહે, "હે ઈન્દ્ર, હજી કેટલી વાર ?" મંથન કરતાં કરતાં સૌ પ્રથમ સોનાનો કળશ નીકળ્યો. કળશ હળાહળ ઝેરથી ભરેલો હતો. બધા કહેવા લાગ્યા "નાખી દો - નાખી દો" ભગવાને કહ્યું, "નાખી ન દેવાય. નાખી દઈએ તો પૃથ્વી પરના બધા જીવો નાશ પામશે. દેવતાઓ ! દૈત્યો ! કોણ પીશે તમારામાંથી ? નીચે ઢોળાશે તો જગતનો નાશ થશે." દેવતાઓ જગતના રક્ષણહાર કૈલાસ પર બેઠેલા શંકર પાસે આવ્યા. "હે મહાદેવજી ! સમુદ્રમંથન કરતાં હળાહળ ઝેર નીકળ્યું છે. તમે નહીં પીઓ તો જગતનો નાશ થશે." મહાદેવજી જગતના રક્ષણ માટે હળાહળ ઝેર પી ગયા. ન પેટમાં જવા દીધું, ન બહાર કાઢ્યું. પોતાના ગળામાં અટકાવી રાખ્યું. આ હળાહળ ઝેરથી મહાદેવજીના ગળાનો રંગ નીલો થઈ ગયો - મહાદેવજી નીલકંઠ કહેવાયા. ઝેર પીને મહાદેવજીએ હાથ ધોયા. જે ઝેરવાળુ પાણી હાથ ધોવાથી જમીન પર પડ્યું તે સર્પ, કાનખજૂરા વગેરે પી ગયા. તેઓની દાઢમાં ઝેર રહી ગયું. બીજી વખત મહાદેવજીએ હાથ ધોયા ત્યારે પાણી કોણે પીધું ? જગતમાં ઘણાં એવાં લોકો છે જે બીજાની ઉન્નતિ, પ્રગતિ જોઈ ન શકે એવાં લોકોએ આ ઝેરી પાણી પીધું. તેથી તેઓની આંખમાં ઝેર આવ્યું.

માનવી ધારે તો શૂન્યમાંથી સૃષ્ટિ પેદા કરી શકે છે. નસીબ યારી આપતું હોય અને કામ કરવાની તૈયારી હોય તો માણસ નરમાંથી નારાયણ થઈ શકે છે.

સાગરમંથન કરતાં કરતાં કામધેનુ ગાય નીકળી. ભગવાન વિષ્ણુએ કહ્યું, "કામધેનુને સ્વર્ગમાં મોકલો." તે પછી પારિજાતનાં ફૂલનું ઝાડ નીકળ્યું. પારિજાતને પણ સ્વર્ગમાં મોકલવામાં આવ્યું. તે પછી ઉચ્ચૈશ્રવા અશ્વ નીકળ્યો. બલિરાજા અને ઈન્દ્ર બન્નેએ માગ્યો. ભગવાન કહે, "ન્યાય કરીએ. સ્વર્ગનું રાજ કોની પાસે છે." બલિરાજા કહે, "મારી પાસે છે." ભગવાન કહે, "તો તમે લઈ જાઓ." મંથન કરતાં ઐરાવત હાથી નીકળ્યો. ઐરાવત હાથી ઈન્દ્રને આપ્યો. ત્યારબાદ સાગરમાંથી કૌસ્તુભમણિ નીકળ્યાં. મણિ ભગવાને રાખ્યો. બે કલાક સતત મંથન કરતાં સાક્ષાત્ લક્ષ્મીજી નીકળ્યાં. લક્ષ્મીજીને મેળવવા દેવો અને દાનવો પડાપડી કરવા લાગ્યા. લક્ષ્મીજી કહે, "ઊભા રહો, હું અઢાર વર્ષની થઈ ગઈ છું. મારે જેને વરવું હશે તેને વરીશ. બધા દેવો અને દાનવો લાઈનમાં બેસી જાવ. હું જેને કમળમાળા પહેરાવીશ તેની સાથે હું પરણીશ." લક્ષ્મીજી દરેકે દરેક દેવ, દાનવ પાસે જઈ આવ્યા. કોઈ નજરમાં ન આવ્યું. ભગવાન વિષ્ણુ એકદમ ખૂણામાં બેઠેલા. લક્ષ્મીજીએ ત્યાં જઈ ભગવાન વિષ્ણુને કમળમાળા પહેરાવી. ભગવાન કહે, "તને આપવા હે લક્ષ્મી ! મારી સાથે કાંઈ લાવ્યો નથી. છતાં હંમેશાં લોકો તારું નામ પહેલાં લેશે. મારું નામ તારી પછી બોલશે." ભગવાન લક્ષ્મીજીને વર્યા. ત્યારબાદ સાગરમંથન કરતાં બીજી એક સ્ત્રી "મદિરા" નીકળી. ભગવાનની સંમતિથી દૈત્યોએ તેને સ્વીકારી. ફરી પાછા દેવો અને દાનવો સમુદ્રમંથન કરવા લાગ્યા. સમુદ્રમાંથી એક અદ્‌ભુત દૈવી પુરુષ પ્રગટ થયા. તેમના હાથમાં "અમૃત કળશ" હતો. ભગવાન વિષ્ણુના અંશમાંથી ઉત્પન્ન થયેલ તે પુરુષ "ધન્વન્તરિ" નામે પ્રખ્યાત થયો. આયુર્વેદ શાસ્ત્રનો દૃષ્ટા હતો. અમૃતથી છલોછલ ભરેલો કળશ જોઈ દૈત્યો તેના હાથમાંથી ઝૂંટવી નાસી ગયા. અમૃત કળશ દાનવો લઈ ગયા તેથી દેવો મૂંઝાયા ને દેવો ભગવાન પાસે ગયા. ભગવાને કહ્યું,

“તમે મૂંઝાશો નહીં. હમણાં જ હું સ્ત્રી સ્વરૂપ લઈને આવું છું. દાનવોમાં અમૃત માટે અંદર અંદર ઝઘડો ઊભો કરી તમારું કામ સાધી લઉં છું.” દૈત્યો અમૃત મેળવવા અંદર અંદર ઝઘડવા લાગ્યા. ત્યારે ભગવાન વિષ્ણુ અતિ સુંદર મોહિની સ્વરૂપ ધારણ કરી જ્યાં દાનવો ઝઘડતા હતા ત્યાં આવ્યા. આ અતિ સુંદર અચાનક આવી ચડેલી સ્ત્રીને જોઈ દાનવો તેને કહેવા લાગ્યા. “અમારો અંદર અંદર અમૃત પીવા બાબતનો ઝઘડો તમે પતાવી આપો.” મોહિની કહે, “હું તો એક સ્ત્રી છું. મારા પર તમે શા માટે વિશ્વાસ રાખો છો ?” બધાએ મોહિનીને ઝઘડાની વાત કહી સંભળાવી, “અમે દિતિના દૈત્યો અને અદિતિનાં દેવો માસી-માસીના દીકરાઓ. અમે સાથે મળી સાગરમંથન કર્યું. મંથન કરતાં અમૃતકળશ નીકળ્યો છે. હવે તકરાર અમારા વચ્ચે એમ છે કે અમૃત પહેલાં કોણ પીએ ? આ અમારી તકરારનું નિરાકરણ કરવા અમે તને વિનંતી કરીએ છીએ.”

મોહિનીએ કહ્યું, “અરે ! તમે બધા પુરુષો કહો છો કે સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ. પછી મારી પાસે શા માટે ન્યાય માગવા આવ્યા ?” દેવો અને દાનવો કહે, “અમે બધા તારી માફી માગીએ છીએ. મહેરબાની કરી અમારી તકરાર પતાવ.” મોહિનીએ કહ્યું, “હું જેમ કહું તેમ બધાએ કરવાનું. વચ્ચે કોઈએ દરમિયાનગીરી કરવાની નહીં અને જે કોઈ વચ્ચે આવશે તેને હું મારી નાખીશ.” દૈત્યોએ મોહિનીને અમૃતકળશ આપી દીધો. મોહિનીએ કહ્યું, “બધા દાનવો સ્નાન, સંધ્યા કરી સુંદર વસ્ત્ર અલંકાર ધારણ કરી દેવો અને દાનવો જુદી જુદી લાઈનમાં બેસી જાવ.” મોહિની દૈત્યોને પોતાની મોહ પમાડનારી વાણીથી જીતી લઈ દેવોને પહેલાં અમૃત પીવડાવવા માંડી. એક પછી એક દેવોને અમૃતપાન મોહિની કરાવતી જાય છે. સૂર્યની વચ્ચે દૈત્ય રાહુ દેવોના વેશમાં બેસી અમૃતપાન કરતો હતો. તે જોઈ સૂર્ય-ચંદ્રએ મોહિનીનું ધ્યાન દોર્યું. ભગવાને તરત જ પોતાના સુદર્શન ચક્ર વડે રાહુ દૈત્યનું માથું ધડથી જુદું કરી નાખ્યું. રાહુના મસ્તકને ગ્રહ તરીકે ભગવાને સ્થાપ્યો. રાહુના ધડને અમૃત અડ્યું ન હોવાથી તે નીચે પૃથ્વી પર પડ્યું. ભગવાને વિચાર્યું કે આ દૈત્યોને

અમૃત પાવું એટલે સાપને દૂધ પાવા બરાબર છે. દેવો જે હંમેશાં ભગવાનની આરાધના કરે છે, દરેક કાર્ય પ્રભુપ્રીત્યર્થે કરે છે. તેથી તેઓને જ અમૃત પાઉં. દેવો હંમેશાં પ્રભુનાં ચરણ-કમળમાં આશ્રિત હોય છે, જ્યારે દાનવો પોતાના શરીર, સંતાન, સ્ત્રીઓ વગેરેનો જ વિચાર કરે છે. આવી સ્વાર્થ બુદ્ધિવાળા હોવાથી ભગવાને દાનવોને અમૃત ન પાયું. દૈત્યોએ અમૃત કળશ નીકળતાં કળશને દેવો પાસેથી ખેંચીને લઈ લીધો અને એકલા જ અમૃત પી જવાની ઈચ્છા રાખી. તેથી પણ ઈશ્વર નારાજ થયા અને તેઓને અમૃતથી વંચિત રાખ્યા.

"દૈત્યોને અમૃત ન મળ્યું તેથી ગુસ્સે ભરાયા. દેવો સાથે લડવા તૈયાર થયા. દેવોને મારવા લાગ્યા. દેવ-દાનવોનું મહાભયંકર યુદ્ધ થયું. દૈત્યોને દેવો પણ મારવા લાગ્યા. દૈત્યોના ગુરુ શુક્રાચાર્ય ત્યાં આવ્યા. બલિરાજા છેલ્લાં શ્વાસ લેતાં હતાં. તેના પર શુક્રાચાર્યએ સંજીવની છાંટી. બલિરાજાએ આંખો ખોલી. શુક્રાચાર્યએ કહ્યું, "બલિરાજા, મૂંઝાતા નહીં. અત્યારે તમારું રાજ ભલે દેવોએ લઈ લીધું. પણ હું તમારી પાસે એક યજ્ઞ કરાવીશ. તમે ત્રિલોકના ધણી થશો. તમારો વેરી ઘરે આવશે. ધીરજ રાખો."

"દેવતાઓને સ્વર્ગ મળ્યું. ફરી દેવો ઈશ્વરનું આરાધન કરવા લાગ્યા."

## વામન અવતાર

શુક્રાચાર્યે બલિરાજાને કહ્યું, "તમારો ભાગ્યોદય થવાનો છે. તમને ઘડીના છઠ્ઠા ભાગમાં સ્વર્ગનું રાજ્ય મળશે." દૈત્યોને યજ્ઞ કરવા તૈયાર કર્યા. શુક્રાચાર્યે દૈત્યોને અનેક જાતનું જ્ઞાન આપ્યું. યજ્ઞ શરૂ કર્યો. યજ્ઞકુંડમાંથી ચાર ઘોડા નીકળ્યા. તે ઘોડાઓની મદદથી દૈત્યોએ યુદ્ધ શરૂ કર્યું. બલિરાજાએ ઘડીના છઠ્ઠા ભાગમાં સ્વર્ગ મેળવી લીધું.

"માણસ પરિશ્રમ કરે, પ્રાર્થના કરે અને પોતાનું ભાગ્ય અજમાવે તો જીવનમાં પ્રગતિ કરી શકે. પ્રારબ્ધ, પુરુષાર્થ અને પ્રાર્થના ત્રણ ભેગાં હોય તો સફળ થવાય. દેવતાઓએ પરિશ્રમ ન કર્યો. સ્વર્ગનું રાજ્ય ગુમાવ્યું. દૈત્યોને સ્વર્ગ મળી ગયું."

“દેવતાઓ પોતાનું રાજ્ય જવાથી મૂંઝાયા. માતા અદિતિ પાસે જઈ પ્રાર્થના કરી.” “દૈત્યોએ અમારું સ્વર્ગનું રાજ્ય લઈ લીધું છે. પાછું મેળવવા અમારે શું કરવું ?” માતા અદિતિ કશ્યપ પાસે ગયા અને વાત કરી. કશ્યપે અદિતિને કહ્યું, “આપણા દીકરાઓને સ્વર્ગનું રાજ્ય પાછું મળે તે માટે તમારે વ્રત કરવાનું છે. વ્રતનું નામ છે “પયોવ્રત.” ભગવાન જેવો દીકરો મેળવવા કરવાનું વ્રત. ફાગણ સુદ એકમથી બારસ સુધી કરવાનું. આ વ્રત કરવા ભગવાનની પ્રતિષ્ઠા કરવી, પૂજા કરવી, ગાયનું દૂધ ભગવાનને ધરાવવું. ફક્ત તે દૂધની જ પ્રસાદી લેવી - બીજું ઈશ્વર સ્મરણ કરવું. બાર દિવસ દૂધની વાનગી બનાવી નાનાં બાળકોને ખવડાવવી. વ્રતના છેલ્લા દિવસે બાર દંપતીને દૂધની વાનગી બનાવી જમાડવાં. સ્વર્ગનું રાજ્ય પાછું મળે તે માટે આ વ્રત આપણે કરવાનું છે. અદિતિ-કશ્યપે આ વ્રત કરવા માંડ્યું. દુઃખી દેવતાઓએ માતા અદિતિને અનેક ફરિયાદો કરી. માતાએ કહ્યું, “દીકરાઓ, તમારા કલ્યાણ માટે હું આ વ્રત કરું છું.” વ્રત શરૂ થયું. સમય પસાર થવા લાગ્યો.

“એક દિવસ મહાદેવજી વૈકુંઠમાં આવ્યા. ભગવાને મહાદેવજીનો સત્કાર કર્યો. મહાદેવજીએ ભગવાનને કહ્યું, “સાગરમંથન કરતાં ઝેર નીકળ્યું તેનું પાન મેં કર્યું. તે પછી અમૃતકળશ નીકળ્યો. અમૃતની વહેંચણીના પ્રશ્ને તમે મોહિની સ્વરૂપ ધારણ કર્યું હતું એ તમારું અતિ સુંદર સ્વરૂપ મને જોવા ન મળ્યું. મારી તો મનની મનમાં જ રહી ગઈ. તમારા એ મોહિની સ્વરૂપનાં દર્શનની ઈચ્છાએ હું આજે અહીં આવ્યો છું.” મહાદેવજી વૈકુંઠમાં રોકાયા. ભગવાન લક્ષ્મીજી સાથે વાતો કરતા હતા ત્યાં અચાનક હવા બદલાઈ ગઈ. વાતાવરણ સુંદર થયું. મહાદેવજીની આજુબાજુ સોળ વર્ષની કન્યા દેખાવા માંડી. કન્યાને જોતાં જ શિવજી તેની પાછળ દોડવા લાગ્યા. દોડતાં દોડતાં મોહિનીને પકડવા જાય છે ત્યાં મોહિની અદશ્ય થઈ ગઈ. શિવજીએ સ્નાન કરી ભગવાનને હાથ જોડી પ્રાર્થના કરી, હે ભગવાન ! તમારી માયાથી તો તોબા તોબા !

"પયોવ્રતને કારણે માતા અદિતિ સગર્ભા થયા. નવમો મહિનો ચાલુ થયો. અદિતિની એક જ ઇચ્છા છે કે દીકરો થાય અને મારા દીકરાઓનું સ્વર્ગનું રાજ્ય પાછું અપાવે. અદિતિ નિયમિત ભગવાનની સેવા કરતાં હતાં. ઠાકોરજીની પ્રતિમા સામે બેસી પ્રાર્થના કરતાં, "હે યજ્ઞેશ ! હે અચ્યુત, તમારા ચરણમાં સાષ્ટાંગ પ્રણામ કરું છું." અદિતિ પ્રાર્થના કરતાં હતાં ત્યાં જ વિરાટ સ્વરૂપ ધારણ કરેલ હજાર હાથવાળા ભગવાન પ્રગટ થયા. અદિતિએ ભગવાનને પ્રણામ કર્યા. ભગવાન બોલ્યા, "હે માતા અદિતિ, હું તમારા ઉદરથી દેવતા સ્વરૂપે જન્મ લઈશ." સ્તુતિ કરતાં કરતાં અદિતિએ વિચાર્યું, "આ વિરાટ સ્વરૂપ ઈશ્વર મારા પેટમાં કેમ સમાશે ?" ભગવાને અદિતિને વિચારતાં રોકી લઈ પૂછ્યું, "મારી સ્તુતિ કરતાં કરતાં બીજી બાજુ આવો વિચાર ?" અદિતિએ એકરાર કર્યો. ભૂલની ક્ષમા માગી અને પ્રશ્ન પણ કર્યો, "આપ આ વિરાટ સ્વરૂપે મારા પેટમાં કેમ સમાશો ?" ભગવાને જવાબ આપ્યો, "હે માતા અદિતિ ! જે પતિ-પત્ની સાથે મળી મારું આરાધન કરે તેને ઘરે દીકરો થઈને આવું છું. તારા દીકરા દેવતાઓ રખડે છે. તેની મને ખબર છે. તેઓનો ઉદ્ધાર કરવા, તેઓનું સ્વર્ગનું રાજ્ય પાછું અપાવવા હું તમારા ઘરે દીકરો થઈ અવતરીશ." શુકદેવજી કહે, "હે પરીક્ષિત ! પૂરા દિવસ થયા. ભાદરવા મહિનાની સુદ બારસ હતી. અદિતિ-કશ્યપે ઈશ્વરનું આરાધન કર્યું. બુધવાર હતો, અભિજિત નક્ષત્ર હતું. સૂર્યનો પ્રકાશ વધતો હતો. વનરાજી ખીલી ઊઠી સ્થિર થઈ ઊભી હતી. એ જ વખતે કશ્યપ-અદિતિને ઘરે ભગવાન વામનનો જન્મ, બટુક સ્વરૂપે થયો. કશ્યપે જોયું, દીકરો સાક્ષાત ભગવાન છે. દીકરો મોટો થવા લાગ્યો. બટુકને જનોઈ આપ્યું. બટુક ભિક્ષા લેવા નીકળ્યા."

"દૈત્યોના રાજા બલિરાજાએ યજ્ઞ શરૂ કર્યો હતો. રાજાએ પ્રતિજ્ઞા લીધી કે મારે આંગણેથી કોઈ ખાલી હાથે ન જાય. પાંચ વર્ષના બટુક મહારાજ ધીમે ધીમે બલિરાજાના યજ્ઞમાં ભિક્ષા માટે પહોંચ્યા. ગાયત્રી મંત્રના ઉચ્ચાર થાય છે. બલિરાજા રાણી વિંધ્યાવલીને કહે છે, "કરોડો સૂર્ય આવતાં હોય એવું લાગે છે. સાક્ષાત્ ઈશ્વર અહીં

આવતા હોય એમ લાગે છે. મારું હૈયું કાબૂમાં નથી.'' વામનજી ધીમે ધીમે આવતા હતા. આવીને બલિરાજાને કહે, ''હે રાજા ! તમારા કુળમાં તમારે દ્વારેથી કોઈ ખાલી હાથે ગયું નથી, એવા દાનવીર રાજા તમારો જય હો.'' બલિરાજાએ વામનજીને આવકાર આપ્યો અને કહ્યું, ''મારે દ્વારેથી કોઈ બ્રાહ્મણ ખાલી હાથે ન જવો જોઈએ. તમે ય બ્રાહ્મણ છો, માંગો.'' બટુકજી કહે, ''ત્રણ પગલાં પૃથ્વીનું દાન માંગું છું.'' આ સાંભળી બલિરાજા હસવા લાગ્યા. ''બસ ! તારાં ત્રણ જ પગલાં.'' ''હું બ્રાહ્મણ છું અને આટલું તમારી પાસે માંગું છું.'' શુક્રાચાર્ય ગુરુએ બલિરાજાને કહ્યું, ''અંદર આવો. તમારું જરૂરી કામ છે. ગુરુ શુક્રાચાર્યે બલિરાજા અંદર આવ્યા એટલે કહ્યું બહુ ભોળા ન થાવ. આ બટુક કોઈ સાધારણ બ્રાહ્મણ નથી. સાક્ષાત ભગવાન બટુક રૂપે આવ્યા છે. હમણાં વિરાટ સ્વરૂપ ધારણ કરી તમારું ત્રણ ભુવનનું રાજ લઈ લેશે. આ તો ભગવાન વિષ્ણુ છે. તેને બીજું જે જોઈએ તે આપો. પણ આ ત્રણ પગલાં જમીનની વાત રહેવા દો.'' બલિરાજાએ શુક્રાચાર્યને કહ્યું, ''તમારી વાત સાચી. પણ મારા વ્રત પ્રમાણે મારે આંગણેથી બ્રાહ્મણને પાછો ન કાઢું.'' શુક્રાચાર્ય ગુસ્સે થઈ ગયા. શાપ આપ્યો. ''હે બલિરાજા ! તારો નરકમાં વાસ થશે.'' વિંધ્યાવલીએ પતિને સલાહ આપી. ''ખોટું બોલી ના કહી દો.'' વિંધ્યાવલી કહે, ''ગૃહસ્થાશ્રમમાં પત્નીને ઉત્સાહના વચનથી વશ કરવામાં, કોઈના વિવાહ થતાં હોય ત્યારે, મશ્કરીમાં, આજીવિકા માટે, ગ્રામ માટે, બ્રાહ્મણો માટે અને કોઈની હિંસા થતી રોકવા ખોટું બોલવામાં પાપ નથી.'' બલિરાજા કહે, ''હે વિંધ્યાવલી, સાંભળો. દાન આપતી વખતે આપનારનો જીવ કળીએ કળીએ કપાય તો દેનાર તથા લેનાર સુખી ન થાય.'' બટુકજી બોલ્યા, ''ભીંતને પણ કાન હોય છે. મેં તમારો પતિ-પત્નીનો અને ગુરુ સાથેનો ઝઘડો સાંભળ્યો છે. તમારા ગુરુએ તમને આટલું ઐશ્વર્ય અપાવ્યું છે, અને હવે તમને નરકમાં જાવ એવો શાપ આપે તેના કરતાં હું દાન લીધા વિના ચાલ્યો જાઉં છું.'' બલિરાજા કહે, ''હે ગુરુજી ! મને નરક કબૂલ છે, પણ આંગણે આવેલો બ્રાહ્મણ ખાલી હાથે જાય તેમ નહીં થવા દઉં.''

બટુકજીએ બલિરાજાને દાનનો સંકલ્પ કરાવ્યો. સંકલ્પ કરાવવા ઝારીમાંથી જળ ન નીકળી શકે માટે ગુરુ શુક્રાચાર્ય પાણીની ઝારીનાં નાળચામાં પેસી ગયા. ઝારીમાંથી જળ ન નીકળતાં દર્ભશલાકા લઈ બટુકે ઝારીમાં ભરાવી. શુક્રાચાર્યની એક આંખ ફૂટી ગઈ. આંખમાંથી લોહી નીકળ્યું. સંકલ્પ કરવા જળ પવિત્ર જોઈએ. જળમાં લોહી ભળવાથી અશુદ્ધ થઈ ગયું. "ઝારી બદલી નાખો." વાત ચારેબાજુ ફેલાઈ ગઈ કે બલિરાજા પોતાની પ્રતિજ્ઞા કે વ્રત માટે બધું જતું કરવા તૈયાર છે. બલિરાજાએ આસન આપી વામનજીને બેસાડ્યા. વિંધ્યાવલી અને બલિરાજા સુંદર તૈયાર થઈ વામનજીના જમણાં પગના અંગૂઠાને પાણી ચડાવે છે. ત્યાં ગંગાજી પ્રગટ થયાં. બ્રહ્મચારી વામનજીએ ગંગાજીને કમંડળમાં ભરી ચારેબાજુ છંટકાવ કર્યો. ગંગાજીના ચરણસ્પર્શ કર્યા. ભગવાનના અંગૂઠાની પૂજા કરી. તિલક કર્યું. માળા પહેરાવી, દાનનો સંકલ્પ કરાવ્યો. બલિરાજાએ સંકલ્પ કર્યો. "મારે આંગણે આવેલ બટુક બ્રહ્મચારીને તેનાં ત્રણ પગલાં પૃથ્વી આપવાનો સંકલ્પ કરું છું." બટુકજીએ કહ્યું, "બોલો સ્વસ્તિ" "સ્વસ્તિ" બોલતા ભગવાને હાથ લાંબો કર્યો. "સ્વસ્તિ" બોલતાં જ ભગવાને વિરાટ સ્વરૂપ ધારણ કર્યું. એક પગલું ભૂમિ પર, બીજું પગલું સ્વર્ગમાં, હવે હું ત્રીજું પગલું ક્યાં મૂકું ? બલિરાજાએ પોતાના દેહનું દાન કર્યું ન હતું. રાણી વિંધ્યાવલીએ કહ્યું, "હવે તમારા દેહનું દાન કરો." બલિરાજાના કહેવાથી ભગવાને ચરણ બલિરાજાના મસ્તક પર મૂક્યો. બલિરાજાના દાદા પ્રહલાદજી ત્યાં આવ્યા. ભગવાન વામનને પ્રણામ કર્યા. ભગવાને પ્રહલાદજીને કહ્યું, "જોઈ આ તમારા પૌત્રની દશા ?" પ્રહલાદજીએ ભગવાનને કહ્યું, "અમારું સદ્‌ભાગ્ય છે કે અમારા કુળમાં ભગવાન ભિખારી થઈ દાન લેવા આવ્યા છે."

"માનવ જન્મે છે ત્યારે શરીર પર વસ્ત્ર પણ નથી હોતું. કાંઈ સાથે લાવ્યા નથી. કાંઈ સાથે લઈ જવાનું નથી."

"પ્રહલાદજીએ ભગવાનને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. વિંધ્યાવલી અને બલિરાજા ભગવાનને કહે, "હે ભગવાન ! એક

વખત આપનો ચરણસ્પર્શ કરવા દો. અમને ચરણસ્પર્શ કરવાની રજા આપો.'' ભગવાન કહે, ''બલિરાજા, કાંઈ બાકી રાખ્યું છે ? તમારું તમે બધું મને આપી દીધું.'' ભગવાન કહે, ''હે બલિરાજા ! હું તમને બંધનમાંથી મુક્ત કરું છું. અધૂરો યજ્ઞ પૂરો કરો. દેવતાઓના રાજા ઈન્દ્રને સ્વર્ગનું રાજ્ય સોંપી દો. તમે અને વિંધ્યાવલી, ચાલો મારી સાથે, ચાલો પાતાળમાં, તમે મારા શેઠ અને હું તમારો છડીદાર. તમારું હંમેશાં રક્ષણ કરીશ.'' બલિરાજાએ યજ્ઞ પૂરો કર્યો. અખિલ બ્રહ્માંડનો નાયક અંગરક્ષક બની બલિરાજાની આગળ ચાલવા લાગ્યા. બલિરાજાની પાછળ એક સ્ત્રી આવી, બલિરાજાને કહે, ''ઊભા રહો, હું તમારી બહેન છું. રાખડી બાંધવા આવી છું.'' બલિરાજા કહે, ''બહેન, તું મને રાખડી બાંધીશ એટલે મારે તારા ભાઈ તરીકે તને કાંઈક આપવું પડશે. મારી પાસે તો કાંઈ નથી. આ તમારો પહેરેગીર છે તે મારા પતિ છે. મને તે આપી દો. હું તેની પત્ની લક્ષ્મી છું.'' લક્ષ્મીજીએ બલિરાજાને રાખડી બાંધી.

''ભગવાન છડીદાર બની બલિરાજાનું રક્ષણ કરે છે. ત્રણ વર્ષ પછી રાવણ બલિરાજાને મારવા આવ્યો. ભગવાને કહ્યું, ''હું બલિરાજાનો છડીદાર, નોકર છું. પહેલાં મારી સાથે યુદ્ધ કર. પહેલાં મને હરાવ. પછી મારા શેઠ સાથે યુદ્ધ કરજે.'' ત્રણ વખત રાવણને હરાવી ભગવાને પાછો મોકલ્યો અને બલિરાજાનું રક્ષણ કર્યું, આમ ભગવાને વામન અવતાર ધારણ કરી દેવોને સ્વર્ગનું રાજ્ય પાછું અપાવ્યું. બલિરાજાને પાતાળનું રાજ્ય આપ્યું.''

શુકદેવજી કહે, ''હે પરીક્ષિત ! હવે હું તને ભગવાન પરશુરામ, રામ અને કૃષ્ણની કથા કહીશ.''

# નવમા સ્કંધનો સારાંશ

આ સ્કંધમાં શ્રીરામની લીલા આપવામાં આવી છે. પરીક્ષિત રાજામાં રહેલ સૂક્ષ્મ કામનો - બુદ્ધિગત કામનો નાશ કરવાના હેતુસર રામકથા લીધી છે.

કૃષ્ણલીલામાં શ્રીકૃષ્ણ કહે તે કરવાનું હોય છે. શ્રીરામ અને શ્રીકૃષ્ણના વિચાર અને કાર્યક્ષેત્ર વિશે ચર્ચા કરવામાં આવી છે. શ્રીરામની ભ્રાતૃપ્રેમ, પિતૃપ્રેમ, માતૃપ્રેમ, પ્રજાપ્રેમ, એકપત્નીવ્રત વગેરે જીવનમાં અનુસરણ કરવા જેવા ગુણો છે. શ્રીરામ મર્યાદા પુરુષોત્તમ છે.

અંબરીષરાજા મર્યાદાભક્તિના આચાર્ય છે. એકવાર તેમણે એક વર્ષનું એકાદશીનું વ્રત લીધું. તેના સમાપ્તિના દિવસે દુર્વાસા ઋષિ તેમને ત્યાં આવ્યા. ભોજન માટે કહેતાં દુર્વાસાજીએ કહ્યું કે, 'હું સંધ્યાપૂજા કરી ભોજન લઈશ.' તેઓ સંધ્યાપૂજામાં નિમગ્ન બનતાં પાછા આવતા વાર થઈ. અંબરીષરાજાએ પારણાનું મુહૂર્ત જાળવવા જળપાન કર્યું. દુર્વાસા આવ્યા અને તેમની રાજએ જળપાન કર્યું છે, તેની જાણ થતાં કૃત્યા નામની રાક્ષસી તેમણે ઉત્પન્ન કરીને, રાજાને મારવા આજ્ઞા કરી. બીજી બાજુ શ્રીકૃષ્ણે પોતાના ભક્તના રક્ષણ માટે સુદર્શન ચક્ર છોડ્યું. સુદર્શન ચક્રે કૃત્યાનો નાશ કર્યો અને પછી દુર્વાસાને મારવા પાછળ પડ્યું. છેવટે ભગવાન નારાયણની સલાહથી દુર્વાસા અંબરીષરાજાની માફી માગે છે, પછી સુદર્શન ચક્રથી મુક્ત થાય છે.

સૌભરિ ઋષિએ ઘણાં વર્ષો વનમાં તપશ્ચર્યા કરી. એક દિવસે ઋષિએ જળમાં માછલા-માછલીને કામક્રીડા કરતા દેખી, પોતાને પણ સંસારસુખ ભોગવવાની ઈચ્છા થઈ. તેમણે માંધાતાની ૫૦ કન્યાઓ સાથે લગ્ન કરી ઘણાં વર્ષો ભોગ ભોગવ્યા. પાછળથી તેમની બુદ્ધિ જાગૃત થતાં પસ્તાવો થયો અને વૈરાગ્ય ગ્રહણ કર્યો.

સગરરાજાએ અશ્વમેધ યજ્ઞ કર્યો. આ યજ્ઞનો ઘોડો ઈન્દ્ર ચોરી ગયો અને કપિલમુનિના આશ્રમમાં મૂકી દીધો. સગરના પુત્રોએ મુનિને દોષિત જાણી મારવા પ્રયત્ન કરતા મુનિએ બધાને તેજોગ્નિમાં બાળી દીધા. આથી સગરનો પૌત્ર અંશુમાન કપિલ મુનિની માફી માગે છે, તેથી મુનિ ગંગાજળથી તેમની મુક્તિ સૂચવે છે. આ માટે અંશુમાન, તેનો પુત્ર દિલીપ અને છેલ્લે દિલીપનો પુત્ર ભગીરથ ગંગાજી લાવવામાં સફળ થયો. ભગીરથની પ્રાર્થનાથી ભગવાન શિવજીએ ગંગાનો વેગ પોતાની

જટામાં ઝીલ્યો અને તેમણે જટામાંથી બહાર આવી ધરતી ઉપર અવતરણ કર્યું. સગરના પુત્રોની ભસ્મની માટીને ગંગાજીનો સ્પર્શ થતાં તેઓને સદ્‌ગતિ મળી.

પછી રામકથા શરૂ થાય છે. દશરથજીનો પૂર્વજન્મ વર્ણવવામાં આવ્યો છે. દશરથરાજા પુત્ર કામેષ્ઠિ યજ્ઞ કરી ચાર પુત્રો - રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન મેળવે છે. તેમને ત્રણ રાણીઓ - કૌશલ્યા, સુમિત્રા, કૈકયી હતી. રામ અને લક્ષ્મણને વિશ્વામિત્ર યજ્ઞના રક્ષણ માટે પોતાના આશ્રમમાં લઈ જાય છે. ત્યાં તેમારીચ, સુબાહુ વગેરે રાક્ષસોનો નાશ કરે છે. અહલ્યાનો ઉદ્ધાર કરે છે. સીતાજીના સ્વયંવરમાં જઈ શિવધનુષ્ય તોડી સીતાજીને પરણે છે. રામનો રાજ્યાભિષેક નક્કી થાય છે, ત્યારે કૈકયી દશરથરાજા પાસે બે વરદાન - એકમાં ભરતને રાજગાદી અને બીજામાં રામને ચૌદ વર્ષ વનવાસ - મેળવે છે. રામ-લક્ષ્મણ-સીતા વનવાસ જાય છે. દશરથરાજાનો દેહાંત થાય છે. ભરત રામને પાછા અયોધ્યા લાવવા કોશિશ કરે છે, તેમાં સફળ થતા નથી. તે રામની ચરણપાદુકા સિંહાસન ઉપર સ્થાપી, તાપસી વેશે અયોધ્યાનો વહીવટ સંભાળે છે.

શ્રીરામ વનમાં અનેક ઋષિ-મુનિઓ જેવા કે ભારદ્વાજ મુનિ, વાલ્મીકિ ઋષિ, અત્રિ ઋષિ, અગત્સ્ય ઋષિ વગેરે સાથે સત્સંગ કરે છે. રસ્તામાં શૂર્પણાખાનાં નાક-કાન કાપે છે. ખરદૂષણ રાક્ષસોને મારે છે. શબરીનો ઉદ્ધાર કરે છે. પંચવટીમાં કુટિર બાંધી રહે છે. ત્યાંથી રાવણ સીતાજીનું અપહરણ કરે છે. સીતાજીની શોધમાં શ્રીરામ-લક્ષ્મણજી નીકળતા જટાયુ મળે છે. તેનો ઉદ્ધાર કરે છે. હનુમાન-સુગ્રીવ વગેરે સાથે મિત્રતા થાય છે. વાલિનો વધ કરે છે. વાનરસેના સાથે લંકામાં જઈ રાવણ સાથે યુદ્ધ કરી સીતાજીને રાવણના પંજામાંથી મુક્ત કરે છે. લંકાનું રાજ્ય વિભીષણને સોંપી ચૌદ વર્ષ પૂરાં થતાં ત્યાંથી પુષ્પક વિમાનમાં અયોધ્યા આવે છે. તેમનો રાજ્યાભિષેક કરવામાં આવે છે.

રામરાજ્યમાં પ્રજા સુખી છે. પ્રજામાં સીતાજી અંગે શંકા ઊઠતાં તેઓ સીતાજીનો ત્યાગ કરે છે. સીતાજી વાલ્મીકિ આશ્રમમાં બે બાળકો - લવ અને કુશને જન્મ આપે છે. છેલ્લે સીતાજી ધરતીમાં સમાઈ જાય છે. આમ, રામકથા પૂરી થાય છે.

પછી સૂર્યવંશ અને ચંદ્રવંશનો ઈતિહાસ આપવામાં આવ્યો છે.

● ● ●

શુકદેવજી કહે, ''હે પરીક્ષિત ! નભગ નામના મનુપુત્રનો પુત્ર નાભાગ હતો. તેના બીજા ભાઈઓએ પોતાના પિતાની મિલકતના ભાગ પાડી લઈ લીધા. નાભાગને કાંઈ જ ન આપ્યું. નાભાગને તેના ભાગ પેટે પિતાને આપ્યા. વિદ્યાભ્યાસ કરીને આવેલા નાભાગે પિતાની સેવા કરી, જેથી પિતાએ કહ્યું, ''હવે તું અંગિરા ઋષિના યજ્ઞમાં જા. બ્રાહ્મણો અને વિદ્વાનોને સરસ્વતી દેવીનો શાપ છે એટલે વચ્ચે વચ્ચે વેદમંત્રો ભૂલી જાય છે. તું ત્યાં જઈ તેઓને યાદ કરાવજે. યજ્ઞ કરતાં કરતાં બ્રાહ્મણો તેના પર ખુશ થયા. યજ્ઞ કરતાં વધેલા ઘી, જવ, તલ વગેરે નાભાગને આપ્યા. ત્યાં શંકર ભગવાન આવ્યા અને કહે, ''આ વધેલા જવ, તલ, ઘી વગેરે પર મારો અધિકાર છે. હે નાભાગ ! જા અને આ બાબત તારા પિતાને પૂછી આવ.'' નાભાગ પિતા પાસે ગયો. પિતાએ કહ્યું, ''શંકર ભગવાનની વાત સાચી છે. તે વસ્તુ આપણાથી લેવાય.'' મહાદેવજી આ સાંભળી ખુશ થયા અને કહ્યું, ''તમે આટલી ગરીબાઈ છતાં નીતિને વળગી રહ્યા છો તે જોઈ હું ખુશ થયો છું. હું તમને સંપત્તિ આપું છું. હે નાભાગ ! તારાં લગ્ન થશે અને એક સુંદર દીકરો થશે.''

## રાજા અંબરીષની કથા

સમય જતાં નાભાગના લગ્ન થયાં અને તેને ત્યાં એક દીકરાનો જન્મ થયો. નાભાગે દીકરાનું નામ અંબરીષ રાખ્યું. અંબરીષ સાત દ્વીપો પર રાજ્ય કરતો હતો. અંબરીષ રાજા ઠાકોરજીનો પરમ ભક્ત હતો. કાંકરોલીમાં બિરાજતા દ્વારકાધીશની રાજા અંબરીષ સેવા કરતા હતા. ઠાકોરજીની સેવાના નિયમો જીવનમાં ઉતાર્યા હતા. પોતાની સંપત્તિનો મોટો ભાગ ઠાકોરજીની સેવામાં વાપરતા. ઠાકોરજી અંબરીષ રાજા પર પ્રસન્ન થયા. અંબરીષને સુદર્શન ચક્ર આપ્યું. અંબરીષ સુદર્શન ચક્રને ભગવાનની પ્રસાદી સમજી રોજ તેની પૂજા કરતા. સંયમ, નિયમ, દાન, ધર્મ વગેરેમાં રાજા અંબરીષ જીવન વ્યતીત

કરતા હતા. અંબરીષ છેલ્લાં બાર વર્ષથી એકાદશીનું વ્રત કરતા હતા. આજે વ્રતની સમાપ્તિ નિમિત્તે અનેક બ્રાહ્મણોને જમવાનું નિમંત્રણ આપ્યું હતું. તેથી અનેક બ્રાહ્મણો આવ્યા હતા. દુર્વાસા ઋષિ પણ આવેલા. દુર્વાસા સ્નાન કરી સમાધિમાં ગરકાવ થઈ ગયા. અંબરીષને એવું વ્રત હતું કે બ્રાહ્મણોને જમાડી પછી પોતે પારણું કરતા. આજે જો દુર્વાસા પારણું ન કરે તો અંબરીષ જમી ન શકે અને જો બારસનો ભાગ વહી જાય તો પારણું કરવાનું વ્રત તૂટે. આથી અંબરીષે બ્રાહ્મણોને પૂછ્યું, "બ્રાહ્મણના અતિક્રમણને દોષ ન લાગે અને દ્વાદશીમાં પારણાંનો નિયમ ન તૂટે એવું જે કર્યાથી મારું ભલું થાય તે મને બતાવો." પછી બ્રાહ્મણોના મતને અનુસરી તેણે આચમનીમાં પાણી લઈ તેના પર તુલસી પત્ર મૂકી આચમન કરી પારણું કરી લીધું. દુર્વાસાને ખબર પડી કે અંબરીષે પોતાને જમાડ્યા વિના પારણું કરી લીધું. દુર્વાસા ક્રોધે ભરાયા. પોતાની જટા છોડી તેમાંથી કૃત્ય કાઢી. તે અંબરીષનું રાજ્ય બાળવા લાગી. ભગવાને અંબરીષની રક્ષા કરવા મૂકેલ સુદર્શન ચક્ર કૃત્યાને બાળી નાખી દુર્વાસા ઋષિની પાછળ દોડવા માંડ્યું. દુર્વાસા દોડતાં દોડતાં બ્રહ્મા પાસે ગયા અને બ્રહ્માજીએ કહ્યું, "તમે સુદર્શન ચક્ર પાછું લઈ લો અને મને બચાવો." દુર્વાસાને બ્રહ્માજીએ કહ્યું, "આ મારું કામ નહીં, ભગવાન વિષ્ણુ પાસે જાવ." દુર્વાસા ભગવાન વિષ્ણુ પાસે ગયા. વિષ્ણુ ભગવાન કહે, "હું મારા ભક્તને આધીન છું. તમે અંબરીષ પાસે જાવ." દુર્વાસા અંબરીષ પાસે આવ્યા. અંબરીષના પગમાં પડી વિનંતી કરી કે, "તમારું સુદર્શન ચક્ર પાછું લઈ લો." અંબરીષે કહ્યું, "તમે પારણું કરો, હું સુદર્શન ચક્ર પાછું લઈ લઉ છું. આપ જમી લો પછી હું પારણું કરીશ." દુર્વાસા ઋષિએ અંબરીષને આશીર્વાદ આપ્યા. અંબરીષ રાજાએ નેવું વર્ષનું આયુષ્ય ભોગવ્યું અને આખું જીવન ઈશ્વર આરાધના કરી."

## પરશુરામની કથા

શુકદેવજી કહે, "હે પરીક્ષિત ! હવે બીજા રામ તે પરશુરામની કથા હું તને કહીશ. જમદગ્નિ ઋષિ હતા. રેણુકા તેમનાં પત્ની હતાં. તેમને એક દીકરો હતો. જેનું નામ પરશુરામ હતું."

"એક દિવસ બપોરનો સમય હતો. જમદગ્નિને વ્રત હતું કે ભોજનના સમયે આવનારા અતિથિને ભોજન કરાવવું. રાજા સહસ્ત્રાર્જુન દસ હજાર સૈનિક સાથે જમદગ્નિના ઘરે આવ્યા. બધાને એક કલાકમાં જમાડી દીધા. સહસ્ત્રાર્જુને વિચાર્યું, આટલા બધાને એક કલાકમાં શી રીતે જમાડ્યા હશે ? જમદગ્નિ પાસે એવી શી સગવડ હશે ? સહસ્ત્રાર્જુનને ખબર પડી કે જમદગ્નિ પાસે કામધેનુ ગાય છે. તે ગાય જમાડે છે. સહસ્ત્રાર્જુને વિચાર્યું, કામધેનુ જેવું રતન તો રાજમહેલમાં જ શોભે. પોતાના સૈનિકોને હુકમ કર્યો, "કામધેનુ ગાયને રાજમહેલમાં લઈ જાવ. સૈનિકો કામધેનુને ખીલેથી છોડી રાજમહેલમાં લઈ ગયા." ભગવાન પરશુરામ આવ્યા. તેને ખબર પડી કે રાજા સહસ્ત્રાર્જુન કામધેનુને ઉપાડી ગયો છે. પરશુરામ આ વાત સાંભળતાં ગુસ્સે થયા. રાજા તો પ્રજાનું રક્ષણ કરે. તેને બદલે અમારી ગાય લઈ ગયા ? પરશુરામે નક્કી કર્યું કે સહસ્ત્રાર્જુનને મારી નાખવો. તેને મારીને કામધેનુ પાછી લઈ આવવી. હાથમાં હથિયાર લઈ સહસ્ત્રાર્જુનની સાથે લડાઈ કરવા પરશુરામ ગયા. સહસ્ત્રાર્જુનને મારી નાખ્યો. પરશુરામને રાજહત્યા લાગી. તેથી જમદગ્નિએ દીકરા પરશુરામને કહ્યું, "એક વર્ષ યાત્રા કરીને આવો." પરશુરામ યાત્રા કરવા ગયા.

"આજે એક વર્ષ પરશુરામને પૂરું થાય છે. પરશુરામ યાત્રા કરીને ઘરે આવવાના છે. જમદગ્નિનાં પત્ની રેણુકા સરોવર કાંઠે પાણી ભરવાં ગયાં. ત્યાં ગંધર્વ અને અપ્સરા એકબીજા પર પાણીની પિચકારી ઉડાડી રમતાં હતાં. તેઓને જોઈને નેવું વર્ષનાં રેણુકામાં વિષયવૃત્તિ જાગી. પાપને પ્રવેશવાના ત્રણ દરવાજા છે : આંખ, જીભ અને કાન."

રેણુકા જળ ભરીને આવ્યાં. જમદગ્નિએ કહ્યું, "ઘરમાં ન આવતાં. તમારામાં પાપવૃત્તિ જાગી છે, અપવિત્ર ભાવ જાગ્યો છે." જમદગ્નિએ પોતાના દીકરાઓને કહ્યું કે, "તમારી માતામાં અપવિત્ર ભાવ જાગ્યો છે, એને મારી નાખો." કોઈ દીકરો પોતાની માતાને મારવા તૈયાર ન થયો. દરેક દીકરાએ જમદગ્નિને કહ્યું, "હે પિતાજી!

અમે અમારી માતાને કેમ મારી શકીએ ? મને પાપ લાગે.'' પરશુરામ એક વર્ષની યાત્રા કરી ઘરે આવ્યા. જમદગ્નિએ બધી વાત પરશુરામને કરી. પરશુરામને કહ્યું, ''તું તારી માતાને મારી નાખ.'' પરશુરામ કહે, ''ભલે પિતાજી, આપની આજ્ઞાની અવગણના મારાથી નહીં થાય.'' પરશુરામે પોતાની માતાને મારી નાખી. જમદગ્નિ પરશુરામ પર ખુશ થયા. પરશુરામને કહે, ''માંગ, માંગ, આજે હું તારા કૃત્યથી ખૂબ ખુશ છું. તું જે માગીશ તે હું તને આપીશ.'' પરશુરામ જાણતા હતા પોતાના પિતાની શક્તિઓ. તેમણે પિતાને કહ્યું, ''હે પિતાજી! આપ ખરેખર મારા પર ખુશ થયા હો તો મારી માતાને જીવિત કરો અને મારી માતા એ વાત ભૂલી જાય કે મેં તેણીને મારી નાખી હતી.'' જમદગ્નિએ કહ્યું, ''તથાસ્તુ'' માતા રેણુકા ફરી જીવંત થયાં. પરશુરામે પ્રતિજ્ઞા લીધેલી કે એકવીસ વખત ક્ષત્રિયોનો સંહાર કરી પૃથ્વીને નક્ષત્રિય બનાવવી. પરશુરામે એકવીસ વખત ક્ષત્રિયોનો સંહાર કર્યો.

## રામાવતાર

''પરશુરામના નામથી ક્ષત્રિયો ધ્રૂજતા હતા. પરશુરામે એક પોતાનું ધનુષ્ય જનક રાજાને ભેટ આપેલું અને કહેલું, ''હે રાજા, મારું આ ધનુષ્ય કોઈ તોડે નહીં. જનકરાજાએ નક્કી કર્યું કે આ ધનુષ્ય કોઈની તાકાત નથી કે તોડી શકે. પણ કોઈ ધનુષ્યને તોડે નહીં પણ ચડાવે તેને હું મારી દીકરી સીતા પરણાવીશ. અનેક રાજાઓ આવ્યા. આ ધનુષ્યને પણછ ચડાવવા પ્રયત્ન કર્યો પણ વ્યર્થ. જનકરાજા કહે, ''મને લાગે છે કે ધરતી પર નરવીરો રહ્યા જ નથી ? રાજાઓમાં પહેલાંના જેવી શૂરવીરતા રહી નથી ? આ વાત ચાલે છે ત્યાં રામ લક્ષ્મણને લઈ વિશ્વામિત્ર જનકના દરબારમાં આવ્યા. વિશ્વામિત્રે રામને ધનુષ્ય ચડાવવા કહ્યું, રામે ધનુષ્યને ફૂલને ઉપાડતા હોય તેમ ઉપાડી લીધું. ઉપાડતાંની સાથે જ તૂટી ગયું. ધનુષ્યના તૂટવાનો અવાજ પરશુરામે સાંભળ્યો. દોડતાં દોડતાં જનકપુરીમાં આવ્યા. સીતા અને રામનાં લગ્ન થઈ ગયાં હતાં. પરશુરામને જોઈ દશરથ રાજા પણ થરથર ધ્રૂજવા લાગ્યા. એકવીસ વખત જેણે ક્ષત્રિયોનો સંહાર કર્યો

છે એનાથી કયો ક્ષત્રિય ન ડરે ? પરશુરામ ગુસ્સે થયા. રામે ખૂબ ધીરજથી જવાબ આપ્યો, "હે મુનિ ! તમે નાહકના ક્રોધ ન કરો. તમારું ધનુષ્ય તૂટી ગયું તેમાં મારો વાંક નથી. અતિશય જૂનું હોવાથી ઉપાડતાં જ તૂટી ગયું." પરશુરામ રામની વાત સાંભળી થોડા શાંત થયા. તેણે રામને વિષ્ણુનું ધનુષ્ય આપ્યું અને કહ્યું, "આ વિષ્ણુના ધનુષ્યને ચડાવી બતાવ." રામે વિષ્ણુનું ધનુષ્ય પણ પળવારમાં ચડાવી બતાવ્યું. પરશુરામ રામના પગમાં પડ્યા. પરશુરામને સમજાયું કે હવે આ જગતમાં મારુ કાર્ય પૂરું થાય છે. રામે પરશુરામને કહ્યું, "મેં વિષ્ણુનું ધનુષ્ય ચડાવ્યું પણ મારુ ક્યાં ?" રામનું બાણ એળે ન જાય. પરશુરામે કહ્યું, "હે રામ તારું ચડાવેલુ બાણ ઉત્તર દિશામાં માર. હું પણ ઉત્તરમાં જ જાઉં છું." પરશુરામ ચાલ્યા ગયા. કહેવાય છે, પરશુરામ કર્મથી હજી પણ જીવે છે. પરશુરામ ગયા અને રામ આવ્યા."

શુકદેવજી કહે, "હે પરીક્ષિત ! હવે હું તમને ભગવાન રામની કથા કહીશ. બાહુક નામે એક રાજા હતા. દુશ્મનોએ તેનું રાજ્ય જીતી લીધેલું. તેથી પોતાની પત્ની સાથે વનમાં ચાલ્યા ગયા. વનમાં દુશ્મનોએ રાજા બાહુકને મારી નાખ્યો. જંગલમાં તેની રાણી પતિ પાછળ સતી થવા તૈયાર થયાં. તે જ વખતે એક ઋષિઓનું ટોળું ત્યાં આવ્યું. તેઓએ જોયું કે એક સ્ત્રી પોતાના પતિ પાછળ સતી થવા તૈયાર થઈ છે, સ્ત્રી સગર્ભા છે. ઋષિઓએ કહ્યું, "સ્ત્રી સગર્ભા હોય તે સતી ન થઈ શકે. ગર્ભ કાઢી લીધા પછી જ સતી થઈ શકે." રાણીએ બાળકને જન્મ આપ્યો. બાળકનું નામ સગર રાખ્યું. ગર એટલે ઝેર. સગર એટલે ઝેરવાળું. આમ ઝેર આપીને જેનો જન્મ થયો તેથી સગર કહેવાયો. સગર મોટો થયો. તેણે એક યજ્ઞ કર્યો. ઈન્દ્રે સગરના ઘોડાને બાંધી દીધો. સગરના દીકરાઓ ઘોડો શોધવા નીકળ્યા. પાછા વળતાં કપિલના આશ્રમ પાસે યજ્ઞનો ઘોડો જોયો, તેમણે કપિલ મુનિનું અપમાન કર્યું. એ અપરાધથી અનાયાસે બળીને ભસ્મ થઈ ગયા. આ અકાળે મરેલા દીકરાઓની સદ્‌ગતિ કરવા માટે ગંગાજીને સ્વર્ગમાંથી પૃથ્વી પર લાવવી જરૂરી હતી. કારણ કે આ સગરના દીકરાઓની ભસ્મ પર ગંગાજલનો છંટકાવ કરવામાં આવે તો જ સદ્‌ગતિ થાય.

સગર રાજાની ત્રીજી પેઢીએ ભગીરથ રાજા થયા. તેમણે પોતાના પિતૃઓના ઉદ્ધાર માટે ગંગામાતાનું તપ કર્યું. ગંગાજી ભગીરથ રાજા પર પ્રસન્ન થયાં. ભગીરથે કહ્યું, "હે માતા ! અમારા પૂર્વજોના ઉદ્ધાર માટે આપ પૃથ્વી પર પધારો." ગંગાજી કહે, "મારો વેગ એટલો બધો છે કે મને પૃથ્વી પર ઝીલનાર કોઈ નહીં હોય તો પાતાળમાં પહોંચી જઈશ." ભગીરથ રાજાએ શિવજીની આરાધના કરી. શિવજી પ્રસન્ન થયા અને ગંગાજીના વેગને શિવજી પોતાના મસ્તક પર ઝીલવા તૈયાર થયા. ગંગાજી કહે, "મારા પવિત્ર જળમાં પૃથ્વીવાસીઓ સ્નાન કરશે અને મારું જળ અપવિત્ર થશે. તેથી મારી ઈચ્છા પૃથ્વી પર આવવાની નથી." ભગીરથે કહ્યું, "ભગવાનને હૃદયમાં ધારણ કરનાર સંતો તારામાં સ્નાન કરશે ત્યારે ભગવદ્ ચરણસ્પર્શથી તારાં તે પાપ દૂર થઈ જશે." ગંગાજી તૈયાર થયાં. શિવજીએ પોતાની જટા છૂટી મૂકી. ગંગાજી શિવજીની જટામાં પ્રથમ આવ્યા. તે પછી સૌથી પહેલાં પૃથ્વી પર હરિદ્વારમાં આવ્યાં, જ્યાં સગરના દીકરાઓ બળી ગયા હતા તે જગ્યા પર ગંગાનાં પાણી ફરી વળ્યાં. સગરના દીકરાઓનો ગંગાજીનાં પાણી અડતાં જ ઉદ્ધાર થયો. ભગીરથ રાજાએ ગંગાને પૃથ્વી પર ઉતાર્યા. તેથી ગંગાનું નામ ભાગીરથી પડ્યું." પરીક્ષિત કહે, "હે શુકદેવજી ! તમે મને હવે શ્રીરામની કથા કહો." શુકદેવ કહે, "સગર વંશમાં એક દિલીપ નામે રાજા થયા. તેના પુત્ર રઘુરાજા. રઘુનો અજ અને અજને ઘરે દશરથ રાજાનો જન્મ થયો, અને દશરથ રાજાને ઘરે રામે જન્મ લીધો." પરીક્ષિતે શુકદેવજીને પૂછ્યું, "ભગવાન રામે દશરથ રાજાને ઘેર જ કેમ જન્મ લીધો. તે મને કહો." શુકદેવજી કહે, "હે પરીક્ષિત ! પૂર્વ જન્મમાં દશરથ એક બ્રાહ્મણ હતો. તેર વર્ષની ઉંમરથી તે બ્રાહ્મણપુત્ર દરરોજ એક હજાર આઠ તુલસીપત્ર ચૂંટી ઠાકોરજીને ચડાવી, પછી જ ભોજન કરતો. બ્રાહ્મણની ઉંમર પચ્ચીસ વર્ષની થઈ ત્યારે તેનાં લગ્ન થયાં. પોતાની પત્નીને બ્રાહ્મણે પોતાના વ્રતની વાત કરી અને નિયમ સમજાવ્યો. પત્ની પણ પોતાના પતિના વ્રતમાં જોડાઈ. આમ તુલસી વડે આરાધના કરતાં સાત વર્ષ વીતી ગયાં. બ્રાહ્મણ હવે બત્રીસ

વર્ષનો થયો. એક દિવસ તેની પત્નીએ તેને પૂછ્યું, "તમે ભગવાનના પરમ ભક્ત છો. હું પણ તમારા નિયમને અનુસરું છું. પરંતુ આપણે ત્યાં બાળક કેમ નથી ?" બ્રાહ્મણે પત્નીને કહ્યું, "ભૂલી જા. માણસે સતત ઈશ્વરસ્મરણ કરવું." એમ કરતાં કરતાં બ્રાહ્મણ ચોપન વર્ષનો થયો. એક દિવસ રાત્રે બ્રાહ્મણને ખૂબ તાવ આવ્યો. પત્નીને કહ્યું, "મને ગોદડું ઓઢાડ." આખી રાત તાવ રહ્યો. રોજના નિયમ પ્રમાણે વહેલી સવારે ચાર વાગ્યે ઊઠી સ્નાન કરી તુલસી ચૂંટવા જવાનું. પત્ની કહે, "તાવવાળા શરીરે એકલા જવું નથી. હું પણ તમારી સાથે આવું." બ્રાહ્મણે તાવને વિનંતી કરી, "તાવ ! થોડીવાર માટે તું હટી જા ! મારે નિયમ પ્રમાણે ભગવાનની પૂજા કરવી છે. હે ઈશ્વર ! મને શક્તિ આપો." બ્રાહ્મણ તુલસી ચૂંટતાં ચૂંટતાં ઈશ્વરસ્મરણ કરતો હતો. ભગવાનની પૂજા કરવા જતો હતો. ત્યાં પત્નીએ કહ્યું, "તમને તાવ આવ્યો છે. હું તમારી સાથે આવું." બ્રાહ્મણે પોતાની પત્નીને ના કહી. રસ્તામાં બ્રાહ્મણ જતો હતો. ત્યાં "બચાવો - બચાવો" એવી કોઈ સ્ત્રીની બૂમ તેને સંભળાઈ. બ્રાહ્મણ સ્વસ્થ થઈ કાન દઈ સાંભળવા લાગ્યા. જમણી બાજુથી અવાજ આવતો લાગ્યો. તે જમણી તરફ ગયો. જોયું તો એક ગુફામાં એક સ્ત્રી "પાણી-પાણી" કરતી હતી. ઠાકોરજીને ચડાવવાનું જળ એ સ્ત્રીના મોઢામાં મૂક્યું. "હજી વધુ આપો" સ્ત્રીએ કહ્યું. બ્રાહ્મણે પૂછ્યું, "તમે કોણ છો ? હું તમને કઈ રીતે ઉપયોગી થઈ શકું ?" સ્ત્રી બોલી, "હું પિશાચિની છું. નીચ કર્મ કરનારી છું, મારો જીવ જતો નથી." સ્ત્રીનું શરીર ઊછળવા લાગ્યું. જીવ જતો ન હતો. બ્રાહ્મણે કહ્યું, "આજ દિન સુધી એકાદશી વ્રત મેં કર્યું હોય તો આ જીવ શાંત થાય." તરત જ તે પિશાચિનીનો જીવ શાંત થયો. શબને અડવાથી સૂતક લાગે. સૂતકમાં ઠાકોરજીની સેવા ન થઈ શકે. આજે બ્રાહ્મણની ઠાકોરજીની સેવા પડી. આજુબાજુથી બ્રાહ્મણોને બોલાવી અગ્નિસંસ્કાર કર્યો. બ્રાહ્મણે અગ્નિદેવને પ્રાર્થના કરી, "હે અગ્નિદેવ, મારાં આ સગાં આવે છે તેનો સ્વીકાર કરો." અગ્નિદેવે બ્રાહ્મણને કહ્યું, "હે બ્રાહ્મણ ! તેં ભગવાનની નિયમિત નિષ્ઠાપૂર્વક પૂજા સેવા કરી છે. તારી પત્ની પુત્રની

ઝંખના રાખે છે. આવતા જન્મમાં તું રાજા દશરથ થઈશ. તારી પત્ની તારી પટરાણી થશે. ઈશ્વર તારે ઘેર પુત્ર થઈને આવશે.''

''બીજા જન્મમાં બ્રાહ્મણ દશરથ રાજા થયા. તેની સ્ત્રી પટરાણી કૌશલ્યા થયાં. દશરથને ત્રણ રાણી હતી. કૌશલ્યા, સુમિત્રા, કૈકેયી. દશરથ અને કૌશલ્યાના સહયોગથી ચૈત્ર સુદ નોમને દિવસે પુનર્વસુ નક્ષત્રમાં પરમ કૃપાળુ પરમાત્મા રામચંદ્રજીનો જન્મ થયો. દશરથ રાજાને ત્યાં ઘણી મોટી ઉંમરે દીકરાનો જન્મ થયો. તે પછી સુમિત્રાથી લક્ષ્મણ અને શત્રુઘ્ન અને કૈકેયીથી ભરતનો જન્મ થયો. આમ દશરથ રાજાને ત્યાં ચાર દીકરા થયા. સૌથી મોટા રામ હતા. રામના જન્મ પછી અયોધ્યામાં વિશ્વામિત્ર દશરથ રાજા પાસે આવ્યા. કૌશલ્યાએ દશરથને કહ્યું, ''ચારેય રાજકુમારોને વિશ્વામિત્ર પાસે લઈ જઈ તેમના આશીર્વાદ લઈએ.'' બધા રાજકુમારો વિશ્વામિત્ર પાસે આવ્યા. ચારેએ વિશ્વામિત્રને પ્રણામ કર્યા. રાજા દશરથે વિશ્વામિત્રને પ્રણામ કરી પૂછ્યું, ''હે મુનિ, વિશ્વામિત્ર ! આપને અમે શી દક્ષિણા આપીએ?'' વિશ્વામિત્રે કહ્યું, ''જંગલમાં રાક્ષસો યજ્ઞ કરવા દેતા નથી. યજ્ઞમાં અનેક વિઘ્નો નાખે છે. તમારા મોટા બે દીકરાને તે રાક્ષસોના સંહાર કરવા મારી સાથે મોકલો.'' દશરથ રાજાએ વિશ્વામિત્રની વાતનો સ્વીકાર કર્યો. રામ અને લક્ષ્મણને વિશ્વામિત્ર સાથે મોકલ્યા. વિશ્વામિત્ર વિચારે છે કે આ બે રાજકુમારો પારકી થાપણ છે, તેનું ગમે તેવી મુશ્કેલીમાં રક્ષણ કરવું પડે અને યોગ્ય સમયે તેના માતા-પિતાને પાછા સોંપવા પડે. વિશ્વામિત્રે રામ અને લક્ષ્મણને ધનુર્વિદ્યા શીખવી. અનેક પ્રકારનું જ્ઞાન આપ્યું. રામ-લક્ષ્મણ આશ્રમની ચોકી કરતાં જંગલના કનડતા રાક્ષસોનો સંહાર કરતા.

''જનકપુરીમાં જનકરાજાને ત્યાં દીકરી સીતાનો જન્મ થયો. સીતા દિવસે દિવસે મોટી થવા લાગી. ઉંમરલાયક થતાં જનકરાજાએ સ્વયંવર રચ્યો. જનકરાજાને પરશુરામે શિવજીનું એક ધનુષ્ય આપ્યું હતું, અને કહેલું કે આ ધનુષ્ય જે ઉપાડે તેની સાથે દીકરી સીતાનાં લગ્ન કરજો. વિશ્વામિત્રે વિચાર્યું, ''આ સુંદર મોકો છે. હું આ બે રાજકુમારોને લઈ સ્વયંવરમાં જાઉં.''

"જનકપુરીમાં સીતાના સ્વયંવરની જાહેરાત થતાં અનેક રાજાઓ આવ્યા. બધાનો સત્કાર કરવા જનક ઊભા હતા. એક વિમાનમાં બેસી રાજા રાવણ પણ આવ્યો. જનકે તેનો સત્કાર કર્યો. વિશ્વામિત્ર રામ અને લક્ષ્મણને લઈ સાદા વેશમાં સ્વયંવરમાં આવ્યા. બન્ને બાળકો જોઈ જનકરાજાએ કહ્યું, "આ બાળકો ક્ષત્રિય હોય તો મારી દીકરી જરૂર તેમને પસંદ કરી શકે છે." ક્રમ અનુસાર શિવજીનું ધનુષ્ય તોડવા એક પછી એક રાજાઓ આવ્યા, પણ કોઈ શિવજીના ધનુષ્યને તોડી ન શક્યા. જનક બોલ્યા, "શું આ સભામાં કોઈ નરવીર જ નથી ?" સાંભળતાં જ લક્ષ્મણ ગુસ્સે થઈ ગયા. ઊભા થઈ બોલ્યા, "મારા મોટાભાઈને ધનુષ આપો." રામે શિવજીના ધનુષના ઘડીના છઠ્ઠા ભાગમાં ટુકડે ટુકડા કરી નાખ્યા. જનકરાજાએ પૂછ્યું, "આ શૂરવીર બાળક કોણ છે ?" "દશરથ રાજાનો દીકરો રામ છે." જનકરાજાએ કહ્યું, "દશરથરાજાને ખબર આપો કે શિવધનુષ તોડનાર નરવીર તમારા દીકરા રામને મારી દીકરી સીતા સાથે પરણાવો."

"દશરથ રાજા વાજતેગાજતે જનકપુરીમાં આવ્યા. રામનાં સીતા સાથે લગ્ન થયાં. દશરથ રાજાની છાતી આનંદથી ગજગજ ફૂલી સમાતી ન હતી."

"એક વખત કૈકેયીના પિતાએ સંદેશો મોકલ્યો કે ભરતને અમારે ત્યાં થોડો વખત મોકલો. ભરતને દશરથ રાજાએ મોસાળ મોકલ્યા."

"દશરથ રાજા હવે સાઠ વર્ષના થયા હતા. તેમના હાથ પગ કાંપવા લાગ્યા હતા. ગુરુ વશિષ્ઠને કૌશલ્યાએ પૂછ્યું, "હે ગુરુદેવ, રાજા દશરથના હાથ કેમ ધ્રૂજે છે ?" વશિષ્ઠે કહ્યું, "હવે રામને રાજગાદી પર બેસાડો અને રાજા દશરથને નિવૃત્ત થવા દો."

"ગુરુ વશિષ્ઠના કહેવા મુજબ સારો દિવસ જોઈ રામનો રાજ્યાભિષેક કરવાનું દશરથે નક્કી કર્યું. રાણી કૈકેયીની દાસી મંથરા કૈકેયીને કહે છે, "હે રાણીમા ! ભરતની ગેરહાજરીમાં રામને દશરથ રાજા ગાદી પર બેસાડે છે. હે કૈકેયી ! તમારે રાજા દશરથ પાસે બે વરદાન માંગવાનાં બાકી છે, તે માંગી લો. આજે સારો મોકો છે.

એક તો ભરતને રાજગાદી અને બીજું રામને ચૌદ વર્ષ વનવાસ.'' રાજા દશરથ સાંજે કૈકેયી પાસે ભોજન લેવા આવ્યા. ત્યારે મોકો જોઈને કૈકેયીએ દશરથને યાદ કરાવ્યું કે, ''મારે તમારી પાસે બે વરદાન માંગવાનાં છે. આજે મારી ઈચ્છા બન્ને વરદાન માગી લેવાની છે. દશરથે કહ્યું, ''માગી લે.'' કૈકેયીએ કહ્યું, ''પહેલું વરદાન ભરતને રાજગાદી પર બેસાડો અને બીજું રામને ચૌદ વર્ષ વનવાસ. આવતીકાલે રામ માટે રાજ્યાભિષેકને બદલે વનવાસનાં કપડાં મંગાવો.'' દશરથને ખૂબ જ આઘાત લાગ્યો. કૈકેયીને કહ્યું, ''તું વિશ્વાસઘાતી થઈ ? તે આ શું માંગ્યું ?''

''સવારે દશરથ મોડા પડ્યા. કૌશલ્યા વિચારવા લાગ્યાં કે આજે રામનો રાજ્યાભિષેક છે અને આમ મોડા કેમ ? દશરથ આવ્યા, પગ લચકાય છે. કૌશલ્યાએ પૂછ્યું, ''શું થયું ?'' જ્યારે માણસને આઘાત લાગે, દુઃખ થાય ત્યારે ગળું સુકાય છે. દશરથે પાણી માગ્યું. કૌશલ્યાએ કહ્યું, ''કુલગુરુ વશિષ્ઠને બોલાવો.'' વશિષ્ઠ આવ્યા. બાજુમાં કૌશલ્યા બેઠાં છે. દશરથે વશિષ્ઠને કહ્યું, ''રામનો રાજ્યાભિષેક નહીં થાય. રામે વનમાં જવાનું છે. આ વાત મારે રામને કહેવાની છે. રામને બોલાવો.'' રામ આવ્યા. દશરથે કૈકેયીએ માગેલાં બે વરદાનની વાત કરી. રામે કહ્યું, ''પિતાજી આપની આજ્ઞા મારે શિરોમાન્ય છે. હું વનમાં જવા તૈયાર છું.'' સમય સમય બલવાન હૈ, નહીં મનુષ્ય બલવાન'' સુખ અને દુઃખ બે જોડિયા ભાઈ જેવાં છે. બન્ને સાથે જ ચાલે છે. ગઈકાલે રાજા થનાર રામ આજે વનવાસી થવાના છે.

''આજે રામની વનવાસ જવાની તૈયારી ચાલવા લાગી. રામ સાથે સીતા અને લક્ષ્મણ પણ વનમાં જવા તૈયાર થયાં. ત્રણે જણા અયોધ્યા છોડી વનવાસી થયાં. રામ અને લક્ષ્મણે વનમાં અનેક રાક્ષસોને માર્યા. રામ જતાં દશરથે ભોજનનો ત્યાગ કર્યો. દશરથને ભૂતકાળ યાદ આવવા લાગ્યો. યુવાન બ્રાહ્મણ પુત્ર શ્રવણને હરણ સમજી બાણથી વીંધી નાખી મારી નાખેલો, તે યાદ આવ્યું. શ્રવણનાં આંધળાં મા-બાપે દશરથને ચોધાર આંસુએ રડતાં રડતાં શાપ આપેલો, ''હે રાજા દશરથ ! જીવનમાં જુવાન દીકરો જાય ત્યારે માતા-પિતાનું

જીવન કેટલું ખાટું થઈ જાય ! અમને અમારો શ્રવણ જતાં જીવન જીવવા જેવું રહ્યું નથી. તારા અંતકાળે અમારા જેવો પુત્રવિયોગ થશે.'' શાપ આપી શ્રવણનાં મા-બાપે પ્રાણત્યાગ કર્યો. પુત્રશોકથી દશરથના પ્રાણ ગયા. તેના અંતકાળ વખતે ચાર દીકરામાંથી એકેય દીકરો પાસે નહીં. મોસાળ ગયેલ ભરતને પિતાના અવસાનના દુઃખદ સમાચાર મળતાં ખૂબ જ આઘાત લાગ્યો. અયોધ્યા આવી માતા કૌશલ્યાને પ્રણામ કરી ભરતે કહ્યું, ''હે મા, જો મેં રાજગાદીનો વિચાર સુદ્ધાં કર્યો હોય તો મને બ્રહ્મહત્યાનું પાપ લાગે.'' ભરત મોટાભાઈ રામ પાસે તપોવનમાં આવ્યા. રામને રાજ્યમાં આવી રાજકારભાર સંભાળી લેવા ખૂબ સમજાવ્યા, પરંતુ રામે કહ્યું, ''ભાઈ ભરત ! પિતાના વચન મુજબ હવે ચૌદ વર્ષ પછી જ હું રાજગાદી સંભાળીશ. ત્યાં સુધી તું અયોધ્યાની સંભાળ રાખજે. ભરતે રામની પાદુકા અયોધ્યાની રાજગાદી પર રાખી જવની ભાખરી ખાઈ અયોધ્યાનો રાજકારભાર સંભાળ્યો.''

રામ, સીતા, લક્ષ્મણ વનમાં રહેતાં હતાં. સોનાના મૃગનો શિકાર કરવા રામ મૃગની પાછળ ગયેલા. સુવર્ણ મૃગ, મૃગ ન હતો, સુવર્ણ મૃગ રાવણે મોકલાવેલ માયાવી મૃગ રાક્ષસ હતો. બ્રાહ્મણવેશ લઈ ભિક્ષાના બહાને આવી રાવણ સીતાનું હરણ કરી ગયો. રામનું બાણ માયાવી મૃગને લાગતાં માયાવી મૃગ રાક્ષસ બની ગયો અને મરી ગયો. ''લક્ષ્મણ લક્ષ્મણ'' પોકારતો ગયો. આ પોકાર સીતાએ સાંભળ્યો. લક્ષ્મણને કહ્યું, ''લક્ષ્મણભાઈ, તમારા મોટાભાઈ મુશ્કેલીમાં લાગે છે. તમને બોલાવે છે. તમે રામની મદદે જાવ.'' લક્ષ્મણ સીતાની કુટિર પાસે લક્ષ્મણરેખા દોરી રામને શોધવા ગયા.

''રાવણ બ્રાહ્મણવેશે જ્યારે ભિક્ષા લેવા આવ્યો ત્યારે સીતા લક્ષ્મણરેખા વટાવી બહાર ભિક્ષા આપવાં આવ્યાં, કે તરત જ રાવણ સીતાને ઉપાડી ગયો. રામ-લક્ષ્મણ કુટીરમાં આવ્યા. સીતાજી કુટીરમાં ન હતાં. ચારેબાજુ તપાસ કરી. તપાસ કરતાં ખબર પડી કે રાવણ સીતાને ઉપાડી લંકામાં લઈ ગયો છે. શ્રીરામે રાવણના ભાઈ વિભીષણને બોલાવી રાવણને સમજાવવા કહ્યું, સીતાને પાછી આપી

દેવા કહ્યું, સીતાને બળજબરીથી ઉપાડી જવી ખૂબ મોટો અન્યાય થયો છે, પણ રાવણ માન્યો નહીં. યુદ્ધ થયું. રામે રાવણને માર્યો. સીતાજીને લઈ આવ્યા. સીતાજી સર્વાંગ શુદ્ધ હતાં. સીતાની અગ્નિકસોટી કરી. ચૌદ વર્ષ પૂરાં થયાં એટલે રામ અયોધ્યા આવવા નીકળ્યા. પુષ્પક વિમાનમાં બેસી રામ - લક્ષ્મણ - સીતા - હનુમાન આવ્યાં હતાં. રસ્તામાં ભરતને રામના આવવાના સમાચાર આપ્યા. પૂજામાં બેઠેલા ભરતે હનુમાનને જોયા. સ્વાગત કર્યું. ભરતે રામ, લક્ષ્મણ, સીતાનું સ્વાગત કર્યું. બધા અયોધ્યા આવ્યાં. રામનો રાજ્યાભિષેક કર્યો.''

''એક દિવસ રામ, લક્ષ્મણ, સીતા રથમાં બેસી જતાં હતાં, ત્યારે સીતાએ રામને કહ્યું, ''આપણી આટલી બધી સેવા હનુમાનજીએ કરી, તેને તમે કાંઈ ભેટ આપી કે નહીં ?'' રામ કહે, ''હનુમાનના મારા ઉપર ઉપકાર એટલા બધા છે કે તેને હું શું આપું.'' સીતાના ગળામાં કરોડો રૂપિયાની રત્ન માળા હતી. સીતાજીએ તે હનુમાનજીના ગળામાં પહેરાવી દીધી. હનુમાન ગળામાંથી માળાના મણકા ભાંગવા લાગ્યા. સીતાએ કહ્યું, ''હનુમાનજી આપ આ શું કરો છો ?'' હનુમાન કહે, ''આ મણકામાં ક્યાંય રામનાં નામ નથી ?'' સીતા કહે, ''હનુમાન, રામ તો હૃદયમાં જોઈએ.'' તરત જ હનુમાનજીએ પોતાની છાતી ફાડી રામનાં દર્શન કરાવ્યાં.

''ગૃહસ્થાશ્રમ ભોગવવાની રામ-સીતાએ શરૂઆત કરી. સીતા સગર્ભા થયાં. રામે સીતાને પૂછ્યું, ''તારી કોઈ ઈચ્છા છે ?'' સીતાને છઠ્ઠો મહિનો ચાલતો હતો. સીતાને પંચવટી, ગોદાવરી યાદ આવ્યાં. સીતાએ કહ્યું, ''મારે પંચવટી જઈ ગોદાવરીમાં સ્નાન કરવું છે.'' આજે દિનચર્યા કરવા જતાં રામને કાને શબ્દો પડ્યા, ''હું રામ જેવો નથી, જે ભાગી ગયેલી સ્ત્રીને ઘરમાં રાખે.'' આ શબ્દો સાંભળી અધ્યોધ્યાનો રાજા રામ મનોમન નક્કી કરે છે કે મારા રાજ્યને રામરાજ્ય બનાવવું હોય તો મારે પોતે ભોગ આપવો પડે. મારે સીતાનો ત્યાગ કરવો જોઈએ. રામે લક્ષ્મણને બોલાવી કહ્યું, ''સીતાને ઋષિ વાલ્મીકિના આશ્રમમાં મૂકી આવો.'' સીતાને રથમાં બેસાડ્યાં.

લક્ષ્મણ સાથે ગયા. સીતાએ લક્ષ્મણને કહ્યું, "વીર આર્ય કેમ આપણી સાથે નથી આવતાં ?" લક્ષ્મણે રસ્તામાં સીતાને આખી વાત કરી. સીતાએ રામને સંદેશો કહેડાવ્યો કે હું અહીં વનમાં મારું જીવન એક તપસ્વિનીની જેમ વિતાવીશ.

"રાજમહેલમાંથી સીતા જતાં રામે ઘીનો દીવો કર્યો. ભોંય પથારીમાં સૂવું. મિષ્ટાન્ન ખાવું નહીં, બીજાં લગ્ન ન કરવાની દીવા સમક્ષ પ્રતિજ્ઞા લીધી."

"સીતાજીએ વાલ્મીકિ ઋષિના આશ્રમમાં લવ અને કુશ એમ બે દીકરાને જન્મ આપ્યો. ઋષિ વાલ્મીકિએ રામાયણની રચના કરી. લવ અને કુશને શસ્ત્રવિદ્યા અને બીજી અનેક વિદ્યાઓમાં પાવરધા બનાવ્યા. આ બાજુ રામે અયોધ્યામાં અશ્વમેઘ યજ્ઞ કર્યો. યજ્ઞના ઘોડાને છૂટા મૂક્યા. લવ-કુશે રામના ઘોડાને બાંધી લીધા. રામ પોતે ઘોડાને બાંધનાર લવ-કુશ જોડે લડવા આવ્યા. લવ-કુશને જોઈ રામ મનમાં વિચારે છે કે આ ઋષિકુમારોને જોઈ ધનુષ ચડાવતાં મારા હાથ કેમ ધ્રૂજે છે ? વાલ્મીકિ ઋષિએ રામને ઓળખાણ પાડી, "આ તમારી મૂડી." વાલ્મીકિએ રામને લવ-કુશ અને સીતાજીને સોંપી દીધાં. રામ, સીતા અને લવકુશને લઈ અયોધ્યા આવવા નીકળ્યા. સીતાજીએ રસ્તામાં ધરતીમાતાને પ્રાર્થના કરી, "હે ધરતીમા ! હું તારી પુત્રી છું. મેં કોઈ પાપ કર્યું નથી. તું મને તારામાં સમાવી દે !" ધરતીએ માર્ગ આપ્યો અને સીતાજી ધરતીમાં સમાઈ ગયાં."

## શકુંતલા અને દુષ્યંતની કથા

શુકદેવજી કહે, "હે પરીક્ષિત ! પરશુરામ અને રામની કથા પછી હવે હું તને શકુંતલા અને દુષ્યંતની કથા કહીશ."

"વૃષપર્વા નામે રાજા હતો. તેને એક શર્મિષ્ઠા નામની દીકરી હતી. તે પોતાની સખીઓ સાથે વનમાં ફરવા જતી હતી. દેવયાની રાજગુરુની દીકરી હતી, તે પણ શર્મિષ્ઠાની બહેનપણી હતી. વનમાં એક સુંદર સરોવર હતું. શર્મિષ્ઠા બધી બહેનપણીઓ સાથે સ્નાન કરવા સરોવરમાં પડી. સરોવર પાસે શિવજી આવ્યા. કન્યાઓ શરમાણી.

શર્મિષ્ઠાએ દેવયાનીનાં કપડાં ભૂલથી પહેરી લીધા. દેવયાની કહે, "અમે બ્રાહ્મણ બીજાનાં પહેરેલાં કપડાં પહેરતાં નથી." દેવયાની ગુરુ શુક્રાચાર્યની દીકરી હતી. શર્મિષ્ઠા અને તેની બહેનપણીઓએ દેવયાનીને નિર્વસ્ત્ર કરી કૂવામાં નાખી દીધી, અને ચાલી ગઈ. દેવયાની કૂવામાં પડી પડી "બચાવો - બચાવો" એમ બૂમ પાડતી હતી. કૂવા પાસેથી રાજા યયાતિ પસાર થતાં, તેણે આ બૂમ સાંભળી. યયાતિએ કન્યાને મદદ કરવા પોતાનો ખેસ કૂવામાં નાખ્યો અને દેવયાનીએ અર્ધો ખેસ શરીર પર વીંટી લીધો અને અર્ધાથી યયાતિએ દેવયાનીને બહાર ખેંચવા માંડી. દેવયાનીનો જમણો હાથ પકડી યયાતિએ તેને કૂવામાંથી બહાર કાઢી. દેવયાનીએ યયાતિએ કહ્યું, "તમે મારો જમણો હાથ પકડ્યો છે તેથી હું તમને જ વરીશ." યયાતિએ કહ્યું, "અમે ક્ષત્રિય અને તમે બ્રાહ્મણ. તારા પિતાજી આ વાત સહન નહીં કરી શકે." દેવયાનીએ કહ્યું, "મને કચનો શાપ છે. તેથી કોઈ બ્રાહ્મણ મને નહીં વરે, માટે બાધ નથી." શુક્રાચાર્યે વૃષપર્વા પાસે જઈ કહ્યું, "હે રાજા ! તારી દીકરી શર્મિષ્ઠાએ મારી દીકરી દેવયાનીને કૂવામાં નાખી દીધેલી. આજથી હું તમારા ગુરુપદનો ત્યાગ કરું છું." શર્મિષ્ઠા અને યયાતિ સંબંધ થયો. દેવયાનીને ખબર પડતાં પોતાના પિતા શુક્રાચાર્યને વાત કરી. ગુસ્સે ભરાયેલા શુક્રાચાર્યે યયાતિને શાપ આપ્યો, "હે રાજા યયાતિ ! તારી આ ભરજુવાનીમાં ઘડપણ આવી જશે. તારો દીકરો પોતાની જુવાની તને આપી દે તો જ ફરી જુવાની પ્રાપ્ત થશે. યયાતિની નજર પોતાના દીકરા યદુ પર પડી. યદુ કહે, "પિતાજી, સાઠે બુદ્ધિ નાઠી લાગે છે !" યદુએ પોતાની જુવાની આપવાની ના પાડી. યયાતિએ કહ્યું, યદુતિને રાજગાદી નહીં મળે. યદુ વંશમાં પરમ કૃપાળુ પરમાત્મા શ્રીકૃષ્ણનો જન્મ થયો. શુકદેવજી કહે, "હે પરીક્ષિત ! આજે તારો ચોથો દિવસ પૂરો થાય છે. હવે હું જે વાત કરું છું તે તું ધ્યાનથી સાંભળ."

"૮૦ વર્ષના વિશ્વામિત્ર તપ કરે છે. શરીર ઘસાતું જાય છે. આવરદા પૂરી થતી જાય છે. છતાં તપના બળથી ઈન્દ્ર ડરે છે. તેણે સ્વર્ગની અપ્સરા મેનકાને કહ્યું, "જા પૃથ્વી પર અને ઋષિ

વિશ્વામિત્રના તપનો ભંગ કરાવ.'' ૮૦ વર્ષના વિશ્વામિત્ર જ્યાં તપ કરે છે ત્યાં ૧૬ વર્ષની મેનકા આવી નૃત્ય કરવા લાગી. તેનો ગાવાનો ને ઝાંઝરનો અવાજ સાંભળી વિશ્વામિત્ર તપભંગ થયા. વિશ્વામિત્રનું પતન થયું. મેનકા સાથે સંબંધ થયો. પરિણામે એક દીકરી થઈ. દીકરીને જંગલમાં છોડી દઈ વિશ્વામિત્ર અને મેનકા ચાલી ગયાં. જંગલનાં પક્ષીઓએ બાળકીને મોટી કરી. તેનું નામ શકુંતલા પાડવામાં આવ્યું. જંગલમાં અનાથ છોકરીને કણ્વ ઋષિએ જોઈ. તે બાળકીને પોતાનાં આશ્રમમાં લાવ્યા. દીકરી શકુંતલા કણ્વ ઋષિના આશ્રમમાં જોતજોતામાં મોટી થઈ ગઈ. રાજા દુષ્યંત શિકાર કરતો કરતો કણ્વ ઋષિના આશ્રમમાં આવ્યો. શકુંતલાને જોઈ. શકુંતલા સાથે ગાંધર્વવિવાહ કરી લીધો.

શકુંતલા આજે સાસરે જવાની છે. આશ્રમનાં તપસ્વી બાળકોએ આજે વેદોચ્ચાર કરવો છોડી દીધો છે. હરણાંઓએ ઘાસ ખાવાનું છોડી દીધું છે. શકુંતલા પિતા કણ્વને પગે લાગે છે. કણ્વ ધ્રૂસકે ધ્રૂસકે રડે છે. કણ્વ શકુંતલાને કહે છે, ''હે દીકરી ! તું મારી પાલક પુત્રી. તને સાસરે વળાવતાં મને આટલું દુઃખ થાય છે. તો જન્મ દેનાર માતાને કેટલું દુઃખ થતું હશે.'' શકુંતલા સગર્ભા છે. સગર્ભા દીકરીને સાસરે મૂકવા ગયાં. દુષ્યંત રાજા શકુતલાને જોઈ કહે, ''કોણે લગ્ન કર્યાં છે?'' લગ્નની વાત રાજા ભૂલી ગયો. શકુંતલાએ કહ્યું, ''તમે વીંટી બદલાવી છે.'' શકુંતલા પોતાના હાથમાં દુષ્યંતની વીંટી બતાવવા જાય છે, પણ હાથમાં વીંટી ન હતી. શકુંતલાના હાથની વીંટી નદી પાર કરતાં માછલી ગળી ગઈ હતી. શકુંતલાનો દુષ્યંતે અનાદર કર્યો. શકુંતલાએ વનમાં આશ્રમમાં દીકરાને જન્મ આપ્યો. તેનું નામ ભરત પાડ્યું. સમય જતાં એક માછીમાર રાજદરબારમાં રાજાની વીંટી લઈ આવ્યો. વીંટીને જોતાં જ દુષ્યંતને શકુંતલા સાથેનાં લગ્ન યાદ આવી ગયાં. રાજા દુષ્યંત જંગલમાં જઈ શકુંતલા અને ભરતને પોતાના રાજ્યમાં લઈ આવ્યો.

# દશમ સ્કંધ (પૂર્વાધ)નો સારાંશ

દશમ સ્કંધ શ્રીકૃષ્ણલીલા - નિરોધલીલાનો છે. દશમ સ્કંધ ભાગવતનું હૃદય અને તેનું ફળ છે. આમાં શ્રીકૃષ્ણચરિત્રનો મહિમા વર્ણવવામાં આવે છે. આમાં શુકદેવજી પૂરા ખીલ્યા છે.

કથાને પાંચ દિવસ થયા હોવાથી શ્રી શુકદેવજી રાજા પરીક્ષિતને કંઈ ખાવા, ફળાહાર કરવા કે જળપાન કરવા કહે છે, ત્યારે રાજા પરીક્ષિત કહે છે કે, 'કથાના રસપાનથી મને ભૂખ-તરસ લાગી નથી.' આ સાંભળી શુકદેવજીને આનંદ થાય છે કે રાજા જિજ્ઞાસુ અને લાયક છે.

આ સ્કંધમાં કૃષ્ણકથામાં નવ પ્રકારના રસ સાથે દશમો પ્રેમરસ છલોછલ ભરેલ છે. કૃષ્ણકથામાં સર્વ પ્રકારના જીવોનું - પામર, વિષયી, મુમુક્ષુ, મુક્ત - આકર્ષણ થાય છે. કૃષ્ણકથા કહેતાં શુકદેવજીનાં હૃદયમાં શ્રીકૃષ્ણનું સ્વરૂપ સ્થિર થયું છે અને તેમને સમાધિ લાગી છે.

અનેક દુષ્ટ અને પાપી રાજાઓના ત્રાસથી પ્રજા બહુ દુઃખી થતી હતી. આથી બધા દેવો, ઋષિઓ, બ્રહ્માદિએ પરમાત્માને સ્તુતિ કરી. પરમાત્માએ થોડા સમયમાં મથુરામાં દેવકી-વસુદેવને ત્યાં જન્મ લઈશ તેમ જણાવ્યું.

તે સમયે મથુરામાં ઉગ્રસેન રાજા રાજ્ય કરે છે. ઉગ્રસેનને કેદમાં પૂરી કંસ પોતે રાજા બને છે. ઉગ્રસેનની દીકરી દેવકી સાથે વસુદેવનાં લગ્ન થાય છે. લગ્ન પછી વસુદેવ-દેવકી રથમાં બેસી જાય છે, તે વખતે આકાશવાણી દ્વારા કંસને જાણ કરવામાં આવે છે કે, દેવકીનો આઠમો બાળક તારો કાળ થશે. આ સાંભળી કંસ દેવકીને તલવાર લઈને મારવા તૈયાર થાય છે, પરંતુ વસુદેવની સમજાવટથી દેવકીને જેટલાં બાળક થશે તે તેને સોંપીશું. દેવકી-વસુદેવને જવા દે છે. દેવકીને પ્રથમ બાળક થતાં તેને કંસ મારતો નથી, પણ પાછળથી નારદજીની સલાહ મુજબ તે બધાં બાળકોને મારી નાખે છે, હત્યા કરે છે અને વસુદેવ-દેવકીને કારાગૃહમાં રાખે છે. સાતમા બાળક તરીકે બલરામજી રોહિણીને ત્યાં પ્રગટ થાય છે અને આઠમા બાળક તરીકે શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય થાય છે. મથુરાના કારાગૃહમાંથી વસુદેવજી તે બાળકને ગોકુળમાં નંદજી-યશોદાજીને ત્યાં મૂકીને ત્યાંથી બાળકીને લઈને આવે છે. કંસ આઠમી દીકરીને મારી નાખવા તેને નીચે પછાડે છે, ત્યારે તે આકાશમાં ઊડી જઈ કંસને

ચેતવણી આપે છે કે, 'તારો કાળ તો અવતરી ચૂક્યો છે.' આ સાંભળી કંસ બેબાકળો થઈ ગભરાઈ જાય છે.

યશોદાજી અને નંદબાબાને સવારે પોતાને બાળક થયાની જાણ થાય છે. આખું ગોકુળ રાજી થઈ જાય છે. નંદ મહોત્સવ ઉજવવામાં આવે છે. ભગવાન શિવજી સાધુવેશે શ્રીકૃષ્ણનાં દર્શન કરવા મથુરા આવે છે. અહીં હર અને હરિનું મિલન થાય છે. નંદબાબા મથુરામાં કંસને કર ભરવા જાય છે ત્યારે પૂતના રાક્ષસી ગોકુળમાં આવે છે. તે બ્રાહ્મણીનું રૂપ લઈને લાલાને રમાડતાં રમાડતાં પોતાના વિષનું ભરેલ સ્તનપાન લાલાને કરાવે છે. લાલો સ્તનપાન કરતા તેના પ્રાણ ચૂસી લે છે.

હવે લાલો બાળલીલા આરંભે છે. ગોકુળની ગોપીઓ લાલાને રમાડવા અને તેનાં દર્શન કરવાં રોજે રોજ યશોદામાને ત્યાં આવે છે. લાલાના અલૌકિક સૌંદર્યથી ગોપીઓ હર્ષઘેલી બની આનંદ પામે છે. લાલો ૧૦૮ દિવસનો થતાં શકટાસુરનો નાશ કરે છે. પછી ગર્ગાચાર્યજી ગોકુળ આવતાં લાલાના નામકરણ સંસ્કાર કરવામાં આવે છે. તેનું નામ કનૈયો-શ્રીકૃષ્ણ રાખવામાં આવે છે. ગર્ગાચાર્યજીને ચતુર્ભુજધારી રૂપે ભગવાન દર્શન આપે છે.

કનૈયો ચાર વર્ષ પૂરાં કરી પાંચમા વર્ષમાં પ્રવેશ કરે છે. તે મિત્રો સાથે રમવા જાય છે. તે મિત્રો સાથે દૂધ-દહીં-માખણની ચોરી કરે છે. અનેક ગોપીઓને ત્યાં ચોરીછૂપીથી મિત્રો સાથે જઈ માખણ ઉઠાવી બધા મિત્રો અને વાનરોને ખવરાવે છે. ગોકુળની બધી ગોપીઓ કનૈયાના આ ત્રાસથી કંટાળી જઈ યશોદામાને ફરિયાદ કરે છે કે, તમારો કનૈયો અમારા ઘરમાંથી દૂધ-દહીં-માખણ અમારી ગેરહાજરીમાં ચોરી કરીને લઈ જઈ તેના મિત્રોને ખવરાવી દે છે. યશોદામાં તેને પકડી લાવવા કહે છે ત્યારે પ્રભાવતી નામની ગોપી તેને પકડી લાવવા તૈયાર થાય છે. આ પ્રભાવતી કનૈયાને પકડીને યશોદામા પાસે લઈ જાય છે, ત્યારે રસ્તામાં કનૈયો પ્રભાવતીના હાથમાંથી પોતાનો હાથ છોડાવીને તેના બાળકનો હાથ પકડાવી દે છે. પ્રભાવતી યશોદામાં સમક્ષ જાય છે ત્યારે ખરી બીના જાણી તે શરમીંદી બની જાય છે. ગોકુળની બધી ગોપીઓ ઋષિ, મુનિઓ, દેવો જ હોય છે. તે બધા ગોપી સ્વરૂપે અવતાર ધારણ કરી અહીં આવેલ છે.

'કનૈયો પોતાના ઘરમાંથી માખણ ચોરી જાય છે.' તેવી ગોપીઓની ફરિયાદ ઉપરથી યશોદામા પ્રાતઃકાળે ઉઠીને દધિમંથન કરી માખણ ઉતારી કનૈયાને ખવડાવવા ઈચ્છા રાખે છે. યશોદામા પોતે દધિમંથન કરે છે. થોડીવારમાં કનૈયો ઊંઘમાંથી જાગૃત થઈ યશોદામા પાસે જાય છે અને પોતાને ભૂખ લાગી છે, તેમ તે માતાને જણાવે છે. યશોદામા તેને સ્તનપાન કરાવે છે. તેવામાં ચૂલા ઉપર દૂધનો ઊભરો આવતાં કનૈયાને બાજુ ઉપર બેસાડી યશોદામા ચૂલા ઉપરથી દૂધ ઉતારવા જાય છે. કનૈયો ગુસ્સે થઈ પથ્થર મારીને ગોળી ફોડી નાખે છે. ત્યાં પેલા બાળમિત્રો આવે છે. કનૈયો ખાંડણિયા ઉપર ચઢી શીકામાંથી માખણ ઉતારી બાળમિત્રોને અને વાનરોને ખવડાવે છે. યશોદામાં ચૂલા ઉપરથી દૂધ ઉતારી પાછા આવે છે તો ગોળી ફૂટેલ જોઈ અને કનૈયો ત્યાં દેખાતો નથી. ત્યાં યશોદામાની નજર ખાંડણિયા ઉપર ચઢેલ કનૈયા ઉપર પડી. તે માખણ ઉતારી મિત્રોને ખવરાવી રહ્યો છે. આ જોઈ યશોદામા તેને પકડવા જાય છે ત્યારે તે નાસી જાય છે. આથી યશોદામા તેને લાકડી લઈને મારવા દોડે છે, પણ કનૈયો હાથ લાગતો નથી. છેવટે તેઓ થાકીને લાકડી ફેંકીને નીચે બેસી જાય છે. પછી તે સ્વેચ્છાથી પકડાઈ જાય છે. યશોદામા તેને ખાંડણિયા સાથે બાંધે છે. યશોદામા રસોડામાં જાય છે ત્યારે તે ખાંડણિયા સાથે બહાર જાય છે. અહીં કનૈયો ઝાડ રૂપે થયેલ યમલાર્જુનનો ઉદ્ધાર કરે છે. કુબેરજીના બે પુત્રો નળકુબેર અને મણિગ્રીવ નારદજીના શાપથી અહીં વૃક્ષ રૂપે થયાં હતાં. તેમનો આજે ઉદ્ધાર થાય છે.

ગોપીઓનો કનૈયા પ્રત્યેનો પ્રેમ અતિશય વધી ગયો છે. તેઓ કનૈયાને પોતે ઘેર લઈ જાય છે. તેઓ કનૈયાને નચાવે છે, ઘરનાં નાનાં નાનાં કામો કનૈયા પાસે કરાવે છે. પછી ગોપીઓ કનૈયાને માખણ આપી રાજી કરે છે. ગોપીઓ પ્રેમદોરથી કનૈયાને બાંધે છે. કનૈયો સુખિયા માલણનાં ફળ લઈ તેની દરિદ્રતા ટાળે છે.

કનૈયો પાંચ વર્ષનો થાય છે ત્યારે બધાં ગોપવાસીઓ રાક્ષસોના ત્રાસથી કંટાળી ગોકુળમાંથી વૃંદાવનમાં રહેવા જાય છે. કનૈયો છ વર્ષનો થતાં યમુનાકિનારે વાછરડાં ચરાવવા મિત્રો સાથે જાય છે. તેમની સાથે ઉપનંદકાકા પણ જતાં. ઉપનંદકાકા કનૈયાને વાંસળી આપે છે. કનૈયો વાંસળી વગાડતાં દૂર દૂર ચરતી ગાયો કનૈયા પાસે દોડી આવે છે કનૈયાની વાંસળી સાંભળી ગોપમિત્રો ને ગોપીઓ રાજી રાજી થઈ જાય છે.

યમુનાકિનારે બકાસુર રાક્ષસ બગલો થઈને આવે છે, તેને કનૈયો ચીરી નાખે છે. થોડા દિવસ બકાસુર રાક્ષસ અજગરનું રૂપ ધારણ કરી મો ઉઘાડું રાખીને બેઠો હોય છે. ગોપમિત્રો તેને ગુફા સમજી દાખલ થાય છે. કનૈયો પણ તેમાં દાખલ થઈ પ્રાણ હરી લે છે. બાદ બધા ગોપમિત્રો સાથે કનૈયો ભોજન લે છે. આ ભોજનમાં બધા ગોપમિત્રો કનૈયાને અડીને બેસે છે, તેથી તેને ગોપમિત્રો સાથેના રાસ તરીકે ઓળખાવ્યો છે. શાંડિલ્ય ઋષિના પુત્ર મધુમંગલ સાથે છાશ પીવાની બાબતમાં કનૈયો હઠાગ્રહ કરતાં મધુમંગલ તે છાશ ઉતાવળથી પી જવા જતાં મોઢામાંથી છાશનો જે રેલો નીકળે છે, તેથી કનૈયો તેનું મોઢું ચાટીને છાશનો આસ્વાદ લે છે. આ કનૈયાના પ્રેમની પરાકાષ્ઠા દર્શાવે છે.

બ્રહ્માજી કનૈયો પરમાત્મા છે કે સામાન્ય જીવ છે, તે જાણવા ગોપબાળકો અને વાછરડાંઓનું હરણ કરીને લઈ જાય છે, તેથી કનૈયો અનેક સ્વરૂપો ધારણ કરી ગોપબાળકો, વાછરડાંઓ અને તેમની સાધનસામગ્રી બની એક વર્ષ સુધી લીલા ચાલુ રાખે છે. કનૈયો ગોપબાળકોનાં સ્વરૂપે થઈ વૃદ્ધ ગોપીઓ સાથે આત્મીયતા સાધે છે, તેને વૃદ્ધ ગોપીઓ સાથેનો રાસ કહે છે. વાછરડાંઓ સ્વરૂપે થઈ ગાયોને પરમાનંદ આપે છે, તેને ગાયો સાથેના રાસ તરીકે ઓળખવામાં આવે છે. આમ, એક વર્ષ પછી બ્રહ્માજીને પ્રતીતિ થાય છે કે કનૈયો એ જ પરમાત્મા છે. બ્રહ્માજી પોતાની હાર કબૂલી પરમાત્માની સ્તુતિ કરે છે. આમ, કનૈયો બ્રહ્મા મોહનિવારણલીલા કરે છે.

કનૈયો સાત વર્ષનો થતાં તે ગાયો ચરાવવા જાય છે. તે વત્સપાલ મટી ગોપાલ બને છે. તાલવનમાં ધેનુકાસુર રાક્ષસ ગધેડા રૂપે થઈ બધાને ત્રાસ આપે છે. બલરામજી તેનો નાશ કરે છે. બાદ બીજા દિવસે કનૈયો કાલિય-નાગને નાથે છે અને ધરામાંથી બીજે ચાલ્યા જવાનું તેને કહે છે. પછી વનમાં દાવાગ્નિનું પાન કરી ગાયો તથા ગોપબાળકોનું રક્ષણ કરે છે. ત્યાર પછી પ્રલંબાસુર રાક્ષસને હણે છે.

શરદઋતુમાં ગાયોને વનમાં ચરવા જવા દઈ ગોપમિત્રો સાથે તે વાંસળી વગાડે છે. આ વાંસળીના સૂર સાંભળી ગોપીઓ અનેકવિધ રીતે વાર્તાલાપ કરે છે. આ વાર્તાલાપને 'વેણુગીત'માં વણી લેવામાં આવેલ

છે. ત્યાં યશોદામાં આવે છે. યશોદામા ને ગોપીઓ વચ્ચે પણ વાર્તાલાપ થાય છે. એક વખત બ્રાહ્મણ-પત્નીઓ ભોજનસામગ્રી લઈ આવી કનૈયાને ખવડાવે છે, બાદ ગોવર્ધન લીલા થાય છે. વૃંદાવનવાસીઓ ઈન્દ્રની પૂજા કરતા હોય છે, તેને બદલે કનૈયો ગોવર્ધન પર્વતની - ગોવર્ધનનાથની પૂજા કરવાનું કહે છે. બધા ઈન્દ્રની પૂજા ન કરતાં ગોવર્ધનનાથની પૂજા કરે છે, જેથી ઈન્દ્ર નારાજ થઈ મેઘોને મુસલધાર વરસાદ વરસાવવાનું કહે છે. કનૈયો પોતાની ટચલી આંગળી ઉપર ગોવર્ધન પર્વતને ઊંચકી તેની નીચે બધાને રાખી વરસાદથી બધાનું રક્ષણ કરે છે. આમ કનૈયો ઈન્દ્રનો ગર્વ ઉતારે છે. પછી વરુણદેવનો પરાભવ કરી વરુણદેવનો ગર્વ પણ ઉતારે છે.

યમુનાકિનારે વસ્ત્રો ઉતારી ગોપીઓ યમુનામાં નગ્ન સ્નાન કરે છે. તેનાં વસ્ત્રોનું કનૈયો હરણ કરી ગોપીઓ સાથે જળદેવતાની માફી મંગાવે છે. પછી રાસલીલા આવે છે. શરદ પૂનમની રાત્રે કનૈયો વાંસળી વગાડે છે. આ વાંસળીના સૂર સાંભળી ગોપીઓ જે હાલતમાં હોય છે, તે જ હાલતમાં બાવરી બની દોડી જાય છે - કનૈયા પાસે પહોંચી જાય છે. ગોપીઓની પરીક્ષા કરવાના હેતુથી શરૂમાં કનૈયો ગોપીઓને પોતાના ઘેર પાછા ફરવા જણાવે છે, તેમને કનૈયો પત્નીધર્મ અને ગૃહસ્થધર્મ સમજાવે છે. છતાં ગોપીઓ પાછાં ફરવા ઈન્કાર કરતાં જેટલી ગોપીઓ તેટલાં શ્રીકૃષ્ણ બની તેમની સાથે રાસ રમે છે. નારદજી પણ શ્રીકૃષ્ણ સાથે નારદી બની રાસ રમે છે. ગોપીઓમાં અભિમાન આવી જતાં શ્રીકૃષ્ણ અદશ્ય બની જાય છે. ગોપીઓ શ્રીકૃષ્ણની શોધાશોધ કરે છે. વિરહમાં ગોપીઓ અંદરોઅંદર જે વાર્તાલાપ કરે છે. તેને 'ગોપી વિરહગીત' કે 'ગોપીગીત' કહેવામાં આવે છે. વેણુગીતની માફક ગોપીઓ અંદરોઅંદર શ્રીકૃષ્ણને ઉદ્દેશીને વાર્તાલાપ કરે છે, તે આ ગીતમાં સાંકળવામાં આવેલ છે. રાસલીલા પછી સુદર્શન વિદ્યાધરની કથા આવે છે. રાત્રીની લીલા પછી ગોપીઓ દિવસે શ્રીકૃષ્ણનું ચિંતન કરતાં કરતાં તન્મય બની દુઃખથી દિવસો પસાર કરે છે. આ ચિંતનને 'યુગલગીત'માં વણી લેવામાં આવ્યું છે.

કંસરાજાને નારદજી મારફતે નંદબાબાને ત્યાં જે કનૈયો છે, તે જ તમારો કાળ છે, તેની જાણ થતાં કંસ ધનુષ્યયજ્ઞ યોજી અક્રૂરજીને સોનાના

રથ સાથે વૃંદાવન મોકલે છે અને નંદબાબા તથા તેમના પુત્ર કનૈયાને અહીં મથુરામાં ધનુષ્યયજ્ઞમાં લઈ આવવા કહે છે. અક્રૂરજી ભગવદ્‌ભક્ત છે. તે વૃંદાવન જાય છે. નંદબાબા, તેના પુત્રો કૃષ્ણ-બલરામ તેમના મિત્રોને લઈને મથુરા આવે છે. આ સમયે વૃંદાવનમાં પશુ, પક્ષીઓ, ગોપવાસીઓ, ગોપબાળકો, ગોપીઓ, યશોદામા ભારે શોકાતુર બને છે. શ્રીકૃષ્ણ મથુરામાં આવતાં ધોબીનો નાશ કરે છે, કુબ્જાનો ઉદ્ધાર કરે છે. કુવલયાપીડ હાથીને મારે છે. ચાણૂર-મુષ્ટિકનો નાશ કરે છે. છેલ્લે કંસનો વધ કરે છે. કંસના વધ પછી પોતાનાં માતા-પિતા દેવકી-વાસુદેવને વંદન કરવા કારાગૃહમાં જઈ તેમની મુક્તિ કરે છે. પછી ઉગ્રસેનનો રાજ્યાભિષેક કરવામાં આવે છે.

શ્રીકૃષ્ણ મથુરામાં રહે છે. તેમનો જનોઈ સંસ્કાર કરવામાં આવે છે. વિદ્યાભ્યાસ માટે સાંદીપનિ ઋષિના આશ્રમમાં મૂકવામાં આવે છે. અહીં તેમને સુદામદેવ (સુદામાજી) સાથે મૈત્રી થાય છે. અભ્યાસ પૂરો થતાં ગુરુદક્ષિણામાં ગુરુપત્નીને તેમનો ખોવાયેલ પુત્ર પાછો સોંપે છે. શ્રીકૃષ્ણ મથુરા નરેશ બને છે, છતાં ઉદાસ રહે છે. અહીં ઉદ્ધવજીને સાચી વાતની જાણ થતાં તે શ્રીકૃષ્ણનાં માતાપિતાને, ગોપીઓ તથા ગોપમિત્રોને આશ્વાસનરૂપે જ્ઞાન આપવા જાય છે. ઉદ્ધવજી વૃંદાવન જતાં તેમનાં માતાપિતાની, ગોપમિત્રોની અને ગોપીઓની શ્રીકૃષ્ણ વગર જે હાલત દર્શાવવામાં આવેલ છે, તે ભલભલા કઠોર હૃદયને પણ પીગળાવી આંખમાંથી આંસુ વહાવે છે. ઉદ્ધવજી જ્ઞાનનો ઉપદેશ આપવાનું ભૂલી જઈ તેમની પાસેથી પ્રેમલક્ષણા ભક્તિનો પાઠ શીખે છે.

• • •

# દશમા સ્કંધ (ઉત્તરાર્ધ)નો સારાંશ

દશમ સ્કંધના ઉત્તરાર્ધમાં શ્રીકૃષ્ણની રાજસલીલા બતાવવામાં આવી છે. શ્રીકૃષ્ણ કંસનો વધ કરતાં કંસની પત્નીઓ પોતાના પિતા જરાસંઘને ત્યાં જઈને રહે છે. જરાસંઘ સત્તર વખત મથુરા ઉપર ચઢાઈ કરે છે. સત્તરે સત્તર વાર બલરામ-શ્રીકૃષ્ણ જરાસંઘનો પરાજય કરે છે. જરાસંઘ અઢારમી વખત કાળયવન સાથે મૈત્રી કરીને મથુરા પર ચઢાઈ કરે છે, તેથી શ્રીકૃષ્ણ સમુદ્રની મધ્યમાં દ્વારિકા નામની નગરી વસાવે છે. ત્યાં પણ જરાસંઘ કાળયવન સાથે પાછળ પડે છે, એટલે શ્રીકૃષ્ણ પ્રવર્ષણ પર્વત ઉપર જાય છે, ત્યાં કાળયવન પીછો કરે છે, જેથી તે ગુફામાં દાખલ થઈ જાય છે. તેની પાછળ કાળયવન પણ આવે છે. કાળયવનને બ્રહ્માજીએ વરદાન આપેલ કે યદુકુળમાં જન્મેલા કોઈ તેને મારી શકશે નહિ. આ વરદાનને સત્ય કરવા શ્રીકૃષ્ણ જાતે કાળયવનને મારતા નથી, તેથી મુચકુન્દરાજા પર્વતની ગુફામાં રહી તપસ્યા કરે છે. ત્યાં શ્રીકૃષ્ણ આવે છે. પાછળ કાળયવન દોડતો દોડતો આવે છે. કાળયવન શ્રીકૃષ્ણ સમજી સૂતેલા મુચકુન્દને પગની લાત મારે છે. મુચકુન્દ નેત્રો ખોલે છે. મુચકુન્દની દૃષ્ટિ કાળયવન પર પડતાં તે બળીને ભસ્મ થાય છે.

હવે રુક્મિણીવિવાહની કથા આવે છે. રુક્મિણીજી લક્ષ્મીજીનો અવતાર છે. વિદર્ભ નગરીના રાજાની તે દીકરી છે. તેનો ભાઈ રુક્મી તેનું વાગ્દાન શિશુપાલ સાથે કરે છે. રુક્મિણીજીને આ ગમતું નથી, તેથી તે બ્રાહ્મણ સાથે ચિઠ્ઠી લખીને શ્રીકૃષ્ણને મોકલે છે અને જણાવે છે કે તેમની ઈચ્છા વિરુદ્ધ તેનો ભાઈ રુક્મી તેને શિશુપાલ સાથે પરણાવવા માગે છે. પોતે શ્રીકૃષ્ણને જ પરણવા માગે છે, માટે તેઓ આવીને તેનું હરણ કરી જાય. શ્રીકૃષ્ણ બ્રાહ્મણ સાથે વિદર્ભ નગરીમાં જઈ રુક્મિણીને જાણ કરી, મંદિરેથી સીધા હરણ કરીને નાસે છે. તેમની પાછળ રુક્મી, શિશુપાલ, જરાસંઘ પડે છે. બલરામને જાણ થતાં તે પણ લશ્કર સાથે વિદર્ભ નગરી જવા નીકળે છે. રસ્તામાં બલરામ અને શ્રીકૃષ્ણ રુક્મી, શિશુપાલ, જરાસંઘ વગેરેનો પરાજય કરે છે. છેવટે શ્રીકૃષ્ણ વૃંદાવનથી નંદબાબા, યશોદામા, ગોપમિત્રો, ગોપીઓ, બધાંને મથુરા બોલાવે છે, પછી રુક્મિણીજી સાથે લગ્ન કરે છે. તેમનું બીજું લગ્ન સત્યભામા સાથે, ત્રીજું લગ્ન જાંબવતીજી સાથે, ચોથું લગ્ન કાલિન્દી સાથે, પાંચમું લગ્ન મિત્રવિંદાજી સાથે, છઠ્ઠું લગ્ન નાગ્નજિતીજી (સત્યા) સાથે, સાતમું લગ્ન ભદ્રાજી સાથે અને આઠમું લગ્ન લક્ષ્મણાજી સાથે થયું છે.

ભૌમાસુરે ૧૬ હજાર રાજકન્યાઓને કેદમાં રાખેલ છે. શ્રીકૃષ્ણ ભૌમાસુરને મારીને ૧૬ હજાર રાજકન્યાઓને કારાગૃહમાંથી મુક્ત કરે છે. આ રાજકન્યાઓ ભૌમાસુરના કેદખાનામાં રહેલ, તેથી તેઓની સાથે કોઈ લગ્ન કરવા તૈયાર થતાં નથી. છેવટે શ્રીકૃષ્ણ તેમની સાથે લગ્ન કરે છે. આ ૧૬ હજાર કન્યાઓનાં લગ્ન વખતે ૧૬ હજાર મંડપ, ૧૬ હજાર ગર્ગાચાર્યજી પોતાની લીલાથી રચી એક જ મુહૂર્તે વિધિપૂર્વક લગ્ન કરે છે. બધી રાણીઓ સાથે રહીને બધાંને રાજી રાખે છે.

ઉષા-અનિરુદ્ધની કથા આવે છે. બાણાસુરની પુત્રી ઉષા સાથે શ્રીકૃષ્ણના પૌત્ર અનિરુદ્ધનું લગ્ન થાય છે. આ લગ્નમાં બાણાસુર વિઘ્ન નાખે છે. બાણાસુરને હજાર હાથ હોય છે, તેને શ્રીકૃષ્ણ ચાર હાથવાળો રાખીને છોડી દે છે. તે પછી નૃગરાજાનો ઉદ્ધાર કરે છે. શ્રીકૃષ્ણનો સંસાર જોવા નારદજી આવે છે. નારદજી જે જે મહેલે જાય છે, ત્યાં તેમને શ્રીકૃષ્ણનો ભેટો થાય છે. છેવટે નારદજી શ્રીકૃષ્ણની માફી માગે છે.

યુધિષ્ઠીરના રાજસૂય યજ્ઞમાં શ્રીકૃષ્ણની પ્રથમ પૂજા થતાં શિશુપાલ ઉશ્કેરાઈને શ્રીકૃષ્ણને ગાળો ભાંડે છે. છેવટે શ્રીકૃષ્ણ સુદર્શન ચક્રથી શિશુપાલનો વધ કરે છે. આ અગાઉ જરાસંઘને ત્યાં શ્રીકૃષ્ણ, ભીમ, અર્જુન બ્રાહ્મણવેશે જાય છે. ત્યાં ભીમ જરાસંઘ સાથે યુદ્ધ કરી શ્રીકૃષ્ણના સૂચન મુજબ તેનો નાશ કરે છે.

પછી સુદામદેવ (સુદામાજી)નું ચરિત્ર આલેખવામાં આવ્યું છે. સુદામદેવ દરિદ્ર છે, છતાં અયાચિત વ્રતધારી છે. તેમની પત્નીનું નામ સુશીલા છે. તે પતિપરાયણ છે. બંને પતિપત્ની ભગવદ્‌ભક્ત છે. પરમાત્મા જે આપે તેનાથી સંતોષ માની જીવન ગુજારે છે. તેમને ત્યાં બાળકો થાય છે. તેમનાં ઘરમાં અનાજ, કપડાં કશું હોતું નથી, તેથી બધાં દુઃખી હાલતમાં દિવસો પસાર કરે છે. સુશીલાના કહેવાથી સુદામદેવ પોતાના મિત્ર શ્રીકૃષ્ણને મળવા દ્વારિકા જાય છે. શ્રીકૃષ્ણ તેમનો સારો આતિથ્ય સત્કાર કરે છે. સુશીલાએ ભેટ મોકલેલ પૌંઆ શ્રીકૃષ્ણ આરોગે છે અને સુદામદેવના કપાળમાં લખેલ શ્રીક્ષયને ભૂંસી નાખી યશશ્રી લખીને સુદામદેવનું દારિદ્ર નાબૂદ કરી નાખે છે. સુદામદેવને શ્રીકૃષ્ણ સમૃદ્ધિશાળી બનાવે છે, છતાં સુદામદેવને તેમની પત્ની ભગવદ્‌ભક્તિને વળગી રહે છે. છેલ્લે વેદસ્તુતિની કથા આવે છે.

• • •

# સ્કંધ-૧૦

દસમા સ્કંધને નિરોધ કહેવામાં આવે છે. દસમા સ્કંધને શ્રીનાથજીનું હૃદય કહેવામાં આવ્યું છે. દરેક માનવે પોતાના હૃદયની ગતિને સંસારમાં જતી રોકીને ઈશ્વર તરફ વાળવા કોશિશ કરવી જોઈએ.

## શ્રીકૃષ્ણ જન્મકથા

શુકદેવજી કહે, "હે પરીક્ષિત ! દસમા સ્કંધમાં પરમ કૃપાળુ શ્રીકૃષ્ણના જીવનની કથા હું તને કહી સંભળાવીશ. વસુદેવ અને દેવકીને ઘરે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ થયો. વસુદેવ શ્રીકૃષ્ણને ગોકુળમાં નંદરાયને ઘરે મૂકી આવ્યા."

"મથુરા એટલે માનવીની કાયા. વસુદેવ એટલે માનવીનો જીવ અને દેવકી એટલે માનવીની બુદ્ધિ. માણસ અંતઃકરણપૂર્વક હૃદયમાં રહેલા ભગવાનને સાક્ષાત કરવા પ્રયત્ન કરે તો બુદ્ધિ અને જીવ માનવને મદદ કરે. કૃષ્ણએ છઠ્ઠીના દિવસથી જ સંઘર્ષ શરૂ કરી આજીવન સંઘર્ષ કર્યો. બ્રહ્મા, શંકર, સરસ્વતી, દેવ-દેવીઓ ભગવાનની આરાધના કરવા ગયાં. ભગવાને કહ્યું, "હું મથુરામાં જન્મી ગોકુળમાં જવાનો છું, તમે બધા ગોપી અને ગોવાળિયા બની મને મારા કાર્યમાં મદદ કરવા આવજો."

"મથુરાનો રાજા કંસ જુલ્મી હતો. કંસના અનેક જુલમો મથુરાની પ્રજા સહન કરે છે. ઉગ્રસેનની દીકરી દેવકીનું વેવિશાળ વસુદેવ સાથે થયું. રાજા ઉગ્રસેને દીકરીનાં લગ્ન લીધાં. દીકરીને ઘણું આપ્યું. દેવકીનો ભાઈ કંસ પોતાની બહેન દેવકીને વિદાય આપવા જાય છે. કંસ જાતે પોતાનાં બહેન-બનેવીનો રથ હાંકવા બેઠો છે, એટલામાં આકાશવાણી થઈ, "હે કંસ ! તારી બહેન દેવકીનો આઠમો ગર્ભ તારો સંહારક બનશે." આકાશવાણી સાંભળી કંસ ગુસ્સે ભરાયો. તલવાર ઉગામી બહેન-બનેવીને મારવા તૈયાર થયો. વસુદેવે કંસને

કહ્યું, "હે કંસ ! મેં તારી બહેન દેવકી સાથે લગ્ન કર્યાં છે. હજી તો મીંઢળ છૂટ્યાં નથી. લગ્ન પછી સંસાર ભોગવવાની અમારી ઈચ્છા છે. અમે અમારાં જેટલાં સંતાનો થાય તે તમને આપી દઈશું." દેવકી કહે, "વસુદેવ ! મામા ભાણેજને કાંઈક ભેટ આપે તેને બદલે મારાં બાળકો જ કંસને આપી દેવાં ?" દેવકીને દુઃખ થાય છે.

"દેવકી - વસુદેવને પાંચ દીકરા થયા. એક દિવસ કંસ રાજસભામાં બેઠેલો. દેવકીનાં બાળકોને મારી નાખવાની યોજના કરે છે. તે જ વખતે નારદજી 'શ્રીમન નારાયણ નારાયણ'નો જપ કરતાં કરતાં કંસની સભામાં આવે છે. કંસને જોતાં નારદજીએ કહ્યું, "હે કંસ ! તમે કેમ આમ સુકાઈ ગયા છો ?" કંસે નારદજીને આકાશવાણીની વાત કરી. નારદજી કહે, "હે કંસરાજા ! કોઈપણ વાત સાંભળો તેના પર ધીરજથી વિચાર કરજો. દેવકીનો આઠમો બાળક તમારો સંહારક છે પણ તે આઠમો પહેલેથી કે છેલ્લેથી ?" કંસે આ સાંભળતાં જ દેવકી-વસુદેવના બધા પુત્રોને નારિયેળ વધેરીએ તેમ વધેરી નાખ્યા. વસુદેવ-દેવકીને જેલમાં પૂર્યા. દેવકી ખૂબ કલ્પાંત કરવા લાગ્યાં. મારાં નિર્દોષ બાળકોને મામાએ મારી નાખ્યાં. વસુદેવ દેવકીને ધીરજ આપતાં કહે છે, "હે દેવકી ! ઈશ્વરને જે ગમે તે સહન કરવું. હૃદયમાં ઈશ્વરને રાખી તેનું સ્મરણ કરવું અને દુઃખમાં ધીરજ રાખવી. એમ કરતાં કરતાં દેવકીના સાતમા ગર્ભની શરૂઆત થઈ. દેવકી-વસુદેવ ઈશ્વરનું આરાધન કરવા લાગ્યા. હે ભગવાન ! તમારા સિવાય અમારું કોઈ નથી ને જો તમારી સાચી ભક્તિ કરી હોય તો અમારા સંકટના સમયમાં અમારી વહારે આવજો." ભગવાનના ભક્તો ચાર પ્રકારના છે. ૧. આર્ત. અનેકવિધ પીડાતો, ૨. જિજ્ઞાસુ, ૩. અર્થાર્થી, ૪. જ્ઞાની. દરેક પોતપોતાની રીતે ભગવાનની ભક્તિ કરે છે.

વસુદેવ - દેવકીને કહે છે, "હે દેવકી ! ભગવાન પાસે કાંઈ ન માગવું. ભગવાનનું ભજન કરો." ભગવાને યોગમાયાને કહ્યું, "દેવકીના સાતમા ગર્ભને ખેંચી રોહિણીના ગર્ભમાં મૂકી આવ અને તું ગોકુળમાં યશોદાના પેટે જન્મ લે."

“ગોકુળના રાજા નંદરાયને ઘરે અનેક ગાયો હતી પણ સંતાન ન હતું. નંદરાય શાંડિલ્ય ઋષિને કહે છે, અમારી કુંડળી માંડો અને કહો કે અમારાં નસીબ આવાં કેમ ? શાંડિલ્ય ઋષિએ કહ્યું, “હે નંદરાય તમે અને યશોદાજી એકાદશીનું વ્રત કરો.” નંદરાય અને યશોદા બારે મહિના એકાદશીનું વ્રત કરે છે.

“યોગમાયાએ દેવકીના સાતમા ગર્ભને રોહિણીના પેટમાં મૂકી દીધો અને ગોકુળમાં યશોદાના પેટે જન્મ લીધો. ભગવાન દેવકીના આઠમા ગર્ભમાં રહ્યા. વસુદેવ-દેવકી દિવસ-રાત ઈશ્વરસ્મરણ કરે છે. નંદરાય અને યશોદા એકાદશી વ્રત કરે છે. ૧૦ માસ, દસ દિવસ થાય છે. ઝરમર ઝરમર વરસાદ વરસે છે. બ્રાહ્મણો વેદ મંત્રો બોલે છે. જેલના ચોકીદારો યોગનિદ્રામાં પડ્યા છે. શ્રાવણ વદ આઠમને બુધવાર, રોહિણી નક્ષત્ર, રાત્રે બાર વાગ્યે મથુરાની જેલમાં પરમકૃપાળુ પરમાત્મા ચતુર્ભુજ સ્વરૂપે અવતર્યા. વસુદેવ-દેવકીએ ભગવાનને સાષ્ટાંગ પ્રણામ કર્યા. “હે પ્રભુ ! આપ આપનું ચતુર્ભુજ સ્વરૂપ સંકેલી લો. ભગવાન કહે, “હે વસુદેવ-દેવકી ! ત્રણ જન્મથી તમે મારી આરાધના કરતાં હતાં. જ્યારે તમે અદિતિ અને કશ્યપના સ્વરૂપે હતાં ત્યારે તમારે ત્યાં વામન સ્વરૂપે મેં જન્મ લીધેલો. પાંચ વર્ષની ઉંમરે માતા-પિતાનો ત્યાગ કરી ઈશ્વરઆરાધના અર્થે ચાલી નીકળેલો. આજે તમારી આશા પૂરી કરવા હું તમારા બાળક તરીકે આવ્યો છું. હું મારું ચતુર્ભુજ સ્વરૂપ સંકેલી બાળસ્વરૂપ ધારણ કરું છું. જુઓ, સામે કંડિયો પડ્યો છે. તેમાં મને મૂકી ગોકુલ લઈ જાવ. ત્યાં યશોદા માતાને દીકરી જન્મી છે. તેને લાવી મારી જગ્યાએ મૂકી દેજો.” પરમ કૃપાળુ પરમાત્માએ ચતુર્ભુજ સ્વરૂપ સંકેલી લીધું અને બાળસ્વરૂપ થઈ ગયા. વસુદેવે બાળકૃષ્ણને કંડિયામાં મૂક્યા. પીળું વસ્ત્ર ઓઢાડ્યું. ચુંબન કર્યું. માથા પર કંડિયો મૂકી જેવા નીકળ્યા કે જેલના દરવાજા આપોઆપ ખૂલી ગયા. પહેરેદારો યોગનિદ્રામાં પોઢી ગયા. ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો. શેષનાગે બાળકૃષ્ણ પર છાય કરી. મહારાણી યમુના બાળકૃષ્ણનો ચરણસ્પર્શ કરવા જોર જોરથી ઊછળવાં લાગ્યાં. વસુદેવ યમુનાજીમાં ઊતર્યા. બાળકૃષ્ણના જમણા પગના

અંગૂઠાને મહારાણી યમુનાએ સ્પર્શ કરી લીધો. ધીમે ધીમે યમુનાનો વેગ શાંત થયો અને વસુદેવને યમુનાજીએ માર્ગ કરી આપ્યો. વહેલી સવારે ધીમે ધીમે વસુદેવ ગોકુળ પહોંચ્યા. યશોદાના પડખામાં રહેલી દીકરી સ્વરૂપ યોગમાયાને લઈ તેની જગ્યાએ બાળકૃષ્ણને મૂકી વસુદેવ મથુરા પાછા આવી ગયા.

"યોગમાયાને દેવકીના પડખામાં મૂકી. ચોકીદારોએ જાગી કંસને ખબર આપી કે દેવકીએ દીકરીને જન્મ આપ્યો છે. તરત જ કંસે આવી યોગમાયાને બે પગથી પકડી પથ્થર પર પછાડવાની તૈયારી કરી. ત્યાં જ યોગમાયા આકાશમાં જઈ પહોંચી અને કંસને કહેતી ગઈ. "હે કંસ ! તારો વેરી તો ક્યારનો કોઈક સ્થળે જન્મી ચૂક્યો છે."

"નંદરાયના ઘર આગળ દૂધના ઘડા લઈ ગોવાળિયાઓ યશોદાના બાળજન્મની વધામણીની રાહ જુએ છે. યશોદાની બહેને બહાર આવી નંદરાયને વધાઈ આપી "લાલો ભયો" નંદરાયના ગળામાં દસ કરોડની માળા હતી તે યશોદાની બહેનને આપી દીધી. વિદ્વાન બ્રાહ્મણોને બોલાવી નાળછેદનવિધિ કરાવ્યો. પુત્ર જન્મની ખુશાલીમાં નંદરાયે બ્રાહ્મણોને ગાયો દાનમાં આપી. સારાયે ગોકુળમાં જાહેરાત થઈ કે નંદરાયને ઘરે યશોદાના ઉદરથી લાલાનો જન્મ થયો ને ગોકુળગામના વાસીઓ જોરશોરથી ગાવા લાગ્યાં, "નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી." ભગવાન બાળકૃષ્ણનો જન્મ થયો."

શુકદેવજી કહે, "હે પરીક્ષિત ! આ તારો પાંચમો દિવસ છે. ગોકુળમાં ઠાકોરજીના પ્રાદુર્ભાવમાં ગોકુળધામ આખું ગાંડું થયું છે. લાખો ગાયોના માલિક, અઢળક સંપત્તિ છતાં નંદરાયને ઘરે આજ દિન સુધી શેર માટીની ખામી હતી. ભગવાન બાળકૃષ્ણના જન્મથી નંદરાય - યશોદાના આનંદની સીમા ન રહી."

"માતા યશોદા પાસે એક દિવસ સર્પધારી બાવા આવ્યા. યશોદા માતાને કહે, "હે માતા ! મારે તમારા લાલાનાં દર્શન કરવાં છે." યશોદા મનોમન વિચારવાં લાગ્યાં કે આ બાવાને જોઈ મારો બાળુડો ડરી જશે. તેથી નંદરાયને કહ્યું, બાળજન્મનો ઉત્સવ મનાવવા ઋષિ આવ્યા છે. એમને દક્ષિણા આપી દો. બાવાજી કહે, "મા !

દક્ષિણા મારે નથી જોઈતી. મારે તો બાળકનાં દર્શન કરવાં છે.'' અંદર બાળકૃષ્ણ રડવા લાગ્યા. માતા યશોદા ઘણું ઘણું કરે છે પણ કનૈયો છાનો રહેતો નથી. બાવાજી કહે, ‘‘બાળકને અહીં લાવો. મારી પાસે બાળકને છાનો રાખવાનો મંત્ર છે.'' યશોદા માતા કહે, ‘‘બાવાજી! દૂર ઊભા રહો, હું મારા બાળકને લઈ આવું છું.'' બાવાજી પણ રડવા લાગ્યા. બાળક બાવાજીને જોતાં જ હસવા લાગ્યું. બન્ને હસ્યા. બાવાજી સાક્ષાત શિવજી હતા. ઠાકોરજીના બાળસ્વરૂપનાં દર્શન કરવા આવેલા. હરિ અને હર મળ્યા. સાથે રડ્યા, સાથે હસ્યા.

‘‘આ બાજુ મથુરામાં કંસે વિચાર કર્યો, મારો વેરી જન્મી ચૂક્યો છે તો આજે મારા રાજ્યમાં જન્મેલાં તમામ બાળકોને મારી નાખો. આજે ચૌદશ હતી. બાળ કનૈયાની છઠ્ઠી હતી. વિધાતા આજે કનૈયાના લેખ લખવાની હતી. અનેક પ્રકારની ગોકુળમાં તૈયારીઓ થઈ રહી હતી. આજના ઉત્સવમાં ભાગ લેવા માનવમહેરામણ ઊમટ્યો હતો.''

## પૂતનાવધ

‘‘કંસે પોતાના વેરીને મારવા પોતાની બહેન પૂતનાને શહેરો, ગામડાં વગેરેમાં બાળકોનો નાશ કરવા મોકલી. પૂતના ગોકુળમાં આહીરાણીના રૂપમાં આવી. દહીં, દૂધ, પીળાં વસ્ત્ર વગેરે લઈ લોકો યશોદાને અભિનંદન આપવા આવેલાં હતાં. આ ટોળામાં પૂતના ભળી ગઈ. પૂતનાને જોતાં બાળક કનૈયાએ આંખો બંધ કરી દીધી. પૂતના જરાક આઘી ખસી એટલે ઠાકોરજીએ ફરી આંખો ખોલી. ઘડીના છઠ્ઠા ભાગમાં પૂતના બાળકનૈયાને પારણામાંથી ઉપાડી ધવડાવવા લાગી. પૂતનાની છાતીમાં હળાહળ ઝેર ભર્યું હતું. ઠાકોરજીએ પૂતનાની છાતીને મોં લગાડતાં જ પૂતનાના પ્રાણ હરી લીધા. ભગવાન બાલકૃષ્ણે છઠ્ઠીના દિવસે જ પૂતનાનો સંહાર કર્યો. પૂતનાના પ્રાણ જતાં પૂતના જમીન પર પડી અને પડવાનો મોટો અવાજ થયો. અવાજ સાંભળતાં જ યશોદાજી દોડતાં દોડતાં આવ્યાં. પૂતનાને પડેલી જોઈ તેની બાજુમાં રમતાં બાલકૃષ્ણને જલદીથી ઉપાડી લઈ છાતી સરસા ચાંપી દીધા. નંદરાય ઘેર ન હતા. વસુદેવને આશ્વાસન આપવા મથુરા

ગયા હતા. વસુદેવ કહે, "હે નંદરાય, અમે સાંભળ્યું છે કે ગોકુળનાં બધાં નવજાત બાળકોને મારી નાખવા કંસે હુકમ કર્યો છે. તમે વહેલી તકે ઘરે જાવ." નંદરાય આ સાંભળી ઉતાવળા ઉતાવળા ગોકુળ આવ્યા. જોયું તો પૂતનાને મરેલી જોઈ. પૂતનાનું તેજ ભગવાનમાં ભળી ગયું. નંદરાયે પૂતનાનો અગ્નિસંસ્કાર કર્યો. ભગવાનને દુશ્મન જાણી વેર ભાવે ભજે તેનોય પ્રભુ ઉદ્ધાર કરે છે. પૂતના આગલા જન્મમાં બલિરાજાની પુત્રી રત્નમાલા હતી. વામનજીને જોઈ ધવડાવવાની ઈચ્છા થઈ હતી. વામન ભગવાને વિરાટ સ્વરૂપ ધારણ કરી ત્રણ પગલાં પૃથ્વી, સ્વર્ગ અને ત્રીજું પગલું માપતાં બલિરાજાને પાતાળમાં ચાંપી દીધેલા. પોતાની સંપત્તિ, સ્વર્ગનું રાજ્ય લઈ લીધેલું ત્યારે મનોમન રત્નમાલાએ નક્કી કરેલું કે આ વામનને મારી નાખીશ અને તેથી બીજા જન્મમાં પૂતના થઈ."

"ભગવાનની પ્રેરણાથી યશોદાને યાદ આવ્યું કે રોહિણી તારા પ્રતાપે મારે ઘેર બાળકનો જન્મ થયો. તારો બાળ અને મારો બાળ બે ભાઈઓ. રોહિણીના બળદેવ અને યશોદાના કનૈયા."

## શક્ટાસુર વધ

"ભગવાન બાલકૃષ્ણને ચોથો મહિનો ચાલતો હતો. ૧૦૮મો દિવસ હતો. ત્રીજા અને ચોથા મહિનામાં બાળકને પોટી ફેરવવાની વિધિ કરવા હવેલીમાં લઈ જવામાં આવે છે. નંદરાયે યશોદા અને રોહિણીને કહ્યું, "આજે લાલાનો પડખું ફેરવવાનો દિવસ છે. આખા ગોકુળગામને જમાડીએ. આપણા બગીચામાં ગાડામાં દૂધ, ઘી, મધના ઘડા ભરી રાખીએ અને તે ગાડા નીચે બન્ને ભાઈઓનાં પારણાં બાંધીએ." આખા ગોકુળગામને નિમંત્રણ આપવામાં આવ્યું છે અને બાલકૃષ્ણના પોટી ફેરવવાના સંસ્કાર કરવાનાં છે. કંસને આ વાતની ખબર પડી. કંસે સભામાં પૂછ્યું, "આ સારો અવસર છે. કૃષ્ણને મારવા કોણ જશે ?" એક રાક્ષસ જવા તૈયાર થયો. શક્ટાસુર નામનો આ રાક્ષસ કનૈયાને મારવાના આશયથી ગોકુળમાં આવ્યો. યશોદા અને રોહિણી રસોડામાં હતાં. મિષ્ટાનની સુગંધ આવતી હતી.

બગીચામાં ગાડા નીચે પારણામાં ઠાકોરજી અને બલરામ સૂતા હતા. શક્ટાસુર ભગવાનના પારણા નજીક જેવો આવ્યો તેવી જમણા પગથી બાલકૃષ્ણે છાતીમાં લાત મારી. ત્યાંને ત્યાં શક્ટાસુર મરી ગયો. તેના પડવાનો અવાજ સાંભળી યશોદાજી દોડતાં દોડતાં બગીચામાં આવ્યા. એક મોટો ભયંકર રાક્ષસ બગીચામાં પડેલો જોયો. બાલકૃષ્ણને ઉપાડી લઈ છાતી સરસા ચાંપી દીધા. બાલકૃષ્ણ પર ગંગાજળ છાંટ્યું. જન્મના ૧૦૮મા દિવસે જ બાલ કનૈયાએ શક્ટાસુરને માર્યો. શક્ટાસુરનો અગ્નિસંસ્કાર કર્યો.''

## તૃણાવર્ત રાક્ષસનો વધ

શક્ટાસુરને મારી નાખવામાં આવ્યો તે ખબર કંસને મળ્યા. ફરી પાછો બીજો રાક્ષસ બાલકૃષ્ણને મારવા ગોકુળ મોકલ્યો. યશોદાજી બાલ કનૈયાને સ્તનપાન કરાવતાં હતાં ત્યાં તૃણાવર્ત નામનો રાક્ષસ આવ્યો. તૃણાવર્ત એટલે જોરથી ફૂંકાતો પવન. માતા યશોદા બાળકને દૂધ પિવડાવવામાં મશગૂલ હતી. તૃણાવર્ણ હમણાં બાળકને લઈ લઉં કરતો જોરથી ધૂળ ઉડાડવા લાગ્યો. યશોદા આંખો ચોળવાં લાગ્યાં. ત્યાં તો તૃણાવર્ત ભગવાનને યશોદાના ખોળામાંથી લઈ આકાશમાં ઊડવા લાગ્યો. આકાશમાં જ કનૈયાએ તૃણાવર્તને મારી નાખ્યો. મોટા અવાજ સાથે તૃણાવર્ત જમીન પર પટકાયો. આમ બાલકૃષ્ણે તૃણાવર્તનો સંહાર કર્યો.

શુકદેવજી કહે, ''હે પરીક્ષિત ! યદુવંશના પુરોહિત ૯૦ વર્ષના ગર્ગાચાર્ય હતા. તેમની પાસે ઠાકોરજીની નિજ સેવા હતી. દરરોજ ભાવપૂર્વક ઠાકોરજીની સેવા કરે. અંતરના ઊંડાણથી એવી ઈચ્છા રાખતા હતા કે ઠાકોરજી પ્રત્યક્ષ આવે અને મારી ધરાવેલી સામગ્રી આરોગે.હરિનું નામ જ ગર્ગાચાર્યનું જીવન હતું. ગર્ગાચાર્ય વસુદેવ-દેવકી પાસે આવ્યા. વસુદેવે ગર્ગાચાર્યની પૂજા કરી અને કહ્યું, ''અમે તમને પગે પડીએ છીએ. આપ અમારા પુરોહિત છો. કૃપા કરી નંદરાયને ઘરે જાવ, અમારા લાલાના જન્મ પછી લાલાને નંદરાયને ઘરે ગોકુળ મોકલ્યા છે. લાલાને આશીર્વાદ આપો. લાલાનું નામ

પાડો. ત્યાં જઈ પાછા અહીં આવજો અને ત્યાંના સમાચાર આપજો. અમારી એવી ઈચ્છા છે કે અમારો લાલ તેજસ્વી, પરાક્રમી થાય.'' વસુદેવ દેવકીની વિનંતી સાંભળી ગર્ગાચાર્ય પોતાની નિજ સેવાને બગલમાં રાખી, ઈશ્વરસ્મરણ કરતાં કરતાં ગોકુળમાં આવ્યા. ગર્ગાચાર્યને જોતાં જ યશોદાએ કહ્યું, ''કોઈ ભગવાનના ભક્ત આંગણે આવ્યા લાગે છે.'' નંદરાયે ગર્ગાચાર્યને આવકાર આપ્યો, ''પધારો પધારો.'' ગર્ગાચાર્યે કહ્યું, ''ઠાકોરજીને ભોગ ધરાવજો.'' ગર્ગાચાર્ય કહે, ''મારે રહેવા અલગ વ્યવસ્થા કરી આપો. જેથી હું હાથે ઠાકોરજીની સામગ્રી બનાવી ધરાવું.'' ગર્ગાચાર્ય પરમ વૈષ્ણવ હતા. અસ્પૃશ્યતા પાળે. સ્નાન કરી રેશમી વસ્ત્ર ધારણ કરી પોતાના હાથે સામગ્રી બનાવી ઠાકોરજીને ધરાવે. નંદરાયે કહ્યું, ''આ સામેનો ઓરડો ખાલી છે. તમારા માટે જ છે. લાલાના જન્મ પછી આપ પહેલવહેલા પધાર્યા છો. ગાયનાં દૂધ, માખણ, ઘી મોકલાવું છું. આપ નિજ સેવા પતાવો. પછી મારા લાલાના જન્માક્ષર જોઈ આપો. અમારો દીકરો કેવો થશે તે આપ કહેતા જાવ, અને તેનાં નામકરણ સંસ્કાર પણ આપ કરતા જાવ.'' ગર્ગાચાર્ય કહે ''ભલે, હું મારું નિત્યક્રમ પહેલાં પતાવી લઉં.'' ગર્ગાચાર્ય નાહ્યા. ઠાકોરજીને નવડાવ્યા. યશોદાજીએ પૂછ્યું, ''આપ ઠાકોરજીને રાજભોગમાં શું ધરાવશો'' ગર્ગાચાર્ય કહે, ''દૂધની સામગ્રી ધરાવશું. ખીરનો રાજભોગ મારા ઠાકોરજી માટે તૈયાર કર્યો છે. ચાલો, પહેલાં તમારાં બાળકોનો નામકરણ સંસ્કાર કરીએ.'' ગર્ગાચાર્યે બાળકોને બ્રહ્મસ્મરણ કરાવ્યું, પૂજા કરાવી. નંદરાય કહે, ''આ બાળકોના જન્માક્ષર પણ જુઓ. દીકરાઓ કેવા થશે ?'' પહેલાં આ મોટા દીકરાની વાત કરું. ગર્ગાચાર્ય કહે, ''મોટાને જન્મ વખતે ખેંચવો પડેલો. તેથી સંકર્ષણ કહેવાશે. બળ વધુ તેથી બળદેવ કહેવાશે. આવરદા, પત્ની, બાળકો, ભાઈનું સુખ પૂરેપૂરું છે. મગજ થોડું ગરમ રહેશે. સોમરસ પીવાની આદત પડશે.''

''વસુદેવનો નાનો દીકરો વાસુદેવ કહેવાશે. કાળો હોવાથી કૃષ્ણ કહેવાશે. ગુરુ બળવાન છે. પરાક્રમ પ્રમાણે અનેક નામ પડશે. એકથી વધુ સ્ત્રીઓ થશે. દરેક સ્ત્રીને દસ દસ દીકરા થશે. અનેક પરાક્રમ

કરશે." ગર્ગાચાર્ય નામ સંસ્કરણ કરતાં બાલકૃષ્ણની સામે જુએ છે. મારા ઠાકોરજી જેવી જ આંખો છે. અહીં મારા ઠાકોરજી આવ્યા છે એવી મને ભ્રાંતિ થઈ ! ગર્ગાચાર્ય યશોદાજીને કહે, "હવે હું ઠાકોરજીને રાજભોગ ધરી આવું. રાજભોગ પર વસ્ત્ર ઢાંકી હું યમુનાપાન કરવા જાઉં છું. આવીને આરતી કરીશ અને પછી પ્રસાદ આપીશ. તમારાં બાળકો નાનાં છે. યશોદાજી, ધ્યાન રાખજો, કોઈ ઠાકોરજીની સામગ્રીને અડે નહીં."

"યમુનાપાન કરી ગર્ગાચાર્ય આવ્યા. જોયું તો ઠાકોરજીને ધરાવેલો રાજભોગ અર્ધો થઈ ગયેલો. આ ઘરમાં નાનાં છોકરાં છે. તેના સિવાય બીજું તો કોઈ ઠાકોરજીને ધરાવેલી સામગ્રીને ન અડકે ? કોના પર આક્ષેપ કરવો ? ગર્ગાચાર્યે મૌન રાખ્યું. પોતે પ્રસાદી લીધી. નંદ-યશોદાને પ્રસાદી આપી. કોણ જાણે અહીં પ્રસાદી ઉત્તમ થઈ. મનમાં વિચારે છે કે આનું કારણ ?"

બીજે દિવસે યશોદા મૈયા કહે, "ગર્ગાચાર્યજી, આજે તમારા ઠાકોરજી માટે શીરો બનાવજો." ગર્ગાચાર્ય કહે, "યશોમતી, એક વિનંતી કરું છું, આક્ષેપ નથી કરતો. ગઈકાલે ખીરની તપેલી અર્ધી થઈ ગયેલી. આજે હું યમુનાપાન કરવા જાઉં ત્યારે તમે અહીં ધ્યાન રાખવા બેસજો. કોઈ અંદર ન આવે." યશોદા કહે, "હું અહીં બારણામાં લાકડી લઈ ચોકી કરું છું. કોઈ અંદર નહીં જાય." ગર્ગાચાર્ય યમુનાપાન કરવા ગયા. યશોદાજી ઠાકોરજીને રાજભોગ ધરાવ્યો છે ત્યાં ચોકી કરે છે. ગોવાળિયાઓ કનૈયાને કહે છે, "કાલે જેમ ખીર આપી હતીને તેમ આજેય અમને આપ." કનૈયો કહે, "મૂંગા રહો ! આજે તો મા ચોકી કરવા બેઠી છે. કોઈ યુક્તિ કરવી પડશે." કનૈયાએ વાછરડાંને છોડી મૂક્યાં એટલે ગાયો ભાંભરવા માંડી. યશોદા ગાયને સરખી કરવા ગયા. એટલામાં ભગવાન અને ગોવાળિયા અંદર જઈ રાજભોગનો શીરો ખાવા માંડ્યા. જલદી જલદી ખાઈ મોઢાં લૂછી નાખ્યાં. ગર્ગાચાર્ય હરિસ્મરણ કરતાં કરતાં યમુનાપાન કરી આવ્યા. રાજભોગનું તપેલું અર્ધુ જોયું. ગર્ગાચાર્યે યશોમતીને કહ્યું, "આમ કેમ ?" યશોદાજી કહે, "હું તો અહીં જ

લાકડી લઈ બેઠી છું પછી આમ કેમ થયું ?'' ગર્ગાચાર્ય સેવા સાથે હાથ જોડી ઊભા રહ્યા. આંખ બંધ કરી સ્તુતિ કરે છે. ''હે ઠાકોરજી, પ્રત્યક્ષ દર્શન આપો તો જ માનીશ કે મારી સેવા ફળી.'' શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કરેલા ચતુર્ભુજ સ્વરૂપ, પીળા પીતાંબર પહેરેલાં, કૌસ્તુભ મણિ ધારણ કર્યો છે તેવા વિષ્ણુ ભગવાને પ્રત્યક્ષ દર્શન ગર્ગાચાર્યને આપ્યા. ગર્ગાચાર્યે ભગવાનને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ગર્ગાચાર્યે યશોદા-નંદને કહ્યું, ''તમારી સંપત્તિ, સમૃદ્ધિ આબાદ રહે. તમારો દીકરો વિશ્વવિખ્યાત થશે.'' ગર્ગાચાર્ય ગોકુળથી વૃંદાવન આવ્યા. ત્યાંથી દેવકી-વસુદેવ પાસે આવ્યા. ગર્ગાચાર્યે ગોકુળના સમાચાર કહી સંભળાવ્યા.''

શુકદેવજી કહે, ''હે પરીક્ષિત ! ભગવાન કનૈયા અતિ સુંદર હતા. ભગવાન કનૈયા પાછળ આખું ગોકુળ ગાંડું થયેલું. ઊઠતાવેંત ભગવાનનું મોઢું જોવા લોકો આવે. બાલકનૈયા પર વહાલથી હાથ ફેરવે, ચુંબન કરે. પોતાને ઘરે લઈ જાય. પરમકૃપાળુ પરમેશ્વર બાલ સ્વરૂપે ધીમે ધીમે મોટા થવા લાગ્યા. ધીમે ધીમે પગે ચાલવા માંડ્યા. આવનાર ગોપ-ગોપીઓનાં ટોળાં ભગવાનની સ્તુતિ કરતા જાય અને કનૈયાને સાથે લેતા જાય. યશોદા - નંદના આનંદનો પાર ન હતો. બાલકૃષ્ણ માખણ આરોગતા. યશોદાજી આપે અને ગોપીઓ પણ આપે. ધીમે ધીમે ગોપીઓ પોતાની સાથે કનૈયાને લઈ જાય. ગોવાળિયાઓ સાથે બાલ કનૈયો રમે અને માખણ ખાય. યશોમતી કાનુડા માટે સામગ્રી તૈયાર કરે,કનૈયો હજી જમે તે પહેલાં બીજાઓ ભગવાન કનૈયાને લઈ જાય. આખું ગોકુળ ગામ ''બાલકૃષ્ણ લાલકી જય'' પોકારવા લાગ્યું. પ્રેમલક્ષણા ભક્તિથી ભગવાન રીઝે છે. પ્રેમથી ગોપ-ગોપીઓ જે આપે તે ખાય અને ખવડાવે. પરમકૃપાળુ પરમાત્મા ગોવાળિયાઓ સાથે ગોપીને ઘરે જઈ માખણ ખાય છે. ગોપીઓ યશોમતીને ફરિયાદ કરે છે. યશોમતી કહે, ''તમારી વાત સાચી છે. હું ન જમાડું ત્યાં તમે મારા કાનને લઈ જાવ છો, મારે કાનુડાને શોધવા નીકળવું પડે છે. આજે તમારી ફરિયાદ છે.'' યશોદાજી ગુસ્સે થઈ ગયાં. કનૈયાને આજે ઘર બહાર જવાની મનાઈ

કરી. ભગવાન બાલકૃષ્ણ ચંચળ પ્રકૃતિના હતા. આજે તેમને માટે ઘરબહાર જવાની મનાઈ છે. મોટાભાઈ બળદેવે માતા યશોદાને કહ્યું, “આ કનૈયાએ માટી ખાધી છે. તમે તેને માખણ આજે આપ્યું નહીં ને એટલે” કાનુડો કહે, “મેં નહીં, આ મોટાભાઈએ માટી ખાધી છે.” માતા યશોદા કહે, “તું જ નટખટ છે. તારા જ પરાક્રમ છે. ઉઘાડ મોઢું.” ઠાકોરજીએ મોઢું ઉઘાડ્યું. સૌથી પહેલીવાર સાક્ષાત વૈકુંઠનાં દર્શન યશોદાજીને કાનુડાએ પોતાના મોઢામાં કરાવ્યાં. યશોદાજીએ બાલકૃષ્ણ ભગવાનને પ્રણામ કર્યા.” શુકદેવજી કહે, “હે પરીક્ષિત ! ઠાકોરજી હવે ચાર વર્ષના થયા. યશોદાજીએ કાનુડાને ગોવાળિયાઓ સાથે તેઓના ઘરે જવાની છૂટ આપી. તેમને ઘરે જાય. ઘી, દૂધ, માખણ ખાય અને બધા બાલગોપાલ આમ સાથે મળી આનંદ કરે. દરરોજ વારાફરતી જુદા જુદા ગોવાળિયાને ઘરે જવાનું. ઘરે જઈ પ્રેમપૂર્વક દહીં-માખણ આરોગવાનાં. એક પછી એક બધા ગોવાળિયાનો વારો. આજે એક ગોવાળિયાનો વારો હતો. તેની માતાનું નામ પ્રભાવતી હતું. ગોવાળિયાએ માને કહ્યું, “મા ! આવતીકાલે બધા ગોવાળિયા અને બાલ કનૈયો આપણે ઘરે માખણ ખાવા આવશે. આપણો વારો છે.” પ્રભાવતી કહે, “ના. આપણે ઘરે નહીં. તમે બધા ભેગા મળી ખૂબ તોફાન મસ્તી કરો છો. ઢોળી-ફોડી નાખો છો. આવતીકાલે તું જવાનું જ રહેવા દે.” ગોવાળિયો કહે, “મા ! મેં કાનુડાને વચન આપ્યું છે. હું તો જરૂર જઈશ અને આપણે ઘેર પણ બોલાવીશ.”

“પ્રભાવતી સવારે ચાર વાગ્યે ઊઠી માખણ કાઢી ઊંચે શીકામાં મૂકી ઘરને તાળું મારી બહાર ચાલી ગઈ. કાનુડા પાસે ગોવાળિયો રડવા લાગ્યો. “મારા ઘરને મારી માએ તાળું મારી દીધું છે અને બહાર ચાલી ગઈ છે.” કાનુડો કહે, “ગભરાઈશ નહીં, તારે ઘેર જ આજે જઈશું અને તારી માએ કાઢેલ માખણ પણ ખાઈશું.” પ્રભાવતી પોતાના ઘર પાછળ ઊભી રહી છે. ઠાકોરજીએ પ્રભાવતીનાં ઘરનાં તાળાને હાથ લગાડ્યો અને તાળું ખૂલી ગયું. સાંકળ ખોલી કાનુડો ઘરમાં આવ્યો. ખૂબ પ્રકાશ થયો. ગોવાળિયાએ તેની માતાએ ઊંચે

શીકે ટાંગેલું માખણ બતાવ્યું. હાથ ઊંચા કરી જોયા પણ ન પહોંચાયું, બાજુમાં પડેલ ખાંડણિયો ઊંધો પાડી કાનુડો તેના પર ચડ્યો. તોયે ન પહોંચાયું. સુદામાને ખાંડણિયા પર અંગૂઠા પકડાવ્યા. તેના પર ચડી ગોવાળિયાને કહ્યું, ''જો, સામે ડામચિયા નીચે પથ્થર છે તે લાવ.'' ગોવાળિયાએ પથ્થર આપ્યો. પથ્થર આપતાં ગોવાળિયો વિચાર કરે છે કે મારા ઘરમાં પથ્થર ક્યાં છે તેની મને ખબર નથી તો આ કાનુડાને કેવી રીતે ખબર પડી ? પથ્થરથી કનૈયાએ દોણી ફોડી નાખી. માખણ બહાર ઢોળાયું. કાનુડાએ ખાધું અને બધાને ખવડાવ્યું. તરત જ પ્રભાવતી ઘરમાં આવી અને ચોર - ચોર બૂમો પાડવા લાગી. કાનુડાનું કાંડું પકડી કહે, ''આજે યશોદાને પ્રત્યક્ષ કરાવું કે તારો કાન માખણની ચોરી કરે છે.'' ગોવાળિયા બધા રડવા લાગ્યા. કાનુડો કહે, ''તમે બધા રડો નહીં. બધા મારી પાછળ આવો.'' પ્રભાવતીએ ઠાકોરજીનું કાંડુ પકડ્યું છે. પ્રભાવતીના કાકાજી રસ્તામાં મળ્યા. પ્રભાવતીએ ઘૂંઘટ કાઢવા હાથ ઉપર કર્યો. એટલીવારમાં કનૈયો સરકી ગયો અને પ્રભાવતીએ પોતાના જ દીકરાનો હાથ પકડી લીધો. ભગવાન દોડતાં દોડતાં ઘરે જઈ યશોદા માતાને ફરિયાદ કરવા લાગ્યા કે, ''મા, મા, પ્રભાવતી મને મારે છે.'' ઘરમાં જઈ ગોળી પાછળ પોતે સંતાઈ ગયા. પ્રભાવતી યશોદા પાસે આવી. યશોદા કહે, ''તમે મારા કાનને બહુ માર્યો છે, ધમકાવ્યો છે.'' પ્રભાવતી હાથ પકડી લાવેલા બાળકને કાન સમજી યશોદાને કહે છે, ''આ તારો કાનજી ઘર ઘરમાં જઈ માખણ ચોરે છે, દોણી ફોડે છે અને તોફાન કરે છે.'' યશોદા કહે, ''ક્યાં છે મારો કાન ? આ તો તારો બાળ છે પ્રભાવતી !'' ઠાકોરજી તો સર્વત્ર છે. માતા જશોદાએ બાલ કનૈયાને ઠપકો આપ્યો.

''પ્રભાવતી પોતાના ઘરે ગઈ. ઘરમાં જઈને જોયું તો અનેક જાતનાં ઐશ્વર્ય તો પોતાના ઘરમાં જોયાં. ભગવાન કહે છે, ''મને એકવાર પણ હું તારો છું કહે તેને હું ''અભય'' આપું છું.'' પ્રભાવતીના પ્રસંગથી ગોકુળ ગામનાં લોકો ખૂબ પ્રભાવિત થયાં. દરેક નાના-મોટા માંગલિક પ્રસંગે કાનુડાને પોતાના ઘરે લઈ જવાં લાગ્યાં.

"આજે ગોકુળમાં સુમંગલ નામના બ્રાહ્મણને ઘરે દીકરીનું વેવિશાળ છે. વેવાઈઓ ઘરે આવવાના છે, સુમંગલની પત્નીએ યશોદાજી પાસે આવી વિનંતી કરી. આમંત્રણ આપી ગઈ, કે આવતીકાલે સવારે નવ વાગ્યે કાનુડાને અમારે ત્યાં જમવા મોકલજો. યશોદાજીએ કાનુડાને કહ્યું, "કાના, આવતીકાલે સવારે તારે સુમંગલને ત્યાં જમવા જવાનું છે." કાન સવારે સુમંગલને ત્યાં પહોંચી ગયો. જેવો કાનુડો આવ્યો કે તરત જ તેમને વેવાઈ માટે તૈયાર કરેલી ગાદી પર બેસાડ્યા. પૂજા કરી. સામગ્રી આરોગાવી. ભગવાનને જમાડવામાં હરખઘેલાં થયેલાં. ભૂલથી લાપસીમાં મીઠું અને દાળમાં સાકર નાખી દીધી. જેવા વેવાઈ આવ્યા કે ભગવાન ઊભા થઈ ગયા. વેવાઈને આવકાર આપ્યો. ગાદી પર બેસાડ્યા. ગોળનું પાણી આપ્યું. વેવાઈ પૂછવા લાગ્યા કે, "આ નાનકડો છોકરો કોણ છે ?" વેવિશાળની વિધિ શરૂ થઈ અને કનૈયો છૂ થઈ ગયો. અમે ત્રીજા દીકરાનું સગપણ કરીએ છીએ. બધે સામગ્રી આરોગી છે પણ તમારી સામગ્રી ખાતાં પેટ ધરાતું નથી ! શું કારણ ? સમજાતું નથી."

"પવિત્ર ભાવના અને પ્રેમથી ભગવાન બગડેલાં કામને પણ સુધારી દે છે. શીરામાં મીઠું નખાયું પણ ભગવાનની કૃપાથી શીરો અધિક મીઠો બની ગયો."

"બાલ કનૈયો વ્રજમાં અનેક તોફાન કરે છે. ગોપીઓ યશોદાને ફરિયાદ કરે છે કે, "માતા યશોદા તમારા કાનુડાને વારો." યશોદા કહે છે, "આવવા દો કાનને સાંજે." કનૈયો સાંજ પડે ઘરે આવ્યો કે તરત જ યશોદાએ હુકમ કર્યો, "કાલે તારે ગોવાળિયાઓ સાથે જવાનું નથી." કાનુડો ઘરે રહ્યો. ગોવાળિયા કાનુડાને બોલાવવા ઘરે આવ્યા. "હે કનૈયા ! દરરોજ તું માખણ આપે છે તેવું આજ પણ અમારે માખણ ખાવું છે. તું આવ અને અમને માખણ ખવડાવ." કાનુડો કહે, "કાલે મારે ઘરે માખણ ખાવાનો વારો. કાલે બધા અહીં મારે ઘેર આવજો." ગોવાળિયા કહે, "તને તો માએ બાંધ્યો છે, તો તું શી રીતે માખણ આપીશ ?" "કાલે વાત. કાલે વહેલી સવારે બધા આવજો. અને બારી પાસે ઊભા રહેજો." સવારે યશોદા માએ વહેલા

ઊઠી કાનુડાને નવડાવી શણગાર કરી શયનખંડમાં બેસાડ્યો. મા યશોદા ગોળીમાં રવાઈ નાખી દહીં વલોવવાં લાગ્યાં. ગોવાળિયા બારી પાસે આવી કાનુડાને બૂમ પાડે છે. કાનો કહે, "મૂંગા રહો, મા સાંભળી જશે." શયનખંડમાંથી ધીરે ધીરે કાનુડો મા જ્યાં વલોણું કરતી હતી ત્યાં આવ્યાં. મા યશોદાએ બાલકૃષ્ણને ખોળામાં બેસાડ્યા. માખણ તૈયાર થઈ ગયું હતું, બહાર કાઢવાનું જ બાકી હતું. સામે મૂકેલું. ચૂલા પરથી દૂધ ઉતારવા ગયા. તેટલીવારમાં કાનુડાએ ગોળીમાંનું તૈયાર થયેલું માખણ ગોવાળિયાઓને ખવડાવી દીધું. કનૈયો કહે, "હવે પેટ ભરાઈ ગયું હોય તો અહીંથી છૂ થાવ." કનૈયાએ ગોળીને પથ્થર માર્યો, ગોળી ફૂટી ગઈ. છાશનો રેલો યશોદાના પગ પાસે આવ્યો. યશોદાને ખ્યાલ આવતાં જ બોલ્યા, "લોકોની ફરિયાદ સાચી છે. આજે મને પ્રત્યક્ષ અનુભવ થયો." પરીક્ષિત પૂછે છે, પથ્થર કેમ માર્યો ? શુકદેવજી કહે "કાનુડાને ખોળામાંથી યશોદામાએ ઊભરાતા દૂધને ચૂલા પરથી ઉતારવા બાજુ પર બેસાડ્યો. કાનુડાને રીસ ચડી. માને મારા કરતાં દૂધ વધુ વહાલું લાગ્યું ?" હે પરીક્ષિત "ગોવાળિયાઓએ ઠાકોરજી પાસે માખણ માંગ્યું. ઠાકોરજીએ જાણ્યું કે મા યશોદાનું પુણ્ય ખૂબ છે. તેણે સૌ ગોવાળિયાઓને વહેંચી આપ્યું."

## નલકુબેર અને મણિગ્રીવનો ઉદ્ધાર

"ગોપીઓ વારંવાર કાનાની ફરિયાદ યશોદાને કરતી હોવાથી મા યશોદાને ગુસ્સો ચડ્યો. અત્યંત વહાલા, સુકુમાર તોફાની કાનને આજે હું સજા કરું. ગોપીઓની ખૂબ ફરિયાદ આવે છે. માએ નક્કી કર્યું, આજે કાનને ખાંડણિયા સાથે બાંધી દઉં. કાનુડાને બે હાથ પકડી ખાંડણિયા પાસે ઊભો રાખ્યો. દોરીથી બાંધવાં માંડ્યાં. દોરી ખૂટવા લાગી. ગોપીઓ માને દોરી આપતી જાય છે પણ ભગવાન બંધાતા નથી. માતા યશોદા મૂંઝાયાં. તે જોઈ ભગવાન જાતે જ બંધાઈ ગયા. કાનુડો ખાંડણિયા સહિત ઘસડાતો ઘસડાતો બગીચામાં આવ્યો. બગીચામાં બે ઝાડ હતાં. ભગવાનનો જમણો અંગૂઠો ઝાડને અડતાં

ઝાડ મટી બે પુરુષો ઉત્પન્ન થયા. ભગવાનને બન્નેએ વંદન કર્યાં. ભગવાન કહે, "બેસો, કોણ છો તમે ?" અમે કુબેરના દીકરાઓ છીએ. નળકુબેર અને મણિગ્રીવ અમારાં નામ છે. શ્રીમંતના દીકરામાં દુર્ગુણ ન આવી જાય તેની વડીલોને સંભાળ લેવાનું ભગવાન કહે છે. અમે કુબેરના દીકરા સોળ વર્ષની ઉંમરે ગંગા કિનારે સ્નાન કરવા જતા હતા. ઠંડી જોરદાર હતી. રસ્તામાં મદિરાપાન કર્યું. અપ્સરા નૃત્ય કરતી હતી ત્યાં અમે જવા લાગ્યા. રસ્તામાં નારદજી મળ્યા. તેમણે અમને વાર્યા. અમે માન્યા નહીં. નારદજીએ શાપ આપ્યો, "બન્ને ઝાડ થજો." શાપ મળતાં જ અમને જ્ઞાન થયું. ભૂલ સમજાઈ. અમે નારદજીના પગે પડ્યા. માફી માગી. નારદજીએ કહ્યું, "જ્યારે તમને ભગવાનનો ભેટો થશે, તેમનાં ચરણારવિંદ તમને અડકશે, ત્યારે તમારો ઉદ્ધાર થશે. હે ભગવાન ! ત્યારથી અમે તમારી રાહ જોતા હતા. અમે તમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ છીએ." ભગવાન કહે, "માંગો, માંગો, હું તમને શું આપું ?" બન્નેએ માંગ્યું, "અમારી વાણી તમારા ગુણ ગાય. અમારા કાન તમારી કથા શ્રવણ કરે. અમારા પગ યાત્રા માટે વપરાય. અમારું મસ્તક તમારા ચરણમાં રહે. હે ઠાકોરજી ! અમને એવી સ્તુતિ આપો કે ભગવાન જગતનિયંતા છે તે અમને સતત યાદ રહે." ભગવાન ખુશ થયા. બન્નેને કહ્યું, "તમારું કલ્યાણ થાઓ."

"બગીચામાં યશોદાએ બાલકૃષ્ણને જોયા. નંદ-યશોદા બગીચામાં આવ્યાં. નંદરાયે ખાંડણિયાથી કાનને છૂટા કર્યાં. નંદ કહે, "યશોદા, અહીં આવો. આ શું કર્યું ? કાનની કમર પર કેવો કાપો પડી ગયો છે ? જાવ, તેલ લઈ આવો." નંદરાય ફૂંક મારી કાનની કમર પર તેલ લગાડવા લાગ્યા. દોરડાનો ડાઘ કમર પર તોય રહી ગયો. ડાઘ જોઈ યશોદા - નંદને ખૂબ દુઃખ થયું. બન્ને ખૂબ રડ્યાં. ગોકુળ ગામનાં બધાં લોકો કાનને જોવા આવ્યાં. ભગવાન કહે, "બધાંને જમાડો. મારા પરના પ્રેમભાવને લીધે સહુ આવ્યાં છે. કોઈ જમ્યા વિના ન જવું જોઈએ."

"ઉપનંદ નામનો ગોવાળિયો નંદરાય પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે ધરતીકંપ થાય છે અને ઝાડ પડે છે. બધાં ભેગાં થઈ જાવ. આખું ગોકુળગામ ભેગું થયું. સહુ વિચારવા લાગ્યા, માનો કે ન માનો આ બાલકૃષ્ણના જન્મથી અહીં અનેક રાક્ષસો આવ્યા. આ જગ્યા ખાલી કરી બીજે ક્યાંક જતાં રહીએ. બધાંએ ભેગાં મળી વિચાર્યું કે જવું પણ ક્યાં જવું ?" બાજુમાં વૃંદાવન છે ત્યાં જતાં રહીએ. એમ બધાંએ નક્કી કર્યું. કાનુડાને પાંચમું વર્ષ ચાલતું હતું. ગોકુળ છોડી સૌ વૃંદાવન આવવાં નીકળ્યાં. રસ્તામાં મોરલા નૃત્ય કરતા હતા. ભગવાન બાલકૃષ્ણનું કામદેવ જેવું સુંદર સ્વરૂપ હતું. માથે મોરપિચ્છનો મુગટ પહેર્યો હતો. કાનમાં પુષ્પ પહેર્યાં હતાં, પીળું પીતાંબર પહેર્યું હતું અને વેણું વગાડતા હતા. ગોકુળવાસીઓ "કૃષ્ણ કનૈયાલાલ કી જય" કરતાં કરતાં ગોકુળ છોડી વૃંદાવનમાં આવ્યાં. ભગવાને બધાં માટે રહેવાની સુંદર વ્યવસ્થા કરી. ગાયો માટે ગૌશાળા બનાવી. સવારે વહેલાં ઊઠી માતા-પિતા અને ગાયને પ્રણામ કરવા. માતા-પિતાને કામમાં મદદ કરવી. વનમાં વાછરડાં ચરાવવા જવું. આ નિત્યક્રમ બાલકૃષ્ણ ભગવાને વૃંદાવન આવી શરૂ કર્યો."

## વત્સાસુરવધ

"ભગવાને જાહેરાત કરી કે ગોકુળથી દૂધ, ઘી, શાકભાજી મથુરા જવાં ન દેવાં. તેમ જ મથુરાથી કોઈ ચીજ આપણે લાવવી નહીં. કંસને આ વાતની ખબર પડી. તેના ગુસ્સાનો પાર ન રહ્યો. ફરી કંસે વત્સાસુર નામનો રાક્ષસ વૃંદાવન મોકલ્યો. વાછરડાં લઈ કૃષ્ણ, બલદેવ અને ગોવાળિયા ચરાવવા જતા હતા. રાક્ષસ વાછરડાનું રૂપ લઈ વાછરડાંના ટોળામાં ભળી ગયો. ભગવાન તો સર્વજ્ઞ હતા. તેને ખબર પડી ગઈ. ભગવાને મોટાભાઈ બલદેવને કહ્યું, "અહીં પણ મામાનો રાક્ષસ આવ્યો છે. પાપ કરનારનું મોઢું બદલાઈ જાય છે." વત્સાસુર બલદેવને પાટું મારવા જાય છે. ત્યાં જ ભગવાને વત્સાસુરને બે પગથી પકડી પથ્થર પર પછાડી મારી નાખ્યો. વત્સ એટલે દીકરો. દીકરામાં આસુરી ભાવ-ખરાબ ભાવ પેદા ન થાય તેની માતા-પિતાએ

તકેદારી રાખવી જોઈએ. તેને માટે પહેલાં આપણે સુધરવું જોઈએ. પછી જ બાળકને કહેવાય.

"દરરોજ ભગવાન વૃંદાવનમાં ગાયો ચરાવવા જાય. એક દિવસ પગમાં કાંટો વાગ્યો. ગોવાળિયાઓએ કાંટો કાઢી નાખ્યો. ભગવાન માટે ગોવાળિયાઓ ચાખડી લઈ આવ્યા. કાને ચાખડી ન પહેરી. બાલકૃષ્ણ કહે જ્યાં સુધી માતા-પિતાનું મોઢું નહીં જોઉં ત્યાં સુધી પગમાં ચાખડી નહીં પહેરું. હાથમાં હથિયાર નહીં લઉં અને વિદ્યાભ્યાસ નહીં કરું. ભગવાને પ્રતિજ્ઞા લીધી અને આ પ્રતિજ્ઞા કંસને મારી, દેવકી-વસુદેવને જેલમાંથી છોડાવ્યાં ત્યાં સુધી પાળી. ભાગવત કહે છે કે માતા-પિતાને જીવનમાં ક્યારેય ભૂલશો નહીં."

"કંસને સમાચાર મળ્યા કે મથુરામાં બહારથી કોઈ ચીજ આવતી નથી, તો તે ખૂબ ગુસ્સે ભરાયો. કંસની બે પત્ની એક અસ્તિ અને બીજી પ્રાપ્તિ. બન્ને પૂછે છે કે "તમે આટલા શક્તિશાળી, એક પાંચ વર્ષના બાળકને પહોંચી નથી શકતા ?" કંસ આ સાંભળી ધૂંવાપૂંવા થવા લાગ્યો. શુકદેવજી કહે : "હે પરીક્ષિત, ભગવાન ગોવાળિયાઓ સાથે રોજ વનમાં ગાયો ચરાવવા જાય. વહેલી સવારે વૃંદાવનમાં લોકો ભગવાનનાં દર્શન કરવાં માર્ગમાં ઊભાં રહે અને ભગવાન પર પુષ્પવૃષ્ટિ કરે. સૌ ગોવાળિયા ઘરેથી સાથે ભોજન લઈ ગાયો ચરાવવા જાય. નિયમ પ્રમાણે બાળ કનૈયાએ આજે વેણુ વગાડી. બધા ગોવાળિયા ભોજન લઈ ગાયો ચરાવવા જવા એકઠા થયા. શાંડિલ્ય બ્રાહ્મણનો દીકરો મધુમંગલ પણ ભગવાન સાથે વનમાં ગાયો ચરાવવા જતો હતો. તેના માતા-પિતા કહે, "આપણે રોજ સાંજે જમીએ છીએ તો તારે વનમાં ખાટી છાશ લઈને જવાનું. બધા ગોવાળિયા ભાતભાતનાં ભોજન લાવે. કાનુડો જમવાની વેળા થાય એટલે વેણુ વગાડે એટલે બધા ગોવાળિયા જમવા એકઠા થયા. એ વખતે મધુમંગલ ઝાડ પાછળ સંતાઈને ખાટી છાશ પી લે અને પાછો બધા જમી લે એટલે બધા સાથે હળીમળી જાય. ભગવાન આજે મધુમંગલની ખાટી છાશની દોણી ઝૂંટવી લઈ પોતે પી ગયાં."

શુકદેવજી કહે : "હે પરીક્ષિત ! ભગવાનની કથા વારંવાર સાંભળવા છતાં નવીન જેવી લાગે છે. ભગવાન કૃષ્ણ ગોવાળિયા સાથે રોજની જેમ વનમાં વાછરડાં ચરાવવા જતા હતા. કાનુડાએ ગોવાળિયાઓને કહ્યું, "આજે બહુ ભૂખ લાગી છે તો આપણે બધા અહીં જ જમવા બેસીએ. વાછરડાં ભલે લીલું ઘાસ ચરતાં. જમવાની ગોવાળિયાઓએ તૈયારી કરી પણ વાછરડાં ચરતાં ચરતાં દૂર નીકળી ગયાં હોય એમ લાગ્યું. ગોવાળિયા ચિંતા કરવા લાગ્યા. કાન કહે, "ચિંતા ન કરો. હું હમણાં વાછરડાં લઈને આવું છું." ભગવાન વાછરડાં શોધવા ગયા. દૂર દૂર તપાસ કરી પણ ન મળ્યાં. કાનુડાને ખબર પડી ગઈ કે આ કામ બ્રહ્માનું છે. બ્રહ્માએ ભગવાનનાં આટલાં બધાં પરાક્રમ સાંભળ્યાં હોવાથી તેને મન થયું કે લાવ હું બાલકૃષ્ણની પરીક્ષા કરું. તેથી વાછરડાં અને ગોપ બાળોનું બ્રહ્મા હરણ કરી ગયા. ભગવાન તો પોતાના અંશમાંથી જેટલાં વાછરડાં અને ગોપબાલો બ્રહ્મા લઈ ગયેલાં તેટલાં જ નવાં બનાવી સાંજે ગોકુળમાં સૌનાં ઘેર લઈ ગયા. બ્રહ્માએ એક વર્ષ પછી પોતે જ્યાંથી ગોપબાળો અને વાછરડાનું હરણ કરેલું ત્યાં તે જ વાછરડાં અને ગોપબાળોને ચરતાં અને રમતાં જોયાં. બ્રહ્મા વિચારમાં પડી ગયા. હું લઈ ગયો હતો તો આ બધાં અહીં ક્યાંથી ? આમાં સાચાં કયા ? ખોટાં કયા ? બ્રહ્મા પોતે જ મોહ પામ્યા. બ્રહ્માએ વાછરડાં અને ગોપબાળોને છોડી મૂક્યાં. ભગવાન વાછરડાં અને ગોપબાળોને લઈ પાછા જ્યાં ગોવાળિયા જમવા બેઠા હતા ત્યાં આવ્યા. એક વર્ષ વીત્યું છતાં હમણાં જ કનૈયો વાછરડાં લેવા ગયો હોય તેમ કહેવા લાગ્યા. "કનૈયો આવ્યો, કનૈયો આવ્યો." અમે જમવા માટે તારી રાહ જોઈએ છીએ. આમ ભગવાને પોતાની માયાથી ગોાવળિયાઓને એક વર્ષનો સમય પણ જણાવા ન દીધો.

"બ્રહ્માએ ભગવાનની માફી માંગી અને ભગવાનને પ્રણામ કરી સ્તુતિ કરી : "જેનું સુંદર સ્વરૂપ છે તેવા અવિનાશી, ગુંજાની માળા ધારણ કરનાર તમને પ્રણામ કરું છું. તમારા બાળસ્વરૂપનાં અનેક પરાક્રમો અને શક્તિમાં શંકા લાવી મેં વાછરડાં અને ગોપબાળોનું હરણ કર્યું, પણ મને ક્ષમા કરો. આપની માયાવી શક્તિમાં

હું અટવાઈ ગયો. હારી ગયો. મને માફ કરો." ગોવાળિયાઓએ પણ ભગવાનને પ્રાર્થના કરી કે, "હે ભગવાન ! આવી અનંત શક્તિ હોવા છતાં અમારી સાથે આપ સ્નેહથી વર્તો છો તો અમારી આપને પ્રાર્થના છે કે દરેક યોનિમાં અમે તમારી સાથે રહીએ."

શુકદેવજી કહે : "હે પરીક્ષિત ! યમુના નદીમાં કાલિયનાગ રહેતો હતો અને તેથી આજુબાજુના સારાય વાતાવરણમાં ઝેર ફેલાયેલું રહેતું. કહેવાય છે કે યમુના નદી પરથી પક્ષી ઊડે તો પક્ષી મરી જાય. ગોવાળિયાઓ ભગવાનને કહે, "આપણે યમુના નદીના કિનારે રમવા કેમ જતા નથી ?" ભગવાન કહે, "એક દિવસ જરૂર જઈશું." ગોવાળિયાઓ યમુનાકિનારે રમવા જવાનું વારંવાર ભગવાનને કહેતાં."

## ધેનુકાસુરવધ

"એવામાં એક દિવસ એક ઘટના બની. ઠાકોરજી અને બલરામ વનમાં ગાયોને ચરતી મૂકી આડે પડખે થયા હતા. ગોવાળિયા અંદર-અંદર વાત કરતા હતા કે આ બે ભાઈઓમાં હોંશિયાર કોણ ? બધા કહે નાનો, આજ સુધીમાં નાનાભાઈએ જ અનેક રાક્ષસોને માર્યા છે. આ વાત ભગવાનથી સહન ન થઈ. મોટા ભાઈને ઓછા બળવાન કહ્યા તે વાત કાનાને ન ગમી. ભગવાને નક્કી કર્યું મોટાભાઈની શક્તિ આ લોકોને બતાડવા દે."

દરરોજના કાર્યક્રમ પ્રમાણે ગાયો ચરાવવા જવાના સમયે ગોવાળિયાઓ ભગવાન પાસે ભેગા થયા. ભગવાન કહે, જંગલમાં જ્યાં ખજૂરાના ઝાડ છે ત્યાં આપણે જઈશું. આ બધાં તાડના ઝુંડ હતાં ત્યાં ગયા. ઝાડ ઉપર ખૂબ પાકાં ખજૂરનાં ફળનાં ઝૂમખાં લટકતાં હતાં. પણ ત્યાં ધેનુકાસુર નામનો રાક્ષસ ગધેડાના સ્વરૂપે રહેતો હતો. કોઈ ગોવાળિયાઓને ત્યાં આવવા દેતો ન હતો. ગોવાળિયાઓને પાટું મારવા લાગ્યો. ગોવાળિયાઓએ ખૂબ પ્રયત્ન કર્યા પણ સફળ ન થયા. થાકીને ભગવાન પાસે આવી વિનંતી કરી. ધેનુકાસુરની વાત કરી. આ ધેનુકાસુર હતો તે દૂરથી બતાવ્યો. ભગવાન કહે, "ખજૂર

ખાવા છે ? ધેનુકાસરને મારવો છે ? આ કામ મારાથી નહીં બને. જે કામ મારાથી ન થઈ શકે તેને માટે મોટાભાઈ પાસે જઈએ. મોટાભાઈને ૧૦૮ પ્રણામ કરવા પડશે.'' ભગવાન કહે, ''પહેલા હું શરૂ કરીશ.'' મોટાભાઈ પાસે બધા આવ્યા. ભગવાન કહે, ''દાઉજી (મોટાભાઈને દાઉજી કહે છે) અમારે ખજૂરા ખાવા છે. આ મહાભયંકર ગધેડો ધેનુકાસુર અમને ખાવા નથી દેતો. આપ તેનો સંહાર કરો.'' દાઉજીએ ધેનુકાસુરના બે પગ પકડી જમીન પર જોરથી પછાડી સંહાર કર્યો. ગોવાળિયાઓ, ''દાઉજીની જય, બલરામ ભૈયા કી જય'' બોલવા લાગ્યા. આકાશમાંથી પુષ્ટવૃષ્ટિ થઈ.''

## નાગદમન

''બીજે દિવસે દાઉજી થાકેલા હતા. ગાયો ચારવા ન ગયા. ભગવાન કહે, ''મિત્રો ! રોજ તમે યમુનાજીના ધરા પાસે જવાનું કહો છો તો આજે આપણે ત્યાં રમવા જઈએ. યમુનાજીના ધરા પાસે આવ્યા. ઠાકોરજી કહે, ''આપણે ગેડીદડાની રમત રમીએ.'' જે નિશાન ચૂકે તે દડો લઈ આવે. ભગવાને યમુનાના ધરામાં દડો નાખી દીધો. ગોવાળિયાઓ ''કનૈયો હાર્યો, કનૈયો હાર્યો, કનૈયો દડો લઈ આવે.'' એમ કહેવા લાગ્યા. પીતાંબરનો કછોટો મારી ભગવાન યમુનાના ધરામાં પડ્યા. ધરામાં નાનકડાં બાળકને જોઈ નાગણો કહેવા લાગી, ''આ અમારો કાલીનાગ સ્વામી જાગશે તો તને મારી નાખશે. અમને તેથી બાળહત્યાનું પાપ લાગશે. તું અહીં આવ્યો કેવી રીતે ? માર્ગ ભૂલી ગયો કે તારા દુશ્મને ખોટો રસ્તો બતાવી દીધો ? ચોક્કસ તારો કાળ ખૂટી ગયો છે. તું શા માટે અહીં આવ્યો ?''

બાલકૃષ્ણ કહે, ''હે નાગણો ! હું માર્ગ ભૂલ્યો નથી. મથુરામાં હું જુગાર રમતાં રમતાં આ કાલીનાગનું (શીશ) માથું હારી ગયો છું અને તે લેવા અહીં આવ્યો છું.'' નાગણો કહે, ''તું આટલો સુંદર છતાં તારી માતાનો અણમાનીતો લાગે છે. નહીં તો તને અહીં ન આવવા દે.'' ભગવાન કહે કે, ''મારી માતાના અમે બે દીકરા છીએ. તેમાં

હું નાનો છું અને કૃષ્ણ મારું નામ છે. હે નાગણો ! તમારા પતિદેવ કાલીનાગને જગાડો. મારે તેની સાથે યુદ્ધ કરવું છે.''

''યમુનાના કિનારે ગાયો ભાંભરવા લાગી. ગોવાળિયાઓ કાન ધરામાંથી બહાર ન આવ્યો એટલે દોડતાં દોડતાં નંદ, યશોદા અને બલરામને બોલાવવા ગયા.''

નાગણો હજી ભગવાનને વિનવે છે. ''હે બાળક ! અમારો સવા લાખનો હાર, સોના દોરીઓ અમે તને નાગથી છાનામાનાં ભેટ આપીએ છીએ. તું અહીંથી સહીસલામત રીતે પાછો ચાલ્યો જા.'' ભગવાન કહે, ''હે નાગણીઓ ! તમારા હારને અને સોનાની દોરીઓને હું શું કરું ? તમારે ઘરમાં શા માટે ચોરી કરવી જોઈએ ? તમે તમારા નાથને જગાડો. મારે તેની સાથે યુદ્ધ જ કરવું છે.'' નાગણીઓએ નાગના ચરણ દબાવી જગાડ્યો અને કહ્યું, ''હે બળવંત ! એક બાળક આપણે બારણે આવ્યો છે.'' બેઉ બળવાન યુદ્ધમાં ઊતર્યા. યમુનાના કિનારે નંદ, યશોદા, બલરામ આવ્યાં. બલરામ યમુનામાં પડવા તૈયાર થાય છે, ત્યાં ભગવાને ના પાડી. કાલીનાગે ફેણો ફૂંફાડા મારી ભગવાનને મારવા માંડી. ગગનમાં ગડગડાટ થવા લાગ્યો. ભયંકર સંગ્રામ ચાલતો હતો. ભગવાન કાલીનાગની ફેણ પર ચડી નૃત્ય કરવા લાગ્યા. કાલીનાગને હરાવ્યો. નાગણીઓ ભગવાનને હાથ જોડી વિનંતી કરવા લાગી, ''હે ભગવંત ! અમે તમને ઓળખી ના શક્યાં.'' અમે અપરાધી છીએ. થાળ ભરીને નાગણીઓ મોતીડાં લઈ આવી. મોતીડાંથી ઠાકોરજીને નાગણીઓએ વધાવ્યા. ભગવાન પાસેથી નાગને છોડાવ્યો. દેવતાઓએ ભગવાન પર પુષ્પવૃષ્ટિ કરી.'' શુકદેવજી કહે, ''હે પરીક્ષિત ! આમ બાળ સ્વરૂપ ભગવાને કાલી સર્પનું દમન કર્યું અને તેને કહ્યું, ''આ યમુનાના ધરામાં તારે નહીં રહેવાનું. તું અહીંથી ચાલ્યો જા. સમુદ્રમાં રમણદ્વીપમાં જઈને રહે.'' કાલીનાગ પોતાનાં કુટુંબીજનોને લઈ રમણદ્વીપમાં ચાલ્યો ગયો અને યમુના નદીનું પાણી નિર્મળ થયું. વૃંદાવનમાં ભગવાને કાલીનાગ નાથ્યો તે યમુનાનો ધરો આજેય છે.'' પરીક્ષિતે શુકદેવજીને પૂછ્યું કે, ''યમુનામાં કાળી સર્પ

કેમ રહેતો હતો ?'' શુકદેવજી કહે, ''ગરુડ ભગવાનનું વાહન અને તેનો ખોરાક સર્પ. સર્પોએ ઠરાવ્યું કે અમારે એક સર્પનું બલિદાન ગરુડ માટે આપવું. દરેક સર્પ પોતાનું રક્ષણ કરનાર ગરુડને વારાફરતી બલિદાન આપ્યા કરતા. કાલીનાગને પોતાના ઝેર અને શક્તિનું અભિમાન હતું. તે બલિદાન આપતો ન હતો. બીજાનું આપેલું બલિદાન ખાઈ જઈ ગરુડનું અપમાન કરતો હતો. ગરુડ કોપાયમાન થઈ કાલીનાગની પાછળ વેગથી દોડ્યો. કાલીનાગ અને ગરુડ વચ્ચે ભયંકર યુદ્ધ થયું. કાલીનાગ દોડતો દોડતો યમુનાજીના ધરામાં ઊંડે ઊતરી ગયો, જ્યાં ગરુડ આવી ન શકે. યમુનાકિનારે સૌભરી ઋષિએ ગરુડને અટકાવ્યો. પણ ભૂખ લાગી હોવાથી ઋષિને ગણકાર્યા નહીં અને યમુનાજીમાંથી એક માછલીઓના રાજાને મારીને ખાઈ ગયો. માછલાં ખૂબ દુઃખી થઈ ગયાં. સૌભરી ઋષિએ ગરુડને શાપ આપ્યો કે જો ગરુડ, તું અહીં આવી માછલાં ખાઈશ તો મરણ પામીશ. આ સૌભરી ઋષિનો શાપ ફક્ત કાલીનાગ જ જાણતો હતો. તેથી તે યમુનાના ધરામાં ઊતરી ગયો.''

''ભગવાન શ્રીકૃષ્ણ યમુનાજીમાંથી બહાર નીકળ્યા. ગોવાળિયાઓ ભગવાનને ભેટી પડ્યા. નંદ, યશોદા, રોહિણી, કૃષ્ણને જોઈ ભાનમાં આવ્યાં. કાલીનાગથી છૂટેલા શ્રીકૃષ્ણને જોઈ બહુ સારું થયું એમ કહેવાં લાગ્યાં. આ નિમિત્તે નંદરાયે ગાયો અને સુવર્ણનું બ્રાહ્મણોને દાન આપ્યું. યશોદા હર્ષનાં આંસુ વરસાવવાં લાગ્યાં. ભગવાનને ખોળામાં લઈ છાતી સરસા ચાંપી દીધા. તે દિવસે થાકેલા વ્રજવાસીઓ અને ગાયોએ આખી રાત યમુનાજીને કિનારે જ વિતાવી. ઉનાળો હતો. મધરાતે યમુના કિનારાના વનમાં દાવાનળ લાગ્યો. સૂતેલાં વ્રજવાસીઓને તેમજ ગાયોને દાવાનળે ચારેબાજુથી ઘેરી લીધાં. ગભરાટથી લોકો એકદમ ઊભાં થઈ ગયાં. ભગવાનને શરણે જઈ પ્રાર્થના કરવા લાગ્યાં, ''હે પ્રભુ ! આ ભયંકર દાવાનળથી તમે અમારું રક્ષણ કરો.'' ભક્તજનોની વ્યાકુળતા જોઈ અનંત શક્તિ ધરાવનાર કૃષ્ણ તીવ્ર દાવાનળ પી ગયા અને ગાયો તેમજ વ્રજવાસીઓને દાવાનળથી ઉગારી લીધાં.''

# પ્રલંબાસુર વધ

શુકદેવજી કહે, “વ્રજવાસીઓએ ગાયો અને ગોવાળિયાઓ સાથે સવારમાં વ્રજમાં પ્રવેશ કર્યો. રસ્તામાં ગોપબાળો સાથે અનેક જાતની રમત રમતાં તોફાન કરતાં જતા હતા. એક પ્રલંબાસુર નામનો રાક્ષસ બલરામ અને કૃષ્ણનું હરણ કરવા ગોવાળિયાનું સ્વરૂપ લઈ ગોવાળીયાના ટોળામાં ભળી ગયો. સર્વજ્ઞ એવા ભગવાન આ વાત જાણી ગયા. ભગવાને ગોવાળિયાઓ સાથે બે ભાગમાં વહેંચાઈને રમત રમવાની શરૂ કરી. પ્રલંબાસુરને પોતાના પક્ષમાં રાખ્યો. જે પક્ષ હારે તે સામેવાળાને ઉપાડે. તેવી શરત રાખી. ભગવાનના પક્ષવાળા હારી ગયા. દરેક સામા પક્ષનાને ઊંચકતા હતા. પ્રલંબાસુરે બલરામને ઊંચક્યા. બલરામે પોતાનું વજન પર્વત જેટલું કરી નાખ્યું. પ્રલંબાસુરની ચાલ ધીમી પડી. તેણે રાક્ષસનું રૂપ ધારણ કર્યું. બલરામે વજ જેવી મુઠ્ઠી બનાવી પ્રલંબાસુરના માથામાં મારી. પ્રલંબાસુરે મોટી ચીસ પાડી. પૃથ્વી પર પડ્યો અને મરી ગયો. ગોવાળિયાઓ કહેવા લાગ્યા બહુ સારું કર્યું. બલરામને ભેટી પડ્યા. દેવતાઓએ આકાશમાંથી બલરામ પર પુષ્ટવૃષ્ટિ કરી.”

“ત્યાર પછી ગોવાળિયાઓ રમતમાં લીન બન્યા. ગાયો, વાછરડાં એક વનમાંથી બીજા વનમાં દાખલ થઈ ગયાં, જ્યાં દાવાનળ સળગી ઊઠ્યો હતો. ગાયો, વાછરડાં ગોવાળિયાઓનું આજીવિકાનું સાધન હતાં. તેઓ ગભરાઈ ગયાં. ભગવાનને શરણે આવ્યા અને કહેવા લાગ્યા, “હે કૃષ્ણ, અમારું, અમારી ગાયો અને વાછરડાનું આ દાવાનળથી રક્ષણ કરો.” ભગવાન કહે, “હે ગોવાળિયાઓ, ડરો નહીં. તમારી આંખ બંધ કરી દો. ગોવાળિયાઓએ આંખો બંધ કરી દીધી. ગોવાળિયાઓએ આંખો બંધ કરી કે ભગવાન ઉગ્ર દાવાનળ પોતાના મુખથી પી ગયા, ગોવાળિયા અને ગાયોને સંકટમાંથી છોડાવ્યાં. વાંસળી વગાડતાં ગોપબાળો સાથે સાંજે ભગવાન વૃંદાવનમાં પધાર્યા. જ્યાં ગોપીઓ ભગવાનનાં દર્શનની રાહ જોતી ઊભી હતી.”

શુકદેવજી કહે, "હે પરીક્ષિત ! ગોવાળિયાઓએ, કૃષ્ણે અમને દાવાનળથી બચાવ્યા. પ્રલંબાસુરનો સંહાર કર્યો, વગેરે. કૃષ્ણ અને બલરામનાં પરાક્રમો વૃંદાવનનાં નર-નારીઓને કહી સંભળાવ્યાં. આ સાંભળી લોકો વિસ્મય પામ્યાં અને કૃષ્ણ અને બલરામ સાક્ષાત્ ભગવાન વૃંદાવનમાં પધાર્યા છે, એમ માનવાં લાગ્યાં."

## ચીરહરણ

"ઉનાળાની ઋતુ પછી હવે વર્ષાઋતુની શરૂઆત થઈ. વ્રજમાં વરસાદ પડવા લાગ્યો. વહેલી સવારે નિત્યક્રમ પ્રમાણે ગોવાળિયાઓ કૃષ્ણ-બલરામ સાથે ગાયો ચરાવવા વનમાં જાય. માર્ગમાં ગોપીઓ ભગવાનને ફૂલથી વધાવે. સુંદર ભગવાનનું પ્રત્યક્ષ સ્વરૂપ જોતાં ગોપીઓ વિચારે છે કે ભગવાન આપણી સાથે રાસ રમે. આપણે એક થઈ જઈએ. માગશર મહિનામાં રેતીનાં માતાજી કાત્યાયની બનાવે. પૂજા કરે, વ્રત, ઉપવાસ કરે, વ્રત પાછળ ત્યાગ અને સ્વાર્થ હોવા જોઈએ. ગોપીઓની ઈચ્છા ભગવાન સાથે રાસ રમવાની હતી. કાત્યાયની માતાની રેતીની મૂર્તિ બનાવી નક્કી કર્યું. એક મહિનો હવિષ્યાન્ન જમીશું. ધર્મ સાધવા ભગવાને આપણને શરીર આપ્યું છે. તેને સાજું રાખવું જોઈએ. વહેલી સવારે ઊઠી ગોપીઓ નાહી, ધોઈ માતાજીનો મંત્ર જાપ કરે, "કાત્યાયની મહામાયે મહાયોગિન્યધીશ્વરી, નંદગોપસુત્તં દેવિ પતિં મેં કુરુ તે નમઃ ॥"

"નાની નાની ગોપીઓ વ્રત કરે છે. ઠાકોરજી જુએ છે. નિર્દોષ બાલિકાઓ યમુનામાં નિર્વસ્ત્ર થઈને સ્નાન કરે છે. આ જાહેર સંસ્થાનમાં બાલિકાઓ આમ નિર્વસ્ત્ર સ્નાન કરે તે ઠીક ન કહેવાય એમ કૃષ્ણે વિચાર્યું. ગોપીઓ જેવી સ્નાન કરવા યમુનામાં પડી કે તરત જ ભગવાને વેણુ વગાડી. ગોપીઓ વેણુ સાંભળતાં કનૈયાને મળવા આતુર થઈ ગઈ, પણ જોયું તો વસ્ત્રો કિનારા પર ન હતાં. કનૈયો બધી ગોપીઓના વસ્ત્રો લઈ કદમ્બના ઝાડ પર ચડી ગયેલો." "શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારિ, હે નાથ નારાયણ વાસુદેવ !" ગોપીઓ ભગવાનને યાદ કરવા લાગી.

"આજે જ વૃષભાનુ રાજાની દીકરી રાધા પણ ગોપીઓ સાથે નિર્વસ્ત્ર થઈ સ્નાન કરવા યમુનાજીમાં પડેલી. હવે શું કરવું ? ગોપીઓ ભગવાનને વિનંતી કરવા લાગી. ભગવાન કહે, "અહીં આવી કપડાં લઈ જાવ." ગોપીઓએ ભગવાનની માફી માગી. ભગવાને ગોપીઓનાં કપડાં આપ્યાં અને કહ્યું, "હે ગોપીઓ, તમે કાત્યાયની માતાનું વ્રત કરી નિર્વસ્ત્ર યમુના નદીમાં સ્નાન કર્યું તેથી જળદેવતાના તમે સૌ અપરાધી થયાં છો." ગોપીઓએ પોતાની ભૂલ કબૂલી ભગવાનને વંદન કર્યાં. ભગવાને ગોપીઓને કહ્યું, હવે તમે બધાં ઘેર જાઓ. તમે જે મનથી ઈચ્છા કરી છે તે પરિપૂર્ણ થશે. ગોપીઓએ વિનંતી કરી, "ભગવાન, ચાલો આપણે રાસ રમીએ." કૃષ્ણ ભગવાને કહ્યું, "હે ગોપિકાઓ ! જાહેરમાં નિર્વસ્ત્ર સ્નાન કરવાની ભૂલ કરી છે. હાલ તમે વ્રજમાં જાઓ. તમે બધીએ ખરા હૃદયથી માતા કાત્યાયનીનું વ્રત કર્યું છે. તેથી આવતી શરદ પૂનમને દિવસે જરૂર મારી સાથે રાસ રમશો." આમ ઠાકોરજીના કહેવાથી ઠાકોરજીનું ધ્યાન કરતી કરતી બધી ગોપીઓ પોતપોતાના ઘરે ગઈ. ઠાકોરજી ગોવાળિયાઓ સાથે ગાયો ચારતાં ચારતાં દૂર નીકળી ગયા. ગોવાળિયાઓ કહે, "હવે અમને ખૂબ ભૂખ લાગી છે. શું કરીએ ? કનૈયાએ કહ્યું, "બાજુમાં બ્રાહ્મણો યજ્ઞ કરે છે. ત્યાં જઈને કહેજો કે અમારા બલરામ અને કૃષ્ણને ભૂખ લાગી છે. તેથી કૃપા કરી અન્નનું દાન આપો."

"ગોવાળિયાઓ બ્રાહ્મણોના યજ્ઞમાં ગયા. અન્નની ભિક્ષા માંગી. બ્રાહ્મણો કહે, "અમારે તો તમને ઘણું આપવું છે, પણ અમને રાજા કંસની બીક લાગે છે." ગોવાળિયાઓ આ સાંભળી ખાલી હાથે કૃષ્ણ-બલરામ પાસે પાછા આવ્યા. બધી વાત કરી. ઠાકોરજી કહે, તમે બ્રાહ્મણ-પત્નીઓ પાસે જાવ અને કહો કે હું અને બલરામ અહીં આવ્યા છીએ અને અમને ખૂબ ભૂખ લાગી છે. ગોવાળિયાઓ બ્રાહ્મણ પત્નીઓ પાસે ગયા. તેઓને કહ્યું, શ્રીકૃષ્ણ અને બલરામ જંગલમાં ગાયો ચરાવતાં ચરાવતાં ખૂબ દૂર આવી ગયા છે, અને તેઓને ખૂબ ભૂખ લાગી છે, તો કૃપા કરી અન્નની ભિક્ષા આપો. બ્રાહ્મણ પત્નીઓ

અનેક જાતનાં પકવાન પોતાની થાળીમાં ભરી ઉતાવળી ઠાકોરજીને મળવા દોડતી દોડતી આવી. ઈશ્વરનું સ્મરણ કરતી કરતી ભગવાન પાસે આવી. સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને પોતે સાથે લાવેલાં વિવિધ મિષ્ટાન્ન ઠાકોરજીને ધર્યાં. ભગવાને સામગ્રીનો સ્વીકાર કર્યો. પછી ઠાકોરજીએ બ્રાહ્મણ સ્ત્રીઓને કહ્યું, "તમે અહીં મારાં દર્શન કરવાં આવ્યાં. તમારી સામગ્રી અમે ગ્રહણ કરી. હવે તમે સૌ યજ્ઞશાળામાં જાવ. ત્યાં તમારા પતિદેવો તમારી રાહ જુએ છે. તમારા સહકારથી જ તેઓ યજ્ઞ પૂરો કરશે. ભગવનનાં આવાં વચનથી એકીટશે ટગરટગર નિહાળતી બ્રાહ્મણ સ્ત્રીઓને દુઃખ લાગ્યું અને કહેવા લાગી, "હે ઠાકોરજી, અમે તમારાં જ દર્શને આવ્યાં છીએ. અમે અમારાં પતિ, માતા-પિતા કે પુત્રની રજા લેવા પણ રોકાયાં નથી. બધાંનો થોડા સમય માટે ત્યાગ કરી આપના શરણમાં આવ્યા છીએ. ત્યારે તમે અમને જલદી જવાનું શા માટે કહો છો ? અમારા ઘરનાં હવે અમને અપરાધી ગણશે. કદાચ અમારો સ્વીકાર નહીં કરે. હવે તો આપના શરણ સિવાય અમારી કોઈ જગ્યા નથી. આપ અમારો સ્વીકાર કરો." શ્રીકૃષ્ણ બોલ્યા, તમે તમારે ઘેર જાવ. તમને તમારે ઘરે કોઈ દોષિત નહીં કહે. તમારા પતિદેવો તમારા સહકારથી યજ્ઞ પૂરો કરશે. તમારાં તપ અને પ્રેમના બદલામાં મેં તમારી સામગ્રીનો સ્વીકાર કર્યો છે. તમારા ઘરમાં હરેક પ્રકારનું ઐશ્વર્ય ભરપૂર રહેશે. આ સાંભળી બધી ઋષિપત્નીઓ યજ્ઞશાળામાં ગઈ. તેઓના પતિદેવોએ તેઓના સહકારથી યજ્ઞ પૂરો કર્યો. પોતે માનવસ્વરૂપ સાક્ષાત્ ઈશ્વરની માગણીનો અનાદર કર્યો. પોતે બધા ઈશ્વરભક્તિ રહિત છે, એમ વિચારી બ્રહ્મઋષિઓ પસ્તાવો કરવા લાગ્યા."

## ગોવર્ધન મહોત્સવ

શુકદેવજી કહે, "હે પરીક્ષિત, શ્રીકૃષ્ણ અને બલરામ વ્રજમાં જ રહેતા હતા. એક દિવસ ગોવાળિયાઓને ઈન્દ્રના યજ્ઞની તૈયારી કરતાં જોયા. ભગવાને ગોવાળિયાઓને પૂછ્યું, "શાની તૈયારી કરો છો ?" ગોવાળિયાઓ કહે, "ઈન્દ્રના યજ્ઞની તૈયારી કરીએ છીએ.

ઈન્દ્ર પૃથ્વી પર વરસાદ વરસાવી સૌ જીવોને જિવાડે છે. તેથી તેને પ્રસન્ન કરવા માટે યજ્ઞ કરવાની તૈયારી કરીએ છીએ.'' ભગવાને કહ્યું, ''જગતમાં દરેક વસ્તુ કુદરતના ક્રમ અનુસાર જ થતી હોય છે. કદાચ ઈન્દ્ર વગેરે દેવોની યોગક્ષેમ માટે જરૂર હોય, છતાં આપણે તો વનવાસી છીએ. આપણે તો આપણા કલ્યાણ માટે પર્વતો અને વનોની પૂજા કરવી જોઈએ. ઈન્દ્રના ગર્વનો નાશ કરવા ઈચ્છતા ભગવાને ગોવાળિયાઓ પાસે ગોવર્ધન પર્વતની પૂજા કરાવી. ભગવાન કહે, ''ગાયોને ગિરિરાજ લઈ જઈએ. ગાયોના દૂધનો અભિષેક કરીએ. અનાજ લઈ જઈ જાત-જાતનાં ભોજન બનાવીએ અને ગિરિરાજ ઉત્સવ કરીએ.'' એક ગોવાળે કૃષ્ણને પૂછ્યું, ''હે કૃષ્ણ ! તારો ગિરિરાજ બોલે ?'' કૃષ્ણે કહ્યું, ''શ્રદ્ધા હોય અને અદમ્ય ઉત્સાહ હોય તો ગિરિરાજ જરૂર બોલે.'' ગોવાળિયાઓ કહે, ''કનૈયા, યજ્ઞ માટેનો યોજનાબદ્ધ કાર્યક્રમ સમજાવ.'' ભગવાન કહે, ''હે ગોવાળો, ગાયોને સાથે લેવી. બળદગાડાં જોડી સામગ્રી ભરી સાથે લેવી. અન્નકૂટની સામગ્રી તૈયાર કરવી અને ગોવર્ધનને ધરાવવી અને ગાયના દૂધની પ્રદક્ષિણા કરવી. બધા ગોવાળિયા ગિરિરાજ ગયા. ગોવાળિયાઓ ચોખા ખૂબ લાવેલા. અનેક જાતનાં મિષ્ટાન્ન રાંધ્યાં. ભાત રાંધ્યા. ગોવર્ધનને ભાતનો ગિરિરાજ કરી ધર્યો. રાજભોગ ધરી, ભગવાનનું આરાધન કર્યું. આરાધના કરતાં, ''હું ગોવર્ધન છું, હું ગોવર્ધન છું'' ગોવાળિયાઓને સંભળાવી ખાતરી કરાવી. ગિરિરાજની પ્રસાદી બધાંને વહેંચી.

## ગિરિરાજધરણ

''પરમ કૃપાળુ પરમાત્માએ ગિરિરાજ મહોત્સવ ઉજવ્યો અને સૌ સૌને ઘેર ગયાં. ઈન્દ્રે ક્રોધે ભરાઈ મેઘને આજ્ઞા કરી. આ વ્રજનો નાશ કરો અને તે પ્રમાણે પ્રલયકાળ જેવો વરસાદ વરસવા લાગ્યો. વૃંદાવન પાણીમાં ડૂબવા લાગ્યું. વ્રજવાસીઓ ગભરાવા લાગ્યાં અને કૃષ્ણને પોકારવા લાગ્યાં કે ''કૃષ્ણ કૃષ્ણ ! આ મેઘ વરસે છે, શું કરીએ ?''

ઠાકોરજી કહે, "આપણે ગિરિરાજની પૂજા કરી છે, તેને જ શરણે જઈએ." બધાં વ્રજવાસીઓ ગાયો, વાછરડાંને લઈ ગિરિરાજ આવ્યાં. ભગવાને કહ્યું, "બધાં આવી જાવ. પોતાનાં પીતાંબરનો છેડો ફાડી ગિરિરાજ પર ધ્વજા ફરકાવી, પોતાની ટચલી આંગળીથી ગિરિરાજને ધારણ કર્યો. સાત દિવસ સુધી ભગવાને ગિરિરાજને ટચલી આંગળી પર રાખ્યો. બધાંય વ્રજવાસીઓ, ગાયો અને વાછરડાંઓને આશ્રય આપ્યો. આઠમે દિવસે વરસાદ બંધ થયો. આજે ઈન્દ્રે વિચાર કર્યો, મેં ભગવાનને ઓળખ્યા નહીં, મેં અભિમાન કર્યું, હું સ્વર્ગમાંથી વૃંદાવન જાઉં. ઈન્દ્ર વૃંદાવનમાં આવ્યાં. ઈન્દ્રને વૃંદાવનમાં આવતાં જોઈ ગોવાળિયાઓ ડરી ગયા. ભગવાનને કહે, "હે કૃષ્ણ ! ઈન્દ્ર આપણને મારવા આવતો લાગે છે." ભગવાન કહે, "મૂંગા રહો. એ તો મહેમાન થઈને આવે છે." ઈન્દ્રએ આવી ઠાકોરજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. સુરભિ નામની ગાયના દૂધથી ઈન્દ્રે અને ઐરાવત હાથીએ આકાશગંગાના જળથી ભગવાન પર અભિષેક કર્યો. ઠાકોરજીએ ઈન્દ્રનું સન્માન કર્યું. સુરભિ ગાય દરરોજ વનમાં ચરવા જાય. પાંડેય બ્રાહ્મણને સુરભિ દોહવા દેતી નથી. બ્રાહ્મણે જોયું તો સાંજે સુરભિ ગાય ઊભી રહી. ઠાકોરજીને તેના દૂધનું પાન કરતાં જોયા. પાંડેય બ્રહ્મણોને કહ્યું, "બ્રહ્મસંબંધ લેનાર બ્રાહ્મણ મારા મંદિરમાં સ્થાપના કરશે. એટલે હું આવીશ." શ્રીનાથદ્વારામાં શ્રીનાથજીનું મંદિર બનાવ્યું. ઠાકોરજી બિરાજમાન થયા." શુકદેવજી કહે, "હે પરીક્ષિત ! આમ ઠાકોરજીએ ગિરિરાજને ટચલી આંગળી પર તોળ્યો અને ઈન્દ્રનું અભિમાન તોડ્યું."

ભગવાન કહે છે : "ઈન્દ્રને સત્તા અને લક્ષ્મીનું ખૂબ અભિમાન વધી ગયેલું. અહંકારથી અંધ થયેલા લોકો મારા હાથમાંનો દંડો જોતા નથી. ઈન્દ્રના અહંકારને તોડવા જ મેં ઈન્દ્રનું અપમાન કરેલું. લક્ષ્મી અને સત્તામાં અભિમાનીને મારું સ્મરણ કરાવવા, યાદ દેવડાવવા સૌ પ્રથમ તેની સત્તા અને લક્ષ્મીનો હું નાશ કરું છું." શુકદેવજી કહે, "હે પરીક્ષિત ! આજે એકાદશી હતી. ઠાકોરજી નંદરાય અને યશોદાને લઈ યમુના કિનારે આવ્યા. વ્રત કરી રાત્રે બાર વાગ્યા સુધી તીર્થકાંઠે

જ રાત્રિ વ્યતીત કરવાની હતી. રાત્રે અઢી વાગ્યે વરુણના દૂતો આવી નંદરાયને ઉપાડી ગયા. નંદરાયને ન જોતાં ગોવાળિયાઓ બૂમાબૂમ કરવા લાગ્યા. નંદરાય ક્યાં ગયા ? ક્યાં ગયા ? ઠાકોરજી કહે "તમે શાંત થાવ. હું શોધવા જાઉં છું." ઠાકોરજી નંદરાયને શોધવા નીકળ્યા. ઠાકોરજીને ખબર પડી ગયેલી કે વરુણના દૂતો ઉપાડી ગયા છે. શ્રીકૃષ્ણ વરુણ પાસે ગયા. ભગવાનને આવેલા જોઈ વરુણે ઊભા થઈ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. મારા દૂતોએ ભૂલ કરી છે. હું માફી માગું છું. આપ પિતાપ્રેમી પ્રભુ આપના પિતા નંદરાયને લઈ જાવ. નંદરાયને લઈ ઠાકોરજી યમુના કાંઠે આવ્યા. ગોવાળિયાઓ પૂછવા લાગ્યા, નંદરાય ક્યાં ગયેલા ? ભગવાન કહે, "વૈકુંઠમાં." ગોવાળિયાઓ કહે, "અમારે પણ વૈકુંઠ જોવું છે." ભગવાન કહે, "વૈકુંઠનો માર્ગ ખૂબ કઠણ છે. વૃંદાવનમાં જે છે તે વૈકુંઠમાં નથી." ગોવાળિયાઓ કહે, "આપણે સાથે જઈએ." ઠાકોરજી કહે, "ના, પહેલાં હું ત્યાં જાઉં. પછી તમે બધાં ત્યાં આવજો. હું આગળ જઈને તમારે માટે તૈયારી કરી રાખીશ."

"ભગવાન વૈકુંઠમાં ગયા. ગોવાળિયાઓને કહી ગયા હતા કે તમે બધા ભાદરવા સુદ બારસને દિવસે વૈકુંઠમાં આવજો. બધા ગોવાળિયાઓ નક્કી કર્યા પ્રમાણે વૈકુંઠમાં આવ્યા. લોકોનાં ટોળેટોળાં ત્યાં હતાં. ગોવાળિયાઓ કહે, "કનૈયો ક્યાં છે ?" ક્યાંય ન દેખાયો. બીજે દિવસે દર્શન થયાં. થોડીવાર દર્શન થયાં ત્યાં તો ટેરો આવી ગયો.

ગોવાળિયાઓ કહે, "અમારો કનૈયો, અમારો કનૈયો." વૈકુંઠના છડીદાર કહે, "અહીં તો વૈકુંઠાધિપતિ રહે છે. કનૈયો નથી." ત્રીજો દિવસ થયો. અહીં વૈકુંઠમાં ગોવાળિયાઓનો કોઈ ભાવ પૂછતું ન હતું. ચોથે દિવસે કનૈયો ગોવાળિયાઓ પાસે આવ્યો. બધા કહેવા લાગ્યા, "અમારે અહીં વૈકુંઠમાં નથી રહેવું. અહીં અમે નંદકુંવર ક્યાંથી લાવીએ ?" ભગવાને પોતાની યોગશક્તિથી ગોવાળિયાઓને પોતાને ઘેર પહોંચાડી દીધા."

# રાસલીલા

શુકદેવજી કહે, "હે પરીક્ષિત રાજા ! ઠાકોરજીએ ગોપીઓને એક વર્ષ બાદ શરદપૂનમને દિવસે રાસ રમવાનું વચન આપેલું. એક વર્ષ બાદ શરદપૂનમને દિવસે અગિયાર વર્ષ અને બાવન દિવસના કૃષ્ણ વ્રજની ગોપીઓ સાથે રાસ રમ્યા. તેત્રીસ કરોડ દેવતાઓએ બ્રહ્માને વિનંતી કરી કે શરદ પૂનમને છ માસ લંબાવજો. અમે ભગવાનની રાસલીલા જોઈ નથી. વૃંદાવનમાં બગીચામાં ઠાકોરજી રાસ રમવાના છે. તે અમારે જોવાની ઈચ્છા છે. નારદજીએ બ્રહ્માને કહ્યું, "મને ગોપી બનાવી દો. મારે ઠાકોરજી સાથે રાસ રમવો છે." બ્રહ્માજીએ નારદજીને ગોપી બનાવી દીધા. ઠાકોરજીએ યોગમાયાનો આશ્રય કરી યમુના કિનારે વેણુ વગાડી. વેણુનો અવાજ સાંભળી એકવીસ હજાર છસ્સો ગોપીઓ પોતપોતાનાં કામ છોડી હાંફળી-ફાંફળી યમુના કિનારે આવી. ઠાકોરજીની વેણુ સાંભળવા યમુના કિનારે માનવમહેરામણ ઊભરાયો હતો. બધાંએ ઠાકોરજીને પ્રણામ કર્યા. વેણુ વગાડવી બંધ કરી, વેણુ હાથમાં લઈ ઠાકોરજીએ ગોપીઓની પ્રદક્ષિણા કરી. જે ઠાકોરજીની કે ઠાકોરજીનાં સ્વરૂપ ભગવાનની ચાર કે એકસો આઠ પ્રદક્ષિણા કરે તેનાં સાત જન્મનાં સર્વ પાપોનો નાશ થાય છે. પ્રદક્ષિણા કરતાં ભગવાનને પ્રાર્થના કરવી કે, "હે પ્રભુ ! હું આમ જ આજીવન પર્યંત હરતો-ફરતો રહું." પ્રદક્ષિણા કરી ભગવાને ગોપીઓને કહ્યું, "હે ગોપીઓ ! મારા પરના અનન્ય ભાવને લીધે આપ સૌ અહીં આવી છો. હું તમારું સન્માન કરું છું. તમારા સ્વજન, પતિ, માતા-પિતાને કહ્યા વગર ઉઘાડા પગે આવી છો તે બરાબર નથી. તમે મારા તરફના ઉત્કટ પ્રેમને લીધે ઉઘાડા પગે દોડી આવી તેનો મને આનંદ છે, પણ હવે તમે વહેલી તકે ઘરે જાવ." એક વર્ષ સુધી જેમણે ફક્ત કનૈયાને મળવાની તાલાવેલીમાં કનૈયાને જ ચિત્તમાં ધારણ કરી તપસ્યા કરી હતી, તેને પાછા ઘરે જવાનું ઠાકોરજીએ કહ્યું, તેથી ગોપીઓને ખૂબ આઘાત લાગ્યો. ગોપીઓએ વિનંતી કરી કે, "હે કૃષ્ણ ! તમે કહી તે વાત સાચી, પણ અમને જવાબ આપો કે

માણસને મોક્ષ કઈ રીતે મળે ?'' ભગવાને કહ્યું, ''માણસ સદંતર મોહ છોડે ત્યારે જ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.'' ''તો હે કૃષ્ણ ! અમે અમારા સર્વસ્વનો ત્યાગ કરી ફક્ત તમારે જ શરણે આવ્યાં છીએ.'' ભગવાને કહ્યું, ''હે ગોપીઓ તમે જીતી, હું હાર્યો. હું ગોપીઓનો દેવાદાર છું. યમુના કિનારે બે ગોપીઓ વચ્ચે એક કાન, એમ રાસની રચના કરી. પરમ કૃપાળુ પરમાત્માએ દરેક ગોપીઓને માથામાં વેણી પહેરાવી, પગમાં ઝાંઝર પહેરાવ્યાં. પોતે પણ પહેર્યાં. દરેકને પુષ્પની માળા પહેરાવી. પોતે પણ પહેરી અને રાસક્રીડા શરૂ થઈ. આકાશમાં સ્વર્ગમાંથી રાસલીલા જોવા તેત્રીસ કરોડ દેવતાઓ હાથમાં પુષ્પ લઈ આવેલા. રાસ શરૂ થતાં જ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ. ચારેબાજુ જયજયકાર થવા લાગ્યો. ''ગિરિરાજધરણકી જય.'' ઠાકોરજી સ્થળ પર રમતાં રમતાં જળમાં આવી ગોપીઓ સાથે પાણીની પિચકારી મારી રમવા માંડ્યા. દેવો કહેવા લાગ્યા, ''ગોવાળિયાઓને અને ગોપીઓને ધન્ય છે કે જેઓને પરમકૃપાળુ પરમાત્મા સાથે રાસ રમવાનો અધિકાર મળ્યો છે.'' છ મહિના સુધી રાસક્રીડા ચાલી. બધી ગોપીઓને મનમાં અભિમાન જાગ્યું કે અમે કેવા જબરાં ! અમે સામે ચાલીને આવ્યાં ત્યારે મોંઘો થતો હતો અને હવે છોડતો નથી ! ગોપીઓમાં જાગેલા અહંકારને જાણી લઈ એક ગોપીને લઈ ભગવાન રાસરમતમાંથી અદૃશ્ય થઈ ગયા. ભગવાનને એકાએક અલોપ થયેલા જાણી ગોપીઓ બેબાકળી બની ગઈ. કૃષ્ણવિહોણી ગોપીઓ આંખમાંથી આંસુ સારતી કૃષ્ણને શોધવા જંગલમાં ભટકવા લાગી. ગોપીઓ તુલસી પાસે આવી. પૂછવા લાગી, ''ભગવાન તારા મૂળમાં તો નથી છુપાયા ?'' જવાબ ન મળ્યો. ભગવાનને વહાલા પીપળા પાસે આવી. પીપળાને ગોપીઓ પૂછવા લાગી, ''તેં અમારા ઠાકોરજીને જોયા છે ?'' જવાબ ન મળ્યો. ક્યાંય ભગવાન ન મળ્યા. ગોપીઓ ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી. જ્યાં જ્યાં ભગવાનનાં પગલાં પડેલાં જોયા ત્યાં ત્યાં શોધવા લાગી. એક ગોપીએ કહ્યું, અહીં કાન કોઈકનું વજન લઈને ચાલ્યો લાગે છે. તેનાં પગલાં કાદવમાં ખૂંપી ગયાં છે. ભગવાનનાં પગલાંની રજ માથે ચડાવી. ભગવાનનું સ્તવન

કરતી રડતી, પડતી ચાલે છે. રસ્તામાં એક વેણી તેમણે પડેલી જોઈ. વેણી હાથમાં લીધી. આ તો આપણા જેવી જ વેણી છે. આ વેણી પહેરનારને ભગવાન સાથે લઈ ગયા લાગે છે. વેણી હાથમાં લઈ ભગવાનનું સ્મરણ કરતી કરતી વનમાં આગળ ચાલે છે. ત્યાં જેની વેણી હતી તે ગોપી રાધા હતી. રાધા તારી આ દશા ? આ તારી વેણી. રાધા કહે, "તમારા બધાનાં દિલમાં અભિમાન જાગ્યું. ભગવાને કહ્યું, "રાધા, ચાલ મારી સાથે. તને હું વૈકુંઠમાં મૂકી આવું." મેં ના કહી તો તેણે મને ઊંચકી લીધી. ચાલતાં ચાલતાં વચમાં સુંદર પુષ્પનો બગીચો આવ્યો. ભગવાને વેણી બનાવી, મને નવી વેણી અંબોડામાં પહેરાવી અને જૂની નાખી દીધી. અમે બન્ને ચાલવા લાગ્યાં. એક વખત મને તેડી લીધેલી. તેથી મને ફરી તેડી લે તેવી ઈચ્છા જાગી. મેં કનૈયાને કહ્યું, "હું થાકી ગઈ છું, તું મને તેડી લે." ઠાકોરજી કહે, "રાધા આ કદંબના ઝાડ પર ચડી જા અને મારા ખભા પર બેસી જા." જેવી હું ઝાડ પર ચડી એટલે કનૈયો છૂ થઈ ગયો. હું અહીં ઝાડ પર લટકતી બેસી રહી છું." ગોપીઓ કહે, "હવે આપણે શું કરીશું? કનૈયાને કોઈપણ સંજોગોમાં મેળવવો પડશે." સમૂહમાં ગોપીઓએ રાધા સહિત ભગવાનની સ્તુતિ કરી, જેને ગોપીગીત કહેવાય છે. એકવીસ હજાર છસ્સો ગોપીઓએ તેત્રીસ કરોડ દેવતાઓ સાંભળે તેમ "ગોપીગીત" ગાયું."

## ગોપીગીત

"હે વહાલા કૃષ્ણ ! તારા જન્મથી જ વ્રજનું રૂપ અધિક ખીલ્યું છે. વ્રજમાં ચારેબાજુ તારો જયજયકાર બોલાય છે. હે કૃષ્ણ ! તારા કમળ જેવા સુંદર સ્વરૂપને વિચારતાં જ અમે તારી સાથે જોડાઈએ છીએ અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ છીએ. હે કૃષ્ણ ! અનેક મુશ્કેલીઓમાં અમારું રક્ષણ કરનાર ભગવાન ! અમને દર્શન આપો." ગોપીઓની આંખો બંધ થાય છે. ચોધાર આંસુએ ગોપીઓ રડે છે. "તારાં દર્શન વગર અમે અહીંથી જવાનાં નથી. હે કૃષ્ણ ! તેં સાત વર્ષની ઉંમરે તારી ટચલી આંગળી પર ગિરિરાજ પર્વત ધારણ કરી,

અમારું રક્ષણ કરેલું. તને પ્રણામ કરીએ છીએ. કાલીનાગને અભયદાન આપનાર કૃષ્ણ ! તેના માથા પર તારા પગ મૂક્યા. અમારે ય તારા જમણા પગના અંગૂઠાનો સ્પર્શ કરવાની ઈચ્છા છે. હે ભગવાન ! એક વખત પણ સાચા દિલથી જે તને પ્રણામ કરે છે, તેના પર તું અવશ્ય કૃપા કરે છે. હે ગોવર્ધન ગિરિધારી ! લક્ષ્મીજી એમ માનતાં હતાં કે તમારી સેવા કરવાનો અધિકાર તેમને જ છે. અમારું મન તારા ચરણસ્પર્શ કરવા તત્પર થયેલું છે. રોજ સાંજે તું ગાયો ચારીને આવે તેની રાહ જોઈએ. સવારે તું વનમાં જાય ત્યારે સુંદર તૈયાર થયેલો હોય. સાંજે વાળમાં રજ ભરાઈ હોય, પગમાં કાંટા વાગ્યા હોય, છતાં તારું મુખકમળ ક્યારેય કરમાયું નથી. વનમાં ગાયો ચારતાં ચારતાં પગમાં કાંટો વાગે ત્યારે ગોવાળિયા તને પૂછે, "હે કનૈયા ! તને તકલીફ થાય છે ?" ત્યારે તું કહે છે, મને તો વનમાં જવાનો, ફરવાનો શોખ છે. ગાયો ચારીને આવતાં, પગમાંથી કાંટો ભગવાન ! તમે પોતે કાંટાથી કાઢતા, ત્યારે અમે તને મદદ કરવાનું કહેતાં પણ તે વખતે તારી ના જ હોય. કનૈયા, માફ કરજે, તને મદદ કરવાને બહાને તારા જમણાં પગનું તળિયું જોવાનો મોકો મળે એથી અમે બ્રહ્માને કહ્યું હતું કે કાંટો જલદી ન કાઢતાં અને બ્રહ્માએ મારી વિનંતી માની હતી."

"આ વાત તમે યાદ રાખી હોય તો અમારી ભૂલ થઈ છે. તેની અમે માફી માગીએ છીએ. એ વાત તેં યાદ રાખી હોય તો અમને માફ કર. અમારાં માતા, પિતા, ધન, જાગીર સર્વસ્વ છોડીને અમે તારા ચરણમાં આવ્યાં છીએ. અમે અભિમાન કરતાં નથી. અમે મોહિત થયાં, પણ હવે અમે તારો આધાર નહીં છોડીએ. અમે તારા ચરણમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ છીએ. દર્શન આપો, દર્શન આપો." આંખમાંથી ગંગા-જમુના વહેવાં લાગ્યાં. "છેલ્લીવાર હે ભગવાન ! આપણે એકાંતમાં મળતાં. મળતાં મળતાં તેં અમારી ભૂલની યાદી અપાવી અને અમને એક વર્ષની સજા કરી. એક વર્ષ તારા વિયોગનું અમને એક હજાર વર્ષ જેવું લાગ્યું. તે વચન આપેલું. એક વર્ષ પછી સાથે રાસક્રીડા કરીશું. એ સુંદર મોકો તેં અમને આપ્યો. દેવતાઓએ પણ આવું ભગવાનનું સ્વરૂપ કદી જોયું ન હતું. અમને

આટલું રસપાન કરાવી, અમારા કયા પાપને લીધે તું અમારી વચ્ચેથી એકાએક અંતરધ્યાન થઈ ગયો ? હે કનૈયા ! તું ચોક્કસ માનજે કે તેં અમને એક વર્ષની તપસ્યા કરાવી, પણ હવે એક ઘડી વર્ષો જેવી લાગે છે.'' શુકદેવજી કહે, ''હે પરીક્ષિત ! ગોપીઓ હાથ લાંબા કરી પ્રણામ કરે છે.'' ''સાષ્ટાંગ દંડવત્ પ્રણામ ! અમારી પ્રાર્થનાનો સ્વીકાર કરો.'' ગોપીઓ ધ્રૂસકે ધ્રૂસકે રડતી જાય છે. તેત્રીસ કરોડ દેવતાઓની આંખમાં આંસુ આવી ગયાં. હવે ગોપીઓમાં બોલવાની કે ઊભા રહેવાની શક્તિ ન હતી. ત્યાં કૃષ્ણ પધાર્યા. કૃષ્ણ કહે, ''ગોપીઓ ! હું મોડો પડ્યો છું, માટે હું તમારી સૌની માફી માગું છું. ચાલો, હવે અધૂરી રાસક્રીડા પૂરી કરીએ.'' રાધાને ભગવાન પર ગુસ્સો આવતો હતો. રાધા કહે, ''ઊભો રહે, એક વાત પૂછું. મોડો કેમ આવ્યો ? ક્યાં ગયેલો ?'' કૃષ્ણ કહે, ''મારા ગુરુ દુર્વાસા મુનિ ભૂખ્યા હતા. તેમને સામગ્રી આપવા ગયો હતો. હું અર્ધી સામગ્રી જ આપીને આવ્યો છું. અર્ધી તમે આપી આવો. મારું અધૂરું કામ તમે પૂરું કરો.'' દુર્વાસા મુનિને ગોપીઓ જમાડવા ચાલી. યમુનાજીમાં ઘોડાપૂર આવ્યાં હતાં. ગોપીઓ કહે, ''હે મા યમુનાજી ! અમારા ગુરુજી ભૂખ્યા છે. કૃપા કરી અમને માર્ગ આપો.'' યમુનાજીએ માર્ગ આપ્યો. ગોપીઓએ અનેક મિષ્ટાન્ન દુર્વાસા મુનિને જમાડ્યાં. જલ્દી જલ્દી જમાડી ગોપીઓ પાછી આવી. પાછાં યમુનાજીમાં ઘોડાપૂર આવેલાં જોઈ ગોપીઓ યમુનાજીને વિનંતી કરવા લાગી કે, ''હે મા યમુના ! અમારો કનૈયો અખંડ બ્રહ્મચારી હોય તો અમને માર્ગ આપો. ગોપીઓની વિનંતી સાંભળી મા યમુનાએ ગોપીઓને માર્ગ કરી આપ્યો. યમુનામાં પૂર ઓછાં થયાં. ગોપીઓ કનૈયા પાસે આવી કહે, ''હે કનૈયા ! તને નમસ્કાર, તારા ગુરુજીને નવગજના નમસ્કાર.''

''આજે ફરીથી ભગવાને ગોપીઓ સાથે રાસક્રીડા શરૂ કરી. રાધાનું મોઢું ચડ્યું. ભગવાન કહે, ''પહેલીવાર મેં બધાંને વેણી પહેરાવેલી. આ વખત નથણી પહેરી રાસ રમવાનો છે. જેણે નથણી ન પહેરી હોય તે રાસક્રીડા ન કરે. રાસનો રંગ ખૂબ જામ્યો. ગોપીઓ કહેતી હતી નાચી લો, નાચી લો. બધા ખૂબ નાચ્યાં. રાધા એક બાજુ

બેઠી હતી. નાચતી ન હતી. ભગવાને ઝાપટ મારી રાધાની નથ લઈ લીધી. કોઈ દિવસ ન રમ્યા હોય તેવો રાસનો રંગ જામ્યો. રાધા કહેવા લાગી, "રાસ રમતાં મારી નથ ખોવાણી છે. જડી હોય તો હે કનૈયા ! આપી દે." કનૈયો કહે, "તેં ક્યાં ખોઈ ? ક્યાં ખોવાણી ?" રાધા કહે, "તેં લઈ લીધી." ભગવાને રાધાજીને નથ આપી દીધી. ભગવાન કહે, "રાધા વિના આ સારુંયે વન સૂનું લાગે છે." હજારો ગોપીઓ સાથે રમી રાસક્રીડા પૂરી કરી. કાનુડો ગોપીઓને કહે, "હે ગોપીઓ ! હું ગમે ત્યાં જઈશ, પણ તમારા પ્રેમને ક્યારેય નહીં ભૂલું." ગોપીઓએ ભગવાનની માફી માગી."

## રાસક્રીડાનો અર્થ

"રાસક્રીડા એટલે માણસ સૂતો હોય ત્યારે એકવીસ હજાર છસ્સો મનની ઈન્દ્રિયો-નાડીઓ હોય છે. તેમાંથી માણસ જાગે ત્યારે સોળ હજાર એકસો આઠ વૃત્તિઓ કામ કરે છે. તેને એકત્રિત કરી, ભગવાનમાં જોડી દઈ શકીએ તો ભગવાનનો સાક્ષાત્કાર થાય. ભગવાનના નામની માળા ફેરવતાં મન ભમવું ન જોઈએ. મનને ભગવાનમાં સ્થિર કરવા માણસે કોશિશ કરવી જોઈએ."

## કંસવધ

શુકદેવજી કહે, "હે પરીક્ષિત ! બાલકૃષ્ણનાં ચારેબાજુથી વખાણ સંભળાવા લાગ્યાં. બાલકૃષ્ણનો જયજયકાર થવા લાગ્યો અને મથુરામાં કંસનો જીવ કળીએ કળીએ કપાવા લાગ્યો. પોતાની દરબાર સભામાં કંસ કહેવા લાગ્યો કે તમે બધા નામર્દ છો. એક નાનકડા છોકરાને મારી શકતા નથી ? હવે હું પોતે જ તેને મારવાની તૈયારી કરું છું. મેં અનેક રાક્ષસો કૃષ્ણને મારવા મોકલ્યા. કોઈ જીવતો પાછો ન આવ્યો. હવે હું કૃષ્ણને મથુરા બોલાવવાની યોજના કરું છું. કંસે યોજના કરી. કનૈયાને લેવા કોને મોકલવો ? કંસે વિચાર્યું, અક્રૂરજીને મોકલું. ત્યાં નારદજી આવ્યા. કંસ કહે, "તમે ખોટા, તમારી આકાશવાણી ખોટી ?" નારદજી કહે, "હે કંસ ! જરા વિચારી જો, તને અને મને

છઠ્ઠીને દિવસે ભાન હતું ? આ કનૈયાએ તો છઠ્ઠીના દિવસે માસી પૂતનાને મારી. તે માણસમાં શક્તિ કેવી હશે ?'' કંસ આ સાંભળી ખૂબ કોપાયમાન થયો અને કહેવા લાગ્યો, સૌ પ્રથમ કનૈયાનાં માતા-પિતા વસુદેવ-દેવકીને જ મારી નાખું. નારદજી કહે, ''વાસુદેવ-દેવકીને મારી નાખશો તો કનૈયો આવશે જ નહીં. તેને જેલમાં નાખો. કંસે બહેન-બનેવીને લોઢાની સાંકળે બાંધી જેલમાં નાખ્યાં. દેવકી-વસુદેવને કહે, ''આપણાં નસીબ તો જુઓ, દીકરાનો જન્મ થયો. જન્મતાં જ છૂ થઈ ગયો. હવે મળવાનો સમય થયો ત્યારે જેલમાં ?''

કંસે અક્રૂરને બોલાવ્યા અને કહ્યું, ''તમારે એક કામ કરવાનું છે.'' અક્રૂરજી ભગવાનના પિતરાઈ કાકા થાય અને કંસના સાઢુભાઈ થાય. અક્રૂરજી કહે, ''બોલો મારે શું કરવાનું છે ?'' કંસ કહે, ''વૃંદાવન જઈ નંદરાય, બલરામ અને કૃષ્ણને રથમાં બેસાડી અહીં લાવવાના છે.'' અક્રૂરજી કહે, ''ભલે હું જઈશ.'' કંસે રથ તૈયાર કરાવ્યો અને કહ્યું કે આવતીકાલે જઈ બધાંને લઈ આવજો. વહેલી સવારે પૂજા કરી. બગલમાં નિજસેવા ઝાંપીજીમાં રાખી. અક્રૂરજી કંસના રાજમહેલમાં આવ્યા. કંસે રથ તૈયાર રખાવ્યો હતો. અક્રૂરજીને રથમાં બેસાડ્યા. ડાબા હાથમાં ચાબુક અને જમણા હાથમાં લગામ આપી. અક્રૂરજી વિચારે છે કે હું કનૈયાને લેવા જાઉં ? ન જાઉં ? નિર્ણય ન કરી શક્યા. રથ આગળ અને આગળ ચાલે છે. રથ ધીમો પડી ગયો. અક્રૂરજી વિચારે છે, હું ક્યાં છું ? હું ક્યાં જાઉં છું ? નિર્ણય ન કરી શક્યા. સાંજે ગાયો ચારી ભગવાન ઘરે ગયા હતા તેમનાં પગલાં જોયાં. અક્રૂરજી રથમાંથી ઊતરી આળોટવા લાગ્યા. લગામ હાથમાં રાખી ચાલતાં અક્રૂર ગોકુળમાં આવ્યા. એક વ્રજવાસીએ અક્રૂરને પૂછ્યું, ''છતે વાહને રસ્તે કેમ ચાલો છો ?'' અક્રૂરજી કહે, ''મારો ભગવાન ખુલ્લા પગે ગાયો ચારે છે, તો મારાથી રથમાં કેમ બેસાય ?'' ધીમે પગલે અક્રૂરજી નંદરાયને ઘરે આવ્યા. ઠાકોરજી ગાયો ચારી, સ્નાન કરી, ભોજનની તૈયારી કરતા હતા. નંદરાયને ખબર પડી કે અક્રૂરજી આવ્યા છે. અક્રૂરજીને આવકાર આપ્યો. અક્રૂરજીએ નંદરાયને કંસનો પત્ર આપ્યો અને પોતાની ઓળખાણ આપી. હું કૃષ્ણનો પિતરાઈ કાકો

છું. નંદરાયે ભગવાનને વાત કરી. ચાલો, બધા સાથે જમીએ. સાથે જમવું, સાથે ઊઠવું, બેસવું, તે ગોકુલનો નિયમ હતો. ભગવાને મોટાભાઈને કહ્યું, “કાકા થાકી ગયા છે. તેમને અતિથિગૃહમાં મૂકી આવો.” આ સાંભળી અક્રૂરજીને આઘાત લાગ્યો. મારે તો કનૈયાની બાજુમાં બેસી વાતો કરવી હતી. અક્રૂરજીની ભગવાને કસોટી કરી. બલરામ અક્રૂરજીને અતિથિગૃહમાં મૂકી આવ્યા. અક્રૂરજીએ ગાદલું બાજુ પર નાખી, બારણું અર્ધું ખુલ્લું રાખી હાથમાં માળા લીધી, વિચારવા લાગ્યા, મારી ભક્તિમાં કાંઈક ખૂટે છે. એક કલાક સુધી એકાગ્ર મને આસન પર બેસી ઈશ્વરની આરાધના કરી. ભગવાન કહે, “ચાલો મોટાભાઈ, કાકા સાથે વાતો કરવા જઈએ.” રાતે સાડા બાર વાગ્યે દરવાજો ખખડાવ્યો. અક્રૂરજીએ દરવાજો ખોલ્યો. કૃષ્ણ-બલરામને સાક્ષાત્ દીઠા. સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. અક્રૂરજી કહે, “હું કંસના દૂત તરીકે આવ્યો છું. તમને મથુરા લઈ જવા. જો તમે આવો તો હું રોકાઉં, નહીં તો પાછો જાઉં. કંસે જાહેરાત કરી છે. મોટો યજ્ઞ કરવાના છે અને વિવિધ કાર્યક્રમો યોજવાના છે.” બીજે દિવસે ભગવાને ગોકુળમાં જાહેરાત કરી, “સાંભળજો, બલરામ અને કૃષ્ણ કંસ રાજાના આમંત્રણથી મથુરા જાય છે. હે ગોવાળિયાઓ ! તમે મારા જિગરજાન દોસ્ત છો. હાથમાં લાકડી લઈ, માખણ લઈ રક્ષણ કરવા મારી સાથે ગાડામાં આવો. હું અને (બલરામ) મોટાભાઈ મામાના રથમાં જઈશું. આ જાહેરાતથી ગોકુલ, વૃંદાવનમાં સોપો પડી ગયો. આજે કૃષ્ણ મથુરા જવાના છે. ભગવાને ગોવાળિયાઓને બાજુમાં બેસાડ્યા અને કહ્યું, “આપણે ગામડાંના માણસ. મામાનું મથુરા તો શહેર કહેવાય. ત્યાં બહુ ઓછું બોલવું, બૂમ-બરાડા ન પાડવા.” ગોવાળિયાઓ ગુસ્સે થઈ ગયા. તારે જવું હોય તો જા, પણ અમે તો જે બોલતાં હશું તે જ બોલીશું. ગોવાળિયાઓ “ગિરિરાજધરણકી જય” અને “કૃષ્ણ કનૈયાલાલકી જય” પોકારવા લાગ્યા.

નંદરાયે ગોવાળિયાઓને કહ્યું, “આપણે આવતી કાલે મથુરા જવા નીકળવાનું છે.” યશોદાએ આજે મારો કાન મથુરા જવાનો છે,

તેથી હોંશે હોંશે સામગ્રી તૈયાર કરી. શણગાર તૈયાર કર્યા. ગોપીઓ અને રાધા કાનને મળવા આવી હતી. કાન આજે ગોકુળ છોડી જાય છે. આપણે માતા યશોદાને મદદ કરીએ. બધાયની આંખો રડીરડીને સૂઝી ગઈ હતી. ગોપીઓ યશોદાને કહે, "મૈયા અમે તને મદદ કરીએ." યશોદાજીએ કહ્યું, "હે ગોપીઓ ! કાનનો છેલ્લો શણગાર તૈયાર કર્યો છે. મારું હૈયું કાબૂમાં નથી. આવડે એવી સામગ્રી તૈયાર કરી છે. આજે આપણો કાન વિદાય લે છે. ત્યારે હું મારે હાથે કાનને મિષ્ટાન્ન આરોગાવું એવી મારી ઇચ્છા છે." ગોપીઓ અંદરના ખંડમાં બેઠી. સામગ્રી તૈયાર થઈ. ગોવાળિયાઓ લાકડી લઈ મથુરા જવા તૈયાર થયા. નંદરાય યશોદાને કહે, "સામગ્રી તૈયાર હોય તો કાનને જમાડી લ્યો." યશોદા કહે, "ગોપીઓ, કાનને મારા કરતાં તમારા પર વધારે પ્રેમ છે. કાન જમે ત્યારે તમે બાજુના ખંડમાં બેસજો. તમને જોશે તો સામગ્રી આરોગી નહીં શકે." ટોળું કાનને મળવા આવ્યું. રાધાજી વિચારે છે કે હું કાન વિના રહી નહીં શકું. રાધા રથનાં પૈડાં નીચે સૂઈ ગઈ. રાધા અક્રૂરજીને કહે, તમારે કાનને મથુરા લઈ જવો હોય તો આ રથને મારા શરીર પરથી ચલાવીને લઈ જજો. બહુ જ ભારે હૈયે યશોદા કાનને વિદાય આપવાની તૈયારી કરે છે, છતાં જતી વખતે હૈયું હાથ રહેતું નથી. ભગવાન કહે, "મા યશોદા ! તમે સામગ્રી આરોગી લો પછી હું વિદાય લઉં. આજે કાન વૃંદાવન છોડી જવાનો હતો. એકેય ગાય વનમાં ચરવા ન ગઈ. વૃક્ષો હાલતાં બંધ થયાં. હવા ધીમી ચાલવા માંડી. વૃંદાવન આખું ધ્રૂસકે ધ્રૂસકે રડતું હતું. યશોદાએ ભગવાનના કપાળમાં તિલક કર્યું. માળા પહેરાવી. ભગવાને મા યશોદાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. યશોદાએ કાનના શરીર પર પોતે બાંધેલા દોરડાના ડાઘ જોયા. યશોદા કાનને કહેવા લાગ્યાં, "હે મારા કાન ! હું તને વસમી વિદાય આપું છું અને સાથે સાથે માફી પણ માગું છું. મેં તને કચકચાવીને દોરડાથી બાંધ્યો હતો. તેનો ઘા હજી નથી રુઝાયો. મને માફ કરજે. તારી માને કહેજે, યશોદા માએ મારા પર જુલમ કર્યો છે. તું જતાં પહેલાં મને એકવાર માફ કરી દે." ઠાકોરજી કહે, "એક માએ જન્મ આપી ત્યજ્યો, બીજી માએ મારાં

તોફાન સહન કર્યાં. જગતને બાંધનાર "હું" તારા હાથે બંધાયો. જ્યાં પણ જઈશ, તારા પ્રેમને નહીં ભૂલું. મા ! એકવાર આશિષ આપ." ઠાકોરજીએ મા યશોદાનાં આંસુ પોતાના ખેસ વડે લૂછ્યા. કૃષ્ણે પૂછ્યું, "મા, ગોપીઓ ક્યાં છે ? રાધા ક્યાં છે ?" રાધા તો રથનાં પૈડાં નીચે સૂતાં છે. ઠાકોરજી રાધા સૂતી હતી ત્યાં પૈડાં પાસે બેસી ગયા અને કહે, "રાધા ઊભી થા." કૃષભાનુ રાજાની દીકરી રાધાએ ઠાકોરજીનો પ્રેમ સંપાદન કર્યો. તેને કાનનો વિરહ લાગ્યો. રાધા કહેવા લાગી "હું નહીં ઊભી થાઉં. અક્રૂરજી ! મારા શરીર પરથી રથને ચલાવો. કાન ! તારો વિયોગ મારાથી નહીં સહેવાય. હું તારા વિના રહી નહીં શકું. તું મને વૈકુંઠ લઈ જવાનું કહેતો હતો. આજે હું તારી સાથે આવવાની છું. તારા વિના ગોકુળ, વૃંદાવનનું જીવન નકામું છે. મારા પરથી રથ ચલાવી દો." વાતાવરણ ગમગીન હતું. રાધાને કેમ સમજાવું ? ઠાકોરજી રથનાં પૈડાં પાસે બેસી 'રાધે, રાધે, રાધે' કહી સમજાવતા હતા. ગોપીઓનાં હાથમાં મગ, ચોખા, ફૂલ વગેરે હતાં. નંદરાય ગોવાળિયાઓ સાથે મથુરા જવાના હતા. યશોદાની આંખો રડી રડીને સૂઝી ગઈ હતી. ગાયો ચારી કૃષ્ણ આવે ત્યારે વૃંદાવન નવપલ્લવિત થતું હતું, પણ આજે બધું શાંત હતું. ઠાકોરજીએ બંસરી કાઢી, "હે રાધે ! તારા નામે જાહેરાત કરું છું કે આજ પછી બંસરી નહીં વગાડું." ગોપીઓએ અને વ્રજવાસીઓએ ભગવાનની આરાધના કરી. ગગનભેદી અવાજ થવા લાગ્યા. "કૃષ્ણ કનૈયા લાલકી જય." ભગવાન રથમાં બેસી ગયા. મથુરા જવા નીકળ્યા. રથ દેખાતો બંધ થયો ત્યાં સુધી બધાંએ દર્શન કર્યાં. ગોપીઓ લાંબા હાથ કરી પ્રાર્થના કરવા લાગી, "ગોવિંદ દામોદર માધવેતિ." સ્વજનોનો વિયોગ બહુ વિકટ છે. યશોદાએ નંદરાયને કહ્યું, "મથુરાનું કાર્ય પતાવી કાનને લઈ વહેલામાં વહેલી તકે પાછા આવી જજો." અક્રૂરજીએ રથ ચલાવ્યો. યમુનામાં સ્નાનપાન કર્યાં. ભગવાને યમુનાજીમાં ડૂબકી મારતાં અક્રૂરજીને વૈકુંઠનાં દર્શન કરાવ્યાં. મથુરામાં કૃષ્ણની આવવાની તૈયારી કરવામાં આવી હતી. અક્રૂરજીએ કાન અને બલરામને કહ્યું, "પહેલાં મારે ઘેર જમીને પછી જાવ." ભગવાન કહે, "મામાનું નોતરું

છે. પહેલાં ત્યાં જવા દો. ભગવાનનું મથુરામાં ઠેકઠેકાણે જાતજાતનું સ્વાગત કરવામાં આવ્યું. ભગવાનનાં અનેક પરાક્રમોની લોકોએ વાતો સાંભળી હતી. તેથી ભગવાનને જોવા માનવમહેરામણ ઊમટ્યો હતો. મથુરામાં રથ પ્રવેશ્યો. ભગવાનના પગમાં ચાખડી ન હતી. ભગવાન રથમાંથી ઊતરી ગયા. ગોવાળિયાઓ સાથે આગળ ચાલવા લાગ્યા. રાજમાર્ગ પર આવ્યા એટલે એક નાગરિકને પૂછ્યું, "ભાઈ રાજમહેલ કયા માર્ગે છે ?" રામ-અવતારનો ધોબી આ જનમમાં કંસના કપડાં લઈને જતો હતો. તેને પૂછ્યું, પણ કાંઈ જવાબ ન મળ્યો. ભગવાને ધોબી પાસે કપડાં માગ્યાં. ધોબીએ કપડાં તો ન આપ્યાં પણ જેમ તેમ બોલવા લાગ્યો. ભગવાને તેને એક તમાચો મારી તેનાં કપડાં પહેરી લીધાં. બલરામે પણ પહેર્યાં. થોડાં ગોવાળિયાઓને પણ આપ્યાં. ગોવાળિયાઓને અને બલરામ-કૃષ્ણને કપડાં બંધબેસતાં ન થયાં. આગળ એક દરજી મળ્યો. તેણે પ્રેમપૂર્વક બધાનાં કપડાં બંધબેસતાં કરી આપ્યાં. બધાંએ પહેરી લીધાં. ભગવાને દરજીને આશીર્વાદ આપ્યા. ભગવાન કહે, "આપણે શહેરમાં આવ્યા છીએ તો સરસ શણગાર કરી મહેલમાં જઈએ." રસ્તામાં સામે માળી મળ્યો. ભગવાને માળીને પૂછ્યું, "માળા છે ?" માળીએ "હા" પાડી. બધાને માળીએ એક એક માળા આપી. બધાએ માળા પહેરી લીધી. ગોવાળિયાઓ કહે, "કનૈયા ! કપાળમાં તિલક નહીં હોય તો મામો કહેશે, આ બધા યજ્ઞમાં આવ્યા છે કે ખરખરો કરવા ? સામેથી એક સ્ત્રી આવતી હતી, જેનું અંગ આઠ જગ્યાએથી વાંકું હતું. તે હાથમાં ચાંદીના વાટકામાં ચંદન વિલેપન લઈ આવી હતી. ભગવાનને કહ્યું, "રામ ! મને તિલક કરવા દો." ભગવાને પૂછ્યું, "કોણ છે તું ?" સ્ત્રીએ કહ્યું, "હું રામ-અવતારની મંથરા છું. મને મારી મારીને લોકોએ મારું શરીર વાંકું કરી નાખેલું. આ જનમમાં મારું નામ કુબ્જા છે. અમારા રાજા કંસને ભયંકર રોગ થયો છે. તેને લેપ કરવા આ ચંદન ઘસીને લઈ જાઉં છું." ભગવાન કહે, "તારા રાજાને કયો રોગ થયો છે ?" કુબ્જાએ કહ્યું, "ચિંતાનો રોગ." "રાજાના આ રોગ માટે ચંદન ઘસું છું." કુબ્જાથી બોલાઈ ગયું કે "આ ચંદન રાજા માટે છે." કાનુડો કહે,

"અમને રાજાની વસ્તુ ન ખપે." કુબ્જા કહે, "મને ખબર મળેલાં કે મારા રામ આવવાના છે. તેથી મને જે રોજના આઠ આના મજૂરી લેખે મળે છે તે ભેગા કરું છું. છ દિવસથી મેં ખાધું નથી. તે પૈસા બચાવી તમારે માટે ચંદન લાવી છું." પરમ કૃપાળુ પરમાત્માએ કુબ્જા પાસે તિલક કરાવ્યું. ભગવાને કુબ્જાના બરડામાં પગ માર્યો કે અષ્ટવક્રા કુબ્જા સોળ વર્ષની સુંદરી થઈ ગઈ. કુબ્જાએ ભગવાનને આમંત્રણ આપ્યું કે "મારે ઘેર સામગ્રી આરોગવા પધારો." ભગવાને કહ્યું, "જરૂર આવીશ. પહેલું આમંત્રણ અક્રૂરજીનું અને બીજું તારું." મથુરાના વેપારીને ખબર પડી કે ભગવાન આવ્યા છે. 'તેથી અમારે ત્યાં પધારો, અમારે ત્યાં પધારો' એમ આવકાર આપવા લાગ્યા. સૌએ ભગવાનની પૂજા કરી. ભગવાન એક વેપારીની દુકાનમાં પ્રવેશ્યા એટલે વેપારીને ત્યાં ગ્રાહકો આવવા માંડ્યા. ઠાકોરજીનાં પગલાંથી ગ્રાહકો આવતાં જોઈ ભગવાનને વધુ રોકાવા વેપારીઓ આગ્રહ કરવા લાગ્યા. ભગવાનને કહે તમને જે જોઈશે તે માલ પડતર કિંમતે આપીશું. વધુ ભાવ નહીં લઈએ, પણ આપ અમારી દુકાનમાં પધારો. ભગવાને જોયું, આજે આખું મથુરા શણગાર્યું છે. રસ્તામાં કંસના સિપાઈઓએ ભગવાનને રોક્યા. ભગવાન કહે, "મામા કંસે અમને આમંત્રણ મોકલી અહીં બોલાવ્યા છે." સિપાહીઓ કહે, "ઠીક છે, આ રહ્યો રાજા કંસના મહેલનો રસ્તો, પણ આ રસ્તા વચ્ચે પડેલું ધનુષ તોડીને તારે જવાનું છે." વસુદેવ-દેવકી કારાવાસના છાપરા પર ચડી કાનને જોવાં બેઠાં છે.

ભગવાન સિપાહીને કહે, "આ ધનુષ તમે કેટલા માણસ ઉપાડો છો ?" એક મકાન પર કનૈયાની નજર ગઈ તેના પર લખ્યું હતું, મથુરા કારાવાસ ! વાંચતાં જ ઠાકોરજીને ખૂબ દુઃખ થયું. નંદરાયે કનૈયાને ભૂખ લાગી હશે એમ માની સામગ્રી આપી. પણ માતા-પિતાની યાદ આવતાં કાંઈ ન ખાધું. નંદરાય કાનને પૂછે છે, "કેમ ખાતો નથી ? ગાયો, ગોપીઓ, યશોદા યાદ આવ્યાં ?" કનૈયો કહે, "જન્મને પહેલે દિવસે છોડ્યા પછી આજે મારા મા-બાપની આવી દશા જોઈ મને ખૂબ દુઃખ થયું, જેમનાં દર્શન ખાતર મેં પ્રતિજ્ઞા લીધી છે તે યાદ

આવી ગયાં.'' ઠાકોરજીએ ૫૦૦ માણસ જેને ઉપાડવા જોઈએ તે ધનુષ ઘડીના છઠ્ઠા ભાગમાં શેરડીનો સાંઠો તોડે તેમ તોડી નાખ્યું. આખી મથુરા નગરીમાં હાહાકાર મચી ગયો. આગળ ચાલતાં રસ્તામાં હાથી મળ્યો. મહાવતે હાથીને દારૂ પિવડાવેલો. જેવો કૃષ્ણ આવે એટલે મારી નાખવો, એમ મહાવતે હાથીને શિખવાડેલું. જેવો હાથી ભગવાનની સામે આવ્યો કે તરત જ ભગવાને હાથીની સૂંઢ ડાબા હાથમાં લઈ જમણા હાથે મુઠ્ઠીનો પ્રહાર કર્યો. હાથીના દાંત બહાર નીકળી ગયા. અઢાર ફૂટ સુધી ઊંચે લોહીના ફૂવારા ઊડ્યા. ઠાકોરજીએ હાથીનું પૂછડું ખેંચ્યું, છેલ્લો શ્વાસ લેતાં હાથીનો સંહાર થયો. મથુરાના પહેલે દરવાજે ધનુષ તોડ્યું. બીજે દરવાજે હાથીનો સંહાર કર્યો. જાણે કાંઈ જ ન બન્યું હોય તેમ ત્રીજા દરવાજે આવ્યા. ત્યાં કુસ્તીબાજ મલ્લો ચાણૂર અને મુષ્ટિક ઊભેલા હતા. ભગવાને તે બન્નેને પૂછ્યું, ''તમે બન્ને કેટલાં વર્ષનાં ? ૭૫, ૭૬ વર્ષના લાગો છો. હું તો સોળ વર્ષનો છું. મને મારશો તો લોકો કહેશે કંસે બાળકને મારી નાખ્યો.'' આજુબાજુમાં ઊભેલાં કરોડો લોકો 'હાય હાય' કરતાં હતાં. ઠાકોરજીએ લોકોને કહ્યું, ધીરજ રાખો, ભગવાને હસતાં હસતાં ચાણૂર અને મુષ્ટિકને કહ્યું, ''આપણે કુસ્તી કેમ કરવાની છે ?'' ચાણૂર અને મુષ્ટિક ભગવાનને પૂછે છે, ''તને કુસ્તી લડતા આવડે છે, તરતાં આવડે છે ?'' ભગવાને હા કહી. ''હાથે હાથે, ખભે ખભે કુસ્તી આવડે છે ?'' ભગવાને હા કહી ''ધનુષ, તીર-કામઠાંથી યુદ્ધ આવડે છે ?'' ભગવાને હા કહી. હવે ભગવાને ચાણૂર-મુષ્ટિકને પૂછ્યું, ''તમને તરતાં આવડે છે ?'' ''ના.'' ''ચોરી કરતાં ?'' હા. ચોરી કરતાં આવડે છે. ભગવાન કહે, ''તમે મામા કંસના વફાદાર છો, તમને બધું જ આવડવું જોઈએ. બધી તૈયારી હોવી જોઈએ.'' શુકદેવજી કહે છે, ''હે પરીક્ષિત રાજા ! ત્રીજા દરવાજે ચાણૂર-મુષ્ટિક જોડે ભયંકર રણસંગ્રામ ભગવાને ખેલ્યો. ચાણૂર-મુષ્ટિક મહાબળવાન હૃષ્ટપુષ્ટ હતા. ભગવાને બળદેવજીને કહ્યું, ''આનો સંહાર કર્યા વિના છૂટકો નથી.'' કાને ચાણૂરનો સંહાર કર્યો. બળદેવજીએ ઘડીના છઠ્ઠા ભાગમાં મુષ્ટિકનો સંહાર કર્યો. ભગવાને મંચ પર બેઠેલા મામા કંસને પગેથી કચડ્યો અને તેનો સંહાર

કર્યો. બળદેવજી કહે, “હવે આપણે અહીંથી જઈએ”, ત્યાં તો કંસની બે પત્નીઓ અસ્તિ અને પ્રાપ્તિ ત્યાં આવ્યાં. ભગવાન કહે, “મામી, તમને હું પગે લાગું છું. બહેનનો ચોટલો ખેંચનારની આ દશા થાય છે.” કંસનો સંહાર કરી પછી ભગવાને પોતાની માતા દેવકીના પિતા ઉગ્રસેનને મથુરાના રાજા બનાવ્યા. જે પોતાના જ્ઞાતિજનો કંસના સિતમથી મથુરા છોડી ગયેલા તેઓને ફરી બોલાવી સર્વ સગવડો આપી મથુરામાં રાખ્યા. ત્યાંથી પરમ કૃપાળુ પરમાત્મા સીધા મથુરાના કારાવાસમાં ગયા અને દેવકી, વસુદેવને જેલમાંથી છોડાવ્યાં. માતા-પિતાને આટલા લાંબા સમયે મળતાં ભગવાન ધ્રૂસકે ધ્રૂસકે રડવાં લાગ્યાં. દેવકી-વસુદેવ પણ આટલાં વર્ષે પુત્રનું મિલન થતાં ગાંડા-ઘેલાં થઈ ગયાં. દેવકી વસુદેવને કહેવા લાગ્યાં કે, “વસુદેવ, તમને યાદ છે કે મેં સંકલ્પ કર્યો હતો કે જ્યારે મારો કનૈયો મને પાછો મળશે ત્યારે હું લાખ ગાયોનું દાન કરીશ. નંદરાય વસુદેવને કહે, “હે દેવકી-વસુદેવ ! આ તમારી મૂડી તમે સાચવી લો.” બળદેવજીએ નંદરાયને કહ્યું, “તમે જ અમારાં માતા-પિતા છો. તમારો જ સ્નેહ પ્રાપ્ત કરી, જન્મથી આવડા મોટા થયા છીએ. અહીં સગાં, સ્નેહી, સ્વજનોને સુખી કરી અમે તેમને મળવા વ્રજમાં જરૂર આવીશું.” વસુદેવે કૃષ્ણ કનૈયાના જાત કર્મ સંસ્કાર કરાવ્યા. કપડાં પહેરાવ્યાં. ભગવાને નંદરાયને પ્રણામ કર્યા. મોટાભાઈએ રથ તૈયાર કર્યો. વસુદેવે દેવકીને કહ્યું, “આપણે નંદરાયને ગોકુળ જવા વિદાય આપીએ. નંદરાયને કૃષ્ણ અને બલરામે પ્રણામ કર્યા. નંદરાયને રથમાં બેસાડ્યા. નંદરાયને આઘાત લાગ્યો. ‘કાનને લીધા વગર જાઉં છું. હું યશોદાને શો જવાબ આપીશ ?’ જ્યારથી કનૈયાએ ગોકુળ છોડ્યું ત્યારથી લોકોએ, ગાયોએ, ખાવાનું છોડ્યું હતું. ‘કનૈયો હમણાં આવશે, હમણાં આવશે’ એમ રાહ જોતા હતાં. નંદરાય વસુદેવને કહે છે, “મારા કૃષ્ણને ક્યારે ગોકુળ મોકલશો ? એકલો ન આવે તો તમે સાથે લઈ આવજો.”

“નંદરાય ગોકુળ જવા રવાના થયા. જેવો રથ આવ્યો કે ગોકુળ ગાજવા લાગ્યું. લોકોએ ભગવાનને રથમાં ન જોયાં કે તરત યશોદાએ નંદરાયને પૂછ્યું, “મારો કાન ક્યાં છે ?” નંદરાયે જવાબ આપ્યો કે

"જેનો હતો તેને આપી દીધો." નંદ-યશોદા ભગવાનના વિરહમાં ઝૂરવાં લાગ્યાં.

"વસુદેવે, બળદેવ અને કૃષ્ણને ઉજ્જૈયિમાં સાંદીપનિ નામના ગુરુને ત્યાં વિદ્યાભ્યાસ માટે મૂક્યા. ગુરુની સેવા કરતાં બન્ને ભાઈઓ વિદ્યાભ્યાસ કરવા લાગ્યા. એક દિવસ ચોમાસાની ઋતુમાં ગુરુપત્નીએ કૃષ્ણ અને સુદામા નામના બીજા એક વિદ્યાર્થીને જંગલમાં લાકડાં કાપવા મોકલ્યા. રસ્તામાં ખાવા પોટલીમાં ગુરુપત્નીએ પૌઆ બાંધી આપ્યા. લાકડાં કાપીને આવતા હતા ત્યાં મૂશળધાર વરસાદ પડવા લાગ્યો. નદીમાં પૂર આવ્યાં. આગળ જવાય એમ ન હતું. બન્ને જણા એક ઝાડ પર ચડી ગયા. સુદામાને ભૂખ લાગી. ગુરુપત્નીએ આપેલા પૌઆ યાદ આવ્યા. કૃષ્ણને પૂછ્યું, "તારે પૌઆ ખાવા છે ?" કૃષ્ણે ના કહી. સુદામાએ થોડા પૌઆ ખાધા. થોડીવારે ફરી પૌઆ સુદામાએ પૂરા કર્યા. ઘણું મોડું થતાં કૃષ્ણે સુદામાને કહ્યું, "લાવ કંઈક હોય તો મને ભૂખ લાગી છે." સુદામા કહે, "પૌઆ તો હું બધા જ ખાઈ ગયો." ભગવાને કહ્યું, "કંઈ વાંધો નહીં."

"આશ્રમમાં સાંદીપનિ ઋષિએ કૃષ્ણ અને સુદામાને ન જોયા. પોતાની પત્નીને પૂછ્યું, "કૃષ્ણ, સુદામા ક્યાં છે ?" પત્ની કહે, "મેં લાકડાં લેવા જંગલમાં મોકલ્યા છે." સાંદીપનિએ પત્નીને ઠપકો આપ્યો. "આટલા મૂશળધાર વરસાદમાં ક્યાં લાકડાં લેવા જંગલમાં મોકલ્યા ?" સવારે વરસાદ ઓછો થતાં કૃષ્ણ અને સુદામા લાકડાનો ભારો લઈ આશ્રમમાં આવી ગયાં."

"બળદેવ અને કૃષ્ણનો વિદ્યાભ્યાસ હવે પૂરો થઈ ગયો. તેઓની શક્તિ જોઈ ગુરુજી જાણી ગયા કે આ તો સાક્ષાત્ વિશ્વંભર છે. ભગવાને કહ્યું, "અમે વિદાય લઈએ છીએ. અમારે આપને ગુરુદક્ષિણા આપવી છે. કહો શું આપીએ ?" સાંદીપનિ ઋષિએ કહ્યું, "પ્રાપ્ત કરેલી વિદ્યાનો પ્રચાર કરજે, બસ !" ગુરુપત્નીએ કહ્યું, "હે કૃષ્ણ ! પ્રભાસપાટણમાં દરિયો અમારા દીકરાને ગળી ગયો છે. તે પાછો લાવી આપો." તરત જ બન્ને ભાઈઓ પ્રભાસપાટણ આવ્યા. દરિયાને કહ્યું, "ગુરુપુત્રને તું ગળી ગયો છે, તે પાછો આપ." દરિયો

કહે, "હું ગળી ગયો નથી. અહીં પંચજન નામનો રાક્ષસ રહે છે તે હરણ કરી ગયો હશે." ભગવાને રાક્ષસને મારી નાખ્યો. તેના પેટમાંથી પણ ગુરુપુત્ર ન નીકળ્યા. ત્યાંથી યમરાજ પાસે આવ્યા અને વિનંતી કરી કે "તમે તમારા કર્મને આધીન થઈ અમારા ગુરુપુત્રને અહીં લાવ્યા છો. તેને મારા કહેવાથી પાછો દો." યમરાજ કહે, "બહુ સારું." યમરાજાએ ગુરુપુત્રને પાછો આપી દીધો. આમ ભગવાને પોતાના ગુરુને તેમનો પુત્ર પાછો મેળવી આપ્યો. ગુરુજીએ કહ્યું, "તમે મને સારી પેઠે દક્ષિણા આપી છે. હવે તમારે ઘેર જાવ. તમારી કીર્તિ ચારે બાજુ ફેલાવો." ગુરુજીએ રજા આપી એટલે બળદેવ અને કૃષ્ણ રથમાં બેસી પોતાના નગરમાં આવ્યા. ઘણા સમયથી જોયેલા નહીં, તેથી નગરજનો ભગવાનનાં દર્શન કરી આનંદ પામ્યાં. પરમ કૃપાળુ પરમાત્મા મથુરા નગરીમાં વિરાજમાન હતા. ગોકુળમાં નંદરાય, યશોદા, ગોપીઓ અને વ્રજવાસીઓ ભગવાનની રાહ જોતાં હતાં. એ જ વખતે હસ્તિનાપુરથી તેમની ફઈબા કુંતાજીનો સંદેશો આવ્યો, "કૃપા કરી વહેલામાં વહેલી તકે અહીં આવી જજો." સંદેશો મળતાં ઠાકોરજી અક્રૂરજીને ત્યાં ગયાં. અક્રૂરજીને કહ્યું, "કાકા, તમારી બહેન, મારી ફઈબાનો સંદેશો આવ્યો છે. મને જલદી બોલાવે છે. તમે હસ્તિનાપુર ફઈબા પાસે જાવ અને કહો કે હું વહેલી તકે તમને મળવા આવું છું." ઉદ્ધવજી ભગવાનના પરમ ભક્ત, મિત્ર અને મંત્રી હતા. વિદ્યાભ્યાસ કરી ભગવાન આવ્યા એટલે મળવા આવ્યા હતા. વસુદેવ-દેવકીએ ઉદ્ધવનું સન્માન કર્યું. આઠ દિવસથી ભગવાનનું હૈયું કાબૂમાં ન હતું. ગોકુળથી વારંવાર સંદેશા આવતા હતા. ગોકુળવાસીઓ "કાન આવ્યો, કાન આવ્યો" એમ સતત વિચારતા હતા. નંદ, યશોદા સહિત સૌ પાદર બેસી કનૈયાની રાહ જોતાં હતાં. ભગવાને પોતાના પરમ મિત્ર ઉદ્ધવને કહ્યું, "તમે ગોકુળ જાઓ. મારા માતા-પિતાને અને ગોપીઓને મારો સંદેશો આપી મારા વિરહથી દુઃખી મનવાળાને પ્રસન્ન કરો. સંદેશો હું મોઢેથી નહીં, હું લખાવું છું તેમ તેમ લખો." વસુદેવ-દેવકી બાજુમાં બેઠાં છે. કાંઈપણ લખતાં પહેલાં બહુ ધીરજથી વિચાર કરી ભગવાને લખાવ્યું, "શરીર

મારું અહીંયાં છે, મન તમારા ચરણમાં છે. મારાં અનેક તોફાનો સહન કરનારી યશોદા મા, પિતા નંદરાયને મારા સાષ્ટાંગ દંડવત્ પ્રણામ. તમારી વસમી વિદાય લઈ, તમને છોડી મથુરા આવ્યો છું. પણ મારું મન ગોકુળમાં છે. મન, વચન, કર્મથી તમારાં ચરણકમળમાં સાદર પ્રણામ. હે ઉદ્ધવ ! મારો સંદેશો મા યશોદા અને નંદરાયને આપજો. મારી ગાયો પર મારા વતી હાથ ફેરવજો. ઘાસ નાખજો. મારી લાકડી ખૂણામાં રાખજો. મારા વતી મારી ગાયોને મારી યાદ આપી વહાલ કરજો." આટલું કહેતાં ઠાકોરજીનું હૈયું ભરાઈ ગયું. "હે નંદરાય, યશોદા ! આ ઉદ્ધવને મેં તમારી પાસે મોકલ્યો છે. તે તમને અહીંની બધી વિગત આપશે. તેને ગોપીઓ પાસે લઈ જજો." ગોપીઓને કહેજો, "હે ગોપીઓ, તમે મને એટલો વશ કર્યો છે કે હું તમારી સાથે જ છું." ઠાકોરજીની આંખમાંથી દડદડ આંસુ વહી જાય છે. "હે ઉદ્ધવ ! આ મારું પીતાંબર ઓઢો. મારા રથમાં જાવ. સમયની ગણતરી કરશો મા." રથમાં ઉદ્ધવજીને બેસાડ્યા. રથ ગયો. દેખાયો ત્યાં સુધી ભગવાન જોઈ રહ્યા.

"સાંજે યશોદા-નંદરાયના દરવાજામાં રથ આવ્યો. લાગ્યું કાન આવ્યો. કાનને ન જોતાં નંદ, યશોદાને આઘાત લાગ્યો. નંદરાયે ઉદ્ધવજીનો સત્કાર કર્યો. નંદરાયે મથુરાના સમાચાર પૂછ્યા. "અમારો કાન ક્યારે આવશે ?" નંદ-યશોદા કનૈયાના ગયા પછી ફક્ત પાણી પર રહેતાં હતાં. "અમે અમારા કનૈયાનાં ક્યારે દર્શન કરીશું ? હે ઉદ્ધવજી ! કાનુડાનાં પરાક્રમો, તોફાનો વાતચીતમાં સંભારીએ છીએ ત્યારે અમને બીજું કાંઈ કરવું ગમતું નથી. અમારા હાથમાં લીધેલાં કામો અટકી જાય છે. ગર્ગાચાર્યનાં વચન પ્રમાણે હું માનું છું કે કૃષ્ણ અને બલરામ દેવોનું મોટું કાર્ય કરવા પૃથ્વી પર આવેલા છે. જેણે દસ હજાર હાથીના બળવાળા કંસને માર્યો, અતિ ભારી ધનુષને તોડ્યું. હાથીને માર્યો અને જેણે સાત સાત દિવસ ગોવર્ધન પર્વતને ટચલી આંગળી પર ધર્યો, અનેક રાક્ષસોને માર્યા, આવાં પરાક્રમો જગતનિયંતા ભગવાન જ કરી શકે." આમ શ્રીકૃષ્ણનાં પરાક્રમો યાદ કરી યશોદાની આંખમાંથી ચોધાર આંસુ વહેવાં માંડ્યાં. ભગવાન

પ્રત્યેનો અનહદ પ્રેમ જોઈ ઉદ્ધવજી આનંદ પામ્યા અને બોલ્યા, "હે નંદરાય, યશોદા, તમે પરમ ભાગ્યશાળી છો. પરમ કૃપાળુ પરમાત્મા જ પુત્ર સ્વરૂપે આપને ત્યાં પધાર્યા. આપે વાત્સલ્યભાવે આટલો સમય ઠાકોરજી સાથે વ્યતીત કર્યો. તમારે હવે શું કરવાનું બાકી છે ? તમારું જીવન કૃતકૃત્ય થયું છે. ઠાકોરજી તમને આપેલા વચન પ્રમાણે થોડા સમયમાં જ વ્રજમાં પધારશે. તમારું માતા-પિતાનું પ્રિય કરશે. તમે બન્ને ખેદ કરો મા. થોડા જ વખતમાં તમે શ્રીકૃષ્ણનાં દર્શન કરશો. પોતે નિર્ગુણ નિરાકાર, અજન્મા હોવા છતાં પૃથ્વી પર માનવરૂપે જન્મ લે છે, ત્યારે માનવસહજ રીતે જ વર્તન કરે છે." ઉદ્ધવજી નંદ યશોદાને કહે છે "મને તમારા કનૈયાની ગૌશાળા બતાવો" ઉદ્ધવજીને ગૌશાળામાં લઈ ગયા. ઉદ્ધવજીનું પીળું પીતાંબર જોઈ ગાયો ભાંભરવા લાગી. ચારે બાજુથી અવાજ સંભળાવા લાગ્યા. "કૃષ્ણ કનૈયાલાલકી જય", "ગિરિરાજધરણકી જય." ઉદ્ધવજીએ આ ગોકુળવાસીઓનો ઠાકોરજી માટેનો ઉત્કટ પ્રેમ જોયો ત્યારે લાગ્યું કે આ બધાં શ્રીકૃષ્ણ વિના કેમ રહેતા હશે ? વહેલી સવારે યમુનાપાન કરી ગોપીઓને ભગવાનનો સંદેશો આપીશ. એમ વિચારતા હતા. નંદરાયના બારણે કાનનો રથ આવેલો જોઈ ગોપીઓને લાગ્યું કે કનૈયો આવ્યો લાગે છે. બધી ફૂલ લઈ કાનુડાને વધાવવા આવી. તે જ ક્ષણે મહારાણી યમુનાનું સ્નાનપાન કરી ઉદ્ધવજી આવ્યા. એકવીસ હજાર છસ્સો ગોપીઓ ફૂલ લઈ ઊભી હતી. ગોપીઓ વિચારે છે કે આ કૃષ્ણ જેવા દેખાવવાળો કોણ છે ? અને ક્યાંથી આવ્યો હશે ? ગોપીઓ હસતી હસતી ઉદ્ધવજીને વીંટળાઈ વળી. શ્રીકૃષ્ણનો તમારે માટેનો સંદેશો લાવ્યો છું. એમ ઉદ્ધવજીએ ગોપીઓને કહ્યું એટલે ઉદ્ધવજીને આસન પર બેસાડ્યા, સારી રીતે સત્કાર કર્યો. ગોપીઓ ઉદ્ધવજીને પૂછવા લાગી, "શ્રીકૃષ્ણે માતા-પિતાને યાદ કરી સંદેશો આપવા તમને અહીં વ્રજમાં મોકલ્યા, પણ માતા-પિતા સિવાય અહીં વ્રજમાં કોઈ તેને યાદ આવતું હોય એમ અમને લાગતું નથી. પુરુષોએ સ્ત્રીઓ સાથે કરેલી મિત્રતા મતલબ પૂરતી હોય છે." શ્રીકૃષ્ણના બાળપણ અને કિશોરાવસ્થાનાં પરાક્રમો યાદ કરતી રડવા લાગી, એટલામાં એક

(ભ્રમર) ભમરો નીકળ્યો. ગોપીઓ ભગવાનને સંભળાવતી હોય એમ ભમરાને કહેવા લાગી.''

## ભ્રમરગીત

''હે ભમેલા, ફરતો ફરતો અજાણ્યાં દેશમાંથી આવ્યો. દિનદશાનું ભાન ન હતું. અહીંના બગીચાનાં ફૂલમાંથી રસ ચૂસવા લાગ્યો. મદમસ્ત થયો. તને કોઈએ કહ્યું કે, ગોકુળનાં ફૂલથી મથુરાનાં ફૂલ વધુ રસવાળા છે એટલે તું ત્યાં ચાલ્યો ગયો. હવે અહીં શા માટે આવ્યો ? તું અમને શું કહેવા આવ્યો છે. અહીંથી ચાલ્યો જા.'' શુકદેવજી કહે છે, ''હે રાજા પરીક્ષિત ! ઉદ્ધવજી કૃષ્ણનાં દર્શન માટે તડપતી ગોપીઓને તેઓ માટેનો સંદેશો કહી શાંત પાડતા કહેવા લાગ્યા, ''હે ગોપીઓ તમે ભાગ્યશાળી છો. તમે ફક્ત ઠાકોરજીમાં જ મન પરોવ્યું છે. જે પ્રેમ ઠાકોરજીનો તમે મેળવ્યો છે તેથી તમે કૃતકૃત્ય થઈ ગઈ છો. મને તમારા કાને કહેવડાવ્યું છે કે, ''હે ગોપીઓ મારું શરીર ભલે મથુરામાં હોય પણ મારું મન તમારી પાસે જ છે. હું ગમે ત્યાં જઈશ પણ તમારા પ્રેમને નહીં ભૂલું.'' ગોપીઓ ભગવાનનો સંદેશો સાંભળી ગાંડીઘેલી થઈ ગઈ. ભગવાનનાં સંસ્મરણ ગાવા લાગી. ઉદ્ધવજી ગોપીઓનો શોક દૂર કરવા કેટલોક સમય કૃષ્ણનાં ગુણગાન કરતાં વ્રજમાં રહ્યા. વ્રજવાસીઓનાં દિવસો ઉદ્ધવજીની સાથે ઠાકોરજીના ગુણગાન કરતાં આનંદમાં વ્યતીત થયા. પછી નંદરાય યશોદા ગોપીઓ, વ્રજવાસીઓએ જાતજાતની ભેટો કાનને આપવા ઉદ્ધવજીને આપી, કહેવા લાગ્યા, ''અમારું બોલ્યું-ચાલ્યું માફ કરજો. એકવાર કાનને કહેજો અહીં જરૂર પગલાં પાડે.''

''ઉદ્ધવજી વ્રજમાંથી વિદાય લઈ મથુરા આવ્યા. પરમ કૃપાળુ પરમાત્માને નંદરાય યશોદા, ગોપ-ગોપીઓ અને વ્રજવાસીઓએ જે વિવિધ ભેટો મોકલી હતી તે બલરામ અને કૃષ્ણને આપી. ઠાકોરજીએ ઉદ્ધવને પૂછ્યું, ''ગોપીઓએ મારે માટે શો સંદેશો મોકલ્યો છે ?'' ઠાકોરજી ગોપીઓનો સંદેશો સાંભળવા આતુર હતા. ઉદ્ધવજીનું હૈયું ભરાઈ આવ્યું, બોલી શક્યા નહીં. ભગવાન કહે, ''હે ઉદ્ધવ, તું

બોલતો કેમ નથી ? કંઈક થયું લાગે છે ? કેમ બોલતાં નથી ?'' ઉદ્ધવજી કહે, ''તમે જે ગોપીઓને પ્રેમ આપ્યો છે અને લીધો છે, તેમાંનું હું કાંઈ આપી કે મેળવી શક્યો નથી. ગોપીઓનો તમારા પ્રત્યેનો ઉત્કટ પ્રેમ જોઈ મારું હૈયું ગદ્‌ગદિત થઈ જાય છે. બોલી શકતો નથી. નંદ, યશોદા, ગોપ-ગોપીઓની તમારા પ્રત્યેની નિષ્કામ ભક્તિ યાદ કરતાં જ હૈયું ભરાઈ આવે છે.''

''પરમ કૃપાળુ પરમાત્મા મથુરામાં વિરાજમાન છે. તેણે મથુરા આવતાં અક્રૂરજી અને કુબ્જાને તેઓને ઘરે આવવાનું વચન આપેલું. તે વચન પ્રમાણે ઠાકોરજી કુબ્જાને ઘેર ગયા. કુબ્જાની પૂજાનો સ્વીકાર કર્યો. કુબ્જાને ઘેર એક દિવસ રહ્યા. પછી ઠાકોરજી બલરામ અને ઉદ્ધવજી સાથે અક્રૂરજીને ઘેર ગયા. ઠાકોરજી અને બલરામે કાકા અક્રૂરજીને પ્રણામ કર્યા. સામે અક્રૂરજીએ પણ વંદન કર્યાં. ભગવાનને અક્રૂરજીએ કહ્યું, ''હે પ્રભુ ! જે દેવોને પણ દુર્લભ છે તેવા આપનાં આજે મને પ્રત્યક્ષ દર્શન થયાં. કૃપા કરી આપ મારાં સંસારનાં બંધનો કાપી નાખો, જેથી હું સતત આપના સાન્નિધ્યમાં રહી આપની આરાધનામાં જીવન પૂરું કરું.'' ઠાકોરજીએ અક્રૂરને કહ્યું, ''આપ અમારા વડીલ છો. તમે મારું એક કામ કરો. હસ્તિનાપુર જાવ અને પાંડવ બાળકો અને માતા કુંતાની ખબર લઈ આવો. પછી હું તેમનું કલ્યાણ થાય તે રીતે કાર્ય કરીશ. ઠાકોરજી અક્રૂરને આજ્ઞા કરી પોતાને ઘેર ગયા.''

''અક્રૂરજી ઠાકોરજીની આજ્ઞા લઈ હસ્તિનાપુર આવ્યો. ધૃતરાષ્ટ્ર, કુંતી, ભીષ્મ વગેરેને મળ્યા. બધાને કુશળ સમાચાર પૂછ્યા. પાંડવો સાથે દુર્યોધન કેવો વહેવાર કરે છે તે જોવા અક્રૂરજી થોડો સમય હસ્તિનાપુરમાં આવ્યા. પાંડવો સાથે કેવો દુર્વ્યવહાર કરવામાં આવે છે તે વિગતવાર વાત કુંતી અને વિદુરે અક્રૂરજીને કરી. કુંતી પોતાના પિયરિયાઓને યાદ કરી રડતાં રડતાં ખબર અંતર પૂછવાં લાગ્યાં. ''અમારા દુઃખમાં શ્રીકૃષ્ણ સિવાય બીજાઓનો આધાર હું જોતી નથી, તો શ્રીકૃષ્ણ અમારી મદદે આવશે કે નહીં ? કૃષ્ણ અમને યાદ કરે છે કે નહીં ?'' તેમ અક્રૂરજીને પૂછવાં લાગ્યાં. અક્રૂરજીએ તેમને આશ્વાસન

આપી શાંત કર્યાં. પછી મથુરા જવા તૈયાર થયા, એટલે ધૃતરાષ્ટ્રને પણ મળવા ગયા. અક્રૂરજીએ ધૃતરાષ્ટ્રને કહ્યું, "હે રાજા ! નીતિ અને ન્યાયથી રાજ્ય ચલાવજો. કોઈનેય અન્યાય ન થાય તે જોજો. નહીં તો નરકમાં જવું પડશે."

"અક્રૂરજી પાછા મથુરા આવ્યા અને પાંડવો સાથે ધૃતરાષ્ટ્રનો કેવો વ્યવહાર છે તેના સમાચાર વિગતવાર બલરામ-શ્રીકૃષ્ણને આપ્યા."

## કાલયવનનો નાશ

હે પરીક્ષિત ! શુકદેવજી કહે, "કંસના મૃત્યુ પછી કૃષ્ણની બે મામીઓ અસ્તિ અને પ્રાપ્તિ પોતાને પિયર ગઈ. પિતા જરાસંઘને પોતાના પતિને ઘાતકી ભાણેજે કઈ રીતે મારી નાખ્યો તેની વિગતવાર વાત કહી. વાત સાંભળી જરાસંઘ ક્રોધે ભરાયો અને પોતાના જમાઈને મારનારને મારવા પોતાની મોટી સેના લઈ યુદ્ધ કરવા આવ્યો. ભગવાન અને બલદેવ પાસે હથિયાર ન હતાં. આકાશમાંથી બે રથ ભરી હથિયારો આવ્યાં. બન્ને ભાઈઓએ હથિયાર ધારણ કર્યાં. સત્તર વખત જરાસંઘને હરાવ્યો. અઢારમી વખત નારદજીએ મોકલેલા કાલયવન નામના મહાબળવાન યવનને લઈ જરાસંઘ લડવા આવ્યો. મથુરાવાસીઓ યુદ્ધથી કંટાળી ગયેલાં. ભગવાનને કહે, લડાઈ કરવી હોય તો મથુરા છોડી જાવ અને યુદ્ધ ન કરવું હોય તો મથુરામાં રહો. ભગવાન વિચારવા લાગ્યા, મથુરા છોડી ક્યાં જવું ? મથુરાથી નીકળ્યા. પહેલાં રાજસ્થાનમાં બે દિવસ રહ્યા. ત્યાંથી સૌરાષ્ટ્ર આવ્યા. દરિયાકાંઠે ત્રીજે દિવસે ઘડીના છઠ્ઠા ભાગમાં સોનાની દ્વારકા નગરી ભગવાને બનાવી દીધી. પાંચમે દિવસે મથુરા આવી વસુદેવ, દેવકી અને યદુવંશીઓને લઈ દ્વારકામાં રહેવા જવાનું નક્કી કર્યું. મથુરા પર જરાસંઘ કાલયવનને લઈ ત્રેવીસ અક્ષૌહિણી સેના લઈ યુદ્ધ કરવા આવેલો. ઠાકોરજી એકલા હતા. કાલયવન ભયંકર હતો. કાલયવનને વરદાન હતું કે યદુવંશી તને મારી શકશે નહીં અને તે વરદાનને સાચું પાડવા ભગવાને કાલયવનને મારવાને બદલે પગમાંથી

ચાખડી કાઢી દોડવા માંડ્યું. પાછળ કાલયવન પણ દોડવા લાગ્યો. દોડતાં દોડતાં ગિરનારના જંગલમાં આવ્યા. પર્વતની ગુફામાં એક માણસ સૂતો હતો. તેને ઠાકોરજીએ પોતાનું પીતાંબર ઓઢાડી દીધું. ભગવાન આગળ ચાલ્યા. કાલયવને જોયું કે કૃષ્ણ પીતાંબર ઓઢી સૂતા છે. કાલયવને તે સૂતેલા પુરુષને પાટું માર્યું. પાટું મારતાં જ એ પુરુષ બેઠો થઈ ગયો. ભગવાન થોડે દૂર ઊભા રહી જોતાં હતાં. કાલયવન બળીને ભસ્મ થઈ ગયો. ભગવાને તે પુરુષને પૂછ્યું, "તું કોણ છે ?" તેણે જવાબ આપ્યો, "હું માંધાતાનો દીકરો મુચુકુંદ છું." મુચુકુંદે ભગવાનને પૂછ્યું, "તું કોણ છે ?" ભગવાને કહ્યું, "હું યદુવંશમાં જન્મેલ દેવકી-વસુદેવનો દીકરો કૃષ્ણ છું. તેં આ કાલયવનને મારી મોટું કામ કર્યું છે." મુચુકુંદે કહ્યું, "મેં દેવતાઓને વિજય અપાવ્યો. દેવોએ મને વરદાન માગવા કહ્યું. મેં સુખપૂર્વકની નિદ્રા માગી. મને જે ઉઠાડશે તે બળીને ભસ્મ થશે એવું વરદાન દેવોએ મને આપેલું. ત્યારથી હું આ ગુફામાં સૂતો હતો. કાલયવને મને પાટું મારી ઉઠાડ્યો એટલે તે તરત બળીને ભસ્મ થઈ ગયો. ભગવાન કહે, "તેં મારું કામ કર્યું છે, એટલે મારે તને વરદાન આપવું છે. તું માંગ તારે શું જોઈએ ?" મુચુકુંદ રાજા કહે, "મારે કાંઈ જ જોઈતું નથી." ભગવાન કહે, "મારે તને કાંઈક આપવું છે. આવતા જન્મે આજ ભૂમિ પર બ્રાહ્મણ તરીકે જન્મ લઈશ. ઈશ્વરભક્તિ કરતાં તને મોક્ષ મળશે." મુચુકુંદ રાજા બીજા જન્મમાં ભક્ત નરસૈયો થયા."

શુકદેવજી કહે, "હે પરીક્ષિત ! જરાસંઘે મથુરામાં લૂંટ ચલાવી, સોનું લૂંટ્યું. સોનું બિહાર મોકલ્યું. ત્યાં તેનો મુગટ તૈયાર કરાવ્યો. મુગટ તૈયાર કરતાં વર્ષો લાગ્યાં. લડાઈમાં ભીમસેને જરાસંઘને માર્યો. જરાસંઘના દીકરાએ આ મુગટ ભીમસેનને ભેટ આપ્યો. ભીમસેન મુગટ પહેરવા જતો હતો, ત્યાં શ્રીકૃષ્ણે તેને અટકાવ્યો અને કહ્યું, "લડાઈમાં મુગટ ન પહેરાય. હાથમાં લઈ લો." "આ મુગટ ચોરેલા સોનાનો છે. ન પહેરવો." તેમ લખી તેના પર ચિઠ્ઠી મારો. કાગળની પટ્ટીમાં લખી મુગટ પર ચોંટાડી. સમય જતાં તે પટ્ટી નીકળી ગઈ.

હે પરીક્ષિત ! તેં આ જરાસંઘનો ચોરેલા સોનાનો મુગટ પહેર્યો અને ભૂલ કરી બેઠો.

"જરાસંઘ સાથેનો સંગ્રામ છોડી ભગવાન સોનાની દ્વારકામાં આવ્યા. ઓખા મંડળના રાજા રૈવતે બ્રહ્માજીના કહેવાથી પોતાની કન્યા રેવતી બળદેવજીને પરણાવી. પરીક્ષિત રાજાએ શુકદેવજીને પૂછ્યું, "હે શુકદેવજી ! શ્રીકૃષ્ણ ભીષ્મક રાજાની રુક્મિણીને પરણ્યાં, તે વાત સાંભળવા ઈચ્છુક છું."

## રુક્મિણીહરણ અને વિવાહ

શુકદેવજી કહે, "હે પરીક્ષિત ! વિદર્ભના રાજા ભીષ્મકને પાંચ દીકરા અને એક દીકરી હતી. દીકરીનું નામ રુક્મિણી હતું. એક દિવસ બપોરે રાજા જમવાની તૈયારી કરતા હતા. રુક્મિણી રસોડામાં રસોઈ કરતાં હતાં. ત્યાં "શ્રીમન્ નારાયણ... નારાયણ" કરતાં નારદજી આવ્યા. ભીષ્મક રાજાએ "પધારો પધારો" કહી નારદજીનો આદર સત્કાર કર્યો. ભીષ્મકે નારદજીને પૂછ્યું, "નારદજી મારે પાંચ દીકરા છે અને એક દીકરી છે. દીકરી ઉંમરલાયક થઈ છે. કોઈ યોગ્ય મુરતિયો ધ્યાનમાં હોય તો બતાવો." નારદજીએ કહ્યું, "દ્વારકાધીશ કૃષ્ણ એક યોગ્ય મુરતિયો છે." શ્રીકૃષ્ણનાં રૂપ, ગુણ, પરાક્રમ અને ઐશ્વર્યનાં નારદજી ગુણગાન કરવા લાગ્યા. રુક્મિણીએ સાંભળતાં જ મનથી નક્કી કરી લીધું કે વરું તો વિઠ્ઠલવરને જ. ભીષ્મકનો મોટો દીકરો રુક્મિ આવ્યો એટલે ભીષ્મકે શ્રીકૃષ્ણની વાત કરી. નારદજી તારી બહેનના વિવાહ કરવા આ મુરતિયો બતાવી ગયા છે. રુક્મિ કહે, "હે પિતાજી ! તમારી સાઠે બુદ્ધિ નાઠી લાગે છે. કૃષ્ણ તો એક ગોવાળિયો છે. તેને રતન અપાતું હશે ! મેં તો મારી બહેનનું વેવિશાળ શિશુપાલ સાથે નક્કી કર્યું છે." રુક્મિણી મનોમન ઠાકોરજીને પ્રાર્થના કરવા લાગી, "હે ભગવાન ! મારી વહારે આવજો." તરત ને તરત એક વિદ્વાન બ્રાહ્મણને બોલાવી કાગળ લખી કૃષ્ણને રુક્મિણીએ સંદેશો મોકલ્યો. બ્રાહ્મણને કહ્યું, "આ કાગળ દ્વારકા જઈ શ્રીકૃષ્ણને આપજો." શ્રીકૃષ્ણને રુક્મિણીએ કાગળમાં લખી જણાવ્યું કે, "હે

ભુવનસુંદર શ્રીકૃષ્ણ, આપનાં રૂપ-ગુણ-પરાક્રમનાં ગુણગાન સાંભળી મારું મન આપનામાં લાગ્યું છે. આપને જ મેં પતિ તરીકે સ્વીકાર્યા છે. શિશુપાલ સાથે મારા વિવાહ નક્કી થયા છે. તે લગ્ન કરવા આવે તે પહેલાં હે પરમાત્મા ! મેં જો પરમેશ્વરનું પૂર્ણ આરાધન કર્યું હોય તો શ્રીકૃષ્ણ ! અહીં આવી મારું પાણિગ્રહણ કરો. હું ભવાની માતાના મંદિરે પૂજા કરવા જાઉં ત્યારે તમે મારું હરણ કરી મારી સાથે લગ્ન કરજો.'' શ્રીકૃષ્ણે રુક્મિણીનો સંદેશો વાંચી લીધો. ભીષ્મકે પોતાના દીકરા રુક્મિને કહ્યું, ''રુક્મિણીનાં લગ્નમાં દરેકને આમંત્રણ આપજે. ગોવાળિયા કૃષ્ણને પણ આમંત્રણ આપજો.''

''રુક્મિણીનાં લગ્નનો દિવસ આવ્યો. મહેમાનો આવવા માંડ્યાં. લગ્નના આગલા દિવસે ભગવાન કૃષ્ણ પણ આવી ગયા. બધાને મળવા લાગ્યા. રુક્મિને ય મળ્યા. કૃષ્ણે રુક્મિને વાતવાતમાં પૂછ્યું, ''હે મહાપરાક્રમી રુક્મિ ! તમારા આ કથપર ગામમાં મંદિર કેટલાં ? ભવાની માતાનું મંદિર ક્યાં આવ્યું ? અમારે અહીંથી દ્વારકા જતાં કેટલો સમય લાગશે ?'' રુક્મિ મનમાં વિચારવા લાગ્યો કે આ ગોવાળિયો તો ભારે કચકચિયો લાગે છે. રુક્મિએ કૃષ્ણને ગામનાં મંદિરો, રસ્તાઓ બરાબર બતાવી દીધાં. બીજે દિવસે રુક્મિણીનાં લગ્ન હતાં. શિશુપાલ ઐરાવત હાથી પર બેસી, સુંદર દાગીના પહેરી લગ્નને માંડવે આવ્યો. જરાસંઘ શિશુપાલનો અણવર છે. ભગવાને કહ્યું, ''તમને વાંધો ન હોય તો આ જાનને પાણી પાઈ આવું.'' પાણી પાવાને બહાને જાનૈયાઓની વચમાં ભગવાન જઈ ઊભા, જરાસંઘે, કૃષ્ણને જોયો. જરાસંઘને ધ્રાસકો પડ્યો. કૃષ્ણ તો મરી ગયો છે ? પાછો ક્યાંથી  આવ્યો ? વરરાજાના હાથમાં શ્રીફળ આપ્યું. પાણી વિનાનું હતું. પડી ગયું. વિધિ શરૂ થઈ. કાળી બિલાડી આડી ઊતરી.

''રુક્મિણી પાનેતર-ચૂડલો પહેરી ભવાની માતાના મંદિરે પૂજા કરવાં આવ્યાં. આ બાજુ લગ્નમંડપમાં અંતરપટ થયો. ''કન્યા પધરાવો સાવધાન !'' મામાને ગોર મહારાજે પૂછ્યું, ''કન્યા કેમ આવતી નથી ?'' મામા કહે, ''ભવાની માતાની પૂજા કરવા ગઈ છે.'' રુક્મિણીએ માતાજીની પૂજા કરી. ''હે મા ! આજીવન કૌમાર્ય પાળી તારી પૂજા કરી હોય તો વરું તો વિઠ્ઠલવરને જ.'' પૂજા કરી રુક્મિણી

મંદિરમાંથી નીકળ્યા કે શ્રીકૃષ્ણે રુક્મિણીનો જમણો હાથ પકડી લઈ રથમાં બેસાડી પ્રસ્થાન કર્યું. મામાએ લગ્નમંડપમાં જઈ અણવર અને બ્રાહ્મણને વાત કરી. પતી ગયું. રુક્મિણી ચાલી ગઈ.

"ઠાકોરજી મોટાભાઈ બળદેવ સાથે રથ લઈ ભાદરોળ આવ્યા. રુક્મિથી પોતાની બહેનનું હરણ કરી કૃષ્ણે રુક્મિણી સાથે લગ્ન કરી લીધાં તે વાત સહન ન થઈ. તેણે પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી મારી બહેનને પાછી લાવી શિશુપાલ સાથે ન પરણાવું ત્યાં સુધી હું કુંડિનપુરમાં પગ નહીં મૂકું. ગુસ્સે ભરાયેલો રુક્મિ શ્રીકૃષ્ણની પાછળ ગયો. રુક્મિ અને શ્રીકૃષ્ણ વચ્ચે ખૂબ લડાઈ થઈ. રુક્મિ ક્રોધે ભરાઈ પોતાના હાથમાંની તલવારથી ભગવાનને મારવા જતો હતો, ત્યાં ભગવાન શ્રીકૃષ્ણે પોતાના બાણથી તેની તલવાર અને ઢાલના ટુકડેટુકડા કરી નાખ્યા અને રુક્મિને મારવા જતા હતા ત્યાં ગભરાયેલા રુક્મિણી ભગવાનને પગે પડી પોતાના ભાઈને મારી નહીં નાખવાની વિનંતી કરવાં લાગ્યાં, એટલે ભગવાને રુક્મિને મારી નાખવાને બદલે તેને માથે મુંડન કરી, દાઢી, મૂછ કાપી બાંધી દીધો. બળદેવજીએ તેની દયા ખાઈને છોડી મૂક્યો અને કૃષ્ણને ઠપકો આપ્યો કે કોઈપણ સંબંધીને આવી શિક્ષા ન કરાય. બળદેવજીએ રુક્મિણીની માફી માગી, "હે રુક્મિણી ! તમારા ભાઈને અમારે મારવો ન જોઈએ. પણ દરેક માણસ પોતાનાં કર્મ અનુસાર ફળ ભોગવતો હોય છે." પછી ઠાકોરજી રુક્મિણીને દ્વારકા લઈ ગયા અને રુક્મિણી સાથે વિધિસર લગ્ન કર્યાં. કૃષ્ણ અને રુક્મિણીનાં લગ્નથી સારાયે દ્વારકામાં આનંદ આનંદ છવાઈ ગયો."

## જાંબવતી અને કૃષ્ણની વિવાહ

"દ્વારકામાં સત્રાજિત યાદવ સૂર્યના પરમ ભક્ત હતા. બાર વર્ષ સૂર્યની ઉપાસના કરી. સૂર્યનારાયણે પ્રસન્ન થઈ, સત્રાજિતને સ્યમંતક મણિ, જેનું કરોડો સૂર્ય જેવું તેજ હતું તે ભેટ આપ્યો. સત્રાજિત તે મણિ ગળામાં પહેરી દ્વારકા આવ્યો. મણિના તેજથી લોકો અંજાઈ ગયાં. લોકો કૃષ્ણને કહેવાં લાગ્યા કે "ખુદ સૂર્યનારાયણ આપનાં દર્શન

કરવા આવતાં લાગે છે. ઠાકોરજીએ હસીને કહ્યું, "આ સૂર્ય નથી. આ તો સત્રાજિત છે." સત્રાજિતે મણિને બ્રાહ્મણો પાસે પૂજા કરાવી પોતાના ઘરમાં રાખ્યો. સ્યમંતક મણિ જ્યાં હોય ત્યાં દુષ્કાળ ન પડે, દુઃખ-પીડા ન થાય. સર્પો, હિંસક પ્રાણીઓ ન આવે. રોગ ન આવે એવું સૂર્યદેવનું વરદાન હતું. ઠાકોરજીએ સત્રાજિતને કહ્યું, "આ મણિનાં દર્શન કરવા લોકો પડાપડી કરે છે. માટે હું તને મંદિર બંધાવી દઉં. તેમાં આ મણિ પધરાવ. મંદિરની ચાવી તારી પાસે રાખજે," પણ સત્રાજિત ન માન્યો. સત્રાજિતના ભાઈ પ્રસેનને મણિમાં ભાગ જોઈતો હતો. એક દિવસ પ્રસેન સ્વમંતક મણિ ગળામાં પહેરી જંગલમાં ભાગ્યો. જંગલમાં સિંહે તેને મારી નાખ્યો અને સિંહને એક રીંછ જે રીંછોનો રાજા હતો તેણે મારી નાખ્યો. રીંછનું નામ જાંબવાન હતું. જાંબવાને મણિ લઈ પોતાના બચ્ચાંને પોતાની ગુફામાં રમવા આપ્યો. આ બાજુ મણિ ચોરાઈ જવાથી અને પ્રસેનનો પત્તો ન હોવાથી, સત્રાજિત લોકોને કહેવા લાગ્યો કે મણિના લાલચુ કૃષ્ણે મારા ભાઈને મારી નાખી મણિ લઈ લીધો. ઠાકોરજી પર આક્ષેપ આવ્યો. ભગવાન મણિ શોધવા નીકળ્યા. ઠાકોરજીએ પણ મણિ લઈને જ દ્વારકા આવીશ એવી પ્રતિજ્ઞા કરી. ખોવાયેલી ચીજ પાછી મેળવવા નવચંડી, શતચંડી, સહસ્ત્રચંડી કરવામાં આવે છે. દ્વારકામાં લોકોએ ચંડીપાઠ કર્યા, પણ મણિનો પત્તો ન લાગ્યો. મણિ શોધતાં શોધતાં ભગવાન ગિરનાર પાસે આવ્યા. સિંહનાં અને પછી રીંછનાં પગલે પગલે ગુફા પાસે આવ્યા. ત્યાં એક ગુફામાં મણિનો પ્રકાશ દેખાયો. ભગવાન ગુફામાં દાખલ થયા. ગુફામાં જાંબવાન રહેતો હતો. જાંબવાન કૃષ્ણ સાથે લડાઈ કરવા લાગ્યો. ભગવાને જોરથી જાંબવાન પર મુઠ્ઠીનો પ્રહાર કર્યો. જાંબવાન હાર્યો. "આ તો ભગવાન રામ જ છે." માફી માંગી, કહ્યું કે, "હે પરમ કૃપાળુ પરમાત્મા, આપ જ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણરૂપ છો. દસ માથાવાળા રાવણનો સંહાર કરનાર રામચંદ્રજી આપ જ છો."

શુકદેવજી કહે : "હે પરીક્ષિત ! શ્રીકૃષ્ણે જાંબવાનને માથે હાથ મૂકી કહ્યું કે, "હે જાંબવાન ! આ મણિને લીધે મારા પર ખોટું આળ

આવ્યું છે. હું આ મણિ લેવા જ આ ગુફામાં દાખલ થયો છું. જાંબવાને ભગવાનનો સત્કાર કર્યો. મણિ સાથે પોતાની કન્યા જાંબવતી પણ આપી. ભગવાને જાંબવતી સાથે લગ્ન કર્યાં. દ્વારકા આવ્યા. સત્રાજિતને બોલાવી ભરી સભામાં મણિ કઈ રીતે મળ્યો તે વિગતવાર વાત કરી. તેનો મણિ તેને પાછો આપી દીધો. સત્રાજિત ખૂબ જ શરમાયો. તેણે પોતાની દીકરી સત્યભામાને કૃષ્ણ સાથે પરણાવી. કન્યાદાનમાં મણિ આપ્યો. કૃષ્ણ ભગવાને મણિ લેવાની ના પાડી અને શ્રીકૃષ્ણે મણિ સત્રાજિતને પાછો આપી દીધો.''

''લગ્નને બીજે દિવસે લાક્ષાગૃહમાં પાંડવો અને કુંતીને કપટ કરી કૌરવોએ બાળી નાખ્યા છે, તેવા સમાચાર મળતાં શ્રીકૃષ્ણ બળદેવ સાથે હસ્તિનાપુર ગયા. અક્રૂરજી ભગવાન હસ્તિનાપુર ગયાં ત્યારે તેની ગેરહાજરીમાં સત્યભામાનું પહેલાં જ્યાં વેવિશાળ સત્રાજિતે નક્કી કરેલું તે શતધન્વાને કહેવા લાગ્યા કે, ''તું સત્રાજિત પાસેથી સ્યમંતક મણિ કેમ લઈ લેતો નથી ? જો સત્યભામાને તારી સાથે પરણાવી હોત તો આ કિંમતી મણિ પણ તને મળત. શતધન્વાએ તેની બુદ્ધિ ભ્રમિત થતાં સત્રાજિતને મારી નાખી તેની પાસેથી મણિ લઈ લીધો. પોતાના પિતાજીના મરણના સમાચાર સત્યભામાએ કૃષ્ણ અને બળદેવને હસ્તિનાપુર મોકલ્યા. સમાચાર મળતાં ઠાકોરજી તરત દ્વારકા પાછા આવ્યા અને શતધન્વાને મરવા તૈયાર થયા. શતધન્વાને ખબર પડી કે કૃષ્ણ મને મારી નાખશે એટલે પોતાની પાસેનો સ્વમંતક મણિ અક્રૂરજીને ત્યાં સાચવવા આપી ભાગી નીકળ્યો. ભગવાન અને બળદેવ પણ ગરુડ પર બેસી તેની પાછળ ભાગ્યા. ભગવાનને પાછળ આવતા જોઈ શતધન્વા પોતાના ઘોડાને છોડી દોડવા લાગ્યો. ભગવાન તેની પાછળ દોડ્યા અને સુદર્શન ચક્રથી શતધન્વાનું મસ્તક કાપી નાખ્યું. તેનાં વસ્ત્રોમાં મણિ શોધ્યો પણ મળ્યો નહીં. ઠાકોરજીએ મોટાભાઈ બળદેવજીને કહ્યું કે, ''શતધન્વાને નાહકનો માર્યો. મણિ તેની પાસેથી તો ન મળ્યો.'' બળદેવજીને ખોટું લાગ્યું. બળદેવજીને થયું કે કૃષ્ણની દાનત ખોટી છે. મણિ પોતાના ખિસ્સામાં રાખ્યો છે. બળદેવજીએ ઘરે આવી વસુદેવ, દેવકીને કહ્યું, ''અમને જુદા કરો.

મણિ કૃષ્ણે રાખી લીધો છે. મને ન આપ્યો !" વસુદેવ કહે, "કૃષ્ણ, તેં મણિ કેમ રાખી લીધો ?" કૃષ્ણની રાણીઓ પણ કહેવા લાગી, "આપી દ્યો ને મણિ, આપણે શું કરવો છે ?" કૃષ્ણ કહે, "મણિ ક્યાં છે તેની મને જ ખબર નથી. મણિ કોની પાસે છે ?" કોણ લઈ ગયું તે પણ મને ખબર નથી."

"કૃષ્ણને તપાસ કરતાં ખબર પડી કે અક્રૂરને આ મણિની વાત ખબર છે. કૃષ્ણ કહ્યા વિના અક્રૂરજીને ઘરે પહોંચી ગયા. કૃષ્ણ કહે, "કાકા, આજે હું રસોઈ કરું અને તમે જમો." જમતાં જમતાં ભગવાને અક્રૂરજીને પૂછ્યું, "કાકા, પેલા મણિનું શું થયું ?" અક્રૂરજી કહે, "મણિ તો શતધન્વા સાચવી ન શક્યો. તેણે મણિ કાશીના રાજાને સાચવવા આપ્યો છે." કૃષ્ણ બલરામને કહે, "ચાલો મોટાભાઈ મણિની તપાસ કરવા કાશી જઈએ." બળદેવજીને ખોટું લાગ્યું હતું તેથી તેમણે કાશી જવાની ના કહી. ભગવાન કહે, "કાશીથી મણિ લઈ આવી તમને સોંપી હું, મારી ત્રણ રાણીઓ અને દીકરો પ્રદ્યુમ્ન, કાંઈ જ લીધા વિના દ્વારકા છોડી જઈશું." શ્રીકૃષ્ણ કાશી આવ્યા. કાશીના રાજા યજ્ઞ કરતા હતા. મણિને યજ્ઞમંડપમાં પાટલા પર રાખ્યો હતો. બ્રાહ્મણો પૂજા કરાવતા હતા. શ્રીકૃષ્ણે કાશીના રાજાને કહ્યું કે "આ મણિ પૂજા થઈ ગયા પછી તમારે મને આપવો પડશે. ખરેખર તો મારે આ મણિ જોઈતો નથી, પણ તમારા માણસને મણિ કપડાંમાં વીંટાળીને આપો, અને તેને મારી સાથે દ્વારકા મોકલો. મારા માતા-પિતા અને મોટાભાઈને બતાવી તમને તરત જ પાછો સોંપી દઈશ." કાશીના રાજાએ મણિ ભગવાનને આપ્યો. ભગવાન મણિ લઈ દ્વારકા આવ્યા. ઘરે આવી માતા-પિતાને કહ્યું, "મોટાભાઈને બોલાવો." મોટાભાઈનો ગુસ્સો હજી ઊતર્યો ન હતો. ગુસ્સામાં અને ગુસ્સામાં બળદેવજી આવ્યા. શ્રીકૃષ્ણએ કહ્યું, "મોટાભાઈ, જુઓ આ મણિ." આખી વિગતવાર વાત ભગવાને પોતાના માતા-પિતા અને મોટાભાઈને સમજાવી. બળદેવજીને પોતાની ભૂલ સમજાઈ. કૃષ્ણને બલરામે કહ્યું "મને માફ કર, મેં તારા પર ખોટું આળ ચડાવ્યું હતું." શ્રીકૃષ્ણે મણિ કાશીના રાજાને સોંપી દીધો. રાજાએ મણિના ટુકડા કર્યા.

ગંગાજીના કિનારા પર વેરી દીધા. તે જગ્યા પર મણિકર્ણિકા ઘાટ બંધાવ્યો. આ મણિને કારણે કાશીમાં વૈષ્ણવો અને બ્રાહ્મણો ઝઘડવા લાગ્યા. વૈષ્ણવો કહે, “મણિકર્ણિકા ઘાટ પર કૃષ્ણનું મંદિર બંધાવો” અને બ્રાહ્મણો કહે, શિવજીનું મંદિર પણ બંધાવો. આજે પણ આ ઘાટ પર હવેલી અને શિવજીનું મંદિર છે. શ્રીકૃષ્ણે બ્રાહ્મણોને બોલાવ્યા. બ્રાહ્મણોને પૂછ્યું, “મારા પર આક્ષેપ આવવાનું કારણ શું ?” બ્રાહ્મણોએ કહ્યું, “ભાદરવા મહિનાની ચોથે તમે ચંદ્ર જોયો એટલે ખોટું આળ તમારા પર આવ્યું.” ભગવાને બ્રાહ્મણોને પૂછ્યું કે “હવે મારે તે માટે શું કરવું જોઈએ ?” બ્રાહ્મણો કહે, “તમે ગણપતિની પૂજા કરો, ગણપતિ ચોથ કરો. ગણપતિની પૂજા કરી લાડુ ધરાવો. જીવનનાં સંકટો દૂર કરવા સંકટચોથ કરવી જોઈએ.” ભગવાને સંકટચોથ કરી અને તેના પરના ખોટા આરોપો દૂર થયા. ભગવાન દ્વારકામાં આવી, ગૃહસ્થાશ્રમમાં પ્રવેશી અનેક લીલાઓ કરવા લાગ્યા.”

“ભગવાનને લાક્ષાગૃહમાં પાંડવો અને કુંતીને કૌરવોએ કપટ કરી બાળી નાખ્યાં છે તે સમાચાર મળેલા અને પાછળથી તેમને જાણવા પણ મળ્યું હતું કે લાક્ષાગૃહમાંથી તેઓ બચી જઈ દ્રુપદરાજાને ત્યાં રહ્યા હતા. હવે તેઓ ઈન્દ્રપ્રસ્થમાં છે તેમ જાણ થતાં ભગવાન પાંડવોને મળવા ઈન્દ્રપ્રસ્થ આવ્યા. પાંડવોને મળ્યા. પોતાના ફોઈબા કુંતીજીના ખબરઅંતર પૂછ્યા. યુધિષ્ઠિરે કૃષ્ણને કહ્યું, “હમણાં શ્રીકૃષ્ણ ! આવ્યા છે તો થોડો વખત અમારી સાથે રહો.” શ્રીકૃષ્ણ પાંડવો અને કુંતીજીની ઈચ્છાને માન આપી ઈન્દ્રપ્રસ્થમાં રહેવા લાગ્યા. એક દિવસ અર્જુન સાથે વિહાર કરતાં કરતાં યમુના કાંઠે આવ્યા. ત્યાં એક સુંદર કન્યાને અર્જુને જોઈ. અર્જુને પૂછ્યું કે, “હે સુંદરી ! અહીં આપ શું કરો છો?” તે સુંદર કન્યાએ જવાબ આપ્યો કે, “હું તપ કરું છું. સૂર્યનારાયણની દીકરી કાલિન્દી છું.” અર્જુને પૂછ્યું, “શા માટે તપ કરો છો ?” અર્જુનને કન્યાએ જવાબ આપ્યો કે, “હું વિષ્ણુ ભગવાનને ઉત્તમ પતિરૂપ પામવા તપશ્ચર્યા કરું છું. શ્રીકૃષ્ણ મારા પર કૃપા કરે અને મારો પત્ની તરીકે સ્વીકાર કરે. અર્જુને શ્રીકૃષ્ણને કાલિન્દીએ કહેલી વાત કહી. કૃષ્ણ યુધિષ્ઠિર વગેરેની રજા લઈને કાલિન્દીને લઈ દ્વારકા

આવ્યા અને શુભ દિવસ, શુભ નક્ષત્રમાં કાલિન્દી સાથે ભગવાને લગ્ન કર્યાં." તે પછી અવંતી રાજાની બહેન મિત્રવિન્દાનું હરણ કરી તેની સાથે પણ ભગવાને લગ્ન કર્યાં. શુકદેવજી કહે : "હે પરીક્ષિત ! ત્યારબાદ કૌશલ દેશના રાજા નગ્નજિતની કન્યા સત્યા ખૂબ તેજસ્વી હતી. તેનાં લગ્ન માટે એવી શરત હતી કે એકી વખતે સાત ગોધલાને નાથી શકે તેની સાથે સત્યાનાં લગ્ન કરવાં. અનેક રાજાઓ આવ્યા પણ આખલાઓને નાથી ન શક્યા. શ્રીકૃષ્ણ તો બાળપણથી જ ગોવાળિયા હતા. ગાયો, બળદોને નાનપણથી જ વશમાં રાખી શકતા હતા. તેમણે સાત સ્વરૂપ ધારણકરી એક સાથે સાતેય ગોધલાને નાથી દીધા. નગ્નજિત રાજાએ પોતાની દીકરી સત્યાને શ્રીકૃષ્ણ સાથે પરણાવી. નગ્નજિત રાજાએ કન્યાદાનમાં અનેક પ્રકારનાં અલંકાર, વસ્ત્રો, હાથી, ઘોડા, રથ, દાસીઓ વગેરે આપી સત્યા અને શ્રીકૃષ્ણને રથમાં બેસાડી દ્વારકા વળાવ્યાં. ભગવાન દ્વારકા આવી રાણી સત્યા સાથે આનંદમાં રહેવા લાગ્યા. તે પછી ભગવાને કૈકય દેશમાં જન્મેલી પોતાની ફોઈ શ્રુતકીર્તિની દીકરી ભદ્રા સાથે લગ્ન કર્યાં. વળી મદ્ર દેશના રાજાની દીકરી સર્વ લક્ષણોવાળી લક્ષ્મણાનું ભગવાને સ્વયંવરમાંથી હરણ કરી તેની સાથે પણ લગ્ન કર્યાં. આમ ભગવાન શ્રીકૃષ્ણને રુક્મિણી, જાંબવતી, સત્યભામા, કાલિન્દી, મિત્રવિન્દા, સત્યા, ભદ્રા અને લક્ષ્મણા એમ આઠ પટરાણીઓ હતી. આઠ પટરાણી એટલે આઠ પ્રકૃતિ, જેના પર ભગવાન શ્રીકૃષ્ણે કાબૂ મેળવેલો." શુકદેવજી કહે, "હે રાજા ! એક દિવસ ભગવાનના પરમ ભક્ત નારદજી ભગવાનનાં દર્શન કરવા સ્વર્ગમાંથી દ્વારકા આવ્યા. નારદજીએ વિચાર્યું ખાલી હાથે ન જવું. ચાલતાં ચાલતાં નારદજીએ સ્વર્ગમાં પારિજાતનાં ફૂલનું ઝાડ જોયું. પારિજાતનાં ફૂલોની વેણી બનાવી પોતાની સાથે દ્વારકા લઈ આવ્યા. સોનાની દ્વારકામાં આવતાં જ પટરાણી રુક્મિણીને ભેટ આપી દીધી. રુક્મિણીએ તે વેણી અંબોડામાં નાખી. દરરોજ સવારે આઠેય પટરાણી ભગવાનને વંદન કરવા આવે તે વખતે સત્યભામાએ ભગવાનને કહ્યું, "તમે રુક્મિણીને અંબોડામાં નવાં ફૂલની વેણી પહેરાવી. અમને કેમ નહીં ?"

ભગવાનને રુક્મિણીએ કહ્યું, "આ વેણી નારદજી લાવ્યા." સત્યભામા કહે, "અમને બધાંને પણ આવી વેણી જોઈએ છે." ભગવાન કહે, "તમને બધાંને વેણી મળે એવી વ્યવસ્થા કરીશું."

"સત્યભામા ભગવાનને વારંવાર વેણી યાદ કરાવ્યા કરતાં હતાં. એક વખત મોકો આવ્યો. ઈન્દ્રરાજા ભગવાન પાસે આવ્યા. ઈન્દ્રે ફરિયાદ કરી કે, "એક દિવસ ભૌમાસુર સ્વર્ગમાં આવ્યો અને મારી માતાનાં કુંડળ અને વરુણનું છત્ર તોડીને લઈ ગયો. મેં તેની પાસે માંગણી કરી પણ તે પાછા આપતો નથી. તેની સાથે મારે ઝઘડો કરવો નથી, તો આપ વચ્ચે પડી તે બન્ને વસ્તુ ભૌમાસુર પાસેથી મને પાછી અપાવો." ભગવાને ઈન્દ્રને કહ્યું, "ભલે હું તમને તે અપાવીશ."

ભૌમાસુર પ્રાગજોતિષપુર (આજનું જામજોધપુર કહેવાય છે.)માં રહેતો હતો. ભગવાન ત્યાં ગયા. ભૌમાસુર સામે યુદ્ધ જાહેર કર્યું. ભૌમાસુર ચારિત્ર્યભ્રષ્ટ હતો. તેની સાથે ભગવાને ભયંકર યુદ્ધ ખેલ્યું. પૃથ્વી તેઓની વચ્ચે પડી. ભૌમાસુરની પડખે ઊભી રહી. ભગવાને પૃથ્વીને પૂછ્યું, "તું કેમ અમારી વચ્ચે આવી ?" પૃથ્વી કહે, "હે ભગવાન ! આપે જ્યારે વરાહ સ્વરૂપ ધારણ કર્યું હતું ત્યારે મેં ભૌમાસુરને જન્મ આપ્યો હતો. તે મારા પુત્ર સમાન છે. કૃપા કરી તેના માથા પર તમારો હાથ મૂકી તેને અભયદાન આપો. પૃથ્વીની નમ્ર વિનંતી સાંભળી ભગવાને ભૌમાસુરને છોડી મૂક્યો. ભૌમાસુરના અંતઃપુરમાં હજારથી વધારે કન્યાઓ ભગવાને જોઈ. ભગવાને ભૌમાસુરને કહ્યું, "ઈન્દ્રની માતાનાં કુંડળ અને વરુણનું છત્ર તું આપી દે." ભૌમાસુરના અંતઃપુરમાંથી સોળ હજારથી વધુ કન્યાઓ છોડાવી શ્રીકૃષ્ણે દ્વારકા મોકલી અને સન્માન સાથે ભગવાને તે બધી કન્યાઓ જોડે લગ્ન કર્યાં. ભગવાને વિચાર્યું આ કુંડળ અને છત્ર સ્વર્ગમાં જઈ ઈન્દ્રને હાથોહાથ આપી આવું. ભગવાને સત્યભામાને કહ્યું, "તૈયાર થઈ જાવ. આપણે સ્વર્ગમાં જવાનું છે." ઈન્દ્રએ ભગવાન-સત્યભામાનું સ્વાગત કર્યું. બે-ત્રણ દિવસ ભગવાન સ્વર્ગમાં રહ્યા. સ્વર્ગમાં ફરતાં ફરતાં તેઓએ પારિજાતનું વૃક્ષ જોયું. ઈન્દ્રે કહ્યું, "મારે તમને કંઈક ભેટ આપવી છે." ભગવાન કહે, "મારે કાંઈ જોઈતું નથી." ઈન્દ્ર

કહે, "એમ નહીં, કંઈક પણ માગો." ભગવાને કહ્યું, "આ પારિજાતની કલમ આપો તો અમે દ્વારકાની ધરતી પર વાવીએ. દ્વારકાની સુંદરતા વધે." પણ કેટલાક માણસોનું મન બહું ટૂંકું હોય છે. ઈન્દ્રએ કહ્યું, "આપીશ." એકાદ બે દિવસ ગયા એટલે ભગવાને ફરી યાદ કરાવ્યું. "પારિજાતની કલમ મને આપો." ઇન્દ્ર કહે, "મને આપવામાં વાંધો નથી, પણ એક ડાળ કાપતાં આખું ઝાડ કરમાઈ જાય તો ?" ભગવાન સમજી ગયા કે આની આપવાની દાનત લાગતી નથી. ભગવાનને સત્યભામાએ ફરી યાદ કરાવ્યું. પણ ઈન્દ્રએ પારિજાતની કલમ ભગવાનને આપી નહીં. એટલે ભગવાન અને સત્યભામા સ્વર્ગમાંથી દ્વારકા આવવા નીકળ્યાં ત્યારે પારિજાતનાં ઝાડમાંથી એક ડાળ ખેંચી લીધી અને ગરુડની પીઠ ઉપર મૂકી. પૃથ્વી પર ઊતરતાં પારિજાતની ડાળી ગાયોની પીઠ સાથે અથડાઈ, ગાયોની રુવાંટી જમીન પર ખરીને પડી. તે રુવાંટીમાંથી તમાકુ થઈ. ભગવાને પારિજાતની ડાળમાંથી કલમ બનાવી. બગીચામાં સત્યભામાના હાથે રોપાવી. પારિજાતનાં ફૂલોનો સદુપયોગ થવા લાગ્યો. ભૌમાસુરના અંતઃપુરમાંથી છોડાવેલી હજારો કન્યા સાથે શ્રીકૃષ્ણે લગ્ન કર્યાં તે વાત નારદજીએ સાંભળી તેથી વિચારવા લાગ્યા કે, "એક જ કૃષ્ણ એક જ શરીરથી સોળ હજાર સ્ત્રીઓને પરણ્યા એ મોટું આશ્ચર્ય છે. આથી નારદજી શ્રીકૃષ્ણનો બધી સ્ત્રીઓ સાથેનો સંસાર જોવા દ્વારકા આવ્યા. શ્રીકૃષ્ણનું અંતઃપુર અતિસુંદર સોળ હજાર મહેલોથી શોભતું હતું. તેમાં સૌથી મોટા મહેલમાં નારદજી ગયા. ત્યાં નારદજીએ રુક્મિણીને ભગવાનને પવન નાખતાં જોયાં. ભગવાને નારદજીને જોયાં, ઊભા થઈ પ્રણામ કર્યા. શ્રીકૃષ્ણે કહ્યું, "દેવર્ષિ કહો આપની શી સેવા કરીએ ?" નારદજીએ કહ્યું, "હે ભગવાન, તમે જગતના કલ્યાણ અર્થે સ્વેચ્છાએ જન્મ લીધો છે. તમારા શરણમાં રહેનારનું સદા કલ્યાણ થાય છે. હે પ્રભુ મારા પર કૃપા કરો અને સદાય મારું ધ્યાન તમારા ચરણમાં રહે તેવું કરો." ત્યાંથી નારદજી ભગવાનની માયા જાણવા બીજી સ્ત્રીના ઘરમાં પ્રવેશ્યા. ત્યાં પણ શ્રીકૃષ્ણને પોતાની પત્ની તથા ઉદ્ધવજી સાથે પાસાં રમતાં જોયા. નારદજીને જોઈ કૃષ્ણ કાંઈ જાણતા જ ન હોય તેમ

નારદજીને આવકાર આપી પૂછવા લાગ્યા, "ઓહોહો આપ ક્યારે પધાર્યા. આપ તો પૂર્ણ સ્વરૂપ છો. અમે તો અપૂર્ણ છીએ. આપ આજ્ઞા કરો, આપનું કયુ કાર્ય કરીએ ?" નારદજી તો આશ્ચર્ય પામ્યા અને ત્યાંથી ઊઠી વળી બીજા ઘરે ગયાં ત્યાં શ્રીકૃષ્ણને સ્નાન કરવાની તૈયારી કરતાં જોયા. ત્યાંથી ત્રીજે ઘરે ગયા તો ત્યાં ભગવાનને અગ્નિદેવની પૂજા કરતા દીઠા. ત્યાંથી બીજે ઘરે ગયા તો ત્યાં બ્રાહ્મણોને જમાડી વધેલું જમતાં દીઠા. વળી બીજા ઘરમાં સંધ્યાપૂજા કરતાં તો ક્યાંક ગાયત્રીજપ કરતાં, ક્યાંક તલવાર ફેરવતાં, ક્યાંક ઘોડા, હાથી, રથ પર ફરતાં જોયાં. એમ દરેક રાણીના મહેલમાં વિવિધ પ્રવૃત્તિઓ કરતાં કૃષ્ણને નારદજીએ જોયા. નારદજી ભગવાનને કહેવા લાગ્યા, "હે યોગેશ્વર! આપની યોગમાયા બ્રહ્મા વગેરે મોટા મોટા દેવોથી પણ જાણવી મુશ્કેલ છે. આપની યોગમાયાને કાંઈક અંશે હું જોઈ શક્યો છું, પણ આપનું પરમાર્થ સ્વરૂપ અમે જાણી શકતા નથી. હે પ્રભુ ! હવે મને જવાની રજા આપો." એટલે હું જગતમાં આપનો યશ ગાતાં સર્વ લોકોમાં ફર્યા કરું."

શુકદેવજી કહે : "હે પરીક્ષિત ! ગૃહસ્થાશ્રમીઓના ઉત્તમ ધર્મો આચરતાં એક જ કૃષ્ણ પ્રત્યેક ઘરમાં નારદજીએ જોયા. હે પરીક્ષિત! મનુષ્યના કર્તવ્યમાર્ગનું આચરણ કરતાં કૃષ્ણ જે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણરૂપ છે તેનાં જે જે અસાધારણ કર્મો છે તેને જે મનુષ્ય ગાય કે સાંભળે તેનું મન શ્રીકૃષ્ણમાં અર્થાત્ ભગવાનમાં સ્થિર થાય છે અને ઉત્તમ ગતિને પામે છે."

શુકદેવજી કહે : "હે પરીક્ષિત ! મેં તને શ્રીકૃષ્ણના ગૃહસ્થાશ્રમની વાત કરી." પરીક્ષિત કહે, "હે શુકદેવજી ! જે ઘરમાં એક કરતાં વધુ સ્ત્રીઓ હોય, બહોળું કુટુંબ હોય, ત્યાં વિખવાદ થાય. ભગવાન શ્રીકૃષ્ણને ત્યાં એવું ખરું કે નહીં ?" શુકદેવજી કહે : "વિખવાદ હતો. જ્યારથી નારદજીએ રુક્મિણીને વેણી આપી ત્યારથી જ પારિજાતનું ઝાડ હવે બગીચામાં જ આવી ગયું હતું. છતાં સત્યભામા વારંવાર નારદજીને કહે, "અમારે ત્યાં નારદજી તમે આવતા હો તો ?" અધિક માસ ચાલતો હતો. નારદજી સત્યભામાને ત્યાં આવ્યા. સત્યભામાએ નારદજીની આગતાસ્વાગતા કરી. પછી

કહ્યું, "હે નારદજી ! તમે એક એવો મંત્ર આપો કે જેથી ભગવાન મારું જ માને." નારદજી કહે, "એમ કરો, ભગવાનને કોઈ સારા બ્રાહ્મણને દાનમાં આપી દ્યો." સત્યભામા કહે, "એમ કેમ બને ?" નારદજી કહે "સંકલ્પ કરાવો." ભગવાન આવ્યા એટલે નારદજીએ જ સંકલ્પ કરાવ્યો. ભગવાન કહે, "મને કેમ બોલાવ્યો ?" "સત્યભામાએ તમને દાનમાં આપી દીધા છે; બોલો "સ્વસ્તિ". "તથાસ્તુ". નારદજી કહે, "કૃષ્ણ, ચાલો." ભગવાન કહે, "ચાલો નારદજી". સત્યભામાને થયું કે ભગવાનને દાનમાં આપી મારી ભૂલ થઈ ગઈ છે. સત્યભામા કહે, "નારદજી ભગવાનને પાછા મેળવવાનો કોઈ ઉપાય બતાવો ?" નારદજી કહે, "એમ કરો ભગવાનના વજન જેટલું સોનું દાનમાં આપો." સત્યભામાએ ત્રાજવું મંગાવ્યું અને ત્રાજવામાં એક બાજુ ભગવાનને બેસાડ્યા અને બીજી બાજુ સોનું મૂક્યું. પલ્લું નમતું નથી. સાતેય પટરાણીને ઘરે સત્યભામા ફરી વળ્યાં. બધાંનું સોનું ભેગું કરી મૂક્યું પણ વ્યર્થ. સવારે રુક્મિણી ભગવાનની પૂજા કરતાં હતાં ત્યાં સત્યભામા રુક્મિણી પાસે આવ્યાં. બધી વાત કરી અને કહ્યું, "થોડું સોનું ખૂટે છે. જો તમે મને આપો તો કામ થઈ જાય." રુક્મિણી કહે, "હું મારા પિયરથી અઢળક સોનું, સંપત્તિ લાવી છું, પણ ભગવાન અઢળક સોનાથી નહીં, તુલસીપત્રથી તોળાઈ જશે. ભગવાન પ્રેમથી તોળાય, સોનાથી નહીં." ભગવાને આ વાત સાંભળી. ભગવાન તુલસીપત્રથી તોળાઈ ગયા."

"કોઈપણ વાક્ય બોલતાં સો વાર વિચારવું જોઈએ. ભગવાનનાં મનમાં રુક્મિણીના શબ્દો ઘોળાતા હતા. ચિંતિત રહેતા હતા. થોડા સમય બાદ ભગવાનને ત્યાં સમૂહ રસોડું હતું. ભગવાન જમવા બેઠા હતા. પટરાણી રુક્મિણી જમાડતાં હતાં. જમ્યા પછી ભગવાન પલંગમાં ડાબે પડખે સૂતા હતા. રુક્મિણી ભગવાનને પવન નાખતાં હતાં. શ્રીકૃષ્ણે રુક્મિણીને કહ્યું, "મને હજીયે એક પ્રશ્ન મૂંઝવે છે." રુક્મિણી કહે, "બોલો, કયો પ્રશ્ન છે ?" ભગવાન કહે, "કોણ જાણે તારો અને મારો ભેટો લગ્ન પહેલાં ક્યારેય નહોતો થયો. નારદજી સાથે તેં મને સંદેશો કહેવડાવ્યો. તારી ઇચ્છા મુજબ આપણે

લગ્ન કર્યાં. પણ મને એમ લાગે છે કે તને મનમાં એમ રહ્યા કરે છે કે આનાં કરતાં તો હું શિશુપાલને પરણી હોત તો વધુ સારું થાત. અહીં તો ઋષિઓ, ભક્તો, દાનીઓ આવે છે. રાજાઓ આવતા નથી.'' આવાં શ્રીકૃષ્ણનાં વચન સાંભળી રુક્મિણીને આઘાત લાગ્યો. બેભાન થઈ જમીન પર ઢળી પડ્યાં. મનમાં વિચારવા લાગ્યાં ''મેં આવું ક્યારેય વિચાર્યું નથી. મને શા કારણે શ્રીકૃષ્ણ આવાં અપ્રિય વચનો સંભળાવે છે ?'' રુક્મિણીના પડવાનો અવાજ થતાં બધાં દોડીને ત્યાં આવી ગયાં. ભગવાને તે આવેલાં બધાંને કહ્યું, ''પતિ-પત્નીના ઝઘડામાં કોઈએ વચ્ચે પડવું નહીં. તમે બધાં અહીંથી ચાલ્યા જાવ.'' ઠાકોરજી રુક્મિણીને પવન નાખવા લાગ્યા, રુક્મિણીને ઉપાડી શ્રીકૃષ્ણે પોતાના પલંગમાં સુવાડ્યાં. રુક્મિણીને શુદ્ધિ આવી એટલે રડતાં રડતાં ભગવાનને કહેવાં લાગ્યા, ''હે પરમ પુરુષ ! શા માટે તમે મને આવાં વચનો કહ્યાં ?'' ભગવાને રુક્મિણીને કહ્યું, ''જ્યારે આપણે સમૂહમાં રહેતા હોઈએ ત્યારે મારા-તારાનો ભેદભાવ ન હોવો જોઈએ. હે રુક્મિણી ! સત્યભામાએ મને તોળવા સોનું માગ્યું ત્યારે તમે ''મારા પિયરથી અઢળક સોનું લાવી છું.'' તે તમારા શબ્દ મને બહુ ખૂંચેલા. જ્યાં સંયુક્ત કુટુંબમાં રહેતાં હોઈએ ત્યાં બધાની મિલકત સહિયારી ગણાવી જોઈએ. ''રુક્મિણીએ ભગવાનની માફી માગી. મારી ભૂલ થઈ.'' શુકદેવજી કહે, ''હે રાજા પરીક્ષિત ! જે રુક્મિણી કૃષ્ણના પ્રેમ-કલહની વાત સાંભળે તેને ત્યાં સંપ રહે છે.'' પરીક્ષિત રાજા પૂછે છે. ''હે શુકદેવજી ! એક બીજો પ્રશ્ન પૂછું કે જે કુટુંબમાં વધુ સભ્યો હોય ત્યાં મતમતાંતર રહે જ. ભગવાનને ક્યારેય કોઈ વેવાઈ સાથે વાંકુ પડેલું ?'' શુકદેવજી કહે, ''હે રાજા ! રુક્મિએ, પોતાની બહેન રુક્મિણીનું હરણ કરી શ્રીકૃષ્ણે તેની સાથે લગ્ન કરી લીધેલા, ત્યારથી પ્રતિજ્ઞા કરી હતી કે પોતાની બહેન રુક્મિણીને પાછી લાવી શિશુપાલ સાથે નહીં પરણાવું ત્યાં સુધી કુંડિનપુર નહીં આવું. આથી તે ભોજકટ શહેર વસાવી ત્યાં રહેવા લાગેલો. હવે રુક્મિએ વિચાર્યું કે પોતાના દીકરાની દીકરી રુક્મવતીને પોતાની બહેનના દીકરાના દીકરા સાથે આપું તો પોતાની બહેનના ઘર સાથે ફરી વ્યવહાર ચાલુ થાય અને મને માનસિક શાંતિ થાય. આમ વિચારી રુક્મિ દ્વારકા આવ્યો.

રુક્મિણીને મળી વાત કરી કે "તારા દીકરાના દીકરા સાથે મારા દીકરાની દીકરીનો સંબંધ કરીએ." રુક્મિણીએ શ્રીકૃષ્ણને આ વાત કરી. ભગવાન કહે, "હું દીકરા દીકરીના વ્યવહારની બાબતમાં વચ્ચે પડતો નથી. મોટાભાઈને પૂછો. મોટાભાઈની સંમતિ લઈ રુક્મિએ પોતાના દીકરાની દીકરીનો વિવાહ અનિરુદ્ધ સાથે કર્યો. બહેન-બનેવીને સારું લગાડવા રુક્મિએ પોતાના દીકરાની દીકરી રોચનાની સગપણ-વિધિ કરી. અનિરુદ્ધ વિવાહ મહોત્સવમાં શ્રીકૃષ્ણ, બલરામ અને અનેક કુટુંબીજનો ભોજકટનગરમાં આવ્યાં હતાં. વિવાહવિધિ પૂરી થયા પછી બીજા અન્ય રાજાઓએ રુક્મિને કહ્યું, "તું પાસાં રમી બળદેવ અને કૃષ્ણને જીતી લે." રુક્મિએ બળદેવજીને જુગાર રમવા આમંત્રણ આપ્યું. શ્રીકૃષ્ણે રુક્મિણીને કહ્યું, "તારા ભાઈને સમજાવ કે જુગાર રમવું રહેવા દે. આપણા સંબંધ માંડ સુધર્યા છે." રુક્મિએ બળદેવને જુગાર રમવા કહ્યું, ત્રણ વખત બળદેવ જીત્યા પણ રુક્મિ કહે, "તમે રહ્યા ભરવાડ અને અમે રાજા. તમે રાજાની રમત શું જાણો ? અમે જ જીત્યા છીએ." તે વખતે આકાશવાણી થઈ કે 'બળદેવ જ જીત્યા છે અને રુક્મિ જૂઠું બોલે છે', છતાં રુક્મિ માન્યો નહીં. તેથી ક્રોધે ભરાયેલાં બળદેવે રુક્મિને મારી નાખ્યો. આમ પોતાનો સાળો મરી ગયો અને રુક્મિણીના સ્નેહનો ભંગ થયો જાણી ભગવાન યાદવો સાથે નવપરિણિત અનિરુદ્ધ અને રોચનાને લઈ દ્વારકા આવી ગયા."

પરીક્ષિત રાજાએ શુકદેવજીને પૂછ્યું, "હે શુકદેવ ! અનિરુદ્ધ બાણાસુરની દીકરી ઉષાને પરણ્યા તે વખતે શ્રીકૃષ્ણ અને શંકર વચ્ચે યુદ્ધ થયેલું તે કૃપા કરી આપ મને કહો."

## ઉષા અને અનિરુદ્ધની કથા

"બલિરાજાનો સૌથી મોટો પુત્ર બાણાસુર હતો. તે ભગવાન શંકરનો પરમ ભક્ત હતો. તેણે શંકર ભગવાન પાસે વરદાન માંગ્યું કે મને તમે હજાર હાથ આપ્યા, પણ મારી સામે યુદ્ધ કરનાર કોઈ નથી. શંકર ભગવાને કહ્યું, "કે તારી ધજા ભાંગી પડે ત્યારે જાણજે કે તારા ગર્વનો નાશ કરનાર સાથે તારું યુદ્ધ થશે." આ વાતથી બાણાસુર આનંદ પામતો યુદ્ધની રાહ જોવા લાગ્યો. બાણાસુરને ઉષા નામની

એક દીકરી હતી. ઉષાએ સ્વપ્નમાં પોતાનાં લગ્ન અનિરુદ્ધ સાથે થતાં જોયાં. નિદ્રા તૂટી ત્યારે અનિરુદ્ધને જોયો નહીં. તેથી ઉષા ખૂબ વિહ્વળ બની ગઈ. ઉષાની એક સખી હતી, જેનું નામ ચિત્રલેખા હતું. ઉષાને ઉદાસ જોઈ ચિત્રલેખા પૂછવા લાગી કે, ''તને શું થયું છે ? તું કોને શોધે છે ?'' ઉષાએ ચિત્રલેખાને કહ્યું, ''મેં સ્વપ્નમાં સુંદર મોટી ભૂજાવાળો, પીળાં વસ્ત્રવાળો મારો પતિ જોયો છે. તેને હું શોધું છું.'' ચિત્રલેખાએ અનેક દેવ, ગંધર્વ, મનુષ્યોનાં ચિત્રો દોરી બતાવ્યાં. શ્રીકૃષ્ણ, બલરામ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધને ચીતરી બતાવ્યા. અનિરુદ્ધને જોઈ ઉષા શરમથી નીચું જોઈ ગઈ કે બસ આજ તે પુરુષ છે. ચિત્રલેખા યોગ વિદ્યા જાણતી હતી. તેણી પોતાની યોગવિદ્યાથી દ્વારકા જઈ પલંગમાં સૂતેલા અનિરુદ્ધને ઊંચકી શોણિતપુરમાં લઈ આવી. પોતાની સખી ઉષાને દર્શન કરાવ્યાં. જ્યાં પુરુષો આવી શકતા ન હતા એવા ઉષાના મહેલમાં આવ્યો, ત્યાં તેણે અનિરુદ્ધને જોયો. બાણાસુરને સૈનિકો સાથે આવેલો જોઈ અનિરુદ્ધ બાણાસુરને મારી નાખવા તૈયાર થયો. પહેલાં અનિરુદ્ધે તેના સૈનિકોને મારી નાખ્યા, જેથી બાણાસુર ક્રોધે ભરાયો અને અનિરુદ્ધને નાગપાશથી બાંધી દીધો.

''આ બાજુ અનિરુદ્ધને ન જોતાં દ્વારકામાં શોધાશોધ થવા લાગી. ત્યાં નારદજી દ્વારકા આવ્યા અને તેણે સમાચાર આપ્યા કે અનિરુદ્ધ શોણિતપુરમાં છે. સમાચાર મળતાં જ શ્રીકૃષ્ણ-બલરામે પોતાની બાર અક્ષૌહિણી સેના લઈ શોણિતપુર આવી બાણાસુરના નગરને ચારેબાજુથી ઘેરી લીધું. ભગવાન શંકર પોતાના ગણો-પાર્ષદોને લઈ પોતે નંદી પર બેસી શોણિતપુર આવ્યા અને પોતાના પરમ ભક્ત બાણાસુર વતી બલરામ-શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કરવા લાગ્યા. શ્રીકૃષ્ણે શંકરના ગણો, પાર્ષદોને બાણો મારી નસાડી મૂક્યા, એટલે શંકરે શ્રીકૃષ્ણ ઉપર જુદાં જુદાં શસ્ત્રોના પ્રયોગો કરવા માંડ્યા. શ્રીકૃષ્ણે શંકરનાં એકેએક શસ્ત્રને તેનાથી બળવાન શસ્ત્ર વડે શાંત કર્યાં અને પછી શ્રીકૃષ્ણે જૃંભણાસ્ત્રનો પ્રયોગ કર્યો, જેથી શંકરને બગાસાં આવવાં લાગ્યાં. આમ શંકરને મોહિત કરી, જુદાં જુદાં શસ્ત્રો વડે બાણાસુરની સેનાનો નાશ કર્યો. ક્રોધે ભરાયેલા બાણાસુરે એક સાથે પાંચસો બાણ

છોડ્યાં. ભગવાને તે બધાંને એકી સાથે કાપી નાખ્યાં. ભગવાન શ્રીકૃષ્ણે પોતાના સુદર્શન ચક્રથી બાણાસુરના હજાર હાથમાંથી ચાર હાથ રહેવા દઈ બીજા કાપી નાખ્યા. બાણાસુરના હાથ કપાયા જોઈ ભગવાન શંકરે શ્રીકૃષ્ણને વિનંતી કરી કે આપના જ શરણમાં અમે બધાં છીએ. બાણાસુર મારો પ્રિય ભક્ત છે, માટે જેવી આપે પ્રહલાદ ઉપર કૃપા કરેલી તેવી કૃપા બાણાસુર પર કરો. શંકરની વિનંતી સાંભળી શ્રીકૃષ્ણે કહ્યું, ''તમારી ઈચ્છા પ્રમાણે હું કરીશ.'' બાણાસુરને મારવો યોગ્ય નથી, કારણ કે મેં પ્રહલાદને વચન આપ્યું છે કે તારા વંશનો હું નાશ નહીં કરું. ફક્ત બાણાસુરનું અભિમાન ઉતારવા જ તેના હાથ મેં કાપી નાખ્યા છે. ફક્ત ચાર હાથ હવે બાકી છે. બાણાસુર અજરામર થઈ તમારા પાર્ષદોમાં મુખ્ય પાર્ષદ થઈ સર્વ તરફથી નિર્ભય થશે. આમ અભયદાન મળતાં બાણાસુરે શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા. પછી પ્રદ્યુમ્નના પુત્ર અનિરુદ્ધ સાથે પોતાની દીકરી ઉષાને રથમાં બેસાડી બન્નેને શ્રીકૃષ્ણ પાસે હાજર કર્યાં. ભગવાન શ્રીકૃષ્ણ ઉષા અને અનિરુદ્ધ સહિત પોતાની બાર અક્ષૌહિણી સેનાને લઈ રાજધાની દ્વારકા આવ્યા.''

શુકદેવજી કહે : ''હે પરીક્ષિત ! એક વખત ભગવાન શ્રીકૃષ્ણે ઘરનાં બધાંને કહ્યું, આપણે સહકુટુંબ બગીચા જોવા જઈએ. બધાએ હા કહી. પોતાના દીકરાઓ અને પૌત્રોને લઈ એકવીસ રથ જોડી બગીચા જોવા ભગવાન નીકળ્યા. શ્રીકૃષ્ણ અને જાંબવતીનો દીકરો સાંબ અતિ રૂપાળો હતો. તેને કોઢ થયો હતો તેઓ પણ સાથે હતા. તેનો કોઢ મટાડવા ભગવાન કૃષ્ણ અને જાંબવતી જુદા જુદા આશ્રમોમાં ફરવા લાગ્યાં. તેમને કહેવામાં આવ્યું કે સાંબને એક વર્ષ મીઠું બંધ કરાવો અને ફક્ત દૂધ પર જ રાખો તો તેને કોઢ મટશે. રોજ સાંબે ગંગાસ્નાન કરવું અને દરરોજ સૂર્યનાં કિરણ સાંબે શરીર પર લેવાં. જાંબવતી અને શ્રીકૃષ્ણ હરિદ્વાર ગંગાકિનારે સાંબને લઈને રહ્યા. જાંબવતી કહે, ''સાંબ મીઠું નથી ખાતો તો આપણે પણ મીઠાનો ત્યાગ કરીએ.'' ભગવાન અને જાંબવતીએ મીઠાનો ત્યાગ કર્યો. બાર મહિના હરિદ્વાર રહી સાંબને ગંગાસ્નાન અને સૂર્યસ્નાન કરાવ્યું, સાંબને સાજો કર્યો. સાંબનો કોઢ મટી ગયો.''

# નૃગરાજાનો ઉદ્ધાર

"સાંબ અને બીજા યાદવ કુમારો પાણી પીવાની ઈચ્છાથી એક કૂવા પાસે આવ્યા. કૂવામાં પાણી ન હતું પણ અંદર કાચીંડો નીચેથી ઉપર આવવા પ્રયત્ન કરતો હતો. તેને બહાર લાવવા સાંબ સહિત યાદવકુમારોએ ખૂબ પ્રયત્નો કર્યા, પણ તેઓ કાચીંડાને બહાર કાઢી ન શક્યા. ભગવાન પાસે આવી વિનંતી કરી કે આ કૂવામાં એક જીવ તરફડે છે, તેને તમે મદદ કરો. સાંબની વાત સાંભળી શ્રીકૃષ્ણ ભગવાન કૂવા પાસે આવ્યા. કાચીંડાને ડાબા હાથે ભગવાને રમત માત્રમાં બહાર કાઢ્યો અને ભગવાનનો ડાબો હાથ અડતાં કાચીંડો પુરુષ થઈ ગયો. બધા પૂછવા લાગ્યા, "આ કોણ છે ?" ભગવાને પૂછ્યું, "કોણ છે તું ?" "હું નૃગરાજા છું." "તારી આ દશા ? કારણ ?" નૃગરાજ કહે, "હું સોનાનાં શીંગડાં અને રૂપાની ખરીવાળી ગાયનું રોજ દાન કરતો હતો." ભગવાનને કહે, "ગાયની સાથે દૂધ દોહવાનું પાત્ર અને એક વર્ષ ચાલે એટલું ખાણ પણ આપતો હતો, પણ એક દિવસ ગોટાળો થયો. હું એક ગાય એક બ્રાહ્મણને આપતો હતો ત્યારે બીજો બ્રાહ્મણ આવ્યો અને મને કહેવા લાગ્યો કે આ ગાય તો તમે મને દાનમાં આપી છે, તે તમે બીજાને કેમ આપી શકો ?" મેં કહ્યું, "મારી ભૂલ થઈ લાગે છે. આ તમે તમારી ગાય લઈ જાવ." હું આ બ્રાહ્મણને બીજી ગાય આપું છું, પણ તે ન માન્યો. વધુ પડતું દાન બ્રાહ્મણોએ લેવું ન જોઈએ. બે બ્રાહ્મણો વચ્ચે ઝઘડો થયો. ઝઘડાનું નિરાકરણ ન થયું. બ્રાહ્મણને આપેલું દાન અજાણતાં મેં પાછું લીધું. બ્રાહ્મણને આપેલું દાન પાછું લેવું એ પાપ છે. આ અજાણતાં મારાથી પાપ થઈ ગયું. કાળે કરી મારું મૃત્યુ થયું." યમરાજાએ મને પૂછ્યું, "બોલો નૃગરાજા, પહેલાં પાપ ભોગવશો કે પુણ્ય ?" મને થયું પહેલાં પાપનું ફળ ભોગવી લઉં. મેં યમરાજાને પૂછ્યું, "મેં કયુ પાપ કર્યું છે ?" યમરાજાએ કહ્યું, "હે રાજા ! તેં બ્રાહ્મણને આપેલું દાન પાછું લીધું છે. અને તે પાપ ભોગવવા મારે કાચીંડો થવું પડ્યું." ભગવાને પોતાના દીકરાઓ અને પૌત્રોને બોલાવી કહ્યું, "હે દીકરાઓ ! જુઓ બ્રાહ્મણ વેદની મૂર્તિ કહેવાય. બ્રાહ્મણને આપેલું દાન પાછું લે, શિવજીને ચડાવેલું પાછું લે

તેની આવી દશા થાય. જ્યોતિર્લિંગની સ્ત્રીઓ પૂજા કરી શકે. શિવજીનો પ્રસાદ અતિત બાવા લઈ શકે. જ્યોતિર્લિંગ બાર છે. સૌ પ્રથમ શિવજીએ ચંદ્રને દર્શન આપેલાં. ચંદ્રને દક્ષ રાજાનો શાપ હતો. દક્ષે પોતાની સત્તાવીશ દીકરીઓ ચંદ્રને પરણાવી હતી. ચંદ્ર પત્ની રોહિણી તરફ પક્ષપાત કરે અને બીજીઓ તરફ ધ્યાન ન આપે. દક્ષ રાજાએ ચંદ્રને શાપ આપ્યો કે, "જા, તને ક્ષય રોગ થશે." ચંદ્રએ શાપના નિવારણ માટે શિવજીની ઉપાસના કરી. શિવજી પ્રસન્ન થયા. શિવજીએ ચંદ્રને કહ્યું તને પંદર દિવસ સુધી વદ ક્ષય રહેશે અને પંદર દિવસ નહીં રહે."

શુકદેવજી કહે : "હે પરીક્ષિત ! આમ ભગવાન શ્રીકૃષ્ણ પોતાના પુત્રો અને પ્રપૌત્રોની વાત સાંભળતાં અને દરેક વાતનો ખુલાસો કરતા. સાંબ વિદ્વાન હતા અને અનેક પ્રશ્નો કરતા. તેનાં લગ્ન દુર્યોધનની દીકરી લક્ષ્મણા સાથે થયાં હતાં. દુર્યોધનની દીકરી લક્ષ્મણાનો સ્વયંવર ગોઠવાયો હતો. લક્ષ્મણાની ઈચ્છા સાંબ સાથે પરણવાની હતી. સાંબે કૌરવોની ઈચ્છા વિરુદ્ધ લક્ષ્મણાનું હરણ કર્યું. કૌરવો તેથી કોપાયમાન થયા. સાંબને અનેક પ્રયત્નો પછી કૌરવોએ કેદ કર્યો. આ સમાચાર નારદજીએ દ્વારકા આવી યાદવોને આપ્યા. યાદવો ગુસ્સે ભરાયા અને કૌરવો સાથે યુદ્ધ કરવા તૈયાર થયા. પણ બલરામ યાદવો અને કૌરવો વચ્ચે યુદ્ધ થાય તેમ ઈચ્છતા ન હતા, તેથી પોતે એકલા હસ્તિનાપુર ગયા. ત્યાં જઈ કૌરવોને મળી સમજાવ્યા કે સાંબને મુક્ત કરી, લક્ષ્મણાનાં અને સાંબનાં લગ્ન કરી માનભેર વળાવો તો સારું. પણ કૌરવો માન્યા નહીં, ઊલટાનું બલરામનું અનેક રીતે અપમાન કરવા લાગ્યા. આથી બળદેવજી ગુસ્સે ભરાયા અને હળ અને મુસળ નાખી આખી હસ્તિનાપુર નગરીને ખેંચી ગંગામાં ડુબાડવા માટે ખેંચવા લાગ્યા. હસ્તિનાપુર નગરી ગંગા નદીમાં નૌકા ડગમગે એમ ડગમગવા લાગી. લોકો ભયભીત થઈ ગયાં. કૌરવો ગભરાયા અને લક્ષ્મણા અને સાંબને બળદેવજી સમક્ષ હાજર કરી દીધાં. દુર્યોધને અઢળક પહેરામણી કરી. બળદેવજીને ખુશ કર્યા. બળદેવજી સાંબ અને લક્ષ્મણાને લઈ દ્વારકા આવ્યા. પોતે કઈ રીતે સાંબને છોડાવ્યો તે વાત યાદવોને વિગતવાર કહી સંભળાવી."

એક વખત સાંબ અને યાદવકુમારો વનવિહાર કરવા નીકળ્યા હતાં. વનમાં એક ઋષિ ધ્યાનમાં બેઠા હતા. સાંબે તે ઋષિના જ્ઞાનની કસોટી કરવાનો વિચાર કર્યો. યાદવકુમાર સાંબને સ્ત્રીનાં કપડાં પહેરાવી સગર્ભા સ્ત્રી હોય તેમ ઋષિ સમક્ષ લઈ ગયા અને પૂછ્યું, "હે મુનિરાજ ! આ સ્ત્રીને પુત્ર આવશે કે પુત્રી ?" મહાત્મા કહે, "નદીમાં પૂર આવ્યું છે. પાણીના અવાજમાં તમે શું કહ્યું તે સાંભળ્યું નહીં. ફરી કહો." સાંબે ફરી પૂછ્યું, "આ સગર્ભા સ્ત્રીને પુત્ર જન્મશે કે પુત્રી ?" ઋષિએ જવાબ આપ્યો, "થોડીવાર પછી આના પેટમાંથી સાંબેલું જન્મશે, જે યાદવકુળનો સંહાર કરશે." સાંબ ગભરાયો. સાંબે યાદવકુમારોને કહ્યું, "સાંબેલાનો ભૂકો કરી જમીનમાં વેરી દ્યો અને લોખંડનો ભૂકો કરી જળમાં પધરાવી દ્યો." આમ સાંબેલાનો અને લોખંડનો ભૂક્કો કરી જમીનમાં અને જળમાં નાખી દીધો."

શુકદેવજી કહે : "હે પરીક્ષિત ! એક દિવસ દ્વારકામાં ભગવાન શ્રીકૃષ્ણ, ઉદ્ધવજી અને નારદ સાથે ચર્ચા વિચારણા કરતા હતા, ત્યાં એક દૂત આવ્યો. તેણે જરાસંઘે ઘણા રાજાઓને કેદ કર્યા હતા તેઓનો સંદેશો શ્રીકૃષ્ણને આપ્યો. રાજાઓએ શ્રીકૃષ્ણને કહેવડાવ્યું હતું કે, "અમને નિર્દોષ રાજાઓને જરાસંઘે કેદ કર્યા છે, કૃપા કરી આપ અમારી સહાય કરવા ગરુડે ચડીને આવો." ભગવાન કહે "કોઈપણ મોટો પ્રશ્ન ઊભો થાય ત્યારે ઘરનાં બધાંની સલાહ લેવી જોઈએ. ભગવાને નારદજીને પૂછ્યું, "બોલો નારદજી, આ બાબતમાં મારે શું કરવું જોઈએ ?" નારદજી કહે, "હે શ્રીકૃષ્ણ ! હમણાં યુધિષ્ઠિર રાજસૂય યજ્ઞ કરવા ઈચ્છે છે. દશે દિશા જે જીતી શકે તે જ રાજસૂય યજ્ઞ કરી શકે. રાજસૂય યજ્ઞ કરવા જરાસંઘ સાથે યુદ્ધ કરવું પડશે, અને તે જ વખતે નિર્દોષ રાજાઓને છોડાવી શકાશે." શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજીને પૂછ્યું, "બોલો ઉદ્ધવજી, તમે શું કહો છો ?" ઉદ્ધવજી કહે, "જરાસંઘ દસ હજાર હાથીનું બળ ધરાવે છે. તેને દ્વંદ્વ યુદ્ધમાં ફક્ત ભીમ જ હરાવી શકે. ભીમ જરાસંઘને બે પગ પકડી ઊભો ચીરી નાખશે. શ્રીકૃષ્ણ ભગવાને દૂતને કહ્યું, "તું જઈને રાજાઓને કહેજે કે ડરશો નહીં, હું જરાસંઘને મરાવી તમને મુક્તિ અપાવીશ." આ

સંદેશો લઈ દૂત રાજાઓ પાસે ગયો. રાજાઓ ભગવાન શ્રીકૃષ્ણની રાહ જોવા લાગ્યા.''

''ઉદ્ધવજી અને નારદજીની સલાહ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણ પોતાની આઠ પટરાણીઓ, બલરામ અને સેનાને લઈ ઇન્દ્રપ્રસ્થ આવ્યા. યુધિષ્ઠિરને ખબર પડતાં જ ખૂબ જ પ્રસન્ન થયા અને યુધિષ્ઠિરે ભગવાન શ્રીકૃષ્ણની સાથેનાં સૌનું સ્વાગત કર્યું. ભગવાન શ્રીકૃષ્ણે કુંતાજીને કહ્યું, ''પાંડવો પાસે રાજસૂય યજ્ઞ કરાવવો છે.'' કુંતીજી અને યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કરવાનું નક્કી કર્યું અને શ્રીકૃષ્ણને યજ્ઞના કામમાં મદદ કરવા કહ્યું. જુદી જુદી દિશામાં સહદેવ, નકુલ, ભીમ અને અર્જુનને જુદાં જુદાં રાજ્યો જીતવા યુધિષ્ઠિરે મોકલી આપ્યા. બધાય રાજ્યો જિતાયાં, પણ હજી એક જરાસંઘ બાકી રહ્યો હતો. ભગવાને ભીમ અને અર્જુનને કહ્યું, ''જરાસંઘને જીતવા તમે બન્ને મારી સાથે ચાલો.'' બપોરના બાર વાગ્યે અતિથિ સત્કારના સમયે ત્રણે જણા બ્રાહ્મણવેશે જરાસંઘ જ્યાં રહેતો હતો ત્યાં ગિરિવ્રજમાં આવ્યા. જરાસંઘને કહેવા લાગ્યા, ''હે રાજા ! અમે તારા અતિથિ તરીકે ખાસ કારણે તારે ત્યાં આવ્યા છીએ. અમે જે ઇચ્છા રાખીને આવ્યા છીએ તે તું અમને આપ.'' જરાસંઘ કહે, ''તમે બ્રાહ્મણ છો. માગો. જે માગશો તે આપીશ.'' ભગવાન કહે, ''હે રાજન ! અમે અન્નની ભિક્ષા નહીં, દ્વંદ્વ યુદ્ધની ભિક્ષા માગીએ છીએ.'' જરાસંઘ કહે, ''બ્રાહ્મણ સાથે મારાથી લડાઈ ન થાય.'' ભગવાન કહે, ''અમે ક્ષત્રિય છીએ. આ અર્જુન અને આ ભીમ છે અને હું તેનો મામાનો દીકરો કૃષ્ણ છું.'' જરાસંઘ હસવા લાગ્યો અને ભગવાનને કહે, ''હે કૃષ્ણ ! તું મારાથી ડરીને દરિયામાં નગર બાંધી રહ્યો છે. હું તારી સાથે યુદ્ધ નહીં કરું અને આ અર્જુન દુબળો છે. તેની સાથે ય નહીં, હું ભીમ સાથે લડીશ. જરાસંઘ અને ભીમનું યુદ્ધ સાત દિવસ ચાલ્યું. ભગવાને ભીમને કહ્યું, ''હું જેમ પીપળાના પાનને કાપી ફેકું તેમ તું જરાસંઘને મારી ફેંકી દેજે.'' જરાસંઘ બે ફાડિયામાં જન્મેલો. એ જ રીતે ભીમે તેનો એક પગ દબાવી, બીજો પગ ખેંચી શરીરનાં ઊભાં બે ફાડિયાં કરી નાખ્યાં. આમ ભીમે જરાસંઘને મારી નાખ્યો. ચોરેલું સોનું ત્રીજી

પેઢીએ પણ ધનોતપનોત કરે છે. જે દિવસે જરાસંઘ આ ચોરેલા સોનાનો મુગટ પહેરવાનો હતો એ જ દિવસે મરી ગયો. જરાસંઘના દીકરાએ એ મુગટ માંગ્યો. ભીમે તે છતાં એ લઈ લીધો. ભગવાને ભીમને તે મુગટ માથા પર પહેરવાની ના પાડી. પાંડવોની સભામાં તે મુગટ લાવવામાં આવ્યો. ભગવાને કહ્યું, "આ મુગટ પર ચિઠ્ઠી મારો કે આ મુગટ ચોરેલા સોનામાંથી બનાવ્યો છે. કોઈએ પહેરવો નહીં." કાળે કરી તે પટ્ટી નીકળી ગઈ." શુકદેવજી કહે : "હે પરીક્ષિત ! તે મુગટ તેં પહેર્યો અને તારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ. તેં શમીક ઋષિના ગળામાં મરેલો સાપ નાખ્યો અને શમીકના દીકરા શૃંગીએ તને શાપ આપ્યો."

"આમ ભીમને હાથે જરાસંઘ મરાયો. શ્રીકૃષ્ણે અને અર્જુને ભીમને ભેટીને ભીમનું સન્માન કર્યું. જરાસંઘના દીકરા સહદેવને મગધ દેશનો રાજા બનાવ્યો. જરાસંઘે કેદ કરેલા બધા નિર્દોષ રાજાઓને છૂટા કર્યા. બધા રાજાઓ શ્રીકૃષ્ણને ચરણે પડ્યા અને વિનંતી કરી કે "હે ભગવાન ! આ સંસારમાં સતત અમે તમને યાદ કરીએ, કદી તમને ભૂલીએ નહીં, સતત આપનું સ્મરણ રહે તેવી સદ્‌બદ્ધિ અમને આપો." ભગવાન શ્રીકૃષ્ણે રાજાઓએ કરેલી વિનંતી સાંભળી અને કહ્યું, "તમારી ઇચ્છા મુજબ જ થશે. જીવનપર્યંત ઈશ્વરસ્મરણ પૂજન કરતાં બ્રાહ્મણસ્વરૂપને પ્રાપ્ત કરશો." કેદમાંથી છૂટેલા આ બધા રાજાઓ ભગવાનના આશીર્વાદ મેળવી પોતપોતાના દેશમાં ગયા.

"ભીમ, અર્જુન અને શ્રીકૃષ્ણ ઇન્દ્રપ્રસ્થ આવ્યા. જરાસંઘના વધની વાત વિસ્તારથી યુધિષ્ઠિરને કહી સંભળાવી."

## શિશુપાલવધ

"પાંડવોએ રાજસૂય યજ્ઞ કર્યો. યજ્ઞમાં અનેક રાજા-મહારાજાઓ, ઋષિમુનિઓ, મહાત્માઓ આવેલા. યુધિષ્ઠિરે પ્રસ્તાવ રજૂ કર્યો કે, "યજ્ઞમાં પહેલી પૂજા કોની કરવી ?" સહદેવ જ્ઞાની અને સમજુ હતા. સહદેવે કહ્યું, "શ્રીકૃષ્ણની પહેલી પૂજા કરો." યજ્ઞમાં

હાજર રહેલા સર્વ રાજા, મહારાજ, ઋષિ, મહાત્માઓ સંમત થયા, પણ શિશુપાલે વિરોધ કર્યો. શ્રીકૃષ્ણની અનેક રીતે નિંદા કરવા લાગ્યો. તેથી પાંડવો અને શ્રીકૃષ્ણનો પક્ષ કરનારા રાજાઓ શિશુપાલને મારવા તૈયાર થયા. પરંતુ શ્રીકૃષ્ણે તેમને રોકી, સામે આવતા શિશુપાલના મસ્તકને સુદર્શચ ચક્ર વડે ઉડાવી દીધું. શિશુપાલના પક્ષના રાજાઓ ગભરાઈને ભાગી ગયા. શિશુપાલના શરીરમાંથી એક તેજકિરણ નીકળી શ્રીકૃષ્ણમાં સમાઈ ગયું. આમ વિષ્ણુ ભગવાનના પાર્ષદો જય, વિજયને સનતકુમારના શાપથી ત્રણ વખત રાક્ષસ યોનિમાં જન્મ લેવો પડ્યો હતો. આ ત્રીજા જન્મમાં ભગવાને મારીને સદ્‌ગતિ કરી.'' શુકદેવજી કહે : ''હે રાજા ! મેં તને એ બધી વાતો વિસ્તારથી અહીં કહી સંભળાવી. શિશુપાલના વધ પછી રાજા યુધિષ્ઠીરનો રાજસૂય યજ્ઞ ભગવાન શ્રીકૃષ્ણે પૂર્ણ કરાવ્યો. યુધિષ્ઠિરની રજા લઈ શ્રીકૃષ્ણ પોતાની પટરાણીઓ અને સૈનિકોને લઈ દ્વારકા ગયા.''

''રાજસૂય યજ્ઞની સમાપ્તિ વખતે સૌને યુધિષ્ઠિરે કહ્યું, કોઈ જમ્યા વગર ન જાય. યજ્ઞસમાપ્તિ પ્રસંગે માનવોનાં ટોળેટોળાં આવવાં લાગ્યાં. ઘરમાં પ્રસંગ હોય ત્યારે બહેન ભાઈની અપેક્ષા રાખે. યજ્ઞને અંતે પાંચ પાંડવો, દ્રૌપદી, સુભદ્રા, બળદેવ બેઠાં છે. સુભદ્રાની આંખમાં આંસુ આવ્યાં. દ્રૌપદીએ પૂછ્યું, ''સુભદ્રા, આજે તારી આંખમાં આંસુ કેમ આવ્યાં ?'' સુભદ્રા કહે, ''મારો વીરો દેખાતો નથી, અને એને જલદી બોલાવો.'' મોટાભાઈ યુધિષ્ઠિર અને અર્જુન ભગવાન કૃષ્ણને શોધવા નીકળ્યા. કૃષ્ણ જ્યાં લોકો જમતાં હતાં ત્યાં લોકોની એંઠી પાતળ ઉપાડતા હતા. અર્જુન કહે, ''તમે આ શું કરો છો ? ચાલો જલદી, તમારી બહેન તમને બોલાવે છે.''

''યજ્ઞનો પ્રસંગ પૂરો થતાં દુર્યોધન જવા તૈયાર થયો. પાંડવોએ તેને રોક્યો. દુર્યોધન પાંડવોના આગ્રહથી રોકાયો. રાજસૂય યજ્ઞ પ્રસંગે માયાજાળની શોભા કરેલી હતી. જ્યાં જળ હોય ત્યાં સ્થળ લાગે અને જ્યાં સ્થળ હોય ત્યાં જળની ભ્રાંતિ થાય. દુર્યોધનને જ્યાં પાણી ન હતું ત્યાં પાણી દેખાયું અને પાણી હતું ત્યાં સ્થળ સમજી ચાલવા જતાં પાણીમાં પડ્યો. આ જોઈ દ્રૌપદીથી ન રહેવાયું. તેણે મશ્કરી

કરી, ''આંધળાના પુત્ર આંધળા જ હોય.'' દુર્યોધન પોતાનું અપમાન થવાથી ગુસ્સે ભરાયો અને વેર લેવાની પ્રતિજ્ઞા લીધી.'' શુકદેવજી કહે : ''હે પરીક્ષિત રાજા ! શિશુપાલનો વધ થવાથી તેનો મિત્ર શાલ્વ રાજા જે રુક્મિણીને વિવાહ વખતે આવેલો અને યાદવોનો નાશ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી તે શંકર ભગવાનને પ્રસન્ન કરી, સૌભ વિમાન લઈ દ્વારકા પર યુદ્ધ કરવા આવ્યો. દ્વારકા નગરી પર જાત-જાતનાં શસ્ત્રો વિમાનમાંથી ફેંકી ઘણું નુકસાન પહોંચાડ્યું. યાદવો અને પ્રદ્યુમ્ને વીરતાથી શાલ્વ રાજા સાથે યુદ્ધ કર્યું અને તેની સેનાનો નાશ કર્યો. આ સમયે ભગવાન કૃષ્ણ યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞ પ્રસંગે ઈન્દ્રપ્રસ્થ ગયેલા. ત્યાં તેમણે શિશુપાલનો વધ કર્યો. ભગવાન જાણતા હતા કે શિશુપાલના પક્ષના રાજાઓ દ્વારકા લડાઈ કરવા આવશે. દ્વારકા પાછા આવતાં યાદવો અને શાલ્વ રાજા વચ્ચે ચાલતું યુદ્ધ જોયું. બલરામને દ્વારકા નગરીનું રક્ષણ કરવા રોકી, પોતે દારુક સારથિને લઈ શાલ્વ પાસે ગયા. બન્ને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. શાલ્વની ગદાના પ્રહારથી ભગવાનનો હાથ ધનુષ સહિત વીંધાઈ ગયો. લોકો હાહાકાર કરવા લાગ્યા. શાલ્વ રાજા જેમ તેમ શ્રીકૃષ્ણને ગાળો દેવા લાગ્યા. શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો, ''મારા મિત્ર શિશુપાલને મારનાર હે કૃષ્ણ, હું તને મારીને જ જંપીશ. આ સાંભળી શ્રીકૃષ્ણ ક્રોધાયમાન થયા અને પોતાની ગદા શાલ્વ રાજાની છાતીમાં મારી. શાલ્વ લોહીની ઊલટીઓ કરવા લાગ્યો. ભગવાન શંકર પાસે માયાવી વિદ્યા શીખેલો શાલ્વ શ્રીકૃષ્ણના પિતાનું બનાવટી કાપેલું માથું લઈ ભગવાન કૃષ્ણ પાસે આવ્યો. શ્રીકૃષ્ણ જાણતા હતા કે આ માયાવી વિદ્યા જાણનારો છે. તેથી તેના વિમાનને અને તેને મારી નાખવા તૈયાર થયા. ભગવાન કૃષ્ણે પોતાના અમોઘ શસ્ત્રથી શાલ્વના સૌભ વિમાનને તોડી પાડ્યું. વિમાન દરિયામાં પડ્યું. શાલ્વ ધરતી પર આવી ફરી કૃષ્ણને મારવા ધસ્યો. પણ શ્રીકૃષ્ણે પોતાનાં સુદર્શન ચક્રથી શાલ્વનું માથું કાપી નાખ્યું. આમ શાલ્વનો વધ અને તેના સૌભ વિમાનનો નાશ થવાથી શાલ્વનો મિત્ર દંડ વક્ત્ર ભગવાન કૃષ્ણ સાથે યુદ્ધ કરવા ધસી આવ્યો. કૃષ્ણને માથામાં પોતાની ગદા મારી. છતાં ભગવાન કૃષ્ણ ડર્યા નહીં અને

પોતાની ગદા તેની છાતીમાં મારી. દંતવક્ત્રનું હૃદય ચિરાઈ ગયું. દંતવક્ત્રના મરણથી તેનો ભાઈ વિદુરથ પણ ક્રોધથી હાંફતો હાંફતો કૃષ્ણને મારવા આવ્યો, કે ભગવાન કૃષ્ણે તેનું મસ્તક પણ સુદર્શન ચક્રથી કાપી નાખ્યું. આમ શત્રુ રાજાઓનો સંહાર કરી ભગવાન કૃષ્ણે દ્વારકામાં પ્રવેશ કર્યો.''

''પાંડવ અને કૌરવો વચ્ચે યુદ્ધ જાહેર થયું. બલરામ તટસ્થ રહેવાના હતા. તીર્થસ્થાન કરવાના બહાને બલરામ દ્વારકાથી નીકળી નૈમિષારણ્યમાં આવ્યા, જ્યાં ઋષિઓ યજ્ઞ કરતા હતા. બળદેવજીને આવેલા જોઈ બધા મુનિઓ ઊભા થઈ ગયા અને બળદેવજીને આવકાર આપ્યો. સુતપુત્ર રોમહર્ષણ ઊભો ન થયો, તે બેસી રહ્યો. તે વ્યાસમુનિનો શિષ્ય હતો. બ્રાહ્મણ કરતાંયે ઊંચા આસને બેઠેલા અને અવિવેકી રોમહર્ષણને જોઈ બળદેવજી ગુસ્સે ભરાયા અને મારી નાખ્યો. બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, ''હે બળદેવજી યજ્ઞ પૂરો થાય ત્યાં સુધી રોમહર્ષણને અમે બ્રહ્માસન આપેલું હતું. તેનો વધ કરવાથી તમને બ્રહ્મહત્યાનું પાપ લાગ્યું છે. અજાણતાં આ પાપ તમારાથી થયું છે. છતાં તમારે તેનું પ્રાયશ્ચિત કરવું જોઈએ.'' બળદેવજી કહે, ''હે મુનિઓ, તમે કહેશો તે રીતે હું પ્રાયશ્ચિત કરીશ.'' ઋષિઓ કહે, ''અમારા યજ્ઞમાં બલ્વલ નામનો રાક્ષસ વિક્ષેપ કરે છે. તેનો તમે સંહાર કરો. બાર મહિના સુધી ભારતવર્ષની પ્રદક્ષિણા કરો અને વ્રત કરો, જેથી બ્રહ્મહત્યાના પાપમાંથી તમને મુક્તિ મળશે.'' શુકદેવજી કહે, ''હે રાજા ! ઋષિઓ યજ્ઞ કરતા હતા ત્યારે બલ્વલ રાક્ષસ આવ્યો અને યજ્ઞમાં ધૂળ અને પરુનો વરસાદ વરસાવવા લાગ્યો. જેવો રાક્ષસ ત્યાં આવ્યો કે બળદેવજીએ પોતાના હળની અણીથી આકાશમાં રહેલા બલ્વલ રાક્ષસને ખેંચી ધરતી પર પછાડ્યો અને તેના માથા ઉપર મુશળનો પ્રહાર કર્યો. બલ્વલ ત્યાંને ત્યાં મરણ પામ્યો. ઋષિમુનિઓ બલરામનો જયજયકાર કરવા લાગ્યા. પછી મુનિઓની સંમતિ લઈ બલરામ ભારતવર્ષની યાત્રાએ નીકળી પડ્યા. જ્યારે ફરતાં ફરતાં બલરામ કુરુક્ષેત્ર પહોંચ્યા ત્યારે બ્રાહ્મણોએ કૌરવો અને પાંડવો વચ્ચે થયેલા યુદ્ધનાં તેમજ સર્વ રાજાઓના નાશનાં ખબર બળદેવજીને

આપ્યાં. હજી રણસંગ્રામમાં દુર્યોધન અને ભીમ ગદાયુદ્ધ લડતા હતા, તેઓને અટકાવવા બલરામે ભીમ અને દુર્યોધનનેકહ્યું, "તમે બન્ને સમાન બળવાળા છો. તમારા વચ્ચે હાર-જીત થવી શક્ય નથી, માટે યુદ્ધ બંધ કરો." પરંતુ ભીમ અને દુર્યોધને તેમની વાત માની નહીં. તેથી બળદેવજી ત્યાંથી પાછા નૈમિષારણ્યમાં ચાલ્યા ગયા. ત્યાં નૈમિષારણ્યમાં ઋષિમુનિઓને શુદ્ધ જ્ઞાન આપ્યું. એ જ્ઞાન કે જે વડે મનુષ્યો આ જગતને પોતાના આત્મામાં રહેલું જાણે છે અને આત્માને જગતમાં રહેલો જાણે છે."

## મિત્ર સુદામા

પરીક્ષિત રાજાએ શુકદેવજીને પૂછ્યું, "હે શુકદેવજી ! ભગવાનના કોઈ મિત્ર હતા કે નહીં ?" શુકદેવજી કહે, "હા, એક મિત્ર હતો, જેનું નામ સુદામા હતું. સુદામા બ્રહ્મજ્ઞાની, જિતેન્દ્રિય, શાંત સ્વભાવનો અને ગૃહસ્થાશ્રમી બ્રાહ્મણ હતો. સુદામાના પરિવારમાં પત્ની, બે દીકરા અને બે દીકરીઓ હતાં. અતિશય ગરીબીમાં જીવતાં હતાં. અવારનવાર સુદામા પોતાની પત્નીને પોતાના મિત્ર શ્રીકૃષ્ણની વાતો કરતા. "શ્રીકૃષ્ણ, મારો બાળપણનો મિત્ર, સોનાની દ્વારકા નગરીનો રાજા છે." પત્ની કહેતી, "તમારો મિત્ર ક્યારેય તમારી ખબર કાઢવા આવ્યો ? એમ કરો, કાંઈપણ માગવા નહીં, પણ મળવા એકવાર જરૂર જાવ." જવા તૈયાર થયા. સુદામાની પત્ની વિચારે છે. મારા પતિના મિત્રનો પરિવાર ખૂબ મોટો છે. પહેલીવાર મારા પતિ મિત્રને મળવા જાય છે, તો ખાલી હાથે કેમ જવાય ? કાંઈક ભેટ તો આપવી પડે. સંકટમાં સ્ત્રીની કસોટી થાય છે - જેમ સોનાની અગ્નિમાં અને સૈનિકની યુદ્ધમાં. સુદામા રોજ વનમાં જાય અને ખાલી ઠૂંઠા ધોકાવી જે દાણા મળે તે લઈ આવે. તે દાણાની તેની પત્ની રાબ બનાવે. ઘરનાં બધાંને તે આપે. અને પત્ની પોતે ફક્ત પાણી પી લે. પત્ની સુદામાને કહે, "મેં તમારા મિત્ર માટે ભેટ તૈયાર કરી રાખી છે. જ્યારે તમારે મિત્ર પાસે જવું હોય ત્યારે મને કહેજો." વારંવાર પત્ની અને બાળકોના કહેવાથી સુદામા તૈયાર

થયા. પૌંઆની પોટલી સુદામાને તેની પત્નીએ શ્રીકૃષ્ણને ભેટ આપવા માંડી. સુદામા કહે આ પોટલી પર સફેદ કપડું વીંટી દે. સુદામાની પત્નીને ઘરમાં ક્યાંય સફેદ કપડું ન મળ્યું. પોતાની સાડીમાંથી કપડું ફાડી પોટલી પર બાંધી દીધું. પોટલી બગલમાં દબાવી "શ્રીહરિ, શ્રીહરિ" કરતાં સુદામા દ્વારકા જવા તૈયાર થયા. છોકરાંઓ કહે, "પિતાજી, વહેલા પાછા આવજો, નહીં તો અમારે એકાદશી કરવી પડશે." સુદામા લાકડી અને પોટલી લઈ ચાલવા લાગ્યા. રસ્તામાં ગોમતી નદી આવી તેમાં સ્નાન કર્યું. ચાલતાં ચાલતાં મધ્યાહ્ન થતાં સુદામા દ્વારકા આવી પહોંચ્યા. ભગવાનના મહેલ પાસે આવ્યા. સુદામા પ્રતિહારીને કહે, "ક્યાં છે કનૈયો ? હું એને મળવા આવ્યો છું." પ્રતિહારી કહે, "કનૈયો કોણ છે ? અહીં તો દ્વારકાધીશ રહે છે." ભગવાન કનૈયો સાંભળતાં ઊઠ્યા, નીચે આવ્યા. સુદામાને ભેટી પડ્યા. સુદામાને રાજમહેલમાં લઈ આવ્યા. શ્રીકૃષ્ણ ભગવાને સુદામાના જમણા પગની પૂજા કરી. પૂજા કરતાં સુદામાના પગમાં કાંટા-કાંકરા ભરાયેલા ભગવાને જોયા. ભગવાને આજ્ઞા કરી, સોય લાવો. સોય લાવતાં વાર થઈ એટલે શ્રીકૃષ્ણે પોતાની દાઢથી સુદામાના પગમાંના કાંટા ખેંચી કાઢ્યા. ભગવાન કહે, "સુદામા, ગરમ પાણી આવી ગયું છે, તમે નહી લો." સુદામાએ સ્નાન કર્યું એટલે સુંદર વસ્ત્રો અને અલંકાર સુદામાને પહેરાવ્યાં. ભાતભાતનાં મિષ્ટાન્ન જમાડ્યાં. સુદામા મનમાં વિચારવા લાગ્યા, "આ પૌંઆની પોટલી કૃષ્ણને આપવી બરાબર નથી." પોતાની બગલમાં સંતાડી રાખી. બપોરે સુદામાએ કહ્યું, "કનૈયા, મારે માતા દેવકી અને પિતા વસુદેવનાં દર્શન કરવાં છે." ભગવાન સુદામાને માતા-પિતા પાસે લઈ ગયા. માતા દેવકી કહે, "સુદામા, એક દિવસ એવો નથી ગયો જ્યારે તને કૃષ્ણે યાદ ન કર્યો હોય." આ સાંભળી સુદામાની આંખમાં આંસુ આવી ગયાં. સુદામા શ્રીકૃષ્ણ સાથે ત્રણ દિવસ રહ્યા. ભગવાને સુદામાને આખું દ્વારકા દેખાડ્યું. હવે સુદામાને પોતાનાં ભૂખ્યાં છોકરાંઓ યાદ આવી ગયાં. ભગવાન વેદના જાણી ગયા. બ્રહ્માને આજ્ઞા કરી. સુદામાનું ઘર બદલો. રાચ-રચીલું વસાવો. શ્રીકૃષ્ણ અને

સુદામા વાતો કરતા હતા ત્યાં ભગવાનનાં બાળકો ત્યાં આવ્યાં. કૃષ્ણને કહે, "આ દાદાની ઓળખાણ કરાવો." ભગવાન કહે "મારો ખાસ બાળપણનો મિત્ર છે." સુદામાને એક બાજઠ પર બેસાડ્યા. બધી પટરાણીની ભગવાને સુદામાને ઓળખાણ કરાવી. ૧૬૧૦૮ રાણી અને દરેકના દસ દસ દીકરા. બધા આવ્યા. વારાફરતી બધા સુદામાને પગે લાગતા જાય છે અને ભગવાન એક એકની ઓળખાણ કરાવતા જાય છે. સુદામા કહે, "હવે મારે જવું જોઈએ." સુદામા મનમાં વિચારે છે કે પૌંઆની પોટલી કૃષ્ણને આપું કે ન આપું ? એ જ વખતે ભગવાને સુદામાની બગલમાંથી પોટલી લઈ લીધી. ભગવાન પોટલી છોડવા લાગ્યા. પોટલીમાંથી દાણા નીચે પડવા માંડ્યા. નીચે પડતાં દાણા ભગવાન ખાવા લાગ્યા. ભગવાને કહ્યું, "આ પ્રસાદ ચાંદીના પાત્રમાં પધરાવી બધાને વહેંચી આપો." બધાંને સુદામાના લાવેલા પૌંઆની પ્રસાદી આપી. સૌ વિચારવા લાગ્યા, આવી મીઠી પ્રસાદી ક્યારેય મળી નથી. સુદામા વિચારે છે, આ મારા લાવેલા પૌંઆમાં શું બળ્યું છે ? બધા કેવા પ્રેમથી ખાય છે. સુદામાએ ભગવાનને કહ્યું, "કાલે મને હવે જવા દ્યો." ભગવાન કહે, ભલે. બીજે દિવસ સવારે સ્નાન-સંધ્યા પતાવી, જમ્યા. વિદાય વખતે સુદામા ભગવાનના પરિવારને મળ્યા. એકમેકની આંખમાં આંસુ આવ્યાં. માણસે પોતાનું વ્યક્તિત્વ એવું વિકસાવવું જોઈએ કે પોતાની હાજરી કરતાં ગેરહાજરી વધુ સાલે. ઠાકોરજીએ પોતાની પટરાણીને કહ્યું, "સુદામા જે કપડાં પહેરીને આવેલા તે ધોયાં હોય તો લાવો. અહીં રસ્તામાં ચોર લૂંટારા બહુ છે. દાગીના કાઢી નાખો." સુદામાએ પહેરેલા દાગીના કાઢી નાખ્યા. ભગવાન કહે, "તમે તમારાં અસલ કપડાં પહેરી લો." સુદામાએ પોતાનાં કપડાં પહેરી લીધાં. ભગવાનને નમસ્કાર કરી ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં સુદામા વિચારે છે કે કૃષ્ણે મારા પ્રત્યે કેવો પ્રેમ બતાવ્યો ! ઘરનાં દરેકે દરેક પ્રેમ દર્શાવવાં લાગ્યાં. મારા અસલ કપડાં પહેરાવી દીધાં તે સારું કર્યું. નહીં તો શ્રીમંતાઈ આવવાથી માણસ ભગવાનને ભૂલી જાય. મારું મન સતત ઈશ્વરમાં જ રહે માટે જ મને કૃષ્ણે ધન ન આપ્યું. અને તે સારું જ કર્યું છે. શ્રીકૃષ્ણનો જ વિચાર

કરતાં કરતાં છેક પોતાને ગામ જ્યાં પોતાની ઝૂંપડી હતી તે જગ્યાએ પહોંચી ગયા. ત્યાં જઈને જોયું તો પોતાની ઝૂંપડી ન જોઈ. તેને બદલે ત્યાં મહેલ દેખાયો. સુદામા વિચારવા લાગ્યા, મારું ઘર, મારી પત્ની, મારાં બાળકો, અહીંથી ક્યાં ગયાં હશે ? ત્યાં તો મહેલમાંથી સુદામાનાં પત્ની આવ્યાં અને સુદામાને કહેવાં લાગ્યાં, "આ બધું ઐશ્વર્ય તમારા મિત્રે આપ્યું." સુદામા વિચારવા લાગ્યા, "જ્યારે હજાર હાથવાળો આપવા માંડે ત્યારે બે હાથવાળો કેટલુંક લઈ શકે ?" બ્રહ્માજીએ ભગવાનને ફરિયાદ કરી કે "મેં સુદામાના ભાગ્યમાં ભાગ્યક્ષય લખેલો. તેને તમે ભાગ્યશ્રી બનાવી દીધો !" બ્રહ્માજી કહે, "હે ભગવાન, તમે મારો અધિકાર લઈ લીધો તેમ નથી લાગતું ?" ભગવાને બ્રહ્માને કહ્યું, "જે મનુષ્ય નિષ્કામ ભાવે સતત મારું સ્મરણ કરે, પોતાનું સર્વસ્વ મને અર્પણ કરે, તેનાં દુઃખ-દારિદ્ર હું દૂર કરું છું." ભગવાન કહે છે, "પુરુષાર્થ કરો, પ્રાર્થના કરો. ક્યારેય ભગવાન પાસે માગો નહીં. જે કાંઈ સહજ રીતે મળે તેનાથી ચલાવતાં શીખો. સંતોષ રાખવો અને સદાય ઈશ્વરનું સ્મરણ કરતાં રહેવું."

શુકદેવજી કહે : "હે પરીક્ષિત ! એક વખત મોટું સૂર્યગ્રહણ થયું ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ દ્વારકામાં રહેતા હતા. સૂર્યગ્રહણની જાણ થતાં ચારે બાજુથી લોકો પુણ્ય કરવાની ઇચ્છાથી કુરુક્ષેત્રમાં જવાં લાગ્યાં. જ્યાં ભગવાન પરશુરામે પોતે એકવીસ વખત પૃથ્વીને નક્ષત્રિય કરી હતી, તેનાં પાપમાંથી મુક્ત થવા યજ્ઞો કર્યા હતા. ભગવાન શ્રીકૃષ્ણ પોતાના પરિવાર સહિત, તેમજ મહાન તેજસ્વી યાદવો સહિત પોતપોતાના રથમાં બેસી કુરુક્ષેત્રમાં આવ્યા. ત્યાં આવી ઉપવાસ કરી, બ્રાહ્મણોને સોના-ચાંદી તેમજ અનાજ, ગાય વગેરે દાન-દક્ષિણા આપ્યાં. આજ સમયે ચારે બાજુમાંથી કુરુક્ષેત્રમાં અનેક દેશના રાજાઓ પણ આવેલા. ગોકુળથી નંદરાય, યશોદા, ગોવાળિયાઓ ગોપીઓને લઈ આવ્યાં હતાં. કૌરવો, પાંડવો, કુંતીજી વગેરે પણ આવેલા. ઘણા સમય બાદ કુંતીજી પોતાના ભાઈ વસુદેવને મળ્યાં. એકબીજાનાં સુખ-દુઃખની વાતો કરી. ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શનથી અને મિલનથી સર્વ કોઈ આનંદ પામ્યાં. સૌ યાદવોને કહેવા લાગ્યા કે "તમે સૌ

ભાગ્યશાળી છો, કારણ કે તમને સૌને ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન, સ્પર્શ, તેમની સાથે ખાવું, પીવું, બેસવું વગેરે દૈહિક, અતિ નિકટના સંબંધનો લાભ મળ્યો છે. સાક્ષાત્ ઈશ્વર તમારે ઘેર પ્રગટ થયાં છે. ખરેખર તમારાથી વિશેષ આ જગતમાં ભાગ્યશાળી કોણ હોઈ શકે ?'' શ્રીકૃષ્ણ અને બલરામ પોતાનાં માતા-પિતા સમાન નંદરાય અને યશોદાને મળ્યા. તેમને વંદન કરી આંખમાં આંસુ સાથે ભેટ્યા. વસુદેવ અને દેવકી નંદરાય અને યશોદાને જોઈ ગળગળાં થઈ ગયાં અને આંખમાં આંસુ સાથે કહેવાં લાગ્યાં, ''તમે અમારા બન્ને પુત્રોનું લાલન-પાલન કરી મોટા કર્યા છે, અમે તો ફક્ત જન્મ જ આપ્યો છે. અમે તમારો ઉપકાર કઈ રીતે વાળી શકીશું ?'' લાંબા સમયના વિરહથી શ્રીકૃષ્ણને મળવા અધીરી થઈ ગયેલી ગોપીઓને શ્રીકૃષ્ણ એકાંતમાં મળ્યા. શ્રીકૃષ્ણે ગોપીઓને કહ્યું કે, ''ગોકુળ છોડ્યા પછી હું મારા અનેક કામોમાં રોકાઈ રહેવાથી તમને મળવા આવી શક્યો નથી, માટે તમે સૌ નારાજ થઈ ગયાં લાગો છો. મને તમે યાદ કરો છો કે નહીં ? હે ગોપીઓ, તમે સૌ નારાજ થઈ હો તો હું તમારી ક્ષમા માગું છું. પણ હે ગોપીઓ ! તમે એક વાત સમજી લો કે હું તો સ્થાવર-જંગમ દરેક વસ્તુમાં, જગતના અણુએ અણુમાં, તમારા દરેકમાં વસેલો છું. ઈશ્વર જ પ્રાણીમાત્રને એક-બીજા સાથે જોડે છે અને વિખૂટા પાડે છે. હે ગોપીઓ ! હું તમારા દરેકેદરેકમાં વસેલો છું. હે ગોપીઓ, તેનો તમે જાતે જ અનુભવ કરો. ભગવાન કૃષ્ણનાં આવાં ઊંચાં આધ્યાત્મિક વચનો સાંભળી ગોપીઓ બોલી, ''હે ભગવાન! અમારા મનમાં સદાકાળ તમારું સ્મરણ રહે, ક્યારેય એક પળ માટે ય અમે તમને ન ભૂલીએ તેવું કરો.'' આમ ગોપીઓ અને ત્યાં મળેલાં લોકો ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરતાં હતાં ત્યારે કૌરવ-પાંડવ વંશની સ્ત્રીઓ અને યાદવવંશની સ્ત્રીઓ પોત-પોતાની સાથેના કૃષ્ણના સંબંધને યાદ કરવા લાગી. દ્રૌપદીએ કૃષ્ણની આઠ પટરાણીઓને પૂછ્યું કે તમારી સાથે ભગવાન કૃષ્ણ કેવી રીતે પરણ્યા ? આઠેય પટરાણીએ પોત-પોતાના લગ્ન પ્રસંગ વિસ્તારથી કહી સંભળાવ્યા અને આઠેય પટરાણીઓએ કહ્યું કે, ''અમારા અનેક જન્મોનાં ત્યાગ, વૈરાગ્ય અને તપશ્ચર્યાના પ્રભાવથી જ

અમે ભગવાન કૃષ્ણના ઘરની દાસીઓ થયેલી છીએ.'' પછી બીજી બધી કૃષ્ણની રાણીઓએ પણ પોત-પોતાનાં લગ્નની કથા કહી સંભળાવી.''

''કુરુક્ષેત્રમાં સૂર્યગ્રહણના સમયે અનેક ઋષિ-મુનિઓ આવેલા. વસુદેવ તેમની પાસે ગયા અને વંદન કર્યાં. વસુદેવે મહાત્માઓને પૂછ્યું, ''હે મહાત્માઓ ! કૃપા કરી શું કરવાથી કર્મનો નાશ થાય તે અમને કહો.'' ઋષિમુનિઓએ વસુદેવને કહ્યું, ''હે વસુદેવ ! ભગવાન વિષ્ણુનું સ્મરણ-પૂજન શ્રદ્ધાપૂર્વક કરવું. ગૃહસ્થીઓએ-ગૃહસ્થાશ્રમના યોગ્ય ભોગ ભોગવી ધીમે ધીમે સર્વ ઈચ્છાઓ ત્યજી દેવી જોઈએ. માણસ જન્મની સાથે ત્રણ પ્રકારનાં ઋણ લઈને જન્મે છે. એક દેવોનું ઋણ, બીજું ઋષિઓનું ઋણ અને ત્રીજું પિતૃઓનું ઋણ. માણસે યજ્ઞ, પૂજનથી દેવોનું, વેદાભ્યાસથી ઋષિનું અને પુત્રો ઉત્પન્ન કરી પિતૃઓનું ઋણ અદા કરવું જોઈએ. હે વસુદેવ ! તમે પિતૃ અને ઋષિઓના ઋણમાંથી મુક્ત થયા છો. હવે દેવોના ઋણમાંથી મુક્ત થવા યજ્ઞ-પૂજન-અર્ચન કરો. આવાં ઋષિઓનાં વચન સાંભળી વસુદેવે કુરુક્ષેત્રમાં વિધિપૂર્વક યજ્ઞો કર્યા. દાન-દક્ષિણા બ્રાહ્મણોને આપી. યજ્ઞ પૂરો થતાં સૌ રાજા-મહારાજાઓ પોતપોતાના દેશમાં ગયા.''

''હે રાજા પરીક્ષિત ! એક વખત વસુદેવ શ્રીકૃષ્ણ અને બલરામ પોતાના પુત્રો હોવા છતાં તે સાક્ષાત્ ઈશ્વર છે તેમ જાણી તેઓને કહેવા લાગ્યા કે, ''તમે જ જગતના આધાર છો. હું આજે આપને શરણે આવ્યો છું.'' પિતાનાં આવાં વચનો સાંભળી ભગવાન કૃષ્ણે પૂછ્યું, ''હે પિતા, આપ જે કહો છો તે યોગ્ય છે. હું, તમે, મોટાભાઈ, દ્વારકાવાસીઓ તથા આ સ્થાવર-જંગમ જગત, બધાને બ્રહ્મસ્વરૂપ જ જાણવાં જોઈએ. આત્મા એક જ છે. અનેક સ્વરૂપે જગતમાં દેખાય છે. આમ ભગવાન કૃષ્ણની વાત સાંભળી વસુદેવની ભેદબુદ્ધિ નાશ પામી. પછી માતા દેવકીને પોતાના બન્ને પુત્રોએ તેઓના ગુરુને તેમનો મરેલો પુત્ર પાછો લાવી આપેલો તે વાતની જાણ હતી. તેથી દેવકીએ કૃષ્ણને વિનંતી કરતાં કહ્યું કે, ''કંસે મારી નાખેલા મારા છ પુત્રો કૃપા કરીને મને પાછા લાવી આપો.'' માતાની માંગણી સાંભળી બન્ને ભાઈઓ પાતાળમાં બલિરાજા પાસે ગયા, જ્યાં કંસે મારી નાખેલા

પોતાના છ ભાઈઓ બલિરાજા પાસે બેઠા હતા. શ્રીકૃષ્ણે બલિરાજાને કહ્યું, "માતા દેવકીના છ પુત્રો જે તમારી પાસે છે તે કૃપા કરી આપો. મારી માતાનો શોક દૂર કરવા તેઓને અમે માતા દેવકી પાસે લઈ જઈશું. ત્યાંથી તેઓ દેવલોકમાં જશે." બલિરાજા પાસેથી પોતાના છએ ભાઈઓને લઈ માતા દેવકી પાસે હાજર કર્યા. માતા દેવકીએ પોતાના છએ દીકરાઓને છાતી સરસા ચાંપી સ્તનપાન કરાવ્યું. બધાંના દેખતાં છએ દીકરાઓ વસુદેવ, દેવકી, કૃષ્ણ અને બલરામને પગે લાગ્યાં અને દેવતાઓના ધામમાં ગયા. માતા દેવકી પોતાના મૃતપુત્રોને આવેલા અને પાછા ગયેલા જોઈ ખૂબ આશ્ચર્ય પામ્યાં અને આ સર્વ જગત કૃષ્ણએ રચેલી માયા જ છે, તેમ માનવાં લાગ્યાં." પરીક્ષિત રાજાએ શુકદેવજીને પૂછ્યું, "હે શુકદેવજી ! મારાં દાદી સુભદ્રાને અર્જુન કઈ રીતે પરણ્યા તે વાત મને વિસ્તારથી કહો."

શુકદેવજી કહે, "હે પરીક્ષિત ! એક સમયે અર્જુન યાત્રાએ નીકળેલા ત્યારે સમાચાર મળેલાં કે વસુદેવની પુત્રી સુભદ્રાને તેની ઇચ્છા વિરુદ્ધ બલરામ દુર્યોધન સાથે પરણાવી દેવાના છે. ત્યારે અર્જુન સંન્યાસીના વેષમાં દ્વારકા આવીને રહ્યા. એક દિવસ બલરામે તેમને જમવા નોતર્યા. તે વખતે સુભદ્રાને અર્જુને જોઈ. જોતાં જ સુભદ્રાને પત્ની તરીકે મેળવવાનું મનોમન નક્કી કરી લીધું. દેવયાત્રા નિમિત્તે સુભદ્રા કિલ્લા બહાર નીકળી તે તકનો લાભ લઈ અર્જુને સુભદ્રાનું હરણ કર્યું. તેને અટકાવવા અનેક શૂરવીર રાજાઓએ પ્રયત્ન કર્યો પણ પોતાના ધનુષ્ય વડે સામનો કરી બધાને હરાવી નસાડી મૂક્યા. બલરામ આ વાતથી ખૂબ ગુસ્સે થયા, પણ શ્રીકૃષ્ણ અને બીજાંઓએ બલરામને સમજાવ્યા. તેથી શાંત થઈ બહેનને અનેક પહેરામણી કરી. પરીક્ષિત કહે છે "હે શુકદેવજી ! ભગવાન શંકર પોતે ભોગવૈભવનો તિરસ્કાર કરનારા, ઋષિ જેવા મૃગચર્મ ધારણ કરનારા હોવા છતાં તેને ભજનારાને ભોગવૈભવો મળે છે. જ્યારે શ્રીહરિ જે ખુદ ભોગવૈભવ ભોગવનારા છે તેને ભજનારા ધનવાન કે વૈભવવાળા નથી, તેનું કારણ સમજાવો." શુકદેવજી કહે : "વિષ્ણુ સત્ત્વગુણ, બ્રહ્મા રજોગુણ અને શંકર તમોગુણવાળા દેવ છે. ભગવાન શંકર બહુ થોડી ભક્તિથી રાજી

થઈ જાય છે. જલદી વરદાન આપે છે અને નારાજ થાય તો જલદી શાપ પણ આપે છે, જ્યારે વિષ્ણુ ભગવાન જલદી રીઝતા નથી. વરદાન આપતા નથી અને શાપ પણ જલદી આપતા નથી. ભગવાન શંકરે શકુનિના પુત્ર વૃકાસુરને વરદાન આપેલું કે તું જેના માથા પર હાથ મૂકીશ તે બળીને ભસ્મ થઈ જશે. ગૌરીના હરણની ઈચ્છાથી તેણે શંકરના માથા પર જ હાથ મૂકી ખાતરી કરવાની માંગણી કરી. આથી શંકર ગભરાયા અને દોડ્યા. કોઈ દેવ તેનું આ સંકટ દૂર કરી શકે તેમ ન હતા. છેવટે વૈકુંઠમાં વિષ્ણુ ભગવાન પાસે આવ્યા. વિષ્ણુ ભગવાને બટુક ઋષિ સ્વરૂપ ધારણ કરી લીધું. થાક્યો પાક્યો દોડતો દોડતો વૃકાસુર આવતો હતો. તેને મધુર શબ્દોમાં પૂછ્યું, "હે શકુનિના પુત્ર, તમે ખરેખર થાકી ગયા છો. તમે આટલે દૂર કેમ આવ્યા છો ? હું તમને કાંઈ મદદ કરી શકું ?" વૃકાસુરે પોતે જે કાંઈ બન્યું હતું તે કહી સંભળાવ્યું. બટુક સ્વરૂપ ભગવાને તેની વાત સાંભળી કહ્યું, "હું તો શંકરના શબ્દો પર વિશ્વાસ રાખતો નથી, પણ તમને જો વિશ્વાસ હોય તો તમારા માથા પર જ હાથ મૂકી ખાતરી કરી જુઓ અને વરદાન ખોટું પડે તો તમે શંકરને જરૂર મારજો." આવાં મીઠા વચનથી વૃકાસુરની બુદ્ધિ ભ્રમિત થઈ ગઈ. તેણે પોતાના માથા પર જ હાથ મૂક્યો. તેથી તે બળીને ભસ્મ થઈ ગયો. આમ ભગવાન વિષ્ણુએ શંકરને સંકટમાંથી બચાવ્યા."

શુકદેવજી કહે, "હે રાજા ! સરસ્વતી નદીને કિનારે ઋષિઓ યજ્ઞ કરવા બેઠા હતા ત્યારે તેઓમાં ચર્ચા થઈ કે ત્રણ દેવો બ્રહ્મા, વિષ્ણુ, મહેશમાં મોટો દેવ કોણ ? આ જાણવા બ્રહ્માના પુત્ર ભૃગુ ઋષિને ત્રણે દેવો પાસે મોકલ્યા. સૌ પ્રથમ પોતાના પિતા બ્રહ્માજી પાસે ગયા. તેમની પરીક્ષા કરવા ન તો એમને પ્રણામ કર્યા ન તો નમસ્કાર કર્યા. આવા અવિનયથી બ્રહ્મા ગુસ્સે થયા અને પોતાના પુત્રનો નાશ કરવા તૈયાર થયા, પણ આ પોતાનો પુત્ર પોતાનો જ અંશ છે એમ વિચારી પોતાના ક્રોધને શાંત કર્યો. ત્યાંથી ભૃગુ ઋષિ કૈલાસમાં શિવજી પાસે આવ્યા. શિવજી તેમને ઊભા થઈ ભેટવા તૈયાર થયા ત્યારે ભૃગુ ઋષિએ કહ્યું, "તું તો અવળે માર્ગે જનારો છે." આ સાંભળી શિવજી ગુસ્સે થયા. પોતાના ત્રિશૂળથી મારવા

તૈયાર થયા, ત્યારે પાર્વતી વચ્ચે પડ્યાં અને ભૃગુ ઋષિને જવા દીધા. ત્યાંથી ભૃગુ ઋષિ વૈકુંઠમાં ગયા. ત્યાં વિષ્ણુ ભગવાન લક્ષ્મીજીના ખોળામાં માથું રાખી સૂતા હતા. ભૃગુ ઋષિએ ભગવાનની છાતીમાં લાત મારી. ભગવાન ઊભા થઈ ગયા. ભૃગુ ઋષિને આવકાર આપ્યો, તેમની માફી માગી. વિષ્ણુ ભગવાન કહે, ''હે મહર્ષિ, આપ બહુ થાકી ગયા છો, અહીં વૈકુંઠમાં થોડા દિવસ આરામ કરો.'' લક્ષ્મીજી પોતાના ઓરડામાં ચાલ્યાં ગયાં. ભૃગુ ઋષિને જમવા બેસાડ્યા. ભૃગુ ઋષિને દાસી પીરસવા આવી. લક્ષ્મીજી ન આવ્યાં. બીજે દિવસે પણ એમ જ થયું. ત્રીજે દિવસે પણ લક્ષ્મીજી ન દેખાયાં. ભૃગુ ઋષિએ ભગવાનને કહ્યું, ''લક્ષ્મીજી દેખાતાં નથી. મારે તેમનાં દર્શન કરવાં છે.'' ભગવાને લક્ષ્મીને કહ્યું, ''ભૃગુ ઋષિ આપણે ઘેર પધાર્યા છે, તમને યાદ કરે છે.'' લક્ષ્મીજી કહે, ''તેમની વિદાય વખતે હું જરૂર આવીશ.'' ભૃગુ ઋષિએ આજે નક્કી કર્યું કે આજે વૈકુંઠમાંથી વિદાય લેવી. નક્કી કર્યા પ્રમાણે લક્ષ્મીજી આવ્યાં. એક કટાયેલો વાટકો કાઢ્યો, તેમાં બાજરાનો લોટ ભરી ભૃગુ ઋષિને ભેટ આપ્યો. લક્ષ્મીજીએ કહ્યું, ''લોટ માગો અને મજા કરો.'' ભૃગુ ઋષિ વૈકુંઠના પગથિયાં ઊતરવા લાગ્યા. ભગવાને લક્ષ્મીજીને કહ્યું, ''આ તેં શું કર્યું ?'' લક્ષ્મીજીએ ભગવાનને કહ્યું, ''સાંભળો, આ બ્રાહ્મણ પહેલેથી જ મારા વેરી છે. અગસ્ત્ય મુનિ બ્રાહ્મણ હતા. મારા પિતા સાગરને પી ગયા. બહુ વિનંતી કરી ત્યારે પેશાબ વાટે બહાર કાઢ્યા. તેથી મારા પિતા સાગર ખારા થઈ ગયા. આ બ્રાહ્મણ મારું ઘર (એટલે કમળ) તોડે અને શંકરને ચડાવે અને એથી વધુ તો તમારી છાતીમાં લાત મારી તેથી મને ખૂબ ગુસ્સો આવ્યો. તેથી જ મેં કટાયેલા વાટકામાં લોટ આપ્યો. હું બ્રાહ્મણોને ઘેર કદીયે નહીં જાઉં.''

''આમ લક્ષ્મીજી કોપાયમાન થયાં. તેથી બ્રાહ્મણોને અન્નના વાંધા પડવા લાગ્યા. બ્રાહ્મણોએ ભૃગુ ઋષિને કહ્યું, ''હવે શું કરવું ?'' ભૃગુ ઋષિ ખૂબ વિદ્વાન હતા. બ્રાહ્મણોને કહ્યું, ''મને છ મહિનાનો સમય આપો.'' છ મહિના માટે ભૃગુ ઋષિ છૂ થઈ ગયા. ભૃગુ ઋષિ ખેડબ્રહ્મા આવ્યા. અહીં રહીને ભૃગુ ઋષિએ ''ભૃગુસંહિતા''ની રચના

કરી, જેમાં દરેકેદરેક માનવીનો ભૂતકાળ અને ભવિષ્યકાળ લખેલો હોય. ભૃગુ ઋષિએ આ સંહિતા બ્રાહ્મણોને ભેટ આપી. આ સંહિતાની મદદથી બ્રાહ્મણો જ્યોતિષપણું કરવા લાગ્યા અને જ્યોતિષ દ્વારા ગુજરાન ચલાવવા લાગ્યા." શુકદેવજી કહે : "હે પરીક્ષિત ! ભગવાન કૃષ્ણ દ્વારકામાં બિરાજમાન હતા. પોતાના રાજમાં કોઈપણ દુઃખી ન રહે તેનું તેઓ હંમેશાં ધ્યાન રાખતા. એક વખત એક મહિનામાં બે ગ્રહણ આવ્યાં. સ્નાન-દાન કરવા ભગવાન કુટુંબીઓ સહિત કુરુક્ષેત્રમાં આવ્યા. પટરાણીઓ ભગવાનને અવાર-નવાર કહેતી, તમે અમને તમારી રાધા અને ગોપીઓને એક વખત મેળવો. તેઓનાં દર્શન કરાવો. આ સુંદર મોકો આવ્યો. બધાંએ કુરુક્ષેત્રમાં સ્નાન કર્યું. ઋષિમુનિઓ, બ્રાહ્મણો, અનેક રાજા-મહારાજાઓ, કૌરવો, પાંડવો, નંદરાય, યશોદા, ગોપીઓ અને ગોવાળિયાઓ પણ કુરુક્ષેત્રમાં આવેલાં. ભગવાન કૃષ્ણને આવેલાં જોઈ કૌરવો, પાંડવો આનંદથી ભગવાનને મળવા આવ્યા. ગોપીઓ તો કૃષ્ણને જોઈ, "શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારિ, હે નાથ નારાયણ વાસુદેવ" ગાવા લાગી. ગાંડીઘેલી બનેલી ગોપીઓ કૃષ્ણ ભગવાનના ચરણમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગી. પટરાણીઓ ગોપીઓનો શ્રીકૃષ્ણ માટેનો પ્રેમ જોતી રહી. ભગવાન પણ ગોપીઓને જોઈ નાચતાં નાચતાં કહેવા લાગ્યા "હું તમને ભૂલ્યો નથી. તમે મને યાદ કરતાં હતાં કે નહીં?" શ્રીકૃષ્ણ ભગવાને ઋષિમુનિઓના ચરણસ્પર્શ કર્યા. આ રીતે ભગવાન કહે કે જ્યારે જ્યારે હું માનવદેહ ધારણ કરું છું ત્યારે માનવોને જે જે પ્રકારની ઇચ્છા હોય તે હું તેઓને આપું છું." "હે પરીક્ષિત ! તું સતત ઈશ્વરનામનો જાપ કરજે. કાલે તારા જીવનનો છેલ્લો દિવસ છે. જે ભાવિ નિર્માણ થયું છે તે મિથ્યા થવાનું નથી." પરીક્ષિત કહે, "મારાં જીવનને સફળ કરનાર શુકદેવજી ! તમને મારા સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરું છું કે જે જન્મ લે છે તે મૃત્યુ પામે તે વાત નિશ્ચિત છે. કાલે તક્ષક મને દંશ દેશે. તે પહેલાં મને એક વાત જાણવાની ઇચ્છા છે." "હે શુકદેવજી ! ભગવાન શ્રીકૃષ્ણનું જીવન કેમ શાંત થયું તે મને કહો." શુકદેવજી કહે : "હે રાજા ! એ હું તને અગિયારમાં સ્કંધમાં કહીશ."

# એકાદશ સ્કંધનો સારાંશ

એકાદશ સ્કંધમાં શ્રીકૃષ્ણનું જ્ઞાનસ્વરૂપ બતાવવામાં આવ્યું છે. સાથે સાથે મુક્તિલીલાની વાત આવે છે. આ સ્કંધમાં આગલા સ્કંધનું જ્ઞાન તાજું કરવામાં આવ્યું છે.

આ સ્કંધનો પ્રથમ અધ્યાય વૈરાગ્યને લગતો છે. વૈરાગ્ય વગર જ્ઞાન અને ભક્તિ દૃઢ થતાં નથી. મનુષ્યને જ્યાં સુધી કોઈ ધક્કો લાગતો નથી, ત્યાં સુધી વૈરાગ્ય થતો નથી. આ માટે તુલસીદાસજીનો પ્રસંગ લેવામાં આવ્યો છે. પછી યદુવંશના વિનાશની કથા આવે છે. પિંડારક ક્ષેત્રમાં ઋષિ-મુનિઓ બેસીને તપશ્ચર્યા કરી રહ્યા હતા, ત્યાં યાદવકુમારો આવીને તેમની મશ્કરી કરે છે. ઋષિઓને સત્યની જાણ થતાં તેઓ યદુવંશનો નાશનો શાપ આપે છે. આ શાપના કારણે યાદવો અંદરોઅંદર લડીને પોતાનો નાશ કરે છે. શ્રીકૃષ્ણને પણ જરા પારધીનું બાણ પગમાં વાગતાં તેઓએ પૃથ્વી પરની લીલા સંકેલી લીધી.

બીજા અધ્યાયમાં જ્ઞાન-ભક્તિની ચર્ચા કરવામાં આવી છે. નારદજી વસુદેવને ત્યાં જાય છે ત્યારે વસુદેવજી આ જીવનનું કલ્યાણ થાય તેવો માર્ગ બતાવવાનું નારદજીને કહે છે, ત્યારે નારદજી નિમિરાજા અને નવ યોગેશ્વરો વચ્ચેનો સંવાદ કહી સંભળાવે છે. આ યોગેશ્વરો અલગ અલગ વિષયો ઉપર ભાગવત ધર્મનો ઉપદેશ આપે છે.

શ્રીકૃષ્ણને ઋષિઓના યદુવંશ નાશના શાપની જાણ થાય છે અને તેઓ બધા યાદવો સાથે પ્રભાસ જવાની તૈયારી કરે છે ત્યારે ઉદ્ધવજી પોતાને સાથે લઈ જવા શ્રીકૃષ્ણને વિનંતી કરે છે. શ્રીકૃષ્ણ તેમને સાથે લઈ જવા ઈન્કાર કરે છે. આ સમયે શ્રીકૃષ્ણ અને ઉદ્ધવજી વચ્ચે જ્ઞાનની ચર્ચા થાય છે. ઉદ્ધવજી પ્રશ્ન પૂછે છે અને શ્રીકૃષ્ણ તેનો જવાબ આપે છે.

જ્યારે ઉદ્ધવજી શ્રીકૃષ્ણને પોતાની સાથે પ્રભાસ લઈ જવા આગ્રહ કરે છે અને પોતાની વિરહવેદના વ્યક્ત કરે છે ત્યારે શ્રીકૃષ્ણ તેમને ઉદ્ધાર માટે પોતાને જ પોતાના ગુરુ થવા - આત્મકૃપા કરવા કહે છે. શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને બંધ અને મોક્ષનું સ્વરૂપ સમજાવે છે. ઉદ્ધવજી પૂછે છે : 'મન વિષયોમાં જાય છે કે વિષયો મનમાં આવે છે ?' ત્યારે શ્રીકૃષ્ણ કહે : 'આવો પ્રશ્ન અગાઉ સનત્‌કુમારોએ કર્યો હતો, તેથી હંસનારાયણે પ્રગટ થઈ સનત્‌કુમારોને જે બોધ આપેલ તે જણાવે છે. તું તારા મનમાંથી

સંસાર કાઢી નાખ અને પરમાત્માના સ્વરૂપમાં ધ્યાન કર.' 'મોટામાં મોટું તપ કયું ?' તે પૂછે છે ત્યારે શ્રીકૃષ્ણ કહે છે : 'મનમાં કામસુખનો જે વિચાર ન કરે તે મોટા તપસ્વી છે.' ઉદ્ધવજી 'શ્રીમાન અને દરિદ્ર કોણ ?' તેમ પૂછે છે. 'પ્રાપ્ત સ્થિતિમાં જીવ છે તે શ્રીમાન અને પ્રાપ્ત સ્થિતિમાં અસંતોષ રહે તે દરિદ્ર છે.' 'મૂર્ખ કોણ ?' તો કહે : 'જે શરીરસુખમાં ફસાયેલો રહે તે મૂર્ખ છે.' 'સાચું ધન કયું ?' તો કહે : 'ધર્મ એ સાચું ધન છે.' 'સ્વર્ગ અને નરક કોને કહે છે ?' તો કહે : 'મનમાં સાત્ત્વિક ભાવ જાગે, અભિમાન ન રહે, પ્રભુનામમાં હૃદય પીગળે તે સ્વર્ગ છે, જ્યારે મનમાં વિકાર-વાસના જાગે, છળકપટ કરે, તે નરક છે.' 'જીવ અને ઈશ્વર કોને કહે છે ?' તો કહે : 'અંદરના શત્રુને મારે, વિષયેન્દ્રિયને કાબૂમાં રાખે તે વીર છે.' 'જીવનો મિત્ર કોણ ?' તો કહે : 'બધાનો મિત્ર હું છું.' આમ ઉદ્ધવજી શ્રીકૃષ્ણ સમક્ષ અનેક પ્રશ્નો રજૂ કરે છે અને શ્રીકૃષ્ણ તેના જવાબ આપે છે.

ઉદ્ધવજી શ્રીકૃષ્ણને આત્મતત્ત્વનો ઉપદેશ કરવા કહે છે, ત્યારે તેઓ યદુરાજા અને દત્તાત્રેયનો પ્રસંગ કહી સંભળાવે છે. યદુરાજા દત્તાત્રેયજીને પૂછે છે : 'તમે આટલા આનંદમાં રહો છો, તેનું રહસ્ય શું છે ?' ત્યારે દત્તાત્રેયજી કહે છે : 'આનંદ બહાર નથી, આનંદ અંદર છે. 'હુંપણા'નો નાશ કરી દૃષ્ટિ અંતર્મુખ કરી છે. પ્રારબ્ધ અનુસાર જે મળે તેમાં આનંદ માનું છું. મેં મારું જ્ઞાન અનેક ગુરુઓ પાસેથી ગ્રહણ કર્યું છે. મારા ચોવીસ ગુરુઓ છે : ધરતી, જળ, વાયુદેવ, અગ્નિદેવ, ઈયળ, મધમાખી, ભમરી, ચંદ્ર, સૂર્ય, પતંગિયું, હાથી, હરણ, માછલી, આદિ અનેક ગુરુઓ પાસેથી મેં પ્રેરણા લીધી છે.

• • •

# સ્કંધ-૧૧

શુકદેવજી કહે : "હે પરીક્ષિત ! આજે તમારા જીવનનો છેલ્લો દિવસ છે. હૃદયમાં ભગવાન પ્રત્યે ભાવના રાખજે. આજે તક્ષક દંશ કરવા આવશે. ચિત્તને ઈશ્વરમાં જોડજે." "હે શુકદેવ ! જ્યારે મૃત્યુ નિશ્ચિત હોય ત્યારે મનને શાંત કેમ રાખવું ?" ઈશ્વરમાં મનને કેમ જોડવું તે મને કહો. શુકદેવજી કહે : "હે પરીક્ષિત ! ભગવાન કૃષ્ણને ખબર પડી કે યદુવંશનો નાશ થશે, છતાંયે તેમના મુખ પરની એકે રેખામાં ફેર પડ્યો ન હતો. સાંભળ, ભગવાન શ્રીકૃષ્ણ કુરુક્ષેત્રમાં બધાંને મળ્યા. રોજના નિયમ પ્રમાણે ઋષિમુનિઓ ઈશ્વરની આરાધના કરતા હતા. ઋષિઓ ધ્યાનમાં હતા. સાંબે બીજા યાદવકુમારો સાથે ઋષિની મશ્કરી કરી. ઋષિએ શાપ આપ્યો કે, "યાદવકુળનો નાશ થશે." તેવી જ રીતે મહાભારતનું યુદ્ધ સમાપ્ત થતાં કૃષ્ણ ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને મળવા ગયા. કૃષ્ણ આવ્યા છે જાણી ગાંધારીએ આંખેથી પાટા છોડી નાખ્યા. કૃષ્ણને કહ્યું, "પધારો કૃષ્ણ ! અર્જુનના પક્ષે રહી મારા સો પુત્રો મરાવ્યા. શાપ આપું છું કૃષ્ણ ! તારી નજર સમક્ષ યદુવંશનો નાશ થશે, જેના જીવનમાંથી દીકરા ચાલ્યા જાય તેને કેવું દુઃખ થાય તે તને સમજાય માટે યદુવંશનો સંહાર થજો." ભગવાનનાં મોઢા સામે ગાંધારીએ જોયું, શાપ આપવા છતાં કૃષ્ણના મોઢા પરની રેખામાં જરાય ફેરફાર થયો નહીં. ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને શ્રીકૃષ્ણે હાથ જોડી તેમની રજા માગી. "હું રજા લઉં ?" કોઈને ય આ શાપની વાત ન કરી.

"એક વખત ફરતાં ફરતાં નારદજી વસુદેવ-દેવકી પાસે આવ્યા. વસુદેવ-દેવકીએ નારદજીને આવકાર આપ્યો, "પધારો, પધારો ઋષિવર્ય." પછી પૂછ્યું, "હે નારદમુનિ ! તમે ભગવાનના પરમ ભક્ત છો. તેથી તમે અમને કહો કે અમારે વૃદ્ધાવસ્થા કેમ ગાળવી ?" તેથી એના જવાબમાં નારદજીએ વસુદેવ-દેવકીને સુંદર જ્ઞાન આપ્યું. નારદજી કહે : "એક વખત ઋષભદેવ અને તેમનાં પત્ની ઈશ્વરની

આરાધના કરતાં હતાં તે વખતે તેમના નવ દીકરાઓ તેમની પાસે આવ્યા. માતા-પિતાને પ્રણામ કર્યા. દીકરાઓએ કહ્યું, "અમારે સંસારી થવું નથી. અમને યોગી થવાની રજા આપો." માતા-પિતાએ રજા આપી એટલે નવેનવ દીકરાઓ યોગી થઈ ગયા. કોઈપણ કામ કરતાં પહેલાં માતા-પિતાનાં આશિષ ન માગે ત્યાં સુધી દીકરાની કામના ફળતી નથી. તે માટે તમને એક બીજી વાત કહું. કૌશિક નામે એક બ્રાહ્મણ હતો. માતા-પિતાની અનિચ્છા હોવા છતાં કૌશિક તપ કરવા ચાલ્યો ગયો. ઘોર તપસ્યા કરી. યોગપ્રભાવથી સિદ્ધિ મેળવી. કૌશિક બ્રાહ્મણ જે બોલે તે સિદ્ધ થાય. પચ્ચીસ વર્ષના આ કૌશિક બ્રાહ્મણને પોતાની આ સિદ્ધિનો બહુ જ ઘમંડ હતો. પીપળાના ઝાડ પરથી એક ચકલી કૌશિક પર ચરકી. કૌશિકને ગુસ્સો આવ્યો એટલે પોતાની મંત્ર શક્તિથી ચકલીને ત્યાં ને ત્યાં મારી નાખી. તે પછી બપોરે બાર વાગ્યે કૌશિક નિયમિત ભિક્ષા માંગવા જાય. તેમ ભિક્ષા માગવા ગયો. એક બ્રાહ્મણની સ્ત્રી રોજ તેને ભિક્ષા આપે. કૌશિકે તેના બારણે ટકોરા માર્યા. બ્રાહ્મણની સ્ત્રી પોતાના પતિને જમાડતી હતી, તેથી વાર લાગી. કૌશિકે ફરી ટકોરા માર્યા. પતિને પીરસી લીધા પછી સ્ત્રીએ બારણું ખોલ્યું અને તે સ્ત્રીએ કૌશિકને કહ્યું, "હું કાંઈ ચકલી નથી કે તું મને મારી શકે !" કૌશિકે કહ્યું, "તમને કેવી રીતે ખબર પડી કે મેં ચકલીને મારી નાખી છે ? તે તમે મને કહો, ત્યાં સુધી હું ભિક્ષા નહીં લઉં." કૌશિક કહે, "તમે આ વિદ્યા કોની પાસેથી શીખ્યા ? મારે પણ એ વિદ્યા શીખવી છે." બ્રાહ્મણ સ્ત્રીએ કહ્યું, "અહીંથી થોડે દૂર ધર્મવ્યાધ નામનો માણસ માંસ વેચનાર વેપારી છે તે મારા ગુરુ છે. તેની પાસેથી હું વિદ્યા શીખી છું." કૌશિક બ્રાહ્મણ તરત જ ત્યાંથી ધર્મવ્યાધ શિકારી પાસે જઈને ઊભો રહ્યો. ધર્મવ્યાધે તેને આવકાર આપ્યો. પોતાની દુકાનમાં બેસાડ્યો. ગ્રાહકો એક પછી એક આવતા હતા. ગ્રાહકોને માંસ વેચતો વેચતો અંતરના ઊંડાણમાંથી ભગવાનનું સ્મરણ કરતો હતો. ભગવાનની ભક્તિ કરવા મનને વજનના કાંટાની જેમ સ્થિર કરો. બરાબર બાર વાગ્યે ધર્મવ્યાધે દુકાન બંધ કરી એટલે કૌશિકે પૂછ્યું કે "મારે જાણવું છે કે તમે બ્રાહ્મણ સ્ત્રીને કયું જ્ઞાન

આપ્યું ?" ધર્મવ્યાધે દુકાન બંધ કરી. કૌશિકને કહ્યું, "ચાલો મારી સાથે." બપોરે બાર વાગ્યે ધર્મવ્યાધે ઘરે જઈ દરવાજો ખોલ્યો. આસન પર બેઠો. પોતાના ઘરડાં મા-બાપને હાથ-પગ ધોવડાવી જમાડ્યાં. તે જોઈ કૌશિકને સમજાયું કે મેં માતા-પિતાને રખડતાં મૂકી જ્ઞાન મેળવ્યું. વિદ્યા મેળવી. પસ્તાવો થયો. ઘરે ગયો. માતા-પિતાની માફી માગી. નારદજી કહે, "હે વસુદેવ-દેવકી, બધી મમતા છોડી ઈશ્વરનું આરાધન કરો. જીવનમાં જાણતાં-અજાણતાં થયેલાં પાપો દૂર કરવા વ્રત, ઉપવાસ કરવાં. ઈન્દ્રિયોને સંયમમાં રાખવી. તીર્થયાત્રા કરવી. દાન કરવાં. હે વસુદેવ-દેવકી ! તમે ભૂલી જાવ કે ભગવાન તમારે ઘેર દીકરો થઈને આવ્યા છે અને તમે તેનાં માતા-પિતા છો. નથી તમે મા-બાપ, નથી તે તમારો પુત્ર. આ જીવનના આખરી દિવસોમાં સંસારનાં બંધનો, મોહ-માયામાંથી ચિત્તને છોડાવો. ફક્ત એક ઈશ્વરમાં ચિત્તને પરોવો." શુકદેવજી કહે : "હે પરીક્ષિત ! સાંબે શાપની વાત ભગવાનને કરી ન હતી, પણ ભગવાન સર્વજ્ઞ છે. તેમણે પોતાના કુટુંબના સભ્યોને અને યાદવોને કહ્યું, "આપણા યાદવકુળને શાપ થયો છે માટે આપણે દ્વારકા છોડી પ્રભાસપાટણ જઈએ." યાદવોએ પૂછ્યું, "શા માટે ?" ભગવાન કહે, "આપણો અંતકાળ સુધારવા માટે પ્રભાસપાટણ પવિત્રભૂમિ છે, ત્રિવેણીસંગમ છે. માટે." ભગવાન કહે, "સાંભળો, બાળકો અને વૃદ્ધોએ આ રથમાં જવાનું છે. યુવાનો અને વાનપ્રસ્થીઓએ મિલકત સાથે લઈ ચાલીને આવવું. પ્રભાસપાટણ પહોંચી દાન કરવું. મરતી વખતે આપેલું દાન માણસને મુક્તિ અપાવે છે. આપણે સર્વસ્વનું દાન કરી દેવું છે. આપણે બધાં લુપ્ત થવાનાં છીએ, ત્યારે પ્રભાસ તીર્થમાં સ્નાન કરી, દેવો તથા પિતૃઓને તૃપ્ત કરી, ઉત્તમ બ્રાહ્મણોને દાન-દક્ષિણા કરવાથી આવનાર દુઃખરૂપી સાગરને આપણે તરી જઈશું."

## ઉદ્ધવજીને ભગવાને આપેલું જ્ઞાન

નિયમિત ભગવાનના સંગમાં રહેતાં ઉદ્ધવજી આ વાત સાંભળી ગયા. ભગવાન શ્રીકૃષ્ણ પાસે આવ્યા અને વિનંતી કરવા લાગ્યા કે,

"હે પ્રભુ ! આપના વિરહમાં હું એક પળ પણ જીવી નહીં શકું. આપ મને પણ પ્રભાસપાટણ તમારી સાથે લઈ જાવ. યદુકુળના સંહારના શાપને આપે ટાળ્યો નથી, જેથી યદુકુળના સંહાર સાથે આપ પણ સ્વધામ પહોંચશો. હું આપના વિના એક પળ પણ આ જગતમાં જીવી નહીં શકું. આપ કૃપા કરી મને સ્વધામ સાથે લઈ જાવ." "ઉદ્ધવજીની વિનંતી સાંભળી ભગવાન કહેવા લાગ્યા, "હે મારા પરમ મિત્ર, તમારી વાત સાચી છે. યદુકુળના સંહાર સાથે હું પણ આ મનુષ્યલોક ત્યજીશ. આજથી સાતમા દિવસે દ્વારકા નગરી સમુદ્રમાં ડૂબી જશે. હું સ્વધામ જઈશ કે તરત જ કલિયુગ જગત પર પોતાની સત્તા જમાવી દેશે. હે ઉદ્ધવજી, હું આ જગત છોડી જાઉં પછી તમારે અહીં જ રહેવું નહીં, સ્વજનો પ્રત્યેનો સ્નેહ ત્યજી ફક્ત મારામાં જ મન પરોવી જગતમાં ફરતાં રહેવું. પ્રાણી માત્રમાં મારો વાસ છે તેમ સમજી સમદૃષ્ટિ કેળવવી. જગતને મારા સ્વરૂપે જોવું. જેથી આ જન્મમરણના ફેરામાં પડવું નહીં પડે." ઉદ્ધવજી કહે, "હે પ્રભુ ! આપે મને સંન્યાસી બની મોહ-માયા ત્યજવા કહ્યું પણ હું તો મારામાં, પરિવાર, પુત્રો વગેરેમાં પૂરેપૂરો આસક્ત છું. આપ મને તેમાંથી મુક્ત થવાનો માર્ગ બતાવો." ભગવાને કહ્યું, "હે ઉદ્ધવ ! આ જગતમાં ઘણાં લોકો સ્વાનુભવ અને પોતાના જીવનમાંથી જ જ્ઞાન મેળવી પોતાનાં પોતે જ ગુરુ બનતા હોય છે. આ માટે હું તમને ગુરુ દત્તાત્રેય અને યદુરાજા વચ્ચે જે સંવાદ થયો હતો તે તમને કહું છું. હે ઉદ્ધવજી ! યદુરાજાએ ગુરુ દત્તાત્રેયને પૂછ્યું કે, "આ જગતનાં લોકો કામ-ક્રોધરૂપી દાવાનળથી સળગી રહ્યા છે. ત્યારે આપ કઈ રીતે સ્વસ્થ અને શાંત રહી ઈશ્વર વિશે મનને લગાડી શકો છો ?" ગુરુ દત્તાત્રેયે કહ્યું, "મેં મારી બુદ્ધિથી સ્વીકારેલા અનેક ગુરુઓ છે, જેઓ પાસેથી યોગ્ય જ્ઞાન મેળવી મુક્ત થઈ આ પૃથ્વી પર ફરી રહ્યો છું. મેં મારા જીવનમાં ચોવીસ ગુરુઓ માન્યા છે. પૃથ્વી, વાયુ, આકાશ, જળ, અગ્નિ, ચંદ્ર, સૂર્ય, હોલો, અજગર, સમુદ્ર, પતંગિયું, મધમાખી, હાથી, પારધી, હરણ, માછલી, પિંગલા, વેશ્યા, ટીટોડો, બાળક, કન્યાકુમારી, બાણ બનાવનાર લુહાર, સર્પ, કરોળિયો અને ભમરી. આ ચોવીસ ગુરુઓ પાસેથી મેં જે જે ઉપદેશ ગ્રહણ કર્યો છે તે હું તમને કહું છું."

| | | |
|---|---|---|
| ૧. | **પૃથ્વી** | : ગમે તેટલાં સંકટમાં યે પોતાના સ્થાનથી ચલિત ન થવું. (ધૈર્ય-ક્ષમા). |
| ૨. | **વાયુ** | : પ્રાણવાયુ જીવન ટકાવવા આહારથી સંતુષ્ટ રહે છે. સ્વાદ, રૂપ, ગંધની પરવા કરતો નથી. (અસંગત્વ). |
| ૩. | **આકાશ** | : સર્વવ્યાપી છે છતાં કોઈનો સંગ નથી. (સર્વવ્યાપક). |
| ૪. | **જળ** | : સર્વને પવિત્ર કરે છે. (શુદ્ધતા). |
| ૫. | **અગ્નિ** | : સર્વ વસ્તુ સ્વીકારે છતાં કોઈ મેલ ન લે. (તેજસ્વિતા). |
| ૬. | **ચંદ્ર** | : શુક્લ પક્ષ અને કૃષ્ણ પક્ષ. પોતાની કળાનો હ્રાસ અને વૃદ્ધિ થાય છે. પોતાનામાં ફેરફાર થતો નથી તેમ કાળની ગતિથી જન્મથી-મૃત્યુ સુધીના ફેરફાર દેહના જ છે, આત્માના નહીં. (નિર્વિકારિતા). |
| ૭. | **સૂર્ય** | : નિયમ ચૂકતા નથી. (અનાસક્તિ). |
| ૮. | **હોલો** | : કુટુંબના સભ્યોમાં આસક્તિ રાખી સભ્યોની પાછળ જીવન બલિદાન કરે છે. આસક્તિથી વિનાશ. (અતિસ્નેહનો ત્યાગ). |
| ૯. | **અજગર** | : જે મળે તેનાથી સંતોષ માને છે. (સંતોષ). |
| ૧૦. | **સમુદ્ર** | : વર્ષાઋતુના જળથી છલકાતો નથી. નિરંતર એકસરખો. (ગાંભીર્ય-સમત્વ). |
| ૧૧. | **પતંગિયું** | : આસક્તિથી નાશ થાય છે. (રૂપમાં આસક્તિનો ત્યાગ). |
| ૧૨. | **ભમરો** | : બધા પાસેથી થોડું થોડું લે. એકમાં આસક્તિ ન રાખે. એક જ કમળમાં આસક્તિ રાખે તો તેમાં બિડાય અને મૃત્યુ પામે. (સ્વલ્પ આહાર, આસક્તિ ત્યાગ). |
| ૧૩. | **મધમાખી** | : મધનો સંગ્રહ કરે છે. પોતે નાશ પામે છે. મધ બીજા વાપરે છે. જરૂર પૂરતું અન્ન લેવું. સંગ્રહ ન કરવો. (સારગ્રહણ અને સંગ્રહવૃત્તિનો ત્યાગ). |
| ૧૪. | **હાથી** | : વિષયમાં આસક્તિ નાશનું કારણ છે. હાથણીને જોઈ લલચાતા હાથીને ફસાવી શિકારીઓ મારી નાખે છે. (વિષયમાં અનાસક્તિ). |

૧૫. **પારધી** : મધમાખીના મધને પોતે ભોગવે છે. (ધનનો સદ્દુપયોગ ન થાય તો બીજા ભોગવે).

૧૬. **હરણ** : શિકારીના ગીતથી કે સંગીતથી લોભાઈ બંધાઈ જાય છે. યોગી પુરુષોએ વિષયગીત કે સંગીતથી લોભાવું નહીં. (શ્રવણાસક્તિનો ત્યાગ).

૧૭. **માછલી** : લોખંડના કાંટાથી વીંધાઈ મૃત્યુ પામે છે, તેમ જીભને, સ્વાદને ન જીતનાર જિતેન્દ્રિય બની શકતો નથી. (સ્વાદ, રસમાં આસક્તિનો ત્યાગ).

૧૮. **પિંગલા** : યુવાનીમાં બરબાદ થઈ અતિરેક નુકસાનકારક. (વિષયાશક્તિનો વેશ્યાત્યાગ).

૧૯. **ટીટોડો** : ત્યાગથી અત્યંત સુખ મળે છે. ટીટોડાએ લાવેલું માંસ. તેનાથી બળવાન પક્ષીઓ માંસ લઈ લેવા તેને મારવા લાગ્યાં ત્યારે ટીટોડાએ માંસનો ત્યાગ કર્યો. (સંગ્રહવૃત્તિ ત્યાગ).

૨૦. **બાળક** : માન-અપમાન નહીં. ચિંતાથી મુક્ત. (નિર્દોષ-નિષ્કપટતા).

૨૧. **કુમારિકા** : વધુ બંગડીઓ અવાજ કરે. એક એક હોય તો ન કરે. (બહુ ભેગાં થાય ત્યાં કંકાસ) યોગીઓએ એકલા રહેવું.

૨૨. **બાણ બનાવનાર લુહાર** : બાણ બનાવવામાં મશગૂલ લુહારની બાજુમાંથી રાજા પસાર થઈ ગયો. પણ તેને ખબર ન પડી. (ચિત્તની એકાગ્રતા).

૨૩. **સર્પ** : એક જગ્યાએ ન રહે. ઘર ન બાંધે. (ગૃહ-આસક્તિનો ત્યાગ).

૨૪. **કરોળિયો** : પોતાની લાળથી ઘર બાંધે. જાળું બાંધે અને તેમાં રહે અને પાછો જાળાંને ગળી જાય. ઈશ્વર પોતાની માયાથી જગતની રચના કરે અને નાશ પણ કરે. (પરમેશ્વર જ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણ).

આ ચોવીસ ગુરુ ઉપરાંત મને મારા દેહ પાસેથી પણ જ્ઞાન મળ્યું છે. માનવદેહ મળવાથી ઈશ્વરભક્તિ કરવાનું સાધન મળે છે, છતાં

દેહ નાશવંત છે, તેમ જ પારકો છે. માનવદેહ મોક્ષપ્રાપ્તિ માટેનું સાધન છે. આ રીતે અનેક ગુરુઓ પાસેથી જ્ઞાન મેળવી વૈરાગ્યવાળો થઈ, સર્વ સંગનો ત્યાગ કરી નિશ્ચિંત થઈ પૃથ્વી પર ફરું છું. આત્મા એક છે. માયા વિકાર પામે ત્યારે તેનાં અનેક રૂપ જોવાં મળે છે, પણ તે ખરી રીતે ઈશ્વરથી જુદાં નથી, એક જ છે.

ઉદ્ધવજીએ પૂછ્યું : "હે પ્રભુ ! આપ કહો છો કે દેહાદિ ગુણો ન રહે ત્યારે મુક્તિ મળે છે, પણ એક વાત સમજાતી નથી કે જ્ઞાન મેળવવા દેહ ન હોય તો મુક્તિ શી રીતે મળે ?"

"હે ઉદ્ધવ ! જ્ઞાની માણસ પોતે નહીં પણ ઈન્દ્રિયો કર્મ કરે છે તેમ સમજી વૈરાગ્યમુક્ત થઈ મનને મારામાં જ જોડી મુક્તિ પ્રાપ્ત કરે છે."

ઉદ્ધવજીએ ભગવાનને પૂછ્યું : "હે ભગવાન ! પોતાની બુદ્ધિથી માની લીધેલા સત્પુરુષો અનેક છે, પણ આપ કોને સત્પુરુષ કહો છો તે કહો."

ભગવાન કહે : "હે ઉદ્ધવ, જે પારકાંનાં દુઃખે દુઃખી થાય, કોઈનો દ્રોહ ન કરે, સમદૃષ્ટિ રાખે, ઈર્ષા ન કરે, સુખ-દુઃખમાં સમાન રહેનાર, હર્ષ કે શોક ન કરે, પરોપકારી હોય, વિષયોથી વિકારી ન બને, જિતેન્દ્રિય હોય, કોમળ ચિત્તવાળો, સદાચારી, અપરિગ્રહી, મિતાહારી, શાંત, સ્વધર્મમાં સ્થિર, મારામાં જ એટલે ઈશ્વરમાં જ શરણવાળો, મનનશીલ, સાવધાન, નિર્વિકાર, ધૈર્યવાળો, ઈચ્છારહિત, બધાંનો મિત્ર, બધાંને મદદ કરનાર, કોઈને ન ઠગનાર, દયાથી સર્વ કાર્ય કરનાર, ઉત્તમ જ્ઞાની અને ધર્મનું આચરણ કરનાર, શુદ્ધ અંતઃકરણવાળો ફક્ત ઈશ્વરમાં જ મન પરોવી પ્રભુભક્તિ જ શ્રેષ્ઠ છે એમ માનનાર મહાન સાધુ પુરુષ છે. જે અનન્ય ભાવથી મને ભજે છે, તેઓને મેં મારા મહાન ભક્ત માન્યા છે. હે ઉદ્ધવ ! મારી પ્રતિમા બનાવી પૂજા કરવી. સ્તુતિ કરવી. મારાં ગુણ, કર્મોનું કીર્તન-ભજન કરવું. મારામાં શ્રદ્ધા રાખી દાસભાવે જે મળે તે મને અર્પણ કરવું. યાત્રાઓ કરવી. મંદિરમાં યથાશક્તિ સેવા કરવી. કરેલું કોઈને કહેવું નહીં. પોતાને જે જે પ્રિય હોય અને ઈચ્છિત હોય તે મને અર્પણ કરવું. અર્પણ કરેલાનો પોતે ઉપભોગ ન કરવો."

"હે ઉદ્ધવ ! સૂર્ય, અગ્નિ, ગાય, બ્રાહ્મણ, વૈષ્ણવ, આકાશ, વાયુ, જળ, પૃથ્વી, આત્મા અને સર્વ પ્રાણીઓ મારી પૂજા કરવાનાં સ્થાનો છે. હે ઉદ્ધવ ! સત્સંગ દ્વારા પ્રાપ્ત થતા ભક્તિયોગ વિના મોટે ભાગે સંસાર તરવાનો બીજો કોઈ ઉપાય નથી. હે ઉદ્ધવ ! તમે મારા સેવક અને મિત્ર છો, વળી શુદ્ધ અંતઃકરણવાળા છો. હે ઉદ્ધવ ! મહાપુરુષોની સેવા, વ્રત, તપ કે વેદોના જ્ઞાનથી પણ અધિક સત્સંગ ચડે છે. વૃત્રાસુર, પ્રહલાદ, બલિરાજા, હનુમાન, ધર્મવ્યાધ, વિભીષણ, સુગ્રીવ, જાંબવાન, જટાયુ, કુબ્જા કે વ્રજની ગોપીઓ સત્સંગથી જ મને પામ્યાં છે. વ્રત, તપ, દાન, યજ્ઞ, વ્યાખ્યાન, સ્વાધ્યાય કે સંન્યાસથી પણ માણસ પ્રયત્ન કરે છતાં ઈશ્વરને પ્રાપ્ત કરી શકતો નથી. કેવળ સત્સંગથી જ પ્રાપ્ત થયેલા ભક્તિભાવથી ગોપીઓ, ગાયો, વૃક્ષો, પશુઓ અને મૂઢ બુદ્ધિવાળાં અનેક પ્રભુપદને પામ્યાં છે. હે ઉદ્ધવ ! ગોપીઓ મારા વિના બીજી કોઈપણ વસ્તુમાં પ્રેમ રાખતી ન હતી. મારી સાથે રાસક્રીડા કરતાં રાત્રિ ગોપીઓને ક્ષણ જેવી લાગતી હતી. મારા વિરહવાળી રાત કલ્પ જેવી તેઓને લાગતી હતી. જેવી રીતે ઋષિમુનિઓ સમાધિસ્થ થતાં પોતાની જાતને અને અવસ્થાને ભૂલી જાય છે તેમ ગોપીઓ મારામાં આસક્ત થતાં પોતાની જાતને તેમજ આજુબાજુની વસ્તુઓને ભૂલી ગઈ હતી. ફક્ત મારામાં એકરૂપ થઈ ગઈ હતી અને આમ સત્સંગથી પરબ્રહ્મને એટલે કે મને પામી હતી."

ઉદ્ધવજીએ પૂછ્યું, "હે યોગેશ્વર ! આપની આટલી વાત સાંભળ્યા છતાં મારા મનના સંશયો દૂર થયાં નથી. મારું મન હજી ભમે છે. ભગવાને કહ્યું, "હે ઉદ્ધવ, ઈશ્વર પોતે પોતાની માયાથી પાંચ મહાભૂતો પ્રપંચ રચે છે. જેમ અગ્નિ લાકડાના પોલાણમાં અસ્પષ્ટ અવસ્થામાં રહેલો હોય છે, તેને જોરથી ઘસતાં વાયુની મદદથી તણખા થાય છે અને ધીમે ધીમે અગ્નિ પ્રગટે છે, તેવી જ રીતે દરેક વસ્તુમાં અગ્નિની માફક અવ્યક્ત સ્વરૂપે ઈશ્વર વસેલો છે. દરેક ઈન્દ્રિયવૃત્તિ, સત્ત્વગુણ, રજોગુણ, તમોગુણ વગેરે પંચમહાભૂતો મારું જ સ્વરૂપ છે. જેમ ખેતરમાં દરેક બીજ પોતાનું ઉત્પત્તિ સ્થાન એટલે

કે ખેતર મળતાં અનેક સ્વરૂપ ધારણ કરે છે તેમ ઈશ્વર પોતાની માયારૂપ યોનિ પામી અનેક સ્વરૂપે દેખાય છે. જેમ વસ્ત્ર તાંતણામાં વિસ્તૃત થઈ તાંતણાંઓમાં ઓતપ્રોત છે પણ તાંતણાથી જુદું તેનું અસ્તિત્વ નથી, તેમ આખું જગત ઈશ્વરમાં ઓતપ્રોત છે, ઈશ્વરથી જુદું નથી.''

''જગતરૂપી વૃક્ષનાં બે બીજ છે. પાપ અને પુણ્ય. અગણિત વાસનાઓ તે ઝાડનાં સેંકડો મૂળિયાં છે. સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ તેનાં ત્રણ થડ છે. દસ ઈન્દ્રિયો અને મન એમ અગિયાર ડાળીઓ છે. સુખ અને દુ:ખ બે ફળ છે. વિષયોરૂપી રસ તેમાંથી ઉત્પન્ન થાય છે. આ જગતરૂપી ઝાડમાં જીવ અને ઈશ્વર બંનેનું રહેઠાણ છે. જગતરૂપી ઝાડનાં વિષયરૂપી દુ:ખનું ફળ માયામાં રચ્યાપચ્યાં લોકો ખાય છે. જ્યારે સુખરૂપી ફળ વિવેકી સાધુપુરુષો પરમહંસો ખાય છે. હે ઉદ્ધવ ! ગુરુ પાસેથી મેળવેલા જ્ઞાન વડે તમોગુણ, રજોગુણને છેદી સત્ત્વગુણને વધારી, ઈશ્વરની ભક્તિને વધારી, ઈશ્વરપરાયણ થવા પ્રયત્ન કરવો. ભક્તિથી આત્માનો સાક્ષાત્કાર થાય છે. જેમ વાંસના ઘસાવાથી વાંસના જ વનમાં અગ્નિજ્વાળા ઉત્પન્ન થાય છે અને વાંસના વનને બાળી મૂકે છે તેમ ઈશ્વરનો કે આત્માનો સાક્ષાત્કાર થતાં જીવ પોતાનાં જ ગુણ અને જ્ઞાનનો નાશ કરે છે, એટલે કે દેહનાં બંધનથી છૂટે છે અને ઈશ્વરને પામે છે.'' ઉદ્ધવજી પૂછે છે, ''હે ઈશ્વર ! માણસ જાણે છે કે દરેક માટે મૃત્યુ અનિવાર્ય છે. છતાં માણસો પશુની માફક વિષયો કેમ ભોગવે છે ?'' ભગવાને કહ્યું : ''પ્રમાદી, વિવેકશૂન્ય માણસ અહંકાર બુદ્ધિવાળો ''હું'' એવા મિથ્યા ભ્રમમાં પડે છે. રજોગુણ વધતાં રૂપ અને ભાવમાં દુર્મતિથી માણસમાં વિષયાભિલાષા ઊપજે છે. કર્મોનાં દુ:ખમય પરિણામો જાણતો હોવા છતાં કર્મો કરે છે. પણ જે માણસ વિવેકી હોય તે સાવધાન રહી, મનને વશમાં રાખી, વિષયોમાં આસક્ત થતો નથી. બધા વિષયમાંથી મનને ઈશ્વર વિષે જોડવું જોઈએ.'' ઉદ્ધવજીએ પૂછ્યું, ''તમે સનકાદિ મુનિઓને જે ઉપદેશ આપ્યો તે અને તે વખતનું આપનું રૂપ જાણવા ઈચ્છું છું.'' ભગવાને કહ્યું, ''સનકાદિ બ્રહ્માના માનસપુત્રો હતા.

તેઓએ બ્રહ્માને પૂછ્યું - "મન-સ્વભાવથી જ વિષયો અને મનને એકબીજાથી જુદાં જુદાં કેવી રીતે રાખવાં ?" આ પ્રશ્નનો ઉત્તર બ્રહ્મા પણ આપી ન શક્યા. ત્યારે તેમણે મને ચિંતન કરી બોલાવ્યો. તેથી હું હંસનું રૂપ ધારણ કરી ત્યાં આવ્યો. મને આવેલો જાણી સનકાદિ ઋષિઓ અને બ્રહ્માએ મને પ્રણામ કર્યા અને પૂછ્યું, "તમે કોણ છો ?" મેં કહ્યું, "હું સર્વસ્વરૂપ છું." "હે પુત્રો ! સાચું છે કે મન વિષયોમાં અને વિષયો મનમાં પ્રવેશે છે અને પરસ્પર એકબીજામાં ગૂંથાઈ જીવને દેહરૂપ ઉપાધિમાં નાખે છે. ખરી રીતે દેહ મિથ્યા છે. માનવીએ વિષયોમાં પ્રવેશતા મનને દૃઢવૃત્તિથી રોકવું જોઈએ. મનની ત્રણ અવસ્થા, જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ. જીવ તે ત્રણે અવસ્થાથી રહિત હોઈ તે ફક્ત તે અવસ્થાનો સાક્ષી જ છે. જીવને આ ત્રણ અવસ્થા બુદ્ધિ આપે છે. આ ત્રણ અવસ્થાનો ત્યાગ કરી, મનને મારામાં ધ્યાનસ્થ કરવું. સંસારરૂપ બંધનોનો ત્યાગ કરવો, જેથી વિષયો અને મનનો પણ આપોઆપ ત્યાગ થઈ જશે. ફક્ત આત્માનું જ સર્વ અવસ્થામાં અનુસંધાન રહે છે. સત્‌પુરુષોના ઉપદેશથી જ્ઞાન પ્રાપ્ત કરી તે જ્ઞાનરૂપી તલવારથી સર્વ શંકાના કારણરૂપ અહંકારનો નાશ કરી હૃદયમાં વસેલા મને (ઈશ્વરને) ભજો. જગતને મિથ્યા સમજો. જે વસ્તુ દેખાય અને નાશ પામે તે ભ્રાંતિ છે. તેથી આ ભ્રાંતિ, પ્રપંચથી મનને વાળી આત્મસુખ મેળવવા મન, વચન અને કર્મના વ્યાપારને તજી દેવા. જેમ દારૂના કેફમાં માણસને પોતાના દેહનું ભાન રહેતું નથી, તેમ આત્મસાક્ષાત્કાર થયો હોય તેવા સિદ્ધ પુરુષોને નાશવંત શરીરની અવસ્થાની ખબર હોતી નથી, અર્થાત્ સિદ્ધ પુરુષોને પોતાના દેહ માટે આસક્તિ હોતી નથી. આમ સનકાદિ મુનિઓનાં સંશયનું નિવારણ કરી હું સ્વધામ પાછો ફર્યો." ઉદ્ધવજીએ પૂછ્યું, "હે કૃષ્ણ ! વેદ જાણનારાઓએ માણસને કલ્યાણનાં અનેક સાધનો ગણાવ્યાં છે, જેનાથી અનેક ઈચ્છિત ફળ મળે છે. આપે નિરપેક્ષ ભક્તિયોગ સૌથી શ્રેષ્ઠ કહ્યો છે, જેના વડે માણસનું મન તમારા વિશે જોડાય અને છેવટે તમારામાં લય પામે છે, તો આ સાધનો અને તેના ફળ વિશે આપ મને વિસ્તારથી સમજાવો." શ્રીકૃષ્ણ ભગવાન બોલ્યા

કે, “હે ઉદ્ધવ ! મારી માયાથી મોહિત થયેલાં લોકો કલ્યાણનાં અનેક સાધનો કહે છે, જેવાં કે યજ્ઞ, તપ, દાન, વ્રત, નિયમો વગેરે. આ સાધનો દ્વારા જે સુખ પ્રાપ્ત થાય છે તે શાશ્વત હોતું નથી, કાળે કરી નાશ પામે છે અને અંતે દુઃખદાયી અને મોહ ઉપજાવનારું નીવડે છે, જ્યારે મારામાં જેણે મન પરોવ્યું હોય છે તે ચક્રવર્તી રાજાનું પદ કે બીજા કોઈ પણ સુખ કે પદની ઈચ્છા રાખતો નથી. તેને મોક્ષની પણ ઈચ્છા હોતી નથી. હે ઉદ્ધવ ! તમે મને જેટલા પ્રિય છો તેટલાં મને બ્રહ્મા, શંકર કે લક્ષ્મી પણ પ્રિય નથી. મારા વિના બીજું કાંઈ જ ન ઈચ્છતા, મારું જ મનન કરતા મારા ભક્તની પાછળ હું સતત ફર્યા જ કરું છું. મારામાં ચિત્ત રાખી, કોઈપણ વસ્તુનો મોહ ન રાખનાર મારો ભક્ત જે સુખ અનુભવે છે તેને જ તે જાણે જ છે. મારો ભક્ત જગતના કોઈ વિષયોથી આકર્ષાતો નથી. જેમ અત્યંત વધેલી અગ્નિની જ્વાળા લાકડાંને બાળીને ભસ્મ કરી દે છે તેમ મારી ભક્તિ સમગ્ર પાપોનો નાશ કરી દે છે. હે ઉદ્ધવ ! તપ, ત્યાગ, વ્રત, દાન, નિયમોથી હું વશ થતો નથી. ફક્ત ભક્તિથી જ વશ થાઉં છું. જેમ વિષયનું ધ્યાન ધરતાં મન વિષયાસક્ત બને છે તેમ મારું ચિંતન કરનારનું મન મારામાં જ લીન થાય છે.” ઉદ્ધવજીએ પૂછ્યું, “હે ભગવાન કૃષ્ણ, આપનું ધ્યાન કયા પ્રકારે ભક્તોએ કરવું જોઈએ. તે મને સમજાવો.” ભગવાન કહે, “હે ઉદ્ધવ ! માણસે શાંત ચિત્તે, એક આસન પર બેસી ભગવાનના સુંદર સ્વરૂપનું ધ્યાન ધરવું. જ્યારે મન અને બુદ્ધિ ભગવાનમાં સ્થિર થાય ત્યારે માણસ પોતાના હૃદયમાં જ ઈશ્વરનો વાસ છે તેમ અનુભવે છે. આત્મા અને પરમાત્મા એક જ છે તેમ જોઈ, સમજી શકે છે. ઈન્દ્રિયોને જીતનાર અને ઈશ્વરમાં મનને સ્થાપનાર પાસે સિદ્ધિઓ હાજર થાય છે.” ઉદ્ધવે પૂછ્યું, “હે ભગવાન ! કયા પ્રકારની સિદ્ધિઓ હાજર થાય છે ? તે સિદ્ધિઓ પણ તમે જ આપનારા છો. તેથી તમે જ તે બરાબર સમજાવી શકશો.” ભગવાન કહે, “હે ઉદ્ધવ ! યોગી પુરુષોએ અઢાર સિદ્ધિઓ ગણાવી છે. તે ઈશ્વરનાં ધ્યાન અને સત્ત્વગુણની વૃદ્ધિથી જુદી જુદી રીતે પ્રાપ્ત કરી શકાય છે”, પરંતુ “હે ઉદ્ધવ ! આ બધી સિદ્ધિઓ કરતાં ફક્ત

નિષ્કામ ભાવે ઈશ્વરમાં મનને એકાગ્ર કરવાથી સર્વ સિદ્ધિઓ હાંસલ થઈ શકે છે. કોઈપણ કામનાવાળી સિદ્ધિ પ્રાપ્ત કરવામાં સમય ન બગાડવો. દરેક સિદ્ધિઓનું કારણ અને સ્વામી હું જ છું, માટે નિષ્કામભાવે ઈશ્વર ઉપાસના જ સર્વમાં શ્રેષ્ઠ છે." ઉદ્ધવે પૂછ્યું, "હે ભગવાન ! આપે કહ્યું કે સર્વની ઉત્પત્તિ, જીવન રક્ષણ અને નાશ આપથી જ થાય છે. આપ સર્વનું મૂળ કારણ છો, તો પણ જે જે વસ્તુમાં કાંઈક અધિક અંશે આપ રહેલા છો, જેની ઉપાસના કરવાથી મહર્ષિઓ ઉત્તમ સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે. તે તે વસ્તુઓ આપ મને કહો." આપ પ્રાણીમાત્રના આત્મા હોવાથી આપ સૌને જોઈ શકો છો પણ આપની માયાથી મોહિત થયેલાં પ્રાણીઓ આપને જોઈ શકતાં નથી. માટે આપ આપની વિભૂતિઓનું વર્ણન કરો. ભગવાન !" "હે ઉદ્ધવ ! આજ પ્રશ્ન મને અર્જુને કુરુક્ષેત્રમાં પૂછેલો, જ્યારે અર્જુનને એમ લાગેલું કે પોતાના સગા-સંબંધી, મિત્રોને લડાઈના મેદાનમાં મારવાથી અધર્મ થશે ત્યારે મેં તેને જે ઉત્તર આપ્યો હતો તે જ ઉત્તર હું તને આપું છું. આ સર્વ પ્રાણીઓનાં આત્મા અને મિત્ર હું જ છું. તેઓની ઉત્પત્તિ સ્થિતિ અને નાશ મારાથી જ થાય છે. દરેક વર્ણમાં, જાતિમાં, પદાર્થમાં, ભાવોમાં વગેરેમાં જે શ્રેષ્ઠ દેખાય છે તે "હું" જ છું. દા.ત. દેવોમાં ઇન્દ્ર, ગાયોમાં કામધેનુ, નાગોમાં શેષનાગ, પ્રાણીઓમાં સિંહ, પર્વતોમાં હિમાલય, ઋતુઓમાં વસંત, વનસ્પતિમાં પીપળો, વ્રતોમાં અહિંસા, વીર પુરુષોમાં અર્જુન એમ એવાં અનેક તત્ત્વો અને તેની ગણતરી,તેનાં લક્ષણ અને ફળ પણ હું જ છું. મારાથી ક્યાંય કોઈ ચીજ જુદી નથી. અર્થાત્ સર્વ હું જ છું. જો પરમાણુઓની ગણતરી કરવી હોય તો કદાચ કરી શકાય, પણ કરોડો બ્રહ્માંડોને સર્જતાં મારી વિભૂતિઓની ગણતરી હું પોતે પણ ન કરી શકું. ટૂંકમાં એ જ કહેવાનું કે જ્યાં જ્યાં પ્રભાવ સંપત્તિ, કીર્તિ, ઐશ્વર્ય, લજ્જા, દાન, સૌંદર્ય, ભાગ્ય, બળ, ક્ષમા તથા વિજ્ઞાન હોય તે તે મારી વિભૂતિ છે, જે મેં તમને ટૂંકમાં કહી સંભળાવી. આ વિભૂતિઓ માત્ર મનના વિકારરૂપ છે, માટે માણસે મન અને બુદ્ધિને વશ કરી ઈશ્વર વિશે મનને જોડવું જોઈએ. જો યોગી તેમ ન કરે તો તેનાં વ્રત, તપ,

દાન, માટીના કાચા ઘડામાંથી પાણી ઝરી જાય તેમ નાશ પામે છે, માટે મારામાં મનને એકાગ્ર કરી, ભક્તિ ભાવ કેળવી, મન, વાણી, પ્રાણને વશ કરવાથી જ કૃતકૃત્ય થવાય છે.'' ઉદ્ધવજીએ પૂછ્યું, ''હે ભગવાન ! આપ આ મનુષ્યલોક છોડી સ્વધામ જશો. પછી આ પૃથ્વી પર બીજા કોઈપણ ધર્મનો ઉપદેશ કરનાર કે રક્ષણ કરનાર કોઈ નથી. તેથી ધર્મનો નાશ થતાં ફરી કોણ ઉપદેશ કરશે ? તેથી આપ માનવધર્મનું મારી પાસે વર્ણન કરો.'' શુકદેવજી કહે : ''પોતાના પ્રિયભક્ત ઉદ્ધવજીએ ભગવાનને પૂછ્યું, એટલે ભગવાન પ્રસન્ન થઈ મનુષ્યના કલ્યાણ માટેના ધર્મો કહેવા લાગ્યા, ''હે ઉદ્ધવ ! તમારો આ પ્રશ્ન માનવ સમાજના કલ્યાણ અર્થે છે. આથી વર્ણો અને આશ્રમોના માણસ માટેના ધર્મ મારી પાસેથી સાંભળો.''

## ૧. બ્રહ્મચર્યાશ્રમ

''બ્રહ્મચર્યાશ્રમ દરમ્યાન જનોઈ ધારણ કરવું. વિદ્યાભ્યાસ માટે ગુરુકુળમાં રહી અભ્યાસ કરવો. બ્રહ્મચર્ય પાળવું, ગુરુની સેવા કરવી. વિદ્યાભ્યાસ પૂરો થયા પછી ગુરુની આજ્ઞા અને આશીર્વાદ લઈ ઘરે જવું.''

## ૨. ગૃહસ્થાશ્રમ

''વિદ્યાભ્યાસ પૂર્ણ કર્યા પછી યોગ્ય કન્યા સાથે લગ્ન કરી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો. ગૃહસ્થાશ્રમનાં સુખ ભોગવતાં સંસાર પ્રત્યેની ફરજો અદા કરવી. ગૃહસ્થાશ્રમમાં રહેનાર મનુષ્યે પુત્ર, પત્ની વગેરે સંબંધોને મુસાફરીમાં મળતાં, મુસાફરોના સમાગમ જેવો જાણવો.''

## 3. વાનપ્રસ્થાશ્રમ

''સંસારની ફરજો પૂરી બજાવ્યા પછી, ઘરની જવાબદારી પુત્રને સોંપી, ઘરમાં રહીને પણ સંસારના વિષયોમાંથી આસક્તિ ઓછી કરતાં જવી અને સંન્યાસી જેવું જીવન જીવવા પ્રયત્ન કરવો. જો વનમાં કે આશ્રમમાં જઈને પણ ઈશ્વર આરાધના કરવાની ઈચ્છા હોય તો

તેમ કરવું. ઓછામાં ઓછાં વસ્ત્રો, વનમાંથી મળતાં કંદમૂળ, ફળ, ધાન્ય વગેરેથી ચલાવવું. કોઈપણ વસ્તુનો સંગ્રહ ન કરવો. ઈશ્વર આરાધના કરવામાં વધુમાં વધુ સમય ગાળવો.''

## ૪. સંન્યાસાશ્રમ

''જ્યારે શરીર અશક્ત થાય, ધ્રૂજવા લાગે ત્યારે સંપૂર્ણ વૈરાગ્યભાવ ઉત્પન્ન થયો હોય તો વાનપ્રસ્થીએ સંન્યાસ સ્વીકારવો. પોતાનાં સર્વસ્વનું યોગ્ય બ્રાહ્મણોને દાન કરી ફક્ત એક વસ્ત્ર, એક પાત્ર અને એક દંડ જ પોતાની પાસે રાખવો. ભિક્ષા યોગ્ય ઘરે માગી ભોજન કરવું. કોઈનો સંગાથ ન કરવો. એકલા જ ફરવું. ઈન્દ્રિયોને વશમાં રાખી ધૈર્યવાન અને સંતોષી થવું. સમદૃષ્ટિ કેળવવી. બને ત્યાં સુધી ગામ બહાર વનમાં કે આશ્રમમાં રહેવું. મમતા, અહંકાર એ માયા છે, એમ સમજી ત્યાગ કરવો.''

## ૫. પરમહંસ

''આમ સંન્યાસ અવસ્થામાં બહારનાં પદાર્થો ઉપર વિરક્તિ કેળવવી. મોક્ષની પણ ઈચ્છા ન રાખવી. બાળકની જેમ વિચરવું. માન-અપમાનનો વિવેક ન રાખવો. બીજાને કંટાળો કે દુઃખ ન આપો. કોઈને કડવાં વચન ન કહેવાં. અનાયાસે મળેલું ભોજન કરવું. ક્યારેક ન પણ મળે તો શોક ન કરવો. સતત ઈશ્વરની ઉપાસના કરવી. આમ પરમહંસ પદે પહોંચેલા મનુષ્ય છેવટે મારી સાથે એકરૂપ થઈ જાય છે, અર્થાત્ ઈશ્વર સાથે એક બની જાય છે. જેણે છ ઈન્દ્રિયોને જીતી નથી, જેની બુદ્ધિ સંસારના વિષયોમાં આસક્ત હોય, જ્ઞાન અને વૈરાગ્યથી રહિત હોય, ફક્ત આજીવિકા માટે જ સંન્યાસી બન્યા હોય તે ધર્મઘાતક સંન્યાસી કહેવાય છે અને તે લોક અને પરલોકથી ભ્રષ્ટ થાય છે. ઈન્દ્રિયનિગ્રહ અને અહિંસા એ સંન્યાસીનાં, તપશ્ચર્યા અને તત્ત્વવિચાર વાનપ્રસ્થીઓનાં, પ્રાણીમાત્રની રક્ષા કરવી, યજ્ઞો કરવા એ ગૃહસ્થનાં અને ગુરુની આજ્ઞા પાળવી અને ગુરુની સેવા કરવી તે બ્રહ્મચારીના મુખ્ય ધર્મો છે. ઈશ્વરની ઉપાસના કરવી તે તો દરેક

વર્ણનો ધર્મ છે. જે મનુષ્ય પોતાના વર્ણાશ્રમ પ્રમાણે વર્તે, નિત્ય મને (ઈશ્વરને) ભજે, આ લોક અને પરલોકના કોઈપણ વિષયની ઈચ્છા ન રાખે, સર્વ પ્રાણીઓમાં ઈશ્વર વસેલો છે તેમ જાણે, તે મનુષ્ય જલદી મારી ભક્તિને પામે છે. હે ઉદ્ધવ ! મારી અસ્ખલિત ભક્તિ કરનાર પરબ્રહ્મને એટલે કે મને પામે છે.'' ભગવાન બોલ્યા, ''હે ઉદ્ધવ ! જે પુરુષ શાસ્ત્રનું જ્ઞાન મેળવી આત્મતત્ત્વને પામ્યો હોય, તેને જ જ્ઞાન મળ્યું છે. તે જ્ઞાન પણ ઈશ્વરની માયા જ લાગે છે. તેને ઈશ્વર સિવાય બીજું કાંઈ જ પ્રિય નથી. જ્ઞાન અને વિજ્ઞાનના પૂર્ણ અભ્યાસથી તેઓ મારું શ્રેષ્ઠ પદ સમજી શક્યા હોય છે અને તેથી જ તેઓ મને અત્યંત પ્રિય છે. તપ, તીર્થ, જપ કે દાન મને મેળવવા અસમર્થ છે. ત્યારે હે ઉદ્ધવ ! તમારા આત્મારૂપ મને ઓળખી, જ્ઞાન અને વિજ્ઞાનયુક્ત થઈને ભક્તિભાવથી મને ભજો. મોક્ષની ઈચ્છા તજી દો. પોતાના અંતઃકરણમાં જ ઈશ્વર બિરાજેલા છે એમ માની આરાધના કરનાર મને પામી શક્યા છે.'' ઉદ્ધવજીએ ભગવાનને પૂછ્યું, ''હે ભગવાન! આપ જે વૈરાગ્ય ઉપજાવે તેનું જ્ઞાન અને વિજ્ઞાન કહો છો તે કઈ રીતે મેળવાય તેમ જ આપનો ભક્તિયોગ પણ મને કહો. કારણ કે આ સંસારમાં મનુષ્યો સંસારરૂપી ઊંડા કૂવામાં પડ્યા છે અને કાળરૂપી સર્પ કરડી રહ્યો હોવા છતાં વિષયસુખરૂપી તૃષ્ણાને સેવી રહ્યા છે, માટે કૃપા કરી તેઓના ઉદ્ધાર માટેનો માર્ગ આપ બતાવો.'' ભગવાન કહે, ''હે ઉદ્ધવ ! મહાભારત યુદ્ધ પૂરું થયું અને સ્નેહીજનોનાં મૃત્યુથી અતિ વ્યાકુળ થયેલા યુધિષ્ઠિરે ધર્મનો સંદેશો સાંભળ્યા પછી મોક્ષ ધર્મ ભીષ્મ પિતામહને પૂછેલો. તે ધર્મ મેં ભીષ્મ પિતામહને મોઢેથી સાંભળ્યો હતો તે હું તને કહું છું. તે તું સાંભળ. આ જગત કેવળ પરમાત્મારૂપ છે. પરમાત્માથી કાંઈ જ જુદું નથી, એમ જે જોઈ અને વિચારી શકે છે તે જ્ઞાન છે. જગતમાં દેખાતા અનેક પદાર્થો જે પોતાની દૃષ્ટિથી દેખાય છે તે પદાર્થોને તે રીતે ન જોતાં બ્રહ્મસ્વરૂપ છે તેમ સમજે અને જુએ તે વિજ્ઞાન છે. સંસારમાં માણસ જે પોતાની આંખ વડે જુએ છે તે સત્ય નથી, એક ભ્રાંતિ છે, માયાજાળ છે, તેમ સમજે. જ્ઞાની માણસ બ્રહ્મસ્વરૂપ સિવાય બીજું કાંઈ જોતો નથી. જગતમાં જે જે વસ્તુ

માનવીને દૃષ્ટિ વડે દેખાય છે તે નાશવંત છે. ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ દરેક અવયવવાળા પ્રાણીઓનો જીવનક્રમ છે. જગત મિથ્યા છે, કારણ કે તે દેખાય છે. જે મિથ્યા નથી, સત્ય છે, તેને આપણે જોઈ શકતાં નથી, જેમ કે આત્મા, તેને આપણે જોઈ શકતાં નથી. આ જ્ઞાન અને વિજ્ઞાન સમજનાર જ્ઞાની માણસ મિથ્યા વસ્તુરૂપ જગતથી વૈરાગ્ય પામે છે. કર્મનાં ફળરૂપ જે સુખ કે દુઃખ માણસને પ્રાપ્ત થાય છે તે પણ મિથ્યા છે, અર્થાત્ સુખ કે દુઃખ શાશ્વત નથી એમ સમજે અને સુખ કે દુઃખના પ્રસંગે તટસ્થતા રાખે. હે ઉદ્ધવ ! આગળ મેં તમને ભક્તિયોગ કહેલો છે. છતાં તમને મારી ભક્તિમાં અગાધ પ્રેમ છે માટે, શા માટે ભક્તિ શ્રેષ્ઠ છે એ હું તમને કહું છું. માણસ નિરંતર મારું કીર્તન કરે, શ્રદ્ધાપૂર્વક સેવા પૂજા કરે, મારા ભક્તોનો આદરસત્કાર કરે, સર્વ પ્રાણીઓમાં ઈશ્વર વસેલો છે તેમ સમજે, સર્વ કામનાઓનો ત્યાગ કરે, જે કાંઈ દાન, યજ્ઞ, જપ, તપ, વ્રત કરે તે બધું ઈશ્વરને અર્પણ કરે તે મનુષ્ય માટે ભક્તિનું કારણ બને છે. તેનું સત્ત્વગુણથી ભરપૂર ચિત્ત મારામાં અર્થાત્ ઈશ્વરમાં આસક્ત થાય છે અને તે પરમ પદને પામે છે. તેનાથી ઊલટું જગતના મિથ્યા પદાર્થોમાં આસક્ત થઈ વિષયો અને ભોગવિલાસો તરફ જે માણસ દોડે છે ત્યારે તે પાપાચારી બને છે. જે ધર્મ ઈશ્વરભક્તિ પ્રગટાવે તે સાચો અને શ્રેષ્ઠ ધર્મ છે. બધે એક જ આત્મા છે તેમ જોવું તે "જ્ઞાન" છે. વિષયોમાં આસક્તિ ન રાખવી તે "વૈરાગ્ય" છે."

"ઉદ્ધવે આગળ ભગવાનને પૂછ્યું, "હે ભગવાન ! આપે ધર્મનાં લક્ષણો સમજાવ્યાં. હવે યમ અને નિયમ કેટલા પ્રકારના છે તે કહો ? શમ કોને કહેવાય ? દમ કોને કહેવાય ? તિતિક્ષા શું છે ? ધીરજ કોને કહેવી ? સાચું દાન, તપ અને શૌર્ય કયુ ? સત્ય શું છે ? ઋતુ કોને કહેવાય ? ત્યાગ કયો ? યોગ્ય ધન કયુ ? યજ્ઞ કયો ? દક્ષિણા કઈ ? શ્રેષ્ઠ વિદ્યા કઈ ? શ્રેષ્ઠ લજ્જા કઈ ? શ્રેષ્ઠ આભૂષણ કયુ ? સુખ શું ? દુઃખ શું ? પંડિત કોણ ? મૂર્ખ કોણ ? માર્ગ સાચો કયો ? ઉન્માર્ગ કયો ? સ્વર્ગ કયુ ? નર્ક કયુ ? બંધુ, ઘર, ધનવાન, ગરીબ કોને કહેવાય ? કૃપણ કોને કહેવાય ? ઈશ્વર કોણ ? હે, શ્રીકૃષ્ણ !

આપ મારા પ્રશ્નોના ઉત્તર કહો અને આનાથી ઊલટા કયા તે કહો.'' શ્રીકૃષ્ણે જવાબ આપ્યો, ''હે ઉદ્ધવ ! અહિંસા, સત્ય, અસ્તેય, અસંગ, લજ્જા, સંયમ, આસ્તિકપણું, બ્રહ્મચર્ય, મૌન, સ્થિરતા, ક્ષમા અને અભય આ બાર યમ કહેવાય. શૌચ, જપ, તપ, હોમ, શ્રદ્ધા, અતિથિસત્કાર, ઈશ્વરપૂજા, તીર્થાટન, પારકાનું કલ્યાણ કરવું, ઉદ્યમ, સંતોષ અને આચાર્યની સેવા આ બાર નિયમો કહેવાય.''

**શમ :** બુદ્ધિને ઈશ્વરમાં કેન્દ્રિત કરવી તે શમ કહેવાય છે. માત્ર શાંતિ જાળવવી તે શમ નથી.

**દમ :** ઈન્દ્રિયોને વશ કરવી તે દમ કહેવાય.

**તિતિક્ષા :** તપ વગેરેનાં દુઃખો સહન કરવાં તેને તિતિક્ષા કહેવાય.

**ધૈર્ય :** જીભ અને ગુહ્ય ઈન્દ્રિયો પર કાબૂ મેળવવો તે ધૈર્ય કહેવાય.

**શ્રેષ્ઠ દાન :** કોઈપણ પ્રાણીઓનો દ્રોહ ન કરવો તે શ્રેષ્ઠદાન કહેવાય. માત્ર ધનનું દાન તે દાન નથી.

**તપ :** કામના એટલે કે વિષયભોગની ઈચ્છાનો ત્યાગ કરવો તે તપ છે.

**શૌર્ય :** વાસના એટલે સાંસારિક વિષય, ઈચ્છાનો ત્યાગ કરવો તે શૌર્ય કહેવાય. માત્ર પરાક્રમ તે શૌર્ય નથી.

**સત્ય :** બ્રહ્મનો જ વિચાર કરવો તે સત્ય કહેવાય. માત્ર સત્ય બોલવું તે સત્ય નથી.

**ઋત :** સત્ય અને પ્રિય વાણી તે ''ઋત'' કહેવાય છે.

**બંધુ** : સદ્‌ગુરુ તે બંધુ છે. ભાઈ તે બંધુ નથી.

**ઘર :** માણસનું શરીર જ સાચું માણસનું ઘર છે. હવેલી કે બંગલા નહીં.

**ધનવાન :** ગુણવાન તે જ સાચો ધનવાન છે. અસંતોષી છે, તે મોટો દરિદ્રી છે.

**કૃપણ :** આજિતેન્દ્રિય એટલે સ્વેચ્છાચારી છે તે કૃપણ.

**પરાધીન :** જે વિષયોમાં આસક્ત છે તે જ પરાધીન છે.

**દોષ :** ગુણદોષ જોવા તે દોષ છે.

**ગુણ :** ગુણદોષ ન જોવા તે ગુણ છે.

હે ઉદ્ધવ ! તમારા પ્રશ્નોના બધા ઉત્તર મેં તમને આપ્યા છે.''

ઉદ્ધવે પૂછ્યું, ''હે કૃષ્ણ ! તમે જે વેદની રચના કરી તેમાં મનુષ્યે કરવાં યોગ્ય અને ન કરવાં યોગ્ય કર્મો કહ્યાં છે. પુણ્ય, પાપરૂપી ફળો ભાગવતમાં વર્ણવ્યાં તેમજ આશ્રમો, વર્ણો વગેરેના ભેદ બતાવ્યા છે. સંસારી માણસોએ કયા કર્મો કરવાં અને કયા ન કરવાં એ વેદમાં વર્ણવ્યાં છે. આપ ગુણ-દોષ ન જોવા તેને ગુણ કહો છો, તો વેદવાક્યો માનવ બુદ્ધિમાં ભ્રાંતિ પેદા કરે છે અથવા કહીએ કે માણસ ભેદ બુદ્ધિવાળો થાય છે. તેને કેમ દૂર કરી શકાય તે આપ સમજાવો.'' ભગવાન બોલ્યા, ''હે ઉદ્ધવ ! માનવકલ્યાણ માટે વેદમાં ત્રણ ઉપાયો મેં કહ્યા છે. એક ''જ્ઞાનયોગ'', બીજો ''કર્મયોગ'' અને ત્રીજો ''ભક્તિયોગ''. જે માણસ કર્મ અને તેના ફળ તરફ આસક્તિ ન રાખે તે ''જ્ઞાનયોગ'' સિદ્ધ કરી શકે છે. જે માણસ કર્મો કરવા તૈયાર હોય પણ તે કર્મના ફળમાં આસક્તિ ન રાખતો હોય તે ''કર્મયોગ'' સિદ્ધ કરી શકે છે. જે માણસને મારાં કથા-કીર્તનમાં શ્રદ્ધા હોય, સંસારમાં રહેતો હોવા છતાં સંસારના વિષયોમાં આસક્તિ ન રાખતો હોય, તેને ''ભક્તિયોગ'' સિદ્ધ થાય છે. સંસારી માણસે વેદમાં કહેલાં કર્મો કરવાં. ન કહેલાં કર્મો ન કરવાં. કોઈપણ કર્મનાં ફળમાં રસ ન રાખવો. ઈશ્વરમાં ચિત્ત પરોવવું. આમ કરનાર માનવી સ્વર્ગ કે નરક પામતો નથી. માનવદેહ મળવો અતિ દુર્લભ છે. છતાં અનાયાસે મળેલ માનવદેહ સંસારસાગર તરવા માટેની નૌકા છે. ગુરુરૂપ ખલાસીની મદદથી માણસે ભવસાગર તરી જવાનો છે. જે તેનાથી વિપરીત રીતે વર્તે છે તે આત્મહત્યારો છે. માણસે શરૂઆતમાં મનને એકાગ્ર કરવા પ્રયત્ન કરવો, અસ્થિર થતાં મનને સાવધાનીપૂર્વક સ્થિર કરવું. મનની ઈચ્છાઓને કંઈક અંશે સંતોષીને પણ મનને સ્થિર કરવું. ઈશ્વર વિષે જોડવું. ઈશ્વરનું નામસ્મરણ, ભજન-કીર્તન કરવાથી પાપનો નાશ થાય છે. ઈશ્વરમાં દૃઢ શ્રદ્ધાવાળા માણસ માટે ભક્તિયોગ જ શ્રેષ્ઠ છે. ભક્તિયોગ દ્વારા અનાયાસે જ મારો ભક્ત મને એટલે કે બ્રહ્મપદને પામે છે.''

"હે ઉદ્ધવ ! જે મનુષ્ય ભક્તિ, જ્ઞાન કે કર્મમાર્ગને અનુસરતો નથી પણ નાશવંત શરીર અને ઈન્દ્રિયોથી વિષયો ભોગવે છે તેઓ સંસારમાં જ ફરીફરીને આવે છે. આવા સંસારીઓ માટે પોત-પોતાના અધિકાર પ્રમાણે વર્તવું તે જ ગુણ કહ્યો છે. તેનાથી ઊલટું વર્તન કરવું તે દોષ છે. હે ઉદ્ધવ ! જગતમાં સર્વ વસ્તુઓ સમાન જ છે, છતાં મેં ભગવાન મનુએ રચેલાં શાસ્ત્રોમાં સંસારીજનો માટે યોગ્ય અને અયોગ્ય વ્યવહાર કોને કહેવાય તે બતાવ્યું છે. વેદમાં પણ મનુષ્ય માટે ગુણદોષ બતાવતાં આખરે ભેદદષ્ટિના નિષેધ કરી ફક્ત શેષ સ્વરૂપ પરબ્રહ્મ જ છે, તે સમજાવ્યું છે."

"માનસિક નિગ્રહ, ઈન્દ્રિયોનો નિગ્રહ, સહનશીલતા, વિવેક, સ્વધર્મ પ્રમાણે વર્તન, જે કાંઈ મળે તેમાં સંતોષ, વિષયો તરફ વૈરાગ્ય, ગુરુ પર શ્રદ્ધા, અયોગ્ય કર્મમાં લજ્જા, દાન, સરળતા, વિનય અને આત્મસ્વરૂપ ઉપર પ્રીતિ આ સત્ત્વગુણની વૃત્તિઓ છે. ઈચ્છા, વ્યાપાર, મદ, લોભ, અસંતોષ, ગર્વ, દાન આદિની ઈચ્છા, દેવપ્રાર્થના, વિષયભોગ, પોતાની સ્તુતિ પર પ્રીતિ, હાસ્ય, બળથી ઉદ્યમ કરવો એ રજોગુણ વૃત્તિ."

"ક્રોધ, લોભ, અસત્ય, અહિંસા, યાચના, દંભ, શ્રમ, કજિયો, શોક, મોહ, દુ:ખ, દીનતા, નિદ્રા, ભય, ઉદ્યમ ન કરવો. આ તમોગુણની વૃત્તિઓ છે."

"માણસ ઈચ્છારહિત થઈ ઈશ્વરને ભજે છે ત્યારે સત્ત્વગુણી સ્વભાવનો થાય છે. કોઈપણ વિષયની આશા રાખી ઈશ્વરને ભજે ત્યારે રજોગુણી સ્વભાવનો થાય છે. જ્યારે શત્રુમારણ આદિ ઈચ્છાથી ઈશ્વરને ભજે ત્યારે માણસ તામસવૃત્તિવાળો થાય છે. સત્ત્વગુણી માણસ મૃત્યુ બાદ સ્વર્ગલોકમાં જાય છે. રજોગુણી માણસ મનુષ્ય લોકમાં જાય છે, જ્યારે તમોગુણી માણસ નરકમાં જાય છે. જે જીવ આ ત્રણે ગુણોને જીતી ઈશ્વરમાં નિષ્ઠા રાખી ભક્તિયોગ દ્વારા ઈશ્વરનું સતત ભજન-કીર્તન કરે છે તે મોક્ષને પામે છે. હે ઉદ્ધવ ! આ સંસારમાં માનવશરીર મળે તેણે ઈન્દ્રિયોને જીતી લઈ ઈશ્વરનું ભજન કરવું. સત્ત્વગુણી રહી

રજોગુણ, તમોગુણને જીતી લેવા. ઈશ્વરનો ભક્ત ધીમે ધીમે સત્ત્વગુણને પણ જીતી લઈ પરબ્રહ્મને પામે છે, અર્થાત્ જીવનમુક્ત બની જાય છે, એટલે કે ઈશ્વરમાં લીન થઈ જાય છે.''

"હે ઉદ્ધવ ! માનવશરીર એક જ એવું શરીર છે કે જેના વડે ભક્તિ કરી, ધર્મનું આચરણ કરી, ગુરુ પાસેથી જ્ઞાન મેળવી, પરમાત્માને પામી શકે છે. માણસે સંસારમાં દુષ્ટજનોનો સંગ કરવો નહીં. બુદ્ધિમાન માણસે સજ્જનો તેમજ જ્ઞાની મહાત્માઓનો સંગ કરવો, કે જેમના જ્ઞાનોપદેશથી માણસના મનની આસક્તિ દૂર થાય અને ઈશ્વર પ્રત્યે ભક્તિભાવ વધે. જેમ અગ્નિરૂપી ઈશ્વરને સેવતાં ટાઢ, ભય અને અંધકાર દૂર થાય છે તેમ ગુરુજનના સત્સંગથી કર્મોની જડતા, ભવિષ્યનો ભય અને અજ્ઞાનનો અંધકાર દૂર થાય છે.'' ઉદ્ધવજીએ પૂછ્યું, "હે પ્રભુ ! આપના ભક્તો જે કારણથી, જે પ્રકારે આપની પૂજા કરે છે તે આપ મને સમજાવો. હે ભગવાન ! નારદજી, વ્યાસજી અને બૃહસ્પતિએ વારંવાર આપની પૂજા જે મનુષ્યોના કલ્યાણરૂપ કહી છે તે, હે પ્રભુ ! કર્મોનાં બંધનમાંથી છોડાવનાર આ કલ્યાણકારી સાધન આપ કૃપા કરી મને સમજાવો.'' શ્રીકૃષ્ણ ભગવાન બોલ્યા, "હે ઉદ્ધવ ! ઈશ્વરની પૂજાની વિધિ અનંત અપાર છે. હું તને ટૂંકમાં તે કહી સંભળાવું છું. મારી (ઈશ્વરની) પૂજા ત્રણ પ્રકારની છે. વૈદિક, તાંત્રિક અને મિશ્ર. જેને જે ઈષ્ટ લાગે તે રીતે પૂજા કરી શકે. ભક્તિયુક્તિ મનુષ્યે શ્રદ્ધા અને ભક્તિ વડે પૂજા કરવી. પ્રથમ સ્નાનાદિ નિત્યકર્મ પતાવી, મારી પથ્થર, ધાતુ કે રેતીની પ્રતિમા બનાવી, પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરવી, પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરવાથી તે પ્રતિમામાં ઈશ્વરનો વાસ થાય છે. નિષ્કામ ભક્તે જે કાંઈ મળે તે પદાર્થથી મારી પૂજા કરવી. ચંદન ઈત્યાદિ પદાર્થો ન મળી શકે તો માનસીપૂજા કરવી. મૂર્તિને સ્નાન કરાવવું, અલંકારો પહેરાવવાં, પોતાને જે જે અત્યંત પ્રિય વસ્તુઓ હોય તે તે ઈશ્વરની પ્રતિમાને ધરાવવી. મારા ભક્તે મને સાચી શ્રદ્ધાથી ફક્ત જળ જ આપ્યું હોય તો પણ તે મને અત્યંત પ્રિય થાય છે. શ્રદ્ધા વગરના માણસે અનેક પૂજા સામગ્રી ધરાવી હોય

તો પણ તે મને સ્વીકાર્ય નથી. દર્ભના આસન પર બેસી, પૂર્વ કે ઉત્તર દિશા સામે અથવા મૂર્તિ સામે બેસવું. યોગ્ય પૂજાવિધિ કરવી. હૃદયમાં સૂક્ષ્મરૂપે રહેલી ઈશ્વરની મૂર્તિનું ધ્યાન ધરવું, પુષ્પ, ચંદન વગેરેથી અર્ચન કરવું. ધૂપ, દીપ, નૈવેદ્ય ધરાવવાં. ઈશ્વરનું ધ્યાન ધરી અષ્ટાક્ષર મંત્ર ૐ નમો નારાયણાય (શ્રીકૃષ્ણઃ શરણં મમ)નો જાપ કરવો. "હે ભગવાન ! પ્રસન્ન થાઓ." કહી ભગવાનને દંડવત્ પ્રણામ કરવા, પ્રાર્થના કરવી કે "હે ઈશ્વર ! આ સંસારસમુદ્રથી ભયભીત થયેલો હું આપને શરણે આવ્યો છું, આપ મારું રક્ષણ કરો. આમ પ્રતિમા પર શ્રદ્ધા હોય તો આ રીતે પૂજા કરવી. બાકી હું તો સર્વ પ્રાણીમાત્રમાં તેમજ સચરાચરમાં વસેલો છું. જે માણસ ઉપર બતાવ્યા પ્રમાણે નિત્ય ઈશ્વરપૂજા કરે છે તે મારી પાસેથી ઈચ્છિત સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે, પણ જે નિષ્કામ ભાવથી મારી ભક્તિ કરે છે તે છેવટે મને જ પામે છે. આ જગતમાં માણસને જે જે પદાર્થો સ્થૂળ આંખે દેખાય છે તે સર્વ નાશવંત છે, મિથ્યા છે. શરીર એ આત્મા નથી. શરીર પણ નાશવંત છે. આત્માને આપણે જોઈ શકતા નથી. આત્મા જ પરમાત્માનો અંશ છે. તે શાશ્વત છે. આત્મા અને શરીર એક છે, એમ સામાન્ય બુદ્ધિવાળા સમજે છે પણ યોગ્ય ગુરુ પાસે જ્ઞાન મેળવી, જ્ઞાન વડે માણસ મોહ અને અજ્ઞાનને દૂર કરી આત્માને ઓળખી શકે છે. આત્મા અભિન્ન છે. સર્વ ભેદોથી રહિત છે, જે માનવી આત્માને ઓળખે છે તે પરમાત્માના સ્વરૂપને છેવટે પામે છે."

ઉદ્ધવજીએ પૂછ્યું, "હે પ્રભુ ! સામાન્ય માણસ માટે યોગાભ્યાસ ખૂબ અઘરો વિષય છે. મોટા મોટા યોગી પણ પ્રયત્ન કરવા છતાં પણ સફળ થઈ શકતા નથી, પણ જે સારાસારનો વિવેક સમજે છે તે તો તમારાં ચરણકમળનું સેવન કરવામાં સુખ માને છે. યોગ અને કર્મના આશ્રયવાળા યોગીઓ આપની માયાથી અનેકવાર પરાજિત થાય છે, પણ આપના ભક્તો માયાથી પરાજિત થતા નથી. પ્રહલાદ, બલિરાજા જેવા ભક્તો પર તમે જે કૃપા કરી તે વાતને જાણનારો કયો માણસ તમારી ભક્તિને તજે ? અથવા તમારી પૂજા

ન કરે ? આપ બહાર ગુરુ સ્વરૂપે અને અંદર અંતર્યામી આત્મા સ્વરૂપે રહી માનવીની વિષયવાસનાને દૂર કરો છો અને આપના સ્વરૂપે ઓળખાવો છો. આપના એ ઉપકારનો બદલો કેવળ આત્મસમર્પણથી જ વાળી શકાય, માટે આપ કૃપા કરી માણસે કઈ રીતે આપની ભક્તિ કરવી તે સમજાવો." શ્રી શુકદેવજી કહે - ઉદ્ધવજીનો આ પ્રશ્ન સાંભળી શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા. "હે ઉદ્ધવ ! તમને હું પરમ મંગલ ધર્મો કહું છું જેનું શ્રદ્ધાપૂર્વક આચરણ કરવાથી માણસ દુર્જય એવા મૃત્યુને જીતી શકે છે. માણસે ઈશ્વરનું સ્મરણ કરતાં ચિત્તના ઉદ્વેગો શાંત કરી, ચિત્તને ઈશ્વરમાં જોડવું, દરેક કાર્ય પ્રભુપ્રીત્યર્થે કરવાં, ભક્તોનાં ચરિત્રો સાંભળવાં, દરેકે-દરેક પ્રાણીમાત્રમાં ઈશ્વર વસેલો છે તે ન ભૂલવું, સમદષ્ટિ કેળવવી, કોઈની ઈર્ષા ન કરવી, કોઈને ઊંચ, નીચ ન સમજવાં, હંમેશાં ઈશ્વર વિશે ભક્તિ રાખવી. આવા સદ્આચરણથી માણસ કર્મથી બંધાતો નથી. જે અભક્ત નાસ્તિક, ઉદ્ધત હોય તેને હે ઉદ્ધવ ! આ બ્રહ્મજ્ઞાન આપવું નહીં. શૂદ્ર કે સ્ત્રીઓ જે મારામાં ભક્તિભાવ ધરાવતાં હોય તેને અવશ્ય જ્ઞાન આપવું. હે ઉદ્ધવ ! જ્ઞાનથી મોક્ષ, કર્મોથી ધર્મ, યોગથી ઐશ્વર્ય અને ઉદ્યોગથી ધનની પ્રાપ્તિ થાય છે. તે ચારેય પુરુષાર્થ મારા ભક્ત માટે તો ફક્ત હું જ છું અર્થાત્ ભક્તને મોક્ષ, ઐશ્વર્ય કે ધન જોઈતું નથી. મારો ભક્ત તો ફક્ત મારું જ શરણ સ્વીકારે છે. હે ઉદ્ધવ ! જ્યારે મનુષ્ય સમગ્ર કર્મો તજી મને પોતાનો આત્મા સમર્પણ કરી દે છે ત્યારે તેને સર્વોત્કૃષ્ટ બનાવવાની મને ઈચ્છા થાય છે, તેને હું જીવપણાથી છોડાવીને મારા સ્વરૂપની અર્થાત્ પરમાત્મા સ્વરૂપની પ્રાપ્તિ કરાવું છું." ઉદ્ધવજી આવાં ભગવાનનાં ઉત્તમ વચનો સાંભળી બે હાથ જોડી, આંખમાં આંસુ સાથે કહેવા લાગ્યા, "હે ઈશ્વર, આપે મારો મોહરૂપી અંધકાર દૂર કર્યો છે. જ્ઞાનરૂપી દીવો મારા હૃદયમાં પ્રગટાવ્યો છે. આપની આટલી બધી કૃપાને જાણનાર કોણ આપનો આશ્રય ત્યજે ? હે ઈશ્વર ! મને મુક્ત દશા પ્રાપ્ત થાય તો પણ આના ઉપરની પ્રીતિ નાશ ન પામે, આપનાં ચરણકમળમાં મારી પ્રીતિ રહે તેવો મને ઉપદેશ

આપો.'' ભગવાન બોલ્યા, ''હે ઉદ્ધવ ! હવે તમે બદ્રિકાશ્રમ જાઓ.'' ઉદ્ધવજી કહે, ''બદ્રિકાશ્રમમાં હું તમને ક્યાંથી લાવું ?'' ભગવાને કહ્યું, ''હે ઉદ્ધવજી ! આજથી હું મારું તેજ શ્રીમદ્ ભાગવતમાં મૂકી જાઉં છું. મને મળવાની ઈચ્છા થાય ત્યારે ''શ્રીમદ્ ભાગવત''નું કોઈપણ પ્રકરણ કાઢજો. હવે તમે બદ્રિકાશ્રમ જાઓ, ત્યાં મારા ચરણમાંથી ઉત્પન્ન થયેલા અલકનંદામાં સ્નાન કરી પવિત્ર થાઓ. વલ્કલ ધારણ કરી, કંદમૂળ ખાઈ, સુખમાં નિઃસ્પૃહ રહી, ટાઢ-તાપ વગેરે સહન કરજો. એકાગ્ર ચિત્ત મારામાં સ્થાપી ધર્મપરાયણ રહેજો, જેથી ત્રિગુણાત્મક ગતિઓને ઓળંગી તેનાથી પર રહેલા મને અર્થાત્ ઈશ્વરને પામશો.'' ઉદ્ધવજી શ્રીકૃષ્ણની વાત સાંભળી ભગવાનની પ્રદક્ષિણા કરી ભગવાનના ચરણમાં મસ્તક મૂકી આંસુનો અભિષેક કરવા લાગ્યા. ભગવાન કૃષ્ણનો વિયોગ થતો હોવાથી અત્યંત દુઃખ પામ્યા. ભગવાનની પાદુકા માથે મૂકી, વારંવાર પ્રણામ કરી ત્યાંથી ચાલી નીકળ્યા. ઉદ્ધવજી ભગવાન કૃષ્ણના કહેવા પ્રમાણે બદ્રિકાશ્રમ ગયા, ત્યાં શ્રીકૃષ્ણના ઉપદેશ પ્રમાણે જ્ઞાનમાર્ગનો આશ્રય કરી રહ્યા અને છેવટે શ્રીહરિની ગતિને પામ્યા.''

## કૃષ્ણ સ્વધામ પધાર્યા

શુકદેવજી કહે, ''હે પરીક્ષિત ! હવે હું તને ભગવાનના સ્વધામગમનનો પ્રસંગ કહું છું, આજે તારા જીવનનો છેલ્લો અને સાતમો દિવસ છે. તક્ષક હમણાં આવશે. એક ચિત્તે ભગવાનનું સ્મરણ કર અને ભગવાનના મોક્ષનો પ્રસંગ આવે ત્યારે હૃદયપૂર્વક અંજલિ આપજે.''

શુકદેવજી કહે, ''હે પરીક્ષિત ! બધાં યાદવો બધી સંપત્તિ લઈ પ્રભાસપાટણ આવ્યાં. સરસ્વતીમાં સ્નાન કરી દાન આપ્યાં. શ્રીકૃષ્ણ કહે, ''હાથે તે સાથે કહેવાય.'' મોટાભાઈ બળદેવ અને શ્રીકૃષ્ણ ખોબે ખોબે દાન આપવા માંડ્યા. શ્રીકૃષ્ણનું હૈયું ભીંજાયું. ગાંધારીનાં વચનો યાદ આવ્યાં, છેલ્લી ઘડીએ કેટલાંક વચનો અસર કરે છે. ભગવાનને

ભૂતકાળ યાદ આવ્યો. પોતાના પુત્રો, પૌત્રો, કુટુંબીજનોને કહ્યું, "દાન આપો." બાળકો સ્નાન કરવાં ગયાં. કડકડતી ઠંડી હતી. દારૂ પીવા લાગ્યાં. ભાન ભૂલ્યાં. જે હથિયાર સરસ્વતીમાં નાખવાનાં હતાં તે એકબીજાને મારવા માંડ્યાં. હથિયારો ખૂટ્યાં એટલે નદી કાંઠે ઊગેલું તીક્ષ્ણ એરકા ઘાસ લઈ સામસામા એકબીજાને તે તીક્ષ્ણ ઘાસ વડે મારી નાખ્યાં. બળદેવજી કહે, "આપણું કામ પૂરું થયું." બળદેવજીએ ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કર્યું, યોગને ધારણ કરી આત્માને પરમાત્મામાં જોડી મનુષ્યલોકનો ત્યાગ કરી સ્વધામ પધાર્યા. બલરામનું સ્વધામગમન જોઈ શ્રીકૃષ્ણ એક પીપળાના ઝાડ નીચે જમણા પગ પર ડાબો પગ રાખી બેસી ગયા. તે જ વખતે જરા નામના પારધીએ પેલા મુશળમાંથી બાકી વધેલા લોખંડના ટુકડામાંથી બનાવેલ બાણ વડે ભગવાનના મૃગ જેવા આકારવાળા પગને મૃગ સમજી વીંધી નાખ્યો. ભગવાનના પગમાંથી લોહી નીકળવા માંડ્યું. જરા પારધી ચતુર્ભુજ સ્વરૂપ ભગવાનને પોતે વીંધી નાખ્યા છે તે જોઈ ભયભીત થઈ ગયો. ભગવાનના પગમાં પડ્યો. માફી માગી. "હે પ્રભુ ! મારાથી અજાણતાં આ કૃત્ય થયું છે. આપ પાપીઓને ક્ષમા આપવા યોગ્ય છો, આપ મને ક્ષમા કરો." જરા પારધીને ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું, "હે રામાવતારના વાલી ! અહીં આવ. આમાં તારો કોઈ દોષ નથી. આ જે બન્યું છે તે બ્રાહ્મણના શાપથી બન્યું છે. તારો આમાં કોઈ અપરાધ નથી. મારી ઇચ્છાથી જ આમ બન્યું છે, માટે તું મારી આજ્ઞાથી પુણ્યશાળીઓનું જે સ્થાન છે તે સ્વર્ગમાં તું જા." ભગવાનની આજ્ઞા સાંભળી ભગવાનને પગે લાગી પ્રદક્ષિણા કરી વિમાનમાં બેસી સ્વર્ગમાં ગયો. તે જ સમયે શ્રીકૃષ્ણનો સારથી દારૂક, ભગવાન ક્યાં હશે ? એમ શોધતો શોધતો ત્યાં આવ્યો. ભગવાનને લોહી નીંગળતી હાલતમાં જોતા રથમાંથી કૂદી પડ્યો. ભગવાનને પગે પડ્યો. તેના દેખતાં જ ભગવાનનો રથ, ઘોડા, ધ્વજ સાથે આકાશમાં ઊડી ગયા. તે જોઈ સારથીને ખૂબ આશ્ચર્ય થયું. ભગવાને સારથીને કહ્યું, "તું દ્વારકા જા. ત્યાં રહેતાં આપણા જ્ઞાતિજનોનો અંદર અંદર લડવાથી

થયેલો નાશ, બલરામનું સ્વધામ જવું અને મારી આ દશા, આપણા બંધુઓને જઈને કહે. તેઓને કહેજે તમે બધા હવે દ્વારકામાં રહેશો નહીં. દ્વારકા છોડી ચાલ્યા જાવ. મારા મંદિર સિવાય આખી દ્વારકાને સાતમે દિવસે સમુદ્ર ડબાડી દેશે. સૌ પોત-પોતાના પરિવાર સાથે, અર્જુનના રક્ષણ નીચે ઈન્દ્રપ્રસ્થ જતા રહો.'' તેત્રીસ કરોડ દેવતા હાથમાં ફૂલ લઈ ગોઠવાઈ ગયા છે. સારથિને ભગવાન ભલામણ કરે છે અને દેવતાઓ સાંભળે છે. છેલ્લા પ્રણામ કરી, સજળ નયને સારથિ દ્વારકા સમાચાર આપવા ચાલ્યો ગયો.'' ''ભગવાને ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કર્યું. દેવતાઓ ઊભા થયા. પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. પુષ્પનો વરસાદ ઝીલતાં ઝીલતાં શ્રીકૃષ્ણ સ્વધામ સિધાવ્યા. હે પરીક્ષિત ! તને આ કથા એટલા માટે કહી, કારણ કે તારો આ અંત સમય છે. આજે હમણાં તક્ષક તને દંશ દેવા આવશે. તારા મનને એકાગ્ર કરી ઈશ્વરમાં જોડ.''

શુકદેવજી કહે, ''હે પરીક્ષિત ! પછી દારૂક સારથિએ દ્વારકા જઈ સર્વ હકીકત વસુ અને ઉગ્રસેનને કહી સંભળાવી. કૃષ્ણના વિયોગથી બહાવરા બની પ્રભાસપાટણ સૌ આવ્યાં. જ્યાં પોતાનાં સ્વજનોના મૃતદેહો પડ્યા હતા. કૃષ્ણ અને બલરામને ન જોતાં દેવકી-વસુદેવે ત્યાં જ પ્રાણનો ત્યાગ કર્યો. સ્ત્રીઓ પોતાના પતિની ચિતામાં પ્રવેશી સતી થઈ. ભગવાનના પ્રિય મિત્ર અર્જુને ગીતાના ઉપદેશને યાદ કરી મનને શાંત કર્યું. નાશ પામેલ સંબંધીઓની ઉત્તરક્રિયા કરી. શ્રીકૃષ્ણે તજેલી દ્વારકાને ભગવાનના મંદિર સિવાય ક્ષણવારમાં સમુદ્રે ડુબાડી દીધી. પછી મરતાં બચેલાં સ્ત્રી, પુરુષો, બાળકોને અર્જુન ઈન્દ્રપ્રસ્થ લઈને આવ્યો. હે પરીક્ષિત ! આ યદુવંશનો સંહાર અને દ્વારકાનું સમુદ્રમાં ડૂબી જવું સાંભળી તમારા દાદા યુધિષ્ઠિર, તમારો રાજ્યાભિષેક કરી અર્જુન સહિત મહામાર્ગે હિમાલય તરફ ચાલી નીકળ્યા.''

# કળિયુગનાં લક્ષણો

પરીક્ષિત રાજાએ પૂછ્યું, "હે શુકદેવજી ! કૃષ્ણ ભગવાનના સ્વધામ પધાર્યા બાદ પૃથ્વી પર કોનું રાજ્ય હતું ? સમાજની દશા કેવી હતી ?" શુકદેવજી કહે, "હે રાજા ! ભગવાન કૃષ્ણ જે દિવસે વૈકુંઠમાં પધાર્યા તે જ દિવસે તે જ ક્ષણે કલિયુગ પૃથ્વી પર આવ્યો છે. દેવતાઓનાં એક હજાર વર્ષના અંતે ફરી સતયુગ આવશે. ભગવાનની આજ્ઞાથી સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ એમ આ ચાર યુગ અનુક્રમે પૃથ્વી પર ચાલ્યા કરે છે. હે પરીક્ષિત રાજા ! તમે સજીવન કલિયુગને ધરતી પર રહેવા સ્થાન આપ્યું છે. કલિયુગમાં માણસ ક્ષુદ્ર દૃષ્ટિવાળા, ઓછા ભાગ્યવાળા, ઘણું ખાનારા, કામી અને ધનહીન હોય છે. સ્ત્રીઓ સ્વેચ્છાચારિણી અને વ્યભિચારિણી થશે. માણસની બુદ્ધિમાં ફેરફાર થશે. રાંધેલાં અન્ન વેચાશે. બ્રાહ્મણો વિદ્યાભ્યાસ નહીં કરે. ક્ષત્રિયો રક્ષણને બદલે ભક્ષણ કરશે. વૈશ્યો વેપારમાં, વસ્તુઓમાં ભેળસેળ કરશે. ક્ષુદ્રો દેવસ્થાનોમાં જશે. કુદરતી આફતો આવશે. પરસ્પર વિશ્વાસ ઘટશે. ચોર લોકોનું સામ્રાજ્ય ફેલાશે. મંદિરોમાં ચોરી થશે. કલેશ-કંકાસ વધશે. રાજાઓનું રાજાપણું નહીં રહે. પતિ-પત્નીઓમાં વિખવાદ થશે. બાપ-દીકરીમાં વિશ્વાસ નહીં રહે. ઝડપી દર્દો વધશે. લાંબી માંદગી બાદ મૃત્યુ થશે. સભાન અવસ્થામાં લોકો પાપ કરશે. અનેક જીવલેણ વ્યસનો પેદા થશે. દુષ્કાળ અને રાજાઓના ડરથી પ્રજા પીડાશે. કલિયુગમાં પાખંડ વધતાં લોકો ભગવાનને ભૂલી જશે, પરંતુ કળિયુગમાં જે માણસના ચિત્તમાં ભગવાન વસ્યા હોય, ભગવાનના નામનું પૂજન, અર્ચન કરતા હોય તેના હૃદયમાં સાક્ષાત ભગવાન આવીને વસે છે. જેમ અગ્નિ સોનામાં રહેલી મલિનતા દૂર કરે છે, તેમ હૃદયમાં વસેલા ભગવાન માણસનાં પાપોનો નાશ કરે છે, અર્થાત્ કલિયુગમાં ભગવાનની ભક્તિ જ સંસારસાગર તરવા માટેનું શ્રેષ્ઠ સાધન છે.

કલિયુગ અનેક દોષોથી ભરેલો હોવા છતાં મનુષ્ય ભગવાનનું કીર્તન કરે તો સતયુગમાં ધ્યાન કરવાથી, ત્રેતાયુગમાં યજન કરવાથી અને દ્વાપર યુગમાં સેવા કરવાથી જે ફળ મળે તે જ ફળ કલિયુગમાં શ્રીહરિનું કીર્તન કરવાથી મળે છે. કલિયુગમાં દાન, જપ, તપ કરવાં, સારું ધન સન્માર્ગે વાપરવું, હાલતાં-ચાલતાં ભગવાનના નામનો જાપ કરવો, તેમજ તમારા આરાધ્ય દેવની ઉપાસના કરવાથી ઈશ્વરની પ્રાપ્તિ સહજતાથી થાય છે. હે પરીક્ષિત ! તને મેં કલિયુગનાં લક્ષણો કહ્યાં. કળિકાળમાં માણસે શું કરવું તે પણ કહ્યું. આ “શ્રીમદ્ ભાગવત”માં જગતના આત્મા અને જેમના હર્ષથી બ્રહ્મા અને ક્રોધથી રુદ્ર ઉત્પન્ન થાય છે તે ભગવાન શ્રીહરિનું વર્ણન કર્યું છે. હે રાજન્ ! આ ભાગવત સ્મરણથી આપ કૃતાર્થ થયા છો, માટે હું મરી જઈશ એવી પામર બુદ્ધિ ત્યજી દો. કારણ કે જેમ પૂર્વે આ દેહ ન હતો અને હમણાં જ નાશ પામશે, તેમ તમે પણ પૂર્વે ન હતા, હમણાં ઉત્પન્ન થયા નથી અને નાશ પણ પામવાના નથી. તમે દેહ આદિથી જુદા છો, અર્થાત્ દેહ ઉત્પન્ન થાય છે અને નાશ પણ પામે છે. પરંતુ આત્મા જન્મરહિત અને મરણરહિત છે. જેમ માટીનો ઘડો ફૂટી જાય ત્યારે અંદર રહેલું આકાશ, મહાઆકાશમાં ભળી જાય છે, તેમ દેહ નાશ પામતાં જીવ કે આત્મા ફરી બ્રહ્મસ્વરૂપ થઈ રહે છે. હે પરીક્ષિત ! આ તારી છેલ્લી ઘડીએ ચિત્તને પરમાત્મામાં જોડી હું જ પરબ્રહ્મ છું અને પરબ્રહ્મ તે જ હું છું. તેમ વિચારી નિશ્ચિંત બનો. તમારા આત્માને પરમાત્મા સાથે ઐક્યભાવે જાગ્રત કરી, ઝેરી તક્ષક નાગ પછી તમને મારી નહીં શકે. તમારા સ્થૂળ દેહને બાળી શકશે, પણ તમે સ્થૂળ દેહ નથી તેમ સમજો.” પરીક્ષિત બોલ્યા, “હે શુકદેવજી ! આપે મારા પર ખૂબ કૃપા કરી છે. આપ મહાજ્ઞાની પાસેથી શ્રીમદ્ ભાગવત કથા સાંભળી છે, જેમાં ઉત્તમ કીર્તિવાળા ભગવાન કૃષ્ણનું વર્ણન કરેલું છે. તક્ષક કે મૃત્યુથી હવે હું ડરતો નથી. હે બ્રહ્મન ! આપ આજ્ઞા આપો એટલે હું મૌન ધારણ કરું. વાસનાથી છૂટેલા મનને ભગવાનમાં લગાડી પ્રાણ ત્યજું.” શ્રી શુકદેવજી રાજાને ભાગવત કથા પૂર્ણ સંભળાવી, આશીર્વાદ આપી સંન્યાસીઓ સાથે ત્યાંથી ચાલી નીકળ્યા. રાજા પરીક્ષિત પણ ગંગાના

કિનારે દર્ભના આસન પર ઉત્તર દિશામાં મોઢું રાખી બેઠા, બુદ્ધિ અને મનને આત્મામાં સ્થાપી, નિ:સંગ થઈ, બ્રહ્મસ્વરૂપ થઈ રહ્યા.

## પરીક્ષિત–મોક્ષ

પરીક્ષિતનો પુત્ર જન્મેજય પોતાના પિતાની આસપાસ આંટા મારતો હતો. મારા પિતા પાસે કોઈ ન જાય. વિદ્વાનો કહેવા લાગ્યા, કોઈ ધરતી પર એવો માનવી નથી જે તક્ષકનું ઝેર ઉતારી શકે ? કશ્યપ નામનો એક બ્રાહ્મણ આગળ આવ્યો, તેણે કહ્યું હું જાણું છું. જે બ્રાહ્મણે જીવનમાં ક્યારેય દાન ન લીધું હોય તે જ આ તક્ષકનું ઝેર ઉતારી શકે. શૃંગી પોતાના પિતાનું વેર વાળવા અધીરો થઈ ગયો છે. તેણે તક્ષકને કહ્યું, "તક્ષક ! તૈયાર થા." તક્ષકે કહ્યું, "હું તૈયાર છું." ગંગાકાંઠે તક્ષક દોડવા લાગ્યો. શમીકઋષિ કહે, "બેટા શૃંગી, ક્રોધ શાંત કર. તારો શાપ મિથ્યા થશે નહીં." તક્ષક કહે, "શૃંગી, એક વિદ્વાન બ્રાહ્મણ ઝેર ઉતારવા જાય છે. મને રૂપ બદલવાની રજા આપો." શૃંગીની રજાથી તક્ષકે બ્રાહ્મણનું રૂપ લીધું. કશ્યપને બ્રાહ્મણે પૂછ્યું, "આપ ક્યાં જઈ રહ્યા છો ?" કશ્યપે કહ્યું, "હું રાજા પરીક્ષિતને તક્ષક કરડે ત્યારે તેનું ઝેર ઉતારવા જાઉં છું." તક્ષક બ્રાહ્મણ સ્વરૂપે હતો. તેણે કશ્યપને કહ્યું, "તમારી વિદ્યા પર મને વિશ્વાસ નથી, હું જ તક્ષક છું." કશ્યપ કહે, "તમારે ખાતરી કરવી હોય તો સામે વડલો છે તેમાં તારું ઝેર નાખ. હું વડલાને સજીવન કરું તો જાણજે કે હું વિદ્યા જાણું છું." તક્ષકે વડલામાં ઝેર નાખ્યું. વડલો બળીને ભસ્મ થઈ ગયો. તક્ષકે કશ્યપને કહ્યું, "પધારો કશ્યપ, વડલાને સજીવન કરો." કશ્યપે સંજીવની લઈ મંત્રોચ્ચાર કર્યો અને વડલો પહેલાં હતો તેનાથી વધુ નવપલ્લવિત થઈ ગયો. તક્ષક શૃંગી પાસે ગયો અને કહ્યું, "કશ્યપની વિદ્યા સફળ થઈ, હવે શું કરવું ?" શૃંગી કહે, "તું તારો મણિ કશ્યપને આપી દે." તક્ષકે ખુશ થઈ કશ્યપને પોતાનો મણિ દાનમાં આપી દીધો. ક્યારેય દાન ન લેનાર કશ્યપે દાન લીધું. તેની વિદ્યા નકામી થઈ ગઈ. કશ્યપ બ્રાહ્મણ મણિ લઈ ચાલ્યો ગયો. પાંચ પગથિયાં સુધી ગંગાજી આવ્યાં. જન્મેજય આંટા મારે છે. તક્ષક કહે "શૃંગી, ફરી મને વેષ બદલવાની રજા આપો." શૃંગીએ રજા આપી

એટલે તક્ષકે બાવાનો વેષ લીધો. જન્મેજયની પાસે જઈ કહ્યું, "મારે પરીક્ષિતને આશીર્વાદ આપવા જવું છે," પણ જન્મેજયે પરીક્ષિત પાસે જવાની ના પાડી. શૃંગીની રજાથી તક્ષક કીડો બની ફળમાં બેસી ગયો. પ્રતિહારી પાસે જઈ બાવાએ કહ્યું, "જન્મેજયને કહો મારે પરીક્ષિતને ફળ આપવું છે. હું ત્યાં નહીં જાઉ, જન્મેજય પોતે જઈને આપે." છ પગથિયાં ગંગાજીનું પાણી આવ્યું. પરીક્ષિત ધ્યાનમગ્ન થઈ ઈશ્વર સ્મરણ કરે છે. સંપૂર્ણ શાંતિ હતી. જન્મેજયે બાવાએ આપેલાં ફળને ગંગાજીમાં બોળી પરીક્ષિતના જમણા પગના અંગૂઠા પાસે મૂક્યું. તક્ષક તેમાં કીડાના સ્વરૂપે રહેલો હતો. તેણે તરત જ રૂપ બદલી પરીક્ષિતના જમણા પગના અંગૂઠાને દંશ દીધો. પરીક્ષિતનો મોક્ષ થયો. તેનું શરીર તક્ષકના ઝેરથી બળીને ભસ્મ થયું. જન્મેજયે તક્ષકને દંશ દઈને જતાં જોયો. આટઆટલી સુંદર વ્યવસ્થા છતાં તક્ષક ગંગાકિનારામાંથી આવી દંશ દઈ ચાલ્યો ગયો ? માતા-પિતાનું મૃત્યુ દીકરા પર ખૂબ ભયંકર અસર કરે છે. પિતાનાં ક્રિયાકર્મ પતાવ્યાં. વેર બહુ બૂરી ચીજ છે. જન્મેજયે મનથી નક્કી કર્યું, સર્પ યોનિ બરબાદ કરું. બરાબર પરીક્ષિતના મૃત્યુ પછી એક વર્ષ બાદ જન્મેજયે સર્પ યજ્ઞ શરૂ કર્યો. ટપોટપ સર્પો પડવા માંડ્યા. જન્મેજય કહે છે, "તક્ષક ક્યાં છે ?" તક્ષક ઈન્દ્રને શરણે ગયો. ઈન્દ્રે તેને શરણ આપ્યું. ઈન્દ્રે તેને રોકી રાખ્યો. જન્મેજયે બ્રાહ્મણોને કહ્યું, "બ્રાહ્મણો, ઈન્દ્રની સાથે તક્ષકને લાવો." બ્રાહ્મણો ઈન્દ્ર સાથે તક્ષકને હોમમાં પાડવા હોમ કરવા માંડ્યા. આથી ઈન્દ્રાસનને વીંટળાઈને તક્ષક બેસી ગયો. ઈન્દ્ર ઈન્દ્રાસન પરથી ચલાયમાન થયા. ઈન્દ્રાસન સાથે તક્ષક પણ ડોલવા લાગ્યો. બ્રાહ્મણોના મંત્રોના બળથી ઈન્દ્રને ઈન્દ્રાસન સહિત ધરતી પર પડતો અંગિરા ઋષિના પુત્ર બૃહસ્પતિએ જોયો. બૃહસ્પતિ જન્મેજયના યજ્ઞમાં આવ્યા. જન્મેજયને કહેવા લાગ્યા, "હે રાજા ! આ તક્ષક નાશને યોગ્ય નથી, કારણ કે તેણે દેવ અને દાનવોએ જ્યારે સમુદ્રમંથન કર્યું ત્યારે અમૃત પીધું છે અને તેથી અજરામર છે, વળી પ્રાણીનાં જીવન અને મૃત્યુ તેના કર્મને અનુસાર થાય છે. તક્ષકે તમારા પિતાને દંશ દીધો છે અને તેથી તમારા પિતાનું મૃત્યુ થયું છે તેવી શંકા તમારે કરવી નહીં. દરેક પોતાના કર્મ અનુસાર ફળ ભોગવે છે,

માટે હિંસાનું પાપ આપનારો આ સર્પયજ્ઞ બંધ કરો. પ્રાણીમાત્ર પોતાનાં પ્રારબ્ધકર્મ ભોગવે છે. બૃહસ્પતિનાં વચનો સાંભળી જન્મેજયે યજ્ઞ અધૂરો રાખ્યો. તક્ષક જીવતો રહ્યો. જન્મેજય સવારે ઊઠ્યા ત્યારે સર્પહિંસાના પાપથી તેનું શરીર કોઢમય થયું. બ્રાહ્મણોએ કહ્યું, ''હે રાજા ! તમને સર્પહિંસા લાગી, તેથી તમારું શરીર કોઢમય થયું છે. જન્મેજયે બ્રાહ્મણોને પૂછ્યું, ''હવે આ કોઢ મટાડવા મારે શું કરવું ?'' મારે પણ મારા પિતાની જેમ ''શ્રીમદ્ ભાગવત''ની કથા સાંભળવી છે. બ્રાહ્મણોએ કહ્યું, ''એક વર્ષ હરિદ્વાર જાવ. ગંગાસ્નાન અને ઉપવાસ કરો, કોઢ મટી જશે.'' જન્મેજય હરિદ્વાર ગયા. ગંગાસ્નાન, ઉપવાસ કરી ''શ્રીમદ્ ભાગવત''ની કથા સાંભળી. જન્મેજયનો કોઢ મટી ગયો. શ્રીહરિનું ભજન-કીર્તન કરી જન્મેજયે શેષ જીવન પૂરું કર્યું. ''શ્રીમદ્ ભાગવત'' સર્વ વેદાંતોના સારરૂપ છે. જે માણસ ''શ્રીમદ્ ભાગવત''નાં રસરૂપી અમૃતથી તૃપ્ત થાય છે તેને બીજા કોઈ ગ્રંથ પર પ્રીતિ થતી નથી. જેમ નદીઓમાં ગંગા, દેવોમાં વિષ્ણુ, વૈષ્ણવોમાં શંકર, તેમ પુરાણોમાં ''શ્રીમદ્ ભાગવત'' શ્રેષ્ઠ છે. ''શ્રીમદ્ ભાગવત'' ભગવાનના ભક્તોનું અત્યંત પ્રિય છે. એમાં જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય સહિત કર્મબંધનમાંથી મુક્ત થવાનો માર્ગ પ્રકાશિત કરવામાં આવ્યો છે. ''શ્રીમદ્ ભાગવત''નું ભક્તિપૂર્વકનું શ્રવણ, પઠન અને મનન જે મનુષ્ય કરે તે મુક્તિને પામે છે. ''શ્રીમદ્ ભાગવત''રૂપી જ્ઞાનદીપક સૌ પ્રથમ ભગવાન નારાયણે બ્રહ્મા આગળ, બ્રહ્મા આગળથી નારદજી આગળ, નારદજી પાસેથી વ્યાસમુનિ પાસે અને વ્યાસ મુનિ પાસેથી શુકદેવજી પાસે અને શુકદેવજીએ પરીક્ષિત રાજા પાસે પ્રગટ કર્યો છે. તે સર્વશ્રેષ્ઠ, આનંદસ્વરૂપ, અમૃતતૂલ્ય, પરમ સત્યનું અમે ધ્યાન ધરીએ છીએ. શ્રી વાસુદેવ ભગવાનને નમસ્કાર હો. હે દેવાધિદેવ ''શ્રીમદ્ ભાગવત'' પ્રત્યેક જન્મમાં આપનાં ચરણકમળમાં અમને ભક્તિ ઉત્પન્ન થાય તેમ કરો, કારણ કે હે પ્રભુ ! આપ અમારા સ્વામી છો, જેમનું નામ-કીર્તન સર્વ પાપનો નાશ કરનાર છે, જેમને કરેલા પ્રણામ સર્વ દુ:ખોને શાંત કરે છે તે પરમેશ્વર શ્રીહરિને હું નમસ્કાર કરું છું.

# શ્રીકૃષ્ણ સ્તુતિ

જય ગિરિવરધારી, પ્રભુ જય ગિરિવરધારી,
જય નારાયણ સ્વામી, સેવક સુખકારી. જય
ગૌ બ્રાહ્મણ ને દેવ, સૌને સુખ કરવા, પ્રભુ (૨)
વધ્યો પૃથ્વીનો ભાર, પાપી જન હરવા. જય
માત-પિતાનો પ્રેમ હરિ દર્શન દીધું, પ્રભુ (૨)
યમુના જળને સ્પર્શી, ગોકુળ સુખ કીધું,
પાપી પૂતના મારી સંકટ લીલા કીધી, પ્રભુ (૨)
તરૂણા વૃત યમલાર્જુન, પરમગતિ કીધી. જય
વત્સાસુર બક્કાસુર, અઘ્ઘાસુર હારી, પ્રભુ (૨)
દવનું પાન કરીને, ગોપી વસ્ત્ર હર્યા, જય
ઈન્દ્રપૂજા અટકાવી, ગોવરધન ધાર્યો, પ્રભુ (૨)
નંદ પિતા છોડાવી, વ્રજમાં રાસ કર્યો. જય
કરી અજગરનો મોક્ષ, શંકચૂડ માર્યો, પ્રભુ (૨)
અક્રૂર દર્શન આપી, કેશી વિદાર્યો. જય
પધાર્યા મથુરાં આપ, ધોબી વસ્ત્ર ધરી, પ્રભુ (૨)
દરજી માળી તાર્યા, કુબજ્યા સુરુપ કરી. જય
હાથી મહાવત મારી, મલ્લોને હરિયા, પ્રભુ (૨)
મામો કંસ વિદારી, માત-પિતા મળિયા. જય
જનોઈ ધરી જગરાય, ભણવા સિધાવ્યા, પ્રભુ (૨)
મરણ પામેલા ગુરુના, બાળકને લાવ્યા. જય
પ્રેરી ઓધવ વ્રજમાં, ગોપી જ્ઞાન કર્યું, પ્રભુ (૨)
માત-પિતા સમજાવી, વ્રજનું દુઃખ હર્યું. જય
અક્રૂર ધામ પધારી, જ્ઞાન ઘણું કીધું, પ્રભુ (૨)
હસ્તિનાપુર પ્રેરી, પાંડવ સુખ દીધું. જય
દશમ પૂર્વાર્ધ લીલા, ભાવે જે ગાશે, પ્રભુ (૨)
જયશંકર સુખ સિદ્ધિ મન વાંચ્છિત થાશે. જય

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

# શ્રીમદ્ ભાગવતનો પાઠ

વેદ વાણી, મન જાણી, શ્રીહરિવલ્લભ વિઠ્ઠલા,
ચાર વેદનો અર્થ કહું, શ્રીભાગવત અમૃત કથા.
ભગવાને શ્રી બ્રહ્માને કહ્યું, નારદજીએ તે સાંભળ્યું,
શ્રી વ્યાસજીએ હૃદયે ધર્યું, શુકદેવજીએ પાઠે કર્યું.
ધન્ય શુકદેવ, ધન્ય પરીક્ષિત જેને મુખે અમૃત ઝરે,
શ્રીભાગવત પૂરે શાષ, કોટિ જન્મનાં પાતક હરે.
શ્રી વ્યાસ વલ્લભે કહી આ પુણ્ય કથા પ્રમાણ,
તે આજ હું તુજને કહું, વિચારી જુગતે જાણ.
શમીક ઋષિ બેઠા વનની છાંય, વાળી પલાંઠી ધ્યાન ધરાય
મૃગયા રમવા ગયા પરીક્ષિત રાય, કળિયુગ આવી લાગ્યો તેને પાય.
મને રહેવા આપો પ્રભુ ઠામ, એટલું કરો સેવકનું કામ,
કનક, ઘૃત મદ્યને હિંસા સ્થાન, તારે રહેવું જઈ એ ઠામ.
એટલે મુંગટમાં કીધો પ્રવેશ, ફરી બુદ્ધિ પરીક્ષિત નરેશ.
ઋષિ સમાધિમાં ન દીધાં માન, રાજા સમજ્યો એનું અપમાન.
ડોકે નાંખ્યો એક મરેલો સાપ, દીઠો શૃંગી પુત્રે દીધો શાપ.
જેણે દુભવ્યા મારા તાત, તન સાતન દિન પ્રભાત.
ડંસ મારશે તક્ષક નાગ, પ્રાણ એ નિશ્ચય કરશે ત્યાગ.
સુણી પુત્રને તાત કહે વાત, કેમ દીધો રાયને તેં શ્રાપ ?
સાતમે દિન ગુમાવે પ્રાણ, કરો રાયને વાત એ જાણ.
આજ્ઞા લઈને તે શિષ્યો જાય, આવીને ઊભા સભામાંય.
રાયે આવતા દીઠા ઋષિરાય, આપી આસન બેસાડ્યા ત્યાંય.
કીધાં સ્વાગત દીધાં માન, પૂછ્યાં ક્ષેમકુશળ ને કામ.
મનુષ્ય મન છે દોહ્યલું, ન આણશો રીસ નૃપ,
આજથી સાતમે દિન, ડંસશે તક્ષક નાગ અચૂક.
તોય રાજાને ચડી ન રીસ, એણે શાપ ચડાવ્યો શીશ

અર્ધ્યપાત્ર લઈ કીધું પૂજન, સંતોષીને વળાવ્યા ઋષિજન.
પછી રાયે તેડયા વિપ્ર અપાર, દાન દીધાં વિવિધ પ્રકાર,
મોતી માણેક હીરા-સાર મણિ રત્ન મોંઘા ભંડાર
જન્મેજયને સોંપ્યું રાજ, મંત્રીને સમજાવ્યાં કાજ,
રાજા પધાર્યા ગંગાને તીર, જેનાં પવિત્ર નિર્મળ નીર,
ભવ્ય ભાગીરથીને તીર, બેઠા આસન વાળી વીર
રાજા કહે શુકદેવજી મહારાજ, મને હરિકથાની કહો વાત.
શુભ મારગ મુજને દેખાડો, જેથી મળે વૈકુંઠરાય.
એટલે શુકદેવજી બોલિયા તમે સાંભળો રાજન
સંભળાવું છું ભાગવત કથા, જો હોય તમારું મન.
નિશ્ચય તમારું કરો દેહનું કલ્યાણ
અન્ન-ઉદર પરહરો, ધરો હરિનું ધ્યાન
બ્રહ્માએ હરિની સ્તુતિ કરી, પૃથ્વી ગાય રૂપે અવતરી
સારંગધરને મન ચિંતા થઈ, દેવનું કારજ કરવું સહી.
દેવલોકની સેવા સંભાળ, અવતર્યા પોતે થઈ ગોવાળ
કંસ ભગિની દેવકી સાથ, થયો વસુદેવનો વિવાહ.
આપ્યા હાથી ઘોડા ખૂબ, ઉત્સવ ઉજવાયો દિન શુભ
બહેનને વળાવવા બંધુ જાય એટલે આકાશવાણી થાય.
કંસખૂટ્યો છે તારો કાળ, તને મારશે બહેનીનો બાળ,
તારી બેન દેવકીનો વંશ, આઠમો તને મારશે કંસ.
તારો ભાણેજ કરશે ધ્વંસ, તારા કાળનો એનામાં અંશ.
કંસ રથેથી નીચે ઊતર્યો, અને ખડગ લીધું હાથ,
દેવકીનો સાહ્યો ચોટલો, કરવા મહા ઉત્પાત.
વસુદેવ કંસને વિનવે, મહારાજ સાંભળો મારી વાત.
લખ્યા લેખ તે નહિં મટે, તમે શીદ કરો ઉચાટ.
બહુ બહુ પ્રકારે વિનવ્યા, પણ કહ્યું ન માને કંસ,
ત્યારે વસુદેવે વચન આપ્યું, તેને સોંપવા નિજ વંશ.
બેડી જડી બેઉને નાખ્યા કારાગૃહ મોજાર,
કર્મ તણાં ફળ ભોગવો, કરો ભાવિના વિચાર.

કંસે મન વિચારિયું, શીદ કરું આનો નાશ.
સંતાન સાત શત્રુ નથી, છે આઠમો મુજ કાળ
તો સાતને છોડી દઈ, હણીશ આઠમું બાળ.
પણ નારદે કંસને કહ્યું, તું ભૂલે ભાવિ નિર્માણ
છપ્પન કોટિ યાદવ બધા, છે શત્રુ તારા જાણ.
વચન સૂણી નારદ તણાં, કંસે કર્યો નિરધાર,
એક પછી એક મારિયા, વસુદેવ કેરાં બાળ.
સાત બાળ માર્યા બંધુએ, પડી આઠમાની ફાળ
આકાશવાણી સાંભળી, એ કંસ કેરો કાળ.
શ્રાવણ માસની અષ્ટમીની, આવી એ મધરાત
દેવકીને દર્શન થયાં, શ્રીકૃષ્ણનાં સાક્ષાત્
પાયે પદ્મ સોહામણાં, સુખ તેજનો ઝળકાટ,
રમણીય રૂપ દેવએ, શોભે અજબ વૈકુંઠનાથ.
શ્રી બાલકૃષ્ણ બોલિયા, તમે સાંભળો મા વાત,
તમ દુઃખ કરવા દૂર આજે, અવતર્યા મધરાત.
ગોકુળ યમને લઈ જાવ, શ્રીનંદરાયને ઘેર,
શ્રી જશોદાને પુત્રી અવતરી, મુજ સાથ કરો હેરફેર.
મને ત્યાં પડતો મૂકી, પુત્રી લાવો તાત,
કંસ મામાને કહેજો કે જનમી છે પુત્રી જાત,
વસુદેવ બોલિયા કેમ કઠણ થાયે કાજ,
બંધન અમારાં કયમ ખૂલે, પહોંચાય કેમ કરી આજ ?
બહાર દરવાજે ઊભા, ચોકી કરે ચોકીદાર,
અંધારી રાતે કેમ ઊઘડે, ભોગળ વાસ્યાં દ્વાર.
એટલે શ્રીકૃષ્ણે કૌતક કર્યું, તૂટ્યા બેડીના બંધ,
દ્વારપાળ લાગ્યા ઘોરવા, થાય છતી આંખે અંધ.
કરંડિયામાં સુવાડ્યા કૃષ્ણને, વસુદેવે મૂક્યા શિર,
ઝરમર વરસે મેહુલો, ને વીજ ચમકે ગંભીર.
શ્રી યમુનામાએ માર્ગ દીધો, થાય તરત બે ભાગ.
વસુદેવ ચાલ્યા હરખથી, સરિતાએ દીધો માર્ગ,

નાગે છત્ર કીધાં, ફેણે દીધાં ઓછાર,
રખે ફોરાં લાગશે, જન્મ્યા શ્રી જગદાધાર
વસુદેવ ગોકુળ પહોંચિયા, ને બદલી લીધાં બાળ
કન્યાને લઈ પાછા ફર્યા, પછી જાગ્યા રખેવાળ.
કારાગૃહે બાળા રડી, ગભરાયા ચોકીદાર,
સંતાન પ્રસવ્યું દેવકીને એમ કહ્યા સમાચાર,
કંસ આવ્યો દોડતો એને પડી પેટે ફાળ,
એ આઠમું સંતાન, નિશ્ચે લાવશે નિજ કાળ.
જ્યાં બાળ લીધું ઝૂંટવી, દેખી વિમાસણ થાય
આ કન્યાથી મોત, મારું નિપજાવાય ?
પણ પકડીને અફાળ્યો દેહ, પાપીના દિલમાં નહિં સ્નેહ,
વીજળી થઈ આકાશે ગઈ, જતાં જતાં એ કહેતી ગઈ
મને મરી શું હરખાય ? તારો કાળ જીવે છે રાય,
ગોકુળ ગામે ઊછરે બાળ, કંસ ! થશે એ તારો કાળ !
સાંભળી બેનને લાગ્યો પાય, મેં તુજને કીધો અન્યાય,
બેનનાં બાળક માર્યા સાત, એ મારે માટે અપરાધ,
કારાગૃહથી છૂટાં કર્યા, દુઃખડાં બન્નેનાં સહુ હર્યા.
પછી વિચારે છે એકાંત, ચિત્ત બન્યું એનું અશાંત,
પોતાનો જીવે છે કાળ, એને હૈયે પડી ફાળ,
કેશી દૈત્ય કહે, ન કરો ખેદ, આણી આપીશ એનો ભેદ,
કહો પૂતના રાક્ષણીને જાય, કરે ગોકુળમાં બાળહત્યાય.
તોરણ બંધાયાં નંદને દ્વાર, ભજનકીર્તન ને સોળે શણગાર,
જન્મ્યો જશોદાને બાળકુમાર, નંદરાજને હરખ અપાર.
ગોપીઓ સૌ ટોળે મળી, જુવે કુંવરનું મુખ વળી વળી,
લાડમાં કુંવર મોટો થાય, ગોવાળો સંગ રમવા જાય.
ગોવાળો આવે ઉતાવળા શ્રીકૃષ્ણ વેણું વાય,
ખેલે, કૂદે, ગાયો ચરાવે, ગીત ગોપી ગાય.
ગોપીઓ આવે મલકતી, હૈયે અનેરો સ્નેહ,
દહીં દૂધનાં છાંટયાં છાંટણાં, છંટાય સારો દેહ.

મહીની મટુકી શિર ધરી, ગોપીઓ ચાલી જાય,
રોકે કનૈયો વાટમાં, પછી દાણલીલા થાય.
રંગે રમે સૌ રાસલીલા, કાન બંસી બજાય,
ઘરકામ સૌ પડતાં મૂકી, રાધા ને ગોપી ધાય,
ગોકુળના ગોવાળ સૌ, મથુરામાં મહી ભરી જાય,
કંસરાજાની રાણીઓ એ દૂધ ગંગે ન્હાય.
નંદ આવી વસુદેવને મળ્યા, આંખો તણાં આંસુ ઢળ્યાં
ક્ષેમકુશળની પૂછી વાત, કંસે માર્યા બાળ સાત.
છાના મૃગલી ડગલાં ભરે, જળ માંહી જેમ મીન જ ભળે
પુતના માસી ચાલ્યાં પ્રભાત, ગોકુળનાં બાળકોની કરવા ઘાત ?
હૈયું હળાહળ ઝેરે ભરી, ધવડાવવા કૃષ્ણને બેઠાં ફરી,
શોષ્યા પ્રાણ તે શબ થઈ પડી, શકટાસુર ત્યાં આવ્યો ચડી.
કૃષ્ણ સૂતા'તા ઝોળી માંય, પાટુ મારી પૂરો કર્યો ત્યાંય.
એ રીતે શકટાસૂર હણ્યો, ત્યાં મહિષાસૂર બીજો ડર્યો.
આકાશે મચાવ્યો ઉત્પાત, ગોવિંદાએ કીધો ઘાત,
એમ અસૂરો માર્યા અનેક, તો યે કંસે તજ્યો ન ટેક.
ગર્ગાચાર્ય આવ્યા ઘેર, નંદે માન દીધા બહું પેર.
દક્ષિણામાં દીધાં બહુ દાન, બળભદ્ર, કૃષ્ણ પડાવ્યાં નામ
ગોઠણીએ કાયા ઘસડાય, કાદવ ખરડયા માટી ખાય.
ક્ષણ ક્ષણમાં રૂપો બદલાય, મોટાં નાનાં ઘડી ઘડી થાય.
માના મન હરખે ભર્યા, ને મુખ દીઠાં વિકાસ,
ચૌદ ભુવન દેખાડિયાં, થયાં અચરજ ને ઉલ્લાસ.
ફરીથી માનો છેડો સાથ, માયાનો નહિં પાર મપાય,
રડવા માટે જીવ લલચાય, ચૂલે દૂધ ઉભરાયાં જાય.
ઉછરંગે સ્તનપાન કરાય, બોકી દઈ જશોદા હરખાય
ફોડે ગોળી માખણ ખાય, દૂધ-દહીંની રેલ રેલાય
માખણિયાં નહિં ઢોળો પુત્ર, એના પર ચાલે ઘરસૂત્ર,
ડગમગતાં હરિ ડગલાં ભરે, ચૌદ લોકમાં એ સંચરે.
ગોપીથી ફરિયાદ કરાય, બાંધે દોર નહિ બંધાય,

જેમ જેમ બાંધવા કોશિશ થાય, તેમતેમ દોરડી ટૂંકી થાય.
વિષ્ણુલોક બાંધ્યા નવ જાય, માયા પ્રભુની અજબ મનાય.
માની ઉપર કરૂણા કરી, જાણી જોઈ જાતે બંધાય,
હરિ દામોદર બાંધ્યા દામણે, કેશવ છાના છપના રડે,
યમલાર્જુન બોલ્યા એમ, શ્રાપ નિવારણ કીધો કેમ ?
નંદ જશોદા કરે ઉચાટ, ગોકુળમાં થઈ રહ્યો ઉત્પાત,
વૃન્દાવન છે ઠામોઠામ આપણે જઈ કરીએ વિશ્રામ.
સકળ વેલ જોજડાવી કરી, રોહિણી જશોદા બેઠાં મળી
માથે મુગટ ઝાકળમાળ, કંઠે શોભે વૈજયંતિ માળ.
કનકની ગેડી કૃષ્ણને હાથ, ગાયો ચારવા જાય સંગાથ,
રઘુનાથ આવ્યો પશુરૂપ, વચ્છાસુરનું લઈ સ્વરૂપ.
નાઠી ગાયો ને બ્હાના ગોપ, કૃષ્ણ માર્યા તેને ચોક.
અઘાસુર આવ્યો અદ્ધર ચઢી, તૂટી પડ્યો ગર્જી કડકડી,
વજરદેહ મોઢું વિકરાળ, કૃષ્ણે આણ્યો તેનો કાળ.
ગોવાળોનો ભાગ્યો ભય, વૃન્દાવન કીધું નિર્ભય,
કરવા ભક્તજનોનો ઉદ્ધાર, અવતર્યા એ શ્રીદેવમોરાર.
દાળ, દહીં, દૂધ, કરમદાં, આદુ, બીલી, ભાત,
યમુના કાંઠે હરિ જમે, ગોવાળોની સાથ.
જમી જમાડે ફરી જમે, શોભે વૈકુંઠનાથ,
બ્રહ્મા વાછરૂં હરી ગયા, એવી નિપજાવી સાર.
બ્રહ્માએ કૌતુંક જોયું, માટે સ્તુતિ કરી અપાર.
એ છે અકળ સ્વરૂપ, કોઈના કળ્યાં ન જાય,
એ છે મોટા વિષ્ણુ, પાર ન એનો પમાય,
આ અપરાધ ક્ષમા કરજો, તમે છો દીનદયાળ,
મોહન બજાવે મોરલી, ગાયો ચારવા ગોવિંદ જાય,
આવ્યો ધેનુક, દૈત્યની જાત, કૃષ્ણે મારી એને લાત.
એ તો ઊડીને ઊછળે આકાશ, એના નીકળી ચૂક્યા શ્વાસ.
અજા, મહિષી ગૌરી સાહી, ગોવાળરૂપે આવ્યો પ્રલંબ ત્યાંહી.
મલ્લ મોટો એણે લીધો દાવ, બળદેવે કીધો મસ્તકે ઘાવ.

છૂટ્યા પ્રાણ ને થયો ઘૂઘવાટ, ત્યારે કંસને થયો ઊચાટ.
કૃષ્ણ ગેડીદડા તે ખેલે, એક દાવ લે બીજો મેલે.
આવ્યો કૃષ્ણ કનૈયાનો દાવ, માર્યો ફટકો કસીને લીધો લ્હાવ.
દડો ઊછળીને જળમાં ગયો, ગોવાળોને આનંદ થયો.
શરત પૂરી કરવા તૈયાર થાઓ, યમુનાજીમાં જઈને દડો લાવો.
કૃષ્ણ ચડ્યાં કદંબના ડાળ, મારી તે ઊંડા જળમાં ફાળ.
ગોપ વિસ્મિત થઈ જોઈ રહ્યા, કોઈએ ખબર જઈ નંદને કહ્યાં.
યમુના તીરે સૌ ભેગાં થાય, આંસુ ધારા આંખે ઉભરાય.
કૃષ્ણ સંચર્યા તે પાતાળ, સૂતો મણિધર વિષધર કાળ.
છંછેડીને સૂતો જગાડ્યો, અંગૂઠો તે મસ્તક લગાડ્યો.
નાગણીઓનું કહ્યું ન માન્યું, યુદ્ધ જાણી જોઈને આણ્યું.
ડસ્યો સર્પે થઈને અધીર, થયા કૃષ્ણજી શ્યામ શરીર.
કાળી નાગને કૃષ્ણે નાથ્યો, નાગણીઓના ડરને ઉથાપ્યો.
કરે નાગણીઓ સ્તુતિ અપાર, બક્ષો હે તાત કૃષ્ણ મોરાર.
કરે કાલાવાલા તે લક્ષમાં લીધા, શરત કરીને સ્વામી છૂટાં કીધા.
પછી જળથી નીકળ્યા બહાર, ત્યારે થઈ રહ્યો જય જયકાર.
દોડી ભેટ્યાં યશોદા માત, ગોપગોપી થયાં રળિયાત,
કૃષ્ણકથારસ કેટલા કહીએ, પાર પરાક્રમનો નવ લહીએ.
દાવાનળ બુઝાવ્યો વન માંહ્ય, ગોવર્ધન તોળ્યો કર માંય.
યમુના પૂરમાં ડૂબ્યા ગોવાળ, એમને ઉગારી લીધા ગોપાળ.
વ્રત કાશીનાં સૌ કરો, પૂજો ગૌરી કુમાર,
બેઉ કર જોડી વિનવું, માગું કૃષ્ણ ભરથાર.
પીતાંબર અંબર ધરી, ચડ્યો કદંબને ઝાડ,
જળમાં ગોપી વલવલે, વસ્ત્ર આપો વૈકુંઠનાથ.
દીન મુખે વિનંતી કરે, જોડીને બે હાથ.
વસ્ત્રહરણ લીલા કરી, ગોપ ગોપીની માયા હરી.
યજ્ઞ થયો જાનીને ઘેર, અન્ન થાયે રામ શુભ પેર,
જાનીએ ન જાણ્યો ધર્મ, ઋષિ પત્નીએ જાણ્યો મર્મ.
સકળ અન્ન ફળ આણી આલ્યાં, એ તો કૃષ્ણ ને મન ભાવ્યા

ગિરિ ગોવર્ધનને ધાર્યો, મદ સુર અસુરનો ઉતાર્યો.
ઈન્દ્ર તણાં ઉતાર્યા માન, ગાયાં ભક્તજનનાં યશગાન.
નંદને વરુણ હરી ગયા, લઈ આવ્યા વૈકુંઠરાય,
જળ યમુનાનાં ઝીલતાં, મોહનજી વેણું વાય.
વ્યાકુળ થઈ ગોપાંગના, તજી ઘેર ભરથાર,
અવળાં વસ્ત્રો પહેરિયાં, કંઈ માથે તે બાંધ્યા હાર.
નયણે સિંદૂર સારિયા, સેંથે કાજળ રેખ,
ભૂલી કંકણ હાથના, ડોંકે નાખ્યા કટિમેખ.
ગોપી વચ્ચે ગોવિંદ રમે, ખેલે રાસલીલા સંગાથ,
ચંદ્ર ખીલ્યો આકાશમાં, તેવા શોભે વૈકુંઠનાથ.
શંખચૂડ ત્યાં આવિયો, જ્યાં ગોપીઓ રમતી'તી રાસ.
શ્રીકૃષ્ણે તેને સંહારિયો, એના નીકળી ગયા જીવ ને શ્વાસ.
એમ કંઈક અસુરને પછાડિયા, જેની ગણનાઓ નહિં પાર.
એટલે નારદ આવિયા, કંસરાયને દરબાર !
પાણી ચડાવ્યું કંસને, ને કીધો અવળો ઉપદેશ.
કંસે અક્રૂરને તેડાવિયા, એને અંતર જાગ્યો કલેશ.
આવો પધારો અક્રૂર રાજ, અમને પડ્યું તમારું કાજ,
મામાજીનું કરો કામ આજ, જાનીએ જતા વાળ્યા રાજ.
ગંગાજળ ઘોડા જોતર્યા, અક્રૂરજી હરિ પાસ સંચર્યા,
જો શ્રીકૃષ્ણના ચરણે જાઉં, તો તેમનાં આલિંગન પાઉં,
સમી સાંજે ગોકુળ ગયા, અક્રૂરજી શ્રીહરિને મળ્યા.
કૃષ્ણજીને કહે એ તો વાત, તમે મથુરા આવો મારી સાથ,
માત-તાતની લો સંભાળ, કોઈ વાંકો ન કરશે વાળ.
સુણી કૃષ્ણ તૈયાર થયા, થઈ વ્યાકુળ ગોપી - નાર.
નંદ-જસોદાને કીધા પ્રણામ, ગોપ બંધુઓને રામ રામ !
ગોપીઓની આંખે આંસુ ધાર, વિનંતી કરતી ને પડતી પાય,
વલવલતી સૌ પૂઠે જાય, કર કૃષ્ણના કરગરી સાહ્ય,
ઓધવ રૂપે મળશું ફરી, એવું આશ્વાસન આપે હરિ.
કૃષ્ણ કહે કાકાજી જઈએ, આપણે મથુરા ભેગા થઈએ.

રથ જોડ્યા હણહણતા તોખાર, કીધી યમુના ઝટપટ પાર.
તરુવર છાયા શીતળ શાંત, રથ મધ્યાન્હે નિરાંત.
અક્રૂરજી જળમાં સંચર્યા, ત્યાં તો દીઠું અકળ સ્વરૂપ.
ઊંચું જોયું ને વિમાસણ થાય, એ તો અવતારી નવખંડ ભૂપ.
સ્તુતિ કીધી કીધા પ્રણામ, હાથ જોડીને માગ્યાં વરદાન.
ગર્ભવાસનાં દોહ્યલાં દુઃખ, મુક્તિ દેજોને ચિરંજીવી સુખ.
પ્રથમ મચ્છા રૂપ ધર્યું, પેઠા સમુદ્ર મોઝાર,
શંખાસુરને મારિયો, ને વેદ મળ્યા ચાર !
બીજે કચ્છ રૂપ ધર્યા ને સમુદ્ર મધ્યે સાર,
ચૌદ ભુવનના નાથને, ઘર લક્ષ્મીજી આવ્યાં નાર.
ત્રીજું વરાહરૂપ ધર્યું ધને, પ્રાણ વધ્યા અપાર,
પૃથ્વી જતી રસાતલથી તને લાવ્યા દેવ મુરાર.
ચોથે નરસિંહનું રૂપ ધર્યું, ભક્તનાં કરવા કાજ,
હિરણ્ય કશ્યપને મારિયો, પ્રહલાદને આપ્યું રાજ.
પાંચમે વામન બન્યા ને, ભરી અલૌકિક ત્રણ ફાળ,
ત્રણ ડગલાં ધરતી લેતાં, બલિરાજા ચાંપ્યો પાતાળ.
છઠ્ઠે ફરસીને ફેરવી, પરશુરામ ધર્યું નામ,
પ્રદક્ષિણા પૃથ્વીની ફર્યા હણ્યા ક્ષત્રી તમામ.
સાતમે અસુર સૂર અવતર્યો, તમે ભક્તજન પ્રતિપાળ,
રામ રૂપે પુત્ર દશરથ, રાવણનો કીધો કાળ.
આઠમે શ્રીકૃષ્ણ અવતર્યા, વસુદેવ કેરા તન,
શ્રાવણ માસની અષ્ટમીએ, દર્શન પતિત પાવન.
દેવકીની કુખ ઉજાળી, યાદવ કુળ શણગાર,
પાયે પદ્મ સોહામણાં, ને ઉદરે રેખા ચાર,
લાંછન ભાલે ઝળહળે, શોભે શ્રી દીનદયાળ,
કાને કુંડળ રત્નનાં, કંઠે વિજય વરમાળ,
શંખ ચક્ર ગદા પદ્મ ધર્યા, તંબુરે નારદ ગાય.
દશમો લીધો શ્રી કૃષ્ણએ કલકી અવતાર,
પૃથ્વી પાછળ ફેરા ફર્યા, શ્રી લક્ષ્મીના ભરથાર !

પહેલી પોળે પેસતાં શુભ શુકન શ્રીકૃષ્ણને થયા,
મથુરાનગરીના સેવકો સત્કારવા સામા ગયા.
કનકથાળે કેસર ચંદન લઈ, કુબ્જા નારી સામી ગઈ,
ભક્તિભાવે પૂજ્યા ભગવાન, નવયૌવનનાં દીધાં વરદાન.
યોગેશ્વરે ઊંચુ જોયું દીઠું દિવ્ય સ્વરૂપ,
બ્રહ્માજીએ પારખ્યું એ અગમ દૈવી સ્વરૂપ.
અક્રૂરે પણ ઓળકી લીધા એમને અવિનાશ,
હાથ જોડ્યા ને કહ્યું, હું છું દાસનો પણ દાસ.
મહેલે ચડી શાળવીએ જોયું કંસે દીઠો કાળ,
જેવી જેની ભક્તિ, ભાસે દીઠા જમની ઝાળ.
મેડીએથી મલ્લ ધ્રૂજ્યા, આણી મનમાં ખેદ,
મંડપ હેઠે પછડાયા ને વળ્યો રાયને પ્રસ્વેદ.
ગદા સરી ગઈ હાથથી ને વર્ત્યો જયજયકાર,
ઉગ્રસેનને પાટે બેસાડ્યા, અભય સોંપ્યા રાજ,
માતા-પિતાને ભેટ્યા ને આનંદ વર્ત્યો આજ.
શ્રીકૃષ્ણ ઘેર ઓચ્છવ થયો, દીધાં દાન-ધર્મ અપાર,
એ રીતે સૌ મંગળ થયું, હરખ્યો સકળ સંસાર.
અવંતી નગરી નામે ગામ, સાંદિપની બ્રાહ્મણનું નામ.
ભણવા મૂક્યા એમને ત્યાં, સુદામા સ્નેહી ભેટ્યા જ્યાં.
ગોર તણા આણી આપ્યા પુત્ર, સકળ શાસ્ત્ર ભણિયા બહુસૂત્ર.
ગાય દોહતાં ગોરાણી મળ્યાં, જોઈ કૃષ્ણ દોણી વિસર્યા,
કૃષ્ણે કર વધાર્યા ત્યાં, દોણી ગોરાણીને આપી ત્યાં.
કૃષ્ણ કહે ઓધવ સાંભળો, વેગે ફરી ગોકુળ સંચરો.
વળી વલોણે બોલે વાત, નહિં જશોદા કરે વિલાપ.
એ જ અમારો પ્રાણાધાર, એના વિના જીવન ધિક્કાર.
કહે ગુરુ તું સાંભળ રાય, નહિ અક્રૂર એ ઓધવરાય.
ઓધવ કરે વિવેક વિચાર, શ્રીકૃષ્ણ આરોગે એણી વાર.
બાંસઠ પાનની બીડી ધરી, લવિંગ સોપારી એલચી ભરી.
ઢાળ્યા ઢોલિયા ચાંપે પાય, નંદના નંદન ઢોળે વાય.

વ્હાલે વિસારી વાટડી, કૃષ્ણે વિસારી માતડી,
જળ વિયોગે માછલી જેમ, કૃષ્ણ વિના હું તરફડું તેમ.
દૂધ માખણને હું શું કરું ? કૃષ્ણ વિના શું કોને ધરું ?
મારે ઘેર તે નવલખ ગાય, કૃષ્ણ વિના કોણ ચારવા જાય ?
ક્યાં જાઉં મારા રઘુ નિશાળિયા ? ક્યાં જાઉં મારા કૃષ્ણ ગોવાળિયા?
ક્યાં જાઉં મારા દીનના મણિ, ક્યાં જાઉં રે બધા વ્રજના ધણિ.
ઓધવ આવ્યા થયા નિષ્પાપ, હવે રહી નથી દુઃખની વાત.
આપસમાં ભાંગી એક રાત, કૃષ્ણકથા કહેતાં ગઈ રાત.
એટલે પ્રાતઃકાળ જ થાય, ધમધમ ગોપી ઘૂમતી જાય.
હરિકથાનાં ગાયે ગીત, ઓધવ જુવે એની પ્રીત.
ઓધવ કહે છે સમરો દિનરાત, નક્કી મળશે વૈકુંઠનાથ.
ગોપી કહે ઓધવ સાંભળો, હરિ સંગાથે સગપણ કરો.
હરિ સાથે શું કરવી પ્રીત, માસી મારી એની રીત.
અહીં ગોવાળે દીધી દોટ, બગાસુરની મરડી ડોક.
અધાસુર ઉર રાખ્યા હરિ, વનમાં વાગે છે બાંસુરી.
ગોપી વળાવે ઓધવ વળે, મથુરામાં શ્રીહરિ સંચરે,
ગોપીઓના સંદેશા કહ્યા, તે શ્રીકૃષ્ણજી સાંભળી રહ્યા.
કનડ કસ્તુરી, કપૂર, અગરતણા, ઊકળ્યા છે ધૂપ.
ચંદરવે મોતીની સેર, હરિ પધાર્યા કુબ્જા ઘેર.
વળી વળી અક્રૂર ચરણામૃત લે, ચરણરજ લઈ મસ્તક ધરે.
કૃષ્ણ કહે કાકા સૂણો વાત, હસ્તિનાપુર લઈ ચાલો આજ.
પાંચ પ્રાણી જેમ પામે સુખ, મરણથી અધિક કુંતાનાં દુઃખ
હરિ હરિ કર્મ વિધાતા ગ્રહી, મંદિરમાં અગ્નિ પ્રજવળી.
વિલાપ કરતી સની નાર, આવે છે મહિયર મોજાર.
સાંભળો છો તમે જરાસંઘ તાત, તમારી દીકરી થઈ અનાથ.
ક્રોધ ભર્યો જરાસંઘ જાય, સેના તે સઘળી આગળ થાય.
ધૂળ ઊડે સૂરજ ઢંકાય, ધરતી ત્રાડે ધમ ધમ થાય.
કંઈક મળ્યા છે રાણા રાય, જીતતો જીતતો આગળ જાય.
રુધિર તણી તો નદીઓ વહી, ત્યારે લડાઈ પૂરી થઈ.

હાર્યો જરાસંઘ ભાગ્યો જાય, કાળ યવન એની પૂંઠ થાય.
કાળ કહે મારું મોટું નામ, મરછાપે જીતું સંગ્રામ.
ગુફામાં પોઢ્યા છે મુચકુંદ, પામરી ઓઢાડી બાળમુકુંદ.
જાગ્યો મુચકુંદ વિસ્મિત થાય, જોતજોતામાં બળી ભસ્મ જ થાય,
ક્યારે થયો કૃષ્ણ અવતાર, નિંદ્રામાં ખોયો અવતાર.
સોળ કળા પરિપૂર્ણ જ થાય, શ્રીનાથજી પધાર્યા મથુરામાંય.
આગે યાદવ અતિ, ગામ વસાવ્યા દ્વારામતી.
આપણે તો છે ચિંતા ઘણી, જાળવનાર શ્રી ત્રિભુવન ધણી.
ભગવાન દુર્યોધનને ત્યાં ગયા, ભક્તની કરવા સહાય,
શ્રીકૃષ્ણને સંભારિયા, દ્રૌપદીની રાખી લજ્જાય.
સંસાર સાગર ડૂબતાં, જેણે જપ્યાં હરિનાં નામ,
અવિનાશી કુંવરી એમ ભણે, તેના થયાં પૂરણ કામ,
આ દશમ સ્કંધ ભાગવતની કથાનો પાઠ કરીએ ખાસ,
ભવના બંધનથી છૂટીએ, ફરી થાય ન ગર્ભવાસ.
માટે હેતે હરિને ભજો, રાખો પૂરો વિશ્વાસ
ભક્તો છે દાસ ભગવાનના, ને ભગવાન ભક્તોનો દાસ

## એકશ્લોકી ભાગવત

અદૌ દેવકી દેવ ગર્ભજનનં ગોપી ગૃહેવર્ધનમ્ ।
માયા પૂતનજી વિતાપ હરણ ગોવર્ધનો ધારણં ॥
કંસચ્છેદ કૌરવાદિ હનનં કુન્તી સુતા પાલનં ।
એતદ્ ભાગવત પુરાણકથિતમ્ શ્રીકૃષ્ણ લીલા મૃતં ॥

## લઘુ ભાગવત

શ્રી વ્યાસ વલ્લભે કહી આ ભાગવત
આજ હું તમને કહું, વિચારી જુતે જાણ
દુષ્ટોનો ભૂમિ પર ભાર હલકો કરવા કર્યો વિચાર
પ્રભુએ એવી કીધી પેર જન્મ લીધો વસુદેવને ઘેર
મથુરામાં લીધો અવતાર કૃષ્ણ બન્યા દેવકીનાં બાળ.

કારાગૃહ જન્મ્યા મધરાત ત્યાંથી નાઠા વેઠી રાત.
અજન્મા જમને શું દેવ બાળ સ્વરૂપ લીધું તતખેવ
વાસુદેવ લઈને નાઠા બાળ ગોકુલ ગામ ગયા તત્કાળ
જશોદાજી સોંપ્યા જઈ માયાદેવીને આવ્યા લઈ
કંસે જાણ્યું જન્મ્યું બાળ દોડી દુષ્ટ ગયો તત્કાળ
આક્રંદ કરતી માતા રહી બાળકી કરથી ગ્રહી
પથ્થર પર પટકે જ્યાં શીર છટકી જાણે છૂટ્યું તીર
રક્ષણ કરે જો દીનદયાળ તેનો થાય ન વાંકો વાળ
અદ્ધર અટકી માતા કહે મને મારવા તું શું ચહે
કૃષ્ણ કનૈયો તારો કાળ ઉછરે છે ગોકુળમાં બાળ
મામા કંસ કરે વિચાર ભાણાનો કરવા સંહાર
મોકલે રાક્ષસ મહાવિકરાળ કૃષ્ણ કરે છે તેનો કાળ
નિત નિત નવી લીલાઓ કરે કેશવ કોઈનાથી ના ડરે
ગોવાળિયાની સાથે રમ્યા શામળિયા સૌને મન ગમ્યા
ગાયો ચારી ગોવાળ થાય કાલિંદ્રિને કાંઠે ગયા.
ગાયો પાણી પીએ જ્યાં, કાળીનાગ વસે છે ત્યાં
જળમાં જોયું ઝાઝું ઝેર મરે ગાય આવે ને લહેર
દુઃખ ટાળવા કર્યો વિચાર કૃષ્ણ ચડ્યા કદમની ડાળ
ઝંઝાપાત કર્યો જળ માંહ્ય કાળીનાગ રહે છે ત્યાંય
પાટાતળીઓ પેઠા પાતાળ નાગણીઓએ દીઠા બાળ
અહીં ક્યાં આવ્યો બાળક બાપ સૂતા છે અહીં ઝેરી સાપ
બીક લાગશે છે વિકરાળ ઝેર જ્વાળાથી નીપજે કાળ
જે જોઈએ તે મુખથી માગ જા બાપુ તું અહીંથી ભાગ
એટલે જાગ્યો સહસ્ત્રફેણ મુખથી બોલ્યો કડવાં વેણ
શિર પર વીર ચડ્યા જોગ લાગ નાગણીઓ રડતી બેફામ
નાચ નચૈયા નાચે નાચ રેશમ દોરથી નાથ્યો નાગ.
ટાળ્યું ઈન્દ્ર તણું અભિમાન ગોવર્ધન તોળ્યો ભગવાન
વૃંદાવન કઈ કીધો વાસ રમ્યા ગોપીઓ સાથે રાસ

વૃજ વનિતા ફરતી ચોપાસ પેસી જતા જોઈ સૂતો અવાસ
મટકાં ફોડી માખણ ખાય કોઈ દેખે તો નાસી જાય
અનેક એવી લીલા કરી પછી નજર થઈ મામા ભણી
રાક્ષસ મામો કરે વિચાર ભાણાનો કરવા સંહાર
યુક્તિ અખાડા કેરી કરી મલ્લયુદ્ધની રચના કરી.
અક્રૂર કાકા તેડવા ગયા દર્શન કરીને પાવન થયા
કૃષ્ણ કાકાની સાથે ગયા ગોકુળમાં સૌ દિલગીર થયા
મલ્લ મર્યા હાથીની સાથ કંસની સાથે ભીડી બાથ
પટકી પળમાં લીધો પ્રાણ રાક્ષસનું ના રહ્યું એંધાણ
પૂરણ કીધું ધાર્યું કાજ ઉગ્રસેનને આપ્યું રાજ
દ્વારામતી પહોંચ્યાં જદુ રાજ દ્વારિકામાં જઈ કીધું રાજ
ભક્તોને ભેટ્યાં ભગવાન ધ્રુવપ્રહ્લાદ ને અમરિષ જાણ
નરસિંહ સુદામાને કીધી સહાય સુધનવાશી કઢા રીત થાય
મીરાબાઈનું ઝેર અમૃત કર્યું સખુબાઈનું કષ્ટ જ હર્યું
બોડાણા પર કીધી દયા દ્વારકાથી ડાકોર ગયા.
અર્જુનને કીધા રણધીર દ્રૌપદી કેરા પૂર્યા ચીર
પાંડવ કેરી રક્ષા કરી કૌરવ કુળને નાંખ્યું દળી
લડી વઢીને જાદવ ગયા કૃષ્ણ એકલા પોતે રહ્યાં
સ્વધામ જોવા ચોટયું ચિત્ત જરા પારધી બન્યો નિમિત્ત
ત્રણ વ્રજ જોઈ માર્યું બાણ પ્રભુ પધાર્યા વૈકુંઠધામ
ભાગવતકથા જે કોઈ ગાય, જન્મમરણથી મુક્ત જ થાય.

## શ્રીમદ્ ભાગવતની આરતી

જય દેવ જયદેવ, જયજય શ્રીકૃષ્ણ (૨) પ્રભુ
શ્રીહરિના ગુણ ગાવા (૨) અતિ પહોંચે તૃષ્ણા...જયદેવ
પ્રથમે પરીક્ષિત આખ્યાન, વર્ણવ્યું સુખકારી (૨) પ્રભુ
શાપ પામીને પોતે (૨) ગાયા ગિરધારી...જયદેવ
બીજે શ્રી શુકદેવે, જ્ઞાન કહ્યું ભારી (૨) પ્રભુ
સ્થૂળ સૂક્ષ્મના રૂપે (૨) અતિશય હિતકારી...જયદેવ

ત્રીજે વિદુર નીકળ્યા ઘેરથી, તીર્થો કરવાને (૨) પ્રભુ
યમુનાજીને તીરે (૨) મળિયા મૈત્રેયને...જયદેવ
મૈત્રેય ઋષિએ વિદુરને, જ્ઞાન કહ્યું ભારી (૨) પ્રભુ
કપિલ ગીતા રૂપે (૨) મનહર સુખકારી...જયદેવ
ચોથે દક્ષ યજ્ઞની વાત, વિસ્તારે વરણી (૨) પ્રભુ
ધ્રુવ પૃથુનું આખ્યાન (૨) પુરંજન કરણી...જયદેવ
પાંચમે પ્રિયવ્રતની વાત, ભરતાખ્યાન કહ્યું (૨) પ્રભુ
ભૂગોળ ખગોળને કહી પછી (૨) નરકાખ્યાન કહ્યું...જયદેવ
છઠે અજામિલ આખ્યાન, નારાયણ કવચ કહ્યું (૨) પ્રભુ
એકાદશે ઉદ્ધવને, જ્ઞાન કહ્યું ભારી (૨) પ્રભુ
વિચાર કર્યાથી તરિયા (૨) અગણિત નરનારી...જયદેવ
દ્વારકા સ્કંધ અનુપ, કળિ વર્ણન કર્યું (૨) પ્રભુ
પરીક્ષિત મોક્ષ કરીને (૨) પુસ્તક પૂરું કર્યું...જયદેવ
ઇન્દ્રવિજયને કહી પછી (૨) વૃત્ત અતિશ્રેષ્ઠ લખ્યું...જયદેવ
સાતમે પ્રહ્‌લાદનું આખ્યાન, વર્ણવ્યું વિસ્તારે (૨) પ્રભુ.
ચારે વર્ણના ધર્મો (૨) કથિયા મહારાજે...જયદેવ
આઠમે ગજેન્દ્રનું આખ્યાન, સાગર મંથન કર્યું (૨) પ્રભુ
બલિરાજાને યાચી (૨) સઘળું હરણ કર્યું...જયદેવ
નવમે ચન્દ્ર સૂર્યના વંશ, આખ્યાન સહિત કહ્યાં (૨) પ્રભુ.
અનેક રાયનાં નામો (૨) મુખે નવ જાય કહ્યાં...જયદેવ
દશમે કારાગૃહમાં, પ્રગટ્યા મુરારિ (૨) પ્રભુ.
ગોકુળમાં જઈ લીલા (૨) કીધી અતિ ભારી...જયદેવ
કંસાદિક સહુ દુષ્ટો, દમિયા મહારાજે (૨) પ્રભુ.
દ્વારામતી જઈ વસિયા (૨) ભક્તો કાજે...જયદેવ